

કચ્છનો સર્વાંગી ઇતિહાસ

ભાગ-૧






realpatidar.com
કચ્છનો
સર્વાંગી ઇતિહાસ
ભાગ-૧
realpatidar.com

કચ્છનું લોકહૈયે વસેલું વતન ગીત

મુંજી માતૃભૂમિ કે નમન

આય વલો અસાંજો વતન-મુંજી માતૃભૂમિ કે નમન
કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તનમન ...મુંજી

પિંઢ મેંજો જિત બંધાણું તિંય મરકાણું મન
ધાવણ ડિનેં ઉન માવડી જિત પામ્યાસી નર-તન ... મુંજી

કેક જુગેંજ્યું ગાલિયું જલ નારાયણસરજા ચવન
પ્રજાપતિ જે પુતરેં ક્યોં જિત પરમેશ્વર પરસન ...મુંજી

દેવઋષિજી વીણા જા સાંખી ઐં વ્યોમ પવન
જોગીડેં જે જોગ બરેં જિત ડુંગર પર ડોલન ...મુંજી

બાલ જોગણી સરસ્વતી પણ જમાયેં જિત આસન
આચારજ શંકર વલ્લભ કયોં પચ્છમ ધરા પાવન ...મુંજી

ઈસ જેડા દાસ ઈશ્વર જા મેંકણ જેડા મહંત
જગડુસા ખેંગાર પીતાંબર માડી જા માજન ...મુંજી

સાયર શૂરા સતીયું સંત સાધુ ફકીર અરહંત
કરી કમાણ્યું મનખા ડે જ્યું તારી પિંઢ તરન ...મુંજી

રતન ખણી જિત પર ડે જા ને મેરામણ ઉછરન
મલ્લ જેડા માલમ મછુવેંસેં સાગર પાર પુજન ...મુંજી

વડ્યું વિલાતું વિગી માડુઆ કચ્છડે કે ઉકંઢન
પેર ડીંધડે પચ્છમ ધરા તેં અખડ્યું નીક વસન ...મુંજી

ઢોલક તેં નિત થાપ લગે ને તંબુર વા'એઝ પડન,
સુરતા જેંજી લગી સાંઈ સેં કાફ્યું મિઠ્યું કુછન ...મુંજી

સિંધુડો સોંણાઈ સુણે રત મુડસે જા ઉછરન
જંગ જમેં જિત જોરાતા તિત જાડેજા જૂંઝન ...મુંજી


તેજ વત્યું જલ જ્યું લિખમ્યું જગ માલણ જીંય ઝૂલન
જિત કપુરી હોથલ જેડ્યું પધમણ્યું પ્રકટન ...મુંજી

હેમારે વટ પુગો 'નિરંજન' ધીણોધર સંભરન
અસીં બાલુડા બુલ બુલ ઇનજા માડી અસાંજો ચમન ...મુંજી



– કવિ નિરંજન

ગુર્જર


– કવિ નિરંજન

કચ્છનો સર્વાંગી ઇતિહાસ

ભાગ-૧


પ્રાયોજક

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

અમદાવાદ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧



કિંમત : ₹ 350 પહેલી આવૃત્તિ : ઑગસ્ટ 2012

KACHCHH-NO SARVANGI ITIHAS : PART-I
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Ahmedabad 380 001 (India)

પૃષ્ઠ : 12+256
ISBN : 978-81-8480-797-4
નકલ : 1000

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001.
ફોન : 22144663. e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279

મુદ્રક :
ભગવતી ઑફસેટ
16/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

...અને આ રીતે આ કાર્ય સંપન્ન થયું !

કચ્છના દૈનિક અખબાર 'કચ્છમિત્ર'માં પ્રકાશિત સાપ્તાહિક કટાર 'રૈયતનામા'ના લેખક શ્રી પ્રવીણચંદ્ર શાહે, એમની સાથેની વાતચીત દરમિયાન એક વખત કહેલું કે કચ્છમાં કચ્છના ઇતિહાસલેખનક્ષેત્રે મબલક ખેડાણ થયું છે, પરંતુ કચ્છનો સર્વાંગી ઇતિહાસ હજી સુધી ઉપલબ્ધ થયો નથી. કચ્છના બીજા કેટલાક બૌદ્ધિકોએ પણ આ વાતનું સમર્થન કર્યું હતું. આ વાત ધ્યાને લઈ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે, ૧ ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ અમદાવાદ ખાતે મળેલી બેઠકમાં, આ ક્ષેત્રે સક્રિય પ્રયાસ કરવાનો નિર્ણય કર્યો.

આ નિર્ણયના અનુસંધાને કાઉન્સિલે ચાણક્ય એકેડેમી, ભુજ મધ્યે ૮ માર્ચ, ૨૦૦૯ના રોજ એક ગોષ્ઠિનું આયોજન કર્યું : કચ્છના અગ્રણી ઇતિહાસ-વિદો, વિવિધ વિષયના તજ્જ્ઞો અને ઇતિહાસ-આલેખન-ક્ષેત્રે રસ ધરાવતા બૌદ્ધિકોએ આ ગોષ્ઠિમાં ભાગ લીધો. તેમણે કાઉન્સિલનો ઇતિહાસ-આલેખન-પ્રસ્તાવ આવકાર્યો અને એ કાર્યમાં સહયોગ આપવા સંમતિ દર્શાવી. ઇતિહાસ-આલેખનની પ્રારંભિક રૂપરેખા નક્કી કરવા, કચ્છ યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડૉ. કાન્તિભાઈ ગોરના અધ્યક્ષપદે એક કાર્યવાહક સમિતિનું ગઠન થયું. કચ્છના ગણમાન્ય ઇતિહાસ-વિદ શ્રી ઉમિયાશંકર અજાણી, ગુજરાત ઇતિહાસ પરિષદના માનદ્ મંત્રી શ્રી નરેશ અંતાણી, લેખક-ચિંતક પત્રકાર શ્રી હરેશ ધોળકિયા અને હંસરાજ કંસારા – આ સમિતિના અન્ય સદસ્ય રહ્યા.

આ સમિતિએ કચ્છના પ્રસ્તાવિત સર્વાંગી ઇતિહાસ-આલેખનનો ઉદ્દેશ, આવરી લેવાના વિષયો તેમ જ સમયખંડ, લેખન માર્ગદર્શન અને મૂલ્યાંકન અને સંપાદનપ્રક્રિયા સૂચવતી બ્લૂ-પ્રિન્ટ તૈયાર કરી. આ બ્લૂ-પ્રિન્ટની ૧૯ એપ્રિલ, ૨૦૦૯ના રોજ ભુજ મધ્યે કાઉન્સિલ દ્વારા આયોજિત મીટિંગમાં વિગતે ચર્ચા થઈ. ઇતિહાસગ્રંથમાં આવરી લેવાના વિષયો અને સમયખંડો નક્કી થયા. સંબંધિત વિષયો માટે યોગ્ય લેખકોનું ચયન, લેખન-માર્ગદર્શન, મૂલ્યાંકન અને સંપાદન આદિ કાર્યો માટે પરામર્શ, સમન્વય અને સંપાદનસમિતિઓનું ગઠન થયું. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ તેમ જ માનદ મંત્રી, આ ત્રણે સમિતિઓમાં સ્ટેચ્યુટરી સભ્યો તરીકે ભાગ લેશે તેમ જ ઇતિહાસ-આલેખન સંબંધી તમામ વહીવટી વ્યવસ્થા સંભાળશે, તેવું નક્કી થયું. ત્યાર બાદ ૩૧ મે, ૨૦૦૯ના રોજ ભુજ મધ્યે મળેલી બેઠકમાં ઇતિહાસ સંદર્ભે, લેખન હેતુ સંભવિત લેખકોનાં નામો પ્રસ્તુત થયાં. મીટિંગ દરમિયાન સૂચિત વિદ્વાનો અને નિષ્ણાતોને કાઉન્સિલે વિધિવત્ પત્ર દ્વારા સહયોગ આપવા અનુરોધ કર્યો.

આમંત્રિત વિદ્વાનોએ, એમના પ્રતિસાદમાં, કચ્છના સર્વાંગી ઇતિહાસના આલેખન માટેની કાઉન્સિલની પહેલ અને પ્રયાસની પ્રશંસા કરી અને સહયોગ આપવા સંમત થયા. જે વિદ્વાનો એમનો સમય આપવા અસમર્થ હતા તેમણે પણ આ કાર્ય માટે ઉપયોગી માહિતી, સૂચન, માર્ગદર્શન આદિ દ્વારા આવશ્યકતા અનુસાર મદદ કરવા તત્પરતા દર્શાવી. કચ્છના ઇતિહાસમાં રસ ધરાવતા વિદ્વાનોના આવા પ્રેરક પ્રતિસાદ બદલ કાઉન્સિલને ગૌરવ છે.

ત્યાર બાદ ૨૬ જુલાઈ ૨૦૦૯ના રોજ ભુજ મધ્યે ઇતિહાસલેખન માટે જેઓ સંમત થયા હતા તે લેખકો, આલેખન-સમિતિઓના સદસ્યો અને કાઉન્સિલ ના સભ્યોની સંયુક્ત બેઠક મળી. આ બેઠકમાં ઇતિહાસલેખનના પ્રસ્થાપિત માપદંડોની ચર્ચા થઈ.

તદુપરાંત એવું નક્કી થયું કે લેખોમાં પ્રસ્તુત વિગતોની જવાબદારી સંબંધિત લેખકોની રહેશે અને સંકલિત ગ્રંથનું પ્રકાશન, વિતરણહક્કો અને જવાબદારી કાઉન્સિલ અથવા એમના દ્વારા નિર્ધારિત પ્રકાશન-સંસ્થાની રહેશે. લેખનપ્રક્રિયા દરમિયાન સમયાંતરે સમીક્ષા હેતુ પરામર્શસમિતિ સંબંધિત લેખકોના સીધા સંપર્કમાં રહેશે.

આમ કચ્છના ત્રીસથી વધુ બૌદ્ધિકો દ્વારા કચ્છના આદિકાળથી લઈને ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપ બાદના પુનર્વસન સુધીના સમયગાળા દરમિયાન કચ્છની ભૌતિક તેમ જ ઇતિહાસમૂલક રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઘટનાઓના સમયના સંદર્ભે અભ્યાસ અને ક્રમબદ્ધ આલેખનનો આરંભ થયો. લેખકો દ્વારા સંબંધિત વિષય અંગે આવશ્યક સંશોધન, લેખન, પરામર્શસમિતિ દ્વારા લેખોનું અવલોકન, છ સદસ્યોની ભુજ-સ્થિત એક વિશેષ સમિતિ દ્વારા પ્રત્યેક લેખક સાથે વ્યક્તિગત સ્તરે પુનર્લેખન, માર્ગદર્શન તેમ જ સંપાદક સમિતિ દ્વારા વાચન – પુનર્વાચનની લાંબી પ્રક્રિયાને અંતે વર્ષ ૨૦૧૨ના આરંભે, એટલે કે લગભગ ત્રણ વર્ષની સમયાવધિએ ૬૦૦ પૃષ્ઠના આ ગ્રંથ 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' (ભાગ I અને II)નું કાર્ય સુપેરે સંપન્ન થયું તેનો કાઉન્સિલને સંતોષ છે.

આ ગ્રંથમાં ખામીઓ હશે, કેટલીક ત્રુટિઓ પણ હશે. પરંતુ ત્રીસથી વધુ વિદ્વાનોએ સાથે મળીને કરેલા સંકલિત અને સમન્વિત ઇતિહાસલક્ષી અભ્યાસનો આ પ્રથમ પ્રયાસ છે અને એ જ એની વિશેષતા છે. એનાથીય વધુ મહત્ત્વની વાત એ છે કે આ નવતર પ્રયાસમાં સંમિલિત વિદ્વાનોએ કાંઈ વિશેષ આર્થિક લાભની અપેક્ષા વિના એમનો અમૂલ્ય સમય આ કાર્ય માટે ફાળવ્યો છે.

કાઉન્સિલના આ પ્રયાસની ફળશ્રુતિરૂપે, કચ્છને એના સર્વાંગી ઇતિહાસનો એક ગ્રંથ તો મળ્યો જ, તદુપરાંત આ પ્રક્રિયા દરમિયાન બીજા પણ કેટલાક મહત્ત્વના લાભ મળ્યા છે. જેમકે –

૧. અમદાવાદની ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનના ડિરેક્ટર પ્રો. આર. ટી. સાવલિયાના માર્ગદર્શન અને સહયોગથી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને વિભિન્ન સ્રોતો દ્વારા કચ્છના ઇતિહાસ સંદર્ભે ઉપયોગી વિપુલ સાહિત્ય પ્રાપ્ત થયું. આ સાહિત્યની xerox નકલોનું આવશ્યકતા અનુસાર ઇતિહાસલેખકોને વિતરણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત કચ્છ રાજ્યના દરબારી ગૅઝેટો (૧૮૭૯-૧૯૪૭)ની સંકલિત ડિજિટલ કૉપીઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભસામગ્રી હવે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અમદાવાદ કાર્યાલયમાં સચવાયેલી છે. કચ્છના ઇતિહાસ વિશે અભ્યાસ કરતા સંશોધકો જરૂર પડ્યે એનો ઉપયોગ કરી શકે છે.

૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ સંચાલિત કચ્છી વિશ્રામગૃહમાં ભુજના કચ્છ મ્યુઝિયમની પ્રતિકૃતિ સમા મ્યુઝિયમનું નિર્માણ થયું છે. આ મ્યુઝિયમમાં કચ્છની સાંસ્કૃતિક ધરોહરના સાક્ષી સમા પુરાવશેષો તેમ જ કચ્છની ભાતીગળ સંસ્કૃતિ ઉજાગર કરતી દશ્યસામગ્રી વિવિધ રીતે પ્રદર્શિત કરવામાં આવી છે. કચ્છના મ્યુઝિયમની કાયમી પ્રતિકૃતિ ઊભી કરવાનો વિચાર, શ્રી કચ્છી જૈન સેવા સમાજના કેટલાક સભ્યોને કચ્છના ઇતિહાસના આલેખન સંદર્ભે, ભુજના મ્યુઝિયમની મુલાકાત દરમિયાન ઉદ્‌ભવ્યો, જેને મૂર્તિમંત કરવાનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદે નિર્ણય કર્યો અને કચ્છ મ્યુઝિયમના તત્કાલીન વડા શ્રી સદાશિવનના માર્ગદર્શન હેઠળ એનું સર્જન થયું છે.

અશોક મહેતા
અધ્યક્ષ
કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ
અમદાવાદ

આટલું આરંભે...

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદના ઉપક્રમે પ્રકાશન – 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' (ભાગ ૧ અને ૨), અત્રે પ્રસ્તુત કરતાં અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

કચ્છનો કોઈ સર્વગ્રાહી આધારભૂત ઇતિહાસગ્રંથ નથી. કચ્છ યુનિવર્સિટીના ઉપક્રમે એક પુસ્તક પ્રગટ થયું છે પરંતુ તે માત્ર ૧૭૫૨થી ૧૯૪૭ સુધીનો સમયગાળો આવરે છે. કચ્છના ઇતિહાસ તેમ જ પુરાતત્ત્વ અભ્યાસુઓના મતે કચ્છના કડીબદ્ધ અને આધારભૂત સર્વાંગી ઇતિહાસની તાતી આવશ્યકતા છે. આ આવશ્યકતાની પૂર્તિ કરવાનો આ પ્રથમ પ્રયાસ છે.

આ પુસ્તકમાં કચ્છની ભૌગોલિક સ્થિતિ તેમ જ આ ભૂમિ પર ઈ.સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ અગાઉની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓથી લઈને અર્વાચીન સમય દરમિયાન માનવ સંસ્કૃતિ અને સભ્યતાનાં ઉત્તરોત્તર થયેલા વિકાસની ઇતિહાસમૂલક ઘટનાઓની ઉપલબ્ધ આધારભૂત વિગતોનું સમયના સંદર્ભે કડીબદ્ધ સર્વગ્રાહી આલેખન છે. આ વિગતોમાં, ૧૯મી અને ૨૦ સદી દરમિયાન ઇતિહાસકારો તેમ જ પુરતત્ત્વવિદોએ સ્થળ તપાસ થકી શોધેલાં અથવા ઉત્ખનનો થકી ઉજાગર થયેલાં નક્કર પ્રમાણો, જેવાં કે શિલ્પસ્થાપત્યો, કિલ્લાઓ, ભવનો અને મંદિરોનાં ખંડિયેરો, શિલાલેખો, દાનપત્રો, લષ્ટિઓ અને જે તે સમયના શાસકોના સિક્કાઓનાં વિશ્લેષણાત્મક વૃત્તાંતો તેમ જ સરકારી ગેઝેટો અને અહેવાલોમાં પ્રકાશિત ઇતિહાસમૂલક વિગતો અને વિવિધ ઘટનાઓની પૃષ્ઠભૂમિ સૂચવતી કેટલીક વિશેષ જનશ્રુતિઓનો સમાવેશ છે.

આ ગ્રંથના પ્રથમ ભાગમાં, ઇતિહાસલેખન માટેના માન્ય માપદંડોને અનુસરતો મહદ્અંશે, કચ્છનો ભૌગોલિક અને રાજકીય ઇતિહાસ છે. બીજા ભાગમાં, જે-તે સમયની પ્રાકૃતિક તેમ જ પ્રશાસનિક પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં, કચ્છના લોકજીવનને સ્પર્શતી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, બાબતોનું આધારભૂત અવલોકન અને વિકાસલક્ષી વિશ્લેષણ છે.

પ્રથમ ભાગ

પ્રસ્તુત ગ્રંથના પ્રથમ ભાગમાં પ્રારંભિક પ્રકરણોમાં ભારતના પશ્ચિમ કાંઠાસ્થિત, કચ્છ તરીકે ઓળખાતા આ પ્રદેશનો વિસ્તાર, એનું ભૌગોલિક બંધારણ અને લાક્ષણિકતાઓ, ભૂ-સંપદા, જળ અસ્મિતા અને જીવસૃષ્ટિ ઉત્પત્તિનાં વૈજ્ઞાનિક અન્વેષણો આધારિત વિગતોનું અવલોકન છે.

કચ્છમાં માનવ-સંચારના સગડ છેક પ્રાગૈતિહાસિકકાળથી મળે છે. એના પુરાવા આપતાં પાષાણ, તામ્ર અને લોહયુગનાં હથિયારો, ઓજારો, અન્ય માનવવપરાશની ચીજો આદિનાં પ્રમાણો, જે કચ્છનાં વિવિધ સ્થળોએથી શોધેલાં/ મેળવેલાં છે, તેની વિગતો પણ આ પ્રકરણમાં પ્રસ્તુત છે.

વીસમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન કચ્છમાં થયેલાં પુરાતત્ત્વીય ઉત્ખનનો થકી ઉજાગર થયેલી, ઈ. સ. પૂર્વે ૨૫૦૦ આસપાસ વિકસિત હરપ્પન નગર-સંસ્કૃતિના જે પુરાવશેષો, ધોળાવીરા, શિકારપુર, દેશલપુર, પાબુમઠ, સુરકોટડા, કુરન તેમ જ અન્ય સ્થળોએથી મળ્યા છે, તેની, તેમ જ નાની રાયણ ગામની સીમમાં સ્થળતપાસ થકી શોધાયેલા પૂર્વ હરપ્પન તેમ જ હરપ્પનસંસ્કૃતિના પુરાવશેષોની વિસ્તારપૂર્ણ માહિતી પણ આ પ્રકરણમાં પ્રસ્તુત છે.

કચ્છના લખપત તાલુકાના શિયોત ગામે થયેલાં સ્તરબદ્ધ ઉત્ખનનો થકી તેમ જ ભુજ તાલુકાના

નાડાપા ગામ પ્રકાશમાં આવેલી, ઈ. સ. પૂર્વે આશરે એક હજાર વર્ષ દરમિયાનની ગુફાઓ, જે બૌદ્ધ ગુફાઓ હોવાનાં પુરાતત્ત્વવિદોનાં અનુમાનો છે, તેની ચર્ચા પણ છે.

ઈ. સ. પૂ. ૩૨૫ આસપાસ સિકંદરની ચડાઈ પછી, કચ્છ-પ્રદેશ. ઈ. સ. પૂ. ૩૧૯થી મૌર્ય સામ્રાજ્યના આધિપત્ય હેઠળ હતો, તેવું પ્રમાણોના આધારે ઇતિહાસકારોનું તારણ છે.

ત્યાર બાદ કચ્છ પર એકાદ સદી બેક્ટ્રિયનોનું અને ચારસો વર્ષ શક ક્ષત્રપોનું દૂરવર્તી શાસન રહ્યું. ત્યાર બાદ થોડો સમય ગુપ્તો અને પછી ઈ. સ.ની આઠમી સદી સુધી મૈત્રકોનું આધિપત્ય રહ્યું. એ જ અરસામાં સિંધના આરબોએ કચ્છ પર કબજો જમાવવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે કચ્છમાં મૈત્રક શાસનનો અંત થયો. ત્યાર બાદ કચ્છમાં ચાવડા, સોલંકી, કાઠી અને વાઘેલા રાજપૂતોનું શાસન ઈ. સ.ની દસમી સદીના અંત સુધી રહ્યું. આ ગાળા દરમિયાન નવમી સદીની મધ્યાવધિએ (ઈ. સ. ૮૪૨-૪૩), સિંધના સમાવંશના મોડ અને મનાઈએ કચ્છમાં પાટગઢ કબજે કર્યું. સમાવંશના શાસનનો આ તબક્કો ઈ. સ. ૯૮૫માં પૂરો થયો. જેના પ્રતાપી રાજવીઓમાં, લાખો ફુલાણી અને તેના ભત્રીજા પુંઅરાની જનશ્રુતિ આધારિત વિગતો આ પુસ્તકના ૧૧મા પ્રકરણમાં પ્રસ્તુત છે. લાખા ફુલાણીએ કેરામાં બંધાવેલા કે સમરાવેલા શિવ-મંદિર અને પુંઅરાએ પધ્ધરગઢમાં ચણાવેલી નંઢી-વડી મેડીઓનાં ખંડેરો બાબત તેમ જ પુંઅરાનો, સંઘાર કોમ સાથેના સંઘર્ષ અને વિદેશી યક્ષો દ્વારા એનો વધ થયો તે વિષે દંતકથાઓમાં અટવાયેલું સત્ય એટલું તો છે જ કે ઈ. સ. ૯૮૫માં પુંઅરાના વધ સાથે કચ્છમાં સમાવંશના શાસનનો પ્રથમ તબક્કો પૂરો થયો. કચ્છ નાનીનાની ઠકરાતોમાં વિભક્ત થયું.

આ સમાવંશના વંશજો જે પછીથી જાડેજા કહેવાયા, એમનું એકચક્રી શાસન ૧૧૪૭માં શરૂ થયું અને ૧૯૪૭માં ભારત આઝાદ થયું, તેમ જ ૧૯૪૮માં કચ્છ સ્વતંત્ર ભારતનો એક ભાગ બન્યું ત્યાં સુધી રહ્યું. તેની વિસ્તારપૂર્વક વિગતો પ્રકરણ ૧૩માં પ્રસ્તુત છે.

કચ્છમાં જાડેજાશાસન દરમિયાન એનું સ્વતંત્ર ચલણ હતું, તેની તેમ જ રાજવીઓના સમયમાં કચ્છના વિશિષ્ટ ન્યાયતંત્રની તેમ જ વહીવટી વ્યવસ્થાની વિગતો તે પછીનાં પ્રકરણોમાં પ્રસ્તુત છે. કચ્છના આદ્ય ઐતિહાસિક યુગથી લઈને ઈ. સ.ની ૧૩મી સદી સુધીનાં કચ્છનાં શિલ્પસ્થાપત્યો તેમ જ કચ્છના પાળિયા અને મૃત્યુસ્મારકોની માહિતી આપતાં પ્રકરણો આ ભાગમાં છે. સાથેસાથે કચ્છની પરંપરાગત હસ્તકળાઓ અને કચ્છનાં મ્યુઝિયમો આદિનું વિશદ વર્ણન છે.

ત્યાર બાદ આઠ વર્ષ કચ્છ, ભારતસંઘ રાષ્ટ્રના 'C' સ્ટેટ તરીકે રહ્યું. સહસ્રો વર્ષોથી રાષ્ટ્રની મૂળધારાથી વિખૂટા પડેલા આ પ્રદેશમાં વિકાસનો પ્રકાશ ફેલાવાનો આરંભ થયો. ૧૯૫૬માં કચ્છ રાજ્ય પુનઃરચના અંતર્ગત, મુંબઈ રાજ્યનો જિલ્લો બન્યું અને ત્યાર બાદ ૧૯૬૦માં ભાષાવાર પ્રાંતરચના થતાં કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યો, જે અદ્યાપિપર્યંત છે, તેની વિગતો પ્રકરણ ૨૦માં આપેલી છે.

દ્વિતીય ભાગ

આ ગ્રંથના બીજા ભાગમાં, કચ્છનું સમાજજીવન, અર્થવ્યવસ્થા, લોકસંસ્કૃતિ, કચ્છનો સાગરકાંઠો અને તેનાં બંદરો વિષે વિસ્તૃત આધારભૂત માહિતી આપેલી છે. તદુપરાંત આ ભાગમાં કચ્છના સામાજિક, સાંસ્કૃતિક વિકાસને સ્પર્શતી વિવિધ બાબતોમાં, વાહનવ્યવહાર સુવિધાઓનો વિકાસ, કૃષિ અને બાગાયતી ક્ષેત્રે વર્તમાન સ્થિતિ, કચ્છમાં ૨૦૦૧ના ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનને પગલે, ઔદ્યોગિક ક્ષેત્રે સર્જાયેલા ગતિશીલ વાતાવરણની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. કચ્છની પરંપરાગત હસ્તકળાઓ અંગે પણ એક પ્રકરણ છે.

કચ્છમાં શિક્ષણ અને સ્વાસ્થ્યક્ષેત્રે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વર્તમાન સ્થિતિ અંગે આધારભૂત માહિતી છે. સાહિત્યક્ષેત્રે કચ્છના વૈવિધ્યસભર ભૂતકાળની ચર્ચા

સાથે કચ્છના લોકોની આગવી ભાષા કચ્છીમાં રચાતા સાહિત્યની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. તદુપરાંત કચ્છના સ્થાનિક લેખકોનું ગુજરાતી તેમ જ સંસ્કૃત ભાષા સાહિત્યક્ષેત્રે વિપુલ યોગદાન વિષે આધારો સહિત વર્ણન છે. કચ્છી ભાષાની ભગિની સમી સિંધી ભાષાના સાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત સર્જકો તેમજ સિંધી ભાષાના વિકાસમાં તેમના યોગદાન સાથે પ્રમુખ-સિંધી રચનાઓની વિગતો આપેલી છે.

ભાષા સાહિત્યક્ષેત્રે કચ્છની એક નોંધપાત્ર ઉપલબ્ધિ, કચ્છની વ્રજભાષા પાઠશાળા છે. કચ્છના મહારાવ શ્રી લખપતજીના અમલ (ઈ. સ. ૧૭૫૨-૬૧) દરમિયાન આ પાઠશાળાની સ્થાપના થઈ, જે ૧૯૪૮ સુધી કાર્યરત રહી. પ્રસ્તુત પુસ્તકમાં ભારતીય ભાષા વિકાસક્ષેત્રે આ પાઠશાળાના અણમોલ યોગદાનના ઐતિહાસિક મહત્ત્વની દષ્ટિએ એનું પણ એક અલગ પ્રકરણ ગ્રંથના આ ભાગમાં સામેલ છે.

કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓ અને જનસંચાર માધ્યમોના વિકાસની વિગતો તેમ જ કચ્છનાં મ્યુઝિયમો અને 'કચ્છની અસ્મિતાના આરાધકો' પ્રકરણમાં કચ્છના કળા, સાહિત્ય, અધ્યાત્મ તેમ જ અન્ય સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન પ્રદાન કરનાર મહાનુભાવોના જીવનસંક્ષેપ વિષે વિસ્તૃત વિગતો પ્રસ્તુત છે.

કચ્છના આદિકાળથી અર્વાચીન સમય સુધીનું, ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે, ભાતીગળ ચિત્ર પ્રસ્તુત કરતો આ ગ્રંથ, કચ્છના બૌદ્ધિકોના અનોખા પ્રથમ સહિયારા પ્રયાસની ફલશ્રુતિ છે.

અસ્તુ.
સંપાદન સમિતિ

કચ્છના સર્વાંગી ઇતિહાસ સંદર્ભે રચિત વિવિધ સમિતિઓ

પરામર્શ-સમિતિ :

૧. ડૉ. કાન્તિભાઈ ગોર,
પૂર્વ કુલપતિ, કચ્છ યુનિ. (કન્વીનર)
૨. શ્રી ઉમિયાશંકર અજાણી – ભુજ
૩. શ્રી હરેશભાઈ ધોળકિયા – ભુજ
૪. શ્રી કીર્તિભાઈ ખત્રી – ભુજ
૫. શ્રી આર. ટી. સાવલિયા – અમદાવાદ
૬. શ્રી દિનકર મહેતા – ભુજ
૭. હંસરાજ કંસારા – અમદાવાદ

સમન્વય-સમિતિ :

૧. શ્રી શશિકાંત ઠક્કર – માધાપર (કચ્છ)
૨. શ્રી હંસરાજ કંસારા – અમદાવાદ
૩. શ્રી નરેશ અંતાણી – ભુજ

સંપાદન-સમિતિ :

૧. શ્રી હંસરાજ કંસારા – અમદાવાદ
૨. શ્રી ઉમિયાશંકર અજાણી – ભુજ
૩. શ્રી નરેશ અંતાણી – ભુજ
૪. શ્રી દિલીપ વૈદ્ય – ભુજ

ઉપરોક્ત ત્રણે સમિતિઓના સંસ્થાકીય સભ્યો

શ્રી અશોક મહેતા, અધ્યક્ષ અને શ્રી પ્રતાપ દંડ, મંત્રી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ

સૌજન્ય-ઋણ-સ્વીકાર

- કચ્છના ઇતિહાસ, પુરાતત્ત્વ, શિક્ષણ, પત્રકારત્વ અને સમાજ-શિક્ષણ ક્ષેત્રે અગ્રણી બૌદ્ધિકોએ કચ્છના સર્વાંગી ઇતિહાસ આલેખનના આ સામૂહિક પ્રયાસમાં એમનું અમુલ્ય યોગદાન આપ્યું છે;
- કચ્છના ગણમાન્ય ઇતિહાસ પુરાતત્ત્વ અને શિક્ષણ-વિદોની સર્વોચ્ચ પરામર્શ સમિતિ તેમ જ સંપાદન સમિતિએ આ ગ્રંથના આલેખન તેમ જ સંપાદનનું પ્રત્યેક તબક્કે વિશ્લેષણ અને માર્ગદર્શન કર્યું છે.
- ગુજરાતના ગણમાન્ય વરિષ્ઠ ઇતિહાસ-વિદો, ડૉ. મુગટલાલ બાવીસી અને ડૉ. મકરન્દ મહેતાએ આ ગ્રંથના બન્ને ભાગોનું પ્રકાશનપૂર્વ અવલોકન કર્યું છે. ગ્રંથ આલેખનના અંતિમ તબક્કે આ વિદ્વાનોનાં મૂલ્યવાન સૂચનો ખૂબ જ ઉપયોગી રહ્યાં છે.
- નટુભાઈ રાજપરાએ આ ગ્રંથના બન્ને ભાગના પ્રત્યેક પૃષ્ઠનું ભાષાકીય દૃષ્ટિએ અવલોકન કરી તેને આવશ્યકતા અનુસાર મઠાર્યું છે.
- આ પુસ્તકમાં સમાવિષ્ટ, સુશ્રી અલ્પા પંડ્યા આલેખિત અને શ્રી કૌશિક પંડ્યા સંપાદિત, વર્તમાન કચ્છ જિલ્લાનો નકશો અને તાલુકાવાર નકશાઓ, 'કચ્છ જિલ્લા એટલાસ'ના પ્રકાશક અક્ષરા પ્રકાશન અને ભરતભાઈ અનડાના સૌજન્યથી મળ્યા છે.
- ગ્રંથ ભાગ (૧)ની આવરણ તસવીર, ૧૮મી સદીના ઐરાવતના 'શ્રેષ્ઠ-શિલ્પ'ની છે. ઈ.સ. ૧૯૭૮માં કચ્છ મ્યુઝિયમ, ભુજની શતાબ્દી ઉજવણી દરમિયાન આ શિલ્પની તસવીરની ટપાલ-ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ગ્રંથ ભાગ (૨)ની આવરણ તસવીર નારાયણ-સરોવરના વિષ્ણુ મંદિરમાંથી મળેલા સુવર્ણ મુગટની છે. આ બન્ને તસવીરો તેમ જ એની ઉપરોક્ત વિગત, ટુરીઝમ કૉર્પોરેશન ઑફ ગુજરાત દ્વારા પ્રકાશિત 'કચ્છ મ્યુઝિયમ, ભુજ' માહિતી ફોલ્ડરમાંથી લીધેલી છે.
- આ ગ્રંથનું પ્રકાશન, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદના વડા શ્રી મનુભાઈ શાહની જાતી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ થયું છે.
- કચ્છના સર્વાંગી ઇતિહાસ આલેખન સંદર્ભે, પ્રથમ મિટિંગ ભુજ ખાતે ચાણક્ય એકેડમીમાં થઈ; ત્યાર બાદ આ સંદર્ભે ગઠીત સમિતિઓ તેમ જ નિર્ધારિત લેખકોની પ્રારંભિક મિટિંગો, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ, ભુજ, મધ્યે તેમ જ ત્યાર બાદની બધી મિટિંગોનું આયોજન કચ્છમિત્ર કાર્યાલયમાં થયું. અમદાવાદ મધ્યે મિટિંગોનું આયોજન કચ્છી વિશ્રામ ગૃહ તેમ જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ ભવનમાં થયું.
- કચ્છના સર્વાંગી ઇતિહાસ આલેખનના આ સામૂહિક પ્રયાસને, મુંબઈ સ્થિત જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાએ બિરદાવ્યું છે, તેમ જ પ્રારંભિક મિટિંગોમાં હાજરી આપી, પ્રોત્સાહન આપ્યું છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ સંબંધિત સંસ્થાઓ તેમ જ મહાનુભાવોના સૌજન્યનું ઋણ સ્વીકાર સાથે સહયોગ બદલ હાર્દિક આભાર માને છે.

અશોક મહેતા
અધ્યક્ષ
કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ

અનુક્રમ

કચ્છનો સર્વાંગી ઇતિહાસ
ભાગ-૧

realpatidar.com


કચ્છ જિલ્લો ઊડતી નજરે

૧.	ભૌગોલિક સ્થાન	:	૨૨.૪૪° થી ૨૪.૪૧° ઉત્તર અક્ષાંશ ૭૮.૮૯° થી ૭૧.૪૫° પૂર્વ રેખાંશ
૨.	વિસ્તાર	:	૪૫,૬૫૨ ચો. કિ.મિ.
૩.	સમુદ્ર કિનારો	:	૪૦૬ કિ.મિ.
૪.	આબોહવા (તાપમાન)	:	મહત્તમ : ૪૪.૧° સેલ્સિ. (મે-જૂન) લઘુતમ ૫.૭° સેલ્સિ. શિયાળો (ડિસેમ્બર-જાન્યુઆરી)
૫.	વસ્તી	:	(૨૦૧૧ વસ્તીગણતરી મુજબ) ૨૦,૯૦,૩૧૩
૬.	વસ્તીની ગીચતા	:	(ચો. કિ.મિ.માં) ૪૬
૭.	ગામડાંઓની સંખ્યા	:	૯૫૦
૮.	ગ્રામપંચાયતની સંખ્યા	:	૬૯૫
૯.	શહેરોની સંખ્યા	:	૮
૧૦.	નગરપાલિકા	:	ભુજ, ગાંધીધામ, અંજાર, માંડવી, ભચાઉ, રાપર
૧૧.	બંદરો	:	કંડલા (મેજર પોર્ટ) માંડવી, મુન્દ્રા, જખૌ, તુણા, જંગી, કોટેશ્વર
૧૨.	સાક્ષરતા દર	:	(૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ) ૭૧.૫૮%
૧૩.	ઍરપોર્ટ	:	(૧) ભુજ (૨) કંડલા
૧૪.	જિલ્લાનું મુખ્ય મથક	:	ભુજ
૧૫.	મુખ્ય મથક (ભુજ) નો STD-Code ૦૨૮૩૨		

તાલુકાની માહિતી


તાલુકો	મુખ્ય મથક	વસ્તી ગણતરી મુજબ	વિસ્તાર ચો.કિ.મિ.માં	વસ્તીની ઘનતા ચો.કિ.મિ.માં	શહેર	ગામડાંઓ	સાક્ષરતાનો દર ટકાવારીમાં
અબડાસા	નળિયા	૯૭,૫૦૮	૨૩૯૮.૨૬	૪૧		૧૬૬	૫૭.૫
અંજાર	અંજાર	૧,૬૦,૨૯૨,	૧૧૭૩.૬૯	૧૩૭	૧	૬૭	૬૧.૬
ભચાઉ	ભચાઉ	૧,૪૭,૮૯૧	૧૯૮૫.૨૪	૭૪	૧	૭૧	૪૭.૨
ભુજ	ભુજ	૩,૪૫,૦૧૩	૪૪૯૯.૮૩	૭૭	૧	૧૫૮	૬૩.૫
ગાંધીધામ	ગાંધીધામ	૨,૦૧,૫૬૯	૧૭૪.૪૦	૧૧૫૬	૨	૮	૬૯.૫
લખપત	દયાપર	૫૦,૧૨૦	૧૯૪૪.૯૯	૨૬		૧૦૦	૪૯.૮
માંડવી	માંડવી	૧,૭૦,૫૭૩	૧૪૦૬.૧૭	૧૨૧	૧	૯૧	૭૦.૦
મુંદ્રા	મુંદ્રા	૮૩,૦૧૦	૮૮૮.૧૫	૯૩	૧	૬૦	૬૩.૬
નખત્રાણા	નખત્રાણા	૧,૨૯,૨૪૯	૧૯૮૪.૬૭	૬૫		૧૩૨	૬૫.૮
રાપર	રાપર	૧,૯૮,૦૦૦	૩૦૨૩.૬૭	૬૫	૧	૯૭	૩૯.૮

માહિતી સ્રોત : 'કચ્છ જિલ્લા એટલાસ', અક્ષરા પ્રકાશન, વર્ષ : ૨૦૧૨


કચ્છ જિલ્લો
પ્રમાણમાપ 1 સે.મી. = 17 કિ.મી.
realpatidar.com


અબડાસા તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 4.5 કિ.મી.




અંજાર તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 3 કિ.મી.




ભચાઉ તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 4 કિ.મી.




ભુજ તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 6.5 કિ.મી.




ગાંધીધામ તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી.= 1.5 કિ.મી.




લખપત તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 5 કિ.મી.



માંડવી તાલુકો


પ્રમાણમાપ 1 સે.મી. = 3 કિ.મી.




09

મુંદ્રા તાલુકો


પ્રમાણમાપ 1 સે.મી.= 2.5 કિ.મી.




નખત્રાણા તાલુકો
પ્રમાણમાપ 1 સે.મી.= 4 કિ.મી.
realpatidar.com
11

રાપર તાલુકો

પ્રમાણમાપ 1 સે.મી. = 5 કિ.મી.





૧. કચ્છની પ્રાકૃતિક (ભૌગોલિક) પરિસ્થિતિ

ડૉ. યોગેશ જાડેજા


પ્રસ્તાવના

ભારતના પશ્ચિમ છેડે આવેલો કચ્છ એ વિસ્તારની દષ્ટિએ દેશનો બીજા ક્રમનો અને ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. જિલ્લાનું કુલ ક્ષેત્રફળ આશરે ૪૫,૬૫૨ ચોરસ કિલોમીટર છે. જિલ્લાનો આ સમગ્ર વિસ્તાર ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી, મુંદ્રા, અબડાસા, લખપત, ભચાઉ, રાપર અને ગાંધીધામ એમ દસ તાલુકાઓમાં વહેંચાયેલો છે. સૌથી મોટા વિસ્તારની સાથેસાથે આ જિલ્લો તેના વિશિષ્ટ ભૌગોલિક ભાગોની દષ્ટિએ પણ દેશ અને દુનિયાના નકશામાં આગવું આકર્ષણ ધરાવે છે. જિલ્લાની જમીનની ભૌગોલિક વિવિધતા અને તેના ઉપર ચાલતી ભૌગોલિક પ્રક્રિયાઓ આ જિલ્લાને આગવી સુંદરતા તથા લાક્ષણિકતાઓ બક્ષે છે. ભૌગોલિક પ્રક્રિયાના





વિગત	કચ્છ	ગુજરાત
કુલ ક્ષેત્રફળ ચો. કિ.	45,652	1,96,024
કુલ વસ્તી	12,62,507	4,13,09,582
અંતિમ દાયકામાં વૃદ્ધિ %	20.22	21.19
અંતિમ સદીમાં વૃદ્ધિ %	158.7	354.2
વસ્તી ગીચતા પ્રતિ ચો. કિ.	28	211
પ્રતી 1,000 પુરુષે સ્ત્રી	964	934
સાક્ષરતા કુલ %	52.75	61.29
સાક્ષરતા : પુરુષ %	64.29	73.13
સાક્ષરતા : સ્ત્રી %	40.89	48.64
ગ્રામ્ય વસ્તી	8,74,650	2,70,63,521
શહેરી વસ્તી	3,87,857	1,42,46,061
શહેરી વસ્તીનું પ્રમાણ %	30.72	34.49
અનુસૂચિત જાતિ %	11.9	7.41
અનુસૂચિત જનજાતિ %	6.95	14.92
કુલ ગામ	949	18,509
5,000થી વધુ વસ્તી ધરાવતાં ગામ	16	650
શહેરો	10	264
તાલુકા	9	184



કચ્છ જિલ્લાનું સ્થાન અને સામાન્ય આંકડાકીય માહિતી (૨૦૦૧ની સેન્સસ રિપોર્ટ)

પરિણામે નષ્ટ થયેલા હરપ્પન સંસ્કૃતિના અવશેષો (ધોળાવીરા), વારંવાર આવતા મોટા ભૂકંપો જેવી ઘટનાઓને કારણે અભ્યાસુઓ, જિજ્ઞાસુઓ, પર્યટકો, સાહસિકોમાં આ જિલ્લા માટે આગવું માન અને લાગણીઓ છે. દરિયો અને રણ જેવા ભૂ-ભૌગોલિક વિભાગોનો એક જ વિસ્તારમાં સમન્વય હોય તેવા વિસ્તારો દુનિયામાં ભાગ્યે જ જોવા મળે છે.


સામાન્ય રીતે કોઈ પણ વિસ્તારની જીવનશૈલી, વિકાસ, વ્યવસાયો એ જે-તે વિસ્તારની ભૌગોલિક લાક્ષણિકતાઓ, કુદરતી સ્રોતોની ક્ષમતા અને તેના ઉપર ચાલતી ભૌગોલિક પ્રક્રિયાઓ ઉપર નિર્ભર રહે છે. એક તરફ જિલ્લામાં ચાલતી ભૌગોલિક પ્રક્રિયાઓને કારણે આ જિલ્લો કુદરતી આપત્તિઓનો ભોગ પણ બને છે. આવી આપત્તિઓ ં વારંવાર પડતા દુષ્કાળ, સદીમાં બે વાર આવતાં મોટા ભૂકંપો અને દરિયાકિનારે આવતાં વાવાઝોડાંએ સતત અર્થવ્યવસ્થાને ખોરવાતી અને ાનવજીવનને હાડમારી સામે ઝઝૂમતું રાખ્યું છે. આમ છતાં પણ અહીંની માનવીય ખુમારી તેના ભૌગોલિક ભાગોની સુંદરતાની જેમ જ વિશ્વમાં નિખાર પામી છે !... તો ચાલો, આવી વિવિધતા ધરાવતા પ્રદેશની ભૌગોલિક લાક્ષણિકતાઓને અને તેની ખાસિયતોને સમજીએ. આ ખાસિયત સમજવા પહેલાં જમીન કેવી રીતે અને કઈ ભૂસ્તરીય પ્રક્રિયાના પરિણામે બની છે તે પ્રથમ સમજીએ અને ત્યાર બાદ તેના જુદા-જુદા ભૌગોલિક ભાગોની લાક્ષણિકતાઓની ચર્ચા કરીશું.

ભૂસ્તરીય ઇતિહાસ

કાચબા જેવો આકાર ધરાવતા કચ્છ જિલ્લાનું ભૂસ્તર બનવાની શરૂઆત આશરે ૧૮ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. આ સમયે ઉપરની તરફ દરિયો અને તેની નીચે જમીન જેવી પરિસ્થિતિ હતી. કાળક્રમે જમીનની અંદર ભૌગોલિક ફેરફાર જેવા કે જ્વાળામુખીની હલચલ, પૃથ્વીના જમીનભાગોની પ્લેટોનું એકબીજા તરફ સરકવું વગેરે જેવી હિલચાલને કારણે ધીરેધીરે જમીનનો ભાગ ઉપર આવવા લાગ્યો અને દરિયો જમીન પરથી સરકવા લાગ્યો.

પૃથ્વીની જમીનનો ભાગ જે સમયે અલગઅલગ ખંડોમાં વિભાજિત થયેલો ન હતો ત્યારે ભારતીય પ્લેટ (ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ) યુરેશિયન પ્લેટ સાથે અથડાવાથી બન્ને વચ્ચે આવેલા ટ્રિથિસ સમુદ્રમાં બની રહેલા ખડકો ઊંચકાઈ હિમાલયપર્વતનું નિર્માણ થવાનું શરૂ થયું. આ ઘટના સમયે કચ્છની જમીન પણ દરિયાની બહાર ઊપસી આવવાની શરૂઆત થઈ હતી. આ સમયને પૃથ્વીના ઉત્પત્તિકાળના 'મેસોઝોઈક યુગ' તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં મળી આવતા અગત્યના દરિયાઈ જીવાવશેષો (ઍમોનાઈટ) આ બાબતની પુષ્ટિ કરે છે. કચ્છમાં મળી આવતા શેલ (મુલઈ), ઝીણા દાણાવાળા સાગ(ફાઈન ગ્રેઈન સૅન્ડ, સ્ટોન)ના એકાંતરીકરણ (ઇન્ટરકેલેશન) તથા ચીકણી માટીના ખડકો અને ચૂનાના પથ્થરના ખડકોના એકાંતરીકરણને કારણે એ દરિયાઈ બનાવટના ખડકો હોવા છતાં પણ કચ્છના મોટા ભાગના ડુંગરો પર મળી આવે છે, જે સૂચવે છે કે કચ્છની ધરતીની ઉત્પત્તિ દરિયામાંથી થઈ છે. આજે પણ આ ખડકોમાં આવતું પાણી ઘણી જ વધારે માત્રામાં ખારાશ ધરાવે છે. આવી ખારાશને જન્મજાત ખારાશ કહેવાય છે જે આ વાતની પુષ્ટિ કરે છે.

આ સમય બાદ જમીનના પેટાળમાં રહેલા લાવારસ તથા પ્લેટો સરકવાને કારણે ઊભા થયેલ તણાવ તથા દબાણ તેમજ વજનની અસમતુલાને કારણે પૃથ્વીના પોપડા પર નીચેથી દબાણ આવવા લાગ્યું અને જમીનનો ભાગ દરિયામાંથી ઉપર આવવા લાગ્યો. જેમ-જેમ જમીન ઉપર આવવા લાગી તેમ-તેમ તેના પર પર્યાવરણીય પરિબળોની તથા વરસાદની અસરને લીધે નદી-નાળાંઓ વહેવાં શરૂ થયાં, જે જૂના ડુંગરોનું ધોવાણ થતાં અને જમીન પર પથરાતાં તે 'જ્યુરાસિક-યુગ' બાદના 'ક્રિટેસિયસ યુગ'ના સાગ- પથ્થર(સૅન્ડ-સ્ટોન)રૂપે જમીન પર પથરાયો. આ પ્રક્રિયા પૂરી થાય એ પહેલાં જમીન નીચેના જ્વાળામુખીનું દબાણ સહન ન થતાં મોટા પાયે જ્વાળામુખીની પ્રક્રિયા સમગ્ર પૃથ્વી પર થઈ અને જમીન પર કાળમીંઢ જેવા પથ્થરો પથરાયા.



કચ્છના ભૌગોલિક ભાગો

આ જ્વાળામુખી જમીનની સપાટીથી લગભગ ૭૦૦થી ૮૦૦ કિ.મી. ઊંડાઈએ આવેલા હોય છે. આ પ્રક્રિયા લગભગ ૬.૫ કરોડથી ૮ કરોડ વર્ષ વચ્ચેની છે. કચ્છમાં મળી આવતા ધીણોધર, કીરો- ડુંગર વગેરે આ પ્રકારની જ્વાળામુખીની પ્રક્રિયાનાં દૃષ્ટાંત છે. આ સમયકાળને પૃથ્વીની ઉત્પત્તિના ઇતિહાસના 'ડેક્કન ટ્રૅપ' (ટ્રૅપ/કાળમીંઢ/બેસોલ્ટ) તરીકે ઓળખાય છે. તેમાં મળી આવતું ભૂગર્ભજળ આશરે ૧૦ કરોડ વર્ષથી સંગ્રાહેલું વરસાદનું મીઠું પાણી છે. જ્વાળામુખીથી બનેલા કાળમીંઢ પથ્થર જમીનમાંથી બહાર આવ્યા બાદ પૃથ્વીના વાતાવરણની અસરમાં આવતાં તેમાં રાસાયણિક ખવાણ થવાને લીધે લેટેરાઈટમાં પરિવર્તન થવાનું શરૂ થયું. આ સમયને કચ્છમાં 'ટર્સરી યુગ'ની શરૂઆત ગણવામાં આવે છે. આ યુગમાં કચ્છની જમીનનો પશ્ચિમ ભાગ હજી પણ દરિયામાં હતો, જ્યાંથી કાળક્રમે દરિયો બહાર આવી જતાં પશ્ચિમ ભાગમાં ચૂનાના પથ્થર, ચીકણી માટીના ખડકો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. અંદાજે આજથી ૧ લાખ વર્ષ પહેલાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહી હતી.

લગભગ ૧ કરોડ વર્ષ પહેલાં ગુજરાતનો ઉત્તર-પૂર્વનો થોડો જ ભાગ જમીનસ્વરૂપે હતો. તેમાંથી ૨૦ લાખ વર્ષની આસપાસ 'સૌરાષ્ટ્ર' તથા 'કચ્છનો મેઈન લૅન્ડ' પ્રદેશ દરિયામાંથી બહાર ઊપસી આવ્યો હતો. ત્યાર બાદ છેલ્લાં ૨૦,૦૦૦થી ૫,૦૦૦ વર્ષ દરમિયાન સમગ્ર 'ગુજરાત' તથા 'સૌરાષ્ટ્ર'નો તમામ ભાગ, મોટા ભાગનો 'કચ્છ મેઈન લૅન્ડ' તથા કેટલાક ટાપુઓ બહાર આવ્યા અને અંતે ૫,૦૦૦ વર્ષ પહેલાં લગભગ હાલમાં છે તે ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. દરિયાની આવન જાવન તથા જ્વાળામુખીની પ્રક્રિયા સાથે કચ્છની ધરતી પર ધરતીકંપ જેવી


ટેક્ટોનિક પ્રક્રિયાનાં પણ ઉદાહરણ જોવા મળે છે. આ બધી પ્રક્રિયાના પરિણામસ્વરૂપે કચ્છની આજની જમીનનું સ્વરૂપ જોવા મળે છે. ૧૮૧૯માં થયેલ ધરતીકંપને લીધે કચ્છના રણમાં અલ્લાહબંધ બન્યો હતો, જેને લીધે સિંધુનદીનાં વહેણ જે પહેલાં કચ્છના રણમાંથી વહેતાં હતાં તે ફંટાઈ ગયાં. જોકે આ વિષય કચ્છના રણમાં હજી વધારે સંશોધન માગી લે તેવો છે.

પૃથ્વી પર જીવસૃષ્ટિની શરૂઆત આમ તો લગભગ ૩૫૦ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. સૌથી પહેલો દરિયાઈ જીવ 'અમીબા' (એકકોષી) હતો. ત્યાર બાદ તેમાંથી ધીરે-ધીરે બીજા સજીવો બનવાની શરૂઆત થઈ, જેમાં અમીબા પછી માછલીઓ અસ્તિત્વમાં આવી. ત્યાર બાદ નાના જીવાણુ તેમજ પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યાં અને એ પછીના સમયથી ડાયનોસોર, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ ઉત્પન્ન થયાં. આમ, ધીરેધીરે પૃથ્વી પર જીવસૃષ્ટિની રચના થઈ હતી. કચ્છમાં વનસ્પતિ ઊગવાની પ્રક્રિયા આશરે ૭થી ૮ કરોડ વર્ષ પહેલાં થઈ હતી.


કચ્છના ભૌગોલિક ભાગો

આવી રીતે બનેલી કચ્છની જમીનને જુદા-જુદા ભૌગોલિક ભાગોના સ્વરૂપમાં વર્ણવી શકાય. જિલ્લાની આ ખાસિયતને સમજવા માટે, તેને ઉત્તરથી દક્ષિણ તરફ જતા વિભાગોમાં વર્ગીકૃત કરવા માટે, લેખકે દરિયાઈ સપાટીના સાપેક્ષ વિભાગોની ઊંચાઈને મુખ્ય ઘટક તરીકે ગણેલી છે.

- રણવિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- બેટ-ટાપુઓની હારમાળાઓનો વિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી.થી ૪૬૫ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- બન્નીનાં ઘાસિયાં મેદાનો (દરિયાની સપાટીથી ૫ મી.થી ૧૦ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- કેન્દ્રવર્તી (મધ્યનો) ઉચ્ચ પ્રદેશ (દરિયાની સપાટીથી ૧૦ મી.થી ૩૯૦ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)



ખડીર-ટાપુ પરથી દેખાતું કચ્છનું મોટું રણ




કાળા ડુંગરની સામે પથરાયેલ
મીઠાથી આચ્છાદિત રણવિસ્તાર

- સપાટ દરિયાકાંઠાનો વિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી.થી ૧૨ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- કચ્છની નદીઓ

રણવિસ્તાર

કચ્છનો રણવિસ્તાર દેશના અન્ય વિસ્તારથી સંપૂર્ણપણે અલગ છે જે કચ્છના ઉત્તર અને પૂર્વ ભાગમાં પથરાયેલો છે. કચ્છના આ રણવિસ્તારની લાક્ષણિકતા એ છે કે તે એકદમ સપાટ છે અને દરિયાની સપાટીએથી ૪ મીટરની ઊંચાઈએ આવેલો છે. આ રણવિસ્તાર બે ભાગમાં વિભાજિત છે : કચ્છનું મોટું રણ કે જે ઉત્તરના ભાગમાં આવેલું છે અને કચ્છનું નાનું રણ કે જે કચ્છના પૂર્વ અને દક્ષિણ ભાગમાં આવેલું છે. કચ્છ જિલ્લાના કુલ વિસ્તારના લગભગ ૧૬,૯૯૧ ચો. કિ.મી. જેટલો ભાગ રણવિસ્તાર છે.

દરિયાઈ પાણીનાં ગમન-આગમનને લઈને કચ્છના મોટા રણની જમીનને જુદા-જુદા ભૌગોલિક ભાગોમાં વિભાજવામાં આવી છે [રોય (૧૯૭૩) અને મર્ચ (૧૯૭૭ અને ૧૯૮૨)], જેમાં લાંબો ખાઈવાળો વિસ્તાર (Linear Trench Zone) કે જ્યાં વર્ષના મે-જૂન મહિનાઓમાં કોરી ક્રીક પાસેથી દરિયાનું પાણી અંદર ધસી આવે છે, જેના થકી આ ખાડાવાળો વિસ્તાર હંમેશાં પાણીથી ભરાયેલો રહે છે. આ ભાગની મુખ પાસેની




ઉનાળામાં બન્ની પ્રદેશ

રચના રકાબી જેવી હોઈ દરિયાનાં પાણી એક વાર અંદર આવી ગયા બાદ પરત જઈ શકતાં નથી. ચોમાસા બાદ આ જ વિસ્તારમાં વરસાદનું પાણી જમા થઈ જતું હોય છે. આ ખાડાવાળા વિસ્તારને ફરતે રણનો એવો પ્રદેશ આવેલો છે જે ખૂબ જ મોટો પડતર વિસ્તાર છે અને વધારે ભરતીના સમયે જ્યારે મોજાં ઘણાં ઊછળે છે ત્યારે આ વિસ્તારમાં થોડા સમય સુધી પાણી ફેલાય છે અને ત્યાર બાદના સમયમાં સૂર્યના પ્રખર તાપથી આ પાણી કેશાકર્ષણની પ્રક્રિયાના પરિણામે મીઠાનું કવચ બનાવે છે. આવી અવિરત ચાલતી પ્રક્રિયાને લઈને આ વિસ્તારને રણના મીઠાથી આચ્છાદિત મેદાનો(Salt encrusted Plain)વાળા વિભાગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિભાગોથી ઉત્તર તરફ આગળ વધીએ તેમ ત્યાં સિંધુ- નદીના રહી ગયેલા મુખ આગળ ત્રિકોણ વિભાગો જોવા મળે છે. આ ભાગ પ્રમાણમાં ઊંચાઈવાળા હોઈ દરિયાઈ પાણીની અસરથી મુક્ત છે, પરંતુ અહીં વરસાદી પાણીનો પ્રભાવ જોવા મળે છે અને કેટલીક વાર આ વિસ્તારોની આસપાસ પાણી ફરી વળે છે, જેથી તે બેટ જેવી લાક્ષણિકતાઓ દર્શાવે છે. આ લાક્ષણિકતાઓને લીધે તેને બેટવિસ્તારો તરીકે જ ઓળખવામાં આવે છે.

મીઠાથી આચ્છાદિત વિસ્તારોની ઉત્તરે જેમ બેટ-વિસ્તારો છે તેમ દક્ષિણે પણ દરિયાની અસરથી મુક્ત વિસ્તાર આવેલો છે જેને બન્નીવિસ્તાર કહેવામાં આવે છે. આ વિસ્તાર લાંબા ખાડાના વિભાગથી દક્ષિણે કચ્છની મુખ્ય જમીન સુધી ફેલાયેલો છે. આ વિભાગની ચર્ચા આપણે અલગ આગળ કરેલી છે.

આ ઉપરાંત કચ્છના રણનો પાંચમો વિભાગ છે જેને કચ્છના નાના રણ તરીકે ઓળખવામાં આવે છે (જે આમ તો મીઠાથી આચ્છાદિત વિભાગનું જ વિસ્તરણ પામેલો વિભાગ છે અને તેની લાક્ષણિકતા પણ તેના જેવી જ છે). આ સિવાય અહીં ચોમાસા બાદ આવતાં નદીઓનાં પાણી સાથે કેટલોક ચીકણી માટી યુક્ત કાંપ પથરાય છે.

બેટ-ટાપુઓની હારમાળાઓનો વિસ્તાર : મોટા રણના દક્ષિણ વિસ્તારમાં એટલે કે બન્ની અને રણને અલગ પાડતો આ વિભાગ પશ્ચિમથી પૂર્વ તરફ જતાં ટાપુઓની હારમાળા રચે છે, જેમાં પચ્છમ, ખડીર, બેલા




કીરો ડુંગર (અગ્નિકૃત)


અને ચોરાડ નામના ચાર મુખ્ય ટાપુઓ આવેલા છે. સપાટ રણ વચ્ચે આવા ખૂબ ઊંચાઈ ધરાવતા ટાપુઓની

ટેક્ટોનિક પ્રક્રિયાનાં પણ ઉદાહરણ જોવા મળે છે. આ બધી પ્રક્રિયાના પરિણામસ્વરૂપે કચ્છની આજની જમીનનું સ્વરૂપ જોવા મળે છે. ૧૮૧૯માં થયેલ ધરતીકંપને લીધે કચ્છના રણમાં અલ્લાહબંધ બન્યો હતો, જેને લીધે સિંધુનદીનાં વહેણ જે પહેલાં કચ્છના રણમાંથી વહેતાં હતાં તે ફંટાઈ ગયાં. જોકે આ વિષય કચ્છના રણમાં હજી વધારે સંશોધન માગી લે તેવો છે.

પૃથ્વી પર જીવસૃષ્ટિની શરૂઆત આમ તો લગભગ ૩૫૦ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. સૌથી પહેલો દરિયાઈ જીવ 'અમીબા' (એકકોષી) હતો. ત્યાર બાદ તેમાંથી ધીરે-ધીરે બીજા સજીવો બનવાની શરૂઆત થઈ, જેમાં અમીબા પછી માછલીઓ અસ્તિત્વમાં આવી. ત્યાર બાદ નાના જીવાણુ તેમજ પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યાં અને એ પછીના સમયથી ડાયનોસોર, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ ઉત્પન્ન થયાં. આમ, ધીરેધીરે પૃથ્વી પર જીવસૃષ્ટિની રચના થઈ હતી. કચ્છમાં વનસ્પતિ ઊગવાની પ્રક્રિયા આશરે ૭થી ૮ કરોડ વર્ષ પહેલાં થઈ હતી.



ખડીર-ટાપુ પરથી દેખાતું કચ્છનું મોટું રણ



કાળા ડુંગરની સામે પથરાયેલ
મીઠાથી આચ્છાદિત રણવિસ્તાર

કચ્છના ભૌગોલિક ભાગો


આવી રીતે બનેલી કચ્છની જમીનને જુદા-જુદા ભૌગોલિક ભાગોના સ્વરૂપમાં વર્ણવી શકાય. જિલ્લાની આ ખાસિયતને સમજવા માટે, તેને ઉત્તરથી દક્ષિણ તરફ જતા વિભાગોમાં વર્ગીકૃત કરવા માટે, લેખકે દરિયાઈ સપાટીના સાપેક્ષ વિભાગોની ઊંચાઈને મુખ્ય ઘટક તરીકે ગણેલી છે.

- રણવિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- બેટ-ટાપુઓની હારમાળાઓનો વિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી.થી ૪૬૫ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- બન્નીનાં ઘાસિયાં મેદાનો (દરિયાની સપાટીથી ૫ મી.થી ૧૦ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- કેન્દ્રવર્તી (મધ્યનો) ઉચ્ચ પ્રદેશ (દરિયાની સપાટીથી ૧૦ મી.થી ૩૯૦ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- સપાટ દરિયાકાંઠાનો વિસ્તાર (દરિયાની સપાટીથી ૫ મી.થી ૧૨ મી. ઊંચાઈ સુધીના વિસ્તારો)
- કચ્છની નદીઓ

રણવિસ્તાર

કચ્છનો રણવિસ્તાર દેશના અન્ય વિસ્તારથી સંપૂર્ણપણે અલગ છે જે કચ્છના ઉત્તર અને પૂર્વ ભાગમાં પથરાયેલો છે. કચ્છના આ રણવિસ્તારની લાક્ષણિકતા એ છે કે તે એકદમ સપાટ છે અને દરિયાની સપાટીએથી ૪ મીટરની ઊંચાઈએ આવેલો છે. આ રણવિસ્તાર બે ભાગમાં વિભાજિત છે : કચ્છનું મોટું રણ કે જે ઉત્તરના ભાગમાં આવેલું છે અને કચ્છનું નાનું રણ કે જે કચ્છના પૂર્વ અને દક્ષિણ ભાગમાં આવેલું છે. કચ્છ જિલ્લાના કુલ વિસ્તારના લગભગ ૧૬,૯૯૧ ચો. કિ.મી. જેટલો ભાગ રણવિસ્તાર છે.

દરિયાઈ પાણીનાં ગમન-આગમનને લઈને કચ્છના મોટા રણની જમીનને જુદા-જુદા ભૌગોલિક ભાગોમાં વિભાજવામાં આવી છે [રોય (૧૯૭૩) અને મર્ચ (૧૯૭૭ અને ૧૯૮૨)], જેમાં લાંબો ખાઈવાળો વિસ્તાર (Linear Trench Zone) કે જ્યાં વર્ષના મે-જૂન મહિનાઓમાં કોરી ક્રીક પાસેથી દરિયાનું પાણી અંદર ધસી આવે છે, જેના થકી આ ખાડાવાળો વિસ્તાર હંમેશાં પાણીથી ભરાયેલો રહે છે. આ ભાગની મુખ પાસેની




ઉનાળામાં બન્ની પ્રદેશ

રચના રકાબી જેવી હોઈ દરિયાનાં પાણી એક વાર અંદર આવી ગયા બાદ પરત જઈ શકતાં નથી. ચોમાસા બાદ આ જ વિસ્તારમાં વરસાદનું પાણી જમા થઈ જતું હોય છે. આ ખાડાવાળા વિસ્તારને ફરતે રણનો એવો પ્રદેશ આવેલો છે જે ખૂબ જ મોટો પડતર વિસ્તાર છે અને વધારે ભરતીના સમયે જ્યારે મોજાં ઘણાં ઊછળે છે ત્યારે આ વિસ્તારમાં થોડા સમય સુધી પાણી ફેલાય છે અને ત્યાર બાદના સમયમાં સૂર્યના પ્રખર તાપથી આ પાણી કેશાકર્ષણની પ્રક્રિયાના પરિણામે મીઠાનું કવચ બનાવે છે. આવી અવિરત ચાલતી પ્રક્રિયાને લઈને આ વિસ્તારને રણના મીઠાથી આચ્છાદિત મેદાનો(Salt encrusted Plain)વાળા વિભાગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિભાગોથી ઉત્તર તરફ આગળ વધીએ તેમ ત્યાં સિંધુ- નદીના રહી ગયેલા મુખ આગળ ત્રિકોણ વિભાગો જોવા મળે છે. આ ભાગ પ્રમાણમાં ઊંચાઈવાળા હોઈ દરિયાઈ પાણીની અસરથી મુક્ત છે, પરંતુ અહીં વરસાદી પાણીનો પ્રભાવ જોવા મળે છે અને કેટલીક વાર આ વિસ્તારોની આસપાસ પાણી ફરી વળે છે, જેથી તે બેટ જેવી લાક્ષણિકતાઓ દર્શાવે છે. આ લાક્ષણિકતાઓને લીધે તેને બેટવિસ્તારો તરીકે જ ઓળખવામાં આવે છે.

મીઠાથી આચ્છાદિત વિસ્તારોની ઉત્તરે જેમ બેટ-વિસ્તારો છે તેમ દક્ષિણે પણ દરિયાની અસરથી મુક્ત વિસ્તાર આવેલો છે જેને બન્નીવિસ્તાર કહેવામાં આવે છે. આ વિસ્તાર લાંબા ખાડાના વિભાગથી દક્ષિણે કચ્છની મુખ્ય જમીન સુધી ફેલાયેલો છે. આ વિભાગની ચર્ચા આપણે અલગ આગળ કરેલી છે.

આ ઉપરાંત કચ્છના રણનો પાંચમો વિભાગ છે જેને કચ્છના નાના રણ તરીકે ઓળખવામાં આવે છે (જે આમ તો મીઠાથી આચ્છાદિત વિભાગનું જ વિસ્તરણ પામેલો વિભાગ છે અને તેની લાક્ષણિકતા પણ તેના જેવી જ છે). આ સિવાય અહીં ચોમાસા બાદ આવતાં નદીઓનાં પાણી સાથે કેટલોક ચીકણી માટી યુક્ત કાંપ પથરાય છે.

બેટ-ટાપુઓની હારમાળાઓનો વિસ્તાર : મોટા રણના દક્ષિણ વિસ્તારમાં એટલે કે બન્ની અને રણને અલગ પાડતો આ વિભાગ પશ્ચિમથી પૂર્વ તરફ જતાં ટાપુઓની હારમાળા રચે છે, જેમાં પચ્છમ, ખડીર, બેલા



કીરો ડુંગર (અગ્નિકૃત)

અને ચોરાડ નામના ચાર મુખ્ય ટાપુઓ આવેલા છે. સપાટ રણ વચ્ચે આવા ખૂબ ઊંચાઈ ધરાવતા ટાપુઓની

હારમાળાઓ બનવાનું કારણ ભૂગર્ભમાં થયેલા 'બ્લૉક ફૉલ્ટિંગ' જેવી ભંગાણની (ટેક્ટોનિક) પ્રક્રિયાઓ છે.




ધીણોધર ડુંગર (અગ્નિકૃત)

(બિસ્વાસ અને દેશપાંડે, ૧૯૭૦, બિસ્વાસ, ૧૯૮૨.) પચ્છમબેટમાં આવેલ કાળો-ડુંગર આ ટાપુઓની હારમાળામાં ૪૬૫ મી. ઊંચાઈ ધરાવતો ડુંગર છે જે સમગ્ર કચ્છમાં સૌથી ઊંચો છે.

બન્નીનાં ઘાસિયાં મેદાનો : બન્નીનાં ઘાસિયાં મેદાનો સંપૂર્ણપણે દરિયાની ખારાશવાળાં છે જે દક્ષિણમાં મેઈન લૅન્ડ, રેખાકીય ખીણવિસ્તાર અને ઉત્તરના ટાપુઓને આવરી લે છે (આશરે ૩૦૦૦ ચોરસ કિલોમીટર). બન્નીનાં ઘાસિયાં મેદાનો એકદમ સપાટ કહી શકાય કે જે દરિયાની સપાટીએથી ૩થી ૧૦ મીટરની ઊંચાઈએ આવેલાં છે. (રોય, ૧૯૭૩.) આ વિસ્તારની જમીન રેતાળથી ચીકણી માટીની બનેલી છે જેથી તેની નિતારશક્તિ ઓછી હોવાથી વરસાદી પાણી આ સંપૂર્ણ વિસ્તારમાં ફરી વળે છે. (જીઈસી ૧૯૯૫). દક્ષિણના મેઈન લેન્ડ અને ઉત્તરના ટાપુઓ આ વિસ્તારના આવક્ષેત્ર છે. વરસાદી મોસમમાં સારો વરસાદ પડે ત્યારે આ સમગ્ર વિસ્તારમાં ઘાસ અને ઓછી ઊંચાઈનાં વૃક્ષો ઊગી નીકળે છે.

બન્નીનાં ઘાસિયાં મેદાનો વચ્ચે કેટલાક કુદરતી ખાડાઓવાળા વિસ્તારો પણ આવેલા છે. આવા ખાડાઓ ચોમાસા બાદ પાણીથી ભરાઈ જતા હોય છે. આ ખાડાઓને સ્થાનિક ભાષામાં તેના ક્ષેત્રફળ આધારે 'ઢંઢ' અથવા 'ઠઠ'ના નામથી ઓળખવામાં આવે છે. આવા ખાડાઓ આપણે જેમ રણવિસ્તારમાં જોયું તેમ ભૂગર્ભના ભંગાણની પ્રક્રિયાનો અણસાર આપતાં જમીનનાં સ્વરૂપો અને દરિયો બહાર નીકળી ગયા બાદ રહી ગયેલાં ભૂમિસ્વરૂપો છે. 'છારી ઢંઢ' એ આ પ્રદેશમાં આવેલું આવું એક ખૂબ જ જાણીતું ભૂમિ-સ્વરૂપ છે. અહીં બારે માસ પાણી ભરાઈ રહેતાં તે ઘણાં યાયાવર પક્ષીઓને આશ્રયસ્થાન પૂરું પાડે છે જેને લીધે તે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઠઠ એ પ્રમાણમાં છીછરા ખાડાઓ છે, જેમાં ઉનાળે પાણી સુકાઈ જાય છે, જે આ વિસ્તારમાં પીવાના પાણી માટે સ્રોત તરીકેની સવલત પૂરી પાડે છે.

મધ્યનો ડુંગરાળ (ઉચ્ચ) પ્રદેશ (Kachchh Main Land) : કચ્છનો આ ખડકાળ વિસ્તાર તેની આજુબાજુ આવેલા સપાટ વિસ્તારને સંપૂર્ણપણે અલગ કરે છે. આ ઉચ્ચપ્રદેશ બે અલગ પૂર્વ-પશ્ચિમની ખડકાળ



ફુકમા પાસે આવેલ કાથરોડ-ડુંગરની હારમાળા

હારમાળા-સ્વરૂપે સમાંતર રીતે ચાલુ થાય છે જેને દક્ષિણની કાથરોડ-હારમાળા અને ઉત્તરની હારમાળા તરીકે ઓળખવામાં આવે છે. આ બન્ને પ્રકારની હારમાળાઓમાં ખાસ લાક્ષણિક તફાવત તેમાં આવેલા ડુંગરોના પ્રકારને લઈને છે. ઉત્તરની હારમાળામાં જોઈએ તો તેમાં ડુંગરોની ઊંચાઈમાં ઘણો તફાવત રહેલો છે. વળી આ વિસ્તારોમાં મોટા ભાગના ડુંગરો શંકુ-આકારના છે, જેમાં જળકૃત તથા અગ્નિકૃત એમ બન્ને પ્રકારના ખડકોવાળા ડુંગરો છે. આ વિભાગની ઉત્તર-સીમા બન્નીવિસ્તાર સાથે અંકિત થયેલી છે. અહીંના ડુંગરોમાં પણ ભૂગર્ભની ભંગાણની પ્રક્રિયાનું પ્રભુત્વ જોવા મળે છે. અહીં જે પ્રક્રિયા પ્રભુત્વ ધરાવે છે તેને ભૂસ્તરવિજ્ઞાનની ભાષામાં 'કચ્છ મેઈન લૅન્ડ ફૉલ્ટ' તરીકે ઓળખવામાં આવે છે, જેને લઈને અહીં આવેલા શંકુ-આકારના જળકૃત ખડકોવાળા બધા જ ડુંગરો ઉત્તર-દિશામાં તીવ્ર ઢાળવાળા છે, જ્યારે બાકીની દિશાઓમાં પ્રમાણમાં ઓછા ઢાળ છે. આવા ડુંગરોમાં પશ્ચિમેથી શરૂ કરીને ઝારા, ઝુમારા, જુરા, હબો વગેરે મુખ્ય છે, જ્યારે અગ્નિકૃત ખડકોવાળા ડુંગરોમાં ધીણોધર, કીરો-ડુંગર, નનામો-ડુંગર વગેરે જાણીતા ડુંગરો છે. અહીં આવેલ ધીણોધર ડુંગર એ આ વિસ્તારનો સૌથી વધુ ૩૮૮ મી. ઊંચાઈ ધરાવતો ડુંગર છે.

હબો-ડુંગરની (જળકૃત) હારમાળા

કાથરોડ-હારમાળાનું આગવું લક્ષણ તેની લંબગત અને ટોચ ઉપર સપાટ ટેબલ જેવા ઢાળો છે. વળી, આ વિસ્તારના ડુંગરો પણ ઉત્તરના ડુંગરોની જેમ કાથરોડ હિલ ફૉલ્ટ નામના ભૂગર્ભના ભંગાણના પ્રભાવ હેઠળ છે. અહીંના ડુંગરો દરિયાની સપાટીથી ૮૦ મીટરની ઊંચાઈથી શરૂ કરીને ૩૨૦ મીટર સુધીની સરેરાશ ઊંચાઈ ધરાવે છે. અહીંના ડુંગરોમાં વરારિયો, વીછિયો, કાથરોડ અને લંકીના ડુંગરો જાણીતા ડુંગરો છે. ઢાળની દૃષ્ટિએ આ હારમાળામાં ઉત્તરે તીવ્ર ઢાળ અને દક્ષિણ દિશામાં મધ્યમ પ્રકારના એકસમાન ઢાળ ધરાવે છે.

કચ્છની ભૂમિનો એક અગત્યનો ભાગ છે વાગડ-વિસ્તાર. આમ તો આ વિસ્તાર પણ ટાપુ જેવી જ લાક્ષણિકતા ધરાવે છે. તેનું ક્ષેત્રફળ વધારે હોવાને લીધે તેને આ વિભાગની સાથે મૂકવામાં આવે છે. કચ્છની મુખ્ય ભૂમિથી આ વિભાગ સામખિયાળી બૅઝિનથી અલગ પડે છે. કચ્છનો એ મુખ્ય ભૂમિપ્રદેશ કચ્છની ઉત્તર અને દક્ષિણવાહિની નદીઓનું ઉદ્‌ગમસ્થાન હોઈ તે મધ્યમાં મોટા ભાગના જળસ્રાવ-વિસ્તારોને વિભાજે છે, તેથી કરીને તેને 'ભુજ રીજ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

સપાટ દરિયાકાંઠાનો વિસ્તાર : આ વિસ્તારો સપાટ દરિયાકાંઠાના બનેલા છે, જેની દક્ષિણમાં 'ગલ્ફનો અખાત' છે અને પશ્ચિમમાં 'અરબી સમુદ્ર' આવેલો છે. આ સપાટ વિસ્તારો 'ટર્સરી' અને 'ક્વાટનરી' કાંપના ૨૫-૩૦ કિલોમીટરના પહોળા પટ્ટામાં, પ્રમાણમાં, સપાટ વિસ્તારો છે. આ વિસ્તાર ૦થી ૧૨ મીટરની ઊંચાઈએ આવેલા છે અને મધ્યના ઉચ્ચ પ્રદેશમાં ભળી જાય છે, કેમકે નદીઓ આ વિસ્તારમાં પોતાની સાથે ઢસડી લાવેલ કાંપ નિયમિતરૂપે ઠાલવતી હોઈ અહીં ફળદ્રુપ જમીનો આવેલી છે. જિલ્લાની મોટા ભાગની અંજાર, મુંદ્રા, માંડવી તાલુકાની સમૃદ્ધ ખેતીનો વિસ્તાર અહીં આવેલો છે. વળી આ વિભાગમાં સારું એવું ભૂગર્ભ જળ પણ ઉપલબ્ધ થતું હોવાથી પિયતની ખેતીની તકો પણ સારા એવા પ્રમાણમાં વિકસેલી છે. કચ્છના તમામ ભૂમિ ભાગોની સાપેક્ષે આ વિસ્તાર સૌથી સારી ઉત્પાદકતા ધરાવે છે.

કચ્છની નદીઓ : કચ્છના ઊંચાણવાળા પ્રદેશો અને વિષમ (શુષ્ક) આબોહવાને કારણે અહીંની નદીઓ તથા ઝરણાંઓનાં વહેણો વહે છે. ડુંગરોની હારમાળા નદીઓનાં વહેણોને એકબીજાની વિરુદ્ધ દિશામાં ઢાળે છે. ઉત્તરની બધી નદીઓ બન્નીનાં ઘાસિયાં મેદાનોમાં જાય છે અને દક્ષિણની બધી જ નદીઓનાં વહેણ કચ્છના અખાત તરફ જાય છે. નદીઓની માળખાકીય રચના – ખાસ કરીને ભૌમિતિક આકાર – વિસ્તારની શૈલી અને ઢાળની દિશા પ્રમાણે બને છે. (હાવર્ડ,

૧૯૬૭.) નદીઓનાં વહેણ ક્યારેક આંટીઘૂંટીવાળાં, સમાંતર તો ક્યારેક ગોળાઈવાળાં હોય છે. આંટીઘૂંટીવાળાં વહેણ ખાસ કરીને ઢોળાવને કારણે બનેલાં છે, જ્યારે સમાંતર વહેણ મેજર ફૉલ્ટ જેવા કે કાથરોડ, કચ્છ મેઈન લૅન્ડ અને સીમ્પથેટીક 'ટ્રાન્સવર્સ ફૉલ્ટ'ને કારણે બનેલાં છે. (બિસ્વાસ, ૧૯૬૫.) ગોળાઈવાળાં વહેણ બેસાલ્ટ જેવા સખત ખડકોને કારણે છે, જે હાલના ટેક્નિઝમ (બિસ્વાસ, ૧૯૬૫) પ્રમાણે વાગડ અને પચ્છમ-વિસ્તારના અપલિફ્ટ અને ડોમિંગને આવરી લે છે. (જુઓ નકશા નંબર ૨.૩)

કચ્છ-વિસ્તારની નદીઓના મોરફોમેટ્રિક અભ્યાસ સિંઘ અને કાર (૧૯૯૬) દ્વારા કરવામાં આવ્યો છે, જે ઝરણાંઓના ઢાળની લાક્ષણિકતાઓ સૂચવે છે. દક્ષિણ તરફ વહેતી નદીઓના ઢાળ ૧:૨૭૮, ઉત્તરનાં વહેણો ૧:૨૩૮, પશ્ચિમ-દક્ષિણનાં વહેણો ૧:૩૫૫થી ૧:૪૧૦ અને ટાપુઓની હારમાળાનાં વહેણો ૧:૯૩ના ગ્રેડિયન્ટ પ્રમાણે વહે છે. ઝરણાંઓ ખાસ કરીને લૂપ અને ટેરેસના કારણે બનેલાં છે, જ્યારે નદીઓ એકદમ ઊંચાઈવાળા પ્રદેશોને કારણે વહે છે (સિંઘ અને કાર, ૧૯૯૬). મુખ્યત્વે નદીઓ અને ઝરણાંઓનું નમન વખતોવખતના ભૌગોલિક ફેરફારોને કારણે બદલાતું રહે છે.

મુખ્ય ઉત્તરીય નદીઓનાં વહેણ નરા, નિરોણા, કાઈલા, રુદ્રમાતા, પુર, ચાંગ અને કાંસાવલી, જ્યારે દક્ષિણની નદીઓનાં વહેણ ભૂખી, ફોટ, નાગમતી, રુકમાવતી અને ખારી છે. મહત્ત્વની પશ્ચિમની તથા દક્ષિણની કંકાવતી, નાઈરા, કસડાવલી અને કાકડી નદીઓ છે, જ્યારે સાગ, સોંગ અને ડભુંડાવાળી નદીઓ દક્ષિણ-પૂર્વ તરફ છે. કચ્છમાં કુલ ૯૭ મુખ્ય નદીઓ આવેલી છે જેની યાદી આ પ્રમાણે છે :

કચ્છની મુખ્ય નદીઓ

લખપત તાલુકો

૧. કનોજ
૨. કાલી
૩. કાલી (સાન્દ્રો)
૪. કોટેશ્વર
૫. ખાતી
૬. ગાંડી
૭. નરા
૮. ગજણસર
૯. ગજણસર ચાવડનું વોકળું

નખત્રાણા તાલુકો

૧૦. ધો-ચાવડ
૧૧. અરલ-ચાવડ
૧૨. અરલ અને ભૂખીનું વોકળું
૧૩. ભૂખી
૧૪. ગુમાર
૧૫. બિબ્બર છેલા
૧૬. ભુરૂડ

ભુજ તાલુકો

૧૭. કાયલા
૧૮. લુડિયા
૧૯. પુર
૨૦. પુર-કાસવતી વચ્ચેનું વોકળું
૨૧. કાસવતી
૨૨. લોરિયા
૨૩. ઝુરણ
૨૪. પંચમ
૨૫. બાંડી
૨૬. જુણા
૨૭. કુનરિયા (કિસકા)

અબડાસા તાલુકો

૨૮. સુથરીવાળી નદી
૨૯. નેરા
૩૦. વોકળો રિવર (નરા-નદીની બાજુમાં)
૩૧. નલિયા
૩૨. ખારી મિટ્ટી
૩૩. ચરોપડી (બુખરાણ)
૩૪. રાખડી
૩૫. બેર

૩૬. જામડવા

અંજાર તાલુકો

૩૭. ખોખરા
૩૮. છારવા
૩૯. સાંગ
૪૦. શિણાય
૪૧. દેવળિયા

મુન્દ્રા તાલુકો

૪૨. ભૂખી (સાઉથ)
૪૩. રૂપારેલ
૪૪. છસરા
૪૫. છસરા-રતડિયા વચ્ચેનું વોકળું
૪૬. રતડિયા
૪૭. ભૂખી (ગંગા)
૪૮. સેરાઈ
૪૯. નાગ
૫૦. ધનેશ્વર

માંડવી તાલુકો

૫૧. ફરાદી
૫૨. ફરાદી અને રુકમાવતી વચ્ચેનું વોકળું
૫૩. રુકમાવતી
૫૪. રુકમાવતી અને ખારોડ વચ્ચેનું વોકળું
૫૫. ખારોડ
૫૬. પાંચટિયા
૫૭. વેગડી
૫૮. માપર
૫૯. દેઢિયા
૬૦. સઈ
૬૧. ચોક
૬૨. કનકાવતી

રાપર તાલુકો

૬૩. વણોઈ
૬૪. સુવી
૬૫. રવ
૬૬. કલ્યાણપર
૬૭. કારેશ્વર
૬૮. હમીરપર
૬૯. ફતેહગઢ (માલણ)
૭૦. માલણ અને સણવા વચ્ચેનો વોકળો
૭૧. સણવા
૭૨. સણવા ગેબિયસ વચ્ચેનો વોકળો
૭૩. ગેબિયસ
૭૪. જાડાવાસ
૭૫. મેવાસા
૭૬. મેવાસા-ખોડાસર વચ્ચેનું વોકળું
૭૭. ખોડાસર
૭૮. જગા પધ્ધર
૭૯. લોદરાણી
૮૦. જાટાવાડા
૮૧. જાટાવાડા અને બેલા વચ્ચેનું વોકળું
૮૨. બેલા
૮૩. મોવાણા

ભચાઉ તાલુકો

૮૪. વામકા
૮૫. યાંગ
૮૬. ભરૂડિયા
૮૭. વસટવા
૮૮. વસટવા-આધોઈ વચ્ચેનું વોકળું
૮૯. આધોઈ
૯૦. લુણવા
૯૧. ચીરઈ
૯૨. ખડીર પધ્ધર
૯૩. જનાણ
૯૪. જનાણ અને રતનપર વચ્ચેનું વોકળું
૯૫. રતનપર
૯૬. રતનપર અને અમરાપર વચ્ચેનું વોકળું
૯૭. અમરાપર

૨. કચ્છની ઐતિહાસિક અને વર્તમાન જળ-અસ્મિતા

ડૉ. યોગેશ જાડેજા


આશરે ૬૦૦ કરોડ વર્ષ પહેલાં પૃથ્વીની ઉત્પત્તિ થઈ છે એવો અંદાજ બાંધવામાં આવેલો છે. કચ્છનું ભૂસ્તર બનવાની શરૂઆત ૧૮ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. આ સમયે ઉપરની તરફ દરિયો અને તેની નીચે જમીન જેવી પરિસ્થિતિ હતી. કાળક્રમે જમીનની અંદર ભૌગોલિક ફેરફાર, જેવા કે જ્વાળામુખીની હલચલ, પૃથ્વીના જમીનભાગોની પ્લેટોનું એકબીજા તરફ સરકવું વગેરે જેવાં કારણોને લીધે ધીર-ધીરે જમીનનો ભાગ ઉપર આવવા લાગ્યો અને દરિયો જમીન ઉપરથી સરકવા લાગ્યો હતો. પૃથ્વીનો જમીનનો ભાગ જે સમયે અલગ-અલગ ખંડોમાં વિભાજિત થયેલો ન હતો ત્યારે ભારતીય પ્લેટ(ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ)નું યુરેશિયન પ્લેટ સાથે અથડાવાથી બન્ને વચ્ચે ટ્રિથીશ સમુદ્રમાં બની રહેલા ખડકો ઊંચકાઈને હિમાલય-પર્વતનું નિર્માણ થવાનું શરૂ થયું હતું. આ ઘટના સમયે કચ્છની જમીન પણ દરિયાની બહાર આવવાની શરૂઆત થઈ હતી. આ સમયે પૃથ્વીના ઉત્પત્તિકાળને મોસોઝોઈક યુગ તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં મળી આવતા અગત્યના જીવાવશેષો (એમોનાઇટ) આ બાબતની પૂર્તતા કરે છે. કચ્છમાં મળી આવતાં શેલ (મુલઈ), ફાઈન ગ્રેઈન સૅન્ડસ્ટોન(ઝીણા દાણાવાળો સાગ)ના એકાંતરીકરણ તથા ચીકણી માટીના ખડકો અને ચૂનાના પથ્થરોના ખડકોના એકાંતરીકરણને કારણે એ દરિયાઈ બનાવટના ખડકો હોવા છતાં પણ કચ્છના મોટા ભાગના ડુંગરો પર મળી આવે છે જે સૂચવે છે કે કચ્છની જમીન દરિયામાંથી બહાર આવી છે. આજે પણ આવા ખડકોમાંથી મળી આવતું પાણી વધારે માત્રામાં ખારાશ ધરાવે છે જેને જન્મજાત ખારાશ કહેવામાં આવે છે. ૧૮ કરોડ વર્ષ પહેલાં ગુજરાતનો ઉત્તર-પૂર્વનો થોડો ભાગ જમીનસ્વરૂપે હતો. આશરે ૨૦ લાખ વર્ષની આસપાસ સૌરાષ્ટ્ર અને કચ્છનો મેઈન લૅન્ડ પ્રદેશ દરિયામાંથી બહાર ઊપસી આવ્યો હતો. ત્યાર બાદ છેલ્લાં ૨૦ હજારથી ૫ હજાર વર્ષ દરમિયાન સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રનો તમામ ભાગ, મોટા ભાગનો કચ્છ મેઇન લૅન્ડ તથા કેટલાક ટાપુઓ બહાર આવ્યા અને અંતે આશરે ૫ હજાર વર્ષ પહેલાં હાલમાં છે તે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. ઇતિહાસમાં નોંધ છે કે એલેકઝાન્ડર (૩૨૫ બી. સી.) કચ્છની ધરતી ઉપર બન્નીના દરિયાઈ માર્ગે આવ્યો હતો. આ દરિયો બહાર નીકળતાં આજે કચ્છને વિશ્વનો સૌથી મોટો રણપ્રદેશ આપ્યો જેમાં આજે પણ બાષ્પીભવનના ઊંચા દરને લીધે સતત ખારાશમાં વધારો થઈ રહ્યો છે. આમ, આ બે ખારાશ ઓછી હોય તેમ કચ્છનો દક્ષિણવિભાગ કે જ્યાં અરબી સમુદ્ર આવેલો છે, જેના દ્વારા ઊંડા ભૂગર્ભ જળના અતિશય ખેંચાણને લીધે જમીન પર આવેલા એક્વિફર ખડકોમાં દરિયાઈ પાણીનું અતિક્રમણ થઈ રહ્યું છે. આ બાબતની વિસ્તારથી ચર્ચા આગળ કરવામાં આવી છે.

પૃથ્વી ઉપર જીવસૃષ્ટિની શરૂઆત આશરે ૩૫૦ કરોડ વર્ષ પહેલાં થઈ હતી. સૌથી પહેલો દરિયાઈ જીવ અમીબા હતો. અમીબા બાદ માછલીઓ, નાના જીવાણુઓ તેમ જ પ્રાણીઓ, ડાયનોસોર, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ અસ્તિત્વમાં આવ્યાં હતાં. માનવની ઉત્પત્તિ આશરે ૧ લાખ વર્ષ પહેલાં થઈ હતી એમ માનવામાં આવે છે. કચ્છમાં વનસ્પતિઓ ઊગવાની શરૂઆત આશરે ૭થી ૮ કરોડ વર્ષ પહેલાં

થઈ હતી. કચ્છના ભૂસ્તરની રચના મુખ્યત્વે દરિયાઈ ગમન-આગમન અને ટેકટોનિક પ્રક્રિયા જેવી કે જ્વાળામુખીના કારણે અગ્નિકૃત ખડકો બન્યા, જ્યારે દરિયાઈ અને વહેતાં પાણી તેમ જ હવાના લીધે જળકૃત ખડકો બન્યા છે. ટેક્ટોનિક પ્રક્રિયાને કારણે વિકૃત ખડકો બન્યા છે. કાળમીંઢ અગ્નિકૃત ખડક છે જે કચ્છમાં પ્રમાણમાં ઓછા સ્થળે જોવા મળે છે. કચ્છમાં જોવા મળતાં સૅન્ડસ્ટોન, શેલ, ચીકણી માટી, ચૂનાનો પથ્થર, અશ્મિયુક્ત ચૂનાના પથ્થરને જળકૃત ખડકો તરીકે ઓળખવામાં આવે છે, જે મુખ્યત્વે દરિયાઈ પાણી, નદીનાં વહેતાં પાણી અને હવાથી ઊડીને આવેલી રેતીના કારણે બનેલા છે. જ્વાળામુખીના કારણે ચૂનાના પથ્થરોમાં ઘૂસી ગયેલા લાવારસના લીધે ઉત્પન્ન થયેલી ગરમી અને દબાણને કારણે આવેલા બદલાવથી બનેલા ખડકોને ક્રિસ્ટલાઈન લાઈમસ્ટોન તરીકે ઓળખવામાં આવે છે અને સ્તરભંગના કારણે બનેલા ખડકોના ટુકડાઓનું ફરીથી નવા ખડકોમાં રૂપાંતરણ થવાથી બનેલા ખડકોને ફૉલ્ટ બ્રેસીયા તરીકે ઓળખવામાં આવે છે. આ બન્ને ખડકોને ભૂસ્તરવિજ્ઞાનના દૃષ્ટિકોણથી વિકૃત ખડકો કહેવામાં આવે છે.

જમીનમાંથી મળી આવતા પાણીને ભૂગર્ભજળ કહેવામાં આવે છે. જમીનનું અંદર રહેલું આ ભૂગર્ભજળ આમ તો વરસાદનું સંગ્રહ થયેલું પાણી જ હોય છે, જે જમીનની અંદર રહેલા ખડકોમાં વહેતું હોય છે અને જે-તે ખડકોમાંથી પસાર થાય છે એ પ્રમાણે તેની ગુણવત્તામાં ફેરફાર થાય છે. પાણી જે ખડકોમાંથી પસાર થાય છે અથવા જે ખડકોમાંથી પાણી મળી આવે છે તેને 'એક્વિફર' તરીકે ઓળખવામાં આવે છે. આવા ખડકોની પણ પોતાની આગવી લાક્ષણિકતા હોય છે. જેમકે જે ખડક પાણી લે, સંગ્રહ કરે અને મુક્ત પણ કરે તેને 'એક્વિફર', જે ખડક પાણીનો સંગ્રહ કરે પણ મુક્ત કરે નહિ તેને 'એક્વિક્લુડ' અને જે ખડક પાણી સંગ્રહ પણ ન કરે અને મુક્ત પણ ન કરે તેને 'એક્વિફ્યુઝ' તરીકે ઓળખવામાં આવે છે.

કચ્છના સંદર્ભમાં પાણીની યાત્રા જાણવી હોય તો કચ્છપ્રદેશને ઓળખવો પડે. કચ્છપ્રદેશની વિવિધતા પ્રમાણે કચ્છમાં નવ પ્રકારનાં પાણી મળી આવે છે એમ કહી શકાય ! કચ્છમાં આજે જે-તે વિસ્તાર જે નામથી ઓળખાય છે તે પહેલાં પર્યાવરણ અને ત્યાંના રહેવાસીઓની જાતિ ઉપરથી ઓળખાતો હતો. જેમ કે, ભુજવિસ્તાર એટલે બન્ની-પચ્છમ, પાવર(આહીર)પટ્ટી અને મિયાણીપટ્ટી. એ જ પ્રમાણે નખત્રાણા-માકપટ્ટ, અબડાસા-ગેરડો, ભચાઉ-પ્રાંથડ, રાપર-વાગડ, લખપત અને અબડાસાનો દરિયાકાંઠો કડ, મુન્દ્રાની સાથે ગાંધીધામ ઉગમણી કંઠી, માંડવી અને અબડાસાનો અમુક ભાગ આથમણી કંઠી, અંજાર અંજાર ચોવીસી અને મુન્દ્રાના અમુક ભાગને ભુવડ ચોવીસી તરીકે ઓળખવામાં આવતા હતા.




ધોળાવીરાની જળવિતરણ-વ્યવસ્થા

કચ્છવિસ્તારમાં ભૂસ્તરની પરિસ્થિતિ પ્રમાણે અલગ-અલગ ગુણવત્તાવાળાં પાણી મળી આવે છે. જીવન સાથે પાણી એક અતૂટ બંધન ધરાવે છે, માટે જ્યારે કચ્છમાં એક વિસ્તારમાં પાણીની અછત જોવા મળે એટલે એ વિસ્તારમાંથી લોકો હિજરત કરીને અન્ય વિસ્તારમાં જવાનું ચાલુ કરે ! કચ્છપ્રદેશની સંસ્કૃતિનું આ એક અવિભાજ્ય અંગ છે. ખાસ કરીને કચ્છના જત લોકો કે પશુપાલન ઉપર નભતા માલધારીઓ પહેલાં કચ્છના જ બીજા વિસ્તારમાં હિજરત કરે અને જો એ પણ શક્ય ન હોય તો કચ્છની બહાર સૌરાષ્ટ્રના મોરબી, જામનગર અથવા ગુજરાતના પાટણ, સુરત જેવા વિસ્તારોમાં આશરો લે. ખેર, કચ્છપ્રદેશમાં પાણીની યાત્રાની વાત કરીએ તો કચ્છમાં પર્યાવરણના


સંદર્ભમાં વરસાદની માત્રા ઓછી છે (જે હવે 'ક્લાઈમેટ ચેન્જ'ના દૃષ્ટિકોણથી બદલાઈ રહી છે). વરસાદની ઋતુમાં વરસાદ ઓછો પડતો હોવાથી વરસાદના પાણીનો શક્ય એટલો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ આ વિસ્તારમાં યુગોથી કરવામાં આવે છે એમ કહી શકાય; કારણ કે, ૩૦૦૦ વર્ષ પહેલાંની સભ્યતા ધોળાવીરામાં વરસાદી પાણીના સંગ્રહ માટેની એક ચોક્કસ વ્યવસ્થાપનપદ્ધતિ જોવા મળે છે જે દર્શાવે છે કે વર્ષો પહેલાં પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે એક પદ્ધતિસરનું આયોજન થતું હતું. ઇજનેરી ટૅક્નિક દ્વારા જળસ્રોતોનું વ્યવસ્થાપન યોગ્ય પદ્ધતિથી કેવી રીતે કરી શકાય તે માટે ધોળાવીરાની મુલાકાત લેવી જરૂરી બની જાય છે. કચ્છના લખપતવિસ્તારમાં ભૂગર્ભજળ મળી શકે તેવા ખડકો છે નહિ, માટે આ વિસ્તારમાં પણ વરસાદી પાણીનો જ સંગ્રહ કરવામાં આવે છે. લખપત-વિસ્તારમાં એક જૂની મસ્જિદમાં 'રૂફ રેઈન વૉટર હાર્વેસ્ટિંગ'નો નમૂનો જોવા મળે છે જે દર્શાવે છે કે એ સમયે પણ લોકો જાણતા હતા કે જમીનમાંથી પાણી મળી શકે તેમ નથી, માટે વરસાદી પાણીનો સંગ્રહ કર્યા વગર છૂટકો નથી.

કચ્છમાં આવેલા વિસ્તારોમાં વિવિધતા જોવા મળે છે. વિસ્તારની વિવિધતા પ્રમાણે પાણી મેળવવાની અને સંગ્રહ કરવાની પદ્ધતિ પણ અલગ-અલગ રીતે વિકસાવવામાં આવેલી છે. બન્નીવિસ્તારમાં રણપ્રદેશ લાગુ પડતો હોવાથી અહીંની 'કાઠી' જાતિના લોકોએ 'વીરડા' અને ઝીલ (નાના તળાવો) જેવી પદ્ધતિ વિકસાવી હતી જે આજે પણ દુષ્કાળના સમયમાં ખૂબ જ કારગત નીવડેલી છે.

પશ્ચિમ વિસ્તારમાં સપાટીય જળસ્રોતો એટલે કે વરસાદી પાણી ઉપર વધારે આધાર રાખવો પડે છે. આ વિસ્તારમાં જ્યારે પાણી ખૂટી પડે છે ત્યારે અહીંના રહેવાસીઓ હિજરત કરી જાય છે. જોકે આજે હવે આ પરિસ્થિતિમાં પણ બદલાવ આવેલો છે. લોકો હવે પાણીના પુરવઠાના આધારે પોતાની જરૂરિયાત પ્રમાણે વપરાશનું ગણિત માંડીને પાણીનો વપરાશ કરી રહ્યા છે. પાવરપટ્ટી વિસ્તારમાં ઓછી ઊંડાઈના ખડકોમાંથી પાણી મળી આવે છે. આ પાણી-આધારિત જીવનશૈલી અહીંના લોકોએ અપનાવેલી છે. પાવરપટ્ટી વિસ્તારમાં ઋતુ પ્રમાણે અનુકૂળ પાકો લેવામાં આવે છે, જેમાં ચારાના પાકો, ધાન અને રોકડિયા પાકોનો સમાવેશ થાય છે. ઓછા પાણીને કારણે અહીં ઘેટાં-બકરાં જેવાં નાનાં પશુઓનું પશુપાલન પણ જોવા મળે છે, જ્યારે અંજાર વિસ્તારમાં વધુ ઊંડાઈના ખડકોમાંથી પાણી મળી આવે છે. આ વિસ્તારમાં પાણીની અનુકૂળતા પ્રમાણે શાકભાજી અને બાગાયતી પાકો વિપુલ પ્રમાણમાં થાય છે અને પશુપાલન ઓછી માત્રામાં જોવા મળે છે, રાપર-વિસ્તારમાં ખડકોમાંથી જૂજ પ્રમાણમાં જ પાણી મળી આવે છે, માટે અહીં મોટા ભાગે પાણીનો મુખ્ય સ્રોત વરસાદ જ છે. ગેરડો-વિસ્તારના માલધારી લોકોએ તળાવમાં કૂવા બનાવીને દુષ્કાળનાં વર્ષોમાં પણ ટકી રહેવાની ક્ષમતા કેળવી હતી.




વીરડો



તળાવ

વિકાસના ચક્રની સાથે પૃથ્વી ઉપર વસતીવધારો પણ થવા લાગ્યો અને પાણીનો વપરાશ પણ વધવા લાગ્યો. આવા સમયમાં કોઈ એક જ જગ્યાએથી પાણીનો ઉપયોગ સામૂહિક રીતે થઈ શકે એ માટે શહેરોમાં તળાવો બાંધવામાં આવ્યાં જેનાં સાક્ષી તરીકે રાજાશાહી વખતનાં હમીરસર અને ટોપણસર જેવાં તળાવો છે. હમીરસર તળાવ ભૂ-ભૂસ્તરીય વિજ્ઞાન અને



હમીરસર-તળાવ

કુદરતી રીતે વરસતા વરસાદની માત્રા પર આધારિત બનાવવામાં આવેલા તળાવનું એક ઉત્તમ ઉદાહરણ છે.

આઝાદી પછીના સમયમાં અલગ-અલગ 'કેન્દ્રીય સરકારી યોજનાઓ'ના પ્રભાવમાં આવીને ક્રમે-ક્રમે યુગો જૂની વરસાદી પાણીનો સંગ્રહ કરવાની આપણી આદતને આજે આપણે ભૂલી ગયા છીએ અને રાજાશાહી વખતનાં તળાવોને એક 'મોન્યુમેન્ટ' ગણીએ છીએ. આપણે ઊંડા ભૂગર્ભજળનું શોષણ દિવસે-દિવસે વધારી દીધું, જેના પરિણામે ભૂગર્ભજળ વધુ ઊંડાં ઊતરતાં ગયાં છે. પાણી માટેની આપણી તરસ હજુ સંતોષાઈ નહિ એટલે આપણે પાણી માટેની સ્વાયત્તતાને નેવે મૂકીને કચ્છ બહારથી 'નર્મદા'ને લાવ્યા. નવા યુગની નવી વિચારાધારા પ્રમાણે નર્મદાના આવવાથી કદાચ એમ કહી શકાય કે જીવનજરૂરી એવા પાણી માટે કચ્છવિસ્તાર સંપૂર્ણપણે બહારના સ્રોત ઉપર આધારિત થયો.

આજે પરિસ્થિતિ એવી છે કે આપણે આપણા જળસ્રોતોને યોગ્ય રીતે સાચવી શક્યા નથી અને નર્મદાનું પાણી નિયમિત મળી શકતું નથી. અહીં મૂળભૂત મુદ્દો પાણીની જરૂરિયાત કરતાં પાણીના વપરાશને અનુલક્ષીને માંગ અને પુરવઠાનું અર્થતંત્ર સમજીને અસરકારક વ્યવસ્થાપનને અનુસરી પાણી બાબતે સ્વાવલંબન કેળવવાની જરૂરિયાત છે. કચ્છમાં જે માત્રામાં પાણી મળે છે એ માત્રાને સમજી, જરૂરિયાત પ્રમાણેના વપરાશને અનુસરીને પાણીનો ઉપયોગ કરીએ તો નર્મદા જેવા બહારના સ્રોતો ઉપર વધારે આધાર નહિ રાખવો પડે.


૩. નર્મદા યોજના

અશોક મહેતા

એક રાજકીય સંબંધ ધરાવતી અને દૂરગામી અસર કરનારી ઘટના એટલે નર્મદા યોજના.

૧૯૪૭ની આઝાદી પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે નદીઓનાં પાણી વિશે કરાર કરવામાં આવ્યા. વિશ્વ બેંન્કે ૧૯૫૪ના મે માસમાં 'બેંન્ક પ્રપોઝલ' તરીકે ઓળખાતી દરખાસ્ત મૂકી, જેનો બંને દેશોએ સ્વીકાર કરતાં તેના કરાર અમલમાં આવ્યા. આ કરાર અનુસાર પશ્ચિમની ત્રણ નદીઓ – સિંધુ, જેલમ અને ચિનાબનાં સંપૂર્ણ પાણી પાકિસ્તાનને ફાળવવામાં આવ્યાં અને પૂર્વની ત્રણ નદીઓ – રાવી, બિયાસ અને સતલજનાં સંપૂર્ણ પાણી ભારતને ફાળવવામાં આવ્યાં. કચ્છ સિંધુનદીનો તટપ્રદેશ હોવા છતાં આ સંધિના કારણે તેના હક્ક આ પાણી પરથી જતા રહ્યા, જેની સામે કચ્છે એ સમયે ખૂબ જ અસંતોષ વ્યક્ત કરેલ હતો.

એક પણ બારમાસી નદી ન ધરાવતા કચ્છ માટે પાણી એક સમસ્યા બની ગયું. વારંવાર પડતા દુષ્કાળ અને ભૂગર્ભમાંથી સતત ઉલેચાઈ જતાં નીરને કારણે આ જિલ્લાને સૂકા પ્રદેશનું લેબલ લાગી ગયું હતું.



નર્મદા નહેર

કચ્છને હવે માત્ર નર્મદાનદીના પાણી પર આશા રાખવાની બાકી રહી હતી.

નર્મદાનદીના નીરની આંતરરાજ્ય ફાળવણી માટે તા. ૬-૧૦-૧૯૬૯ની ભારત સરકારે એક જળપંચની રચના કરી હતી, જેનો ચુકાદો આ જળપંચે તા. ૭-૧૨-૧૯૭૯ના આપ્યો. આ ચુકાદા અનુસાર ગુજરાતને ૯.૦૦ એમ. એ. એફ. પાણી ફાળવવામાં આવ્યું હતું, જેમાંથી કચ્છને ખેતી માટે માત્ર ૦.૨૧ એમ. એ. એફ. પાણી ફાળવાયું હતું.

ગુજરાત સરકારે જળપંચ સમક્ષ ૨૨.૦૨ એમ. એ. એફ. પાણીની માગણી કરી હતી, જેમાં કચ્છ માટે નીચે મુજબ પાણી માગવામાં આવ્યું હતું :

ખેતીની જમીન માટે	૦.૨૧ એમ.એ.એફ.
બન્નીની જમીન માટે	૧.૩૨ એમ.એ.એફ.
રણની જમીનને નવસાધ્ય કરવા માટે	૫.૦૪ એમ.એ.એફ.
કુલ	૬.૫૭ એમ.એ.એફ.

જળપંચે બન્નીની જમીન માટે તથા રણની જમીન માટે જોઈતું પાણી નકાર્યું હતું. તેણે માત્ર ખેતીની જમીન માટે ૦.૨૧ એમ.એ.એફ. પાણી મંજૂર રાખ્યું હતું.

ગુજરાત સરકારની ૨૨.૦૨ એમ.એ.એફ. પાણીની માગણી સામે જળપંચે માત્ર ૯.૦ એમ.એ.એફ. પાણી મંજૂર રાખ્યું હતું, જેમાં કચ્છ માટે માત્ર ૦.૨૧ એમ.એ.એફ. પાણીની ફાળવણી કરવામાં આવી હતી.

ગુજરાતને ૯.૦ એમ.એ.એફ. પાણી ફાળવ્યા બાદ રાજ્યમાં કઈ રીતે પાણીની આંતરિક વહેંચણી કરવી તેનો નિર્ણય જળપંચે રાજ્ય પર છોડ્યો હોવા

છતાં, ગુજરાત સરકારે જળપંચનો ચુકાદો સ્વીકાર્યા બાદ, જળપંચના સિદ્ધાંત અનુસાર જ દરેક જિલ્લાને પાણી ફાળવવાની, ચુકાદાને બીજા જ દિવસે જાહેરાત કરી દીધી હતી. તેથી કચ્છના ભાગે નર્મદાનદીનું સિંચાઈ માટેનું માત્ર ૦.૨૧ એમ.એ.એફ. પાણી આપ્યું હતું, જેનાથી માત્ર ૩૭૦૦૦ હેક્ટર અથવા તો ૯૫૦૦૦ એકરમાં જ સિંચાઈ થઈ શકવાની હતી.

આ ચુકાદો કચ્છને અન્યાયકારી લાગતો હોવાથી કચ્છમાં ધીરે-ધીરે અસંતોષ વધતો ગયો. ગુજરાત સરકારશ્રી તથા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ સાથેની વાટાઘાટોનાં સંતોષજનક પરિણામ ન આવતાં **"કચ્છ જળસંકટ નિવારણ સમિતિ"**ની રચના કરવામાં આવી.

"કચ્છ જળસંકટ નિવારણ સમિતિ" દ્વારા ગુજરાત સરકાર પાસે એ માગણી મૂકવામાં આવી કે ગુજરાતે જળપંચ સમક્ષ ૨૨.૦૨ એમ.એ.એફ. પાણીની માગણી મૂકેલ હતી, જેની સામે જળપંચે ૯.૦ એમ.એ.એફ. એટલે કે ૪૧ ટકા માગણી સ્વીકારી હતી. એ ન્યાયે કચ્છ માટે જે ૬.૫૭ એમ.એ.એફ. પાણીની માગણી કરવામાં આવી હતી તેના ૪૧ ટકા એટલે કે ૨.૭ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવે.

"કચ્છ જળસંકટ નિવારણ સમિતિ" સાથે પાછળથી **'કચ્છ કિસાન સંઘ'** પણ જોડાયો હતો. તા. ૧૬-૬-૧૯૯૩ને રોજ આ પ્રશ્ને ભુજમાં અભૂતપૂર્વ રેલી યોજાઈ. ત્યાર બાદ તા. ૩૦-૩-૧૯૯૯ના રોજ ભુજ ખાતે જ્યુબિલી મેદાનમાં એક વધુ વિશાળ રેલી યોજાઈ. કચ્છને સિંચાઈ માટે વધુ પાણીની ફાળવણી અને તે ગ્રૅવિટી કૅનાલથી આપવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.

છેવટે ગુજરાત સરકારે કચ્છ માટે ૦.૨૧ એમ.એ.એફ.ને બદલે ૦.૫૦ એમ.એ.એફ. પાણીની જાહેરાત કરી, જેનાથી ૧,૧૨,૦૦૦ હેક્ટર અથવા તો ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે. એના વિરોધમાં તા. ૩-૫-૧૯૯૯ના રોજ કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ દાખલ કરી. રીટમાં એ માગણી કરવામાં આવી હતી કે કચ્છને નર્મદાનાં પાણીની જે ફાળવણી કરવામાં આવેલ છે તે અન્યાયપૂર્વકની હોવાથી તેની ફેર-વિચારણા કરવાનો ઑર્ડર આપવામાં આવે.

તા. ૪-૧૦-૨૦૦૫માં નર્મદા-પ્રશ્ને કચ્છની જાહેર હિતની અરજી ગુજરાત હાઈકૉર્ટે આ પ્રશ્ન ગુજરાત સરકારની નિર્ધારિત નીતિવિષયક હોતાં તેમાં કોર્ટ દરમિયાનગીરી નહીં કરે એમ જણાવી રદ કરી. આ ચુકાદાથી સંતોષ ન થતાં કચ્છ જળસંકટ નિવારણ સમિતિ તા. ૮-૪-૨૦૦૬ના કચ્છનો નર્મદા-પ્રશ્ન સુપ્રીમ કોર્ટમાં લઈ ગઈ. સુપ્રીમ કૉર્ટે કચ્છનો આ પ્રાણીનો પ્રશ્ન એક ચુકાદા દ્વારા ભારતના અન્ય સૂકા પ્રદેશના પ્રશ્નો સાથે જોડી દીધેલ હોઈ તે મુજબની કાર્યવાહીમાં પડી રહેલ છે.

એ દરમિયાન જાન્યુઆરી-૨૦૦૧ના કચ્છના ગોઝારા ધરતીકંપ બાદ જાન્યુઆરી-૨૦૦૫માં **શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ** દ્વારા અમદાવાદમાં **'ધરતીકંપ બાદ કચ્છમાં ઔદ્યોગિક વિકાસ'** પર એક સેમિનાર યોજવામાં આવ્યો, જે સમયે કચ્છના નર્મદા-પ્રશ્ને અભ્યાસ કરી ઊંડાણમાં ઊતરવાની જરૂર જણાઈ. આથી આ પ્રશ્નનો અભ્યાસ કરી ગુજરાત સરકારશ્રીના જળસિંચાઈ વિભાગ, નર્મદા નિગમ, કચ્છના રાજકીય તથા સામાજિક અગ્રણીઓ તથા આ પ્રશ્ને સજાગ કચ્છી કાર્યકરો સાથે અનેક મીટિંગો યોજી અને ગુજરાત સરકારશ્રી તથા નર્મદા નિગમને કચ્છ કૅનાલના કાર્યનો આરંભ કરવા અનુરોધ કર્યો. પરિણામ-સ્વરૂપે કચ્છ કૅનાલની ૭૬ કિ. મી. લંબાઈનાં અને અંદાજિત રૂ. ૨૫૦ કરોડની કિંમતનાં કામો તા.૩-૩-૦૫થી વર્ષ ૨૦૦૮માં પૂરાં કરવાની ગણનાએ નર્મદા નિગમ દ્વારા શરૂ કરાવવામાં આવ્યાં.

આ કાર્યોમાં ઢીલાશ જણાતાં **શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ** અને કચ્છ ડેવલપમેન્ટ

કાઉન્સિલે ફરી સરકારશ્રી તથા નર્મદા નિગમ સાથે પત્રવ્યવહાર અને વાટાઘાટો શરૂ કર્યાં અને વર્ષ ૨૦૧૦માં ફરી આ કામો પર ધ્યાન આપવામાં આવ્યું. વર્ષ ૨૦૧૧માં ૦.૦ કિ.મી.થી ૨૭૪ કિ.મી. સુધીનાં કામો નિગમ દ્વારા અલગ-અલગ કોન્ટ્રાક્ટરોને ફાળવી શરૂ કરાવવામાં આવ્યાં, જેમનું કામકાજ હાલ ચાલી રહેલ છે.

વધારાનું પાણી :

એ દરમિયાન નર્મદાનદીના વધારાના ૩.૦ એમ.એ.એફ. પાણીમાંથી ૧.૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાની ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે, જેનો સર્વે હાલ જળસિંચાઈ વિભાગ તરફથી સમગ્ર કચ્છમાં કરવામાં આવી રહ્યો છે.

કચ્છને પીવાનું પાણી :

તા. ૧૮-૫-૨૦૦૩ના સામખિયાળી મુકામે એક સમારંભ યોજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કચ્છને પીવા માટે તથા ઔદ્યોગિક વપરાશ માટે ૨૦૦ એમ.એલ.ડી. પાણીની ફાળવણી જાહેર કરી, આ યોજનાના શ્રીગણેશ કર્યા. આ પાણીમાંથી ૫૦ એમ.એલ.ડી. પાણી કચ્છના ઉદ્યોગો માટે ફાળવાયેલ છે અને ૧૫૦ એમ.એલ.ડી. પાણી કચ્છનાં ૧૦ નગરો તથા ૯૪૦ ગામોની જનતાને પીવા માટે ફાળવવામાં આવેલ છે. આ પાણી હાલ માળિયા બ્રાંચ કૅનાલમાંથી પાઇપલાઇન દ્વારા કચ્છને આપવામાં આવી રહેલ છે. જોકે આ પાણીનો પુરવઠો જાહેરાત થયેલ તેના કરતાં ઘણો ઓછો એટલે કે અપૂરતો અને અનિયમિત રહેવા પામેલ છે.

૪. કચ્છની ભૂસંપદા

ડૉ. મહેશ ઠક્કર

પ્રસ્તાવના :

કચ્છનું નામ સાંભળતાં કાચબાનું સ્મરણ થઈ જાય છે, કેમકે કચ્છનો અર્થ થાય છે કાચબો. કદાચ હજારો વર્ષો પૂર્વે આપણા પૂર્વજો દ્વારા પદ્ધતિસરનું નકશાકરણ થયું હોવું જોઈએ, જેથી કાચબાની ઢાલ જેવો અજોડ પ્રદેશ સેંકડો કે હજારો વર્ષોથી આ નામે ઓળખાય છે. ભૌગોલિક વિવિધતાઓનો આ પ્રદેશ સમગ્ર વિશ્વમાં તેના ખડકો, ઉત્પત્તિ તથા ભૂસ્તરીય સંપત્તિની બાબતમાં અનેરું સ્થાન ધરાવે છે. ૪૨૪૧૨.૨૯ હજાર ચો. કિ.મી. કરતાં વધુ ક્ષેત્રફળવાળા આ ક્ષેત્રમાં ૨૧૨૬૨.૯૨ હજાર વર્ગ કિ.મી. તો ફક્ત સફેદ, અફાટ એવું મીઠાનું રણ આવેલું છે. અહીં રણમાં રેતીને બદલે મીઠાનો સાગર નજરે પડે છે. આ મીઠાના સફેદ સમુદ્ર જેવા સપાટ રણની વચ્ચે જળકૃત ખડકોના એક હારમાં ગોઠવાયેલા ચાર દ્વીપ જોવા મળે છે, જ્યારે તેવા જ પ્રકારના જળકૃત



આકૃતિ–૧ : કચ્છનું ભૂપૃષ્ઠ દર્શાવતી સેટેલાઇટ તસવીર

2.

ખડકોથી બનેલ મુખ્ય ભૂમિભાગ કાચબાની ઢાલ સમાન જોવા મળે છે. (જુઓ સેટેલાઈટ ચિત્ર અને નકશો - આકૃતિ - ૧, ૨.) અહીં જુદાજુદા ભૂપૃષ્ઠીય પ્રકારો વિગતે દર્શાવેલા છે.

ઉપરોક્ત ઉપગ્રહ તસવીરમાં મધ્યભાગમાં ઘેરો રંગ રણમાં ભરાયેલ પાણી સૂચવે છે તથા તેની પૂર્વ અને પશ્ચિમ તરફ દૂધ જેવો સફેદ રંગ રણની સપાટ ભૂમિ દર્શાવે છે, જ્યારે આ રણની દક્ષિણે બન્નીનો ઘાસવિસ્તાર તેમ જ ખડકાળ ઉચ્ચ પ્રદેશ આવેલા છે. આ ઉચ્ચ પ્રદેશમાં નાનાં કાળાં ટપકાં જળાશયો દર્શાવે છે. આકૃતિ - ૨ના નકશા સાથે સરખાવીને ભૂપૃષ્ઠને સરળતાથી સમજી શકાય છે.

કચ્છનું ભૂપૃષ્ઠ :

ભૂપૃષ્ઠની દૃષ્ટિએ કચ્છ ચાર મુખ્ય ભાગોમાં વિભાજિત છે. (આકૃતિ - ૨)

(૧) ઉત્થાન પામેલા પર્વતીય પ્રદેશો

(a) કચ્છનો મુખ્ય ભાગ ભૂમિભાગ (મેઈન લૅન્ડ)

(b) દ્વીપીય પટ્ટો (પચ્છમ, ખડીર, બેલા, ચોરાર)

(c) વાગડનો ઉચ્ચ પ્રદેશ

(૨) બન્નીનાં ઘાસનાં મેદાનો

(૩) દરિયાકિનારાનાં સપાટ મેદાનો

(૪) કચ્છનાં રણ :

(a) કચ્છનું મોટું રણ

(b) કચ્છનું નાનું રણ.

હવે આ વિસ્તારોને વિસ્તારપૂર્વક સમજીએ.



આકૃતિ - ૨

કચ્છનું ભૂપૃષ્ઠ દર્શાવતી ખાસ સેટેલાઇટ તસવીર

અહીં દરેક ભૂમિભાગ પોતાનો આગવો ગુણધર્મ દર્શાવે છે. (આછા તેમ જ ભાતવાળા ભાગ ખડકાળ પર્વતીય તથા ઉચ્ચપ્રદેશના છે. ઉત્તરમાં નગરપારકરનો ડુંગર તથા થરપારકરનું રણ છે. દક્ષિણમાં કચ્છનો અખાત તથા સૌરાષ્ટ્રનો ઉચ્ચ પ્રદેશ છે, જ્યારે પૂર્વ અને પશ્ચિમમાં અનુક્રમે ગુજરાતનો કાંપનો પ્રદેશ તથા અરબસાગર આવેલા છે.

(૧) ઉત્થાન પામેલા પર્વતીય પ્રદેશો

(a) કચ્છનો મુખ્ય ભૂમિભાગ (મેઈન લેન્ડ)

લખપતથી ભચાઉ સુધી ફેલાયેલો આ પ્રદેશ મુખ્યત્વે પશ્ચિમથી પૂર્વ દિશામાં ફેલાયેલી બે પર્વત-માળાઓથી બનેલો છે. લખપતથી ભચાઉ સુધી ફેલાયેલી ઉત્તરીય પર્વતમાળા તેમ જ અંજારથી રોહા સુધી પથરાયેલી કટ્રોલ પર્વતમાળા જ્યુરાસિકથી (૧૭થી ૧૮ કરોડ વર્ષ) ક્વાર્ટર્નરી (છેલ્લા ૨૬ લાખ વર્ષ) સુધીના બધા જળકૃત ખડકો અને વિવિધ નિક્ષેપો દ્વારા તેમ જ તે ખડકોને વેધતાં અગ્નિકૃત ખડકોના આંતરભેદકોથી બનેલ આ ઢાલ જેવો પ્રદેશ અસંખ્ય નાનામોટા સ્તરભંગોથી વિભેદન પામેલો છે. આ સ્તરભંગોમાં મુખ્યત્વે બે સ્તરભંગો સમગ્ર કચ્છના ભૂપૃષ્ઠ ઉપર પ્રમુખ અસર બતાવે છે. આ ભૂમિ-ભાગમાં અનેક ખડકાળ નદીઓ સ્તરભંગો, સાંધાઓ તથા મૃદુ ખડકોમાંથી પસાર થતી જોવા મળે છે. આ ભૂમિભાગ જળકૃત ખડકોમાં જોવા મળતી વિશિષ્ટ ખનીજોથી ભરપૂર છે, જેમાં વિવિધ માટીઓ, બૉક્સાઇટ, લિગ્નાઇટ, કોલસો તથા ચૂનાના ખડક વગેરે મુખ્ય છે.

(b) દ્વીપીય પટ્ટો (પચ્છમ, ખડીર, બેલા, ચોરાડ)

સપાટ એવા રણમાં ઊંટની ખૂંધ જેવા ચાર દ્વીપો એક સીધી રેખામાં ગોઠવાયેલા છે (જુઓ આકૃતિ - ૨). જેમાં પશ્ચિમથી પૂર્વમાં પ્રથમ પચ્છમદ્વીપ સમગ્ર કચ્છમાં સૌથી ઊંચી પર્વતધાર બનાવે છે. કાળાડુંગરથી ઓળખાતી આ મધ્ય જ્યુરાસિક ખડકોના સમુદ્રીય ખડકની રચના અત્યંત કઠિન અને કાળા રંગના ચૂના-ખડકોથી બનેલ છે તથા તેના અગ્રભાગમાં કાળા રંગના અગ્નિકૃત ખડકોના આંતરભેદકો આવેલા છે. પચ્છમ-દ્વીપની બે ડુંગરધારમાંથી ગોરાડુંગર નામની ધાર દક્ષિણમાં પૂર્વ-પશ્ચિમ-દિશામાં પથરાયેલી છે અને મુખ્યત્વે આછા પીળા રંગના ચૂના-ખડકથી બનેલ છે. પચ્છમથી પૂર્વ-દિશામાં પચીસેક કિ.મી.ના અંતરે ખડીર નામના દ્વીપમાં પચ્છમની સરખામણીમાં થોડા નવોદિત ખડકો જોવા મળે છે. વળી વિશ્વવિખ્યાત સિંધુખીણની સંસ્કૃતિ સમાન ધોળાવીરાનગર પણ અહીં આવેલ છે. વધુ પંદરેક કિ.મી. પૂર્વમાં બેલા નામનો દ્વીપ મહદંશે ઉત્તરથી દક્ષિણ તરફ નમેલા રેતીના ખડકોથી બનેલ વિસ્તાર છે, જ્યાં ઉત્તરે અત્યંત આકરો ઢાળ તદ્દન ખડીર-વિસ્તાર જેવો જ દેખાય છે, જે સ્તરભંગ હોવાની પ્રતીતિ કરાવે છે. વળી દસેક કિ.મી. પૂર્વ તરફ જતાં ચોરાડ-દ્વીપ નાની-નાની ટેકરીઓથી બનેલ તથા દક્ષિણ અને પૂર્વમાં નદીઓના કાંપથી બનેલ વિસ્તાર કચ્છના ભૂસ્તરીય થાળાની પૂર્વ-હદ દર્શાવે છે.

(c) વાગડનો ઉચ્ચ પ્રદેશ :

કાચબાની ઢાલ જેવો ટેબલ-આકારનો આ પ્રદેશ ભૂસ્તરીય અને ભૂપૃષ્ઠીય વિવિધતા ધરાવે છે. દક્ષિણમાં આધોઈથી ઉત્તરમાં જાટાવાડા તેમજ પશ્ચિમમાં ચોબારીથી પૂર્વમાં આડેસર સુધીનો ઉચ્ચ પ્રદેશ જ્યુરાસિક, ક્રિટેશીયસ, ટર્શીયરી તેમજ ક્વાર્ટર્નરી યુગના ખડકોથી બનેલ છે. દક્ષિણમાં સાઉથ વાગડ ફૉલ્ટ નામના મોટા સ્તરભંગથી તે સામખિયાળીના મેદાનથી અલગ પડે છે, જ્યારે પશ્ચિમમાં તે કચ્છના મોટા રણથી ઘેરાયેલ છે અને પૂર્વમાં નાનું રણ આવેલ છે. ઉત્તરમાં બેલાદ્વીપથી તે પાતળા રણના પટ્ટાથી છૂટું પડે છે.

(૨) બન્નીનાં ઘાસનાં મેદાન :

બન્નીપ્રદેશ સપાટ રણવિસ્તારથી ૭-૮ મી. ઉપર, જ્યારે દરિયાની સપાટીથી ૧૦થી ૧૫ મી. ઊંચાઈ પર આવેલ વિશિષ્ટ પ્રકારની સફેદ અને ભૂખરા રંગની માટીથી બનેલ છે. આ માટી અત્યંત ફળદ્રુપ અને ખૂબ ઝીણી હોવાથી તેના ઉદ્ભવ માટે હિમાલયની નદીઓને જવાબદાર ગણી શકાય. એક સમયે 'સવાના' પ્રકારના ઘાસથી ઓળખાતો આ પ્રદેશ આજે ગાંડા બાવળના પ્રદેશ તરીકે ઓળખાય છે. સરસ્વતી તેમ જ સિંધુ જેવી વેદકાળની હિમાલયની નદીઓના મૂળ ત્રિકોણપ્રદેશની ઊપજ એટલે બન્નીપ્રદેશ. કચ્છના મુખ્ય ભૂમિભાગમાંથી આવતું વરસાદનું પાણી બન્નીપ્રદેશમાં એકઠું થાય છે અને સવાના પ્રકારના ઘાસનાં મેદાન બને છે. પરંતુ આઝાદી પછી બનેલ

સિંચાઈ-યોજનાઓને પરિણામે અહીં મીઠું પાણી આવતું અટકી ગયું અને ખારાશ આગળ વધતી ગઈ, પરિણામે બન્ની પ્રદેશ પણ ખારા પ્રદેશમાં ફેરવાઈ ગયો.

(૩) દરિયાકિનારાનાં સપાટ મેદાનો :

કચ્છનો દરિયાકિનારો વિવિધતાથી સભર છે. અહીં મુખ્યત્વે ત્રણ પ્રકારનો દરિયાકાંઠો જોવા મળે છે, જેમાં કંડલાથી મુંદ્રા સુધી કાદવ-કીચડવાળો વિસ્તાર છે, જ્યારે મુંદ્રાથી માંડવી અને જખૌ સુધીનો દરિયાકિનારો રેતીય તટના સ્વરૂપે, જ્યારે જખૌથી લખપત સુધીનો દરિયો ખાડી, કાદવ તેમ જ ખડકાળ જોવા મળે છે. આ બધા જ પ્રકારના દરિયાકિનારાને અડીને આવેલાં સપાટ મેદાની પ્રદેશો અતિ ફળદ્રુપ તેમ જ ભૂસ્તરીય વૈવિધ્ય ધરાવે છે. દરિયાકિનારાના ત્રણ સ્પષ્ટ ભાગ તેની પ્રસ્તુત કાળમાં ઉત્પત્તિની ઝલક છતી કરે છે. અહીં કચ્છના સમગ્ર રીતે બે સ્તરભંગ દ્વારા થતાં વિભાજન જવાબદાર છે. વિગતે તેની ચર્ચા સ્તરભંગના ઇતિહાસમાં કરી છે.

(૪) કચ્છનાં રણ :

કચ્છનું મોટું અને નાનું એમ બન્ને રણ ભેગાં કરીએ તો લગભગ ૨૬ હજાર વર્ગ કિ.મી. જેટલો વિસ્તાર બને છે. મીઠા સાથે અત્યંત ઝીણી માટી જમા થતાં રણ જેવો અજોડ ભૂમિભાગ બનેલો છે. ભૂસ્તરીય ઉદ્‌ભવના સંદર્ભમાં કહીએ તો બે મોટા સ્તરભંગોની વચ્ચે મહાદ્વીપ જેટલો જમીનનો ટુકડો ડૂબી જતાં ગર્ત જેવી સ્થિતિ પેદા થાય છે. આ મહાગર્તમાં તૃતીય મહાયુગ અને ચતુર્થ મહાયુગના ખડક-નિક્ષેપો જમા થયા ત્યારે મૃદુ પ્રકારની માટી જેવા સેંકડો મીટરની જાડાઈ ધરાવતા રણમાં સ્તરો બન્યા. આ રણસ્તરો પોતે ભૂતકાળનાં પુસ્તકો સમાન છે, કેમકે પૂર્વ હવામાનશાસ્ત્રનો અભ્યાસ આ પ્રકારના સ્તરો દ્વારા જ શક્ય બને છે.

વિશાળ અને સપાટ એવા કચ્છના રણને અભ્યાસની દૃષ્ટિએ ચાર ભાગમાં વહેંચી શકાય:

(૧) બેટ-વિસ્તાર

(૨) લીનીયર ટ્રેન્ચ ઝોન - લાંબો ખાડી વિસ્તાર

(૩) ગ્રેટ બૅરન ઝોન - મોટો ઉજ્જડ વિસ્તાર

(૪) કચ્છનું નાનું રણ.

કચ્છના મોટા રણમાં બેટ-વિસ્તાર પચ્છમ-દ્વીપથી વિઘાકોટ સુધી વિસ્તરેલ છે. આમજનતાને આ સીમાસુરક્ષિત વિસ્તારની મુલાકાત લેવા માટે પરવાનગી લેવી પડે છે. વળી સામાન્ય રણવિસ્તાર કરતાં બે-ત્રણ મીટર વધુ ઊંચાઈ ધરાવતો આ બેટ-વિસ્તાર પૂર્વમુખ ત્રિકોણના સાક્ષીની માફક નાના-નાના અસંખ્ય બેટ વડે બનેલો છે.

લીનીયર ટ્રેન્ચ (ખાડી) ઝોન બેટવિસ્તારની દક્ષિણે જ્યારે પચ્છમથી કોરી-ક્રીકની ખાડી સુધી પથરાયેલ રણવિસ્તારને રેખીય ખાડીવિસ્તાર કહે છે. ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ આ વિસ્તારમાં ભૂતકાળમાં ઊંડાં પાણી ધરાવતો અખાતી વિસ્તાર હોવાનું અનુમાન કરી શકાય છે. હંમેશાં દરિયાના પાણીથી ઢંકાયેલા આ વિસ્તારમાં કોરી-ક્રીકમાંથી પાણી સતત અંતરિયાળ વિભાગમાં ઘૂસીને પાણીના બાષ્પીભવનથી મીઠાના નિક્ષેપો નિર્માણ પામે છે, જે મીઠું અહીં આવેલ બે મુખ્ય ઉદ્યોગો જેવા કે એગ્રોસેલ અને બેલારપુર ઇન્ડસ્ટ્રી જેવાં કારખાનાંઓ માટે બ્રાઈનના સ્રોતસ્વરૂપ સાબિત થાય છે.

ગ્રેટ બૅરન ઝોન એટલે મહાન એવો તદ્દન ઉજ્જડ વિસ્તાર. અહીં પચ્છમ, ખડીર, બેલા તેમ જ ચોરાડ દ્વીપોની ઉત્તરમાં આવેલ સામાન્ય કરતાં વધુ ઊંડાઈ ધરાવતા આ ભાગમાં ઉત્તરમાંથી રાજસ્થાન અને ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી વરસાદી પાણી એકઠાં થઈને મહાન એવા સરોવર જેવો વિસ્તાર રણમાં વિશિષ્ટ ભાત ઉપસાવે છે. (આકૃતિ-૨.) વિશાળ પરંતુ દુર્ગમ એવા આ વિસ્તારમાં આવેલ ભારત-પાકિસ્તાનની રણસીમા અનેરું આકર્ષણ છે, કેમકે બી.એસ.એફ.(સીમા સુરક્ષા દળ)ના જવાનો માટે અહીં ફરજ બજાવવી એ જિંદગીની અજીબોગરીબ પરીક્ષાથી ઓછું જરાય નથી.

કચ્છનું નાનું રણ વાગડવિસ્તારની પૂર્વદિશામાં ત્રિકોણ-આકારે પથરાયેલ વિશિષ્ટ ભૂમિભાગ છે, જ્યાં સમગ્ર એશિયાનું એકમાત્ર 'ઘુડખર (જંગલી ગધેડા)

અભયારણ્ય' આવેલું છે. ભૂસ્તરીય સ્તરભંગોના તાણાવાણાથી રચાયેલ આ વિસ્તાર વૈદિક કાળ તથા પુરાતન પાષાણયુગમાં એક આગવું સ્થાન ધરાવતો હતો, કેમકે છથી દસ હજાર વર્ષ પૂર્વે આ વિસ્તાર કચ્છના મોટા રણ અને ખંભાતના અખાતને જોડતો સંધિયુક્ત પ્રદેશ હતો અને અહીંથી નૌકાઓ અને જહાજોની હેરાફેરી પણ થતી હતી, પરંતુ કાળક્રમે ભૂસ્તરીય હલનચલનને પરિણામે આ ભૂમિભાગ ઉત્થાન પામતાં રણસ્વરૂપે ફેરવાઈ ગયો.


આમ, સમગ્ર કચ્છના વિવિધ ભૂપૃષ્ઠીય જ્ઞાનને લઈને આપણે ભૂસ્તરીય ઉત્પત્તિ અને રચનાના સંદર્ભમાં ચર્ચા કરીશું.

કચ્છની ભૂસ્તરીય ઉત્પત્તિ :

ગોંડવાના મહાદ્વીપનું વિભાજન :

લગભગ ૨૦ કરોડ વર્ષ પૂર્વે દક્ષિણ ગોળાર્ધમાં એક મહાદ્વીપ અસ્તિત્વ ધરાવતો હતો તેને ગોંડવાના મહાદ્વીપના નામે ઓળખવામાં આવે છે. (આકૃતિ - ૩ અ, બ.) આ મહાદ્વીપમાં અસંખ્ય ભંગાણ સર્જાતાં અનેક ખંડોનું નિર્માણ થયું, જેમાં મુખ્યત્વે દ. અમેરિકા, આફ્રિકા, ભારતીય ઉપખંડ, ઑસ્ટ્રેલિયા તેમ જ ઍન્ટાર્ક્ટિકાનો સમાવેશ થાય છે. આ વિભાજન બાદ બધા જ ટુકડાઓ એકબીજાથી દૂર સરકવા શરૂ થયા, જે પ્રક્રિયાને ખંડો સરકવાની પ્રક્રિયા કહેવાય છે. ભારતીય ખંડ/પ્લેટના પશ્ચિમભાગમાં ભંગાણને કારણે રિફ્ટ એટલે કે ખાંચ અથવા ફાટખીણ જેવી વિશિષ્ટ રચના બની, જે બનતાં લગભગ મધ્ય- જ્યુરાસિક-સમય(૧૭ કરોડ વર્ષ)નું આગમન થઈ ચૂક્યું હતું, જેથી આ ફાટખીણ જેવી રચનામાં મધ્ય, જ્યુરાસિકથી ક્રિટેસિયસ-કાળના અંત સુધી (૬.૫ કરોડ વર્ષ સુધી) જળકૃત ખડકો જમા થવાની પ્રક્રિયા ચાલુ રહી, જે દરમિયાન ભારતીય ઉપખંડીય પ્લેટ ધીમે-ધીમે ઉત્તર તરફ સરકતી ગઈ હતી.

ઉત્તરીય ખંડ લોરેશિયા જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં આવેલ ખંડ ગોંડવાના લૅન્ડ નામથી ઓળખવામાં આવે




આકૃતિ - ૩(અ) : મધ્ય - ટ્રાયાસિક - સમયમાં પૃથ્વી ઉપર ખંડોની સ્થિતિ. ઉત્તરીય ખંડ લોરેશિયા જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં આવેલ ખંડ ગોંડવાના લૅન્ડ નામથી ઓળખવામાં આવે છે. બન્ને વચ્ચેનો વિસ્તાર લાંબી પર્વતમાળાથી બનેલો છે. ગોંડવાના લૅન્ડનું અનેક ટુકડાઓમાં વિભાજન થતાં ભારતીય ઉપખંડનું નિર્માણ થયું.

છે. બન્ને વચ્ચેનો વિસ્તાર લાંબી પર્વતમાળાથી બનેલો છે. ગોંડવાના લૅન્ડના અનેક ટુકડાઓમાં વિભાજન થતાં ભારતીય ઉપખંડનું નિર્માણ થયું.

સમગ્ર ટર્શિયરી યુગમાં ભારતે હજારો કિલોમીટરનું અંતર કાપ્યું અને યુરેશિયન ઉપખંડ સાથે અથડામણ થવાથી હિમાલય પર્વતમાળાનું નિર્માણ થયું.

૬૦૦થી પણ વધુ અપૃષ્ઠવંશી પ્રાણીઓની પ્રજાતિઓ અસ્તિત્વ ધરાવતી હતી તેની જાણ કરે છે, ત્યારે કહી શકાય કે ખાડીયુક્ત આ નાનો વિસ્તાર પ્રાણીઓની વિવિધતાથી ભરપૂર ભરેલો હતો. હવે આ ભૂસ્તરીય ઇતિહાસનાં પાનાં જેવા ખડકોની વિવિધતા પર નજર નાખીએ.



આકૃતિ - ૩(બ) : ક્રિટેશિયસ યુગ (૭ કરોડ વર્ષ) પછી ભારતીય ખંડની સ્થિતિ દર્શાવતી આકૃતિ સમગ્ર ટર્શિયરી યુગમાં ભારતે હજારો કિલોમીટરનું અંતર કાપ્યું અને યુરેશિયન ઉપખંડ સાથે અથડામણ થવાથી હિમાલય પર્વતમાળાનું નિર્માણ થયું.

(ક્રિટેશિયસ સમયના અંતથી) પછી હિમાલય પર્વતમાળાની ઉત્પત્તિની સાથે-સાથે મહાન અવરોધને કારણે કચ્છનો ખાંચ(ફાટખીણ)વિસ્તાર ધીમે-ધીમે ઊર્ધ્વ તરફ ઉત્થાન કરવા લાગ્યો અને રિફ્ટ-પ્રણાલીમાં નિક્ષેપિત પચ્છમ, ખડીર, બેલા, વાગડ તેમ જ મુખ્ય ભૂમિભાગના સ્વરૂપે દરિયામાંથી બહાર ઊંચકાઈ આવ્યા. ટર્શિયરી (તૃતીય મહાયુગ - ૬.૫ કરોડથી ૨૬ લાખ વર્ષ) યુગમાં નિર્માણ પામેલ કચ્છનો ભૂમિભાગ આજે પણ શાંત નથી અને સમયાંતરે આંચકાઓના રૂપમાં સક્રિયતાની પ્રતીતિ કરાવે છે.

સામાન્ય રીતે એક વાર્તા જેવી લાગતી ભૂસ્તરીય ઉત્પત્તિની ઘટના ઠોસ વૈજ્ઞાનિક પુરાવાઓથી યુક્ત છે, જેમકે દરિયાઈ પ્રાણીઓ, જેવાં કે ઍમોનાઈટ, બેલેમ્નાઈટ, બ્રેકીયોપોડ, શંખ, છીપ વગેરેના જીવાવશેષો આજે કાળાડુંગરની ટોચ પરથી પણ મળી આવે છે. વિશેષમાં આ ખડકો ત્યારે

કચ્છના ખડક-સ્તરો :


કચ્છના ખડક-સ્તરોનું વર્ગીકરણ બે રીતે કરવામાં આવે છે :

(૧) વયના આધારે વર્ગીકરણ

(૨) ખડક-પ્રકારના આધારે વર્ગીકરણ (આકૃતિ -૪)

પ્રથમ વર્ગીકરણમાં જીવાવશેષનો આધાર લેવામાં આવ્યો છે, જ્યારે દ્વિતીય પ્રકારના વર્ગીકરણમાં ભૂસંચલનીય બળોને આધારે નિર્માણ પામતા બેઝિનની વિવિધતાને આધારે વર્ગીકરણ કરવામાં આવેલ છે.

ડૉ. એસ. કે. બિશ્વાસના લગભગ ૪૫ વર્ષથી લગાતાર ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ સમગ્ર કચ્છ-વિસ્તારને વિવિધ વિવર્તનિક ભાગોમાં વિભાજિત કરવામાં આયો અને તદનુસાર બનેલ બેસિનમાં ત્રણ મુખ્ય સબબેસિન(થાળાં)માં વૈવિધ્યપૂર્ણ ખડક સ્તરો નિર્માણ પામ્યા. અંતે ડૉ. બિશ્વાસના અભ્યાસ દ્વારા જણાવાયેલ વિવર્તનિક અને જળકૃત ઉત્ક્રાંતિને વર્ણવવામાં આવેલ છે.



GEOLOGICAL MAP OF KACHCHH BASIN (AFTER BISWAS, S. K.)

આકૃતિ - ૪

કચ્છનું ભૂસ્તર દર્શાવતી આકૃતિ. અહીં વિવિધ રંગો દ્વારા મેસોઝોઈકથી અત્યાર સુધીના બધા જ ખડક-સ્તરો દર્શાવેલ છે. અહીં નોંધવા યોગ્ય બાબત એ છે કે ભૂસ્તરીય સ્તરોની દૃષ્ટિએ કચ્છનો મુખ્ય ભૂમિભાગ, પચ્છમ તથા વાગડ, ખડીર, બેલા અને ચોરાડ વિવિધતા બતાવે છે.

કચ્છના ભૂસ્તરીય સ્તરોનો ક્રમ દર્શાવતી સારણી (આકૃતિ - ૪)

શ્રેણી (ખડક-સ્તર-રચના)	ઉમ્મર	ખડક પ્રકારો
ભુજ-સ્તર-રચના	ક્રિટેશિયસ	મહદંશે રેતીખડક અને જૂજ પ્રમાણમાં ચૂનાયુક્ત શેલ.
જુરાન-સ્તર-રચના	ઊર્ધ્વ-જ્યુરાસિક	રેતીખડકો, ચૂનાખડકો અને શેલનાં મિશ્રણ, પરંતુ મુખ્યત્વે લોહયુક્ત રેતીખડકોના પાતળા સ્તરો. (ખૂબ જ જીવાવશેષ-યુક્ત)
જુમારા-સ્તર-રચના	મધ્યથી ઊર્ધ્વ	મહદંશે ચૂનાયુક્ત અને રેતીખડકો, જ્યુરાસિક પરંતુ કાર્બોનેશિયસ શેલ પણ વધુ જોવા મળે છે (પુષ્કળ અશ્મિયુક્ત સ્તરો).
ઝુરીયો-સ્તર-રચના	મધ્ય-જ્યુરાસિક	મહદંશે ચૂનાયુક્ત સ્તરો (પુષ્કળ અશ્મિયુક્ત સ્તરો) ઊંડા પાણીના ખડકો લાઈમસ્ટોન દર્શાવે છે.

ઉપર જણાવેલ ભૂસ્તરીય સારણી કચ્છના ફક્ત મોસોઝોઈક (અહીં જ્યુરાસિક અને ક્રિટેશિયસ) ખડકસ્તરોની જ માહિતી પૂરી પાડે છે, પરંતુ તેની ઉપર (ભૂસ્તરીય સમયમાં નવોદિત) આવેલ ટર્શિયરી (તૃતીય મહાયુગના ખડકો) પશ્ચિમ કચ્છના મહત્તમ વિસ્તારોમાં ફેલાયેલા છે અને આર્થિક રીતે ખૂબ જ અનેરું સ્થાન ધરાવે છે. તેની ચર્ચા કરતાં પહેલાં સારણી પર એક નજર કરી લઈએ. (આકૃતિ - ૪)

પ્લાયસ્ટોસીન અને હોલોસીન નિક્ષેપો (૨૬ લાખ વર્ષ) (ક્વાર્ટર્નરી ખડકો)

કનકાવતી શ્રેણી ખારી શ્રેણી બેરમોટી શ્રેણી બેરવાળી શ્રેણી મઢ શ્રેણી	(ટર્શિયરી ખડકો)

ડેક્કન ટ્રેપ બૅસૉલ્ટ ૬.૫ કરોડ વર્ષ
અને (મેસોઝોઈક ખડકો)

મેસોઝોઈક ખડકો :

કચ્છમાં આવેલ મધ્ય-જ્યુરાસિક અને ક્રિટેસિયસ (૧૭૦થી ૬૫ મિલિયન વર્ષ) સુધીના સમયગાળામાં બનેલ ખડકોને ઝુરિયોથી ભુજ-સ્તર-રચનામાં વિભાજિત કર્યા બાદ સામાન્ય રીતે આ ખડકોની લાક્ષણિકતા અને તેમાં આવેલ જીવાવશેષ વિશે ટૂંકમાં જોઈએ. ઝુરિયો અને જુમારા-ખડક-રચનામાં મુખ્યત્વે ચૂનાપથ્થરો અને ચૂનાયુક્ત સેલનું પ્રભુત્વ છે, જે ઊંડા સમુદ્ર સૂચવે છે. વળી તેમાં આવેલ અશ્મિઓ જેવા કે એમોનાઈટ પ્રજાતિઓ(હેમાટોસીરસ, હાર્પોસીરસ, હીલ્ડોસીરસ, માક્રોસીફ્લાઈટ્સ, ફાયલોસીરસ વગેરે)નું તથા બ્રેકિયો પૉડની અનેક પ્રજાતિઓ (રીંકોનેલા, ટેરેબ્રેટ્યુલા વગેરે) ઊંડા સમુદ્રની સ્થિતિ દર્શાવે છે. કૉરલ(પરવાળા)ના સ્તરો આ શ્રેણીઓની ખાસિયત છે, જે છીછરો સમુદ્ર સૂચવે છે. ખાસ કરીને ગોલ્ડન ઊલાઈટ અને ઢોસા ઊલાઈટ પ્રકારના દાણાદાર ખડકો નિમ્ન ભાગમાં રિફ્ટ પ્રણાલીના સક્રિયપણાના પુરાવા પૂરા પાડે છે.

જુરાન અને ભુજ ખડકો સ્પષ્ટ રીતે જુદા તરી આવે છે. જેમાં જુરાન (ઝુરાન) ખડકો પાતળા સૅન્ડસ્ટોન અને વચ્ચેવચ્ચે સેલના સ્તરો તેમજ ભુજશ્રેણી મુખ્યત્વે અસાધારણ જાડાઈ ધરાવતા અને મહા ક્રૉસ સ્તરો દર્શાવતા સૅન્ડસ્ટોન(રેતી ખડકો)થી બનેલા છે. આ ક્રૉસ બેડિંગ ધરાવતા રેતીખડકો છીછરા પાણી તેમજ નદીના મુખ ત્રિકોણપ્રદેશની ખાસિયત છે. જેથી તે વિશે કહી શકાય કે મોટીમોટી નદીઓની પ્રણાલી દ્વારા ઉત્પન્ન થયેલ ક્રિટેરિયસ યુગમાં બનેલા આ ખડકો મેસોઝોઈકનો ઘણોખરો ભાગ બનાવે છે.

સૌથી વધુ મહત્ત્વની વાત એ છે કે આ રેતી-ખડકો સમગ્ર કચ્છનો મીઠા પાણી(પીવાનું પાણી)નો મુખ્ય સ્રોત છે. ભુજ સૅન્ડસ્ટોનમાં સંગ્રહાયેલ પાણી કચ્છમાં વર્ષો સુધી વાપરી શકાય તેટલો જથ્થો છે, પરંતુ દર વર્ષે તેનાં તળ પણ નીચે જઈ રહ્યાં છે.

ડેક્કન ટ્રૅપ બૅસૉલ્ટ :

ક્રિટેશિયસ યુગના અંતે સમગ્ર ભારતમાં જ્યારે લાવા-પ્રસ્ફુટનની ઘટના શરૂ થઈ તે જ અરસામાં કચ્છની રિફ્ટ-પ્રણાલીની ખાંચોમાંથી પુષ્કળ લાવા બહાર આવ્યો અને પરિણામે ઠંડો પડીને વિશાળ વિસ્તારમાં તે વખતના દરિયાકિનારાને ઢાંકી દીધો. આજે તો આ બૅસૉલ્ટ પ્રકારના કાળમીંઢ પથ્થર કચ્છમાં મેસોઝોઈક અને ટર્શિયરીની વચ્ચે જોવા મળે છે. બૅસૉલ્ટના ખવાણ અને ધોવાણથી બનતી કાળી માટી ફળદ્રુપ પ્રદેશ બનાવે છે. વળી આ જ્વાળામુખી ખડકોના કાળક્રમે વાતાવરણમાં ખુલ્લા રહેવાથી થતા ખવાણથી તે બૉક્સાઈટ જેવી ઍલ્યુમિનિયમ ધાતુની ખનીજમાં પરિણમે છે. ગઢશીશા તથા આસપાસના વિસ્તારોમાં પુષ્કળ પ્રમાણમાં બૉક્સાઈટ મળી આવે છે. આ ઉપરાંત જ્વાળામુખીની રાખના પણ સ્તરો આ ડેક્કન લાવાના સ્તરો ઉપર જોવા મળે છે. પરંતુ તે રાખના પણ કાળક્રમે ખવાણથી ચોક્કસ પ્રકારની માટીમાં રૂપાંતરિત થયેલ જોવા મળે છે. આ માટી તે જ આપણી મગમાટી અથવા બેન્ટોનાઈટ ક્લે. આ ક્લેનો ઉપયોગ આજે વિવિધ ક્ષેત્રોમાં જોવા મળે છે. તેમાં તેલના કૂવાઓમાં ફિલર (ભરણ) તરીકે મુખ્યત્વે વપરાય છે. કચ્છનાં અનેક સ્થળોએ આ ડેક્કન લાવાના સ્તરો પટ્ટાના સ્વરૂપમાં વિવૃત થયેલા છે, પરંતુ ધીણોધર, ગડાનો ડુંગર, કાલી તળાવડી જેવાં સ્થળોએ આ લાવાના પ્રસ્ફુટનનાં કેન્દ્રો જોવા મળે છે. અહીં જમીનમાંથી પ્રચંડ શક્તિ સાથેનાં પ્રસ્ફુટન થયા હોવાના સ્પષ્ટ પુરાવાઓ મળે છે.

ટર્શિયરી(તૃતીય મહાયુગ)ના ખડકો :

ડેક્કન ટ્રેપ પ્રકારના બૅસૉલ્ટ અથવા કાળમીંઢ અગ્નિકૃત ખડકોની ઉપર દરિયાઈ અતિક્રમણ તથા પુનર્ગમનથી બનતી વિશિષ્ટ પ્રકારની ખડકપ્રણાલી ટર્શિયરી યુગ(એટલે કે ૬.૫ કરોડ વર્ષ)થી શરૂ થઈને પ્લાયોસીનના અંત સુધી(૨૬ લાખ વર્ષ સુધી)ના ખડક-નિક્ષેપોમાં મુખ્યત્વે રેતીખડક, શેલ, ચૂનાખડક મુખ્ય છે. પરંતુ અહીં જોવા મળતાં શેલમાં કાર્બનનું એટલું વધુ પ્રમાણ છે કે તે લિગ્નાઈટ જેવો દેખાય છે. તેને લિગ્નાઈટ કોલસાના રૂપમાં ખોદી કાઢવામાં આવે છે, જ્યારે ઈયોસીન તથા માયોસીન યુગના વિશિષ્ટ ચૂનાખડકો (ન્યુમ્યુલીટીક લાઈમસ્ટોન) તેમ જ અન્ય મેગા જીવાવશેષ ધરાવતા ચૂનાખડક સિમેન્ટ ઉદ્યોગ માટે ખોદી કાઢવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ટર્શિયરી યુગના સુસ્પષ્ટ સ્તરોની ક્રમવાળી જગ્યા પશ્ચિમ કચ્છ સિવાય હયાત નથી, જ્યારે અહીં પણ સિમેન્ટ કંપનીઓના આગમન બાદ વિશ્વ-વિખ્યાત એક્વિટેનીયન અને બર્ડીગેલીયન ઉમ્મરના ખડક-સ્તરોનો નાશ નજીકમાં જ છે.

ક્વાર્ટનરી યુગના નિક્ષેપો :

ટર્શિયરી યુગના ખડકોની ઉપર છેલ્લાં ૨૬ લાખ વર્ષ દરમિયાન વિવિધ ભૂસ્તરીય તથા વાતાવરણીય પ્રક્રિયાઓને પરિણામે જે મૃદુ નિક્ષેપો જોવા મળે છે, તે ચતુર્થ મહાયુગના નિક્ષેપો તરીકે ઓળખાય છે. મુખ્યત્વે તેઓ દરિયાકિનારાના વિસ્તારો, સમગ્ર બન્ની તથા રણના વિસ્તારોમાં જમા થયેલા છે. તેમાંથી નદીજન્ય નિક્ષેપો સામાન્ય રીતે મુખ્ય ભૂમિભાગમાંથી નીકળીને અરબસાગરને મળતી નદીઓ દ્વારા બનતા સાગરકાંઠાના મેદાની પ્રદેશ બનાવે છે, જ્યારે છીછરા સમુદ્ર તથા અખાતી પ્રદેશના નિક્ષેપોના રૂપમાં રણવિસ્તાર ભરાયેલો જોવા મળે છે. આ વિસ્તાર છેલ્લાં ૨૦૦૦ વર્ષ પૂર્વે વિશાળ એવા છીછરા સમુદ્રના રૂપમાં અસ્તિત્વ ધરાવતો હતો, જ્યારે આજે કાળક્રમે ભૂસ્તરીય પ્રક્રિયાઓ જેવી કે ભૂકંપ, ભૂમિનું ઉત્થાન-નિક્ષેપીકરણ વગેરેને પરિણામે સપાટ એવા રણપ્રદેશમાં ફેરવાઈ ગયો છે. પુરાતત્ત્વીય ઇતિહાસની દૃષ્ટિએ આ વિભાગ ખૂબ જ રસપ્રદ છે અને તેની ચર્ચા આપણે પછી કરીશું.

હવે કચ્છના ખડક-સ્તરોની આછેરી ઝલક બાદ આ વિશિષ્ટ ભૂમિને ભૂસ્તરીય કાળક્રમમાં સંચલિત કરનાર અનેક સ્તરભંગો અથવા ફૉલ્ટ-લાઈનો વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરીએ.

કચ્છ બેસિનના મુખ્ય સ્તરભંગો :

(૧) નગરપારકર ફૉલ્ટ (NPF)

(૨) આઈલૅન્ડ બેલ્ટ ફૉલ્ટ (IBF)

(૩) કચ્છ મેઈન લૅન્ડ ફૉલ્ટ (KMF)

(૪) સાઉથ વાગડ ફૉલ્ટ (SWF)

(૫) કટ્રોલ હીલ ફૉલ્ટ (KHF)

આ ઉપરાંત અનેક નાનાનાના સ્તરભંગો પણ આ ભૂમિના ઉદ્ભવ માટે જવાબદાર છે. જેવા કે ગોરા ડુંગર ફૉલ્ટ, ગેડી ફૉલ્ટ, વિગોડી ફૉલ્ટ, બન્ની ફૉલ્ટ, અલ્લાહબંધ ફૉલ્ટ વગેરે.

આ બધા સ્તરભંગો કચ્છની ભૂમિ અને ભૂપૃષ્ઠને આકાર આપવામાં મહત્ત્વનો ફાળો ધરાવે છે.

(૧) નગરપારકર ફૉલ્ટ (NPF) : આ ફૉલ્ટ કચ્છ બેસિનની ઉત્તરીય હદ નક્કી કરે છે. ત્યાં કચ્છનું રિફ્ટ-પ્રકારનું બેસિન (થાળું) શરૂ થાય છે અને તે નગરપારકર ડુંગરધારના રૂપે જમીન ઉપર દેખાય છે. નગરપારકર પર્વતધાર આજે પાકિસ્તાનમાં છે. સેટેલાઈટ ફોટોમાં (આકૃતિ - ૧.) આ ફૉલ્ટ કચ્છના રણ અને નગરપારકરની પર્વતધારને જુદી પાડતી સ્પષ્ટ રેખાના સ્વરૂપે જણાય છે.

(૨) આઈલૅન્ડ બેલ્ટ ફૉલ્ટ (IBF) : આ સ્તરભંગ પણ કચ્છ બેસિનમાં પ્રમુખ ભૂમિકા ભજવે છે, કેમકે પચ્છમ, ખડીર, બેલા અને ચોરાડ એમ ચાર દ્વીપો (ઉત્થાન પામેલ નાના ભૂમિભાગો) સપાટ રણથી અલગ પાડતી રેખાના રૂપમાં આ સ્તરભંગ દેખાય છે. જોકે સમયાંતરે આ સ્તરભંગ સળંગ રેખામાં નહીં રહેતાં ચાર અલગ ટુકડામાં વિભાજિત થઈ ગયેલ છે. વળી આ ફૉલ્ટ ચાર દ્વીપોમાંથી બેલાની ઉત્તરે જ વિવૃત્ત થયેલ

જોવા મળે છે. બાકી તેની સમગ્ર ૨૦૦ કિ.મી. લંબાઈમાં તે રણની માટી તથા રેતીની નીચે દબાઈ ગયેલ છે. ભૂકંપીય હલનચલનની દૃષ્ટિએ આ ફૉલ્ટની પણ ભૂમિકા પ્રમુખ છે, કેમકે ૨૦૦૧ના ધરતીકંપ પછી અનેક મોટા આંચકાઓ IBF ઉપરથી આવેલા માલૂમ પડે છે.


(૩) કચ્છ મેઈન લૅન્ડ ફૉલ્ટ (KMF) : કચ્છ મેઈન લૅન્ડ ફૉલ્ટ પણ દક્ષિણાભિમુખ નમન ધરાવતો સક્રિય સ્તરભંગ માનવામાં આવે છે. તે બન્નીના ઘાસપ્રદેશને મુખ્ય ઉત્થાન પામેલ મેઈન લૅન્ડથી અલગ કરે છે. આ સ્પષ્ટ રીતે જોવા મળતો સ્તરભંગ પૂર્વથી પશ્ચિમ એટલે કે ભચાઉથી લખપત ૧૫૦ કિ.મી.થી પણ વધુ લંબાઈ ધરાવે છે પરંતુ અનેક નાનાનાના ટુકડાઓમાં તે ખંડિત થયેલો છે અને તે મહા ભૂસંચાલનીય ઘટનાઓની સાક્ષી પૂરે છે. આ સ્તરભંગને અનુલક્ષીને ઉત્થાન પામેલ સમગ્ર મેઈન લૅન્ડ તેના ઉત્તરીય ભાગમાં ઉત્તરીય પર્વતમાળાના રૂપમાં અનેક ઘુમ્મટાકારની સંરચનાઓમાં વિભાજિત થાય છે, જેમાં મુખ્યત્વે હબાય, ઝુરા, નરા, ખીરા, જુમારા, ઝારા જેવી ઘુમ્મટ-સંરચનાઓ ભૂસ્તરીય ઉત્પત્તિના અભ્યાસ માટે ખૂબ જ મહત્ત્વનું ઉદાહરણ પૂરું પાડે છે. જ્યુરાસિક ખડકો ઉપર ટર્શિયરી યુગના ખડક સાથે જમા થઈ ગયા બાદ પણ આ સ્તરભંગમાં અસાધારણ હલનચલન જોવા મળે છે, જ્યારે ક્વાર્ટર્નરી યુગમાં પણ આ સ્તરભંગના હલનચલનના સ્પષ્ટ પુરાવાઓ ભૂપૃષ્ઠની વિશિષ્ટ રચનાઓને ઓળખીને શોધી કાઢવામાં આવે છે. IBF તથા KMF જેવા સ્તરભંગો સમગ્ર ભૂસ્તરીય પોપડાની જાડાઈ એટલે કે લગભગ ૩૦થી ૩૫ કિ.મી. સુધી પથરાયેલા છે. આ માહિતી સામાન્ય રીતે ભૂભૌતિકીય પરીક્ષણ બાદ જાણી શકાય છે.

(૪) સાઉથ વાગડ ફૉલ્ટ (SWF) : આ ફૉલ્ટ વાગડવિસ્તારની દક્ષિણમાંથી પસાર થાય છે અને KHFની દિશામાં જ વધુ પૂર્વ તરફ ફેલાયેલ છે. KMFની માફક જ SWF સાથે પણ અસંખ્ય ડોમ (ઘુમ્મટાકારની ભૂસ્તરીય સંરચનાઓ) જોડાયેલ છે, તેમાં મુખ્યત્વે ચિત્રોડ, શિવલખા, માય, બાદરગઢ, આધોઈ, હાલરા વગેરે છે. ૨૦૦૧ના ધરતીકંપ માટે SWF અને તેની સાથે સંકળાયેલ અનેક ઉત્તરીય સ્તરભંગો જવાબદાર છે. આ સ્તરભંગરેખા વાગડને સામખિયાળી મેદાનથી અલગ કરે છે અને ક્વાર્ટર્નરી યુગમાં સામખિયાળી મેદાનના ઉદ્ભવ અને તે સાથે સંકળાયેલ નદીઓની વિશિષ્ટ ભાત (pattern) માટે પણ સાઉથ વાગડ ફૉલ્ટ જવાબદાર છે.

(૫) કટ્રોલ હિલ ફૉલ્ટ (KHF) : કટ્રોલ હિલ રેન્જ-(કટ્રોલની પર્વતમાળા)ની સમાંતર પથરાયેલ આ સ્તરભંગ આ પર્વતમાળાના ઉદ્ભવ માટે પણ જવાબદાર છે. ઊર્ધ્વ ટર્શિયરી અને ક્વાર્ટર્નરી યુગમાં આ સ્તરભંગમાં અસંખ્ય હલનચલન થયાં હોવાના પુરાવાઓ તેમાં આવેલ વિવિધ નદીઓના પ્રવાહ ઉપરથી ઓળખી શકાય છે. રતનાલ ગામથી રોહા ગામ સુધી ૬૫ કિ.મી. ફેલાયેલ આ સ્તરભંગ દ્વિતીય કક્ષાનો ફૉલ્ટ ગણાય છે, એટલે કે જ્યારે કચ્છ બેસિનનો ઉદ્ભવ પૂર્વ જ્યુરાસિક સમયે થયો તે વખતે આ સ્તરભંગ અસ્તિત્વ ધરાવતો ન હતો, પરંતુ જ્યારે ભારતીય પ્લેટ યુરોપિયન પ્લેટ સાથે ટકરાઈ તે પછી કચ્છ બેસિનનું ઉત્થાન શરૂ થયું, તે અરસામાં KHFનો ઉદ્ભવ થયો છે તેમ ડૉ. એસ. કે. વિશ્વાસ અને પછીના બધા જ સંશોધકોનું માનવું છે. આ સ્તરભંગની આસપાસ અનેક નગરો ૨૫થી ૪૦ હજારથી વધુ વસ્તીવાળાં છે. જ્યારે ભુજથી લગભગ ૪-૫ કિ.મી. દક્ષિણદિશાથી પસાર થતી આ સ્તરભંગરેખા સક્રિય થાય તો સમગ્ર ભુજ પર અણધારી આફત આવી શકે છે.

કચ્છના અશ્મિઓ :

કચ્છની સૌપ્રથમ ભૂસ્તરીય ઓળખ અહીં મળતા વૈવિધ્યપૂર્ણ અશ્મિઓને આભારી છે. અશ્મિ એટલે ભૂસ્તરીય ભૂતકાળનાં પ્રાણી અથવા વનસ્પતિઓ. આજના સ્તરોમાં સચવાયેલા મળી આવે તે અવશેષો અશ્મિથી ઓળખાય. કચ્છ જ્યુરાસિકથી ટર્શિયરી-કાળ સુધી દરિયાના રૂપમાં અસ્તિત્વ ધરાવતો હતો. અહીં જ્યુરાસિક-કાળમાં વિવિધ બ્રેકિયોપૉડ



આકૃતિ - ૫
કચ્છમાં જોવા મળતા વિવિધ અશ્મિઓ.
(અ) અને (બ) મેસોઝોઈક યુગના ઍમોનાઈટ પ્રકારનાં અપૃષ્ઠવંશી પ્રાણીના અશ્મિઓ. (ક) દ્વિસપાટી - લેમેલીબ્રેન્ક તથા ગેસ્ટ્રોપૉડ અશ્મિઓ. (ડ) ટર્શિયરી યુગ છીછરા પાણીના કૉરલ – પરવાળાંના અવશેષો.

(દ્વિકપાટી અપૃષ્ઠવંશી પ્રાણી) લેમેલીબ્રેન્ક, ગેસ્ટ્રોપૉડ (શંખ તથા છીપ) તેમ જ ઍમોનાઈટ પ્રકારનાં અપૃષ્ઠવંશી પ્રાણીઓ અસ્તિત્વ ધરાવતાં હતાં. કાળાનુક્રમે તે વખતના દરિયામાં દટાઈ ગયેલાં આ પ્રાણીઓ આજે પથ્થરોની વચ્ચે અશ્મિઓના રૂપમાં મળી આવે છે અને તે ભૂસ્તરીય સમયપ્રણાલી નક્કી કરવામાં પ્રમુખ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને ઍમોનાઈટ પ્રકારનાં મોટાં અપૃષ્ઠવંશી પ્રાણીઓની તે સમયના (૧૪ કરોડ વર્ષ) સમુદ્રમાં ૬૦૦થી વધુ પ્રજાતિ અસ્તિત્વ ધરાવતી હતી. તેમાંની મુખ્યત્વે ઝુરિયો, જુમારા અને ઝુરાન ખડકસ્તરોમાં મળી આવે છે. તેમાંથી કેટલીક પ્રજાતિઓનાં નામ અહીં આપેલાં છે.

ફાયલોસીરસ, હાર્પોસીરસ, હીલ્ડોસીરસ, મેક્રોસીફેલાઈટ્સ, હોમોમાયા, હેમાટોસીરસ, ફેલાડો માયા, નોટીલસ, ગોનીએટાઈટ વગેરે મુખ્ય છે, જ્યારે આ ઉપરાંત બ્રેકીયોપૉડ પ્રજાતિમાં રીન્કોનેલા, ટેરેબ્રટ્યુલા, એવીક્યુલા વગેરે પ્રમુખ છે. (આકૃતિ - ૫.)

દ્વિકપાટી - લેમેલીબ્રેન્ક તથા ગેસ્ટ્રોપૉડની પણ અસંખ્ય પ્રજાતિઓ કચ્છના જ્યુરાસિક ખડક-સ્તરોમાં જોવા મળે છે. વળી ક્રિટેશિયસ યુગનાં મુખત્રિકોણીય ખડક-સ્તરોમાં ટ્રાયગોનિયા પ્રાણીઓની હાજરી નોંધપાત્ર છે અને તે મીઠા પાણીની હાજરી સૂચવે છે.

ટર્શિયરી યુગ છીછરા પાણીનાં અસંખ્ય પ્રાણીઓના અવશેષોથી ભરપૂર છે, જેમાં પેલીયોસીનથી

પ્લાયસ્ટોસીન સુધી વિવિધ અપૃષ્ઠવંશી, પૃષ્ઠવંશી તથા ફોરોમેનીફર પ્રકારનાં પ્રાણીઓ પુષ્કળ સંખ્યામાં જોવા મળે છે. કેટલાંક નામો નીચે મુજબ છે :

ટ્યુરીટેલા, સાઈપ્રીયા, પેક્ટન, એવીક્યુલોપેક્ટન, ગ્રાયફીયા, ઓસ્ટ્રીયા, એસ્ટાર્ટે, ફ્યુસસ, વોલ્યુટા, સ્ટ્રોમ્બસ, કોનસ, ન્યુમ્યુલાઈટ્સ, ટ્રાયગોનીયા, નટીકા, હેલીક્સ, સી-કાઉ, ક્રોકોડાઈલ વગેરે મુખ્ય છે.

આ બધાં અશ્મિઓ ઉત્ક્રાંતિના સમયને તથા તબક્કાને પ્રસ્થાપિત કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવે છે. વળી તે પ્રજાતિઓના લુપ્ત થવાના કારણે અને ઉત્ક્રાંતિ થવાનાં કારણો જાણી લેતાં, જે-તે સમયની પરિસ્થિતિ, વાતાવરણ વગેરે વિશે સ્પષ્ટ માહિતી મળે છે. કેટલાંક દરિયાઈ પ્રાણીઓનું અસ્તિત્વ પેટ્રોલિયમની શોધ માટે પણ પ્રમુખ ભૂમિકા સ્પષ્ટ કરે છે. કચ્છમાં મળતાં અપૃષ્ઠવંશી પ્રાણીઓમાં છેલ્લા કેટલાક સમયથી માઈક્રોફોસિલના સંશોધનમાં ભૂસ્તરશાસ્ત્રીઓએ રસ દાખવ્યો છે, કારણ કે જે મેગાં અશ્મિઓ સ્પષ્ટ નથી કરી શકતાં તે સૂક્ષ્મ વાતાવરણના તફાવતોને સૂક્ષ્મ (નેનો ફોસિલ) અશ્મિઓના સંશોધનનાં એક વિશાળ શાખા છેલ્લાં દસેક વર્ષથી કચ્છમાં વિકસિત થયેલ જોવા મળે છે. તદુપરાંત તે સૂક્ષ્મ અશ્મિઓ જ સામાન્ય રીતે પેટ્રોલિયમના ઉદ્‌ભવ માટે જવાબદાર હોતાં તે અંગેનું સંશોધન વધુ વેગ પકડી રહ્યું છે.

વિવિધ ભૂસ્તરીય આયામોમાં કચ્છનું મહત્ત્વ :

આપણે અશ્મિવિદ્યા બાબતે કચ્છનું મહત્ત્વ જોઈ ચૂક્યા. પરંતુ તે સિવાય સ્તરવિદ્યા, ભૂકંપીય, પૂર્વભૂકંપ-વિજ્ઞાન, ખનીજવિદ્યાકીય ઉત્ખનનશાસ્ત્ર સંબંધિત તથા આર્થિક ભૂસ્તરવિદ્યાકીય બાબતોમાં કચ્છ સમગ્ર ભારતમાં અવ્વલ નંબરે છે. આપણે એક પછી એક મુદ્દાને વિગતવાર જોઈએ.

(A) સ્તરવિદ્યાકીય મહત્ત્વ :

સમગ્ર ભારતના દ્વીપકલ્પભાગમાં ફક્ત કચ્છમાં જ જ્યુરાસિકથી હોલોસીન (અદ્યતન યુગ) સુધીના બધા જ ખડકો મળી આવે છે. વળી તેની સ્તરાનુક્રમની ગોઠવણી અનુસાર અહીં આદર્શ જ્યુરાસિક અને ટર્શિયરી યુગના ખડકો વિશે હજારો ભૂસ્તરશાસ્ત્રીઓ સંશોધન કરવા આકર્ષાયા અને પરિણામે સેંકડો શોધનિબંધો અને સંશોધનપત્રો-સ્વરૂપે તેનું વ્યવસ્થિત ચિત્રણ થઈ શક્યું. લાઈમસ્ટોન, સેન્ડસ્ટોન અને શેલના ખડક-સ્તરોની ગોઠવણી તેના વિવિધ વાતાવરણમાં થયેલ ઉદ્‌ભવ સૂચવે છે અને કચ્છના બેસિનની ભૂસંચલનીય સ્થિતિ પણ સ્તરોના અભ્યાસ ઉપરથી જાણી શકાય છે. મુખ્યત્વે રિફ્ટ પ્રકારની પ્રણાલીમાં નિર્માણ પામેલ તમામ સ્તરો ઊંડાથી છીછરા એમ તમામ પ્રકારની સમુદ્રસ્થિતિ સૂચવે છે. પરંતુ જ્યાં સુધી ટર્શિયરી યુગમાં એબીગોસીન અને માયોસીન કાળમાં સ્તરોમાં કાર્બનનું અતિશય પ્રમાણ વિષુવવૃત્તીય આબોહવાનું સૂચન કરે છે, જ્યાં જમાકરણની સ્થિતિ પણ છીછરા, કાદવયુક્ત, ભરતી નદી મુખીય જેવા વાતાવરણના અસ્તિત્વ વિશે સૂચન કરે છે. આ વાતાવરણ કોલસાના સ્તરો માટે આદર્શ વાતાવરણ હોય છે. માટે જ આ કાળમાં લિગ્નાઈટ જેવા નિમ્નકક્ષાના કોલસાના સ્તરો પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. માતાના મઢ તથા પાનધ્રો(પશ્ચિમ કચ્છ)-વિસ્તારમાં કિલોમીટરો સુધી પથરાયેલા આ લિગ્નાઈટના સ્તરોનું ઉત્ખનન જી.એમ.ડી.સી. દ્વારા કરાઈ રહ્યું છે અને તેનો ઉપયોગ લિગ્નાઈટ આધારિત પાવર પ્લાંટમાં કરવામાં આવે છે.

(B) ભૂકંપવિદ્યા બાબતે મહત્ત્વ :

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ ગુજરાતની સામાન્ય જનતાને પણ ભૂકંપની પ્રચંડ તાકાતનો પરિચય થઈ ગયો. આ પૂર્વે લગભગ ત્રણથી ચાર પેઢીમાં પણ આવો મહાભયાનક ભૂકંપ કોઈએ અનુભવ્યો ન હતો, તેથી આજના ઝડપી સંદેશા-વ્યવહારના યુગમાં ભૂકંપ વિશેની સંપૂર્ણ સમજ નાનાં બાળકોમાં પણ ભારોભાર ભરાઈ ગઈ છે. ભૂકંપવિદ્યા-ભૂકંપશાસ્ત્ર એટલે ભૂકંપ સમયે પેદા થતા PS અને L પ્રકારના તરંગોની તીવ્રતા, ઉદ્‌ભવ તથા તેના સ્થાન વિશેની સ્પષ્ટ માહિતી પ્રાપ્ત કરવી અને તે અંગેનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરવું. કચ્છમાં ૨૦૦૧ બાદ

હજારથી વધુ આંચકાઓ આવી ચૂક્યા અને તેનું ઝીણવટભર્યું વૈજ્ઞાનિક પરીક્ષણ પણ થઈ રહ્યું છે. ૨૦૦૧નો ધરતીકંપ સાઉથ વાગડ ફૉલ્ટલાઈનની ઉત્તર દિશામાં નવા ઉત્પન્ન થયેલ એક ફૉલ્ટ પરથી આવ્યો હોય તેમ કહી શકાય છે, કારણ કે લગભગ ૭૫ કિ.મી. લાંબું ભંગાણ સપાટી ઉપર જોઈ શકાતું નથી, જ્યારે ભૂકંપનાં મોજાંઓના વિશ્લેષણ દ્વારા તેની ઉદ્દ્ભવની રેખા સ્પષ્ટ થાય છે. આ ફૉલ્ટ કચ્છના રણની નીચેથી પસાર થાય છે. પશ્ચાદ્ આંચકાઓના નકશાઓ દ્વારા માલૂમ પડે છે કે સળંગ દેખાતો આ એક ફૉલ્ટ સમગ્ર વિસ્તારને આવરી લે છે અને તેની આસપાસ આવેલ બીજા અનેક સ્તરભંગોને સક્રિય બનાવે છે. આમ PS અને L તરંગોની લાક્ષણિકતા સિવાય, કયો ભૂસ્તરીય વિભાગ નબળો છે કે સક્રિય છે તે અંગેનું વિધાન પણ કરી શકાય. પરંતુ જે-તે સ્તરભંગની સક્રિયતા તેની ઉપર થયેલ પૂર્વ-ભૂકંપશાસ્ત્ર વિશેનાં સંશોધનો દ્વારા જ કરી શકાય છે.

(C) પૂર્વભૂકંપશાસ્ત્ર :

છેલ્લાં વીસેક વર્ષથી પૂર્વભૂકંપશાસ્ત્ર જેવા વિષય ઉપર સંશોધન થઈ રહ્યું છે જે અંગે કચ્છનો ભૂમિભાગ આદર્શ સ્થાન ધરાવે છે. અહીં ભૂતકાળમાં થઈ ગયેલ ધરતીકંપોએ અનેકવિધ પુરાવાઓ મૂકેલ છે, જેમાં લીક્વીફેક્શન, ગ્રાઉન્ડ ક્રેક્સ મુખ્ય છે. ઈ. સ. પૂર્વથી આજ સુધી એટલે કે ઈ. સ. ૬૯૩માં, ઈ. સ. ૧૩૫૦માં, ઈ. સ. ૧૬૬૮માં તથા ઈ. સ. ૧૮૧૯ અને ઈ. સ. ૧૮૪૪-૪૫ દરમિયાન ભારે ધરતીકંપો આવી ચૂક્યા છે. છેલ્લી સદીમાં ૧૯૫૬ અને ૨૦૦૧માં વિનાશક ભૂકંપ આવી ચૂક્યા. પરંતુ માનવીય ઇતિહાસ અથવા સંસ્કૃતિના ઇતિહાસની તવારીખમાં નોંધાયેલ ભૂકંપોથી પણ જૂના ભૂકંપો વિષે જાણવું હોય તો તે દરમિયાન થયેલ વિવિધ ભૂસ્તરીય ફેરફારોને આજે તપાસી શકાય, જે દ્વારા સ્તરોના ભંગાણ, લીક્વીફેક્શન દ્વારા જમા થતી રેતી તથા તે દ્વારા ઉદ્દ્ભવતી નળી જેવી રચના, આ ઉપરાંત પર્વતીય વિસ્તારોમાં ખડક-નિપાતને કારણે તળેટીમાં ખડકચૂર્ણના ઢગ જમા થવાથી નદી અથવા ઝરણાં પણ અવરોધાઈ શકે છે. પરિણામે સરોવર જેવી રચના થાય છે. કચ્છમાં આવેલ અનેક કુદરતી સરોવરોના ઉદ્દ્ભવની પાછળ ભૂકંપ જવાબદાર છે. પૂર્વભૂકંપશાસ્ત્રના અભ્યાસમાં આવાં ખડકચૂર્ણ, નવોદિત લીક્વીફેક્શન રેતી, સરોવરજન્ય નિક્ષેપો વગેરેમાં ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને તેનું વય આધારિત પરીક્ષણ કરવામાં આવે છે. તે માટે વિવિધ કાળનિર્ધારણપદ્ધતિઓ જેવી કે કાર્બન ડેટિંગ, આર્ગન – આર્ગન ડેટિંગ, થર્મોલ્યુમિનીસન્સ ડેટિંગ, ઑપ્ટિકલી સ્ટીમ્યુલેટિંગ લ્યુમિનીસન્સ ડેટિંગ, કોસ્મોજેનીક ડેટિંગ, ઍટમીક માસ સ્પેક્ટ્રોમેટ્રીક ડેટિંગ તથા ઇલેક્ટ્રોન સ્પીન રેઝોનાન્સ જેવી અત્યાધુનિક ભૌતિકશાસ્ત્રની પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે અને તદનુસાર જે-તે સ્તરનું કાળનિર્ધારણ કરતાં ભૂકંપની તવારીખ જાણી શકાય. આ પૂર્વભૂકંપની તવારીખ ઉપરથી કેટલા સમયાંતરે આવા ભૂકંપો જે-તે ફૉલ્ટ પરથી આવી રહ્યા છે તે અંગેની માહિતી પ્રાપ્ત થઈ શકે છે. કચ્છની લગભગ પાંચથી છ સક્રિય ફૉલ્ટલાઈન ઉપર આવા પ્રકારનાં સંશોધનો જરૂરી છે. હાલમાં બેથી ત્રણ ફૉલ્ટ-લાઈન ઉપર આવાં સંશોધનો ચાલુ છે. પરંતુ હજુ પણ આ બાબતમાં ખૂબ સંશોધન જરૂરી છે. ડૉ. સી. પી. રાજેન્દ્રન, કુશલા રાજેન્દ્રન, આ લેખના લેખક (ડૉ. એમ. જી. ઠક્કર), ડૉ. જેમ્સ મેકેલ્પીન, ડૉ. ભાનુ ગોયલ દ્વારા આ વિષય ઉપર ગહન સંશોધન થઈ ચૂકેલ છે.

આ ઉપરાંત પૂર્વભૂકંપશાસ્ત્ર જેવા વિષયમાં અન્ય વિષયોનો સમાવેશ કરવામાં આવે છે, જેથી ભૂકંપનું પૂર્વાનુમાન પણ કરવું શક્ય બને છે. તે માટે જીયોડેસી અથવા જી.પી.એસ. (ગ્લોબલ પોઝિસનિંગ સિસ્ટમ) દ્વારા પ્લેટના ઝીણવટપૂર્વકના હલનચલનનો અભ્યાસ કરવામાં આવે છે. આ હલનચલનનો દર નક્કી કરીને જે તે ફૉલ્ટલાઈન ઉપર કેટલા પ્રમાણમાં તણાવયુક્ત કે દબાણયુક્ત બળો જમા થઈ રહ્યાં છે તે જાણી શકાય છે. કચ્છમાં આઈ. એસ. આર. સંસ્થા દ્વારા તેમ જ CMMACS બૅંગલોરની સંસ્થા દ્વારા પણ

આવાં સંશોધનો થઈ રહ્યાં છે અને પરિણામે કચ્છ મેઈન લૅન્ડ ફૉલ્ટ તથા આઈલૅન્ડ બેલ્ટ ફૉલ્ટ ઉપર જમા થઈ રહેલા દબાણયુક્ત બળોની માપણી થઈ રહી છે, જેથી ભવિષ્યમાં ક્યારે વિનાશક ભૂકંપ આવી શકે તે અંગે અનુમાન થઈ શકે છે.

કચ્છના ખનીજભંડાર :

ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ કચ્છનું મહત્ત્વ ફક્ત શિક્ષણ તથા સંશોધન પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ અહીં મળી આવતી અનેક ખનીજો ભારત તથા વિશ્વમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે, જેમાં બેન્ટોનાઈટ પ્રકારની માટી મુખ્ય છે. ત્યાર બાદ લિગ્નાઈટ પ્રકારનો કોલસો અને ચાઈના ક્લેનું સ્થાન આવી શકે. તાજેતરમાં સિમેન્ટ ઉદ્યોગ માટે મહત્ત્વના પાયાના ખડક ચૂના-પથ્થર(લાઈમસ્ટોન)નો જથ્થો પણ પુષ્કળ પ્રમાણમાં ખોદી કાઢવામાં આવે છે. બેન્ટોનાઈટને કારણે કચ્છને સમગ્ર એશિયામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. હવે આપણે એક પછી એક ખનીજ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરીએ.

(૧) બેન્ટોનાઈટ ક્લે :

આ માટીને સ્થાનિક ભાષામાં મગમાટીથી ઓળખવામાં આવે છે, કેમકે તેનો બાહ્ય દેખાવ મગના દાણા જેવી ભાતવાળો છે. આ માટી ઘણા સમયથી સ્થાનિક લોકો શરીર ધોવા માટે સાબુની જેમ વાપરતા, પરંતુ કાળક્રમે તેની અનેક વિશેષતાઓ ઓળખી શકાઈ અને આજે તેનો મુખ્ય ઉપયોગ તેલના કૂવામાં ફિલર (પૂરણ) તરીકે થાય છે. અખાતી દેશો તેમ જ દક્ષિણ અમેરિકાના દેશોમાં આ માટીની પ્રચુર માત્રામાં નિકાસ કરવામાં આવે છે અને ભારતદેશને સારો એવો નફો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત બેન્ટોનાઈટ લગભગ અન્ય વીસેક જેટલાં વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગમાં આવે છે. અહીં આવેલ આશાપુરા, માણેક મિનરલ્સ જેવી અનેક કંપનીઓ આ માટીની વિદેશમાં નિકાસ કરે છે તેમ જ વિવિધ ગ્રેડ બનાવીને તેની ખપત વધારે છે. હવે આ વિશિષ્ટ મગમાટી કેવી રીતે કુદરતી અવસ્થામાં ઉદ્‌ભવ પામી તે પણ રસપ્રદ છે. ભૂસ્તરીય ભૂતકાળમાં નજર નાખીએ તો ૬.૫ કરોડ વર્ષનો ગાળો સમગ્ર પશ્ચિમ ભારતમાં જ્વાળામુખી-પ્રસ્ફુટનનો યુગ માનવામાં આવે છે. આ ગાળા દરમિયાન કચ્છમાં પણ અનેક સ્થળોએ આવાં જ્વાળામુખી-પ્રસ્ફુટનો થયાં, પરિણામે જ્વાળામુખીની રાખના જાડા સ્તરો નિર્માણ પામ્યા જે કાળક્રમે બીજા સ્તરોથી દબાઈ ગયા. ત્યાર બાદ કરોડો વર્ષોથી તેમાં રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા ફેરફારો આવ્યા અને સીલીકા જેવાં તત્ત્વો જુદાં પડ્યાં અને સોડિયમ ઍલ્યુમિનિયમના હાઈડ્રોક્સાઈડ જમા થઈ ગયા તે બેન્ટોનાઈટ ક્લે તરીકે આજે નાનાં-નાનાં પૉકેટ-સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આમ ૬.૫ કરોડ વર્ષના ખવાણ તથા રાસાયણિક પ્રક્રિયાઓના નિચોડ-સ્વરૂપે બેન્ટોનાઈટનું સર્જન થયું છે.

(૨) લિગ્નાઈટ કોલસો :

આ ખનીજીય કોલસો સામાન્ય રીતે નિમ્ન કક્ષાના કોલસાની કક્ષામાં મુકાય છે, કેમકે તેની દહનશક્તિ અન્ય કોલસા (એન્ટ્રોસાઈટ અને બિટુમીનસ) કરતાં ઓછી હોય છે તેમજ કાર્બનનું પ્રમાણ પણ ઓછું હોય છે. લિગ્નાઈટ કોલસાને ટર્શિયરી યુગનો કોલસો કહેવાય છે, કેમ કે તે સામાન્ય રીતે ટર્શિયરી યુગમાં (ભહદંશે માયોસીન અને ઓલિગોસીન કાળમાં) નિર્માણ પામેલ છે. કચ્છમાં પશ્ચિમ વિભાગમાં પાનધ્રો, માતાના મઢ, ઘડુલી તથા આસપાસના અનેક વિસ્તારોમાં આ સ્તરો પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. મૂળભૂત રીતે તે એક શેલ-પ્રકારના ખડકો જ છે, પરંતુ આ શેલમાં કાર્બનનું પ્રમાણ વધી જતાં તે લિગ્નાઈટ તરીકે ઓળખાય છે. જ્યારે આ યુગમાં કોલસો નિર્માણ પામતો હતો ત્યારે ભારતીય પ્લેટ વિષુવવૃત્ત ઉપરથી પસાર થઈ રહી હતી અને ગાઢ જંગલો તથા સખત ગરમી અને ભેજવાળી આબોહવાને કારણે વિશાળ વિસ્તારોમાં ચેરિયા જેવી વનસ્પતિનું નિર્માણ થયું અને લાખો વર્ષો સુધી આ વાતાવરણની એકધારી અસરથી કોલસાના સ્તરો નિર્માણ પામ્યા.

કચ્છમાં લિગ્નાઈટનો જથ્થો એટલો બધો છે કે રોજનો ૫૦૦૦ ટન બહાર કાઢતાં પણ પચાસેક વર્ષ સુધી ખૂટી શકે તેમ નથી. પરંતુ વર્તમાન સરકાર દ્વારા તેના ઉત્ખનન પર રોક લગાવીને અન્ય રાજ્યોમાં નિકાસ કરવાનું બંધ કરવામાં આવ્યું છે અથવા તો ખૂબ જ જૂજ માત્રામાં નિકાસ કરવામાં આવે છે જ્યારે મોટા ભાગનો લિગ્નાઈટ જી.એમ.ડી.સી. દ્વારા જ વીજળી પેદા કરવામાં વપરાય છે અને વીજળીનું વેચાણ કરવાથી પણ વધુ હૂંડિયામણ કમાઈ શકાય છે. આજે લિગ્નાઈટ-આધારિત પાવર પ્લાંટ પાનધ્રોમાં દરરોજ સેંકડો મેગાવૉટ વિદ્યુત ઉત્પન્ન કરે છે અને ગુજરાતને વિદ્યુત-ક્ષેત્રે સ્વાવલંબી બનાવી દીધું છે.

દરેક સારી બાજુની નરસી બાજુ પણ હોઈ શકે. અહીં લિગ્નાઈટના વધુ પડતા ઉત્ખનનને કારણે ઓપન કાસ્ટ માઈનિંગથી મોટામોટા ખાડાઓ માણસજાત માટે અનેક રીતે જોખમો ઊભા કરી રહ્યા છે. લિગ્નાઈટમાંથી નીકળતાં અનેક પ્રકારનાં રસાયણો ભૂગર્ભજળમાં ભળી જતાં ભૂગર્ભજળ પ્રદૂષિત થઈ રહ્યાં છે. વળી સપાટી પર વહેલાં પાણી અને જળાશયો પણ બદતર હાલતમાં મુકાઈ ગયાં છે, જેથી ખેતી માટે પાણીના અન્ય સ્રોતોનો ઉપયોગ કરવો પડે છે. પર્યાવરણના અનેક પ્રશ્નોની વચ્ચે પણ આજે લિગ્નાઈટ સમગ્ર ગુજરાત માટે શક્તિનો અને હૂંડિયામણનો એકમાત્ર સ્રોત ગણી શકાય.

(૩) ચાઈના ક્લે :

કેઓલિનાઈટ પ્રકારની સફેદ માટી ચાઈના ક્લે તરીકે ઓળખાય છે. આ સફેદ માટી કચ્છના અબડાસા, ભુજ, અંજાર તેમ જ રાપર તાલુકામાં મળી આવે છે. રંગ તેમ જ કાગળ ઉદ્યોગમાં આ ક્લે મુખ્ય કાચો માલ પૂરો પાડે છે. મુખ્યત્વે ઍલ્યુમિનિયમ હાઈડ્રોક્સાઈડ જેવું બંધારણ ધરાવતું આ મિશ્રણ સોડિયમ, પોટાશિયમ, કેલ્સિયમ તથા ઍલ્યુમિનિયમના હાઈડ્રોક્સાઈડનું અનેરું મિશ્રણ છે. આ મિશ્રણમાંથી સીલીકા એટલે કે રેતીના કણોને અલગ કરીને વાપરવામાં આવે છે. મમુઆરા, ધાણેટી, નાડાપા, ફતેહગઢ, અબડાસા વગેરે જગ્યાએ આ માટીના પુષ્કળ ભંડારો આવેલા છે. ભૂસ્તરીય ઉત્પત્તિની દૃષ્ટિએ જોઈએ તો ચાઈના ક્લે પણ કરોડો વર્ષોની ખવાણ તથા ધોવાણથી થતા રાસાયણિક ફેરફારો દ્વારા બને છે. પરંતુ અહીં માતૃખડક તરીકે કેલ્સીકૃત રેતીખડક હોય છે. કચ્છને હૂંડિયામણ કમાવી આપતી આ ખનીજનો ફાળો પણ અપ્રતિમ છે.

(૪) બૉક્સાઈટ :

ઍલ્યુમિનિયમ ધાતુ માટેની આ ધાત્વીય ખનીજ કચ્છમાં વિવિધ જગ્યાઓ અને કેપિંગ ખડકના રૂપમાં મળી આવે છે. આ ખડક પણ ખવાણ અને ધોવાણની અનેરી પ્રક્રિયાના ફળસ્વરૂપે આપણને પ્રાપ્ત થયેલ છે. કચ્છમાં માંડવી તાલુકાના ગઢશીશા વિસ્તારમાં તથા પશ્ચિમ કચ્છમાં બૉક્સાઈટના ભંડારો સપાટી પર મળી આવે છે. આ વિશિષ્ટ ખનીજની ઉત્પત્તિ બૅસૉલ્ટ પ્રકારના કાળમીંઢ અગ્નિકૃત ખડકોના ખવાણ દ્વારા રાસાયણિક પરિવર્તનથી થાય છે. કચ્છમાં જ્વાળામુખી-કૃત ખડકોના લાંબા પટ્ટાની ઉપર આ ખનીજનું પ્રભુત્વ છે. જી.એમ.ડી.સી. દ્વારા તેનું ઉત્ખનન વર્ષો પૂર્વે કરવામાં આવતું. પરંતુ તેની સફળ ટૅક્નૉલોજીના અભાવે તેને પડતું મૂકવામાં આવ્યું. આજે આશાપુરા કંપની દ્વારા આ ખનીજના ઉત્ખનનને વેગ મળ્યો છે અને લગભગ ૨૫૦૦ કરોડના રોકાણ સાથે તેમનો પ્લાન્ટ વિકાસ પામી રહ્યો છે. ઍલ્યુમિનિયમ અત્યારના યુગ માટેની ખૂબ જ અગત્યની ધાતુ છે ત્યારે તેના ઉત્પાદનમાં નોંધપાત્ર હૂંડિયામણ પ્રાપ્ત થઈ શકે છે.

(૫) લાઈમસ્ટોન :

કચ્છમાં પ્રાપ્ત થતો ચૂનાખડક ટર્શિયરી યુગનો અશ્મિયુક્ત ચૂનાખડક છે જેમાં કેલ્સિયમ કાર્બોનેટનું પ્રમાણ ખૂબ જ ઊંચું હોવાથી સિમેન્ટ ઉદ્યોગમાં કામ આવે છે. કચ્છના પશ્ચિમ વિસ્તારમાં ઈયોસીન યુગના અશ્મિકૃત લાઈમસ્ટોનના ભંડાર છેક લખપતથી નલિયા સુધી ધરબાયેલા પડ્યા છે. તદુપરાંત માયોસીન કાળના લાઈમસ્ટોનનું પણ ઉત્ખનન અનેક કંપનીઓ દ્વારા ચાલુ થઈ ગયું છે. આ લાઈમસ્ટોન સંપૂર્ણપણે

ન્યુમ્યુલાઈટ પ્રકારનાં ફોરામીનીફર (પૂર્વકક્ષાના અપૃષ્ઠવંશી પ્રાણીઓ)ના અવશેષોથી ભરપૂર છે. એક કિલોગ્રામ જેટલા જથ્થામાં લગભગ હજાર અવશેષો પ્રાપ્ત થાય છે, જેનું મહત્ત્વ અભ્યાસની દૃષ્ટિએ ખૂબ જ ઊંચું છે. પ્રચુર માત્રામાં મળતા આ ચૂનાખડકને કારણે લગભગ પંદરેક સિમેન્ટ કંપનીઓએ અહીં પશ્ચિમ કચ્છમાં ધામા નાખ્યા છે અને જ્યાં સુધી લાઈમસ્ટોનનું સંપૂર્ણ નિકંદન ન નીકળે ત્યાં સુધી ઉત્ખનન કરવાની નેમ લીધી છે.

ભૂસ્તરીય રીતે આ લાઈમસ્ટોનનું ખૂબ જ મહત્ત્વ છે અને આ પ્રકારના આ યુગના ખડકસ્તરો સમગ્ર દુનિયામાં માત્ર કચ્છમાં જ બચેલા છે, જે આગલાં દસેક વર્ષોમાં ખતમ થઈ જશે. વિશ્વમાંથી દર વર્ષે આ ટર્શિયરી યુગના ખડકનો અભ્યાસ કરવા સંખ્યાબંધ ભૂસ્તરશાસ્ત્રીઓ કચ્છની મુલાકાત લે છે જે આગામી વર્ષોમાં બંધ થઈ જશે અને પશ્ચિમ કચ્છ એક દિવસ ખાણ-કચરાના ઢગલામાં ફેરવાઈ જશે, જેની ફળશ્રુતિ સમગ્ર ગુજરાતને મળશે, જ્યારે કચ્છી માડુને પર્યાવરણનું નુકસાન, વિવિધ પ્રકારની ફેફસાંની બીમારી અને ભૂગર્ભ જળનું પ્રદૂષણ પ્રાપ્ત થશે.

આ ઉપરાંત નાનીનાની અનેક ખનીજો કચ્છમાંથી પ્રાપ્ત થાય છે. પરંતુ સૅન્ડસ્ટોન, ગજિયા પ્રકારનો પથ્થર ખૂબ જ માત્રામાં ખોદી કાઢવામાં આવે છે, જેનો ઘર બનાવવા બાંધકામના પથ્થર તરીકે મુખ્ય ઉપયોગ છે.

જીયોટૂરિઝમ અને કચ્છ

ઉપર દર્શાવેલ સમગ્ર બાબત જ્યાં સુધી ઉત્ખનન સંબંધિત છે તે પર્યાવરણ તથા જમીન અને ભૂગર્ભના પાણી બાબતે અત્યંત ખતરારૂપ છે તેમ જ કચ્છમાં ખનીજ-આધારિત અને વિદ્યુત-ઉત્પાદન-આધારિત ઉદ્યોગીકરણથી સ્વાસ્થ્ય બાબતમાં અનેક રોગોને નોતરું દેવાઈ ચૂક્યું છે.

હવે આપણે આ સંબંધિત ભૂસ્તરશાસ્ત્રને એક શૈક્ષણિક સુંદરતા-રૂપે ચર્ચીશું કેમ કે ફક્ત કચ્છના ખડકો અને તેમાં રહેલ અશ્મિઓને કારણે જ વર્ષોથી (લગભગ ૨૦૦ વર્ષથી) કચ્છમાં ભૂસ્તરશાસ્ત્રીઓ સંશોધનપ્રવૃત્તિ કરી રહ્યા છે, જેમાં વિશ્વના લગભગ પચાસેક જેટલા દેશોમાંથી અહીં એક યા બીજા ભૂસ્તરીય વિશેષ મુદ્દાને લઈને વૈજ્ઞાનિકો મુલાકાત લઈ ચૂક્યા છે અને લઈ રહ્યા પણ છે. દર વર્ષે ભારતમાંથી જ લગભગ દરેક યુનિવર્સિટીમાંથી ભૂસ્તરશાસ્ત્રીઓ કચ્છના ભૂસ્તરનો અભ્યાસ કરવા માટે મુલાકાત લેતા રહ્યા છે. કચ્છના ભૂસ્તરીય ઇતિહાસની રજેરજની માહિતી પ્રસ્તુત કરનાર ડૉ. એસ. કે. બિશ્વાસ આજે પણ કચ્છની મુલાકાત અવારનવાર લેતા રહ્યા છે. પશ્ચિમ કચ્છમાં થઈ રહેલ ઉદ્યોગીકરણને લઈને તેઓ તથા અન્ય ભૂસ્તરશાસ્ત્રીઓ ખિન્ન છે, કેમ કે કચ્છનો ભૂસ્તરીય વારસો વિનાશના આરે આવીને ઊભો છે. ટર્શિયરી યુગના બધા જ ખડકો જે સમગ્ર વિશ્વમાં અજોડ અને અપ્રતિમ છે, તે વિવિધ કંપનીઓ દ્વારા ખોદાઈ રહ્યા છે, તે જાળવવા તેમના દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા અને જીયોટૂરિઝમના વિકાસ માટે પ્રસ્તુત સરકાર સમક્ષ વિનંતી કરવામાં આવી, પરંતુ તે તદ્દન વ્યર્થ સાબિત થયેલ છે, જેથી આગામી વર્ષોમાં કચ્છમાં વૈજ્ઞાનિકોની મુલાકાતો તથા ખડકોના રૂપમાં ભૂસ્તરીય વારસો આપણા માટે ભૂતકાળ બની રહેશે. આ વારસાને બચાવવા માટે સામાજિક તથા સ્થાનિક ક્ષેત્રે લોકોએ ચળવળ કરવાની જરૂર છે, કારણ કે અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતી કંપનીઓ તો ખનીજો ખતમ થઈ જતાં અહીંથી ઉચાળા ભરીને બીજે જતી રહેશે પણ આપણા કચ્છને આપતી જશે કાયમી પ્રદૂષણ, રોગચાળો અને જમીનનો વિનાશ...

૫. ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષથી અગાઉનો ઇતિહાસ

ઉમિયાશંકર અજાણી

પ્રાસ્તાવિક

વિશ્વના નકશામાં જે સાવ નગણ્ય લાગે એટલો ભૌગોલિક વિસ્તાર ધરાવતો કચ્છ જિલ્લો ભૂતકાળમાં એની ભૌગોલિક સ્થિતિના કારણે ભારતના અન્ય ભાગોથી વિખૂટો રહેલ હોવા છતાં તેના દરિયાઈ માર્ગે વેપારના કારણે સાગરપારના વિશ્વના અનેક દેશો સાથે સંકળાયેલો રહ્યો હતો. વર્તમાનકાળે વિસ્તારમાં ભારતના હરિયાણા રાજ્ય કરતાં ૧૪૪૦ ચો. કિ. મીટર જેટલો વધુ વિસ્તાર ધરાવતો પણ વસતિની દૃષ્ટિએ તે રાજ્ય કરતાં ૧,૬૩,૧૭,૭૧૫ જેટલી ઓછી માનવવસતિ ધરાવતો કચ્છ ભારતના પશ્ચિમકાંઠે આવેલ છે. ઉત્તર-અક્ષાંશ ૨૨ અંશ - ૪૪'-૧૧''થી ૨૪ અંશ - ૪૧'-૧૫'' અને પૂર્વ-રેખાંશ ૬૮ અંશ - ૯'-૪૬''થી ૭૧ અંશ - ૫૪'-૪૭'' વચ્ચે આવેલા આ પ્રદેશની ઉત્તર તથા પૂર્વસીમાએ રણ અને પશ્ચિમ તથા દક્ષિણદિશામાં દરિયાઈ કંઠાર આવેલ છે. સને ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ પછી નક્કી થયેલ હદ મુજબ નાના-મોટા રણસહિતનો તેનો વિસ્તાર ૪૨૪૧૨.૨૯ ચો. કિ.મી. છે. રણનો વિસ્તાર ૨૧૨૬૫.૯૨ ચો. કિ.મી. છે. આમ કચ્છનો રણ સિવાયનો ભૂમિવિસ્તાર ૨૧૧૪૬-૩૭ ચો. કિ.મી. જેટલો છે. પૂર્વ-પશ્ચિમ તરફની તેની લંબાઈ ૨૦૦ કિ.મી.ની અને ઉત્તર-દક્ષિણ તરફની પહોળાઈ ૮૦ કિ.મી. જેટલી છે, પણ એકાદ સ્થળે તેની પહોળાઈ માત્ર ૨૫ કિ.મી.ની છે.

પ્રાચીનકાળે અને ત્યાર પછીના સમયમાં કચ્છ જુદાજુદા નામે ઓળખાતું આવ્યું છે. આવાં નામોમાં ભોજકટ, અનૂપ, અપરાન્ત, આભીર, કુશદ્વીપ, જર્તદેશ, પચ્છમ, કાશ્મીર, પ્રાણથલી ભુજદેશ અથવા શ્રીપતિદેશ, સાગરડીશ (સાગરદ્વીપ), પાતાળદ્વીપ, તાજરાષ્ટ્ર, ઉદમ્બર અને ઉબ્રાટ તરીકે ઓળખાતું કચ્છ એના ભૌગોલિક આકાર મુજબ 'કચ્છ' તરીકે ઓળખાતું રહ્યું છે. 'ભગવદ્‌ગોમંડળ'માં 'કચ્છ' શબ્દના ૩૧ અર્થ દર્શાવેલા છે, જેમાંના કેટલાકનો અર્થ એનાં સ્થળ-સ્થિતિ નિર્દેશે છે, જેમકે ઘણા જળવાળો પ્રદેશ, અનૂપદેશ, દરિયાની ભૂમિ, કિનારાનો પ્રદેશ, સિંધ અને કાઠિયાવાડ વચ્ચે આવેલ એ નામનો પ્રદેશ. 'અમરકોશ'ના બીજા કાંડમાં 'કચ્છ' શબ્દનો અર્થ જ્યાં બહુ પાણી હોય તેવા દેશનું નામ, જેને જળપ્રાય, અનૂપ અને કચ્છ તરીકે ઓળખાવેલ છે.

પ્રાચીન, મધ્ય અને અર્વાચીન એમ ત્રણે કાળના વિવિધ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન કાળના ગ્રંથોમાં 'જાતક-કથાઓ', 'આચારાંગસૂત્ર', 'બ્રહ્મકલ્પસૂત્ર', 'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ', 'ભગવતીસૂત્ર' જેવા બૌદ્ધ તેમ જ જૈન ગ્રંથોમાં તથા 'બૃહત્ સંહિતા', 'મહાભારત', 'પદ્મપુરાણ', 'બ્રહ્માંડપુરાણ', 'ભવિષ્યપુરાણ', 'માર્કણ્ડેયપુરાણ', 'વામનપુરાણ', 'વાયુપુરાણ', 'મત્સ્યપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'સ્કંદપુરાણ' જેવા પૌરાણિક જૈનેતર ગ્રંથોમાં, 'અમરકોશ', 'અષ્ટાધ્યાયી', 'મેઘદૂત', 'શિશુપાલવધ' જેવા સંસ્કૃત ગ્રંથોમાં તેમ જ વિદેશી પ્રવાસીઓની જે-તે સમયની તેમની પ્રવાસનોંધો જેવી કે પેરિપ્લસ, ટોલેમી, હ્યુ એન સંગ વગેરેની પ્રવાસનોંધોમાં કચ્છ અંગેના ઠીક-ઠીક ઉલ્લખો જોવા મળે છે. કેટલાક શિલાલેખો અને પાળિયાઓમાં પણ તેના ઉલ્લેખો થયેલા છે.

પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં કચ્છનો 'કચ્છ' તરીકે થયેલો ઉલ્લેખ કચ્છ વિશે જૂનામાં જૂનો ઉલ્લેખ માનવામાં આવતો હતો. પાણિનિનો સમયગાળો

ઈ. સ. પૂર્વે ૭૦૦નો[૧] ગણાય છે. ત્યારથી કચ્છ એ નામે ઓળખાતું હતું. 'અષ્ટાધ્યાયી'માં કરેલી સ્પષ્ટતા પ્રમાણે કચ્છ એટલે દરિયા કે નદીના કિનારાનો પ્રદેશ. વધારામાં કચ્છનો અર્થ એમ પણ થાય છે કે જે પ્રદેશ કે ભૂમિ દરિયામાંથી ઉપર આવી હોય. આથી જે પ્રદેશો આવી રીતે બંધાયા હોય કે બન્યા હોય તે ભુરુકચ્છ, (પછીથી ભૃગુકચ્છ) અને મરુકચ્છ (રાજસ્થાનનો એક ભાગ) કચ્છ તરીકે ઓળખાવા લાગ્યા.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પર ક્ષત્રપોનું શાસન હતું ત્યારે રુદ્રદામાના જૂનાગઢ ગિરનારના લેખમાં કચ્છનો 'કચ્છ' તરીકે ઉલ્લેખ થયેલ છે. વલભીના મૈત્રક રાજા ધરસેન બીજાના તામ્રપત્રમાં 'કચ્છ વિષય' તરીકે અને સોલંકીકાળે ભીમદેવ પહેલાના તામ્રપત્રમાં 'કચ્છ મંડલ' તરીકે તેનો ઉલ્લેખ થયો છે. કચ્છ વિશેના આ બધા ઉલ્લેખોમાં અત્યાર સુધી કચ્છ અંગે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માંનો ઉલ્લેખ સૌથી પ્રાચીન ઉલ્લેખ મનાતો હતો. પરંતુ સને ૧૯૬૮માં પી. આર. શ્રીનિવાસનને કચ્છમાંથી નીચે પ્રમાણેના ત્રણ અપ્રગટ શિલાલેખો મળી આવ્યા : (૧) અંધૌ(ખાવડા)માંથી રુદ્રદામા પહેલાનો, (૨) વાંઢ-(માંડવી)માંથી રુદ્રસિંહ પહેલાનો અને (૩) મેવાસા-(રાપર)માંથી ભતૃદામાનો. આ પૈકી વાંઢમાંથી મળેલા શિલાલેખમાં 'કશ દેસિક' એ શબ્દનો ઉલ્લેખ થયેલ છે. આ શિલાલેખ પ્રમાણે વાચના થઈ છે : "રાજન્ મહાક્ષત્રપ રુદ્રદામાના પુત્ર, રાજન્ મહાક્ષત્રપ સ્વામી રુદ્રસિંહ (શક સંવત ૧૦૫) અને કાર્તિક મહિનામાં બહુલ (એટલે કૃષ્ણપક્ષમાં) માતાની સેવિકા(ચાકર)ના મૃત્યુ પછી આ શિલા 'કશદેસિકે' (કશ-દેશમાં) ઊભી કરી (એટલે બેસાડી) હતી." શિલાલેખમાં ઉલ્લેખાયેલ 'કશ' શબ્દ અંગે ડૉ. હસમુખ સાંકળિયા કહે છે કે આ શબ્દનો ઉલ્લેખ પહેલી જ વાર મળે છે. આ ઉલ્લેખ ઓછામાં ઓછો લગભગ ૨૦૦૦ વર્ષ જેટલો જૂનો છે અને 'કચ્છ(દેશ)'ને સૌથી પહેલી જ વાર શિલાલેખ અને સાહિત્યમાં વાપરવામાં આવ્યો છે. 'કશ' એ શુદ્ધ સંસ્કૃત રૂપ છે અને તેનો અર્થ 'કચ્છ' થાય છે. ડૉ. સાંકળિયાના આ અર્થઘટનને કે. કા. શાસ્ત્રી સ્વીકારતા નથી. તારીખ ૨૭-૬-૧૯૮૧ના રોજ ભુજ મુકામે ગુજરાત ઇતિહાસ પરિષદ દ્વારા યોજાયેલ વ્યાખ્યાનમાળામાં છો. મ. અત્રિએ તેમના વ્યાખ્યાનમાં 'કશ' શબ્દની વિસ્તૃત ચર્ચા કરી ડૉ. સાંકળિયાના અર્થઘટનને યથાર્થ ગણાવેલ અને 'વાજસનેયિ-સંહિતા'ના આધારે તે શબ્દ વૈદિક યુગનો ગણાવેલ છે.

ભારતના પશ્ચિમ-કંઠારે આવેલ કચ્છ ભારતના ઉપખંડ જેટલો જ પ્રાચીન છે. ધોળાવીરાના સંશોધનના કારણે કચ્છને લાંબો ઇતિહાસ પ્રાપ્ત થયેલ છે. આમ થવાથી જગતની આદિ સંસ્કૃતિ ધરાવતા દેશોની હરોળમાં તેણે પોતાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે અને ભારત અને ગુજરાતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રવાહોને ઝીલતાં પોતાની આગવી ઓળખ ઊભી કરેલ છે.

રાજકીય ઇતિહાસ

કચ્છના ઇતિહાસ સાથે સંબંધ છે ત્યાં સુધી કચ્છમાં જાડેજાવંશનું રાજ્ય સ્થપાયું તે પહેલાં કચ્છ એક યા બીજી રીતે ભારતના ઇતિહાસ સાથે સંકળાયેલો રહેતો આવ્યો છે. એ વિશેના ઉલ્લેખો નીચે પ્રમાણે મળી આવે છે :

(૧) રામસિંહજી રાઠોડ – 'કચ્છનું સંસ્કૃતિદર્શન'-અંતર્ગત 'કચ્છની અભ્યાસ-સામગ્રી', આવૃત્તિ પહેલી, ૧૯૫૯, પાનાં ૨૭૮થી ૩૦૧ (આમાં

---

૧. ભગવતસિંહજી : 'ભગવદગોમંડળ' ભાગ - ૬, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પુનર્મુદ્રણ ૧૯૮૬, પાનાં ૫૫૨૮. પાણિનિ વિશે તેમાં નીચે પ્રમાણેની વિગત દર્શાવી છે : 'તેઓ ઈ. સ. પૂર્વે ૮૦૦માં ગાંધારદેશમાં પેશાવર નજીક શલાતુર ગામમાં થઈ ગયેલ મનાય છે, તેથી તેને 'શાલોતરીય' પણ કહે છે. તેની માનું નામ દાક્ષી અને દાદાનું નામ દેવલ હતું. તેની માના નામ પરથી તેને દાક્ષીપુત્ર કે દાક્ષેય તથા ગામના નામ પરથી શાલાતુરીય કહે છે. આહિક, પ્રાણિન, શાલંકી વગેરે તેનાં બીજાં ઘણાં નામો છે. તેના સમયની બાબતમાં પુરાતત્ત્વજ્ઞોમાં મતભેદ છે. કેટલાક વિદ્વાનો તેને ઈ. સ. પૂર્વે પાંચમા, ચોથા અથવા ત્રીજા સૈકામાં થઈ ગયેલા માને છે. પ્રસિદ્ધ પુરાતત્ત્વજ્ઞ અને વિદ્વાન ડૉ. રામકૃષ્ણ ભાંડારકર પણ એ મતના પોષક છે."

ઇતિહાસ વિશેની અભ્યાસ-સામગ્રી પાનાં ૨૯૪-૨૯૫ પર દર્શાવી છે.)

(૨) **ડુંગરશી ધરમશી સંપટ : 'કચ્છનું વેપારતંત્ર' :** પ્રથમ આવૃત્તિ, સંવત ૧૯૯૧, પાનું, ૬નું બૌદ્ધધર્મની જાતક-કથાઓમાં કચ્છના વેપારનો ઉલ્લેખ થયાનું નોંધે છે.

(૩) **'રામાયણ' :** કચ્છમાં વહન કરતી અઘોરા-નદીની ખીણની ગુફાઓમાં કાલી તથા હિંગુલા-નામક બે દેવીઓનાં દેવાલયો હાલ પણ અસ્તિત્વમાં છે. આ નદીના એક વીરડાને લોકો રામચન્દ્રવાપિ અથવા રામકૂપ એવા નામે ઓળખે છે. રામ તથા સીતા તેમના વનવાસ દરમિયાન એ અઘોરાનદીની ખીણમાં રહ્યાં હતાં અને ત્યાર પછી ત્યાંથી હિંગુલાદેવીનાં દર્શને ગયાં હતાં એવી આખ્યાયિકા કચ્છમાં પ્રચલિત છે. અઘોરાનદીની એ ખીણને રામબાગ તરીકે ઓળખવામાં આવે છે.

(૪) **'મહાભારત' :** (અ) મહારાજ યુધિષ્ઠિરે રાજસૂય-યજ્ઞ કરવાનું વિચાર્યું અને તે માટે તેમણે પોતાના ચારે ભાઈઓને ભારતવર્ષના પોતાને આધીન નહીં થયેલા તમામ રાજવીઓને પોતાના કરદાતા બનાવવા માટે ચારે દિશાઓમાં વિજય વરવા માટે મોકલ્યા. અર્જુનને ઉત્તરદિશા તરફ, ભીમને પૂર્વદિશા તરફ, સહદેવને દક્ષિણદિશા તરફ અને નકુલને પશ્ચિમદિશા તરફ મોકલ્યા. સહદેવે દક્ષિણદિશામાં આવેલા રાજાઓ પર વિજય મેળવી સુરાષ્ટ્રના રાજા આહ્વતિકને પોતાને વશ કર્યો અને ત્યાર પછી પોતે ત્યાં રોકાયો અને પોતાના દૂતને ભોજકટના મહામાત્ર રુક્મી પાસે મોકલ્યો. તેવી જ રીતે ભીષ્મક પાસે પણ પોતાનો દૂત મોકલ્યો. પિતા-પુત્ર બન્નેએ યુધિષ્ઠિરના શાસનનો સ્વીકાર કરી લીધો. આ ભોજકટ એટલે કચ્છ.

(બ) ભીષ્મપર્વના ૧૦મા અધ્યાયના ૪૫મા શ્લોકમાં આવતો 'આભીર' શબ્દ પણ કચ્છ માટે વપરાયેલ છે.

(૫) પુરાણો :

ડૉ. નાગજીભાઈ ભટ્ટી નીચે દર્શાવ્યાં પુરાણોમાં કચ્છ વિશે ઉલ્લેખ થયાનું જણાવે છે :

(૧) 'બ્રહ્માંડપુરાણ' (૨) 'મત્સ્યપુરાણ' (૩) 'માર્કંડેયપુરાણ' (૪) 'વામનપુરાણ' (૫) 'વાયુપુરાણ' (૬) 'વિષ્ણુપુરાણ' (૭) 'સ્કંદપુરાણ' (૮) 'ભવિષ્યપુરાણ'.

(૬) જૈન સાહિત્ય :

(૧) 'આચારાંગસૂત્ર' (૨) 'બૃહત્ કલ્પસૂત્ર', 'ભગવતી સૂત્ર', 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ'.

(૭) જૈનેતર સાહિત્ય :

(૧) 'મેઘદૂત' (૨) 'શિશુપાલવધ' (૩) 'રાજશેખર' કૃત 'કાવ્યમીમાંસા' (૪) 'કાન્હડદેપ્રબંધ'.

(૮) વિદેશી લેખકો - યાત્રીઓનાં પ્રવાસવર્ણનો :

(૧) 'પેરિપ્લસ'નો અજ્ઞાત લેખક (૨) મિસરનો વતની ક્લોડિયસ ટોલેમી (૩) ચીની મુસાફર હ્યુ એન સંગ

આ રીતે પ્રાચીન સમયના કચ્છના ઇતિહાસલેખન માટે ઉપયોગી થાય તેવી ઉપર દર્શાવેલ સાહિત્યિક, આભિલેખિક તેમ જ કચ્છમાં વિવિધ સ્થળે ઉત્ખનન થતાં જે પુરાવશેષો મળી આવ્યા છે તે પરથી કચ્છના રાજકીય તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસના લેખન માટે વિપુલ સાધનસામગ્રી ઉપલબ્ધ છે, તેના આધારે કચ્છના પ્રાચીન ઇતિહાસનું નિરૂપણ થાય તેમ છે.

ઇતિહાસની પૂર્વભૂમિકા

કચ્છના લખપત તાલુકામાં ઝારા ને ગુનેરી વચ્ચે ડુંગરની ધાર આવેલી છે. તેનું નામ 'ઉમિયા' છે. તેના પરથી ભારતીય ભૂસ્તરશાસ્ત્રમાં 'ઉમિયા-બેડ્સ' (Umia-Beds) શબ્દ જાણીતો છે. ત્યાંથી ગોન્ડવાના લેન્ડના આખરી કાળનાં ભૂ-પડ મળ્યાં છે. તેમાં છોડ-અસ્માવશેષોનું પણ અસ્તિત્વ છે. તેની નીચે જ્યુરાસિક પડ ગોઠવાયાં છે. આ જ્યુરાસિક પડોથી કચ્છનો ઘણો વિસ્તાર બંધાયો છે અને તે એટલો સરસ રીતે બંધાયો છે કે એમાં રહેલા દરિયાઈ જીવોના કોટલાના અવશેષ (મરીન ફૉસિલ્સ) અકબંધ મળે છે, એટલું જ નહીં, તેની ઘણી દુર્લભ જાતો પણ ત્યાંથી પ્રાપ્ત થઈ છે. ઝારાની

ધારમાંથી ડૉ. રાજનાથે અનેક જાતો શોધીને તેના પર પ્રકાશ પાડેલ છે. આ બંધારણને જ્યુરાસિક નામ એટલા માટે આપ્યું છે કે સૌથી પહેલાં આવા અવશેષો Jura Mountains, જે ફ્રાંસ અને સ્વિત્ઝરલૅન્ડ વચ્ચે આવેલા છે ત્યાંથી મળ્યા છે, જેથી જ્યુરા ઉપરથી તેનું નામ જ્યુરાસિક પડ્યું છે. જ્યુરાસિક ખડકોની ઉંમર બાર કરોડ એંસી લાખ વર્ષની ગણવામાં આવી છે. કચ્છમાંથી ગોંડવાનાના છેલ્લા અવશેષો મળ્યા તેને ગણતરીમાં લઈને તેને ૧૩ કરોડ વર્ષ જૂના ગણવામાં આવેલ છે. કચ્છમાંથી મળતો લિગ્નાઈટ જ્યુરાસિકમાંથી મળે છે. સને ૧૯૯૭માં માંડવી-(કચ્છ)ના ડૉ. પુલિન વસાને માંડવી તાલુકાના કોટડી મહાદેવપુરી વિસ્તારમાંથી ડાયનાસોરનું અશ્મિ થઈ ગયેલું ઈંડું મળી આવેલ. આ ઈંડાને ભૂસ્તરશાસ્ત્રીઓએ જ્યુરાસિક યુગનો ગણાવી તે ગાળાને ૧૫થી ૧૬ કરોડ વર્ષનો ગણેલ છે. ધોળાવીરામાંથી જ્યુરાસિક યુગનાં વૃક્ષોનાં ફૉસિલ્સ મળી આવેલ છે. તેને એમ. એસ. યુનિવર્સિટી – વડોદરાના ભૂસ્તરવિભાગના મુખ્ય તપાસકાર કે. સી. તિવારીએ તે અશ્મિને ૧૭.૬ કરોડ વર્ષ જૂનું હોવાનું જણાવેલ છે, જ્યારે ભૌતિક ભૂગોળમાં જ્યુરાસિક કાળ ૧૮ કરોડ વર્ષ પહેલાંનો ગણવામાં આવેલ છે. કચ્છના ખડકોનું સંશોધનકાર્ય સૌ પહેલાં કૅપ્ટન ગ્રાન્ટે શરૂ કર્યું હતું. ત્યાર પછી જિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાએ એ ખડકોની તપાસણી કરેલી. ભૂસ્તરશાસ્ત્રી વાઈનના મત પ્રમાણે કચ્છના જ્યુરાસિક યુગના થરોની જાડાઈ લગભગ ૬૩૦૦ ફીટ જેટલી ગણવામાં આવી છે. તેમાંથી ઉપલા ભાગના થરોની જાડાઈ ૩૦૦૦ ફીટ જેટલી માનવામાં આવે છે. એની ઉપરના થરનો મોટો ભાગ ખવાઈ ગયો છે. કચ્છ સિવાય ગુજરાતમાં બીજે ક્યાંય પણ જ્યુરાસિક યુગના ખડકો જોવા મળતા નથી. જ્યુરાસિક યુગના તીરોત્થિક (Coastal System) ખડકો કચ્છના ઘણા મોટા ભાગમાં છે. ઉપરાંત તેની જાડાઈ પણ ઘણી છે. જ્યુરાસિક વર્ગમાં ખડકોના વળ આખા કચ્છની લંબાઈએ પૂર્વ-પશ્ચિમ જાય છે અને ત્યાંથી પાછા ઉત્તરમાં કચ્છના રણના બેટોમાં નજરે પડે છે. જ્યુરાસિક યુગ એટલે સાડાબાવીસ કરોડથી સાડા-ઓગણીસ કરોડ વર્ષો પહેલાંનો સમયગાળો. આ રીતે ભૂશાસ્ત્રના નિષ્ણાતો દ્વારા જે રીતે જ્યુરાસિક-કાળની ઉંમર વધારાતી રહી છે તે જોતાં વેદોની કાલગણના જે જ્યોતિષની દૃષ્ટિએ તો ખરી ઊતરી જ છે અને સાંપ્રદાયિક રીતે પણ તેને સમર્થન મળ્યું છે.

ઇતિહાસ પર ભૌગોલિક અસર

એવા ભૂ-મંડલ પર વસેલા કચ્છનો ભાતીગળ ભૂતકાળ છે. એની પોતાની આગવી સંસ્કૃતિ છે. એને પોતાનો ઇતિહાસ પણ છે. અન્યત્ર જેમ ઇતિહાસ પર ભૌગોલિક પરિસ્થિતિનો પ્રભાવ રહ્યો છે તેમ કચ્છ પણ તેમાંથી બાકાત રહ્યું નથી. કચ્છના ઇતિહાસને ભૂગોળે કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેનો ખ્યાલ આ દેશની ભૌગોલિક સ્થિતિ, આબોહવા, ધરતીનું બંધારણ વગેરે ધ્યાને લેતાં આવી શકે તેમ છે. આ દેશના બરાબર મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે તેથી આ દેશની આબોહવા વિષમ રહી છે. દૂરના ભૂતકાળમાં આ દેશ સાંસ્કૃતિક ક્ષેત્રે ઉચ્ચ સ્થાન ધરાવતો હતો એમ એની ભૂ-ગત થયેલી માનવ વસાહતો પરથી જણાય છે. તેમ જ ધરતીકંપોના કારણે એની ભૌગોલિક સ્થિતિ પણ અવારનવાર બદલાતી રહેતી જણાય છે. સરસ્વતી અને સિંધુનાં નીરનાં વહેણ ખસી જવાં એ આ દેશમાં અવારનવાર થતા રહેલા ભૂકંપોનું પરિણામ છે. આ વહેણ ખસી જતાં કચ્છનાં નાનાં-મોટાં રણોનું સર્જન થયું. પશ્ચિમ અને દક્ષિણમાં દરિયો અને ઉત્તર તથા પૂર્વમાં રણે આ દેશની પ્રજાના જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ બધાં પરિબળોએ કચ્છી પ્રજાને રોજીરોટીની શોધમાં એક ગામથી બીજે ગામ અને ત્યાંથી અન્ય પ્રદેશોમાં અને પછી અન્ય રાજ્યોમાં અને છેવટે વિદેશની ધરતી પર પહોંચાડ્યા છે. આ પરિબળો તેના જીવનમાં અભિશાપ બનવાને બદલે અવસર બની રહ્યાં. લાચાર બનવાને બદલે એ સાહસિક બન્યો. અભાવની જિંદગીના કારણે એ બીજાનાં દુઃખ-દર્દ સમજતો થયો, તેથી દિલાવરી એના

જીવનનો એક ભાગ બની રહી. કચ્છ એની ભૌગોલિક પરિસ્થિતિના કારણે સંસ્કૃતિઓના સર્જન માટે સેતુ બન્યું છે. અવરજવર માટે સેતુ બનેલા કચ્છમાં બહારથી આવેલા લોકો વસ્યા, ભળ્યા અને ભાઈચારો શીખ્યા. આજે પણ અહીં ભાઈચારાની ભાવના ટકી રહી છે તેના કારણમાં આ દેશની ભૌગોલિક પરિસ્થિતિએ જ ભાગ ભજવ્યો છે. એક સમયના બન્નીના ઘાસિયા પ્રદેશોમાં વસતા લોકોના જીવનમાં રણની એકલતાએ જ એમના જીવનને કુદરત સાથે ઓતપ્રોત કર્યું, જેના પરિણામે આ વિસ્તારની હસ્તકલા-ભરતકામની અનોખી ભાત વિકસી. બન્નીનાં ઘાસિયાં મેદાનોએ અહીંના તેમ જ બહારના પશુધનને પૌષ્ટિક આહાર દ્વારા પોષ્યું છે, તો ક્યારેક વરસાદના અભાવે પોતાના પશુધનને બચાવવા માટે ઠેર-ઠેર રખડી-રઝળીને પણ આ વિસ્તારના પશુધનની આગવી ઓળખ ટકાવી શક્યા છે. આ રીતે કચ્છી પ્રજાના ઇતિહાસમાં ભૌગોલિક પરિબળોની વિપુલ અસર થવા પામી છે.

પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ

કોઈ પણ દેશનો જે સમય સુધીનો ઇતિહાસ મળે છે તેને ઐતિહાસિક કાળ કહે છે. તેથી પહેલાંના કાળને પ્રાગૈતિહાસિક (pre-historic) કાળ કહે છે. ઇતિહાસ એ મનુષ્યની સિદ્ધિઓની કથા છે. મનુષ્ય એ વિચારશીલ, ક્રિયાશીલ અને પ્રગતિશીલ પ્રાણી છે. એણે જે-તે સમયની જરૂરિયાત, તેની માનસિક અને શારીરિક શક્તિ અને ઉપલબ્ધ થયેલાં સાધનોના આધારે જુદે-જુદે વખતે જુદી-જુદી સિદ્ધિઓ પ્રાપ્ત કરી. અહીં જે મનુષ્યની વાત કરવામાં આવી છે તે મનુષ્ય, અંગ્રેજ ઇતિહાસકારોએ કે તેમનું માનનારા ઘણા વિદ્વાનોએ સ્વીકારી લીધું છે તે મુજબ ઘણાંખરાં પ્રાણી અલગ-અલગ પેદા થાય છે તેમ જ ઘણાંખરાં પોતાનું રૂપ જરા પણ બદલ્યા વગર મૂળથી જ જે ને તે સ્થિતિમાં છે. તેવી રીતે જ એક અન્ય વિદ્વાન હક્સલ કહે છે કે આદિ સૃષ્ટિથી લઈને વર્તમાન સુધી તેમના સ્વરૂપમાં સ્પષ્ટ વિકાર થયો હોય તેવું પ્રતીત થયું નથી. મનુષ્યે સમયે-સમયે જે સિદ્ધિઓ મેળવી તેની મળતી વિગતો પરથી ઇતિહાસ રચાય છે. આવી વિગતો મળવી મુશ્કેલ હોય અથવા તો મળે તે પણ નજીવી હોય કે જેથી સાલવાર વિગતો એકત્ર કરવાનું મુશ્કેલ બને ત્યારે તેવા સમયને પ્રાગૈતિહાસિક કાળ તરીકે ઓળખવામાં આવેલ છે.


ભારતવર્ષના ઇતિહાસના ઐતિહાસિક કાળનો આરંભ કયા વર્ષથી કરવો એ હજુ સુધી ચર્ચાનો વિષય રહ્યો છે, કારણ કે પુરાણોમાં રાજવંશો અને રાજાઓના રાજ્યકાળનાં ચોક્કસ વર્ષ ભાગ્યે જ આપવામાં આવ્યાં હોઈ એનો ચોક્કસ કાળનિર્ણય કરવો મુશ્કેલ છે. પરંતુ બૌદ્ધ અને જૈન પરંપરામાં બુદ્ધનિર્વાણ એ વીરનિર્વાણ સંવતના આરંભનો સમય આપ્યો છે તેને વિદ્વાનોએ માન્ય રાખ્યો છે અને તેથી બુદ્ધ અને મહાવીર તેમ જ એમના સમકાલીન રાજાઓનો સમય નક્કી કરી શકાયો છે. તેથી ભારતના ઇતિહાસનો સાલવારનો ક્રમ ઈ. સ. પૂર્વે ૬૦૦ની સાલથી થાય છે. આ સમય બુદ્ધના ઇતિહાસનો છે અને તે કંઈક ચોકસાઈથી નક્કી થઈ શક્યો છે. આથી પહેલાંની મળતી માહિતીઓ પરથી લોકજીવનનો ઇતિહાસ મેળવી શકાય છે, તેના પરથી તત્કાલીન સંસ્કૃતિનાં અનુમાનો કરી શકાય છે. ઇતિહાસ-આલેખનની આ પદ્ધતિ એ હેતુસર અહીં અપનાવવામાં આવેલ છે.

ભારતના ઇતિહાસની શરૂઆત માટે 'પાષાણ યુગ' એ શબ્દને કાળનિર્ણયની સરળતા માટે સ્વીકારવામાં આવેલ છે. ઇતિહાસકારોએ 'પાષાણયુગ'ના જુદાજુદા વિભાગો પાડેલા છે. 'એ કન્સાઈઝ હિસ્ટરી ઑફ ધ ઇન્ડિયન પીપલ'ના લેખકે તેના બે વર્ગ પાડેલા છે : (૧) ઓલ્ડ સ્ટોન એજ અને (૨) ન્યુ સ્ટોન એજ. જૂના 'પાષાણયુગ'નાં હથિયારો ખરબચડાં હતાં જ્યારે નવ-પાષાણયુગનાં વ્યવસ્થિત આકારવાળાં હતાં. આ યુગના લોકો માટીનાં વાસણો બનાવવાનું પણ શીખ્યા હતા. તેમણે શોધેલ ચાકડો આજે પણ એ જ રીતે વપરાશમાં છે. આ યુગના લોકો મૃતદેહને દાટતા હતા અને પાષાણવૃત અને મોટા પથ્થરોનો ઉપયોગ કરતા હતા. એવી કબરોને

'મેગાલિથ્સ' તરીકે ઓળખતા હતા. ક્યારેક મૃતદેહને માટીના વાસણમાં મૂકતા હતા. ભારતના સાંસ્કૃતિક ઇતિહાસના લેખકે તેને બે ભાગોમાં વિભક્ત કરેલ છે. તેમાંનો એક છે જૂનો પાષાણયુગ – Palaeolithic Age અને બીજો છે નવ-પાષાણયુગ – Neolithic Age. 'પ્રાચીન સભ્યતાઓંમેં વિજ્ઞાન એવં તકનીકી'ના લેખકે એના ત્રણ ભાગ પાડેલા છે : (૧) પૂર્વપાષાણકાળ (આજથી પાંચ-છ લાખ વર્ષ પૂર્વેથી લગભગ ૧૨૦૦૦ વર્ષ પૂર્વે), (૨) મધ્યપાષાણકાલ (પૂર્વપાષાણકાળ અને નવા પાષાણકાળ વચ્ચે કેટલાંક સ્થળોએ માનવસંસ્કૃતિ જે સંક્રાંતિકાળે પસાર થઈ તેને પુરાતત્ત્વમાં મધ્ય-પાષાણકાળ તરીકે ઓળખવામાં આવે છે અને (૩) નવ-પાષાણકાળ (આજથી ૧૦ હજાર વર્ષ પૂર્વે આરંભ)-રાજરત્ન ગોસ્વામી એના ચાર વિભાગ પાડે છે : (૧) પૂર્વપાષાણયુગ (આશરે બે લાખથી ૬૦ હજાર વર્ષ પૂર્વે), (૨) મધ્યપાષાણયુગ, (૩) અંતિમપાષાણયુગ અને (૪) નવપાષાણયુગ અને તામ્રપાષાણયુગ (આશરે ૭ હજાર વર્ષથી ૩ હજાર વર્ષ પૂર્વે).

હથિયારો ભુજોડી, ભુજ પાસેની ભૂખીનદી, લાખોંદ, કેરા, દેશલપર, મથલ વગેરે સ્થળોએથી મળેલ. અંતિમ પાષાણયુગનાં હથિયારો જેમાં મુખ્યત્વે બાણ અને ભાલાની અણીઓ મુખ્ય છે, તે અંજાર, રતનાલ, નાગલપર, બેરાજા, ભુજોડી અને મથલ ગામેથી મળ્યાં છે, જ્યારે નવપાષાણયુગનાં હથિયારો મળી આવ્યાં નથી. પણ આ યુગ સાથે અનુસંધાન કરતાં તામ્રયુગની સંસ્કૃતિ ધરાવતાં ઘણાં સ્થળો કચ્છમાં છે.

ભારતના બીજા પ્રદેશોની માફક ગુજરાતમાં પણ ઐતિહાસિક યુગ મૌર્ય શાસનથી શરૂ થાય છે. અશોકના પ્રખ્યાત શિલાલેખો ગિરનારના ખડકમાં કોતરાયેલા છે. તે પહેલાંના પ્રાચીન આનર્ત (ઉત્તર-ગુજરાત), સૌરાષ્ટ્ર અને ભૃગુકચ્છમાં વસેલા યાદવો અને વૈદિક કાળના બીજા લોકોની પ્રવૃત્તિઓના અસ્પષ્ટ અહેવાલો પુરાણોમાં મળે છે. પરંતુ તે પૌરાણિક અહેવાલોની માહિતીને આધારભૂત ગણતા નથી. આમ છતાં તે અહેવાલો ઐતિહાસિક અનુસંધાનમાં મદદરૂપ બની રહેતા હોઈ તે કાળને આદ્ય ઐતિહાસિક યુગ



કચ્છના પથ્થરયુગનાં હથિયારો

ઉપરના સમયગાળાનાં જે હથિયારો કચ્છમાં મળ્યાં છે તેમાં પૂર્વપાષાણયુગનાં હથિયારોમાં મુખ્યત્વે હાથ-કુહાડીઓ, ખૂરપીઓ, ફરસીઓ અને છોલણીઓ ભુજોડી, અંગિયા-ગામ પાસેની ભૂખીનદી અને ધરૂડ નદીના પટમાંથી મળેલ છે. મધ્યપાષાણયુગનાં

ગણવામાં આવે છે. પુરાવસ્તુવિદ્યાનાં કાર્યક્ષેત્ર અને પદ્ધતિ મર્યાદિત હોઈને પૌરાણિક યુગના ભૌતિક અવશેષોની ઓળખ શક્ય નથી. આમ છેલ્લેછેલ્લે વિવિધ સ્થળોએ થયેલા ઉત્ખનનથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સુસંસ્કૃત લોકોનો અહીં વસવાટ હોવાનું

જણાયું. પુરાતત્ત્વવેત્તાઓ અને ઇતિહાસકારોએ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં મળી આવેલા આવાં સ્થળોને સિંધુખીણની કે હડપ્પાની સંસ્કૃતિનાં સ્થળો તરીકે ગણેલાં છે. પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક યુગ વચ્ચેના એ ગાળાને આદ્ય-ઐતિહાસિક (photo-historic) યુગ ગણવામાં આવેલ છે. ચંદ્રગુપ્ત મોર્યે ગુજરાત જીત્યું ત્યારથી ગુજરાતમાં ઐતિહાસિક યુગની ગણના કરવામાં આવી છે.

સને ૧૮૧૯માં કચ્છમાં મોટો ધરતીકંપ થયો તે કારણે કચ્છની ભૌગોલિક પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફારો થયા. આ સંદર્ભે કચ્છના ભૂસ્તર, ભૂતળના અશ્મિભૂત પ્રાણીજ અવશેષો, ભૂતળના અશ્મિભૂત વનસ્પતિજ અવશેષો, ભૂકંપ, ખનીજ, કચ્છમાં રણ, પુરાતત્ત્વ, પુરાલેખન અને ઇતિહાસનો અભ્યાસ થયો. જેમ્સ મેકમર્ડો તથા એલેકઝાંડર બર્ન્સે રણવિસ્તારમાં રખડીને જાતમાહિતી મેળવી અહેવાલ તૈયાર કર્યો. બર્ન્સના 'ટ્રાવેલ્સ ઈન ટુ બોખારા' ભાગ-૩માં સિંધુ-નદીની પૂર્વશાખા અને કચ્છના રણ વિશે પ્રકરણ ૧૬માં વિસ્તૃત માહિતી જોવા મળે છે. ત્યાર બાદ કચ્છના ભૂસ્તરશાસ્ત્ર, જમીનનું બંધારણ અને જીવસૃષ્ટિને લગતા અને કચ્છના પુરાતત્ત્વના અભ્યાસમાં ઉપયોગી થાય તેવાં કેટલાંક પુસ્તકો પણ પ્રગટ થયાં જેમાં ખાસ કરીને – (૧) 'મેમોયર્સ ઑફ ધ જિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા'નું 'પેલીઆન્ટોલોજીઆ ઇન્ડિકા' નામનું થોમસ ઓલ્ડહામનું અને જ્યુરાસિક પથ્થરો વિશે ડૉ. વિલિયમ વેગનનું પુસ્તક, (૨) કચ્છના ભૂસ્તરીય બંધારણ બાબત ડબ્લ્યૂ. ટી. બ્લેનફોર્ડનું પુસ્તક, સને ૧૮૭૬, (૩) દલપતરામ ખખ્ખરનો 'કચ્છ પ્રાંતમાંના સ્થાપત્યકીય અને પુરાતત્ત્વીય અવશેષો', આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા સને ૧૮૭૯, (૪) સને ૧૮૧૯ અને સને ૧૮૯૭માં કચ્છમાં થયેલા ભૂકંપો સંદર્ભે જિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા સને ૧૯૨૬માં પ્રકાશિત થયેલ આર. ડી. ઓલ્ડહામનો ગ્રંથ 'મેમોયર્સ ઑફ ધ જિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા'. (૫) કચ્છના મહારાવશ્રી વિજયરાજજીના વિદ્યાગુરુ જ્યૉર્જ હ્યુબર્ટ સ્મિથની સને ૧૯૧૮માં કચ્છમાં મેષશૃંગી બાબતની પુસ્તિકા, સ્મિથના સને ૧૯૧૨થી ૧૯૧૫ દરમિયાન આ વિષય પરત્વેના લેખો, બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના અંકોમાં પ્રગટ થયેલા તે બધા લેખો ગુજરાતીમાં અનુવાદ થઈ તે સમયે અમદાવાદથી પ્રગટ થતા હરિનારાયણ આચાર્યના ત્રૈમાસિક 'પ્રકૃતિ'માં છપાયેલા. (૬) ડૉ. રાજનાથનો સને ૧૯૪૨નો The Jurassic Rocks of Kutch, Their Bearing on Some Problems of Indian Geology એ વિષય પરત્વે ૨૯મી ઇન્ડિયન કૉંગ્રેસમાં રજૂ કરેલ નિબંધ – આ બધાં સંશોધનો દ્વારા આજના કચ્છના કલેવરની જાણકારી મળે છે. ત્યાર પછીના વિદ્વાનોમાં રામસિંહજી રાઠોડે કચ્છની ભૂગોળ અને ભૂસ્તર વિશેની વિગતો તેમના ગ્રંથ 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં ઉદયન અને આખાણી એ વિષયના પ્રકરણમાં પાના ૧૪ તેમજ ૧૯ ૫૨ દર્શાવી છે. પણ આ અભ્યાસ પાછળનો ઉદ્દેશ મુખ્યત્વે કચ્છની ધરતીમાં રહેલ ખનીજસંપત્તિ માટેનો જણાય છે, તેથી તેમાં આદિમાનવ વિશે સ્પષ્ટ રીતે અભ્યાસ કે ઉલ્લેખ થયેલો નથી.

ગુજરાતનાં અન્ય સ્થળોની દૃષ્ટિએ કચ્છ આ પ્રકારનાં અભ્યાસ અને સંશોધન ક્ષેત્રે ઉપેક્ષિત રહ્યું હતું. તેથી કચ્છમાં પણ આ પ્રકારનાં સંશોધનો થાય તે માટે 'પથિક'ના તંત્રી માનસંગજી બારડે ગુજરાતના વિદ્વાનોને સને ૧૯૬૬થી ૧૯૭૦ સુધીનાં પાંચ વર્ષ સુધી દરેક જૂન મહિનાના આરંભે કચ્છમાં પ્રવાસ કરવાની સગવડ કરી આપી. આ પ્રવાસમાં કે. કા. શાસ્ત્રી, ડૉ. હસમુખલાલ ધીરજલાલ સાંકળિયા, ડૉ. નાગજીભાઈ ભટ્ટી અને અન્ય વિદ્વાનોએ જોડાઈને કચ્છમાં સંશોધનક્ષેત્રે ખૂબ જ સરસ કાર્ય કર્યું છે.

૧૯૬૬ના પ્રવાસ દરમિયાન જોયેલી વિગતોના આધારે કે. કા. શાસ્ત્રીએ 'પ્રાગૈતિહાસિક કચ્છ' નામના લેખમાં દેશલપર ગુંતલીના જૂના અવશેષોની વિગતો તેમ જ હડપ્પા સંસ્કૃતિની વિગતોની ચર્ચા કરી છે. સને

૧૯૬૭માં ડેક્કન કૉલેજ – પૂનાના પુરાતત્ત્વવિદોએ ભૂખીનદીના (નખત્રાણા તાલુકાના અંગિયા ગામે) કટાવવાળી કાંપની ત્રણ ફીટ ઊંચાઈ સુધીના સંશોધનમાં જમીનમાં જામી ગયેલા માટીના પડમાંથી ડોલેરાઈટની મોટી ફ્લેક્સ (પથ્થરની છોલરો) મેળવી. આ હથિયારો બૅસૉલ્ટ અને ચર્ટના બનેલા છે. તેમાંથી હાથ-કુહાડી, રંદા જેવી ઘસવા માટેની ફરસી-(સ્ક્રેપર્સ), ક્લીપર્સ (કુઠાર), ચૉપર્સ (છૂંદવાનાં હથિયાર) મળ્યાં. નખત્રાણા તાલુકાના દેશલપર ગુંતલી ગામની નજીક ગુંતલીના ગઢના મધ્યકાલીન અવશેષો પાસેથી ત્રણ હાથ-કુહાડીઓ મળી (જે કચ્છ સંગ્રહાલયમાં રખાયેલ છે) અને ભુજ તાલુકાના ભુજોડીગામ પાસેથી તેમજ બીજાં સ્થળોએથી ડૉ. ચિત્તલવાલાને હાથ-કુહાડીઓ, ખૂરપીઓ અને ફરસીઓ મળી આવી. તેમણે આ હથિયારોને આદ્ય પાષાણકાળના અંતિમ તબક્કાનાં માનીને અનુમાન કરેલ છે કે કચ્છમાં માનવવસવાટ કટકે નહીં પણ સળંગ અને ક્રમબદ્ધ થયો છે.

'પથિક'ના તંત્રી માનસંગજીભાઈ દ્વારા યોજાયેલા કચ્છના પ્રવાસમાં ડૉ. સાંકળિયાએ કચ્છમાં આદિ અશ્મયુગનાં હથિયારો નખત્રાણા તાલુકાના અંગિયાગામની ભૂખીનદીમાંથી શોધી કાઢ્યાં તે હથિયારોના કાળનિર્ણય અંગે તેમણે અમદાવાદની સાબરમતીનદીમાંથી મળી આવેલાં હથિયારો સાથે સરખામણી કરી, કચ્છમાં આદિ માનવના વસવાટનો સમય દોઢથી બે લાખ વર્ષ પહેલાંનો નક્કી કરી આપેલ છે.

ડૉ. એ. કે. ટંડને પણ ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ કચ્છનો અભ્યાસ કરેલ છે. ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે તેઓ 'કચ્છનું ભૂસ્તર' નામના તેમના એક લેખમાં પૃથ્વીની ઉત્પત્તિ અને તેમાં કચ્છના સ્થાન અંગે ચર્ચા કરતાં કહે છે કે પૃથ્વીની ઉત્પત્તિનો કાળ ૨થી ૩ અબજ વર્ષનો વૈજ્ઞાનિકોએ આંક્યો છે. અત્યાર લગી દુનિયામાં જૂનામાં જૂના ખડક માત્ર બે જગ્યાએથી જ પ્રાપ્ત થયા છે : (૧) ફિનલૅન્ડના કારેસિલામાંથી પ્રાપ્ત થયેલા ખડકોની ઉંમર ૧,૮૫,૦૦,૦૦૦ વર્ષની અને (૨) સાઉથ ડકોટા, (યુ.એસ.એ.)ની બ્લૅક હિલ્સ જે ૧,૪૬,૦૦,૦૦,૦૦૦ વર્ષ જૂનાં છે તે પરથી માનવાને કારણ રહે છે કે પૃથ્વીના પોપડાને બંધાયે બે અબજ વર્ષથી ઉપર નથી થયું. એ સમયને એના જન્મનો આંક લેખી શકાય. કચ્છના જન્મ અંગે કહે છે – પ્રોટેરોજાઈક યુગમાં ભારતના દક્ષિણ ભાગ તથા બંગાળનું અસ્તિત્વ હતું. તે ભારતીય જિયોલોજીમાં આરચીયન તરીકે ઓળખાય છે. એક જગ્યાએ પૃથ્વી પર જ્યારે ઉલ્કાપાત ચાલુ હતો ત્યારે બીજી બાજુ ભૂમિ અસ્તિત્વમાં આવી હતી તેમ ખડકના બંધારણ પરથી જણાયું છે. તે ખડકો ૫૦૦થી ૧૦૦૦ લાખ વર્ષ જૂના હશે તેવો અંદાજ કરાયેલ છે. જ્યારે ભારતની દક્ષિણ ભૂમિ તથા બંગાળ-ઓરિસ્સાના ભાગનું અસ્તિત્વ થયું ત્યારે ઉત્તરમાં હાલ જ્યાં હિમાલય છે ત્યાં મોટો ટેથીસ નામનો સમુદ્ર અસ્તિત્વ ધરાવતો હતો અને તેના નીચેના તળિયે આજુબાજુથી ધોવાઈ આવતી માટીના થરો જામતા ગયા અને બંધાતા ગયા તે ખડકોમાંથી કચ્છ જન્મ્યો છે; જ્યારે કચ્છમાં માનવ હસ્તી અંગે કહે છે કે કચ્છમાં માનવનું અસ્તિત્વ ક્યારે અને કેવું હતું તે જાણવું મુશ્કેલ છે. માત્ર એટલું જ જાણી શકાયું છે કે કચ્છમાં પાષાણયુગના અવશેષ છે અને પાષાણયુગ ૨૦ હજાર વર્ષથી માંડીને ૮૦૦૦ વર્ષ લગી દુનિયામાં રહ્યો છે. આ બાબતમાં ભારતના અગ્રિમ કોટિના પુરાવિદ્યાવિશારદ ડૉ. હસમુખ ધીરજલાલ સાંકળિયાને નખત્રાણાનાં અંગિયા-ગામની ભૂખી નદીમાંથી જે હથિયારો મળી આવ્યાં તે પરથી કચ્છમાં માનવવસવાટ દોઢથી બે લાખ વર્ષ પહેલાંનો નક્કી કરેલ છે તે પુરાતત્ત્વના સિદ્ધાંતો આધારે નક્કી કરાયેલ હોઈ તે માન્ય ગણાય.

છોટાલાલ મ. અત્રિએ કચ્છના પ્રાગૈતિહાસિક તથા આદ્ય ઇતિહાસ વિશે ભુજ મુકામે તારીખ ૨૭-૬-૧૯૮૧ના આપેલા વ્યાખ્યાનમાં પાષાણયુગનાં ઓજારો કચ્છમાંથી કયાંકયાં સ્થળેથી મળ્યાં તેની વિસ્તૃત ચર્ચા કરી, કચ્છનો આદિમાનવ ગુજરાતના અન્ય ભાગોના આદિમાનવ જેટલો જ પ્રાચીન હોવાનું

જણાવ્યું હતું. વિશેષમાં પોતાના વ્યાખ્યાનનું સમાપન કરતાં એમણે જણાવેલ કે –

"સિન્ધુ-ઘાટીની સભ્યતા અને હરપ્પીય સંસ્કૃતિની વાત કરતાં હું હંમેશાં આનંદ અનુભવું છું, કારણ કે મારા સંસ્કારમાં હું એની જીવંત પરંપરા અનુભવું છું. વિદેશી પુરાવિદો અને એમના દેશી શિષ્યોએ સિંધુ-ઘાટીની સભ્યતાના ધારકોને અભારતીય, અનાર્ય અને દ્રવિડ માન્યા. લોથલના ઉત્ખનક શ્રી રાવ એને આર્ય સંસ્કૃતિ માને છે અને હું ભારતીય અસુરોની સંસ્કૃતિ માનું છું. મારે મન આર્યો અને અસુરો વચ્ચે પાતળી ભેદરેખા છે. મને દેવસંસ્કૃતિ કરતાં પણ અસુરસંસ્કૃતિ વધુ સારી લાગી છે. મને લાગે છે કે જ્યાં-જ્યાં હરપ્પીય સંસ્કૃતિની વિશાળ વસાહતો હતી તેનાથી દૂર અને નજીક લઘુપાષાણ ઉપસ્કરને જ વાપરીને હરપ્પીયોની અન્ય બાબતમાં સ્પર્ધા કરતા કોઈ માનવોની વસાહતો પણ મળવી જોઈએ. એમનાં મોટાં નગર ન મળે તો એમને નાના માનવાનું જરૂરી નથી. સભ્યતા આધિભૌતિક વસ્તુ છે, સંસ્કૃતિ આધ્યાત્મિક."

આ ઉપરાંત તેમણે ભુજ ખાતે તારીખ ૨૭-૬-૧૯૮૧ના 'કચ્છનાં મહાપાષાણ સ્મારકો' વિશે આપેલા વ્યાખ્યાનમાં કચ્છમાંથી મળતાં આવાં સ્મારકોની પણ વિસ્તૃત છણાવટ કરેલી છે. સને ૧૮૭૯માં દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે દેશલપર ગુંતરી પાસેના અણઘડ પથ્થરનાં વર્તુલાકાર મૃત્યુ-સ્મારકોને લોકવાયકા પરથી 'સાત સાંધના પાળિયા' તરીકે ઉલ્લેખેલાં સ્મારકો, હકીકતમાં તો 'મેગાલિથીક સ્મારકો' હોવાનું જણાવેલ છે.

પશ્ચિમ તેમ જ ઉત્તર યુરોપમાંના વિશાળ પ્રમાણમાં અણઘડ પથ્થરોનાં મૃત્યુસ્મારકોને સહેલાઈથી ઓળખી શકાય તે માટે પુરાવિદોએ મેગાલિથ શબ્દનો ઉપયોગ શરૂ કર્યો હતો. મેગાલિથ મહાપાષાણ સ્મારકો એક જ પ્રકારનાં હોતાં નથી તેથી તેમને ઓળખી શકાય તે માટે તેમના નીચે પ્રમાણે પ્રકારો નક્કી કરવામાં આવ્યા છે : (૧) મેનહિર (MENHIR) એટલે પાષાણની એક જાડી-પહોળી-લાંબી અણઘડ શિલા. પાષાણ માટે અશ્મ શબ્દ વાપરવામાં આવે છે, તેથી એને એકાશ્મ પણ કહે છે. ક્ષત્રપો એને યષ્ટિ કહેતા હતા અને ઉચ્ચારફેરે તે લષ્ટિ થઈ ગયું ! ફ્રાન્સની એક બોલીમાં MEAN એટલે પાષાણ અને HIR એટલે લાંબો, એના ઉપરથી શબ્દ મેનહિર બનેલ છે.

ડૉ. પુલિન વસાએ કચ્છમાં વિવિધ સ્થળોએ આવેલાં મેગાલિથીક સ્મારકોની નોંધણી કરેલ છે. તેમણે નોંધેલી વિગતો પ્રમાણે આવાં સ્મારકોની વિગત નીચે પ્રમાણે છે :

૧. માંડવી તાલુકાના ગામ ગાંધીગ્રામના કબ્રસ્તાનમાં ૨'થી ૮'ના વ્યાસવાળી ગોળાકાર કબરો છે. કબ્રસ્તાનની વચ્ચમાં મોટા ઊંચા પથ્થરો ખોડવામાં આવ્યા છે, જેને મેનહિર કહે છે. આ સ્થળેથી સારા એવા પ્રમાણમાં નાનાંમોટાં ઓજારો, પતરીઓ વગેરે મળ્યાં છે, જેમને માઈક્રોલિથ કહે છે.

૨. માંડવી તાલુકાના બાયઠ ગામથી પદમપુર તરફ જતા રસ્તા પર ગામથી ૧ કિ.મી. દૂર એક મોટું કબ્રસ્તાન છે. તેમાં નદીના કિનારે ૩૦૦થી ૪૦૦ જેટલી કબરો ઉત્તર-દક્ષિણ-દિશામાં છે. કેટલીક કબરોના માથાના ભાગ પાસે સુંદર કોતરણીવાળી અર્ધગોળાકાર છીપર ગોઠવેલી છે. ઘણી કબરો નદીના વહેણમાં ધોવાઈ ગયેલી હોય તેવું જણાય છે. એક કબર પાણીના વહેણથી ધસી પડી છે અને તેના માથાવાળા ભાગ પાસે એક છીપરની નીચે ઊંધું વાળેલું માટલું પણ જોવા મળે છે. બધી જ કબરો નાનામોટા પથ્થરો ગોઠવીને બનાવાયેલી છે.

૩. માંડવી તાલુકાના ભોજાયથી કોટડી - નાગ્રેચા જતા રસ્તાના જોડાણ પાસે જમણી તરફના કબ્રસ્તાનમાં ૧૩ ગોળાકાર કબરો છે. અહીં પણ ૨'થી ૮' વ્યાસવાળા પાષાણ ગોળાકારો છે, જે પૂર્વ દિશાએ ખૂલે છે.

૪. ત્યાંથી ૭ કિ.મી. દૂર આવેલ કરોડિયા ગામની ત્રણ કબરો આવેલી છે. આમાંના જંગલથી કરોડિયા અને સાભરાઈથી કરોડિયાના રસ્તાના ત્રિકોણે આવેલા કબ્રસ્તાનમાં ૬થી ૮ ફૂટ ઊંચા મેનહિર પથ્થરોની હાર છે અને બાજુમાં ઉત્તર-દક્ષિણ કબરો છે. આ મેનહિરનો પથ્થર ખૂબ જ ખવાઈ ગયેલો છે.

૫. ત્યાંથી મંજલ (અબડાસા તાલુકો-રેલડીઆ મંજલ) જતાં મંજલથી એક કિ.મી. પહેલાં આવતી ટેકરી પર (રસ્તાની ડાબી તરફ) મોટા મેનહિરોની હાર દેખાય છે. પ્રથમ હારમાં ૧૧ મેનહિર, બીજી હારમાં ૭ મેનહિર છે. આ ટેકરીની બાજુમાં આવેલા તળાવ પછી બીજી એક ટેકરી છે ત્યાં પણ આ જ રીતે મેનહિર છે.

૬. રેલડીઆ મંજલથી વિંઝાણ તરફ જતાં રેલડીઆની બહાર ટેકરી પર એક ઊંચી મેનહિર જોવા મળે છે. કનકાવતી નદી પછીના રસ્તાની જમણી તરફ આવા જ મેનહિરની હાર જોવા મળે છે. વિંઝાણથી એક કિ.મી. અંતરે કનકાવતી-નદીને કાંઠે વિંધ્યવાસિનીદેવીનું મંદિર આવેલ છે. આ મંદિરથી અડધા કિ.મી. સુધીના રસ્તાની બન્ને બાજુએ બે મોટાં કબ્રસ્તાન છે તે પૈકી હાલ વપરાશમાં નથી તે કબ્રસ્તાનમાં ઘણી પ્રાચીન એવી ઉત્તર-દક્ષિણ પાથરેલી છીપરની ૪૦૦થી વધુ કબરો જોવા મળે છે.

ડૉ. વસાએ જોયેલાં તમામ સ્થળો એક ભૌગોલિક રેખામાં દરિયાકિનારાથી ૧૫-૨૦ કિ.મી.ના અંતરે સળંગ રેખાએ આવેલ છે. આ મેગાલિથીકો ઉપર ઉલ્લેખ કરાયેલા કયા વર્ગમાં આવે તે અંગે તેમણે કોઈ પ્રકાશ પાડેલ નથી, પણ ગોણિયાસરના મૃત્યુસ્મારકો સંબંધે તેમણે મધ્ય-પૂર્વમાંથી મળેલ કબરો અને અવશેષો ૫૦૦૦ વર્ષ જૂના હોવાનું જણાવેલ છે તે જોતાં તેઓ આ કબરો પણ તેટલી જ જૂની માનતા હોય તેવું જણાય છે.

છોટાલાલ અત્રિએ ભુજ તાલુકાના કનૈયાબે-ગામ નજીક અને અંજાર તાલુકાના કોટડા-ચાન્દ્રાણી-ગામ નજીક પાષાણવૃત જેવાં મહાપાષાણ-સ્મારક નજીક ઊભેલા એકાશ્મની જાડાઈમાં ક્ષત્રપકાલીન લેખ કોતરેલા જોયા છે. ક્ષત્રપો આવા એકાશ્મને યષ્ટિ કહેતા. તેમના અનુમાને કચ્છનાં મહાપાષાણ- સ્મારકોના જનક ક્ષત્રપો હતા. કચ્છનાં આવાં મેગાલિથીક સ્મારકોનો પદ્ધતિસરનો અભ્યાસ હાથ ધરાય તો જ એની પ્રાચીનતાનો સાચો ખ્યાલ આવી શકે. ક્ષત્રપ રાજાઓનો અમલ ઈ. સ. પૂર્વે ૭૦થી ઈ. સ. ૩૯૮ સુધી રહેલ. તે જોતાં કચ્છમાંનાં આવાં મેગાલિથીક સ્મારકો ઈ. સ. પૂર્વેની પહેલી સદીથી જૂનાં જણાતાં નથી. છો. મ. અત્રિએ નોંધ્યા પ્રમાણે તેમણે અંજાર તાલુકામાં આવેલ પિત્રા-તલાવડીની પૂર્વમાં મહાપાષાણ-સ્મારકોનાં પાષાણવૃતોની સાથોસાથ કેટલીક કબરો અને કબરઘાટના પથ્થરો પણ જોયાં હતાં. જેમાં કેટલાકને ફરતા પાષાણવૃતો હતાં. કેટલાંક પાષાણવૃતોમાં ઈસુની દસમી સદીનાં જણાતાં મંદિરોના રૂપકામયુક્ત શિલાખંડ વાપરેલા હતા. એનો અર્થ દસમી સદી પછી પણ પાષાણવૃતના નિર્માણની પરંપરા ચાલુ રહી હતી તેમ કહી શકાય.

ડૉ. પુલિન વસાએ કચ્છના માંડવી તાલુકાના નાની રાયણ ગામનો પુરાતત્ત્વીય અભ્યાસ કરેલ છે. આ સંબંધે તેમના પુસ્તક 'Nani Rayan' : The Mystery Unveiled' (An Archaeological Research of the Buried Civilization, Its Culture and Trade with the Outer World)ના પાના ૫૦ પર તેમણે અહીં ઈ. સ. પૂર્વે ચોથી સદીથી માનવવસવાટ હોવાનું નોંધેલ છે. કચ્છમાં ધોળાવીરા વગેરે ભૂ-ગત થયેલી અનેક વસાહતોના મળી આવેલા અવશેષો પરથી આ પ્રદેશમાં માનવવસવાટ અતિપ્રાચીનકાળથી હતો એમ સિદ્ધ થયેલ છે.

એમ. એસ. યુનિવર્સિટીના પુરાતત્ત્વવિભાગના વડા સોનાવણે એ સ્થળ પરથી મળી આવેલાં સિક્કા, ઈંટો અને અન્ય અવશેષોને ધ્યાને લઈને કહે છે કે આ બંદરે ઈ. સ. પૂર્વેની ત્રીજી સદીથી માંડીને ઈ. સ. પછીની

સાતમી સદી સુધી તેલ અને શરાબનો વેપાર થતો હતો. નદીકાંઠે આવેલ આ બંદર ૨૦૦૦ વર્ષ પહેલાં ધીકતું હતું. એમ. એસ. યુનિવર્સિટીનાં ડૉ. સુસ્મિતા સેનના જણાવ્યા પ્રમાણે અહીં ઈ. સ. પૂર્વેની ચોથી સદીથી ઈ. સ.ની ચોથી સદી સુધી આ સ્થળ મીનાનગર તરીકે ઓળખાતું હોવાની શક્યતા છે.

અહીંથી પશ્ચિમ-એશિયા તથા યુરોપ સાથે વેપાર ચાલતો હતો. એલેકઝાન્ડ્રિયાના ગ્રીક વેપારી દ્વારા લખાયેલ પુસ્તકમાં મીનાનગર એક નદી પરનું બંદર હોવાનો ઉલ્લેખ છે. મીનાનગર બંદર સિંધુનદી અને ભરૂચની વચ્ચે આવેલ હોવાનો ઉલ્લેખ થયેલ છે. પ્રાચીન નગરના લોકો ગ્રીક રાજા એલેકઝાંડર ધ ગ્રેટ સાથેની લડાઈ પછી ભારતમાં સ્થાયી થયેલા ગ્રીક ક્ષત્રપ તરીકે ઓળખાતા લોકો હોવાનું મનાય છે.

નવ-પાષાણયુગનાં હથિયારો કચ્છમાંથી મળેલ નથી તેની વાત ઉપર કહી છે. ('વલો કચ્છડો', પૃ. ૧૩) આ યુગમાં નાંદ જેવી માટીની કોઠીઓનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું 'એ કન્સાઈઝ હિસ્ટરી ઑફ ધ ઇન્ડિયન પીપલ'ના લેખક એચ. જી. રોલિન્સને ઉલ્લેખ કરેલ છે. આવી જ નાંદ (માટીની કોઠી) માંડવી તાલુકાના રાયણ ગામેથી મળી આવી છે. એટલે નવ-પાષાણયુગના પુરાવશેષો કચ્છમાંથી પણ મળી આવ્યા છે અને ધાતુયુગના આરંભિક તબક્કાના તામ્રયુગના પુરાવશેષો પણ ભચાઉ તાલુકાના શિકારપુર ગામે ઉત્ખનન થતાં ત્યાંથી મળી આવેલા છે. આવા પુરાવશેષોમાં તાંબાની છીણી, છરીનું પાનું તથા ચપ્પુનું પાનું વગેરે મળેલ છે.

ભારતમાં પુરાતત્ત્વનું ખેડાણ, અભ્યાસ અને શોધખોળના પ્રયાસો સને ૧૮૬૧થી શરૂ થઈ ગયા હતા. સરકારે આ કામ માટે મેજર જનરલ સર એલેકઝાંડર કનિંગહામની નિમણૂક કરી હતી. મેજર જનરલ કનિંગહામ લશ્કરી અધિકારી હતા, પણ સાથે-સાથે તે ભારતના પુરાતત્ત્વ, પ્રાચીન સિક્કાઓ, અભિલેખો અને ખરોષ્ટી લિપિના અભ્યાસી હતા. તેમણે અગાઉ ભારતનો પ્રવાસ કરી ગયેલા ચીની મુસાફર હ્યુ. એન. સંગ તથા ઈસંગના પ્રવાસવર્ણનમાં બતાવેલાં પ્રાચીન સ્થળોની ખોજ કરવાનું શરૂ કર્યું હતું, જેના પરિણામે તક્ષશિલા અને નાલંદાનાં વિશ્વવિદ્યાલયો પ્રકાશમાં આવ્યાં હતાં. કનિંગહામ નિવૃત્ત થતાં સરકારે તેમની પ્રાચીન વસ્તુઓની શોધખોળ અને તેના સંરક્ષણ માટે પુરાતત્ત્વ ખાતામાં નિમણૂક કરી. આ ક્ષેત્રે તેમને ભારતીય વિદ્વાન ભગવાનલાલ ઇન્દ્રજી તથા ડૉ. ભાઉ દાજીનો સાથ સાંપડ્યો. બર્ગેસ તથા કઝીન્સ પણ સાથમાં રહ્યા. તેમના પ્રયાસોથી મળેલા અવશેષો વગેરેથી જગતને ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતાનો ખ્યાલ આવ્યો. વીસમી સદીના પ્રારંભમાં ભારતના વાઈસરૉય લૉર્ડ કર્ઝને પુરાતત્ત્વના ક્ષેત્રે એન્શિયન્ટ મોન્યુમેન્ટ પ્રીઝર્વેશન ઍક્ટ અમલમાં મૂકીને ભારતનાં ઐતિહાસિક ખંડેરોની જાળવણી તથા ભારતના સાંસ્કૃતિક વારસાના જતન માટે ખૂબ જ મહત્ત્વનું કાર્ય કર્યું. ભારતના પ્રાચીન વારસાના જતન માટે તેઓ કૃતનિશ્ચયી હતા. તેમણે કહ્યું કે : 'It is in my judgement, equally our duty to dig and discover, to classify, reproduce and describe, to copy and decipher and to conserve.' 'એન્શિયન્ટ મૉન્યુમેન્ટ પ્રીઝર્વેશન ઍક્ટ' અમલમાં મૂકીને તેમણે ભારતના સાંસ્કૃતિક વારસાને નષ્ટ થતો બચાવ્યો. આ કાયદાના આધારે ત્યાર બાદ સ્મારકો, ખંડેરો વગેરેનાં નિરીક્ષણની કામગીરી શરૂ થઈ. સને ૧૯૦૨માં પુરાતત્ત્વના ડિરેક્ટર જનરલની નવી જગ્યા ઊભી કરવામાં આવી. તે જગ્યાએ સર જ્હૉન માર્શલની નિમણૂક કરવામાં આવી. ત્યારથી ભારતમાં પુરાતત્ત્વશાસ્ત્રનો ઝડપથી વિકાસ થયો.

સને ૧૯૨૧માં દયારામ સહાનીને પશ્ચિમ પંજાબના હડપ્પામાંથી અને સને ૧૯૨૨માં રાખાલદાસ બેનરજીને સિંધમાં એક બૌદ્ધ સ્તૂપનું ખોદકામ કરાવતાં જે કેટલીક વસ્તુઓ મળી આવી તે એવા અનુમાન તરફ દોરી ગઈ કે સિંધુનદીના વિશાળ મેદાનમાં કોઈ સભ્ય જાતિનો વસવાટ હોવો જોઈએ. ત્યાર પછી સર જ્હૉન માર્શલ, અર્નેસ્ટ મૅકે, ડૉ. સ્ટેઈન,

ડૉ. વોગેલ અને હરગ્રીવ્ઝ વગેરે અંગ્રેજ સંશોધકો તથા દયારામ સહાની, રાખાલદાસ બેનરજી, કે. એન. દીક્ષિત અને માધોસ્વરૂપ વત્સ વગેરે ભારતીય પુરાતત્ત્વવિદોના સહિયારા પ્રયાસોના કારણે ભારતનાં ઐતિહાસિક કેન્દ્રો હડપ્પા અને મોહેં-જો-દડો મળી આવ્યાં. આ શોધખોળે જગતને ખ્યાલ કરાવ્યો કે ભારતની સંસ્કૃતિ માનવામાં આવે છે તેમ માત્ર ૧૫૦૦ કે ૨૦૦૦ વર્ષની જ નથી પણ હજારો વર્ષ જૂની છે. આ શોધખોળના કારણે ભારતની પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસનું એક નવું જ પ્રકરણ શરૂ થયું. જે-તે સ્થળેથી મળી આવેલ પ્રાચીન વસ્તુઓ ઇરાક અને ઈરાનની પ્રાચીન સંસ્કૃતિ સાથે સામ્ય ધરાવતી હતી. એ સંસ્કૃતિઓ ઈસુથી ત્રણ-ચાર હજાર વર્ષ પહેલાંની મનાતી હતી. આ સંસ્કૃતિઓ સાથેના સામ્યના કારણે તેમ સ્વીકારી લેવાય તો આર્યો ભારતમાં ઈ. સ. પૂર્વે ૧૫૦૦માં આવ્યા હતા એવો મૅક્સમૂલરે ઘડી કાઢેલ સિદ્ધાંત ખોટો ઠરે તેમ હતું. તેથી અગાઉ નક્કી કરાયેલા સમયગાળાને વળગી રહેવા અને મૅક્સમૂલરના સિદ્ધાંતને સાચો ઠરાવવા માટે જ્હૉન માર્શલે એક કાલ્પનિક કથા જોડી કાઢી કે આર્યોએ બહારથી આવીને સિંધુખીણની સંસ્કૃતિનો નાશ કર્યો હતો. મોહેં-જો-દડોના એક ઓરડામાંથી મોટી સંખ્યામાં મળી આવેલા મૃતદેહો પરથી આર્યોના આક્રમણની અને મારી નાખ્યાની કાલ્પનિક કથા ઘડી કાઢવામાં આવી. પરંતુ એક પ્રશ્નનો ઉત્તર હજુ પણ મળેલ નથી કે જો યુદ્ધ થયું હોય તો સામા પક્ષે પણ થોડા-ઘણા માણસો મરાયા હોય. પણ અહીંથી જે હાડપિંજરો મળ્યાં તેમાં આર્યોનું એક પણ હાડપિંજર નથી. વળી આ યુદ્ધ થયું હોય તો આ યુદ્ધમાં આર્યોએ કેવા પ્રકારનાં હથિયારોનો ઉપયોગ કર્યો હતો તે પ્રશ્નનો જવાબ પણ મળતો નથી.

૧૯મી સદી સુધી અંગ્રેજોએ ઘડી કાઢેલી આ કાલ્પનિક કથા લોકપ્રિય થઈ શકી નહોતી. ઈ. સ. ૧૮૫૩માં માર્વેસે તો એવું કહ્યું હતું કે ભારત એ યુરોપની ભાષાઓ તથા ધર્મનો સ્રોત છે. પરંતુ એ વાતનો જો સ્વીકાર કરવામાં આવે તો ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા આપોઆપ સિદ્ધ થઈ જાય તેમ હોવાથી અંગ્રેજો એ વાત સ્વીકારવા તૈયાર નહોતા. વળી, ઈ. સ. પૂર્વે ૪૦૦૪માં આકાશ અને પૃથ્વીની ઉત્પત્તિ વિશે 'બાઈબલ'ના વિવેચનપૂર્ણ માહિતીકોશમાં કહેવાયેલી હકીકત પણ ખોટી ઠરે તેમ હતી, તેથી અંગ્રેજો ચૂપ રહ્યા. પણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે બ્રિટિશ સામ્રાજ્યના પાયા સુદૃઢ થયા ત્યારે પાશ્ચાત્ય વિદ્વાનોએ આર્યોના આક્રમણની કાલ્પનિક કથા ફરીથી વહેતી કરી દીધી. ભારતના વિદ્વાનોએ પણ અંગ્રેજોની એ કાલ્પનિક કથાનું સમર્થન કરવા માંડ્યું. પણ લાંબા ગાળા પછી હવે ભારતીય વિદ્વાનોને સમજાયું છે કે આર્યો બહારથી ભારતમાં આવ્યાના સિદ્ધાંત પર અંગ્રેજોએ ભારતના ઇતિહાસની રચના કરી છે તે સાચી નથી. આ સંબંધમાં વિદ્વાનોએ જુદા-જુદા લેખો દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરવા માંડ્યા. વિદેશી વિદ્વાનો પણ આ પ્રશ્ને આગળ આવ્યા. અમેરિકાની ન્યુ મૅક્સિકોમાંની અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ વૈદિક સ્ટડીઝના ડિરેક્ટર ડેવિડ ફાવ્લે ('સંદેશ'ના તા. ૧૧-૧૦-૨૦૦૬ના અંકમાં તે નામ ડૉ. ફાલી દર્શાવેલ છે.) ફેબ્રુઆરી ૧૯૯૯માં ભારત આવેલ ત્યારે દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં કરેલ પ્રવચનમાં આ વિષયની વિસ્તૃત ચર્ચા કરતાં જણાવેલ કે સિંધુખીણ સંસ્કૃતિને આર્યો પહેલાંની જાહેર કરવા પાછળ જે કેટલાંક કારણો હતાં તે મુખ્યત્વે ઓગણીસમી સદીની યુરોપીય સમજણના સાંસ્કૃતિક પરિસરના ભાગરૂપે હતાં કારણ કે મૅક્સમૂલરને અનુસરીને વિદ્વાનોએ નિર્ણય કર્યો હતો કે આર્યો ઈ. સ. પૂર્વે ૧૫૦૦ની આસપાસ ભારતમાં આવ્યા હતા. એટલે તેને વળગી રહેવા માટે આર્યોના આક્રમણની તથા આર્યોએ તે સંસ્કૃતિનો નાશ કર્યો હતો તેવી કલ્પનાને આગળ ધપાવી હતી. આર્ય આક્રમણવાદ એક વિભાજિત કલ્પિત કથાથી વિશેષ કાંઈ જ નથી.

ડૉ. પી. ટી. વર્તકે તેમના પુસ્તક 'સાયન્ટિફિક ડેટિંગ ઑફ મહાભારત' ભાગ- ૨માં મહાભારત યુદ્ધ ઈ. સ. પૂર્વે ૫૫૬૧ના ૧૬મી ઑક્ટોબરના શરૂ થઈ

ઈ. સ. પૂર્વે ૫૫૬૧ના બીજી નવેમ્બરે પૂરું થયાનું જણાવેલ છે. સિંધુ કે હડપ્પા સંસ્કૃતિનો સમય ઈ. સ. પૂર્વે ૪૫૦૦નો મનાય તોપણ મહાભારત યુદ્ધ તેનાથી પહેલાં થયેલ. 'મહાભારત'ની સંસ્કૃતિને વૈદિક સંસ્કૃતિ તરીકે ઇતિહાસે પણ માન્ય રાખી છે. વળી વૈદિક સરસ્વતીના શોધ-અભિયાને પણ નિશ્ચિત કરી આપ્યું છે કે ૮૦૦૦ વર્ષ પહેલાં સરસ્વતીને કાંઠે સમૃદ્ધ વસાહતો હતી. કુદરતી આપત્તિના કારણે વૈદિક સંસ્કૃતિને પોતાનું ઘર બદલવું પડ્યું અને તે સિંધુકાંઠે વિકસી. એટલે સિંધુખીણ કે હડપ્પાની સંસ્કૃતિ તરીકે ઓળખાવવામાં આવતી સંસ્કૃતિ એ ખોટું નામકરણ છે અને કાલગણના પણ ખોટી થયેલી છે.

અગાઉ કરવામાં આવેલ ઉલ્લેખો પ્રમાણે ભારતની વૈદિક સંસ્કૃતિ એ વિશ્વની સંસ્કૃતિઓમાં સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે એમ માત્ર ભારતીય વિદ્વાનો જ નથી કહેતા પરંતુ વિદેશી વિદ્વાનો પણ એમ જ કહે છે. આમ છતાં કેટલાક ભારતીય ઇતિહાસકારોની પશ્ચિમપરસ્તી હજી છૂટી નથી. પોતાના પુસ્તક "રીથિન્કિંગ ઇન્ડિયા'ઝ પાસ્ટ"માં આર. એસ. શર્મા વેદકાલીન ઇતિહાસને તદ્દન આત્મલક્ષી (સબ્જેક્ટિવ) રીતે જુએ છે અને પ્રાચીન ભારતની મહાનતા બહુ જ અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરે છે. દા. ત., દરેક ઝનૂની હિન્દુ રાષ્ટ્રવાદી એમ કહે છે કે હિન્દુસ્તાનમાં આર્યો બહારથી આવ્યા જ નથી. તેઓ જ ભારતના મૂળ રહીશો છે અને અહીંથી તેઓ ભારતની બહાર સર્વત્ર ફેલાયા હતા. અત્યારના ભારતના આદિવાસીઓને તેઓ વનવાસી કહે છે, કારણ કે તેમને માટે તો આર્યો જ ભારતના મૂળ વાસીઓ હતા. આર્યને તેઓ જગતની સર્વશ્રેષ્ઠ જાતિ માને છે. આ પુસ્તક ૨૦૦૯માં પ્રગટ થયેલ છે, પરંતુ તે પહેલાં જ નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતા 'સાહિત્ય-અમૃત'ના માર્ચ ૨૦૦૪ના અંકમાં (પાનાં ૩૭થી ૪૧માં) કૃપાશંકર સિંહનો પ્રગટ થયેલ આલેખ 'ઋગ્વેદિક આર્ય ઔર હડપ્પા સભ્યતા'માં પ્રો. રામશરણ શર્માએ તેમના ઉપર ઉલ્લેખ કરેલ પુસ્તકમાં દર્શાવેલ તમામ મુદ્દાઓ પરત્વે સવિસ્તર અને સપ્રમાણ વિવરણ કરતાં ડૉ. રામવિલાસ શર્મા તથા પ્રો. બી. બી. લાલનાં પુસ્તકોના સંદર્ભથી એ સિદ્ધ કરેલ છે કે હડપ્પા સંસ્કૃતિ એ કોઈ અલગ સંસ્કૃતિ નથી પણ વૈદિક સંસ્કૃતિ જ છે.

આ બાબતે વેદોનું અસ્તિત્વ એક મહત્ત્વનો પુરાવો બની રહે છે. હિંદુ સમાજ પ્રથમથી જ વેદોને અપૌરુષેય માને છે. કહે છે કે વેદ સૃષ્ટિની શરૂઆત સાથે જ થયા છે. અન્યોનું માનવું તે પ્રમાણે નથી. આ વિવાદને છોડી દઈએ તો કહેવું પડશે કે વેદો સાથેનો આપણો પરિચય લગભગ ૨૦૦ વર્ષ અગાઉ જ થયો છે. અંગ્રેજો ભારતમાં આવ્યા તે પૂર્વે લોકો માત્ર નામને જ જાણતા હતા અને કેટલાકને વેદો અંગે જો કાંઈ જ્ઞાન હતું તો તે માત્ર મંત્રો પૂરતું જ હતું. એના અર્થ સંબંધમાં ઘણા અજ્ઞાન જ હતા. દક્ષિણમાં તો અનેક એવાં પરિવાર હતાં જેમને વેદના મંત્રો વારસામાં મળતા આવ્યા હતા પરંતુ વેદના મંત્રોના અર્થને જાણનારા તો જૂજ જ હતા. આમ હોવા છતાં વેદના મંત્રોને યથાતથ અક્ષરોમાં અને ઉચ્ચાર તથા છંદમાં તેમણે જાળવી રાખ્યા હતા તેથી જ વેદો સુરક્ષિત રહી શક્યા હતા. તે માટે મૅક્સમૂલરે તેમના ગ્રંથ 'ઑરિજિન ઑફ રીલિજિયન'માં કહ્યું છે કે 'The texts of Vedas have been handed down to us with such accuracy that there is hardly a various reading in the proper sense of the word or even uncertain aspect in the whole Rigveda.'

જ્યારથી પાશ્ચાત્ય લોકોએ વેદવિષયક ચર્ચા શરૂ કરી ત્યારથી માંડીને હજી લગી વેદોના રચનાકાળ વિશે નિર્ણય કરી શકાયો નથી. વેદોના કાળ વિશે મૅક્સમૂલર તથા મૅકડોનલે તેને ઈ. સ. પૂર્વે ૧૪૦૦નો ગાળો ગણાવેલ છે, જ્યારે જેકોબીના મતે તે ગાળો ઈ. સ. પૂર્વે ૪૫૦૦નો છે. જ્યોતિષશાસ્ત્રના આધારે બાલ ગંગાધર તિલક તથા અન્ય વિદ્વાનો તે ગાળો ઈ. સ. પૂર્વે ૬૦૦૦નો ગણાવે છે. ભૂગર્ભશાસ્ત્રના આધારે 'ઋગ્વેદિક ઇન્ડિયા'ના લેખક દાસે તે ગાળો ૨૦,૦૦૦-

૨૫,૦૦૦ વર્ષ પહેલાંનો દર્શાવ્યો છે. વૈદિક લોકો તેને અનાદિકાળથી હોવાનું માને છે.

મૅક્સમૂલર તથા તેના શિષ્ય મૅકડોનલે તેમની ધારણા બૌદ્ધધર્મના આધારે કરી છે. બૌદ્ધધર્મના આધારે આ સમયગાળો ઈ. સ. પૂર્વે ૧૨૦૦નો હોવો જોઈએ તેમ માનેલ છે. પણ બુદ્ધ ઈ. સ. ૬૦૦થી પહેલાં આવતા હોવાથી તેમણે તે ગાળો ઈ. સ. પૂર્વે ૧૨૦૦ કે ૧૪૦૦નો જણાવવો પડ્યો અને તેનું કારણ એ પણ છે કે હ્યૂગો વિકલરને ઈ. સ. ૧૯૦૭માં એશિયા માઈનરના બોધજકોઈ નામના સ્થળેથી મળેલી માટીની પટ્ટિકાઓ પર ચેટ્ટાઈટ તથા મિતની રાજાઓ વચ્ચેની સંધિનો ઉલ્લેખ થયેલ છે અને તે સંધિ અતૂટ રહે તે માટે મિત્ર, વરુણ, ઇન્દ્ર વગેરે દેવતાઓના આશીર્વાદ માગવામાં આવ્યા છે. આ પટ્ટિકાઓ ઈ. સ. પૂર્વે ૧૪૦૦ની હોઈ મૅક્સમૂલર તથા મૅકડોનલને તેમની ધારણા ૧૨૦૦-૧૪૦૦ની કરવી પડી.

જ્યારે જેકોબીએ ઈ. સ. પૂર્વે ૪૫૦૦ માન્યાની તેમની ધારણા ઈરાની તથા ભારતીય આર્યો એ કાળે જુદા પડ્યા હતા તે પરથી હતી. વળી એમણે તો ઋતુઓના આધાર પર ગણતરી કરી ને તેના સમર્થનમાં 'ઋગ્વેદ'ની ઋચા ૭-૧૦૩-૯નો આધાર દર્શાવ્યો છે. આ ઋચામાં 'સંવત્સરે પ્રાવૃષિ આગતાયામ્' સંવત્સરની ગણનામાં વર્ષાઋતુ આવતાં 'જુગુષ: દ્વાદશસ્થ ઋતુમ્' સંવત્સરના જે બાર મહિના હોય છે તેના ક્રમમાં વર્ષાઋતુને પ્રથમ સ્થાન આપેલ. આ ગાળો ઈ. સ. પૂર્વે ૪૫૦૦નો હતો તેથી તેમણે 'ઋગ્વેદ'ને ઈ. સ. પૂર્વે ૪૫૦૦નો ગણેલ છે. જેકોબીના આ મતનું મૅકડોનલે જોકે ખંડન કર્યું છે પણ જેકોબીનો મત નીચેની વિગતો પર આધારિત છે. જ્યારે સૂર્ય ભૂમંડલ- રેખાથી દૂર હોય છે તે ગાળાને 'સોલસ્ટિસ' સમય કહે છે. એ બે વખત આવે છે – ગ્રીષ્મ તથા શરદમાં. ઉપર ઉલ્લેખ કરેલ મંત્રથી એવું જણાય છે કે 'ઋગ્વેદ' કાળમાં આ ગાળો વર્ષાઋતુમાં આવતો હતો. આમાં થતા પરિવર્તનને જ્યોતિષશાસ્ત્ર અનુસાર ૫-૬ હજાર સાલ લાગેલ હશે.

લોકમાન્ય તિલક 'ઋગ્વેદ'કાળ ઈસુથી ૭૦૦૦ વર્ષ પૂર્વેનો માને છે. આના આધાર તરીકે 'ગીતા'ના ૧૩મા અધ્યાયનો ૨૫મો શ્લોક દર્શાવે છે. ('માસાનાં માર્ગશીર્ષોઽહમ્ ઋતુનાં કુસુમાકઃ') માસોમાં માગસર છું એમ માત્ર 'ગીતા'માં જ નહિ, 'મહાભારત' (૧૦૬, ૧૦૯) વાલ્મીકિ 'રામાયણ' (૧૩-૧૬) તથા 'ભાગવત' (૧૧, ૧૬-૨૭)માં પણ એનો ઉલ્લેખ છે. આથી જણાય છે કે 'ઋગ્વેદ'કાળે મૃગશિરા-નક્ષત્રનું વિશેષ મહત્ત્વ હતું. આ મહત્ત્વનું કારણ એ હતું કે વસંત-સંપાત તથા શિશિર-સંપાત તે કાળે મૃગશિરા નક્ષત્રમાં થતા હતા.

ડૉ. અવિનાશચંદ્ર દાસ તેમના પુસ્તક 'ઋગ્વેદિક ઇન્ડિયા'માં ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૩૫૦૦૦થી ૩૦૦૦૦નો સિદ્ધ કરે છે. તેમના કથનનો આધાર 'ઋગ્વેદ'નો નીચેનો મંત્ર છે :

વાતસ્યાશ્વો વાયોઃ સખાથો દેવેષિતો મુનિઃ ।
ઉભૌ સમુદ્રાવા ક્ષેતિ યશ્ચ પૂર્વ ઉતાપરઃ ॥

(ઋ. : ૧૦-૧૩૬-૫)

એટલે કે દેવતાઓથી પ્રેરણા પામીને વાયુનો મિત્ર મુનિ વાયુને ઘોડો બનાવી પૂર્વ તથા પશ્ચિમ બન્ને સમુદ્રોને પહોંચી વળ્યો. પૂર્વ તથા પશ્ચિમના આ સમુદ્રો અંગે લેખકે સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે જ્યારે વૈદિક આર્યો સપ્તસિંધુદેશમાં આવી વસ્યા ત્યારે પંજાબની પૂર્વ તથા પશ્ચિમ બન્ને તરફ સમુદ્રો હતા. પશ્ચિમમાં તો આજે પણ છે. ભૂગર્ભશાસ્ત્ર અનુસાર પૂર્વમાં જ્યાં હાલ હિમાલય છે ત્યાં ૫૦૦૦૦ વર્ષ પૂર્વે સમુદ્ર હતો. ડૉ. દાસના કહેવા પ્રમાણે 'ઋગ્વેદ'માં તેને અપર સમુદ્ર કહેલ છે. આ વિગતે 'ઋગ્વેદ'નો સમયગાળો ઈ. સ. પૂર્વે ૫૦૦૦૦ વર્ષનો છે.

ઉપરની સપ્રમાણ વિગતોથી જણાય છે તે મુજબ વિશ્વની સંસ્કૃતિઓમાં ભારતની વૈદિક સંસ્કૃતિ સૌથી પ્રાચીન સંસ્કૃતિ છે. એટલે ભૂમિગત થયેલી સંસ્કૃતિ અને હરપ્પા કે સિંધુખીણની સંસ્કૃતિ એવું નામ આપવું એ મોટી ભૂલ છે. એ સંસ્કૃતિ પણ વૈદિક સંસ્કૃતિ જ હતી.

સને ૧૯૪૭માં ભારતનું વિભાજન થતાં હડપ્પા અને મોહેં-જો-દડો કે હડપ્પા કે સિંધુખીણની સંસ્કૃતિનાં મહત્ત્વનાં સ્થળો ગણાતાં હતાં તે ભૌગોલિક દૃષ્ટિએ પાકિસ્તાનમાં જતાં રહ્યાં. તેથી ભારતીય પુરાતત્ત્વવિદોએ આવાં સ્થળોની ભારતમાં શોધ આદરી. પરિણામે એવું જણાયું કે આ સંસ્કૃતિ માત્ર સિંધ કે પંજાબ પૂરતી સીમિત નહોતી પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતથી પણ આગળ વધીને નૈર્ઋત્યમાં સિમલાની ટેકરીઓ સુધી અને પશ્ચિમમાં વાયવ્ય સરહદના પ્રાંત વઝીરિસ્તાન અને બલુચિસ્તાન સુધી વિસ્તરેલી હતી, તો ઉત્તરી અફઘાનિસ્તાનના શેતુગાઈ નામના સ્થાન પર પણ સિંધુસંસ્કૃતિના મૃદ્ભાંડ (માટીનાં પાત્રો) મળ્યાં છે, કેમકે ઉત્તરી અફઘાનિસ્તાનથી લાજવર્દમણિ તથા મધ્ય એશિયાથી ટિનની આયાત થતી હતી, તેથી આ વિસ્તારમાં પણ સિંધુસંસ્કૃતિ વિસ્તરેલી હોવાની સંભાવના બતાવવામાં આવેલી છે. આ આખીય સંસ્કૃતિનો વ્યાપ લગભગ ૧૫ લાખ ચોરસ કિલોમીટરમાં પથરાયેલો છે, જે આપણને એવા નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે ઇજિપ્તની નાઈલ ખીણ, ટાઈગ્રીસ અને સુમેર એટલે કે આજના ઇરાકની યુફ્રેટિસ ખીણમાં વિકસેલી સમકાલીન સંસ્કૃતિઓ કરતાં સિંધુખીણના નામે ઓળખાવાયેલી પણ વાસ્તવમાં વૈદિક સંસ્કૃતિ ઘણી વિશાળ હતી. આજ સુધી લગભગ ૧૪૦૦ જેટલાં સ્થળો મળી આવ્યાં છે જેમાંથી ૯૧૮ ભારતમાં, ૪૮૧ પાકિસ્તાનમાં અને ૧ અફઘાનિસ્તાનમાં છે.

સંવત ૧૯૮૯ના અષાઢ મહિનાના 'પ્રસ્થાન'ના અંકમાં હસમુખ ધી. સાંકળિયાના કહેવા પ્રમાણે સિંધુ-સંસ્કૃતિની લિપિનું સંપૂર્ણ જ્ઞાન હજુ સુધી મળ્યું નથી, પણ તે અંગે કેટલાંક અનુમાનો થયેલાં છે. બેબીલોનની ક્યુનિફોર્મ કે મિસરની હાઈરેટિક કે ચીનની લિપિ જેવી આ લિપિ નથી, પણ હજુ ચિત્રપલ્લવી અવસ્થામાં છે, એટલે અક્ષરોને બદલે જાતજાતનાં ચિત્રો કોતરેલાં છે. આધુનિક ફારસી લિપિની માફક આ લિપિ દક્ષિણથી ઉત્તર તરફ લખાતી. પણ ઘણી વાર એ બોસ્ટ્રોફીડન એટલે પહેલી લીટી દક્ષિણથી ઉત્તર તરફ અને બીજી લીટી ઉત્તરથી દક્ષિણ તરફ પણ લખાયેલી છે. ચિહ્ન, શબ્દો નહીં પણ અક્ષરોને સ્થાને જ વપરાયેલાં હોવાં જોઈએ. આ લિપિના સંબંધમાં પ્રો. લેન્ગડન, ભારતવર્ષની પ્રાચીન લિપિ બ્રાહ્મી અને સિંધુલિપિની સરખામણી કરતાં કહે છે કે બ્રાહ્મીલિપિ ચિત્રપલ્લવી સિંધુલિપિમાંથી ઉપજાવેલી છે અને જો આ સિંધુ બુદ્ધના સમયની લિપિમાંથી પરિણમી હોય તો પ્રાચીન આર્યોને સિંધુસંસ્કૃતિ સાથે ઘણો ગાઢો સંબંધ હોવો જોઈએ અને આ અનુમાનને આધારે તો કહેવું જ પડે કે ભારતવર્ષના આર્યો ઇતિહાસ કહે છે તેના કરતાં બહુ પ્રાચીનકાળના હોવા જોઈએ. સંભવ છે કે ઇન્ડો-જર્મનિક માનવ-શાખાના એ જૂનામાં જૂના પ્રતિનિધિ હોય. હોલૅન્ડના લિડન શહેરમાં ઑરિએન્ટલ સ્ટડીસની કૉન્ફરન્સમાં બનારસ હિંદુ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. પ્રાણનાથે મોહેં-જો-દડોની લિપિ વિશે એવો અભિપ્રાય આપેલ કે મિનોયન, પ્રોટો-ઈલેમાઈટ, જે ઈરાનના સૌથી જૂના શિલાલેખો છે તે મોહેં-જો-દડોમાં મળી આવેલી ઈંટો પરની લિપિ જેને સૌન્ધવલિપિ કહે છે તેમાં લખેલા છે.

પણ ડૉ. રજનીકાંત પંતના પુસ્તકની વિગતે, સર્વપ્રથમ ૧૯૨૮માં એલ. એ. વૈડેલે આ લિપિને વાંચવાનો પ્રયાસ કર્યો. તેમણે સુમેરી સંસ્કૃતિના લોકોને આર્ય માનીને તેમને જ આ સિંધુસંસ્કૃતિના નિર્માતા માન્યા છે. સિંધુલિપિની સુમેરી લિપિથી તુલના કરતાં તેમણે વેદ, 'રામાયણ', 'મહાભારત'માં ઉલ્લેખિત અનેક મહાપુરુષોનાં નામ સિંધુલિપિમાં શોધી કાઢ્યાં. ૧૯૭૧માં ઑક્સફર્ડના પ્રોફેસર એસ. લેંગ્ડન તથા બ્રિટિશ મ્યુઝિયમના સી. જે. મેડસ અને સિડની સ્મિથે આ ભાષાની લિપિને સંસ્કૃત માની તેને વાંચવાનો પ્રયાસ કર્યો. તે રીતે પ્રાણનાથ(૧૯૩૧)માં આ લિપિનું ધ્વનિનિર્ધારણ કરવાના હેતુથી તેને બ્રાહ્મીલિપિ સાથે તુલના કરી. તેમનું માનવું છે કે એમાં અક્ષર વ્યંજન છે અને કેટલાક પર સ્વરમાત્રાઓ લાગેલી છે. લિપિની ભાષા સંસ્કૃત કે પ્રાકૃત છે. સ્વામી શંકરાનન્દે (૧૯૪૩) સૈંધવ સંસ્કૃતિને આર્ય સંસ્કૃતિ અને લિપિને તાંત્રિક

ચિહ્ન માની. પ્રો. બેનીમાધવ બરૂઆ પણ તેને તાંત્રિક ચિહ્ન માને છે, પણ તેમનો મત શંકરાનન્દથી જુદો છે. કૃષ્ણરાવે સિંધુ-લિપિની ભાષાને સંસ્કૃત માની છે, જ્યારે સુધાંશુકુમાર રાયે (૧૯૬૩) તેને આદિ બ્રાહ્મીની મૂળ લિપિ માની. ટી. એન. રામચન્દ્રે તેનો વૈદિક કર્મકાંડ સાથે સંબંધ દર્શાવ્યો. આ ઉપરાંત અનેક વિદ્વાનોએ તેને ઉકેલવા માટેના પ્રયાસો કર્યા છે. આ વિદ્વાનોની નામાવલી તથા તેમણે કરેલ પ્રયાસોની પૂરતી વિગતો ડૉ. રજનીકાંત પંતે તેમના પુસ્તક 'પ્રાચીન સભ્યતાઓં મેં વિજ્ઞાન એવં તકનીક'માં દર્શાવેલ છે. વિશેષમાં તે નોંધે છે કે આ લિપિની વાચના સંબંધમાં એક મહત્ત્વપૂર્ણ તથ્ય હંમેશાં યાદ રાખવું જોઈએ કે આ લિપિમાં જે લેખ છે તે ઘણા જ નાના છે. અથાક પ્રયાસને અંતે કદાચ કોઈ વિદ્વાન તેને વાંચવામાં સફળ થાય તોપણ તેમાંથી ઇતિહાસ-આલેખનમાં ખપ લાગે એવી મહત્ત્વપૂર્ણ માહિતી ભાગ્યે જ મળે, કારણ કે આ નાનાનાના લેખમાં વિશેષ અભિવ્યક્તિની કોઈ જ ગુંજાશ નહીં હોય. એમાંથી વ્યક્તિઓનાં નામો, કદાચ પદ, પિતા, સંસ્થાનું નામ અથવા તો ધાર્મિક તંત્રમંત્ર જ હશે. તોપણ તેની વાચના આજે પણ કસોટી બની રહી છે.

હસમુખ સાંકળિયાના જણાવ્યા પ્રમાણે બનારસ હિંદુ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. પ્રાણનાથે મોહેં-જો-દડોની લિપિ વિશે હોલેન્ડના લિડન શહેરમાં મળેલ ઑરિએન્ટલ સ્ટડીસની કૉન્ફરન્સમાં જણાવેલ કે મિનોયન, પ્રોટો ઈલેમાઈટ, જે ઈરાનના સૌથી જૂનામાં જૂના શિલાલેખો છે તે મોહેં-જો-દડોમાં મળી આવેલી ઈંટો પરની લિપિ, જેને સૈન્ધવ લિપિ કહે છે, તેમાં લખેલા છે.

ધોળાવીરામાંથી મળેલ પાટિયા પરના લખાણની વાચના હરપ્પન લિપિના નિષ્ણાત ગણાતા નટવર જહાએ કરેલ છે. તેમણે આ લખાણનો અર્થ 'આ નગર ઘોડાઓની માલિકીનું છે.' એ પ્રમાણે કરેલ છે. જોકે આ અર્થ વિદ્વાનોએ માન્ય કરેલ નથી, કારણ કે હજી સુધી તે લિપિ ઉકેલી શકાઈ નથી. આ સંબંધમાં જર્મન લેખક અને ફિલૉસોફર એગ્બર્ટ રિશરેનું એક પુસ્તક 'ધી ઇન્ડસ એન્ડ ધી ઋગ્વેદ' પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તકમાં તેમણે દાખલા સાથે એવું પુરવાર કર્યું છે કે પાટિયા પરની ચિત્રલિપિવાળા લખાણની ભાષા 'ઋગ્વેદ'ની પ્રાચીન વૈદિક સંસ્કૃત છે અનેક મુદ્રાઓ તથા પટ્ટિકાઓને તેમણે 'ઋગ્વેદ'ના સૂક્તોમાં મળી આવતી ઋચાઓ સાથે સરખાવી તાલમેલ બેસાડેલ છે. ધોળાવીરાના એ બોર્ડ પર ૯ ચિહ્નો છે અને ચાર ચિહ્નો ભૂંસાઈ ગયાં છે. સંબંધિત લખાણનો અર્થ કરતાં તે કહે છે કે 'ઋગ્વેદ'માં લગભગ ત્રીજા ભાગની ઋચાઓ સોમરસ અને સોમયાગ વિશેની છે. તેના પ્રધાન દેવતા ઇન્દ્ર છે. કથા એવી છે કે શ્યેન એટલે કે બાજપક્ષી સોમના છોડને આકાશમાંથી પૃથ્વી પર લાવી રહ્યું હતું. ત્યારે ક્રિશ્નાઉ નામના ધનુર્ધારીએ તેને તીર મારી ઘાયલ કર્યું એટલે તે પૃથ્વી પર આવી પડ્યું. આ સોમરસ પીને જ ઇન્દ્રદેવતાએ અતુલ્ય બળ પ્રાપ્ત કરી વૃત્રાસુર પર વિજય મેળવ્યો હતો. રિશરે 'ઋગ્વેદ'ના ચોથા મંડળના ૨૭મા સૂક્તની ચોથી ઋચામાં સોમ વિશે જે કહેવાયું છે તેને ધોળાવીરાની ઉપરોક્ત તકતી સાથે સાંકળ્યું છે. 'ઋગ્વેદ'ની ઉલ્લેખ કરવામાં આવેલ ઋચા ૪ તથા ૫નો અર્થ જે રીતે કરવામાં આવેલ છે તે રીતે થતો નથી. ચોથા મંડળનું ૨૭મું સૂક્ત જીવના ગુણો વિશે છે. ઋચા ૪ તથા ૫નો અર્થ નીચે પ્રમાણે કરવામાં આવેલ છે : 'હે મનુષ્યો ! જેમ બાજપક્ષીને પોતાના પુરુષાર્થથી ઘણો ભોગ પ્રાપ્ત થાય છે અને તે ઝડપથી ચાલે છે તેવી રીતે પુરુષાર્થ કરનાર માણસ ઘણા સુખને પામે છે. (૪) નિયમિત આહાર-વિહાર કરનાર શૂરવીર અહિંસક જનને સદાય વિજય મળે છે.'

૬. આદ્ય ઐતિહાસિક કચ્છ

નરેશ અંતાણી

માનવ-ઇતિહાસના પ્રથમ તબક્કાનો પ્રાગૈતિહાસિક માનવ આ પ્રદેશમાં વિચરતો હતો તેના પુરાવા પુરાતત્ત્વવિદોને અહીંથી પ્રાપ્ત થયા છે. માનવ-ઇતિહાસનો તે પછીનો તબક્કો 'આદ્ય ઐતિહાસિક માનવ'નો છે. તેના નોંધપાત્ર પુરાવા પણ કચ્છમાંથી પ્રાપ્ત થયા છે.


સંસ્કૃતિ અને સભ્યતાની વ્યાખ્યા વિદ્વાનોએ જુદી-જુદી રીતે આપી છે, પણ આ બંને અર્થનો ઉપયોગ આદ્યસંસ્કૃતિની પ્રવૃત્તિ માટે થયેલો છે, કારણ કે તેમાં બંને લક્ષણોનું મિશ્રણ છે. આદ્ય માનવની આ પ્રવૃત્તિ સર્વપ્રથમ હરપ્પીય સંસ્કૃતિ તરીકે ઓળખાતી. પરંતુ આ સંસ્કૃતિનો વ્યાપ સિંધુનદીના તીરે વિશેષ થયેલો હોઈ તેને સિંધુનદીની સભ્યતા કે સિંધુઘાટીની સંસ્કૃતિ પણ કહેવામાં આવી, પરંતુ આ સંસ્કૃતિનો ફેલાવો વિશાળ હોઈ આ નામ પણ તજ્જ્ઞોને યોગ્ય ન જણાતું હોઈ હરપ્પીય નામ ચાલુ રાખ્યું છે. સંસ્કૃતિના પ્રસારને રાજકીય સરહદો બાધારૂપ નથી બની શકતી. આ સંસ્કૃતિ ઉત્તરમાં ભારત બહાર છેક અફઘાનિસ્તાનથી ભારતમાં દક્ષિણ ગુજરાત તથા મહારાષ્ટ્રના કેટલાક પ્રદેશ સુધી તથા પૂર્વ-પશ્ચિમમાં દિલ્હીથી મકરાણ સુધી ફેલાયેલી હતી. આવી મહાન સંસ્કૃતિનાં કુલ ૧૪૦૦ સ્થળો નોંધાયેલાં છે, જેમાંથી ૬૦૭ જેટલાં સ્થળો ગુજરાતમાં આવેલાં છે. આ સ્થળોમાંનાં કેટલાંક મહત્ત્વનાં સ્થળો કચ્છમાં આવેલાં છે.

હરપ્પીય સભ્યતાનો સમય ઈ. સ. પૂર્વે ૨૫૦૦થી ઈ. સ. પૂર્વે ૧૯૦૦ સુધીનો ગણવામાં આવે છે. કચ્છમાં આવેલ હરપ્પીય સ્થળોનો અભ્યાસ કર્યા બાદ ડૉ. બિસ્ત એવા તારણ પર આવ્યા છે કે આ છસો વર્ષ દરમિયાન કચ્છમાં હરપ્પીય સભ્યતાના લોકોનો વસવાટ હતો.

ધોળાવીરા, શિકારપુર, પાબુમઠ, દેશલપુર, સુરકોટડા, નેત્રા, ખીરસરા, કાનમેર, કુરન, કોટડા, ભડલી, મેઘપર, સેવકીયા અને ચિત્રોડ કચ્છમાં આવેલાં મહત્ત્વનાં હરપ્પીય સ્થળો છે. આ સ્થળોમાંથી જ્યાં ઉત્ખનન કરવામાં આવ્યું છે તેમાંની ધોળાવીરા વસાહતની વિગત તપાસીએ.

ધોળાવીરા :

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખડીર-બેટ તરીકે ઓળખાતા વિસ્તારમાં ઉત્તર-પશ્ચિમ-દિશામાં ધોળાવીરા નામનું ગામડું આવેલ છે. ભુજથી તેનું અંતર ૨૫૦ કિ.મી. છે. ધોળાવીરા ગામથી ઉત્તર-પશ્ચિમમાં એક કિલોમીટર દૂર પ્રાચીન ટીંબો આવેલ છે. ટીંબો બે ભાગમાં વહેંચાયેલો છે. સ્થાનિક લોકો આને 'કોટડા' અને 'બજાર' તરીકે ઓળખે છે. પરંતુ તે



ધોળાવીરા

સંયુક્ત ટીંબો હવે કોટડા કે બજારને બદલે ફક્ત 'ધોળાવીરા' તરીકે ઓળખાય છે. હરપ્પા સંસ્કૃતિનાં પાંચ મોટાં શહેરોમાં ધોળાવીરાની ગણતરી થાય છે.

આ પાંચ શહેરોમાંથી ત્રણ ગનેરીવાલ, હરપ્પા અને મોંહે-જો-દડો પાકિસ્તાનમાં આવેલાં છે, જ્યારે અન્ય બે ભારતમાં રાખીગઢ (હરિયાણા) અને ધોળાવીરા કચ્છ(ગુજરાત)માં આવેલ છે.

આ ટીંબાની સર્વપ્રથમ શોધ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના અધિકારી શ્રી જગતપતિ જોશીએ સને ૧૯૬૭-૬૮માં કરી. ત્યાર બાદ ગુજરાતના પુરાતત્ત્વ-ખાતાએ સને ૧૯૭૦માં તેનું વિશેષ સર્વેક્ષણ કરી પ્રાથમિક અહેવાલ તૈયાર કરેલો. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના અધિકારી ડૉ. રવીન્દ્રસિંહ બિસ્તે સર્વેક્ષણનાં પરિણામોથી પ્રભાવિત થઈ આ વસાહતનું મોટા પાયે ઉત્ખનન હાથ ધર્યું. સને ૧૯૯૦થી સને ૧૯૯૭ સુધી આ ટીંબા પર સતત ઉત્ખનન ચાલુ રહ્યું અને જે માહિતી ઉપલબ્ધ થઈ તે સમગ્ર વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિમાં માન મેળવે તેવી હરપ્પાકાલીન સંસ્કૃતિ હતી.

ધોળાવીરાની ભૌગોલિક સ્થિતિ વિશિષ્ટ છે. ઉત્તરમાં સિંધ અને દક્ષિણમાં સૌરાષ્ટ્ર સુધી તેના વ્યવહારો હતા. ધોળાવીરાની નગરરચના પણ પ્રાકૃતિક પરિસ્થિતિને લક્ષમાં લઈને કરવામાં આવી છે. નગરની ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનહર નામનાં બે કુદરતી ઝરણાં વહે છે. નગર કિલ્લેબંધ હતું. નગર ફરતે બાંધવામાં આવેલ ગઢની લંબાઈ ૭૭૧ મીટર અને પહોળાઈ ૬૫૬.૮૦ મીટરની હતી. નગરનો પૂર્વથી પશ્ચિમ તરફનો ઢાળ લગભગ ૧૩ મીટર જેટલો હતો.

આ નગરમાં ત્રણ કિલ્લા હતા. સમગ્ર નગરને આવરી લેતો એક કિલ્લો, બીજો તેની અંદર આવેલ મધ્ય-નગર ફરતે કિલ્લો અને ત્રીજો રાજમહેલને સુરક્ષા પ્રદાન કરતો કિલ્લો. આ ત્રણેને પાણી મળી રહે અને સાથે પાણીનો નિકાલ પણ થાય તેવી વ્યવસ્થા વિચારવામાં આવેલી. કુદરતી ઢોળાવનો પોતાને અનુકૂળ આયોજન કરી ઉપયોગ કરી લેવામાં આવેલ છે.

નગરના મુખ્ય કિલ્લાની અંદરની જગ્યાનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. કિલ્લાના મુખ્ય બે દરવાજા પૂર્વ અને ઉત્તરમાં કરવામાં આવેલા છે. કિલ્લાની અંદર ત્રણ વિભાગ છે, જે જે-તે સમયની સામાજિક અને સંભવતઃ રાજકીય પરિસ્થિતિ મુજબ હશે. આ ત્રણ વિભાગ એટલે દુર્ગયુક્ત રાજમહેલ, મધ્યનગર અને નિમ્નનગર.

રાજમહેલ :

કિલ્લાની દક્ષિણ-પશ્ચિમ-દિશામાં સમગ્ર નગર પર નજર રહી શકે તેવો દુર્ગયુક્ત મહેલ આવેલો છે, જે શાસકનું રહેઠાણ હોવાનો સંભવ છે. આ મહેલ સૌથી ઊંચી જગ્યા પર અને અભેદ્ય કહી શકાય એટલી જાડી દીવાલથી સુરક્ષિત છે. મહેલનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમ ૩૦૦ મીટર અને ઉત્તર-દક્ષિણ ૧૪૦થી ૧૬૦ મીટરનો છે. દીવાલોની આંતર-બાહ્ય રચના યુરોપીય કિલ્લા(Citadel)ની યાદ અપાવે છે. મહેલના આ ટીંબાની ઊંચાઈ ૧૮ મીટર છે.

મધ્યનગર :

રાજમહેલની ઉત્તરમાં મહેલથી થોડે અંતરે મધ્ય-નગર આવેલું છે. મધ્યનગરનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમ ૩૬૦ મીટર અને ઉત્તર-દક્ષિણ ૨૫૦ મીટરનો છે. આ નગર પણ કિલ્લાથી સુરક્ષિત છે. મહેલ તથા નિમ્ન-નગર વચ્ચે થોડી ખુલ્લી જગ્યા છોડવામાં આવી છે. મધ્યનગરના ટીંબાની ઊંચાઈ ૧૩.૫ મીટર છે. મધ્યનગરની વચ્ચેના ભાગમાં આશરે ૩૦૦ મીટરની સમચોરસ જગ્યા છે.

નિમ્નનગર :

નિમ્નનગરમાં આવેલાં મકાનો નાનાં અને સાદા પથ્થરોથી બાંધેલાં છે. આ વિસ્તાર શ્રમિક લોકોનાં રહેઠાણ માટેનો જણાય છે. આ નગરને માટે અલગ કિલ્લાનું આયોજન નથી. સમગ્ર શહેર ફરતો જે કિલ્લો છે તે જ તેમના રક્ષણ માટેની વ્યવસ્થા છે.

ધોળાવીરાની આ વસાહત તે સમયના વિકસિત નગરના તમામ ગુણ ધરાવે છે : એકબીજાને કાટખૂણે કાપતા રસ્તા, વિશાળ મકાનો, જલસંગ્રહ તથા ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા, સામાજિક માળખા મુજબ સંરક્ષણની યોજના, વગેરે.

આ વસાહતના લોકોના સમયની રાજકીય પદ્ધતિ, ધર્મ, સામાજિક રીતિરિવાજો, દૈનંદિન જીવનપ્રણાલી વિશે હજુ વધુ અધ્યયન થવું બાકી છે, પરંતુ રાજમહેલના અવશેષો પરથી એટલું સમજી શકાય કે આ હરપ્પીય શહેર ઉપર કોઈ પણ એક વ્યક્તિ કે કુટુંબનો રાજકીય અધિકાર હશે. સમાજ પણ કર્મ-આધારિત ત્રણ વિભાગમાં વહેંચાયેલો હશે : શ્રમિક, વ્યાપારિક અને શાસકીય. વર્તમાન ધર્મ કે સંપ્રદાય સૂચવતાં કોઈ ધાર્મિક મકાનો કે અવશેષો પ્રાપ્ત થયાં નથી. સંભવતઃ તેઓ પ્રકૃતિનાં તત્ત્વો જેવાં કે સૂર્ય, વરુણ, ઇન્દ્ર કે અગ્નિની પૂજા કરતા હોય. મૃત્યુ પછી માનવશરીરના દફન કે અગ્નિસંસ્કાર અંગે કોઈ નિશ્ચિત સંકેત મળ્યા નથી, પરંતુ કબર જેવા પથ્થર ગોઠવેલ કેટલાક આકારો શહેરની હદ તથા શહેરની બહાર મળ્યા છે, તેમનો આકાર પણ એક-સરખો નથી. શંકાસ્પદ જણાતી આ કબરો ગોળ, લંબગોળ, ચોરસ કે લંબચોરસ છે. આ કબરો પણ અમુક દિશા તરફ એટલે કે પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ તરફ રાખવામાં આવી નથી. સૌથી વધુ આશ્ચર્યની વાત એ છે કે એક પણ કબરમાંથી હાડકાં કે એવા કોઈ અવશેષ મળ્યા નથી, ફક્ત કબરમાં રાખી શકાય તેવાં માટીનાં પાત્રો જ મળ્યાં છે.

આ વસાહતના લોકો ખેતી સાથે પશુપાલનને પણ એટલું જ મહત્ત્વ આપતા હશે. કેટલાક લોકો ઉદ્યોગ સાથે પણ સંકળાયેલા હશે અને તેમનો વેપાર ઉત્તરમાં અફઘાનિસ્તાન કે તેથી પણ આગળ અને દક્ષિણમાં સૌરાષ્ટ્ર ને છેક મહારાષ્ટ્ર સુધી થતો હશે. આ લોકો હસ્તકળામાં પણ કુશળ હશે તેમ અહીંથી મળેલ પુરાવશેષો પરથી જાણી શકાય છે. તાંબું, કાંસું, સોનું, શંખ અને અકીકના પથ્થરમાંથી બનાવેલ અનેક ચીજવસ્તુઓ આની સાક્ષી પૂરે છે. ધાતુને ગાળવા માટેની ભઠ્ઠી પણ મળી આવી છે. ધાતુમાંથી ઘરેણાં ઉપરાંત ભાલા કે બાણ પણ બનાવવામાં આવતાં હશે. આ પ્રજા શોખીન અને ઉત્સવપ્રિય હશે. ધાતુ ઉપરાંત શંખ વગેરેનાં આભૂષણો, મોતીની માળા, મણકાઓ વગેરેની વિપુલ ઉપલબ્ધિથી આ સ્પષ્ટ થાય છે.

અહીંથી મળેલ પુરાવશેષોમાં અતિ અગત્યનો પુરાવશેષ સાઈનબોર્ડ છે જે સંભવતઃ આ શહેરનું નામ હશે અને શહેરના મુખ્ય દરવાજા પર રાખવામાં આવેલું હશે. હરપ્પીય લિપિ ધરાવતા ૧૦ અક્ષરોના આ સાઈનબોર્ડના અક્ષરોનું માપ ૩૭ સે.મી. લંબાઈ અને ૨૫થી ૨૭ સે.મી. પહોળાઈનું છે. હરપ્પન સંસ્કૃતિની લિપિ ઉકેલવા આ વિષયના તજ્જ્ઞોએ ઘણી મથામણ કરી છે પણ સર્વમાન્ય ઉકેલ હજુ સુધી થઈ શક્યો નથી.

આ વસાહતના ક્ષેત્રીય ફેલાવા અને ઉત્ખનિત વિસ્તારના અભ્યાસ પરથી ડૉ. બિસ્ત માને છે કે આ નગરની અંદાજિત વસ્તી ૨૦૦૦૦ હોવાનો સંભવ છે. લગભગ ૧૦૦ હેક્ટરમાં ફેલાયેવા ધોળાવીરાના આ હરપ્પીય ટીંબા પર કરવામાં આવેલ ઉત્ખનન પરથી જાણી શકાય છે કે ઉત્તમ નગર-રચના, વિશાળ બાંધકામ, કલાત્મક સ્થાપત્ય તથા આશ્ચર્ય ઉપજાવે તેવી જલસંગ્રહ અને નિકાલની વ્યવસ્થા ધરાવતું આ નગર હરપ્પીય સમયનું ધમધમતું શહેર હશે.

ધોળાવીરા અને આવી અન્ય હરપ્પીય વસાહતો કઈ રીતે નાશ પામી હશે તેના વિશે અનેક તર્કવિતર્ક થયા છે, પણ તેનાં નિર્વિવાદ કારણો હજુ સુધી હાથ લાગ્યાં નથી. ધોળાવીરાના અંત માટે ડૉ. બિસ્તનું અનુમાન છે કે પાણીનો અભાવ આ ભવ્ય શહેરના વિલયનું કારણ હોઈ શકે. આ ટીંબા પર ઉત્ખનનથી પ્રાપ્ત થયેલા પુરાવશેષો અને સ્થાપત્યકીય અવશેષોના અભ્યાસ પરથી આ ભવ્ય નગરના આરંભ, ઉચ્ચતમ સ્થિતિ અને અવનતિનો ખ્યાલ આપવા ડૉ. બિસ્તે આ સમગ્ર સમયને સાત તબક્કામાં વહેંચીને વિગત આપવા પ્રયત્ન કર્યો છે.

તબક્કો ૧ :

પ્રાથમિક સ્થિતિમાં આ ખુલ્લી જમીન પર વસવાટ કરવા આવનાર લોકો પાસે પ્રસ્તર કે ધાતુનાં ઓજારો, જીવનજરૂરી તાંબાની વસ્તુઓ, માટી તેમ જ પથ્થરના મણકા બનાવવા માટે માટીનાં વાસણો બનાવવાનું ઉત્તમ તાંત્રિક જ્ઞાન હતું. નગર-વસવાટ માટેનું આયોજન પણ તેમની પાસે હતું અને વિવિધ સ્થાપત્ય માટેનાં નિશ્ચિત સાધનો પણ હતાં. તેઓએ

સંરક્ષણ માટે અભેદ્ય કહી શકાય તેવો કિલ્લો પણ પથ્થરના ઉપયોગથી બાંધ્યો હતો અને મકાનોના બાંધકામ માટે ૪:૨:૧ના માપની ઈંટોનો પણ ઉપયોગ કર્યો હતો.

તબક્કો ૨ :

પ્રારંભિક તબક્કા પછીનો આ તબક્કો વિકાસનો હતો. આ સમયમાં વિશેષ સુરક્ષા માટે કિલ્લાની દીવાલને વધુ પહોળી બનાવવામાં આવી. અન્ય રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ પરંપરાગત ચાલુ હતી, પણ સ્થિરતાને કારણે માટીનાં વાસણોના આકાર અને સુશોભનમાં વધારો થયો હતો. તબક્કા ૧ અને ૨ની સંસ્કૃતિ આમરી-રબી, નૌશારો ૧-ડી અને કોટડીજીને મળતી આવે છે. આ તબક્કો સુધારાની ઝડપી શરૂઆતનો જણાય છે.

તબક્કો ૩ :

નગરના વિકાસની પ્રક્રિયા શરૂ થતાં આ વસાહત નગરના સ્વરૂપે બહાર આવે છે. વિકાસના આ તબક્કામાં કિલ્લાના બે વિભાગ અને જળસંગ્રહની વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું. જે પ્રથમની કિલ્લેબંધ વસાહત હતી તેના દુર્ગયુક્ત મહેલ બનાવી એમાં વિશેષ કિલ્લાની દીવાલ મેળવી પશ્ચિમ તરફ પેટા-વિભાગની રચના કરવામાં આવી. આ સંયુક્ત સ્થાપત્ય એ જ દુર્ગયુક્ત મહેલ. બીજા તબક્કાની ખુલ્લી જગ્યાને સમતલ કરી તેના વિસ્તારનો વધારો કરવામાં આવ્યો. સમતલ ભૂમિ પર વ્યવસ્થિત ફ્લૉરિંગ કરવામાં આવ્યું. ઉત્સવની ઉજવણી માટે ખુલ્લી જગ્યાનું આયોજન કરવામાં આવ્યું. આથી જાણી શકાય છે કે આ લોકો ઉત્સવપ્રિય હતા અને તે પરથી અનુમાન થઈ શકે કે તેમનું જીવન સ્થિર અને શાંતિપૂર્ણ હતું. આ ખુલ્લા મેદાનની ઉત્તરે કેટલાંક મકાનો બનાવવામાં આવ્યાં; તેની સુરક્ષા માટે કિલ્લેબંધી પણ કરવામાં આવી. કિલ્લામાં જરૂરત મુજબનાં દ્વાર પણ કરવામાં આવ્યાં. આમ આ તબક્કો વિકાસ માટે ઉત્તમ હતો. જે કંઈ જરૂરી જણાયું તેની પૂર્તિ કરવાનો પ્રયાસ આ તબક્કામાં જોઈ શકાય છે.

ત્રીજા તબક્કાનો ઉત્તરાર્ધ વસાહત માટે આફતરૂપ હતો. અસ્તવ્યસ્ત વસ્તુઓ, પડી ગયેલાં મકાનોના પથ્થરો વગેરે પરથી અનુમાન થઈ શકે છે કે આ સમયમાં ભૂકંપ આવ્યો હશે. આ વિનાશકારી ભૂકંપ પછી મકાનોની રચનામાં ફેરફાર થતો તથા મોટા પ્રમાણમાં મરામત કરવામાં આવતી. જે મકાનોની મરામત સંભવિત નહોતી તેવાં મકાનોને સંપૂર્ણપણે દૂર કરી તેની જગ્યાએ નવા જ પ્રકારે આયોજન કરી મૂળ વસવાટની પૂર્વ દિશામાં આવાસ માટે નવાં મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું તેમ જ કિલ્લાની દીવાલને પણ પૂર્વ તરફ લંબાવવામાં આવી. સમય મળતાં કિલ્લાના ભવ્ય દરવાજાને વધુ મજબૂત તેમ જ ઊંચા બનાવવામાં આવ્યા. વિનાશ પછી વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે તેમ અહીં પણ નગરનો વિકાસ ઝડપથી થવા લાગ્યો. આ સમયે નગર વિકાસના ઉચ્ચતમ શિખરે હતું. નગરને ફરતી મજબૂત કિલ્લેબંધી, તમામ લોકોના ઉપયોગ માટેનાં જળાશયો અને ઉત્સવોની ઉજવણી માટેનું ખુલ્લું મેદાન આની સાક્ષી પૂરે છે. આ વિશાળ નગરને સમજવા માટે જે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે તેનું સ્વરૂપ આ તબક્કામાં સ્પષ્ટ થાય છે. આ ત્રણ વિભાગ તેની વિશિષ્ટ સ્થિતિને લક્ષમાં લઈને પાડવામાં આવ્યા છે.

દુર્ગયુક્ત રાજમહેલ, મધ્યનગર અને નિમ્નનગરને આ તબક્કામાં ઓળખી શકાય છે. આ તબક્કો તેના વિકાસ અને સ્થાપત્યકીય પ્રસારને કારણે જ નહીં પણ તેના સાંસ્કૃતિક અવશેષોને કારણે પણ વિશિષ્ટ રહ્યો છે. આ સમયની મુદ્રા તથા મુદ્રાંકો, તોલમાપનાં સાધનો, ખાસ આકાર અને પ્રકારનાં મૃત્તિકાપાત્રો તથા લિપિ વગેરે ઉચ્ચ કોટીનાં જણાય છે.

ધોળાવીરા નગરના આ ત્રણ વિભાગને ડૉ. બિસ્ત 'ઋગ્વેદ'માં આવતા 'પરમ', 'મધ્યમ' અને 'અવમ્' સાથે અને અથર્વવેદમાં આવતા 'પરમેષ્ઠીન', 'મધ્યમેષ્ઠીન' અને 'અવમેષ્ઠીન' સાથે સરખાવે છે. નગરવિકાસનો આ ત્રીજો તબક્કો લગભગ ૩૦૦ વર્ષનો હશે.

તબક્કો ૪ :

આ તબક્કામાં વિકાસની સ્થિરતા જણાય છે. તબક્કા ત્રણમાં જે સિદ્ધિ આ નગરે હાંસલ કરી હતી તેનો લાભ આ તબક્કાના લોકોને મળી રહ્યો હતો. કિલ્લો, કિલ્લાના દરવાજા, જળાશયો વગેરે આ તબક્કામાં યથાવત્ જળવાઈ રહ્યાં હતાં. હરપ્પીય લિપિના દશ અક્ષરોવાળું બહુચર્ચિત સાઈનબોર્ડ આ તબક્કાની ઉપલબ્ધિ છે. હરપ્પીય સંસ્કૃતિના ઉત્તમ નમૂનારૂપ મુત્તિકાપાત્રો, મુદ્રા - મુદ્રાંકનો, પ્રસ્તર-ઓજારો, શૃંગારનાં સાધનો, શંખ અને માટીના સુંદર નમૂના આ તબક્કાની દેન છે. ચૂનાના પથ્થરમાંથી જુદા-જુદા ઉપયોગ માટે બનાવેલા સ્તંભ પણ આ તબક્કામાં મળી આવ્યા છે. સંક્ષેપમાં પક્વ હરપ્પીય લક્ષણો જે અન્ય હરપ્પીય ટીંબાના ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયાં છે તે આ તબક્કામાં જોવા મળ્યાં છે. આ તબક્કો સંસ્કૃતિના સંચયનો તબક્કો હોય તેમ જણાય છે.

તબક્કો ૫ :

આ તબક્કો અવનતિના પ્રારંભિક સમયનો હશે તેમ નગર તથા દુર્ગયુક્ત મહેલની રચનામાં રાખવામાં આવેલ ઢીલને કારણે જણાય છે. અગાઉની ઉચ્ચ સ્થિતિ આ સમયમાં જળવાઈ નથી, પરંતુ પરંપરાગત મળેલા વારસાને યથાવત્ સ્થિતિમાં જાળવી રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તબક્કો ૬ :

આ તબક્કામાં ગુજરાતમાં આવેલ અન્ય હરપ્પીય સંસ્કૃતિનાં સ્થળો કરતાં ભિન્ન સ્થિતિ જોવા મળે છે. પરંપરાગત મૃદ્ભાંડો, મુદ્રા અને મુદ્રાંકનો, તોલમાપનાં સાધનો વગેરેમાં ખૂબ જ અલગ પદ્ધતિ આ તબક્કાની નોંધપાત્ર બીના છે. આ તબક્કામાં મળેલાં માટીનાં વાસણો તબક્કા બેમાંથી મળેલાં વાસણો સાથે સામ્ય ધરાવે છે, પરંતુ નગર-આયોજનમાં કેટલાક ફેરફારો થયા છે. નગરના વિસ્તારમાં ઘટાડો થયો છે. અભ્યાસ પરથી જણાય છે કે એકાદ સૈકાના વસવાટ પછી આ ઉત્તર-હરપ્પાકાલીન વસાહત નામશેષ થઈ ગઈ હતી.

તબક્કો ૭ :

ઉત્તર-હરપ્પાકાલીન વસાહતના લોકો આ સ્થળ છોડી ગયા પછી આ સ્થળે લોકો ક્યારે આવ્યા અને વસાહત શરૂ કરી એ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. પરંતુ અહીં જે લોકો આવ્યા તેમની રહેણીકરણી તદ્દન ભિન્ન હતી. જોકે તેમનાં માટીનાં વાસણો હતાં, પણ મકાનોના આયોજનમાં તફાવત હતો. આ લોકો ચોરસ કે લંબચોરસને બદલે વૃત્તાકાર બનાવી, બેથી અઢી ફીટની દીવાલ બનાવી, તેના પર કાષ્ઠના સ્તંભ ઊભા કરી, તેના પર શંકુ-આકારની છત બનાવતા હશે. આ સંસ્કૃતિનું પણ આયુષ્ય લાંબું ન હતું. આ વસાહત ઉજ્જડ થયા પછી આ સંસ્કૃતિ હંમેશને માટે કાળની ગર્તામાં વિલય પામી ગઈ.


સાંપ્રત સમયમાં રોલ-મૉડેલ :

ધોળાવીરાની પાણીસંગ્રહની યોજના એટલી તો અસરકારક છે કે તેનાથી પ્રભાવિત થઈને મુંબઈના 'મહારાજા છત્રપતિ શિવાજી સંગ્રહાલય'(પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ)ના સત્તાવાળાઓએ પોતાના સંગ્રહાલય પરિસરમાં પાણીની પડતી અત્યંત તંગીને નિવારવા ધોળાવીરા મૉડેલનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. મહેલની બાજુમાં રમતગમતનું વિશાળ મેદાન છે. એ મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યક્તિઓ અને બીજી તરફ નગરજનો બેસીને રમતગમત કે અન્ય કાર્યક્રમો જોઈ શકે. મહેલથી થોડે દૂર ઉપલું નગર છે, જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બેથી પાંચ ઓરડાવાળાં મોટાં મકાનો પથ્થરોનાં બનાવેલાં છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલા પાણીના નિકાલ માટે અહીં સુંદર ગટરવ્યવસ્થા જોવા મળે છે. દરેક ઘરમાંથી નીકળતું પાણી ઘરની બહાર રહેલી ભોંખાળ જેવા માટલામાં અને ત્યાંથી ગટરમાં લઈ જવાતું.

ઘરેણાં બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણાં પાડવાની આર પણ અહીં જોવા મળી છે.

આ ઉપલા નગરથી થોડે દૂર એક ગરીબ વસતી હોવાનું જણાય છે, જેને પુરાતત્ત્વવિદો નીચલું

નગર કહે છે. અહીં કાચાં-પાકાં નાનાં મકાનો દેખાય છે. શ્રમિક-વર્ગ માટે પણ મેલા પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે. અહીંથી હરપ્પીય મુદ્રાઓ, વજનિયાંઓ (કાટલાં), હથિયારો, મણકા, સોનાનાં આભૂષણો મળ્યાં છે. એકાદ માતૃકા પણ મળી છે.



ધોળાવીરા

છીપની એક ગોળાકાર રિંગ મળી છે જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઊભા કાપા કરવામાં આવ્યા છે. વિદ્વાનો આને પંચાંગની બાર રાશિઓનાં પ્રતીક અથવા નેવીગેશન કંપાસ (હોકાયંત્ર) હોવાનું તારણ કાઢે છે.

સુમેરિયન ઇતિહાસ અને ધોળાવીરા :

સુમેરિયન ઇતિહાસમાં સિંધુકાંઠે મહાબંદર હોવાનો ઉલ્લેખ છે તે ધોળાવીરા હોઈ શકે છે. છેલ્લે થયેલું સંશોધન અહીંની કબરો બાબતનું છે. સામાન્ય રીતે એ સમયે ઉત્તર-દક્ષિણે કબરો થતી, પરંતુ અહીં તે ઉપરાંત પૂર્વ-પશ્ચિમ અને ઈશાન-નૈર્ઋત્ય કબરો મળી છે, જે અહીંની મિશ્ર વસતીનું દ્યોતક છે.

આપણે અગાઉ જોઈ ગયા તે મુજબ તમામ સિંધુકાલીન વસાહતો વચ્ચે એક પ્રકારનું સામ્ય જોવા મળ્યું છે. તેમ છતાં પણ ધોળાવીરા સમકાલીન વસાહતો કરતાં અમુક અંશે જુદું તરી આવે છે.

(૧) સ્થાપત્યની કલાત્મકતા અહીંનું આગવું લક્ષણ છે. (૨) આ શહેર નદીકાંઠે આવેલું નથી અને તેથી જ કદાચ ખેતી તેનો મુખ્ય વ્યવસાય નહીં હોય. (૩) જમીનની અંદરથી પાણી લઈ આવવાનાં ગરનાળાં પણ અહીં જ જોવા મળે છે. (૪) સંરક્ષણની આટલી મજબૂત વ્યવસ્થા મોંહે-જો-દડો કે હડપ્પામાં પણ જોવા મળતી નથી. (૫) લોથલમાં મૃતદેહોને દાટવાની, એકથી વધુ મૃતદેહો ભેગા દફનાવવાની પ્રથા જોવા મળે છે, તો અહીં અગ્નિદાહ આપ્યા પછી વધેલા અવશેષોને દફનાવવામાં આવ્યા છે. (૬) તો વળી લોથલમાંથી મોટા પ્રમાણમાં સિંધુલિપિવાળી મુદ્રાઓ મળેલ છે, જ્યારે અહીંથી જૂજ મુદ્રાઓ મળેલ છે. સિંધુલિપિમાં લખેલ મોટું બોર્ડ પણ ધોળાવીરા સિવાય ક્યાંય જોવા મળતું નથી.

૭. અસ્તિત્વનાં પદચિહ્નો શોધવાનો વ્યાયામ


નરેશ અંતાણી, ડૉ. પુલિન વસા

કચ્છમાં હરપ્પાકાલીન વસાહતો ધોળાવીરા સિવાય પણ અનેક સ્થળોએથી મળી આવી છે. આ પૈકી કેટલાંક સ્થળોનું ઉત્ખનન કરાયું છે, જ્યારે કેટલાંક સ્થળોનું પ્રાથમિક કાર્ય થયું છે.

અહીં છેલ્લા છ દાયકાના સમયમાં થયેલાં ઉત્ખનનોની જ ચર્ચા કરવાની છે.

શિકારપુર :

ભચાઉ તાલુકામાં આવેલ શિકારપુર કચ્છના દક્ષિણ-પૂર્વના કિનારે બ્રૉડગેજ રેલવે સ્ટેશન સુરજબારીથી ૬ કિ.મી અને મીટરગેજ રેલવે સ્ટેશન સામખિયાળીથી ૨૧ કિ.મી.ના અંતરે આવેલ છે. શિકારપુર ગામની સીમમાં આવેલ આ ટીંબો સ્થાનિકે 'વાલમિયો ટીંબા' તરીકે ઓળખાય છે. આ ટીંબો



અસ્તિત્વનાં પદચિહ્નો

ગુજરાત સરકારના કચ્છ-વર્તુળની ગામેગામની સર્વેક્ષણ-યોજના દરમિયાન સને ૧૯૮૧-૮૨માં તે સમયના કચ્છ-વર્તુળના વડા દિનકર મહેતાને પ્રાથમિક સ્થળતપાસ વખતે ધ્યાનમાં આવેલ. ટીંબાનો વિસ્તાર લગભગ એક કિલોમીટર તથા ઊંચાઈ ૭ મીટર જેટલી છે. ટીંબાની ઉત્તર-પૂર્વમાં નદી છે જે આગળ જતાં સમુદ્રને મળે છે. આ ટીંબા પર ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતા તરફથી સને ૧૯૮૮થી ૧૯૯૦માં મર્યાદિત વિસ્તારમાં ઉત્ખનન હાથ ધરવામાં આવ્યું.

ઉત્ખનન પરથી જાણી શકાયું છે કે આ વસાહત પણ હરપ્પાકાલીન નાનું પણ સુંદર નગર હશે. અન્ય હરપ્પીય વસાહતને મળતા અવશેષો અહીંથી પણ પ્રાપ્ત થયા છે. મૃતીકાપાત્રોમાં સારી રીતે પકવેલાં વાસણો જેવાં કે માટલાં, કૂંજા, નાંદ, તાસક (Dish on stand) અને સૌરાષ્ટ્રની હરપ્પાકાલીન વસાહતોમાંથી મળી આવતી બેઠકવાળી તાસક, વાડકા અને છિદ્રોવાળાં (Perforated) નળાકાર વાસણના અવશેષો મળી આવ્યા છે. કેટલાંક વાસણોમાં ચિત્રાંકન પણ છે. તાસક, કથરોટ અને વાડકાના કાંઠા પર અંદર, બહાર, આડી તથા ઊભી જાડી રેખાઓ દોરેલી છે. કેટલીક તાસકોની અંદર પણ ચિત્રાંકન કરવામાં આવેલ છે. કેટલાંક વાસણો પર ભૌમિતિક ભાત અને પક્ષીઓ તથા વેલ તેમ જ પાનનાં ચિત્રો પણ જોવા મળે છે

માટીનાં વિવિધ પાત્રો ઉપરાંત મળેલા અન્ય પુરાવશેષોમાં શંખમાંથી બનાવેલ અલગ-અલગ માપની બંગડીઓ, સેલખડીના વિવિધ આકારપ્રકારના મણકા, તોલમાપનાં વજનિયાં, શાળનાં વજનિયાં, રમવા માટેની લખોટીઓ, ગોફણના માટીના ગોળાઓ, દીવા તથા કોડિયાં અને બાળકોને રમવા માટેની રમકડાં ગાડીઓ, વૃષભ વગેરે છે. સૌથી વિશેષ ઉલ્લેખપાત્ર અવશેષ પકવેલી માટીની ત્રિકોણાકાર તકતીઓ વિપુલ પ્રમાણમાં અહીંથી મળી આવી છે.

આ વસાહતના લોકો કલાપ્રિય, કલારસિક તેમ જ કારીગરો પણ હશે તેમ મૃત્તિકાપાત્રો પરનાં

ચિત્રાંકનો તથા વિવિધ પથ્થરના માધ્યમમાંથી અને સેલખડીથી બનાવેલાં આભૂષણો પરથી જાણી શકાય છે. વિવિધ આભૂષણો માટે અનેક પ્રકારના મણકા તેમજ બંગડીઓ મળી આવેલ છે. મણકા બનાવવા માટેનાં ઓજારો અને કાણાં પાડવા માટેની અલગ-અલગ માપની શારડી પણ અહીંથી મળી આવેલ છે. મણકા બનાવવાના માધ્યમ તરીકે અકીક, કાર્નેલિયન તેમ જ સ્ટીએટાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટીએટાઈટના મણકાનું માપ એક મિલીમીટરથી એક સેન્ટિમીટર જેટલું છે. મણકાની વિપુલતાથી અનુમાન કરી શકાય છે કે અહીં મણકા બનાવવાનો ઉદ્યોગ પણ હશે. ટીંબાની પશ્ચિમદિશામાં રાખના નાનામોટા ઢગલા મળ્યા છે, જેથી માની શકાય કે અહીં ધાતુ ગાળવાની ભઠ્ઠી હશે.

ઉદ્યોગ ઉપરાંત અહીંના લોકો ખેતીમાં પણ જોડાયેલા હશે. ઉત્ખનન દરમિયાન બાજરી, જુવાર, ચોખા વગેરેની ખેતી કરતા હશે તેમ મળેલા અનાજના અવશેષો પરથી જાણી શકાય છે.

આ વસાહતના લોકોનો વ્યાપાર આ સમયનાં અન્ય સ્થળો સાથે થતો હશે. ઉત્તર તેમ જ દક્ષિણની અન્ય હરપ્પીય વસાહતો સાથે, તેના ભૌગોલિક સ્થાનને કારણે વ્યાપાર કરવા માટેનું આ આદર્શ સ્થળ હોવાનો પૂરો સંભવ છે. ઉત્તર-પશ્ચિમ કચ્છ અને સિંધ તથા દક્ષિણમાં સૌરાષ્ટ્ર હરપ્પીય વસાહતોની મધ્યમાં આવેલ આ વસાહત વ્યાપારના આદાનપ્રદાન માટે મહત્ત્વની કડી સમાન હશે. મર્યાદિત વિસ્તારમાં ઉત્ખનન થયેલ હોઈ નગર-આયોજન કે આવાસીય નિર્માણ અંગે સવિસ્તર માહિતી મળી શકી નથી.

પાબુમઠ :

રાપર તાલુકાના સુવઈ ગામની નજીક આવેલ પ્રાચીન ટીંબો સ્થાનિકે પાબુમઠના ટીંબા તરીકે ઓળખાય છે. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતા દ્વારા આ ટીંબા પર સને ૧૯૭૮-૭૯માં ઉત્ખનન હાથ ધરવામાં આવેલ. આ ટીંબો પરિપક્વકાલીન હરપ્પીય વસાહત છે. ઉત્ખનન પરથી વસાહતના પ્રારંભની માહિતી મળી શકી છે. હરપ્પીય લોકોના આ સ્થળે આગમન વખતે અહીં જંગલ હશે. જરૂરત મુજબના જંગલને બાળી, જગ્યાની સફાઈ કરી, મકાનો બાંધવા માટે જમીન ખુલ્લી કરી હશે. પ્રારંભનાં મકાનો કાષ્ઠ-નિર્મિત હશે, પણ પાછળથી મજબૂતી માટે પથ્થરોનો ઉપયોગ કરેલો છે. ઘડેલા તેમ જ અણઘડ બંને પ્રકારના પથ્થરોનો ઉપયોગ બાંધકામ કરવામાં આવેલ છે. મર્યાદિત વિસ્તારમાં ઉત્ખનન થયેલ હોઈ સમગ્ર નગર-આયોજનનો ખ્યાલ આવી શકતો નથી, પરંતુ બાંધકામની પદ્ધતિ પહેલેથી જ વિકસિત જણાય છે. આ પ્રકારના બાંધકામનાં ચાર સ્તર એકમેક પર મળી આવ્યાં છે.

પુરાવશેષોમાં શંખની તેમ જ તાંબા-કાંસાની બંગડીઓ અને અકીકના મણકા તથા હરપ્પીય લિપિના અક્ષરોવાળી મુદ્રા મળી આવી છે. આ મુદ્રા પર એકશૃંગી પ્રાણીનું અંકન કરેલું છે, જે વિશેષ રસપ્રદ છે. વિવિધ આકાર-પ્રકારનાં વાસણો સારી રીતે પકવેલાં છે. કેટલાંક વાસણો પર રંગનો ઓપ ચડાવેલો છે અને તેના પર મોર, પીપળાના પાનનાં ચિત્રો કરેલાં છે. પાબુમઠની આ વસાહત સિંધની હરપ્પીય વસાહત સાથે સામ્ય ધરાવે છે. આથી અનુમાન થાય છે કે આ વસાહત સિંધમાંથી સ્થળાંતર કરેલા લોકોની હોઈ શકે. આ વસાહતના અંત વિશે કોઈ સ્પષ્ટ સંકેત મળ્યા નથી.

દેશલપર ગુંતલી :

આ હરપ્પીય વસાહત નખત્રાણા તાલુકામાં ધરુડ-નદીની એક નાની શાખા પર આવેલી છે. આ નાની શાખાને લોકો 'બાપુ છેલા' તરીકે ઓળખે છે. 'બાપુ છેલા'ને ઉત્તર-કાંઠે આ વસાહત ૧૩૦થી ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ છે.

આ ટીંબા પર ડૉ. કે. વી. સૌંદરરાજને ઉત્ખનન કરેલું. ઉત્ખનન પરથી એમ જણાય છે કે હરપ્પીય સંસ્કૃતિનું આ નગર ધોળાવીરા જેવું વિશાળ નગર નહીં હોય તોપણ અહીંથી મળી આવેલા અવશેષોથી સૂચિત થાય છે કે આ નગરના લોકો પણ અન્ય હરપ્પીય વસાહતના લોકો જેટલા જ સુસંસ્કૃત હતા. મળી

આવેલાં માટીનાં વાસણો લોથલમાંથી મળી આવેલ વાસણો સાથે સામ્ય ધરાવે છે. વાસણોને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યાં છે : ૧. પક્વ હરપ્પન અને ૨. ઉત્તર-હરપ્પીય. પક્વ હરપ્પનનાં કેટલાંક વાસણો 'કોટદીજી (પાકિસ્તાન)' વસાહતનાં વાસણો સાથે પણ મળતાં આવે છે, જે તેમનો અન્ય હરપ્પીય લોકો સાથેનો સંબંધ સૂચવે છે. શિકારપુરના લોકોની જેમ આ વસાહતના લોકો પણ કલાપ્રિય હશે. મૃત્તિકાપાત્રો પર સફેદ, લાલ તથા કાળા રંગથી ચિત્રણ કરેલું છે.

મૃત્તિકાપાત્રો સિવાય અન્ય અવશેષોમાં વિવિધ આકાર-પ્રકારના મણકા, વજનનાં તોલાં, હરપ્પીય મુદ્રા અને મુદ્રાંકો મળી આવ્યાં છે. તે ઉપરાંત તાંબાનાં ઓજારો, છરીઓ, સળિયા, છીણી વગેરે પણ પ્રાપ્ત થયાં છે.

મર્યાદિત ઉત્ખનનને કારણે નગરરચનાનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી; પરંતુ કેટલીક જગ્યાએ પાણીના યોગ્ય નિકાલ માટે કરવામાં આવેલી ગટરનું આયોજન જણાય છે. નદીની દિશામાં પાણીથી રક્ષણ મેળવવા દીવાલ બાંધવામાં આવી છે, જેથી પૂરના સમયે પાણીના કારણે સંભવિત હોનારતથી બચાવ થઈ શકે. આ દીવાલની જાડાઈ ચાર મીટર જેટલી છે. દીવાલની આટલી જાડાઈથી સમજી શકાય કે સુરક્ષાનો વિચાર ગંભીરતાથી કરવામાં આવ્યો છે. આ દીવાલનાં ત્રણ પડ છે, પહેલું પથ્થરનું, બીજું કાચી ઈંટોનું અને પછી ફરીને ત્રીજું પથ્થરનું.

આ વસાહતના ઉત્ખનનથી એક બીજી મહત્ત્વની માહિતી એ મળી છે કે હરપ્પીય લોકો આ સ્થળે આવ્યા તે પહેલાં કોટદીજી સંસ્કૃતિના લોકોનો અહીં વસવાટ હતો. આ તર્કનો પુરાવો કોટદીજી સંસ્કૃતિનાં માટીનાં વાસણોની આ સ્થળે હાજરીથી મળી રહે છે.

સંસ્કૃતિના સમન્વયરૂપ આ નગરનો નાશ સંભવતઃ ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી ૧૯૦૦ દરમિયાન આવેલા પાણીના પૂરને કારણે થયો હશે. પણ થોડા સમય પછી આ વસાહત પુનઃ જીવિત થઈ, પરંતુ તેનું નવજીવન ૩૦૦ વર્ષથી વધારે ન હતું અને ઈ. સ. પૂર્વે ૧૬૦૦માં આવેલા વિનાશકારી પૂરે આ વસાહત પર હંમેશને માટે પૂર્ણવિરામ મૂકી દીધું.

સુરકોટડા :

કચ્છના પ્રાથમિક સર્વેક્ષણ એસ. આર. રાવ અને કે. વી. સૌંદરરાજને કર્યા બાદ જગતપતિ જોશીએ કરેલા સઘન સર્વેક્ષણથી એક બાબત સ્પષ્ટ થઈ કે કચ્છમાં કેટલાંક સ્થળોએ હરપ્પીય લોકોના આગમન પહેલાં પણ કેટલાક લોકોનો વસવાટ હતો અને તે જગ્યાએ હરપ્પીય લોકોએ સૌરાષ્ટ્ર તથા દક્ષિણ પૂર્વ રાજસ્થાનની સંસ્કૃતિનો સમન્વય સાધી વસવાટ શરૂ કર્યો. શ્રી જગતપતિ જોષીના તર્ક મુજબ હરપ્પન લોકોએ સિંધથી જમીનમાર્ગે કોટડા કુરન થઈ અમરાપુર પાસે રણની સાંકડી પટ્ટી પસાર કરી કોટડી આવ્યા હોય અને ત્યાં કિલ્લો બાંધી વસવાટ કર્યો હોય. અહીંથી પાછા સુરકોટડા અને પૂર્વ-કચ્છમાં રાપર તાલુકા અથવા પશ્ચિમમાં દેશલપુર ગયા હોય. તેમાંના કેટલાકે નાનું રણ પસાર કરી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હોય. આ ઉપરાંત હરપ્પીય લોકો લોથલ જેવા બંદરની શોધમાં સમુદ્રમાર્ગે પણ સૌરાષ્ટ્ર ગયા હોય.

સુરકોટડાના ઉત્ખનનથી બે નોંધપાત્ર બાબત પ્રકાશમાં આવી : (૧) આ સ્થળે અગાઉ કોઈ વસવાટ ન હતો. (૨) જે હરપ્પીય લોકો અહીં આવ્યા તેમની સાથે પક્વ હરપ્પન સભ્યતાની સંસ્કૃતિ તો હતી જ સાથેસાથે ઈરાન, બલુચિસ્તાન, પશ્ચિમ એશિયા તથા સિંધની સંસ્કૃતિનાં લક્ષણો પણ હતાં.

આ વસાહતના ટીંબાની ઉત્તર-દક્ષિણ લંબાઈ ૧૬૦ મીટર, પહોળાઈ ૧૨૫ મીટર અને સરેરાશ ઊંચાઈ પથી ૮ મીટર જેટલી છે. ટીંબો પશ્ચિમમાં ઊંચો અને પૂર્વમાં ઢળતો છે. ઉત્ખનનમાં સંસ્કૃતિના ત્રણ તબક્કા જોવા મળ્યા છે.

તબક્કા ૧ (એ) : આ તબક્કામાં ઉપરકોટ તથા અન્ય રહેણાક ફરતો કિલ્લો બાંધવામાં આવ્યો. જમીનથી ૧.૫ મીટર ઊંચો ઓટલો (Platform) બનાવી તેના ઉપર ઉપરકોટ(citadel)નું બાંધકામ કરવામાં આવ્યું. કિલ્લાના પાયાની પહોળાઈ ૭ મીટર

જેટલી રાખવામાં આવી. ઉપરકોટને બે દરવાજા હતા – એક દક્ષિણમાં અને બીજો પૂર્વમાં. પૂર્વનો દરવાજો તે તરફ વસતા લોકો સાથે વ્યવહાર કરવા માટેનો હતો. પૂર્વમાં રહેતા લોકોનાં મકાનમાં સફાઈ માટે ગટર જેવી વ્યવસ્થા જોવા મળી છે, પણ મકાનનો સંપૂર્ણ નકશો જાણી શકાયો નથી.

મહત્ત્વની પ્રાપ્તિમાં જે ખાસ હરપ્પન મૃત્તિકાપાત્રો મળ્યાં છે તેનું સામ્ય કાલીબંગન અને કોટદીજીનાં પાત્રો સાથે જોવા મળ્યું છે તે ઉપરાંત મોહેં-જો-દડો અને લોથલના સૌથી નીચેના થરો અને બાકીના સારગોનિક સ્તરને મળતાં મૃત્તિકાપાત્રો મળેલાં છે.

વસાહતના રહેણાકની ઉત્તર-પૂર્વમાં શબ દાટવાની ચાર કોઠી (Pot Burial) ઉત્ખનનમાં ખુલ્લી થઈ છે. કેટલીક કોઠીમાં માનવહાડકાં અને કેટલીક કોઠીમાં શબ સાથે રાખવામાં આવતાં મૃત્તિકાપાત્રો જોવા મળ્યાં છે. કોઠીનું મોઢું વજનદાર પથ્થરથી ઢાંકવામાં આવેલ. જોકે આ પ્રથા અસામાન્ય અને ન જોવા મળે તેવી છે. આ વિસ્તારમાં આવા સપાટ પથ્થરો સહેલાઈથી ઉપલબ્ધ હોવાને કારણે આ પ્રથા અમલમાં આવી હોવાનો સંભવ છે.

તબક્કો ૧ (બી) : આ તબક્કામાં કિલ્લાની પહોળાઈ ઘટાડીને ૬ મીટર કરવામાં આવી છે. જોકે ઉપરકોટની પૂર્વ તરફની દીવાલની અંદરની બાજુએ માટીની ઈંટોથી દીવાલને મજબૂત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં મળતા હાથાવાળા વાડકા જેવા વાડકા આ તબક્કામાં મળી આવ્યા છે, પણ મૃત્તિકાપાત્રોની બનાવટ ઊતરતી કક્ષાની જણાઈ છે. આ તબક્કામાં અસામાન્ય અને અતિમહત્ત્વની કહી શકાય તેવી તાંબાની ૨૫થી ૧૦થી ૧ સે.મી.ની તકતી મળી આવી છે.

તબક્કો ૧ (સી) : બાંધકામની બાબતમાં આ સમયમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. અણઘડ પથ્થર ઉપરાંત ઘડેલા પથ્થરોનો ઉપયોગ પણ બાંધકામમાં કરવામાં આવ્યો. ઉપરકોટની દક્ષિણે ૩.૫૦થી ૪

કચ્છમાં ઉત્ખનનક્ષેત્રની પ્રમુખ ઘટનાઓનો અનુક્રમ

૧. નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ખાતે ઉત્ખનન કરાયું	૧૯૭૦-૭૨
૨. ધોળાવીરા ખાતે જગતપતિ જોશીએ આરંભિક ઉત્ખનન કર્યું	૧૯૭૦-૭૨
૩. નખત્રાણા તાલુકાના ખીરસરા (નેત્રા) ખાતેથી હરપ્પીય સીલ મળ્યાં	૨-૧-૧૯૭૮
૪. રાપર તાલુકાના સુવઈ નજીક પાબુમઠમાં ઉત્ખનનનો આરંભ	માર્ચ-૧૯૭૮
૫. રાપર તાલુકાના શિકારપુર ખાતે આરંભિક ખનનકાર્ય આરંભાયું	૧૯૮૮-૯૦
૬. ધોળાવીરાના ઉત્ખનનમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ, આખા ત્રણસ્તરીય નગરના અવશેષ મળી આવ્યા	ફેબ્રુ. ૨૦૦૪
૭. લખપત તાલુકાના શિયોતની ગુફાઓમાંથી બૌદ્ધ મુદ્રાઓ મોટી સંખ્યામાં મળી આવી	૧૯૯૦
૮. ગુપ્ત સરસ્વતીનું પગેરું શોધતા પચ્છમના કુરન ખાતે વિશાળ હરપ્પીય નગર મળ્યું	ફેબ્રુ. ૨૦૦૪
૯. ધોળાવીરા ખાતેથી પ્રાપ્ત અવશેષોના સ્થળે સંગ્રહાલયનો આરંભ ગુજરાતના તત્કાલીન મુખ્ય સચિવ સુધીર માંકડના હસ્તે થયો	૨૨-૨-૨૦૦૭
૧૦. રાપર તાલુકાના કાનમેર ખાતે ઉત્ખનનકાર્યનો આરંભ થયો	ફેબ્રુ. ૨૦૦૮
૧૧. રાપર તાલુકાના શિકારપુર ખાતે ઉત્ખનનકાર્ય આગળ વધ્યું	ફેબ્રુ. ૨૦૦૮
૧૨. નખત્રાણા તાલુકાના ખીરસરા (નેત્રા) ખાતે ઉત્ખનન આરંભાયું	ડિસે. ૨૦૦૯

મીટરની પહોળાઈવાળા પાયા પર ૧૦થી ૧૦ મીટર ચોરસ એવા બુરજ દરેક ખૂણા પર બાંધવામાં આવ્યા. ઉપરકોટના મુખ્ય દરવાજા તરફ સીડી બનાવવામાં આવી. તેની બંને બાજુ રક્ષકસૈનિકો રહી શકે તેવી યોજના કરવામાં આવી.

રહેણાક-વિસ્તાર ફરતો કિલ્લો બાંધવામાં આવ્યો. સામાન્ય રીતે રહેણાકની જગ્યાનો વિસ્તાર ૨.૯૦ X ૨.૫૦ મીટરનો છે. તેની ત્રણ બાજુએ વંડો (Courtyard) અને પ્રવેશ તરફ ઓટલો રહેતો. ઉપરકોટ(રાજમહેલ)માં ઓછામાં ઓછા ત્રણ ઓરડા હોવાનું જણાય છે.

આ તબક્કામાં એ રસપ્રદ બાબત છે કે અહીંથી ચિત્રાત્મક લિપિવાળી મુદ્રા મળી છે, પણ તેમાં પ્રાણીનું અંકન નથી. ઉત્ખનનમાં ચર્ટ પથ્થરની બ્લેડ મળી આવી છે, પણ તેની સંખ્યામાં ન તો વધારો થયો છે, ન તો ઘટાડો.

આ વસાહતનો સમય સી-૧૪(C-૧૪)થી તપાસતાં ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી ઈ. સ. પૂર્વે ૧૬૦૦ હોવાનો સંભવ ડૉ. સાંકળિયા માને છે.

કચ્છની બીજી નાની-મોટી વસાહતો :

કુરન :

કચ્છના રણકાંધીના પ્રખ્યાત કાળાડુંગરની ગોદમાં આવેલ કુરન-ગામની સીમમાં 'શહીદોના ગઢ' તરીકે જાણીતા વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમિયાન જ આ સ્થળમાં રહેલા હરપ્પીય સભ્યતાનાં અનેક પ્રમાણો મળવાનું શરૂ થયું. આ સ્થળની મુલાકાત પછી જોવા અને જાણવા મળતી વિગતો મુજબ ધોળાવીરા ખાતેથી હજુ જે પ્રાપ્ત થયેલ નથી એવા અવશેષો અહીંથી મળી આવેલ છે.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગની વડોદરા કચેરીનાં અધીક્ષક શ્રીમતી સુભ્રા પ્રમાણિકની આગેવાની હેઠળ કુરન ખાતે ૬ જાન્યુઆરી, ૨૦૦૪થી અથાગ મહેનત દ્વારા આપણી વિલુપ્ત પ્રાચીન ધરોહરને ઉજાગર કરવાના પ્રયાસોનો આરંભ કરાયો હતો.

અહીંથી માટીનાં પાત્રો, ઘરેણાં, માટીના અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવેલ છે. ૪૧૦-૩૫૦ મીટરના વિસ્તારમાં આઉટ ફૉર્ટિફિકેશન વૉલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫-૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન આવેલ છે. આ ઉપરાંત લોઅર ટાઉન આવેલ છે. ધોળાવીરામાં જેમ મિડલ ટાઉન છે તે જાતનું મિડલ ટાઉન હજુ અહીં મળેલ નથી, પણ સ્થળ પર નિરીક્ષણ કરતાં આવનારા સમયમાં આવું મિડલ ટાઉન મળી આવવાની સંભાવનાઓ નજરે પડે છે.

આ અગાઉ શોધાયેલ સિંધ, બલુચિસ્તાન, ધોળાવીરા, સુરકોટડા વગેરે હરપ્પીય નગરોના રાજભવનમાં કબ્રસ્તાન જોવા મળેલ નથી, જ્યારે નવસંશોધિત કુરન-વિસ્તારમાં જોવા મળ્યું છે કે મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીક દફનાવવામાં આવી છે. કુરનના રાજભવન પાસે મળી આવેલ કબ્રસ્તાનમાં એક કબરના ઉત્ખનન દરમિયાન એક નવીનતા જોવા મળી છે કે અહીં એ સમયે મૃતદેહોને બે વાર દફનાવવામાં આવતા હશે. એ સમયે મૃતદેહનાં અમુક અંગોનો પ્રથમ વખત નિકાલ કર્યા પછી અન્ય અંગોને વ્યવસ્થિત ચેમ્બર બનાવી તેમાં દફનાવાયાં હોય તેવું અહીં જોવા મળે છે. અહીંથી મળી આવેલ મૃતદેહ બેઠી હાલતમાં છે. તે સ્ત્રી છે કે પુરુષ તેનું સંશોધન હજી બાકી છે.

સંશોધન દરમિયાન વધુ એક નવીનતા એ પણ જોવા મળી છે કે કાળાડુંગરમાંથી એક વહેણ બહાર નીકળી કિલ્લાને સમાંતર વહી, પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફ વસાહત હોવાના સગડ મળે છે, જ્યારે પશ્ચિમ બાજુ સ્મશાનનાં નિશાનો મળે છે, જે સૂચવે છે કે અહીંના નગરજનો પોતાના નિવાસસ્થાનથી દૂર મૃતદેહના અગ્નિસંસ્કાર કરતા હશે.

આ સંસ્કૃતિ પણ નદીકિનારે વિકસી છે, કારણ કે આ વસાહત પણ નદીના પટમાં વિકસી હોવાનાં વિપુલ પ્રમાણો મળ્યાં છે. માટીનાં પાત્રોમાં કરવામાં

જેટલી રાખવામાં આવી. ઉપરકોટને બે દરવાજા હતા – એક દક્ષિણમાં અને બીજો પૂર્વમાં. પૂર્વનો દરવાજો તે તરફ વસતા લોકો સાથે વ્યવહાર કરવા માટેનો હતો. પૂર્વમાં રહેતા લોકોનાં મકાનમાં સફાઈ માટે ગટર જેવી વ્યવસ્થા જોવા મળી છે, પણ મકાનનો સંપૂર્ણ નકશો જાણી શકાયો નથી.

મહત્ત્વની પ્રાપ્તિમાં જે ખાસ હરપ્પન મૃત્તિકાપાત્રો મળ્યાં છે તેનું સામ્ય કાલીબંગન અને કોટદીજીનાં પાત્રો સાથે જોવા મળ્યું છે તે ઉપરાંત મોહેં-જો-દડો અને લોથલના સૌથી નીચેના થરો અને બાકીના સારગોનિક સ્તરને મળતાં મૃત્તિકાપાત્રો મળેલાં છે.

વસાહતના રહેણાકની ઉત્તર-પૂર્વમાં શબ દાટવાની ચાર કોઠી (Pot Burial) ઉત્ખનનમાં ખુલ્લી થઈ છે. કેટલીક કોઠીમાં માનવહાડકાં અને કેટલીક કોઠીમાં શબ સાથે રાખવામાં આવતાં મૃત્તિકાપાત્રો જોવા મળ્યાં છે. કોઠીનું મોઢું વજનદાર પથ્થરથી ઢાંકવામાં આવેલ. જોકે આ પ્રથા અસામાન્ય અને ન જોવા મળે તેવી છે. આ વિસ્તારમાં આવા સપાટ પથ્થરો સહેલાઈથી ઉપલબ્ધ હોવાને કારણે આ પ્રથા અમલમાં આવી હોવાનો સંભવ છે.

તબક્કો ૧ (બી) : આ તબક્કામાં કિલ્લાની પહોળાઈ ઘટાડીને ૬ મીટર કરવામાં આવી છે. જોકે ઉપરકોટની પૂર્વ તરફની દીવાલની અંદરની બાજુએ માટીની ઈંટોથી દીવાલને મજબૂત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં મળતા હાથાવાળા વાડકા જેવા વાડકા આ તબક્કામાં મળી આવ્યા છે, પણ મૃત્તિકાપાત્રોની બનાવટ ઊતરતી કક્ષાની જણાઈ છે. આ તબક્કામાં અસામાન્ય અને અતિમહત્ત્વની કહી શકાય તેવી તાંબાની ૨૫થી ૧૦થી ૧ સે.મી.ની તકતી મળી આવી છે.

તબક્કો ૧ (સી) : બાંધકામની બાબતમાં આ સમયમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. અણઘડ પથ્થર ઉપરાંત ઘડેલા પથ્થરોનો ઉપયોગ પણ બાંધકામમાં કરવામાં આવ્યો. ઉપરકોટની દક્ષિણે ૩.૫૦થી ૪

કચ્છમાં ઉત્ખનનક્ષેત્રની પ્રમુખ ઘટનાઓનો અનુક્રમ

૧. નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ખાતે ઉત્ખનન કરાયું	૧૯૭૦-૭૨
૨. ધોળાવીરા ખાતે જગતપતિ જોશીએ આરંભિક ઉત્ખનન કર્યું	૧૯૭૦-૭૨
૩. નખત્રાણા તાલુકાના ખીરસરા (નેત્રા) ખાતેથી હરપ્પીય સીલ મળ્યાં	૨-૧-૧૯૭૮
૪. રાપર તાલુકાના સુવઈ નજીક પાબુમઠમાં ઉત્ખનનનો આરંભ	માર્ચ-૧૯૭૮
૫. રાપર તાલુકાના શિકારપુર ખાતે આરંભિક ખનનકાર્ય આરંભાયું	૧૯૮૮-૯૦
૬. ધોળાવીરાના ઉત્ખનનમાં મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ, આખા ત્રણસ્તરીય નગરના અવશેષ મળી આવ્યા	ફેબ્રુ. ૨૦૦૪
૭. લખપત તાલુકાના શિયોતની ગુફાઓમાંથી બૌદ્ધ મુદ્રાઓ મોટી સંખ્યામાં મળી આવી	૧૯૯૦
૮. ગુપ્ત સરસ્વતીનું પગેરું શોધતા પચ્છમના કુરન ખાતે વિશાળ હરપ્પીય નગર મળ્યું	ફેબ્રુ. ૨૦૦૪
૯. ધોળાવીરા ખાતેથી પ્રાપ્ત અવશેષોના સ્થળે સંગ્રહાલયનો આરંભ ગુજરાતના તત્કાલીન મુખ્ય સચિવ સુધીર માંકડના હસ્તે થયો	૨૨-૨-૨૦૦૭
૧૦. રાપર તાલુકાના કાનમેર ખાતે ઉત્ખનનકાર્યનો આરંભ થયો	ફેબ્રુ. ૨૦૦૮
૧૧. રાપર તાલુકાના શિકારપુર ખાતે ઉત્ખનનકાર્ય આગળ વધ્યું	ફેબ્રુ. ૨૦૦૮
૧૨. નખત્રાણા તાલુકાના ખીરસરા (નેત્રા) ખાતે ઉત્ખનન આરંભાયું	ડિસે. ૨૦૦૯

મીટરની પહોળાઈવાળા પાયા પર ૧૦થી ૧૦ મીટર ચોરસ એવા બુરજ દરેક ખૂણા પર બાંધવામાં આવ્યા. ઉપરકોટના મુખ્ય દરવાજા તરફ સીડી બનાવવામાં આવી. તેની બંને બાજુ રક્ષકસૈનિકો રહી શકે તેવી યોજના કરવામાં આવી.

રહેણાક-વિસ્તાર ફરતો કિલ્લો બાંધવામાં આવ્યો. સામાન્ય રીતે રહેણાકની જગ્યાનો વિસ્તાર ૨.૯૦ X ૨.૫૦ મીટરનો છે. તેની ત્રણ બાજુએ વંડો (Courtyard) અને પ્રવેશ તરફ ઓટલો રહેતો. ઉપરકોટ(રાજમહેલ)માં ઓછામાં ઓછા ત્રણ ઓરડા હોવાનું જણાય છે.

આ તબક્કામાં એ રસપ્રદ બાબત છે કે અહીંથી ચિત્રાત્મક લિપિવાળી મુદ્રા મળી છે, પણ તેમાં પ્રાણીનું અંકન નથી. ઉત્ખનનમાં ચર્ટ પથ્થરની બ્લેડ મળી આવી છે, પણ તેની સંખ્યામાં ન તો વધારો થયો છે, ન તો ઘટાડો.

આ વસાહતનો સમય સી-૧૪(C-૧૪)થી તપાસતાં ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી ઈ. સ. પૂર્વે ૧૬૦૦ હોવાનો સંભવ ડૉ. સાંકળિયા માને છે.

કચ્છની બીજી નાની-મોટી વસાહતો :

કુરન :

કચ્છના રણકાંઘીના પ્રખ્યાત કાળાડુંગરની ગોદમાં આવેલ કુરન-ગામની સીમમાં 'શહીદોના ગઢ' તરીકે જાણીતા વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમિયાન જ આ સ્થળમાં રહેલા હરપ્પીય સભ્યતાનાં અનેક પ્રમાણો મળવાનું શરૂ થયું. આ સ્થળની મુલાકાત પછી જોવા અને જાણવા મળતી વિગતો મુજબ ધોળાવીરા ખાતેથી હજુ જે પ્રાપ્ત થયેલ નથી એવા અવશેષો અહીંથી મળી આવેલ છે.

ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગની વડોદરા કચેરીનાં અધીક્ષક શ્રીમતી સુભ્રા પ્રમાણિકની આગેવાની હેઠળ કુરન ખાતે ૬ જાન્યુઆરી, ૨૦૦૪થી અથાગ મહેનત દ્વારા આપણી વિલુપ્ત પ્રાચીન ધરોહરને ઉજાગર કરવાના પ્રયાસોનો આરંભ કરાયો હતો.

અહીંથી માટીનાં પાત્રો, ઘરેણાં, માટીના અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવેલ છે. ૪૧૦-૩૫૦ મીટરના વિસ્તારમાં આઉટ ફૉર્ટિફિકેશન વૉલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫-૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન આવેલ છે. આ ઉપરાંત લોઅર ટાઉન આવેલ છે. ધોળાવીરામાં જેમ મિડલ ટાઉન છે તે જાતનું મિડલ ટાઉન હજુ અહીં મળેલ નથી, પણ સ્થળ પર નિરીક્ષણ કરતાં આવનારા સમયમાં આવું મિડલ ટાઉન મળી આવવાની સંભાવનાઓ નજરે પડે છે.

આ અગાઉ શોધાયેલ સિંધ, બલુચિસ્તાન, ધોળાવીરા, સુરકોટડા વગેરે હરપ્પીય નગરોના રાજભવનમાં કબ્રસ્તાન જોવા મળેલ નથી, જ્યારે નવસંશોધિત કુરન-વિસ્તારમાં જોવા મળ્યું છે કે મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીક દફનાવવામાં આવી છે. કુરનના રાજભવન પાસે મળી આવેલ કબ્રસ્તાનમાં એક કબરના ઉત્ખનન દરમિયાન એક નવીનતા જોવા મળી છે કે અહીં એ સમયે મૃતદેહોને બે વાર દફનાવવામાં આવતા હશે. એ સમયે મૃતદેહનાં અમુક અંગોનો પ્રથમ વખત નિકાલ કર્યા પછી અન્ય અંગોને વ્યવસ્થિત ચેમ્બર બનાવી તેમાં દફનાવાયાં હોય તેવું અહીં જોવા મળે છે. અહીંથી મળી આવેલ મૃતદેહ બેઠી હાલતમાં છે. તે સ્ત્રી છે કે પુરુષ તેનું સંશોધન હજી બાકી છે.

સંશોધન દરમિયાન વધુ એક નવીનતા એ પણ જોવા મળી છે કે કાળાડુંગરમાંથી એક વહેણ બહાર નીકળી કિલ્લાને સમાંતર વહી, પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફ વસાહત હોવાના સગડ મળે છે, જ્યારે પશ્ચિમ બાજુ સ્મશાનનાં નિશાનો મળે છે, જે સૂચવે છે કે અહીંના નગરજનો પોતાના નિવાસસ્થાનથી દૂર મૃતદેહના અગ્નિસંસ્કાર કરતા હશે.

આ સંસ્કૃતિ પણ નદીકિનારે વિકસી છે, કારણ કે આ વસાહત પણ નદીના પટમાં વિકસી હોવાનાં વિપુલ પ્રમાણો મળ્યાં છે. માટીનાં પાત્રોમાં કરવામાં

આવેલ વિવિધ રંગકામ અહીંના વસાહતીઓની કલાસૂઝનાં દર્શન કરાવે છે, તો સ્મશાન પાસેથી મળતાં માટીનાં પાત્રોમાં માત્ર કાળો અને સફેદ રંગ મૃતદેહ પ્રત્યે તેઓ માનની લાગણી ધરાવતા હતા તેવું સૂચવે છે.

કચ્છ એ ધરતીકંપનું ક્ષેત્ર છે. આ અંગેના પુરાવાઓ પણ અહીંથી મળે છે. રાજમહેલના કિલ્લાની દીવાલ એક સમયે ધરતીકંપમાં ધ્વસ્ત થઈ ગઈ હશે તે ધ્વસ્ત દીવાલને એમ ને એમ રહેવા દઈ તેની બાજુમાં જ નવી દીવાલ ચણવામાં આવી હોય તેવાં પ્રમાણો અહીં એકથી વધુ સ્થળે જોવા મળે છે.

ધોળાવીરાનું પ્રવેશદ્વાર પૂર્વદિશામાં છે જ્યારે અહીંનું પ્રવેશદ્વાર દક્ષિણદિશામાં છે. અહીં આવેલ ઓપનએર થિયેટરમાં આમજનતા માટે બેસવા માટે ઢાળ બનાવવામાં આવેલ છે, જ્યારે ધોળાવીરાના ઓપનએર થિયેટરમાં પગથિયાં છે. આમ કુરને ધોળાવીરા કે અન્ય હરપ્પીય વસાહતોનો તુલનાત્મક અભ્યાસ કરવાની તક પણ સંશોધકોને પૂરી પાડી છે. આમ, કચ્છમાં મળી આવેલ વધુ એક હરપ્પીય નગરે કચ્છને પુરાતત્ત્વના નકશામાં મોખરાનું સ્થાન અપાવી દીધું છે.

કાનમેર :

કચ્છના પ્રાચીન વાગડ-વિસ્તારમાંથી ખનન-કાર્યના આરંભમાં જ એક સુંદર નગરરચના ધરાવતું નગર રાપર તાલુકાના કાનમેર ગામ નજીક આવેલી ટેકરી પર ધરબાયેલું રહ્યું છે. તેના ઉત્ખનન-કાર્યનો ચાલુ વર્ષે આરંભ કરાયો છે. તેનું સમગ્ર આયોજન ગુજરાત સરકારના પુરાતત્ત્વવિભાગ, રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદયપુરના પુરાતત્ત્વવિભાગ તથા જાપાન સરકારના માનવસંસાધન અને પ્રાકૃતિક સંપદા સંશોધન વિભાગના સંયુક્ત ઉપક્રમે ચાલી રહ્યું છે.

૨૫૦૦ની વસતી ધરાવતા કાનમેર ઉત્ખનન કાર્યની વિગતો આપતાં રાજસ્થાન વિદ્યાપીઠના પુરાતત્ત્વવિભાગના વડા પ્રા. ડૉ. જીવનસિંહ ખરકવાલે જણાવ્યું હતું કે ઈ. સ. ૨૦૦૬ના એપ્રિલ મહિનાથી આરંભાયેલું ઉત્ખનનકાર્ય ઈ. સ. ૨૦૧૧ સુધી ચાલશે એવી અત્યારે સંભાવના છે. પ્રતિવર્ષ શિયાળાની ઋતુમાં ઉત્ખનનકાર્ય ચાલશે.

મળેલ નગરની વધુ વિગતો આપતાં પ્રો. ખરકવાલ જણાવે છે કે ૧૫૦ ચો. મીટરના વિસ્તારમાં ૧૭ મીટર લાંબી અને ૧૧ મીટર ઊંચી દીવાલ મળી આવેલ છે, તે જોતાં સુરક્ષાના મજબૂત કવચથી આ નગર રક્ષિત હશે એવું અનુમાન કરી શકાય છે. ડૉ. એમ. કે. ધવલીકરના અનુમાન મુજબ આ નગર એક કૅમ્પ હશે, કારણ કે આ નગરમાં એક જ સામૂહિક રસોડાના અવશેષો મળ્યા છે. નગરની અંદર મકાનો તથા માર્ગો પણ દેખાય છે, પરંતુ તેનું ખનન હજી બાકી છે.

ઉત્ખનનકાર્યના આરંભમાં કામ દરમિયાન અહીંથી જંગલી ભેંસનાં હાડકાં, માટીનાં પાત્રો, ઘઉં, મગ અને ચોખાના દાણા પણ મળી આવ્યા છે. ખંભાતથી મળતાં મોતી જેવાં જ મોતી પણ અહીંથી મળી આવતાં આ કાર્ય માટે ખંભાતથી ખાસ મોતીકામના નિષ્ણાત કારીગરો પાસેથી વધુ જતનથી ખનન કરવાનું વિચારાયું છે.

કાનમેરનું આ હરપ્પાકાલીન નગર એક સમયે દરિયાથી વધુ નજીક હોવાની સંભાવના છે અને જે-તે સમયે તે એક મોટું વ્યાપારી મથક હોવાની સંભાવના પુરાતત્ત્વવિદો વ્યક્ત કરે છે.

શિકારપુર તથા કાનમેર બંને નગરોની તુલના કરતાં જણાય છે કે શિકારપુરની દીવાલો માટીની બનેલી છે, જ્યારે કાનમેરની દીવાલો મજબૂત પથ્થરોની બનેલી છે. આથી કાનમેર વધુ સુરક્ષિત અને મહત્ત્વનું હશે. ધોળાવીરા જેમ સમાજના વિવિધ સ્તરોને વિભાજિત કરતી નગરરચના ધરાવે છે તેથી વિપરીત કાનમેર એક જ કિલ્લામાં રક્ષિત હોઈ બે સંભાવના વ્યક્ત કરી શકાય : એક તો આ નગરમાં માત્ર ઉચ્ચ વર્ણના લોકો જ વસવાટ કરતા હશે અથવા તો આ નગરમાં તમામ સ્તરના લોકો એકસંપથી રહેતા હશે. ભવિષ્યમાં કાનમેર ખાતે જ પુરાતત્ત્વીય સંગ્રહાલય

બનાવવાનું આયોજન હોવાનું ડૉ. ખરકવાલ તથા પુરાતત્ત્વવિભાગના ગુજરાતના નિયામક ડૉ. યદુબીરસિંહ રાવતે જણાવ્યું હતું.

નેત્રા :

અહીંના ટેકરા પરથી સિંધુકાલીન બે સુંદર મુદ્રાઓ તેમ જ થોડાં વાસણો મળી આવ્યાં છે. આ મુદ્રાઓ નારાયણભાઈ જોશી 'કારાયલ' દ્વારા કચ્છ મ્યુઝિયમને આપવામાં આવતાં તે સંગ્રહાલયમાં પ્રદર્શિત કરાઈ છે. આ હરપ્પીય નગરનું વિધિવત્ ઉત્ખનન ડિસે. ૨૦૦૯થી ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા આરંભાયું છે. આવનારા દિવસોમાં અહીંથી પણ અતીતનાં અનેક સંભારણાંઓ મળી આવવાની સંભાવના છે.

આમ, છેલ્લા છ દાયકા દરમિયાન કચ્છમાં થયેલાં પુરાતત્ત્વીય ઉત્ખનન અને સંશોધન થકી મળેલ આપણી પાંચ હજાર વર્ષ પ્રાચીન સંસ્કૃતિનો સંસ્કાર-વારસો આજે પણ કચ્છના લોકસંસ્કારમાં, લોકમાનસમાં, બન્નીનાં ઘર પરની ડિઝાઇનોમાં, સ્વસ્તિક, માતૃપૂજા, ગૌપૂજા, શિવપૂજા વગેરેમાં સચવાયેલો જોઈ શકાય છે. પરંતુ આ મૂર્ત અવશેષોને જાળવવા એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે. દુનિયાના તમામ દેશોએ પોતાની અસ્મિતા જાળવી રાખવાના પ્રયત્નો કર્યા છે.

નાની રાયણ :

માંડવી તાલુકામાં માંડવીથી ૪-૫ કિ.મી. દૂર વસેલું એક ગામ છે, જ્યાંથી જાણીતા હૃદયરોગ-નિષ્ણાત અને પુરાતત્ત્વરસિક ડૉ. પુલિનભાઈ વસાને પૂર્વ-હરપ્પાકાળથી માંડીને આજ દિવસ સુધીના વિવિધ માનવવસવાટના પુરાવાઓ મળ્યા છે. એમનાં અવલોકનોનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે. જોકે નાની રાયણમાં હજુ સત્તાવાર શાસ્ત્રીય પદ્ધતિથી ઉત્ખનન થવું બાકી છે.

પ્રારંભિક :

નાની રાયણ માંડવી તાલુકામાં આવેલું નાનકડું ગામ છે. રુકમાવતી નદીના કિનારે, માંડવીથી પાંચ કિલોમીટરે આવેલા આ ગામમાં ૨૫૦થી ૩૦૦ લોકો વસે છે. તેઓ મહદંશે ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરે છે. ગામની મધ્યમાં દાદા ઘોરમનાથનું મંદિર છે, જેની ઉપરથી ગામ, તેની આસપાસનાં ખેતરો અને ઉપરવાસથી આવતી અને માંડવી પહોંચતી રુકમાવતી-નદી જોઈ શકાય છે. નદી ગામને ઉત્તર અને પશ્ચિમ-દિશાએથી સ્પર્શીને માંડવી તરફ આગળ વધે છે, જ્યાં તે દરિયાને મળે છે. જ્યારે ભારે વરસાદ પડતો હોય તે સમય દરમિયાન નદીમાંથી પાણી વહેતું હોય છે. બાકીના સમયે આ નદી સૂકી રહે છે. માંડવી નજીક આવેલો ચેકડેમ દરિયાનાં પાણીને નદીમાં જતાં રોકે છે. છેલ્લાં ઘણાં વર્ષોથી માંડવીના દરિયામાં કાંપનો ભરાવો થતો હોવાથી દરિયો પાછળ ખસી ગયો છે. પરંતુ ભૂતકાળમાં ભરતી વખતે દરિયાનું પાણી છેક નાની રાયણ સુધી પહોંચતું અને નાની રાયણના બંદર સુધી ભરતીના સમયે માલભરેલી હોડીઓ આવી શકતી.

ગામની એક તરફ આવેલા છેલામાં વહેતા પાણીએ ગામની તે તરફના ભાગને કાપી નાખ્યો છે, જેને અહીંના લોકો કપ્પર કહે છે. આ કપ્પરમાં ઊભા રહીને જમીનમાં દટાયેલી ઈંટની પ્રાચીન દીવાલ દેખાય છે, જે અહીંના દટાયેલા શહેરની સહુથી વધુ દૃશ્યમાન નિશાની છે. જમીનમાંથી નીકળેલી અનાજ ભરવાની વિશાળ કોઠી મળી છે, જેમાં ૩૦૦ કિલો અનાજ ભરી શકાતું. આ કોઠી પ્રાચીન કુંભારકળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ૪ ફીટ ઊંચી, ૬ ફીટ પહોળી અને ૨.૫ ઇંચ જાડી દીવાલવાળી આ કોઠીના નીચેના ભાગમાં એક કાણું છે જેમાંથી અનાજ બહાર કાઢી શકાય. છેલ્લાં બે હજાર વર્ષનો માર ઝીલી અકબંધ રહેલી આ કોઠી કચ્છના ૨૦૦૧ના ધરતીકંપ વખત મકાનનું છાપરું પડતાં ભાંગી ગઈ.

લગભગ ૧૫ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા આ ગામની જમીન ફળદ્રુપ અને કાંપવાળી છે.

દાદા ઘોરમનાથના મંદિરની સામે એક કબ્રસ્તાન છે. બીજું કબ્રસ્તાન ગામથી થોડે દૂર નાગલપર ગામ

તરફના સીમાડામાં છે. આ કબ્રસ્તાન ઘણું પ્રાચીન જણાય છે. પાણીની પાઇપલાઇન નાખવા લાઇન ખોદતી વખતે આ બન્ને કબ્રસ્તાનની એકએક કબર ખોદાઈ ગઈ હતી, જેમાં સંપૂર્ણ કદનાં માનવ-હાડપિંજર જોવા મળ્યાં હતાં. દાદા ઘોરમનાથના મંદિર પાસેના કબ્રસ્તાનમાં સ્ત્રીનું અને બીજા કબ્રસ્તાનમાં પુરુષનું હાડપિંજર હતું. કાર્બન ડેટિંગ અને કબરના બાકીના બંધારણનો અભ્યાસ ન થવાને કારણે આ હાડપિંજર કેટલાં જૂનાં છે તે નક્કી કરી શકાયું નથી.

નર્મદાનદીના પાણીની પાઇપલાઇન નાખતી વખતે નાની રાયણને ચીરતી ૧૦ ફીટ ઊંડી ૩ ફીટ પહોળી એક ખાઈ ખોદવામાં આવી હતી. એ ખાઈના વ્યાપક અભ્યાસ પરથી એવું જણાયું કે હાલની જમીનના તળની ૨ ફીટથી ૪ ફીટ નીચે એક આખી સંસ્કૃતિ દટાયેલી છે. જમીનની ૪ ફૂટ નીચે પકવેલી માટીની ઈંટોની દીવાલો જોવા મળી જેમાં કાદવથી ઈંટો ચોટાડવામાં આવી હોય. કુંભારના નીંભાડામાં રાખેલાં વાસણોની થપ્પીઓ, લોખંડ ગાળવાની ભઠ્ઠી અને તેમાં જામી ગયેલા લોખંડના ધાતુના ટુકડા, મોટી કોઠીઓની હારમાળા, નાનાં-મોટાં વાસણો, મણકા - એ જમીન નીચે દટાઈ ગયેલા આ માનવ સંસ્થાનનાં અનેક પ્રમાણો જોવા મળ્યાં. આજ રીતે વાસ્મોની પાઇપ-લાઇન નાખવા માટે ખોદાયેલી ખાઈ, જે નદીમાંથી થઈ ગામમાં દાખલ થતી હતી તેમાંથી નદીથી ફક્ત ૧૦૦ વાર દૂર ૧૩ ફીટ પહોળો પકવેલી ઈંટનો બનાવેલો ઓટલો – જે કદાચ વહાણને નાંગરવાનો ધક્કો હોઈ શકે – જોવા મળેલો. ઓટલાથી થોડેક દૂર ઈંટની દીવાલો છે અને એ દીવાલ અને ઓટલા વચ્ચે એક મણકાથી ભરેલું માટલું હતું જેમાં જાતજાતના સેંકડો મણકા હતા. માટલું તૂટી જતાં મણકા રેતીમાં વેરાઈ ગયેલા.

વ્યવસ્થિત ઉત્ખનનનો અભાવ હોવા છતાં જે કંઈ મળ્યું છે, જે કંઈ ખોદેલી ખાઈઓનો અભ્યાસ કરતાં દેખાયું છે તેનાથી નિર્વિવાદ એટલું કહી શકાય કે નાની રાયણનું હાલનું ગામ દટાઈ ગયેલી માનવ-વસાહત પર બન્યું છે જ્યાં સિંધુકાળથી આજ દિવસ સુધી માનવ-વસવાટ રહ્યો છે.

પુરાવશેષો : આભૂષણ :

નાની રાયણની જમીનમાંથી વિપુલ પ્રમાણમાં આભૂષણો મળ્યાં છે. ખાસ કરીને મણકાઓ, શંખનાં આભૂષણો, એક ઘરેણાં બનાવવાની ડાઈ, પથ્થરની અને કાંસાની ધાતુ ગાળવા માટે વપરાતી ક્રુસીબલ પણ મળી છે.

મણકાનો ઉપયોગ માત્ર શરીરને શણગારવા માટે નહીં પરંતુ જે-તે વ્યક્તિનો સામાજિક અને ધાર્મિક હોદ્દો દર્શાવવા માટે પણ થતો. પથ્થરના મણકા બનાવવાની કળા પેલીઓલીથીક અને મેગાલીથીક કાળથી અર્થાત્ ઈ. સ. પૂર્વે ૧૦ હજાર વર્ષથી ૮ હજાર વર્ષના સમયથી ચાલી આવતી જોવા મળે છે.

નાની રાયણના પુરાતન લોકો પણ પોતાના શરીરને સજાવવા આભૂષણોનો ઉપયોગ કરતા અને અહીંથી મોટા પ્રમાણમાં પકાવેલી માટી, પથ્થરના, શંખના અને અર્ધકીમતી પથ્થરોના મણકા મળ્યા છે. પથ્થરનો મણકો ૬.૫ સે.મી.નો ૪.૫ સે.મી જાડો છે, અણઘડ છે અને લગભગ પશુને ગળામાં પહેરાવવા વપરાતો હશે. તદુપરાંત ઘરેણાંમાં વપરાતા હોય તે પ્રકારના પથ્થરના નાના મણકા પણ મળ્યા છે.

પકવેલી માટીના લાલ, પીળા, કાળા અને બ્રાઉન કલરના નાનામોટા અને વિવિધ આકારના મણકા મળ્યા છે. આ મણકામાં બહુધા મણકાઓ સોપારી-આકારના છે, જેને અંગ્રેજીમાં 'એરેકા-નટ બીડ્સ' કહે છે. આ પ્રકારના મણકા ગુજરાતમાં થયેલાં અન્ય ઉત્ખનન દરમિયાન પણ મળ્યા છે, જેમ કે દેવની મોરી, નાગરા, શામળાજી અને સોમનાથ.

શું આ મણકા માટીના આભૂષણ તરીકે જ વપરાતા હતા ? તેમાંના અમુક મણકા ખૂબ જ સુંદર રીતે બનાવેલા છે, જ્યારે અમુકની બનાવટમાં એટલી ચોકસાઈ નથી જોવા મળતી. કદાચ આ મણકા માછલી પકડવાની જાળનાં વજનિયાં તરીકે વપરાતા હશે. આજે પણ આ જ આકારનાં સીસાનાં વજનિયાં માછીમારો વાપરતા હોય છે.

સંશોધન દરમિયાન બાળકોને મોટા મણકામાં ઝાડુની સળી નાખી ભમરડાની જેમ ફેરવતાં જોયાં. તેને તેઓ ઘીરીઓ કહેતા. ઘીરીઓ એટલે ભમરડો. આશ્ચર્યની વાત એ છે કે અંગ્રેજી ભાષામાં ભમરડાને ગાયરો કહેવામાં આવે છે. ઘીરીઓ અને ગાયરો વચ્ચે ઘણું સામ્ય છે. આ મોટા મણકા તકલી તરીકે વપરાતા હશે. અમેરિકાના ન્યૂયોર્ક શહેરના નેચરલ હિસ્ટરી મ્યુઝિયમમાં તકલી તરીકે વપરાતા મણકા રાખવામાં આવ્યા છે. આ મ્યુઝિયમની મુલાકાત વખતે આ લેખકે આવા મણકા જોયા હતા અને તેમની તસવીર લીધી હતી. પ્રાચીન અમેરિકાના એઝટેક સંસ્કૃતિના લોકો આવા મણકાની તકલી વાપરતા અને તેનાથી ઊન તથા કપાસની દોરી બનાવતા. આ મણકાનાં આકાર અને કદ નાની રાયણના મણકાને હૂબહૂ મળતાં આવે છે.

નાની રાયણ પાણીયોજનાની પાઇપલાઇન નાખવા માટે બનાવવામાં આવેલી ખાઈમાંથી એક મણકાથી ભરેલું માટલું મળી આવ્યું હતું. મણકાના આ ખજાનામાં અર્ધકીમતી પથ્થર, સ્ટીએટાઈટ, મોતી, લાલ પરવાળાં, હાડકાં વગેરે જુદાજુદા પ્રકારના હજારો મણકા હતા.

આ માટલામાંથી મણકા ઉપરાંત ૨૫ જેટલી શંખમાંથી બનાવેલી સુંદર વીંટીઓ પણ નીકળી હતી અને બે પકવેલી માટીના મણકા અને એક તાંબાનું નાનકડું વાસણ મળ્યું હતું. શંખની આ વીંટીઓ પર એક નાનકડી ફૂલની ડિઝાઇન કરવામાં આવી છે. નદીથી લગભગ ૧૦૦ વાર દૂર આભૂષણોથી ભરેલું આ માટલું જરૂર કોઈક ઝવેરીએ નિકાસ કરવા માટે તૈયાર કર્યું હશે. મણકાના પ્રકાર પરથી આ મણકા સિંધુકાલીન હોવાનું પ્રતિપાદિત થાય છે. આ માટલામાંથી લાલ પરવાળાંના ઘસાઈ કર્યા વગરના ટુકડા અને એક સંપૂર્ણ સુંદર મણકો મળ્યો છે. 'પેરિપ્લસ'ના પુસ્તકમાં લાલ પરવાળાંના આભૂષણોનો આયાતનિકાસના અગત્યના પાસા તરીકે ઉલ્લેખ છે. સિંધુકાલીન મણકાઓ સાથે લાલ પરવાળાંના મણકાનું મળવું એ રહસ્યમય બાબત છે તેનો અર્થ એવો થઈ શકે કે લાલ પરવાળાંના મણકા છેક સિંધુકાળથી ઈસુના જન્મસમય સુધી બનાવવામાં અને નિકાસ કરવામાં આવતા. આ માટલામાંથી :

(૧) ૨.૫ મી.મી. સાઇઝના કાળા રંગના સૂક્ષ્મ મણકા (સ્ટીએટાઈટ બીડ)
(૨) ૨થી ૫ મી.મી. સાઇઝના ઘેરા પીળા રંગના મણકા
(૩) સફેદ રંગના હલકા વજનના મણકા
(૪) ૬થી ૧૧ મી.મી. લીલા રંગના ગોળ અને ચોરસ અર્ધકીમતી પથ્થરના મણકા
(૫) એચ્ડ કાર્નેલીયન મણકા.
(૬) લંબગોળ સિલિંડરના આકારના મણકા (લૉંગ સીલીંડ્રિકલ બીડ્સ)
(૭) અર્ધકીમતી પથ્થરના બનેલા ગોળ, લંબચોરસ અને પતરી-આકારના મણકા
(૮) લાપીસ લેજુલીના ૫૨ X ૩૦ X ૧૨ મી.મી. સાઇઝના ઘેરા ભૂરા રંગના મોટા લંબચોરસ મણકા
(૯) અકીકના મણકા
(૧૦) લાલ પરવાળાંના મણકા
(૧૧) મોતી
(૧૨) ઇતર મણકા
(૧૩) પકવેલી માટીના મણકા.
(૧૪) શંખની વીંટી

લંબગોળ સિલિંડરના આકારના મણકા મેસોપોટેમિયા સાથેના સિંધુકાલીન વ્યાપારી સંબંધોનો પુરાવો છે. મેસોપોટેમિયા ઉપરાંત સુસા અને જલાલાબાદ ખાતે થયેલા ઉત્ખનનમાંથી પણ આવા મણકા મળ્યા છે.

આ માટલામાંથી નીકળેલા કાળા રંગના સૂક્ષ્મ મણકા (માઈક્રોબીડ્સ) સ્ટીએટાઈટ પેસ્ટમાંથી બનેલા છે. આટલા સૂક્ષ્મ મણકામાં કઈ રીતે કાણું પાડવામાં આવતું હશે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સૌ-પ્રથમ સ્ટીએટાઇટ પેસ્ટનો માવો બનાવવામાં આવતો. તે માવાને તળિયામાં કાણું હોય તેવા ડબ્બામાં ભરવામાં

આવતો. આ કાણાની વચ્ચે એક તાંબાનો વાયર ગોઠવવામાં આવતો. પછી આ માવાને ઉપરથી દબાણ આપવામાં આવતું જેથી પેલા કાણામાંથી સ્ટીએટાઈટની નળીઓ બહાર આવે. આ નળીને કાપી તેના મણકા બનાવવામાં આવતા અને તેમને ૯૦૦ સેં.ના તાપમાનમાં પકવવામાં આવતા.

આ માટલામાંથી સ્ટીએટાઇટની ટ્યૂબ પણ મળી છે. આ મણકાને જોતાં એક રસપ્રદ બાબત આંખો સામે ઊભરે છે. આજની નારી કાળા મણકાનું મંગળસૂત્ર પહેરે છે તે રિવાજ છેક સિંધુકાળથી આપણી સંસ્કૃતિમાં વણાયેલો છે.

શંખમાંથી બનાવેલાં આભૂષણો :

નાની રાયણનાં ખેતરોમાંથી શંખમાંથી બનેલી બંગડીના ટુકડા નજરે ચડે છે. આ ઉપરાંત બંગડી બનાવી લીધા પછી વધેલા શંખના ટુકડા તેમ જ કાપ્યા વગરના આખા શંખ પણ મળે છે.

બંગડી પહેરવાનો રિવાજ ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી ચાલ્યો આવે છે. ધોળાવીરા ખાતે ખોદાયેલી કબરમાંના હાડપિંજરના હાથમાં શંખની બંગડી જોવા મળે છે. નાની રાયણમાંથી મળેલી શંખની બંગડીઓમાં અમુક સાવ જ સાદી, ડિઝાઇન વગરની બંગડીઓ છે, તો અમુક બંગડીઓ પર અત્યંત સુંદર કોતરણી કરવામાં આવી છે. આ બધી જ બંગડીઓ 'ટૅરેબલ પાયરમ લીન' નામના શંખમાંથી બનાવવામાં આવી છે. શંખનાં આભૂષણો બનાવવાનો વ્યાપક ઉદ્યોગ નાની રાયણમાં હોવો જોઈએ. અહીંથી માત્ર પાંચ કિ.મી. દૂર આવેલા દરિયામાંથી આ પ્રકારના શંખ સહેલાઈથી મળી રહેતા હશે. બંગડીઓ ઉપરાંત એક બાજુબંધનો ટુકડો મળ્યો છે, જેની ઉપર પોતાનાં પીછાં સાફ કરતા મોરની કોતરણી છે. આ અદ્ભુત કોતરણી તે સમયના કારીગરોની શ્રેષ્ઠતા પુરવાર કરે છે. બંગડીમાં જોવા મળતી વિવિધ ગુણવત્તા તે સમયે પણ ગરીબ અને તવંગર લોકો હશે એમ દર્શાવે છે.

શંખની બંગડીની ડિઝાઇન ધરાવતી પકવેલી માટીની બંગડીના બે ટુકડા પણ મળ્યા છે.

ભારતમાં વિવિધ સ્થળે થયેલાં સિંધુકાલીન અને ઈસુના સમયનાં ઘણાં ઉત્ખનનમાંથી શંખની બંગડીઓ નીકળી છે, પણ કોઈ એક ઠેકાણેથી આટલી વિવિધ પ્રકારની બંગડીઓ અને મોરનું નિરૂપણ કરતી ડિઝાઇનવાળું આભૂષણ એકસાથે મળ્યા હોવાનો ઉલ્લેખ લેખકને જોવામાં આવ્યો નથી.

ઘરેણાં બનાવવાની ડાઈ :

૮૫ X ૭૨ X ૩૩ મી.મી.ના ઈંટના ટુકડા આકારની ઘરેણાં બનાવવાની ડાઈ લેખકને મળી છે, જેમાં ૧ બિંદુ પરથી નીકળી ગોળાકાર બનાવી નીચે જતી છ લાઈનો કોતરવામાં આવી છે. પેન્ડન્ટ-પ્રકારનું કોઈક આભૂષણ બનાવવા માટે આ ડાઈનો ઉપયોગ થયો હશે જેમાં પીગળેલી ધાતુ રેડી ઠારવાથી પ્રશ્નાર્થ-આકારનું આભૂષણ તૈયાર થતું હશે.

મૃત્તિકાપાત્રો :

નાની રાયણમાંથી ઘણી જાતનાં વાસણો (પૉટરી) અને તેના ટુકડા મળી આવ્યા છે. મુખ્ય પ્રકારોનું વિહંગાવલોકન અને તેના મહત્ત્વની અત્રે ચર્ચા કરી છે.

રોમ સાથેના વ્યાપારી સંબંધો પુરવાર કરતી પૉટરી :

મોલ્ડેડ વેર અને સ્ટૅમ્પડ વેર (ઘાટ આપેલા અને ડિઝાઇન ઉપસાવેલાં વાસણો)

આ પ્રકારનાં વાસણો રોમન અસર દર્શાવે છે. આનું સર્વપ્રથમ વર્ણન ૧૯૪૫માં વ્હીલર નામના પુરાતત્ત્વવિદે કર્યું હતું. તે વખતે તેમણે એરીકમેડુ-(પૉંડિચેરી)નું ઉત્ખનન કર્યું હતું. ત્યાર બાદ આ પ્રકારનાં વાસણો રોમ સાથે સંપર્ક ધરાવતી ઘણી જગ્યાએથી મળી આવ્યાં છે.

આ વાસણો બનાવવા માટેની ડિઝાઇનનું ધાતુનું વાસણ રોમથી ઈસુ પહેલાંની ૪થી સદીથી ઈસુ પછીની પ્રથમ સદી સુધી આયાત થતું હતું. તેની ડિઝાઇન પરથી ભારતના કુંભાર તે પ્રકારનાં માટીનાં વાસણ બનાવતા. આ વાસણ બે પ્રકારનાં હતાં – ડિઝાઇનવાળાં અને ડિઝાઇન વગરનાં. ડિઝાઇનવાળાં વાસણો બનાવવા ડિઝાઇનની ડાઈ ગોઠવી ફરમો તૈયાર કરવામાં આવતો. આને ચાકડા પર મૂકી તેમાં ગૂંદેલી માટી નાખવામાં આવતી અને તેને ઘાટ અપાતો, ત્યાર

બાદ તે વાસણને સૂકવીને ફરમામાંથી બહાર કાઢી પકવવામાં આવતું.

રોમન દારૂનાં વાસણો (એમ્ફોરા) ઉપરાંત આ પૉટરી પણ રોમ સાથેના શરૂઆતના વેપારી સંબંધોની પદ્ધતિ અને સમયગાળો નક્કી કરવાના અગત્યના પુરાવા છે.

લેખકને નાની રાયણમાંથી લોટા-આકારનો ઘાટ આપેલાં બે સંપૂર્ણ વાસણ મળ્યાં છે. તેના પર કોઈ પ્રકારની ડિઝાઇન નથી. ખૂબ જ સુંદર કમળની પાંદડીની ડિઝાઇનવાળું ઘાટ આપેલું બાટલીના આકારવાળું વાસણ પણ મળ્યું છે. આ ઉપરાંત જુદા-જુદા પ્રકારનાં પ્રાણી, પક્ષી, માણસો અને ફૂલ-પાનની ડિઝાઇનવાળાં અસંખ્ય વાસણોના ટુકડા મળ્યા છે. શ્રીમતી વિમલા બેગલીના પુસ્તકમાં કરેલા વર્ણન મુજબનું રોમથી આયાત થયેલું કમળની પાંદડીની ડિઝાઇનવાળું ધાતુનું વાસણ અને તેના પરથી આપણા કુંભારે બનાવેલું માટીનું વાસણ લેખકને નાની રાયણની જમીનમાંથી મળ્યાં છે. આ પ્રકારની ડિઝાઇનવાળી ધાતુનાં અને આરસનાં વાસણો રોમના ઉત્ખનનમાંથી પણ મળ્યાં છે, જેને લોટોસ્ટ્રોફ કહેવામાં આવે છે. આવું લોટોસ્ટ્રોફ અમેરિકાના મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં રાખવામાં આવ્યું છે.

હાથી, સિંહ, હંસ, મોર, હરણનો શિકાર કરતો ઘોડેસવાર, સિંહનો શિકાર કરતો ઘોડેસવાર, સંભોગ કરતાં માનવયુગ્મ, સંગીત વગાડતી સ્ત્રીઓ, વેલ, કમળ, ફૂલો વગેરે દર્શાવતાં ઠીકરાં (પૉટરી) અહીંના લોકોની કલા, સૂઝ અને કુદરત માટેનો પ્રેમ દર્શાવે છે. મહદંશે આ ટુકડાઓ લાલ રંગના તેમ જ કાળા રંગના છે. આવી ડિઝાઇન ઉપસાવવા માટે વપરાતી ઘણી જાતની ડાઈના ટુકડાઓ પણ અહીંની જમીનમાંથી મળ્યા છે. તેમાં ૩ સિલિંડરના આકારની સંપૂર્ણ ડાઈ છે, જ્યારે બાકીના ટુકડા થઈ ગયેલી ડાઈ છે. નાની રાયણમાંથી મળેલી સિલિંડ્રીકલ ડાઈ જેવી જ રોમમાંથી મળેલી સિલિંડ્રીકલ ડાઈનો નમૂનો પણ મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં રાખવામાં આવ્યો છે.

રોમન એમ્ફોરા :

આછા ક્રીમ કલરનાં સુંદર રીતે બનાવેલાં રોમન એમ્ફોરા રોમથી આયાત થતાં વાસણો પૈકીનું જાણીતું વાસણ છે. આ વાસણમાં સુરા (વાઈન) ભરાઈને આવતી. તે વાસણના અંદરના ભાગમાં કાળાશ પડતો પદાર્થ ચોંટેલો જોવા મળે છે જે રાસાયણિક પૃથક્કરણ કરવાથી દ્રાક્ષમાંથી બનેલો સુકાઈ ગયેલો વાઈન હોવાનું માલૂમ પડ્યું છે. રોમન એમ્ફોરામાં એક લાલ એમ્ફોરાને બાદ કરતાં બધાં જ ક્રીમ કલરનાં છે. લાલ રંગના એમ્ફોરામાં આવો કાળા રંગનો પદાર્થ જોવા મળતો નથી. આ ઉપરાંત એમ્ફોરાનાં હેન્ડલ (કડાં) પણ મળ્યાં છે. ગુજરાતમાંથી ઘણાં સ્થળેથી આવાં વાસણ મળ્યાં છે.

બાર્બોટાઈન વેર :

ફણસની છાલ જેવાં વાસણોના ટુકડા પણ રોમન અસર દર્શાવતી પૉટરી છે. આવાં લાલ રંગનાં વાસણો પર ફણસનાં ફળ પર હોય તે પ્રકારની ડિઝાઈન સ્ટૅમ્પ કરવામાં આવી હોય છે. આવાં વાસણો તેમ જ તેને બનાવવાની ડાઈ નાની રાયણમાંથી મળી આવી છે.

નાળચાવાળાં વાસણો :

આવાં જુદાજુદા પ્રકારનાં અને રંગનાં નાળચાં નાની રાયણમાંથી મળ્યાં છે. આવાં વાસણો મળ્યાનો ઉલ્લેખ શ્રી આર. સી. પ્રસાદના 'સ્પાઉટેડ વેસલ્સ ઍન્ડ ઇન્ડિયા' નામના પુસ્તકમાંથી મળે છે. તેમના જણાવ્યા અનુસાર આ વાસણો ભારત સાથેના સંપર્કમાં આવેલાં ટેપગ્વારા, સુસા, ગીયાન, હિસાર, સીઆલ્ક વગેરે જેવાં મેસોપોટેમીયન સ્થળોએથી (ઈસુ પૂર્વેનાં ૩ હજાર વર્ષ પહેલાં) મળી આવ્યાં છે. જોકે પ્રોફેસર ચિલ્ડેના જણાવ્યા અનુસાર ભારતમાં તેનો સમયગાળો ઈસુ પૂર્વે ૨૦૦૦ વર્ષનો ગણવામાં આવે છે. આવાં વાસણોનો ઉપયોગ ધાર્મિક વિધિઓ માટે થતો હોવાનું અનુમાન છે અને તે છેક ઈસુ પછીની છઠ્ઠી સદી સુધી વપરાતાં હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતમાં શામળાજી, નાગરા, દેવની મોરી, સોમનાથ વગેરેમાં ઉત્ખનન દરમિયાન નાળચાવાળાં વાસણો મળી આવ્યાં છે.

5.

ડીશ ઑન સ્ટૅન્ડ :

આ પ્રકારનાં વાસણ. સિંધુકાલીન વસાહતનાં દ્યોતક છે. શ્રી એસ. પી. ગોરના જણાવ્યા અનુસાર જેમ યુરોપમાંથી સેમીયન પ્રકારની પૉટરી મળવી તે રોમન કબજાની નિશાની છે તેમ ડીશ ઑન સ્ટૅન્ડનું મળવું ત્યાં સિંધુકાલીન વસવાટ હોવાની નિશાની છે. આવાં વાસણો વિશ્વનાં બીજાં ઉત્ખનન દરમિયાન પણ મળ્યાં છે. તેના ઉપયોગ વિશે જાતજાતના મતો છે. કોઈક તેનો ધાર્મિક ક્રિયામાં તો કોઈક દુકાનમાં વસ્તુ રાખવા માટે થતો હશે તેમ માને છે, તો ફૂલો કે ફળો રાખવા માટે પણ વપરાતાં હશે એવું પણ માનવામાં આવે છે.

જુદાજુદા રંગનાં અને આકારવાળાં ડીશ ઑન સ્ટૅન્ડના ટુકડાઓ અહીંથી મળ્યા છે.

આ ઉપરાંત વિવિધ પ્રકારનાં કોડિયાં, માટલાં, વાટકા, વાસણ ઢાંકવાનાં ઢાંકણાં મળી આવ્યાં છે. જમીનથી ૪ ફૂટ નીચે કુંભારના નીંભાડાઓમાં રાખેલાં કોડિયાં અને વાટકાની થપ્પીઓ પણ જોવા મળી છે. મકાન બાંધવા માટે વપરાતી પકવેલી માટીની ઈંટો મળી છે અને આજે પણ જમીનમાં દટાયેલી દીવાલો જોવા મળે છે. તેના મુખ્યત્વે બે પ્રકાર જોવા મળે છે. અમુક ઈંટો ૪૦ X ૩૦.૭ X ૭ સેમી સાઇઝની છે તો અમુક ૨૭ X ૨૪ X ૬.૫ સે.મી. સાઇઝની છે. આ ઈંટોને સુંદર રીતે પકવવામાં આવે છે અને તે ખૂબ જ મજબૂત પણ છે.

ઠીકરાની શિરમોર ગણાય તેવી કોઠીઓ નાની રાયણની કુંભારકળાની ચરમસીમા છે. ખોદાયેલી ખાઈમાં એકસાથે ૭ કોઠીઓ જોવા મળવી તે અહીં મોટા પ્રમાણમાં કોઠીઓ બનાવવામાં આવતી હોવાનું સૂચવે છે. અહીંથી બે સંપૂર્ણ કોઠીઓ મળી છે. પ્રથમ કોઠી ૮૫ સે.મી. ઊંચી છે અને તેનો મહત્તમ ઘેરાવો ૨૧૭ સે.મી. છે (વ્યાસ ૭૦ સેમી). આ કોઠીની દીવાલ ૨.૫ સે.મી. જાડી છે. તેના પર આંગળીથી ટકોરા મારો તો તાંબાના વાસણમાંથી આવે તેવો અવાજ આવે છે. વસ્તુને લોક-ઉપયોગી બનાવવાની ચેષ્ટા તરીકે આ કોઠીના તળિયા પર નાળિયેર જેવો આકાર ઉપસાવવામાં આવ્યો છે. જે જમીનની અંદરના ખાડામાં બેસી જાય અને કોઠીને સંતુલન પૂરું પાડે. આ કોઠી એટલી મજબૂત છે કે બે હજાર વર્ષનો લાંબો સમયગાળો તેમાં તિરાડ સુધ્ધાં પાડી શક્યો નથી.

બીજી નાની કોઠી ૬૦ સેમી ઊંચી છે અને તેનો ઘેરાવો ૧૩૫ સેમી છે. આ કોઠી પ્રથમ કોઠી જેટલી મજબૂત પણ નથી અને સુંદર પણ દેખાતી નથી. આમ આ કોઠી અણઆવડતવાળા અથવા શિખાઉ કુંભાર દ્વારા બનાવવામાં આવી હશે.

પકવેલી માટીનાં રમકડાં :

અહીંથી એક ડઝન જેટલાં રમકડાં મળ્યાં છે, જે લગભગ પ્રાણીના આકારવાળાં છે, જેમાં વૃષભ, વાંદરો, હાથી, સિંહ, પક્ષી, હરણ વગેરે પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ રમકડાં લાલ રંગની પકવેલી માટીનાં છે.

ધાતુની વસ્તુઓ :

ધાતુની વસ્તુઓમાં મહદંશે કાંસાની બનાવેલી વસ્તુઓ મળી છે, જેમ કે રોમથી આયાત થયેલો નાનકડો ઘડો, કાંસાની રિંગ, આફ્રિકન હાથી દર્શાવતી ધાતુની સળી કે જે કાં તો ચાવી છે, કાં તો કોઈક પ્રકારનું માપ લેવા માટે બનાવી છે. આ ઉપરાંત માનવઆકૃતિ અને નાગની ફણાધારી દેવની મૂર્તિ મળી છે.

રોમથી આયાત થયેલા ધાતુના વાસણમાં ઉપર અને નીચે કમળની પાંદડીની ડિઝાઇન છે અને વચમાં ટપકાંની હારમાળા છે.

બીજી ધાતુઓમાં ચાંદીનો ટુકડો, માછલાં પકડવાની જાળના વજનિયા તરીકે વપરાતો સીસાનો કાણાવાળો ટુકડો મળ્યો છે. ખોદાયેલી ખાઈમાં એક ઠેકાણેથી રાખના ઢગલા વચ્ચે પડેલા ઘણાબધા લોખંડના ટુકડા મળ્યા, જે લોખંડનો ઉપયોગ દર્શાવે છે.

મૂર્તિઓ :

માટીની મૂર્તિઓ બનાવવાની શરૂઆત કદાચ કુલી અને ઝોબ સંસ્કૃતિમાંથી થઈ હતી ને ત્યાર બાદની સંસ્કૃતિઓમાં અને સિંધુકાલીન સંસ્કૃતિના ખોદકામ દરમિયાન પણ ઘણી માટીની મૂર્તિઓ જોવા મળી છે.

કદાચ માટીની મૂર્તિ બનાવવી એ માનવીની અભિવ્યક્તિનું સરળ સાધન હોઈ શકે. આનો ઉપયોગ ધાર્મિક વિધિઓમાં, રમકડાં તરીકે કે ઘર સજાવવા થતો હશે.

નાની રાયણની જમીનમાંથી પકવેલી માટીની અને પથ્થરની મૂર્તિઓ મળી આવી છે. આમાં પથ્થરની માતૃકા, લજ્જાગૌરી મુખ્ય છે. પથ્થરની ગણેશની મૂર્તિ અને શિવલિંગ પણ મળ્યાં છે. બધાંનો તળિયાનો ભાગ સપાટ રાખવામાં આવ્યો હોય તેવી પાંચ મૂર્તિઓ મળી છે. તેના આકાર અલગ-અલગ હોવા છતાં આ સામ્યને કારણે પુરાવિદ પ્રો. સોનાવણે આ મૂર્તિઓ શતરંજ-(ચેસ)નાં પ્યાદાં હોવાનું અનુમાન કરે છે. ખૂબીની વાત એ છે કે પકવેલી માટીની મૂર્તિઓના ચહેરા, વાળની સ્ટાઈલ તે વ્યક્તિ પરદેશી હોય તેમ માનવા પ્રેરે છે.

અત્યંત સુંદર લાલ રંગની પૉલિશ કરીને પકવેલી માટીની સ્ત્રીની મૂર્તિનો માથાનો ભાગ મળ્યો છે. આ સુંદરીનું વિશાલ લલાટ અને કાનનાં પેન્ડન્ટ ધ્યાન ખેંચે તેવાં છે. શ્રી સોનાવણેના મત અનુસાર આ કુશાનની મૂર્તિ છે.

લેખકને મળેલી મૂર્તિઓમાં લજ્જાગૌરીની મૂર્તિ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પથ્થરની એક તરફ કોતરાયેલી આ મૂર્તિના જમણા હાથમાં કમળનું ફૂલ છે તો ડાબા હાથમાં પણ કશુંક પકડેલું છે. પરંતુ ત્યાંથી મૂર્તિ ખંડિત થઈ હોવાથી તે શું છે તે દેખાતું નથી. પગ પહોળા કરી બેઠેલી, જનન-ઇન્દ્રિય દર્શાવતી અને ખુલ્લાં સ્તનવાળી આ માતૃકા ગુજરાતનાં અન્ય ઉત્ખનનમાંથી મળેલી આ જ પ્રકારની માતૃકાઓ જેવી છે. માતૃપૂજાનો રિવાજ ઘણો જ પ્રાચીન છે અને સ્થળ અને સમય પ્રમાણે તેમાં ફેરફારો જોવા મળે છે. પગ પહોળા કરી બેઠેલી, જનન-ઇન્દ્રિય દર્શાવતી અને મોટાં સ્તનવાળી મૂર્તિઓને લજ્જાગૌરી કહેવામાં આવે છે. આ પ્રકારની મૂર્તિઓ ઈસુના જન્મ પહેલાંની બીજી સદીથી માંડીને ઈસુના જન્મ પછીની ૧૨મી સદી સુધી જોવા મળે છે. કચ્છમાં સૌપ્રથમ લજ્જાગૌરીની મૂર્તિ નાની રાયણમાંથી મળી છે.

આ સંપૂર્ણ લજ્જાગૌરી ઉપરાંત કાળા અને લાલ પથ્થરની ખંડિત લજ્જાગૌરી પણ લેખકને મળી છે. જેમાં માતૃકાના માથા પર પાઘડી જેવું વસ્ત્ર વીંટાળવામાં આવ્યું છે.

સિક્કા :

નાની રાયણનાં ખેતરોમાં સંશોધન કરતાં લેખકને ઘણા સિક્કા મળ્યા છે. તેમાંનો સહુથી પ્રાચીન સિક્કો નાહપાન ક્ષત્રપનો (ઈસુના જન્મ સમયનો) છે. ભારતના ખ્યાતનામ સિક્કાશાસ્ત્રી ડૉ. દિલીપભાઈ રાજગોરે સિક્કા ઓળખી બતાવ્યા છે અને તેમનું વ્યવસ્થિત વર્ગીકરણ કરી આપ્યું છે. આ ઉપરાંત બે ખૂબ જ રસપ્રદ સિક્કાઓ મળ્યા છે. આ બંને સિક્કા આનાથી પહેલાં ભારતમાં બીજે ક્યાંય મળ્યા હોવાનું જાણમાં નથી. ('જર્નલ ઑફ ન્યુમીસમેટીક સાયન્સ') તેથી તેમના વિશે આપણે અલગ વાત કરશું.

બાયઝેન્ટાઈન સિક્કો અને આરબ દીનાર :

તુર્કીની રાજધાની ઈસ્તંબુલનું નામ એક જમાનામાં કોન્સ્ટેન્ટીનોપલ હતું. ત્યાંના રાજા હેરાક્યુસીસનો છઠ્ઠી સદીનો સિક્કો મને નાની રાયણમાંથી મળ્યો છે. છઠ્ઠી સદીના અંતભાગ સુધી આરબો રોમન અને બાયઝેન્ટાઈનના સિક્કા વાપરતા. ઈ. સ. ૧૭૯૯ના સમયમાં ઉમાઈદ ખલીફાએ આરબ સિક્કાઓ બહાર પાડ્યા જે ઉમાઈદ ખલીફાના દીનારના નામે ઓળખાય છે. આવો એક દીનાર પણ નાની રાયણમાંથી મળ્યો છે, જે બગદાદની ટંકશાળમાં બનાવવામાં આવ્યો હતો.

આ બન્ને સિક્કાઓનું મળવું નાની રાયણના યુરોપ અને મધ્યપૂર્વ સાથેના વેપારી સંબંધો પુરવાર કરે છે.

સીલ (મુદ્રા) :

પકવેલી માટીનાં ચાર સીલ લેખકને મળ્યાં છે.

પ્રથમ સીલ ૪.૩ X ૨.૫ X ૦.૮ સે.મી. સાઇઝનું બિસ્કિટ આકારનું છે. તેની ઉપર ૧૦ ઊભી લીટી કરી તેને પકવવામાં આવ્યું છે. ગણિતની ભાષામાં આને ન્યૂમેરિકલ રિપ્રેઝન્ટેશન કહે છે, અર્થાત્ એક લીટી એક

આંકડો દર્શાવે છે. જ્યારે લખેલા આંકડા નહોતા શોધાયા ત્યારે લોકો આંકડાઓનું આ રીતે નિરૂપણ કરતા. આ વિષયના નિષ્ણાત શ્રી ડેનીસ સ્કેમ્ટ બેસાર્ટ તેમના 'એકાઉન્ટિંગ વીથ ટોકન્સ ઈન ધી એશિયન નીઅર-ઈસ્ટ'માં જણાવે છે કે પકવેલી માટીના જુદાજુદા આકારના ટોકન ઈસુ પહેલાંનાં પાંચ હજાર વર્ષથી માંડી ત્રણ હજાર વર્ષ પૂર્વે હિસાબ કરવા માટે વપરાતા હતા. તેમણે શોધેલા આવા ટોકનો ન્યૂયોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં દર્શાવવામાં આવ્યા છે, જેમાંનું એક સીલ લગભગ નાની રાયણને મળતું આવે છે.

બીજું સીલ પકવેલી લાલ માટીનું બનાવેલું ગોળાકાર સીલ છે, જેમાં ઊંધો સ્વસ્તિક અને ત્રિશૂલનું નિરૂપણ છે અને તેની બાજુમાં બ્રાહ્મી-લિપિના અક્ષરો છે. આ સીલના અક્ષરો બાબતે શ્રી પરમેશ્વરી લાલ ગુપ્તા કહે છે કે આ બન્ને શુભ સંકેતો છે. કદાચ તેના માલિકના ટ્રેડમાર્ક હોઈ શકે. તે અક્ષરોનો ઉચ્ચાર લા અને બ્રા છે અથવા લા અને બ્રુ છે. તેની વચ્ચેની ઝાંખી લીટીને ધ્યાનમાં લો તો તે અક્ષર બીએ/બીકેએ વંચાય. આમ આ કોઈકના નામના પ્રથમ અક્ષર પણ હોઈ શકે. આ પ્રકારનાં સીલ પાના ઉપર સ્ટૅમ્પ મારવા વપરાતાં હશે.

ત્રીજું પીળા રંગનું લંબગોળાકાર સીલ છે, જેની ત્રણ તરફ નાનો ખાડો કરી તેમાં બ્રાહ્મી અક્ષરો લખવામાં આવ્યા છે, જે હજી ઉકેલી શકાયા નથી.

ચોથું સીલ ખૂબ જ રસપ્રદ છે. તે અર્ધબહિર્ગોળ આકારનું પકવેલ માટીનું સીલ છે. તેમાં છ ખાડા કરવામાં આવ્યા છે, જે પૈકીનો એક કેન્દ્રમાં અને પાંચ તેની આજુબાજુ છે. દરેક ખાડામાં કશુંક લખવામાં આવ્યું છે જે કાળક્રમે ઘસાઈ ગયું છે. એક ખાડામાં મોટા પગવાળું બસ્ટાર્ડ જેવા આકારનું પક્ષી છે જેની પૂંછડી પર એક ઘુવડ બેઠું છે. તેની કિનારી પર બ્રાહ્મી-લિપિના અક્ષરો છે જે હજી ઉકેલી નથી શકાયા. આ સીલ શેના માટે વપરાતું હશે તે તો કદાચ અક્ષરો વાંચ્યા પછી ખબર પડે, પરંતુ ગૂઢ વિજ્ઞાનના વિદ્વાન શ્રી હરકિશનભાઈ શાહના કહેવા મુજબ આવાં સીલ તાંત્રિક વિદ્યામાં વપરાતાં હોવાનો ઉલ્લેખ છે.

ઘરવપરાશની વસ્તુઓ :

રોમન ઘંટી : રોમમાં થયેલ ઉત્ખનન દરમિયાન મળી આવેલી ઘંટી જેવી જ ઘંટીનું ઉપરનું પડ લેખકને નાની રાયણમાંથી મળ્યું છે. એક મકાનનો પાયો ખોદાતો હતો ત્યારે જમીનમાંથી આ ડમરુ-આકારની કાળા ગ્રેનાઈટ પથ્થરની બનેલી ઘંટી નીકળી હતી. ડમરુ-આકારની બન્ને તરફ તે જ પથ્થરનાં પ્રોજેક્શન છે, જેની અંદર ખાડામાં લાકડાના ધોકા ભેરવી તેને ફેરવી શકાય. તે લાકડાના ધોકાને ફિક્સ કરવા માટે ખોસવાના સ્ક્રૂનાં કાણાં પણ જોવા મળે છે. આ ડમરુ-આકારનો પથ્થર નીચે ગોઠવવામાં આવેલા શંકુ-આકારના પથ્થર પર ગોળ ફેરવવામાં આવે જેથી તેમાં નાખેલું અનાજ દળાઈ જાય.

આપણે ત્યાં સામાન્ય રીતે વપરાતી ઘરઘંટી જેવી બે પડવાળી ઘંટી મળી છે, જેમાં નીચેના પડના મધ્યમાં શંકુ-આકારમાં ઉપરના પડનું કાણું બરોબર બેસી જાય છે. આ પ્રકારની ઘંટીઓ ગુજરાતમાં સમકાલીન સભ્યતાના ઉત્ખનન દરમિયાન પણ મળી આવે છે. મસાલો વાટવાનો પથ્થર અને વાટણિયા પણ લેખકને મળ્યા છે.

હાલમાં એક પરવાળાની બનેલી ગોળાકાર કેક મળી આવી છે. સામાન્ય રીતે આવી કેક નાહતી વખતે શરીર સાફ કરવા માટે વપરાતી હોય છે. અન્ય ઉત્ખનનમાંથી પકવેલી માટીની કેક મળવાનો ઉલ્લેખ છે, પણ પરવાળાની બનેલી કેક વિશે મારા વાંચવામાં નથી આવ્યું

પરિચર્ચા :

અલબત્ત, નાની રાયણમાં વ્યવસ્થિત ઉત્ખનન કરવામાં નથી આવ્યું, પરંતુ જે વિપુલ પ્રમાણમાં પુરાવશેષો મળ્યા છે અને પાઈપલાઈન નાંખવાની ખાઈ દ્વારા જમીનનું cross section (આડછેદ) જોવા મળ્યું છે તે પરથી અહીંના માનવ-વસવાટનો સમયગાળો, તેમનાં ધર્મ, સંસ્કૃતિ, વેપાર અને વહેવારનો અંદાજ જરૂર કાઢી શકાય.

માનવ-વસવાટના સમયગાળાને તપાસીએ તો ડીશ ઑન સ્ટૅન્ડ, સ્ટીએટાઈટ મણકા, કોતરેલા

કાર્નેલીયન મણકા, લાંબા સિલિંડ્રીકલ મણકા અહીં સિંધુકાળથી વસવાટ થતો હોવાનું સૂચવે છે. આ તમામ જાતના મણકાઓ તમામ સિંધુકાલીન વસાહતોમાંથી મળ્યા છે, એટલું જ નહીં, આ મણકા સિંધુકાલીન વસાહતોનો મેસોપોટેમિયા સાથેના વ્યવહારનો પણ પુરાવો ગણાય છે.

ત્યાર બાદ ઈ. સ. પૂર્વે ચોથી સદીથી માંડીને ઈ. સ. છઠ્ઠી સદી સુધીના માનવ-વસવાટનાં વિપુલ પ્રમાણ અહીંથી મળ્યાં છે. રોમથી આયાત થયેલું કાંસાનું પ્રોટોટાઈપ વાસણ અને રોલેટેડ વેર ઈસુ પહેલાંની ચોથી સદીના પુરાવશેષો છે, તો નાહપાન ક્ષત્રપનો સિક્કો, રોમન એમ્ફોરા અને સ્ટૅમ્પ્ડ વેર, રોમન ઘંટી, કુશાન સમયનું સ્ત્રીનું માથું વગેરે પુરાવશેષો ઈસુના જન્મસમયથી ઈસુ બાદની ચોથી સદી સુધીના પુરાવાઓ છે.

નાહપાન ક્ષત્રપ વિશે પુરાવિદોમાં મતભેદ હોવા છતાં તેનો સમયગાળો ઈસુના જન્મ પછી ૩૨ વર્ષથી માંડી ૭૮ વર્ષ સુધીનો ગણાય છે. ગુજરાતમાંથી મળેલા ૨૦ ક્ષત્રપ શિલાલેખોમાંથી ૧૨ શિલાલેખો કચ્છમાંથી મળ્યા છે. આમ શ્રી રસેશ જમીનદારના માનવા મુજબ ક્ષત્રપો કચ્છમાં દાખલ થયા હતા અને કચ્છ તેમનું વડું મથક હતું. આ સમયનો નાહપાન ક્ષત્રપનો સિક્કો નાની રાયણમાંથી મળવો તે સમયાંકનનો અગત્યનો પુરાવો છે. ત્યાર બાદ છઠ્ઠી સદીનો બાઇઝેન્ટાઈન સિક્કો, આરબ દીનાર અને આરબ અમીરના સિક્કા નિર્વિવાદ તે સમયગાળાના વસવાટ અને વેપારી સંબંધો પુરવાર કરે છે. ત્યાર બાદ કચ્છના જાડેજાવંશના રાજવીઓના સિક્કા તે વખતે પણ અહીં માનવવસવાટ હતો તેમ દર્શાવે છે.

આ લોકો કોણ હતા તે કહેવું મુશ્કેલ છે. અકસ્માત્ ખોદાઈ ગયેલી કબરોમાં દશ્યમાન થયેલા હાડપિંજરનું કાર્બન ડેટિંગ કરવામાં આવ્યું નહોતું કે તેનો માનવનૃવંશશાસ્ત્રીય અભ્યાસ (Human Anthropological Study) કરવામાં આવ્યો નહોતો, તેથી કશું નક્કર કહેવું મુશ્કેલ છે. પણ મળેલા પુરાવાઓ પરથી એમ માની શકાય કે અહીં વસતા લોકો ઇન્ડોગ્રીક અથવા શક હતા. કાળી માટીના એક ઠીકરા પર પશ્ચિમી ગ્રીક વાદ્ય – હાર્પ – વગાડતી અને મૃદંગ વગાડતી સ્ત્રીનું નિરૂપણ, સિંહ સાથે યુદ્ધ કરતા ગ્લેડિયેટરનું નિરૂપણ અહીં બે સંસ્કૃતિઓનું મિલન થયું હોવાનું દર્શાવે છે. સિકંદર સાથે ભારત આવેલા ગ્રીક યોદ્ધાઓમાંના અમુક ભારત રોકાઈ ગયા હતા. તેઓ બૌદ્ધધર્મ પાળતા હતા. નાની રાયણમાંથી મળી આવેલ બૌદ્ધ પુરાવશેષો અને ગ્રીક વાદ્યવાળા ઠીકરા ઉપરથી આ લોકો ઇન્ડોગ્રીક હોવાનું અને કુશાન સ્ત્રીની મૂર્તિ પરથી આ લોકો શક હોવાનું અનુમાન કરી શકાય, પરંતુ જે પણ હોય, અહીં વસતા લોકો અતિશય કલાપ્રેમી અને સુસંસ્કૃત હતા. તેમનાં ઘરેણાં પરની ડિઝાઇન, અત્યંત સુંદર ફૂલપાનની ડિઝાઇન અને માનવ અને પ્રાણીઓનું નિરૂપણ કરતા સ્ટૅમ્પવેરના ટુકડાઓ અને જાતજાતના મણકાઓ અહીંના લોકોની કલાત્મકતા દર્શાવે છે, તો બાળકો માટેનાં રમકડાંઓ તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે.

શંખની બંગડીઓમાંની અમુક તદ્દન સામાન્ય અને અણઘડ, તો અમુક અત્યંત કલાત્મક બંગડીઓ અહીં ગરીબ અને તવંગર – એમ બે વર્ગના લોકો વસતા હોવાનું ચિહ્ન હોઈ શકે.

નદીની નજીક આવેલી ફળદ્રુપ કાંપવાળી જમીનમાં ખેતીવાડી અને પશુપાલન થતાં હોવાની શક્યતા છે, તો માછલી પકડવાની જાળમાં લગાડવાનો સીસાનો ટુકડો અને પકવેલી માટીનાં વજનિયાં અહીંના લોકો માછીમારી કરતા હોવાની શક્યતા દર્શાવે છે.

હવે આપણે તેમની ધાર્મિક માન્યતાઓ વિશે જોઈએ. અહીંથી મળેલાં શિવલિંગ, ગણપતિ, માતૃકાઓ – લજ્જાગૌરીની મૂર્તિ દર્શાવે છે કે તેઓ હિંદુ ધર્મ પાળતા. માતૃપૂજાનો રિવાજ આપણા દેશ માટે તેમજ વિશ્વના બીજા દેશો માટે પણ નવો નથી. લજ્જાગૌરીની મૂર્તિઓ ઈસુ પહેલાંની બીજી સદીથી માંડીને ઈસુ પછીની નવમી સદી સુધી પ્રચલિત હતી. (પ્રો. સોનાવણે – એમ. એસ. યુનિવર્સિટી, પુરાતત્ત્વ-વિભાગના વડાએ લખેલ મહાલેખ – 'લજ્જાગૌરી')

એ જ રીતે અહીંથી બૌદ્ધધર્મના પુરાવશેષો પણ મળ્યા છે. બૌદ્ધ સ્તૂપોમાં હોય છે તે પ્રકારની કોતરણીવાળો પથ્થરનો અર્ધગોળાકાર અને હસતા બુદ્ધની મૂર્તિ એ સીધો પુરાવો (ડિરેક્ટ એવિડન્સ) છે. તો સીઓતની બૌદ્ધ ગુફાની આસપાસ મળી આવેલા પુરાવશેષોનું નાની રાયણના પુરાવશેષો સાથેનું ગજબનાક સામ્ય આ બાબતનો આડકતરો પુરાવો છે.

ગૂઢ વિદ્યાના નિષ્ણાત શ્રી હરકિસનભાઈ શાહના કહેવા મુજબ છ ખાડાવાળું સીલ જેમાંના એક ખાડામાં નિરૂપાયેલ બસ્ટાર્ડ જેવું પક્ષી અને તેની પૂંછડી પર બેઠેલું ઘુવડ પક્ષી તાંત્રિક પ્રથા હોવાની શક્યતા દર્શાવે છે.

દાદા ધોરમનાથનું મંદિર જોકે નાની રાયણના ઇતિહાસમાં ઘણું નવું છે છતાં પણ તેનો ઉલ્લેખ કરીએ તો તે નાથસંપ્રદાય અને શિવપૂજક લોકોની વસ્તી દર્શાવે છે.

તેમના શોખ વિશે જોઈએ તો તેઓ કલાકાર અને સંગીતપ્રેમી હતા. મૃદંગ અને હાર્પ વગાડતી સ્ત્રી દર્શાવતું ઠીકરું આ બાબત પુરવાર કરે છે, તો ઊભાં રહીને સંભોગ કરતું માનવયુગ્મ દેખાડતું ઠીકરું તેમ જ રોમથી સુરા આયાત કરવી તેમની રસિકતા પુરવાર કરે છે. તેમનો કુદરત પ્રત્યેનો પ્રેમ ફૂલ-પત્તીની ડિઝાઇનોમાં, પ્રાણીઓના નિરૂપણમાં મોર દર્શાવતાં ઘરેણાં અને ઠીકરાંઓમાં જોવા મળે છે. વિપુલ પ્રમાણમાં મળતા મણકા, શંખની બંગડીઓ, શંખનાં ઘરેણાં અને ઘરેણાં બનાવવાની ડાઈ તેમનો પોતાનો શરીર સજાવવાનો શોખ દર્શાવે છે. તેઓના પહેરવેશ વિશે કોઈ માહિતી નથી, કારણ કે કપડાનો કોઈ ટુકડો મળ્યો નથી. તે જ રીતે તેમના અભ્યાસ અને ઇતર જ્ઞાન વિશેની પણ કોઈ માહિતી મળી નથી. તેઓ બ્રાહ્મીલિપિ વાપરતા તે વાત અહીંથી મળેલાં સીલ અને કબરના પથ્થર પર લખાયેલી બ્રાહ્મીલિપિના અક્ષરો પરથી જાણવા મળે છે.

તેઓ પકવેલી માટીની ઈંટોનાં ઘરોમાં રહેતા, જે ઈંટો કાદવથી ચોડાટવામાં આવતી. આ ઈંટમાં પણ મુખ્ય બે પ્રકાર જોવા મળ્યા છે. લેખકને મળેલી ધાતુઓમાં ત્રાંબું, કાંસું, ચાંદી અને લોખંડનો સમાવેશ થાય છે. ગામલોકોને ક્યારેક સોનાનાં અભૂષણ મળ્યાં છે. એક ખાઈમાંથી મળેલો ગંધકનો પાઉડર તેમના શા ઉપયોગમાં આવતો હશે તે કહેવું મુશ્કેલ છે.

આપણે હવે તેમના વેપારી સંબંધો ઉપર નજર નાખીએ. નાની રાયણના યુરોપ અને મધ્યપૂર્વ સાથેના વ્યાપારી સંબંધો હોવાના નક્કર પુરાવાઓ સાંપડ્યા છે. રોલેટેડ વેર અને રોમન પ્રકારનાં વાસણો બનાવવાનો તાંબાનો નમૂનો, ઈસુ પહેલાંની ચોથી સદી દરમિયાન રોમ સાથે થયેલા વહેવારો દર્શાવે છે.

મોલ્ડેડ વેર, સ્ટૅમ્પ્ડ વેર, રોમન એમ્ફોરા અને રોમન ઘંટીનું મળવું પણ ઈસુની પહેલી સદીમાં થયેલો રોમ સાથેનો વહેવાર દર્શાવે છે. યુરોપ સાથેનો આ સંબંધ છેક ઈસુના જન્મ પછી ૭૦૦ વર્ષ સુધી કાયમ રહ્યો હતો. નાની રાયણમાંથી મળેલો છઠ્ઠી સદીનો કોન્સ્ટેન્ટીનોપલનો સિક્કો અને એ જ સમયનો બગદાદનો આરબ દીનાર દર્શાવે છે કે અહીં છેક તુર્કીની રાજધાની ઇસ્તંબુલ અને ઇરાકની રાજધાની બગદાદથી લોકો વેપાર કરવા આવતા અને સોનાના સિક્કામાં તેનું ચુકવણું કરી જતા. કલ્પના કરો કે આટલા લાંબા અંતરથી આવતાં વહાણો કે વણજારો કેટકેટલી મુશ્કેલીઓ વેઠીને અહીં આવતાં હશે ! કાં તો તેઓ યુરોપથી મધ્યપૂર્વ, ત્યાંથી ઈરાન, પાકિસ્તાન, સિંધ થઈ કચ્છ આવતા હશે, કાં તો જહાજમાર્ગે, જે પણ પ્રાચીન સમયથી પ્રચલિત હતો. સિંધુકાલીન સભ્યતાના સમય દરમિયાન (ઈસુ પહેલાંનાં ૩૦૦૦ વર્ષ પૂર્વે) આરબ જહાજો ભારતનાં બંદરો પર લાંગરાતાં. આ પ્રથા ઈસુના જન્મસમયે, તે પછી અને આમ જુઓ તો આજ પર્યંત ચાલુ છે, જ્યારે રોમન જહાજોએ ઈસુની પ્રથમ સદીમાં ભારત આવવાનું શરૂ કર્યું.

નાની રાયણ રુક્માવતીના કિનારે વસેલું નાનું બંદર હોવું જોઈએ અને માંડવી ખાતે નદી સમુદ્રને મળે છે. અહીંથી હોડીઓ નદીમાર્ગે નાની રાયણ પહોંચતી હશે. નદીના હાલના કિનારાની નજીક મળેલો ૧૩ ફીટ પહોળો ઓટલો કદાચ જહાજને લાંગરવા અથવા સામાન રાખવા માટે બનાવવામાં આવ્યો હશે.

અહીં ૨૩ ફીટ ઊંચા પ્લૅટફૉર્મ પર બનેલા ઘોરમનાથ મંદિરમાં કાળ અનુસાર ઘણા ફેરફાર થયા છે. તેને જોતાં લાગે છે કે કિલ્લા જેવા પ્લૅટફૉર્મ પર ઊભા રહીને ઉત્તર તરફથી આવતી રુક્માવતીનદી નાની રાયણ પાસેથી કાટખૂણે થઈને માંડવીના દરિયાકિનારા સુધી પહોંચી શકતી હશે. અહીં ઊભા રહીને આ લેખકને ઘણી વખત વિચાર આવ્યો છે કે શું અહીં પ્રાચીન સમયમાં કોઈ દીવાદાંડી હશે કે અહીં આવતી હોડીઓને જોવા માટે બનાવવામાં આવેલું બાંધકામ હશે ? ઘણી વખત આ પ્લૅટફૉર્મના તળિયાને ખોદી જૂની ઈંટો દેખાય છે કે નહીં તે જોવાની ઇચ્છા થઈ છે, પણ તે ખરેખર પુરાતત્ત્વવિદ દ્વારા વ્યવસ્થિત રીતે જ થવું જોઈએ.

કદાચ મોટું વહાણ દરિયામાં લાંગરતું હશે અને ત્યાંથી માલ ભરેલી નાની હોડીઓ અહીં આવતી હશે (જેવું આજે પણ થાય છે). માંડવીનો દરિયો છીછરો હોવાથી જહાજ પાંચ કિ.મી. દૂર રહે છે અને તેમાંથી માલ ચપટા તળિયાવાળી હોડીઓ દ્વારા માંડવીબંદરે લાવવામાં આવે છે.

બાકીના ભારત અને ગુજરાત સાથેના સંબંધો વિશે થોડીક માહિતી અહીંથી મળેલા ગુજરાતના અને ગુપ્તકાલીન સિક્કાઓ પરથી મળી શકે છે. ગુજરાતની અને ભારતની મધ્યકાલીન વસાહતોમાંથી મળેલા પુરાવાઓ નાની રાયણમાં મળેલી વસ્તુઓ સાથે ગજબનાક સામ્ય ધરાવે છે. કદાચ તે ભારતની સાંસ્કૃતિક એકાત્મકતાને કારણે હોઈ શકે અને કદાચ તે સમયે થયેલા આદાનપ્રદાનને કારણે પણ હોઈ શકે.

પરદેશ સાથેના આ વહેવારમાં શું-શું આવતું અને શું-શું જતું એ જાણવું પણ રસપ્રદ છે. ઇતિહાસવિદ પ્લીની રોમના લોકોને કહે છે કે દર વર્ષે ભારત આપણા દેશના પંચાવન કરોડ સંસેર્ક (કે જે સવા બે કરોડ ડૉલર જેટલી મોટી રકમ થાય) લઈ જાય છે અને સામે પોતાની વસ્તુઓ વેચી જાય છે, જેનાં તે મૂળ કિંમતથી ૧૦૦ ગણાં નાણાં લે છે. તે જ રીતે ઈસુ પછીનાં ૨૨ વર્ષે રોમના શહેનશાહ કહે છે કે કઈ રીતે આપણે આપણી પ્રાચીન સાદાઈ પાછી લઈ આવીએ જેથી સ્ત્રીઓના ગાંડપણ પાછળ ખર્ચાતું મહામૂલું રાષ્ટ્રીય ધન બીજા દેશોમાં જતું અટકે ? ('પેરિપ્લસ', પાના નં. ૨૧૯)

'પેરિપ્લસ' પુસ્તકમાં એ સમયની આયાત-નિકાસની વિપુલ માહિતી છે. ટૂંકમાં જોઈએ તો માટીનાં વાસણો, અર્ધકીમતી પથ્થરના મણકા, શંખનાં આભૂષણો, સુતરાઉ કાપડ અને રેશમ, લાકડું, તાંબું, લોખંડ, મધ, ઘી, ગોળ, અનાજ વગેરે નાની રાયણથી પરદેશ જતાં હશે. વિપુલ પ્રમાણમાં મળેલાં શંખનાં ઘરેણાં, જુદીજુદી જાતના મણકા, શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં માટીનાં વાસણો આ વાતને ટેકો આપે છે, જ્યારે અહીં થતું પશુ-પાલન, ખેતી અને ભારતનું જાણીતું કાપડ આપણને કલ્પના કરવા પ્રેરે છે કે તે પણ અહીંથી નિકાસ થતું હશે; જ્યારે સુરા (દારૂ), ઓલીવનું તેલ, લાલ પરવાળા, હાથીદાંત, પથ્થરની ઘંટી વગેરે આયાત થતાં હશે.

આ સંસ્કૃતિનો અંત કદાચ રુક્માવતીમાં આવેલા મોટા પૂરને કારણે થયો હશે. હાલની અતિશય કાંપવાળી જમીન અને ૩-૪ ફીટ ઊંડે દટાયેલી દીવાલો, વાસણો, કુંભારના નીંભાડા, લોઢું ગાળવાની ભઠ્ઠી વગેરે દર્શાવે છે કે આ નગર પૂરમાં દટાઈ ગયું હશે.

સિંધુકાળથી આજ દિવસ સુધી માનવ-વસવાટવાળા આ સ્થળે ભલે સિંધુકાલીન અવશેષો જૂજ પ્રમાણમાં મળ્યા છે પણ તે કદાચ જમીનના ઊંડા થરમાં દટાયેલા હશે અને વ્યવસ્થિત ઉત્ખનનને અભાવે બહાર આવ્યા નહીં હોય. ત્યાર બાદનાં ઈસુ પહેલાંનાં ૩૦૦ વર્ષથી માંડીને ઈસુ પછી ૬૦૦ વર્ષ સુધીના માનવ-વસવાટના અસંખ્ય પુરાવાઓ અહીં મળી આવ્યા છે. કચ્છમાંના ક્ષત્રપશાસનને સંલગ્ન ક્ષત્રપ સિક્કા, ગુપ્તશાસન દરમિયાનના ગુપ્ત સિક્કાઓ, સિંધ સાથે વેપારી સંબંધો પુરવાર કરતા અમીર ઑફ સિંધના સિક્કા, રોમ અને મધ્યપૂર્વ સાથેના વહેવારના પુરાવાઓ આ સ્થળને તે સમયના ભારતનું એક અગત્યનું અંગ પુરવાર કરે છે.

૮. સિકંદરની ભારત પર ચડાઈ સમયે કચ્છ, મૌર્યવંશ અને કચ્છમાં બૌદ્ધધર્મ

ઉમિયાશંકર અજાણી

સિકંદરને સિંધમાં આગળ વધતાં તેને કેટલીક વીર પ્રજાઓનો સામનો કરવો પડ્યો. ભલે જીત તેની થઈ, પણ ઠેર-ઠેર કરવી પડતી લડાઈઓએ તેના સૈન્યનો જુસ્સો ઠંડો પાડ્યો હતો. સિકંદરની ઇચ્છા મગધને જીતવાની હતી, પણ તેના થાકેલા સૈનિકોએ આગળ વધવાનો ઇન્કાર કરી દેતાં છેવટે ઈ. સ. પૂર્વે ૩૨૬ના સપ્ટેમ્બરમાં એણે સેનાને પાછા ફરવાનો આદેશ કર્યો અને પાછા વળતાં સિંધુ નદીના જ્યાં બે ફાંટા પડે છે ત્યાં આવેલ પાતાનપ્રસ્થ, ગ્રીકો જેને પાતાલેન કહે છે અને ભારતીય ઇતિહાસકારોએ તેને પાતાળ કહેલ છે, પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં તેને પાતાળપ્રસ્થ કહેલ છે અને તે સિંધુકાંઠે હોવાનું જણાવેલ છે તે સ્થળે પહોંચીને સિકંદરે પોતાની સેનાને બે ભાગમાં વહેંચી નાખી. 'પ્રાચીન ભારતવર્ષ'(એ નામે ઇતિહાસ)માં સિંધુસૌવીર તથા તેની સીમા અંગે ચર્ચા કરવામાં આવેલ છે. તેમાં સિંધુ-નદીના મુખ પાસેના ડેલ્ટાવાળા પ્રદેશને પણ સૌવીરના એક ભાગ તરીકે ગણવામાં આવેલ છે. તેની રાજધાનીનું શહેર પાતાલ હતું, જેની સ્થાપના ગ્રીક પાદશાહ સિકંદરે કર્યાનું જણાવેલ છે. ઋગ્વેદીય કાળે અને ત્યાર પછી હાલના કચ્છની જગ્યાએ પાતાલ નામે પ્રદેશ હતો અને તેમાંથી સિંધુ, શતદ્રુ, દષદ્વતી અને સરસ્વતી વગેરે સપ્તસિંધુના નામે ઓળખાતી નદીઓ પસાર થઈ સૌરાષ્ટ્રની ઉપર આવેલા સમુદ્રને મળતી હતી. જલપ્રલયને લીધે પુરાણકાળમાં અને તે પછી ત્યાં ઘણા મોટા ફેરફારો થતાં હાલના કચ્છની ભૂમિ જુદી પડીને બંધાઈ. કચ્છની ભૂમિમાં નદી અને સમુદ્ર એમ બન્નેના અશ્મિભૂત અવશેષો મળી આવે છે. હાલ જ્યાં કચ્છનું રણ છે ત્યાંથી થઈને સરસ્વતી વહેતી હતી. રણમાં મળી આવતા વહાણવટાને લગતા અવશેષો પરથી લાગે છે કે એ વિસ્તાર જળમાર્ગ તરીકે વપરાતો હતો. ઈ. સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે ચડાઈ કરી ત્યારે વહાણમાં બેસી સિંધુ દ્વારા કચ્છના જળપ્રદેશમાં એ ઘૂમેલો. તેણે એ જળપ્રદેશ સરોવર જેવો સમુદ્ર હતો એમ વર્ણવ્યું છે. 'ભૌગોલિક કોશ'માં સિંધમાં આવેલ ઠઠાને પાતાળ તરીકે ગણેલ છે. આરિઅને સિંધુનદીના મુખ આગળના ત્રિકોણને પાતાળ કહેલ છે. 'પેરિપ્લસ'ના લેખકે જેને અર્ણવ(Eirinon)ના અખાત તરીકે ઓળખાવેલ છે, એ અર્ણવ કચ્છનો છે. વળી પૌરાણિક ઉલ્લેખો પ્રમાણે વસિષ્ઠ ઋષિની ગાય વિવરમાંથી પાતાળના નાગલોકો પાસે પહોંચી ગઈ હતી એવી દંતકથા પણ અહીં પાતાળ હોવાનો નિર્દેશ કરે છે. સૌવીરના હદ-વિસ્તારની જેમ તેની રાજધાની અંગે પણ ક્યાંય એકસૂત્રતા નથી. નકશાઓમાં પણ તેનું ચોક્કસ સ્થાન બતાવવામાં આવેલ નથી. 'ઉત્તર હિન્દુસ્તાનમાં જૈનધર્મ'ના લેખક ચીમનલાલ જેચંદ શાહે કરેલ ઉલ્લેખ મુજબ જૈન સાહિત્યમાં સિંધુસૌવીરનો નગર તરીકે ઉલ્લેખ થયેલ છે, પણ તે દેશના કયા ભાગ માટે થયેલ છે તે સ્પષ્ટ નથી, કારણ કે જુદાં-જુદાં પ્રમાણોના આધારે ભારતના ઉત્તર-પશ્ચિમ અથવા તો પશ્ચિમના પ્રદેશમાં તે ભાગ ગણવામાં આવ્યો છે. કનિંગહામ તેને ખંભાતના અખાતના મથાળે આવેલા ઈડર અથવા બદરી પ્રાંતની સાથે સરખાવે છે. ડૉ. રાઈસ ડેવીડ કનિંગહામને ટેકો આપે છે અને સૌવીરને પોતાના નકશામાં કાઠિયાવાડની ઉત્તરે અને કચ્છના અખાત તરફ મૂકે છે, જ્યારે અલ્બેરૂની તેને મુલતાન અને ઝાલાવાડ કહે છે અને મિડે તેનો સ્વીકાર કરે છે. 'ભગવતીસૂત્ર'ની ટીકામાં અને 'શત્રુંજય-માહાત્મ્ય'માં

તેને સિંધુ કે સિંધમાં બતાવે છે, જ્યારે ખંભાતના ઇતિહાસના લેખક તેને કચ્છના હાલના રણના પૂર્વાવતાર સમુદ્રને કાંઠે હોવાનું સંભવે છે તેવું કહે છે. આ વર્ણન કચ્છના રણ બેટ ખડીરમાં આવેલ ધોળાવીરાને લાગુ પડે છે. હાલના ધોળાવીરામાં નાગલોકોની વસાહત હતી. નાગો અહીંથી જ સમુદ્ર મારફતે વડનગરના નાગરો પર અવારનવાર હુમલા કરતા હતા. વડનગર અને ધોળાવીરા બરાબર સમાંતર રેખાએ આવેલાં છે.

સિંધુનદીના મુખ ઉપરના આ સ્થળે પહોંચીને સિકંદરે પોતાની સેનાને બે ભાગમાં વહેંચી નાખી. એક ભાગની સેના નિયર્કસની સરદારી નીચે સમુદ્રમાર્ગે રવાના કરી અને બીજા ભાગની સેના સાથે પોતે જમીનમાર્ગે મકરાણને કિનારેકિનારે સ્વદેશ તરફ રવાના થયો. એ બેબિલોન પહોંચે તે પહેલાં જ ભારતમાં બંડ-બખેડા શરૂ થઈ ગયા. સિંધુની પશ્ચિમે આવેલા પ્રદેશના ક્ષત્રપ ફિલિપ્સનું ખૂન થઈ ગયું અને ઠેરઠેર વિદ્રોહના વાવટા ઊભા થઈ ગયા. આ વિદ્રોહને સમાવવા માટે સિકંદરે યૂદેમસ (Eudamos) નામના એક સેનાપતિને ભારત તરફ રવાના કર્યો. તેણે આંભી અને પોરૂની સહાયથી વિદ્રોહ સમાવવાની તજવીજ કરી પણ તેમાં તેને સફળતા મળી નહિ.

હ્યુ-એન-સંગના પ્રવાસગ્રંથ 'સિ-યુ-કી'માં ઔદુંબર-પ્રદેશનું વર્ણન આપવામાં આવેલ છે. તે પ્રમાણે "આ દેશ ઘેરાવામાં લગભગ ૫૦૦૦ લી (૧૦૦૦ માઈલ) છે. મુખ્ય નગર 'ખી-ત્સિ-શિ-ક-બે' કહેવાય છે અને તેનો ઘેરાવો લગભગ ૩૦ લી (૬ માઈલ) છે. એ સિંધુ નદી પર આવેલું છે ને સમુદ્ર પાસે છે. ઘરો ખૂબ શણગારેલાં છે અને એમાં પ્રાયઃ વિરલ અને કીમતી ચીજો હોય છે. છેલ્લા થોડા વખતથી ત્યાં કોઈ રાજા નથી. એ સિંધના રક્ષણ નીચે છે. ધરતી નીચી અને ભીનાશવાળી છે ને જમીન ખારવાળી છે. એ જંગલી છોડવાઓથી આચ્છાદિત છે અને ઘણે અંશે વેરાન ભૂમિ છે. નહીંવત્ ખેડાય છે, છતાં એમાં કેટલાક પ્રકારનું ધાન્ય પેદા થાય છે. મુખ્યત્વે કઠોળ અને ઘઉં ઘણા પ્રમાણમાં થાય છે. આબોહવા કંઈક ઠંડી છે અને વાવાઝોડાં થયા કરે છે. બળદ, ઘેટાં, ઊંટ, ગધેડાં વગેરે જાતનાં પશુઓ ઉછેરવા માટે એ અનુકૂળ છે. લોકોની પ્રકૃતિ ઉગ્ર અને ઉતાવળી છે. તેઓને વિદ્યા માટે પ્રીતિ નથી. તેઓની ભાષા મધ્ય-ભારત(આર્યાવર્ત)ની ભાષાથી જરાક જુદી પડે છે. લોકો સામાન્ય રીતે પ્રામાણિક અને નિષ્ઠાવાન છે. તેઓ ત્રિરત્નોને માન આપે છે. અહીં લગભગ ૮૦ સંઘારામ છે અને તેમાં ૫૦૦૦ જેટલા ભિક્ષુ રહે છે. તેઓ મોટે ભાગે સમ્મતીય નિયમ અનુસાર હીનયાનનું અધ્યયન કરે છે. અહીં દશેક દેવાલય છે તે પાશુપત સંપ્રદાયના અસદ્ધર્મીઓનાં છે.

પાટનગરમાં મહેશ્વર દેવનું મંદિર છે. મંદિર શિલ્પ સમૃદ્ધિથી વિભૂષિત છે અને દેવની મૂર્તિ ભારે આધ્યાત્મિક શક્તિ ધરાવે છે. પાશુપત અસદ્ધર્મીઓ આ મંદિરમાં રહે છે. જૂના જમાનામાં તથાગત આ દેશમાં ઘણી વાર વિહાર કરતા ને ધર્મોપદેશ કરી માણસોને ધર્મ અંગીકાર કરાવતા. આ કારણે અશોક રાજાએ પવિત્ર ચિહ્નોથી અભિષિક્ત છ સ્થળોએ સ્તૂપ બંધાવ્યા હતા. કે. કા. શાસ્ત્રી કહે છે તે પ્રમાણે કોટેશ્વર મહાદેવ અને કટેશ્વર મહાદેવ વચ્ચેનો વિશાળ પ્રદેશ હ્યુ એન સંગના સમયમાં બોદ્ધવિહારોથી ભરેલો હતો.

આ પ્રાચીન સ્થળ(કટેશ્વર)ની ભાળ સને ૧૯૬૩-૬૪માં તે સમયના ભુજ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી મુકુંદ રાવળે સ્થાનિકે જઈ મેળવેલ હતી અને તેના વિશેની એક નોંધ પણ તૈયાર કરી રાખેલ. એની જાહેરાત ન થઈ હોય તોપણ આ પ્રાચીન સ્થળની ભાળનો પહેલો યશ એમને છે તેવો ઉલ્લેખ કે. કા. શાસ્ત્રી કરે છે. પણ આ સ્થળે આવેલી ગુફાઓની નોંધ સને ૧૮૭૯માં દલપતરામ ખખ્ખરે તેમના પુસ્તક 'રિપૉર્ટ ઑન ધ આર્કિટેક્ચરલ ઍન્ડ આર્કિયોલૉજિકલ રિમેઈન્સ ઈન પ્રોવિન્સ ઑફ કચ્છ'માં કરેલ છે જ અને લોકોમાં પણ તે ગુફાઓ ખાપરા-કોડિયાની ગુફાઓ તરીકે જાણીતી હતી.

આ ગુફાઓની પુરાતત્ત્વવિદોએ તેમજ ઇતિહાસકારોએ જુદેજુદે વખતે મુલાકાત લીધેલી તેની

તેમણે નોંધ કરેલ છે. કે. કા. શાસ્ત્રીએ તારીખ ૧૧-૬-૧૯૬૭ના કટેશ્વર પાસેની ગુફાઓની મુલાકાત લીધેલ તેની નોંધ તેમણે તેમના પુસ્તક 'અસાં-જો કચ્છ'માં કરેલ છે. આ પુસ્તકમાં પાદટીપ ૮માં ગૂંતળીમાં જોયેલ બે ગુફાઓની પણ નોંધ કરેલ છે. 'પથિક'ના ડિસેમ્બર ૧૯૭૦ના અંકમાં તેમના 'અમારો કચ્છપ્રવાસ' નામના પ્રવાસવર્ણનમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે તેના ચોથા પ્રવાસ(૧-૬-૬૯થી ૫-૬-૬૯)ના પાંચમા દિવસે (૫-૬-૧૯૬૯) ખીરસરામાં પણ એક ગુફા જોયેલ હોવાનું નોંધ્યું છે. તેવી જ રીતે મણિભાઈ વોરાએ પણ આ ગુફાઓની મુલાકાત લીધેલી. તેમણે નોંધેલી વિગતોનો અહેવાલ કચ્છ ઇતિહાસ પરિષદ દ્વારા પ્રકાશિત 'કચ્છ સાંસ્કૃતિક પત્રિકા'ના નવેમ્બર ૧૯૯૩ના અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. છોટુભાઈ અત્રિએ પણ મે ૧૯૭૬માં આ ગુફાઓની મુલાકાત લીધેલ.

કચ્છમાં બૌદ્ધ સંસ્કૃતિના અવશેષોમાં સિયોતની બૌદ્ધ ગુફાઓનો ઉલ્લેખ કરતાં ડૉ. કાન્તિલાલ છગનલાલ પરમાર કહે છે કે શિયોતમાંથી મળેલા બૌદ્ધ અવશેષો ઐતિહાસિક રીતે ખૂબ જ મહત્ત્વના છે. અહીંની એક જ મોટી અને સાત નાની ગુફાઓનું ઉત્ખનન ગુજરાત સરકારની પુરાતત્ત્વીય સલાહકાર સમિતિના સભ્ય નિવૃત્ત પ્રા. (ડૉ.) સૂર્યકાન્ત ન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કચ્છવર્તુળ, ભુજના તે સમયના અધીક્ષક પુરાતત્ત્વવિદ શ્રી જયપ્રકાશ દ. ત્રિવેદીએ સપ્ટેમ્બર ૧૯૮૮માં શરૂઆત કરીને એપ્રિલ ૧૯૮૯ના પ્રથમ અઠવાડિયામાં પૂરું કર્યું. આ સ્તરબદ્ધ ઉત્ખનનમાં ખૂબ જ મોટા પ્રમાણમાં બૌદ્ધ અવશેષો મળી આવ્યા છે. આ અવશેષો ગુફાઓ માટેનાં ચૈત્યગૃહ, પ્રદક્ષિણાપથ તથા ભંડારકક્ષમાંથી મળી આવ્યા છે. તેમાં સૂર્યના તાપમાં પકવેલ માટીની તકતીઓ (Tablets), માટીની મૂર્તિઓ, સિક્કા અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે.

માટીની તકતીઓ (Sealings)

ઉત્ખનનને પરિણામે અસંખ્ય કાચી માટીની તકતીઓ આશરે ૧૫ સે.મી.થી ૨૦ સે.મી. કદની મળી આવી છે. તેના પર બુદ્ધ, સ્તૂપ અને બ્રાહ્મીલિપિના અક્ષરો વગેરેનાં મુદ્રાંકન છે. ભગવાન બુદ્ધની આકૃતિ અતિ સુંદર, મનોહર અને સુસ્પષ્ટ અંકિત છે. તેમાં બુદ્ધ પદ્માસન ઉપર પ્રસન્ન ચિત્તે ભૂમિસ્પર્શ-મુદ્રામાં બેઠેલા દેખાય છે. તેમની ડાબી અને જમણી બાજુમાં સ્તૂપો, તેના પર છત્રયષ્ટિ અને તે ઉપર ઊડતી ધ્વજાપતાકા સ્પષ્ટ દેખાય છે. ઉપરના શિરોભાગે અલગ પ્રકારના સ્તૂપની પ્રતિકૃતિ જણાય છે. તેની બંને તરફથી પીપળાનાં પાનની ડાળીઓ વેલની જેમ કલાત્મક રીતે છેક નીચેની તરફ લંબાય છે. બંને બાજુના સ્તૂપો અને શિરોભાગના સ્તૂપની આકૃતિઓનો તફાવત નોંધપાત્ર છે.

બુદ્ધને માથે વાંકડિયા વાળ અને તે પર ઉષ્ણીષનો આકાર છે. નેત્ર અર્ધબીડેલાં છે. ચહેરા પર સૌમ્ય કરુણાર્દ્ર સ્મિત વિલસી રહ્યું છે. સંઘાટી ડાબે ખભે ઓઢેલી અને જમણો ખભો ઉઘાડો છે. ઉઘાડા છાતીના ભાગે ડીંટડી સ્પષ્ટ દેખાય છે. અંતરવસ્ત્રના કટિબંધને કારણે તે સુંદર રીતે ઊપસી આવ્યો છે. વસ્ત્રથી અર્ધ-ઢંકાયેલા પગ પરની વલ્લીઓ સ્પષ્ટ જણાય છે. પગની પાનીઓ ઉઘાડી છે. બુદ્ધ સ્વસ્થ ટટાર બેઠા છે. જમણો હાથ લંબાઈને ઢીંચણના સહારે રહીને તેનાં આંગળાં ભૂમિને સ્પર્શે છે. ડાબો હાથ પલાંઠીના ખોળામાં ચત્તી હથેળી સાથે રાખ્યો છે, તેનાં અંગૂઠો-આંગળાં સ્પષ્ટ દેખાય છે. પદ્માસનની પીઠિકાની ઉપર ખીલેલી કમળ-પાંદડીઓ બબ્બેની ઉપરનીચે સપ્રમાણ ગોઠવાઈને અંકિત છે, જેથી ચોરસ રચાઈને સુંદર આકૃતિ સર્જે છે. બુદ્ધ સહિતની આ અતિ સુંદરતમ દશ્યરચનાને સુંદર કલાત્મક ગોખમાં સ્થાપિત કરીને મઢી લીધી છે ! પદ્માસનની પીઠિકા નીચેના ભાગમાં વચ્ચોવચ કંઈક સ્તૂપ-આકારનું છે અને તેની આસપાસ લખાણવાળી ત્રણથી ચાર લીટીઓ હોય તેવું વર્તાય છે. આખીય તકતી પીપળના પાનના આકારમાં ઢાળેલી છે, જેનો અણિયાળો છેડો ઉપરની તરફ રાખ્યો છે.

આવી માટીની કાચી તકતી (મુદ્રા) પર સ્પષ્ટપણે ઉપર્યુક્ત વિગતો ઉપસાવવામાં આવી છે. કલા અદ્ભુત

છે. વળી સદીઓ સુધી (લગભગ ૧૦૦૦ વર્ષ) વાંચી શકાય છે. આ તકતીઓ આ અવસ્થામાં આજ પર્યંત જળવાઈ રહી છે તે બાબત જ આશ્ચર્યજનક છે.

એક તકતીમાં 'ભાગવત' (ભાગવત) સ્પષ્ટ વાંચી શકાય છે. બીજી તકતીમાં વચ્ચોવચ મોટા સ્તૂપની પ્રતિકૃતિ અને બંને તરફ બીજા નાના સ્તૂપ છે. નીચેના ભાગમાં લખાણની ચાર લીટીઓ છે. તકતી ખવાઈ ગઈ છે. પુરાતત્ત્વખાતાના વંચાણ મુજબ આ લખાણ બૌદ્ધોની લોકપ્રિય 'પ્રતીતિ સમુત્પાદ'ની વિખ્યાત ગાથા છે, જેમાં સારિપુત્તના પ્રશ્નના ઉત્તરમાં બુદ્ધના શિષ્ય અસ્સજિએ (અશ્વજિતે) તેને તથાગતના મતનો સાર સંક્ષેપમાં જણાવેલ છે.

સ્થાપત્યકીય અવશેષો

અહીં મળી આવેલ આઠ ગુફાઓ ઉપરાંત એક વિશાળ સભાખંડના અવશેષો પણ મળી આવ્યા છે, જેનો ઉપયોગ ધાર્મિક વાર્તાલાપ માટે થતો હોવાની સંભાવના દર્શાવવામાં આવે છે. છેલ્લા તબક્કામાં પુરાવસ્તુવિદોને એક મોટા ભંડાર જેવા બાંધકામના અવશેષો પણ મળી આવ્યા છે.

સિક્કા

અહીંથી ગધાઈ ઉપરાંત મૈત્રકકાલ, સોલંકીકાલ અને ૧૬મી સદીના પ્રાચીન સિક્કા પણ મળી આવ્યા છે. આમાં ગધાઈ અને મૈત્રકકાલના સિક્કા મોટા પ્રમાણમાં મળ્યા છે. સિક્કાઓના પ્રાથમિક અભ્યાસમાં ગધૈયા શૈલીનો એક સિક્કો લગભગ ૯મી સદીનો જણાય છે.

અન્ય વસ્તુઓ

આ ઉત્ખનનમાં સુરાહી-આકારનું એક સુંદર ચિત્રાંકનથી સુશોભિત, સંભવતઃ ચીનથી આયાત કરેલું પાત્ર મળ્યું છે. ઉપરાંત ગળામાં કોતરેલી ઘૂઘરમાળ સહિતનાં પકવેલી માટીનાં નાનાં રમકડાં, ખંડિત દીવો, મુદ્રાજડિત કાંસાની વીંટી પણ મળી આવ્યાં છે.

કરાંચી સાથે સંબંધ :

કરાંચી યુનિવર્સિટીએ ત્યાંના દરિયાકિનારે કરેલા ઉત્ખનનમાં પણ આવા જ બૌદ્ધ અવશેષો મળી આવ્યાનું જણાવ્યું છે. ડૉ. રાધાકુમુદ મુખરજીએ હર્ષવર્ધનના સમયમાં ભારતવર્ષમાં બૌદ્ધપંથનો વિકાસ કેવો હતો તેનું વાસ્તવિક ચિત્ર દોર્યું છે. તેમાં કરાંચીમાં સમ્મિતિય નિકાયના ૫૦૦૦ ભિક્ષુઓ વસતા હોવાનું કહે છે. કોટેશ્વર અને કરાંચી (પાકિસ્તાન) ભૌગોલિક રીતે દરિયાકિનારે આમનેસામને છે અને વચમાં ફક્ત દરિયો જ છે. છેલ્લે ઈ. સ. ૧૮૧૯માં જે મોટો ધરતીકંપ આ વિસ્તારમાં થયો તેને લીધે કચ્છના પશ્ચિમભાગમાં, લખપત ઉપરના પ્રદેશમાં લગભગ ૧૫૫૫ ચોરસ કિલોમીટર જમીનનો વિસ્તાર ઊંચો-નીચો થઈ ગયો. આ ઊંચાણ 'અલ્લાહબંધ'ના નામે ઓળખાય છે. અલ્લાહબંધની આ રચનાથી સિંધુનદીના એક મુખનું છેવટનું આવતું પાણી પણ કચ્છ તરફ વહેતું સદાને માટે બંધ પડી ગયું અને લખપત તરફની એક વખતની ફળદ્રુપ જમીન રણવિસ્તારમાં ઉમેરાઈ ગઈ. આ જોતાં એવું બને કે એક કાળે કરાંચી ને સિયોતની આ વસાહતો એક જ હોય અને બૌદ્ધો દરિયાવાટે અવરજવર અને પ્રવાસ કરતા હોય !

સિયોતની બૌદ્ધ ગુફાઓમાંથી મોટા પ્રમાણમાં ભગવાન બુદ્ધ સાથે સ્તૂપ તથા ફક્ત સ્તૂપ અને તેની નીચે લખાણથી અંકિત ઉપસાવેલ શિલ્પ(Scripture in relief)તકતીઓ પ્રચુર માત્રામાં મળી આવી છે. બૌદ્ધ તીર્થોમાં તેમાં સ્થાનિક મુખ્ય સ્તૂપ કે ચૈત્યગૃહ યા મંદિરની આવી પ્રતિકૃતિ દર્શાવતી તકતીઓ દર્શનાર્થીઓને પ્રસાદરૂપે ભેટ આપવાની પ્રણાલી હતી. આથી આવી તકતીઓ બોધિગમ અને પરદેશમાં થાઈલૅન્ડમાંથી પણ મળી આવી છે. દેવની મોરીના ઉત્ખનનના મહાસ્તૂપમાંથી આવી તકતી મળી આવી છે, જેના આધારે ડૉ. ર. ન. મહેતાએ એ સ્તૂપ કેવો હતો તેની વાસ્તવિક કલ્પના કરેલી. આ હકીકત જોતાં આ સ્થળેથી પણ પ્રાચીન સ્તૂપના અવશેષો મળી આવવાની સઘળી સંભાવના છે. ડૉ. છગનલાલ પરમારે સને ૧૯૮૯માં આ ગુફાઓના સ્થળની પુરાતત્ત્વવિદ જયપ્રકાશ ત્રિવેદી સાથે પોતાના શોધનિબંધના કાર્ય માટે સ્થળની મુલાકાત લઈ સ્થળનિરીક્ષણ કરેલ. તેમના

કહેવા પ્રમાણે ગુફાઓની નજદીકમાં જ એક ઢોળાવવાળો ટેકરો છે. ત્યાંથી પ્રચુર માત્રામાં પ્રાચીન ઠીકરાં તેની ઉપલી સપાટી પરથી અનાયાસ મળી આવે છે. આ ઠીકરાંઓનું ગૂજરાત વિદ્યાપીઠના પુરાવસ્તુ-વિભાગ દ્વારા પૃથક્કરણ થતાં તે ૭મી સદીની આસપાસનાં જણાયાં છે.

નખત્રાણા તાલુકાના વિથોણ ગામની સંત શ્રી ખેતાબાપા ઉચ્ચતમ માધ્યમિક શાળાના શિક્ષક પદમશી ચૌહાણ તેમની શાળાના વિદ્યાર્થીઓને સિયોતની બૌદ્ધ ગુફાઓની મુલાકાત માટે લઈ ગયા હતા. આ ગુફાઓની આસપાસ ત્રણ કિલોમીટરના ઘેરાવામાં જમીનની સપાટી પરથી પકવેલી કાળી અને લાલ માટીનાં વાસણો જેવાં કે કૂંજા, કુંભી, પાત્રો, કાંઠલાવાળાં વાસણો, અનાજ સંઘરવાની કોઠીઓ વગેરે મોટી સંખ્યામાં મળી આવ્યાં. વળી આ વાસણો પર છાપ ઉપસાવવાની વિવિધ ડાઈઓ પણ મળી આવી. આવા પ્રત્યેક વાસણ પર બૌદ્ધધર્મનું ધર્મચક્ર ઉપસાવેલું હતું. કાળી માટીનાં વાસણો પર સાદી અને કોતરેલી ડિઝાઇન છે જ્યારે લાલ માટીનાં વાસણો પૉલિશ કરેલાં અને ડિઝાઇનવાળાં છે. વિદેશથી આયાત થયેલ કાચનાં વાસણોના ટુકડાઓના નમૂના પણ અહીંથી મળી આવ્યા. ગ્રીક અને રોમન શૈલીનાં વાસણોના નમૂના પણ અત્રેથી પ્રાપ્ત થયા. અહીંથી મળેલાં રમકડાંઓમાં હાથી, ઘોડા, સિંહ, ઊંટ, બકરી, વાંદરા જેવાં પ્રાણીઓના અંદરથી પોલાણવાળાં રમકડાં પણ છે. પકવેલી માટીમાંથી બનાવેલ ઘૂઘરમાળવાળા નંદી પણ મળી આવેલ છે, તો શંખમાંથી કોતરેલ અને ડિઝાઇનવાળાં આભૂષણો જેવાં કે કાનનાં કુંડળ, કાચનાં કડાં અને ધાતુનાં કાનનાં કુંડળ, બૌદ્ધ સાધુઓ ધારણ કરે છે તેવા માળાના મણકા અને કીમતી પથ્થરમાંથી બનાવેલાં મોતીઓ તેમ જ અકીકમાંથી બનાવેલ વીંટીનાં નંગો અને માદળિયાં પણ મળ્યાં.

ઉપરાંત મૂર્તિઓ, સિક્કાઓ, તાંત્રિક મુદ્રાઓ, પાસા તથા પ્યાદાં પણ મળી આવ્યાં હતાં. આ ચીજ-વસ્તુઓની ઉપલબ્ધિ અહીં મોટું વ્યાપારિક મથક અને સમૃદ્ધ વસાહતની સાક્ષી પૂરે છે.

આ અવશેષો બૌદ્ધધર્મના જે કેટલાંક નોંધપાત્ર પદચિહ્નો કચ્છની ધરતી પર સચવાયેલાં છે તેનો ઉલ્લેખ આ સ્થળોની મુલાકાત લેનાર વિદ્વાનોએ કરેલ છે તેની વિગતોનો આ પહેલાં ઉલ્લેખ કરેલ છે. પણ આ વિદ્વાનો માત્ર કચ્છના પશ્ચિમવિભાગમાં આવેલ ગુફાઓનો ઉલ્લેખ કરે છે. દલપતરામ ખખ્ખરે પણ માત્ર સિયોતની ગુફાઓનો જ ઉલ્લેખ કરેલ છે. આ ગુફાઓ ઉપરાંત ભુજ તાલુકાના નાડાપા ગામમાં પણ એક બૌદ્ધ ગુફા અસ્તિત્વ ધરાવે છે. તેને કચ્છ મ્યુઝિયમના જે-તે સમયના ક્યુરેટર દિલીપભાઈ વૈદ્યે શોધી કાઢેલ. તેમની સાથે આ શોધપ્રવાસમાં ધીરજલાલ કોઠારી પણ જોડાયા હતા. આ ગુફાના પથ્થર પર ૧૫ અક્ષરોમાં કોતરાયેલ બ્રાહ્મીલિપિનો એક લેખ પણ દિલીપભાઈ વૈદ્યને મળી આવેલ. આ લેખની વાચના તેમણે મુંબઈની હીરાસ ઇન્સ્ટિટ્યૂટના ઇતિહાસવિભાગનાં પ્રોફેસર મીનાબહેન તાલીમ પાસેથી કરાવતાં તેમણે જણાવેલ છે કે આ લેખની વાચના બે રીતે થઈ શકે છે :

(૧) સચજીત સચજે પે પુત્રસ દેવસ્તનં

(૨) સચદાત સચદામ પુત્રસય જીવસ્નાંનં.

તેને સરખી રીતે ગોઠવતાં નીચે પ્રમાણે થાય છે :

(૧) સચદતસ ચ દામપુત્રસ દેવસ્તાનં

(૨) સચદતસ ચ દામપુત્રસ જીવસ્તાનં

આમ, આ લેખનો અર્થ 'સચદેવના પુત્ર સચજિતનું રહેવાનું સ્થળ' એ પ્રમાણે થાય છે. લેખના અક્ષરો ત્રીજી સદી પહેલાંના છે. લેખમાં ઉલ્લેખાયેલ સચદીત ઉજ્જૈનમાં ક્ષત્રપવંશનો રાજા હતો. ત્રીજી સદીમાં ક્ષત્રપવંશ બળવાન રાજ્યકર્તા રાજવંશ હતો. ગાદી માટે ઝઘડો થતાં રાજા સચજિતે સંન્યાસ ગ્રહણ કરી શેષ જીવન અહીં વિતાવ્યું હતું. ક્ષત્રપ રાજાઓની વંશાવળીમાં આ રાજાનું નામ જોવામાં આવ્યું નથી. પરંતુ રેપસન નામના એક સિક્કા-સંગ્રાહકને આ રાજવીનો એક સિક્કો મળેલ

છે. આમ ભારતીય ઇતિહાસની એક મહત્ત્વની ઘટના કચ્છ સાથે આ રીતે સંકળાયેલી છે. નાડાપા ગામના લોકો આ સ્થળને 'સતીના હાથવાળું ભૂરી ગઢ' એ નામે ઓળખે છે.

સિયોતની ગુફાઓના ઉત્ખનનનું ત્રણ તબક્કે કરાયેલું કાર્ય સને ૧૯૯૦માં પૂરું થયેલ. આ ઉત્ખનન દરમિયાન અહીંથી પ્રાપ્ત થયેલ અવશેષોમાં લગભગ અઢી હજાર જેટલી સંખ્યામાં કાચી માટીથી બનેલા જુદા-જુદા અંગભંગવાળી બૌદ્ધ મુદ્રાઓ, બૌદ્ધ ભિક્ષુઓ જે પ્રકારનાં માટીનાં વાસણોનો ઉપયોગ કરે છે તે પ્રકારનાં ભિક્ષાપાત્રો, તાસક, માટીનું માદળિયું, માળાના મણકા મળી આવેલાં છે.

આ ઉપરાંત ભુજમાં ભુજિયા ડુંગરની તળેટીમાં બૌદ્ધ સંઘારામનો ઉલ્લેખ કે. કે. છાયાએ કરેલ છે. આ સ્થળ જોવામાં આ લેખક પણ સાથે હતા. માટીની એક ખાણમાં જોયેલી એ મૂર્તિ ભુજિયો એ સમયે રક્ષિત સ્થળ હોવાથી અને તેનો કબજો મિલિટરી પાસે હોવાથી તેની તસવીર લઈ શકાયેલ નહીં અને પછીથી બુદ્ધની આ મૂર્તિ માટીના ખોદકામમાં જ નષ્ટ થઈ ગઈ ! રાપર તાલુકાના રામવાવ ગામે કાગનોરા ડુંગરની ભેખડમાં આવેલી ગુફા બૌદ્ધ સ્થળનામોમાં આવતા 'નોરા' પ્રત્યય આ ગુફા બૌદ્ધધર્મના સ્થાપત્યના વિહારના પ્રકારની હોવાનું અનુમાન કરવા પ્રેરે છે.

કચ્છમાં બૌદ્ધધર્મનો વ્યાપક રીતે પ્રચાર-પ્રસાર થયો હતો એ હકીકત બૌદ્ધધર્મના હજી પણ સચવાઈ રહેલા અવશેષો પરથી જણાઈ આવે છે. મૌર્યવંશ પછી પણ બૌદ્ધધર્મને રાજ્યાશ્રય મળતો રહ્યો હતો તેથી પણ આ ધર્મનો પ્રચાર ટકી રહ્યો હતો. બૌદ્ધનાં સ્થળનામોમાં નોરા, લા, ગુના, ખા, ટ, પા જેવા પ્રત્યયો વિશેષ પ્રમાણમાં લાગેલા જોઈ શકાય છે. કચ્છમાં કેટલાંક ગામોનાં નામને અંતે આવા પ્રત્યય લાગેલાં ગામોનાં નામ જોઈએ તો કોરા, નાડાપા, સિયોત, ભલોટ, વણોટ, ધાણેટી, વરનોરા, કાગનોરા, ગુનાય, કમાગુના, આધિયાંગ, ઉડિયાંગ, અંગિયા નાંગિયા, ઉલટ, કનોજ, બુધા ચંદિયા, ચાંગડાઈ વગેરે છે.

સિયોતની ગુફાઓની શ્રી મણિભાઈ વોરાએ રૂબરૂ મુલાકાત લીધેલી. તેમણે આ ગુફાઓનો નજરે દેખ્યો અહેવાલ તૈયાર કરેલ છે તે ત્યાંની ગુફાઓની વાસ્તવિક પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ આપે છે તેથી તે અહીં આપેલ છે, જેથી આ ગુફાઓ સંબંધમાં સ્પષ્ટ ચિત્ર જોઈ શકાય. તેઓ કહે છે કે કટેશ્વરથી લગભગ અર્ધા માઈલ પર મથાળે કાંટાવાળી વનસ્પતિ અને ઝાંખરાંથી ઢંકાયેલા પાકા ખડકના ટેકરાની ભૂતળમાં પશ્ચિમાભિમુખ માનવસર્જિત પ્રાચીન ગુફાઓ છે, જેને લોકો ખાપરા-કોડિયાના ભોંયરા તરીકે ઓળખે છે. ધરતીથી વીસેક ફૂટ ઊંચા વિકૃત ખડકોમાં કોતરી કાઢેલ અહીં નાનીમોટી ત્રણ ગુફાઓ મોજૂદ છે. ડાબી બાજુથી પ્રથમ એક નાની ગુફાનું ૪'X૨'નું દ્વાર દેખાય છે. અંદરથી પાંચેક ફીટ ઓરસચોરસ આ ગુફા છે. તેની પડખે એક નાની તૂટેલી ગુફાના આધાર તરીકે તેની પછીત જ છે. ત્યાર પછી ત્રીજી ગુફા પહેલી ગુફા જેવી જ ૪'X૨'ના દ્વારવાળી પરંતુ અંદરથી જરા વધારે મોટી છે. આગળ જતાં જમણી બાજુ ખડકાળ ટેકરાને દક્ષિણ છેડે સૌથી મોટી ગુફા આવેલી છે. આ ગુફા અહીંના સમૂહમાં મુખ્ય છે.

આ વિશાળ ગુફાના મુખમંડપનું દ્વાર ધરાવતો ખડકનો ભાગ તૂટી જતાં માંહેનો ગુફામંડપ અંદરના બે સ્તંભો અને મંડપમાં પડતાં અંદરનાં ગુફાનાં દ્વારો બહારથી દેખાય છે. મંડપ આશરે ૧૬થી ૧૭ ફીટનો હતો અને અંદરથી ઊંચાઈ દશેક ફીટની છે. સપાટ છતને ટેકા અર્થે બે ગોળાકાર સ્તંભો રાખેલા છે. આ સ્તંભનો ભાગ ઉપરથી નીચે આવતાં સહેજ નાનો થતો જાય છે. સ્તંભને ઉપરના કંઠે રિંગ અને તેની ઉપર છાદ્ય શિલા કંડારેલ છે અને તે પટના ચાપણા તરીકેની બે આડી લાંબી રેખાઓથી છત સાથે સ્તંભને મેળવી દીધી છે.

આ સુંદર સ્તંભો પૂર્વ-ભૂમધ્ય-સમુદ્રની ત્રણ હજાર વર્ષ જૂની સ્થાપત્યશૈલીના સ્તંભોને મળતા આવે છે. મંડપમાં દાખલ થતાં જમણા હાથ પર મંડપમાં પડતું તૂટેલી ગુફાનું મુખ્ય દ્વાર છે. છ ફીટ જેટલી

ઊંચાઈના આધાર શાખ ઉપર કિનારીની કોતરણીનો અવશેષ રહી ગયો છે. બાજુમાં મોટો ગોખલો છે. આ દ્વાર છે. કાંગરી અને ગોખલામાં આજના કચ્છી રબારી-આહીરની લીંપણકળાનાં મૂળ જોઈ શકાય છે. ગોખલા પાસે ખૂણામાં ૫' X ૩'નું દ્વાર છે તે નાના ગુફાખંડનું છે અને મંડપમાં સામે જમણી તરફ ૪' X ૩'નું દ્વાર પડે છે, જે અંદરના બીજા ચોરસ ખંડનું છે.

આમ આ વિશાળ ગુફામંડપમાં ત્રણ ગુફાઓનાં દ્વાર પડે છે. ગુફાની ભીંતો, બન્ને સ્તંભો, છત વગેરેના ઘણા ભાગ ઉપર ખાડા, કાપા, આંકા કાંઈક આર્યોની લિપિને મળતા જોઈ શકાય છે. તેમાં બારીકીથી જોતાં ત્રિશૂળ, ઊંટ, મોર, માછલી વગેરે તેમ જ નવકાંકરી જેવી રમતની આકૃતિઓ પણ દેખાય છે. ખડકનું તૂટવું, ઘસાવું અને માનવે કરેલા અટકચાળાથી આવા કાપા, આંકા વિશેષ થયા છે. ગુફાઓ બૌદ્ધ છે કે બ્રાહ્મણી તે ખાતરીપૂર્વક કહી શકાય નહીં. આશરે બે હજાર વર્ષ જૂની ગુફાઓને અહીં થયેલા ધરતીકંપો અને તેમાંય ઈ. સ. ૧૮૧૯માં થયેલા ધરતીકંપે તેમ જ સમયનાં તોફાનોએ નષ્ટ કરી નાંખી છે. વળી આ ગુફાઓ ચાવડાઓ અને પશ્ચિમની પ્રજાઓના પૂર્વજોના ગુરુઓનો અખાડો હશે એમ કોણ ન કહી શકે ?

આમ શ્રી મણિભાઈ વોરા આ ગુફાઓ બૌદ્ધ હોવા અંગે શંકા વ્યક્ત કરે છે.

શ્રી છોટુભાઈ અત્રિએ આ ગુફાઓની મુલાકાત મે ૧૯૭૬માં લીધેલ. તારીખ ૨૭-૬-૧૯૮૧ના ભુજ મુકામે 'કચ્છનાં મહાપાષાણ સ્મારક' એ વિષય પરના તેમના વ્યાખ્યાનમાં જણાવેલ કે "લખપત તાલુકાના અટડા ગામથી થોડે દૂર આવેલ કટેશ્વર મહાદેવ અને કટેશ્વરીદેવીનાં મંદિરો પાસેની શૈલોત્કીર્ણ ગુફાઓની સર્વપ્રથમ નોંધ તો હકીકતમાં બર્ન્સ નામના એક વિદેશી અધિકારીએ ઈ. સ. ૧૮૭૯ આસપાસ લીધેલ, પરંતુ એનો અહેવાલ કચ્છ સંગ્રહાલયમાં અદ્યાપિપર્યન્ત સુરક્ષિત પડ્યો રહ્યો છે ! એ ગુફાઓને મેં નિ:શંકપણે શૈવ ગુફા સાબિત કરી છે અને બીતાંબીતાં ઈ. પૂર્વે ત્રીજી સદી પહેલાંની હોવાનો મત દર્શાવ્યો છે ('પથિક', જૂન ૧૯૭૬). પુરાતત્ત્વશાસ્ત્રની એ મર્યાદા છે. બાકી શૈલોત્કીર્ણ ગુફા પ્રકારનાં સ્મારક ભારતમાં શરૂ કરવાના યશની કલગી અશોકના તાજમાં પહેરાવવાનું મને ક્યારેય યોગ્ય નથી જણાયું. પરંતુ પુરાતત્ત્વની દૃષ્ટિએ શૈલગુફામાંથી અભિલેખ પ્રાપ્ત ન થાય કે શૈલગુફા જમીનમાં દટાઈ ગઈ હોય અને એની ઉપરથી અને અંદરથી પ્રાક્-મૌર્યકાલીન અવશેષો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ જ શૈલગુફાને પ્રાક્-મૌર્ય ગણી જ ન શકાય. મારું પરામનોવિજ્ઞાન આ મર્યાદા સ્વીકારવાની ના પાડી કચ્છની ઉપર્યુક્ત ગુફાને મૌર્યોથી સારી પેઠે પ્રાચીન હોવાનું જણાવે છે. મારા એક સાથીદારે ધ્યાન દોર્યું કે એની દીવાલોમાં ઉપરાછાપરી કે પાસેપાસે કોતરેલી અનેક આકૃતિઓમાંથી કેટલીક સિન્ધુ સભ્યતાના સંકેતો સાથે સામ્ય ધરાવતી જણાય છે ! ના, ઉતાવળ નથી કરતો, મેં સૂચના આપી છે કે એનાં યથાતથ ચિત્ર બનાવી તથા દરેક આકૃતિ, ઉપરાછાપરીના નિયમ પ્રમાણે, જૂની-નવી પહેલાં-પછીની નક્કી કરી, અકેક જુદી-જુદી પણ દોરીને ચિત્રો બનાવવાં. ત્યાર બાદ જ નિર્ણય લઈ શકાશે. અત્રે એટલું નોંધવું જરૂરી છે કે એ શૈવ ગુફાની હાલત એ સ્થળનાં પરિવેશ, પર્યાવરણ અને વાતાવરણના સંદર્ભમાં એના કોતરકામનાં એક હજાર વર્ષ પછી હોવી જોઈએ એના કરતાં વધુ જર્જરિત છે, જેનું એક કારણ એ બે હજાર વર્ષથી સારી પેઠે વધુ પ્રાચીન હોય એ પણ હોઈ શકે છે !

અત્રિ આ રીતે સિયોતની ગુફાને બૌદ્ધ ગુફા તરીકે સ્વીકારતા નથી. ઉપર જણાવ્યાં કારણો ઉપરાંત તે કહે છે કે જેમ્સ બેલડીએ (જેમ્સ ફર્ગ્યુસન અને જેમ્સ બર્જેસ) પશ્ચિમ ભારતની ગુફાઓનું ત્રણ તબક્કાઓમાં વર્ગીકરણ કરેલ છે.

(૧) બૌદ્ધ ગુફાઓ – ઈ. સ. પૂર્વે ત્રીજીથી ઈ. સ.ની સાતમી સદી, (૨) બ્રાહ્મણ ગુફાઓ – ઈ. સ.ની ચોથીથી આઠમી સદી, (૩) જૈન ગુફાઓ – ઈ. સ.ની પાંચમીથી બારમી સદી.

આ પૈકી જૈન ગુફાઓ તેમની ધારણા કરતાં વધુ પ્રાચીન હોવાના પુરાવા હવે મળવા લાગ્યા છે. સંભવ

છે કે ભવિષ્યમાં બ્રાહ્મણ (શૈવ કે વૈષ્ણવ – મુખ્યત્વે શૈવ) ગુફાઓ પણ બાકીની બંને કરતાં વધુ પ્રાચીન હોવાનું પણ પુરવાર થાય.

જૈન-બૌદ્ધ ગુફાઓ અને બ્રાહ્મણ ગુફાઓ વચ્ચે મહત્ત્વનો ભેદ એ છે કે પ્રથમની બંનેમાં હોય છે તેવા Cells (મોટી ગુફાની અંદરની નાનીનાની ગુફાઓ કે ખચકા) બ્રાહ્મણ ગુફાઓમાં હોતા નથી. તેને બદલે વૈષ્ણવ ગુફાઓમાં પાછળની દીવાલે 'દેવસ્થાન' અને શૈવ ગુફામાં ભમતી (પ્રદક્ષિણાપથ) હોય છે. વળી કોઈ પણ વર્ગની શરૂઆતની ગુફાઓમાં સ્તંભ કોતરાતા નહિ. ધીમેધીમે વધુ વિસ્તારવાળી ગુફાઓ કોતરાવાથી તેમની વિશાળ છતને ટેકારૂપ થવા માટે સ્તંભો પણ કોતરાવા લાગ્યા એમ જેમ્સ બેલડી માને છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે કોતરકામની દૃષ્ટિએ લંબચોરસ સ્તંભ કરતાં લંબગોળ સ્તંભ કોતરવા વધુ સરળ હોય છે તેથી શરૂઆતના સ્તંભ ગોળાકાર થતા હોય તે બનવાજોગ છે.

કેટલીક ગુફાઓમાં ઓટલા કોતરેલા હોય છે અને કેટલીકમાં નથી હોતા. ઈ. સ.ની બીજી સદી પછી ઓટલા કોતરવાના બંધ થયા હોય એવી એક માન્યતા છે પણ સર્વત્ર તે પ્રમાણે જોવામાં આવ્યું નથી. વળી કોતરકામની અતિસાદગી એ અતિપ્રાચીનતાનું લક્ષણ નથી એમ કેટલાક વિદ્વાનો માને છે, પણ એમાંય અપવાદ જોવામાં આવે છે. જેમ કે જૂનાગઢની બાવાપ્યારાની કેટલીક ગુફાઓ (ઈ. સ. પૂર્વે ૨૫૦થી ઈ. સ. ૧૦૦) ભારતની રૂપકામયુક્ત પ્રાચીન ગુફાઓ પૈકીની હોવા છતાં સાદી છે, જ્યારે ઉપરકોટની રૂપકામયુક્ત ગુફા ઈ. સ.ની પાંચમી સદીની છે. એથી એમ માનવામાં હરકત નથી કે સૌરાષ્ટ્રમાં અતિસાદગી વધુ પ્રાચીનતાની દ્યોતક છે. જેમ સૌરાષ્ટ્રમાં છે તેમ કચ્છમાં હશે ?

અમદાવાદમાં ડૉ. જ્હૉન ઈરવીનનાં બે વ્યાખ્યાનો ગોઠવાયેલાં. તેમાં તેમણે સબળ પુરાવાઓ સાથે એવું સિદ્ધ કરી બતાવેલ કે બૌદ્ધ સ્થાપત્યનું એક અંગ ગણાતા અને અશોક-નિર્મિત મનાતા મોટા ભાગના સ્તંભો અશોક પહેલાંના છે તો પછી સ્તંભોની જેમ ગુફાઓ પણ કેમ ન હોય એવો પ્રશ્ન શ્રી અત્રિએ કર્યો છે.

કટેશ્વરી (સિયોત) ગુફા સમૂહની સાથે જ તળ ઉપરથી ક્ષત્રપકાલીન જણાતી વિશાળ વસાહતના અવશેષો બહુ મોટા પ્રમાણમાં ફેલાયેલા પડ્યા છે. તળ ઉપરથી મળતાં ઠીકરાં ઉપરથી જણાય છે કે ક્ષત્રપકાળ બાદ પણ ચાર-પાંચ સદી તો ત્યાં આબાદી ટકી હશે. આ પ્રાચીન વસાહતોનો આદિસમય માત્ર તળ-નિરીક્ષણ પરથી નક્કી ન જ થઈ શકે. લગભગ ક્ષત્રપકાલીન મનાતી ગુફાઓ પાસેથી મળતાં રેડ પૉલિશ વેર ઠીકરાંને કારણે એ ઠીકરાંનાં મૂળની જેમ ગુફાઓનાં મૂળ પણ પ્રાચીન હોવાની સંભાવના બતાવે છે.

તેવી જ રીતે શ્રી દિનકર મહેતાએ પણ સિયોતની ગુફાઓની મુલાકાત લઈ ઝીણવટભર્યું નિરીક્ષણ કરેલ છે. આ ગુફાઓ શૈવ કે બૌદ્ધ – એવો પ્રશ્ન તેમણે તેમના એક લેખમાં ઉપસ્થિત કરેલ છે. તે કહે છે કે ઈસુની પ્રારંભની અને તે પૂર્વેની બે-ત્રણ સદીઓ ભારતના કેટલાક ભાગોમાં બૌદ્ધધર્મના પ્રચાર તેમ જ પ્રસાર માટે જાણીતી છે. ગુફાઓ જૈન તેમ જ હિંદુધર્મના અનુયાયીઓએ પણ કોતરાવી છે. પરંતુ બૌદ્ધધર્મની ગુફાના બાહુલ્યને કારણે 'ગુફા' એટલે 'બૌદ્ધ ગુફા' સામાન્ય રીતે માની લેવામાં આવે છે. એ માન્યતા એટલી હદ સુધી પ્રચલિત થઈ છે કે કેટલીક વાર શૈલાશ્રયને પણ બૌદ્ધ ગુફાનું નામ આપી દેવાયેલ છે.

સિયોતની ગુફા સૌપ્રથમ બૌદ્ધ ગુફા છે એમ માની લેવામાં આવેલું, પરંતુ શ્રી છો. મ. અત્રિએ આ ગુફાનું ઝીણવટભરી નજરે નિરીક્ષણ કર્યું અને વિશેષ અભ્યાસને અંતે જાહેર કર્યું કે આ ગુફા બૌદ્ધ નહિ પણ શૈવ ગુફા છે. શૈવ સંપ્રદાય પ્રાચીન સંપ્રદાય છે. શિવની ઉપાસનાનાં ઉદાહરણ ઠેર-ઠેર મળે છે.

આ ગુફા શૈવ છે કે બૌદ્ધ એ ચકાસવા લેખકે (દિનકર મહેતા) પણ નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ પરથી પ્રતીત થયું કે આ ગુફા શૈવ ગુફા છે. આ પ્રતીતિને

કારણે એનો સ્વીકાર પણ અન્યત્ર કર્યો છે. આ ગુફા શૈવ ગુફા હોવાનાં કારણોમાં તે કહે છે કે :

(૧) બૌદ્ધ ગુફાઓ દિશાને મહત્ત્વ આપતી નથી. કોઈ પણ દિશાભિમુખ હોય તો ચાલે. પરંતુ આ ગુફાને પ્રયત્નપૂર્વક પૂર્વાભિમુખ કોતરવામાં આવી છે. ખડક પણ પૂર્વ-પશ્ચિમ લંબાયેલો હોઈ પૂર્વાભિમુખ કે પશ્ચિમાભિમુખ ગુફાની આસપાસની ગુફાઓ દક્ષિણાભિમુખ જ છે, પણ ઉપર કહ્યું તેમ આ ગુફાને પ્રયત્નપૂર્વક પૂર્વાભિમુખ કોતરવામાં આવી છે.

(૨) બીજું પ્રમાણ તલમાન છે. આ ગુફાનું તલમાન શિવમંદિરના તલમાનને મળતું આવે છે. સભામંડપ અને ગર્ભગૃહ તથા પ્રદક્ષિણાપથ ગર્ભગૃહની દીવાલો પછી કોતરવામાં આવેલ છે.

(૩) બૌદ્ધ સાધુઓની ગુફાઓ સામાન્ય રીતે જમીનથી થોડી ઊંચાઈ પર કોતરતા, અહીં જમીનના સ્તરે જ છે.

(૪) બૌદ્ધ ગુફા આસપાસ પાણી સુલભ હોય છે, ઝરણું કે નદી હોય છે અને એમ ન હોય તો પાણીના સંગ્રહ માટે ટાંકા કોતરવામાં આવે છે. આ બન્ને બાબતોનો અહીં અભાવ છે. આ પ્રમાણોથી માની શકાય કે આ બૌદ્ધ ગુફા નથી.

આ ગુફામાંથી પુરાવશેષો સાંપડ્યા છે એ નક્કર છે, પણ એ ગુફાના ભાગરૂપ નથી. ગુફાનું સમગ્ર સ્થાપત્ય નિઃશંક રીતે બૌદ્ધ સિદ્ધ થઈ શકે તેમ નથી. આવી પરિસ્થિતિમાં એવા નિષ્કર્ષ પર આવી શકાય કે આ ગુફા સૌપ્રથમ શૈવ મંદિર જ હશે. ઈ. સ.ની પ્રાથમિક સદીઓથી માંડી ક્ષત્રપો અને મૈત્રકોના શાસન સુધી એટલે કે સાતમી સદી આસપાસ અહીં શૈવ સંપ્રદાય મુખ્ય હશે. એ પછી ભારતવર્ષમાં જેમ અન્યત્ર બૌદ્ધધર્મની અસર વધી તેમ અહીં બૌદ્ધધર્મનો ફેલાવો થયો હશે. આનાં પ્રમાણ પણ મળ્યાં છે. કચ્છ મ્યુઝિયમમાં રહેલી બુદ્ધની પ્રતિમા ઈ. સ. સાતમી સદીની હોવાનું મનાય છે. ગુફામાંથી મળેલ અભિલેખોના મરોડ પણ સાતમી સદીની આસપાસના જણાય છે. આ ગુફા સૌપ્રથમ શૈવ મંદિર જ હશે અને પાછળથી બૌદ્ધોએ એનો કબજો લઈ ધર્મની ઉપાસના શરૂ કરી હશે. મુખ્ય ગુફાની આસપાસ જે નાની ગુફાઓ છે તે પણ પાછળથી બૌદ્ધ સાધુઓ માટે કોતરવામાં આવી હશે. અહીંથી મળી આવેલા પુરાવશેષો આ ગુફા બૌદ્ધ હોવાનું કહી જાય છે. લેખક (મહેતા) ચોક્કસ નિષ્કર્ષ પર આવી શકતા નથી તેથી છેવટે તે કહે છે કે આ ગુફા શૈવ અને બૌદ્ધ પણ છે.

અશોકની ધર્મભાવના માત્ર પોતાના રાજ્યના માણસો પૂરતી મર્યાદિત નહોતી. સકલ વિશ્વનું કલ્યાણ એને હૈયે વસતું હતું, તેથી એણે પોતાની મૈત્રીભાવનાને પોતાના વિશાળ સામ્રાજ્ય ઉપરાંત વિશ્વનાં તેની જાણનાં તમામ રાજ્યોમાં પણ પ્રસરાવી હતી. કચ્છ અશોકના સામ્રાજ્યનો જ એક ભાગ હતો તેથી તેને અશોકની ધર્મભાવનાથી વિમુખ રહેવાને કોઈ કારણ નહોતું. ઐતિહાસિક કે પુરાતત્ત્વની દૃષ્ટિએ બૌદ્ધધર્મ સૌથી વધારે પ્રાચીન છે. અશોકે તેના પ્રચાર માટે બૌદ્ધ ભિક્ષુઓને ઠેરઠેર મોકલ્યા હતા. કચ્છ માટે આનો એક પુરાવો પશ્ચિમ કચ્છ છે. કચ્છમાં બૌદ્ધધર્મનો પ્રચાર કચ્છના પશ્ચિમવિભાગથી થયો હતો. ધર્મપ્રચાર અર્થે નીકળેલા ભિક્ષુઓમાં નાડાપા નામનો એક ભિક્ષુ હતો તે કચ્છના પશ્ચિમવિભાગમાં પ્રથમ નખત્રાણા તાલુકાના જે ગામે તેણે વિહાર કરી ધર્મપ્રચાર શરૂ કરેલ તે ગામ ભિક્ષુના નામ પરથી નાડાપા તરીકે ઓળખાતું થયું હતું. ત્યાંથી તે ભુજ તાલુકામાં આવેલ અને ત્યાં શૈલગુફા કોતરાવી ત્યાં વિહાર કરી ધર્મનો પ્રચાર કર્યો તે ગામ પણ તેના નામ પરથી નાડાપાના નામે ઓળખાતું થયું. કચ્છમાં બૌદ્ધધર્મની અસરવાળાં ઘણાં ગામો છે જેની વિગત ઉપર દર્શાવેલી છે.

ઉપર ઉલ્લેખ કરેલ નામોવાળા પુરાતત્ત્વવિદોએ સિયોતની બૌદ્ધ ગુફાઓની પ્રત્યક્ષ મુલાકાત લીધા પછી આ ગુફાઓ બૌદ્ધ ગુફાઓ હોવા પ્રત્યે જે શંકા કરી છે અને તે માટે જે કારણો દર્શાવ્યાં છે તે કારણો જ એમની શંકાને નિરાધાર કરે તેવાં છે. દાખલા તરીકે શૈવ ગુફામાં ભમતી હોય છે જે બૌદ્ધમાં નથી હોતી એ વિગત શ્રી

અત્રિ, ગુફાઓના ભેદ સંબંધમાં કહે છે. ('પથિક', જૂન ૧૯૭૧, પૃષ્ઠ ૯) પણ સિયોતની બૌદ્ધ ગુફામાં ભમતી છે તેની વિગત શ્રી કે. કા. શાસ્ત્રીએ જણાવી છે. ઈ. સ.ની બીજી સદી પહેલાંની ગુફામાં ઓટલા ન હોય એ શક્ય છે તેવું કહે છે. ઓટલાનો મુદ્દો ઉપસ્થિત કરવાને કોઈ કારણ નથી, કારણ કે તે પોતે જ કહે છે કે ઈ. સ.ની બીજી સદી પછી ઓટલા કોતરવાના બંધ થયાની માન્યતા દર્શાવે છે, તો તે દૃષ્ટિએ તો તે સિયોતની ગુફાઓ બીજી સદીની હોવાનું સ્વીકારે છે, કારણ કે એ ગુફાઓમાં કે. કા. શાસ્ત્રીએ તેમના પુસ્તક 'અસાં જો કચ્છ'માં પૃષ્ઠ ૨૮૫ર ઓટલો હોવાની શક્યતા દર્શાવી છે. ભારતના ગુફાસ્થાપત્ય અંગે 'Cave Temple of Western India'માં જૂના બૌદ્ધ સ્થાપત્યનો ગાળો ઈ. સ. ની બીજી સદી પૂર્વેથી ઈસુની બીજી સદીનું દર્શાવેલ છે. અહીં સિયોતની ગુફાઓ પણ તે સમયની હોવાનો ઉલ્લેખ થયો છે. એટલે તેનાથી અગાઉની અન્ય કોઈ ધર્મ કે સંપ્રદાયની ગુફાઓ હોય તો તેથી આ ગુફાઓના સમયગાળાનો કાંઈ વાંધો નથી. એટલે જેમ્સ બેલ.ડીના ઉલ્લેખ મુજબ જૈન ગુફાઓ સિયોતથી જૂની હોય તેથી કોઈ ફેર પડતો નથી. ગુફાના સ્તંભો બાબતમાં તેમના આકાર-પ્રકાર અંગે તો તેઓ પોતે જ કહે છે કે શરૂઆતમાં તે ગોળાકાર થતા હોય એ બનવા જોગ છે. આમ કહીને તે પોતે જ આ ગુફાઓની પ્રાચીનતાનો સ્વીકાર કરે જ છે, કારણ કે સિયોતની ગુફાઓના સ્તંભ ગોળાકાર છે.

શ્રી દિનકરભાઈ મહેતાએ આ ગુફાઓ બૌદ્ધ ગુફા હોવા અંગે જે શંકા દર્શાવી છે અને તેના સમર્થનમાં જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે મુદ્દાઓ સ્વયં આ ગુફાઓ બૌદ્ધ છે એમ કહી જાય છે. જેમ કે બૌદ્ધ ગુફાઓ દિશાને મહત્ત્વ આપતી નથી, તો પછી પૂર્વાભિમુખ કોતરાય કે દક્ષિણાભિમુખ કોતરાય, તે સ્થળ-સ્થિતિ તેમ જ તેમની અનુકૂળતા મુજબ કોતરેલી હોય તેથી તે બૌદ્ધ ગુફા નથી એમ શંકા કરવાને કોઈ વાજબી કારણ જણાતું નથી. બૌદ્ધ ગુફાની આસપાસ પાણી સુલભ હોય છે જે અહીં નથી. શ્રી મહેતાએ આ મુદ્દો આજની પરિસ્થિતિને ધ્યાને લઈને ઉપસ્થિત કર્યો છે પણ ગુફાનો સમયગાળો તેમણે ધ્યાનમાં લીધો જણાતો નથી. જે-તે સમયે અહીં નદીનાં નીર પ્રવાહિત હતાં. હકીકતે શ્રી મણિભાઈ વોરાના ઉપર ઉલ્લેખ કરેલા નવેમ્બર ૧૯૯૩ના લેખમાં નદીનો ઉલ્લેખ થયેલો છે. એમનો ત્રીજો મુદ્દો છે બૌદ્ધ સાધુઓની ગુફાઓ સામાન્ય રીતે જમીનથી થોડી ઊંચાઈએ હોય છે, જ્યારે અહીં જમીનને અડીને આવેલ હોવાનું કહે છે, તે પણ શ્રી મણિભાઈ વોરાના ઉપર ઉલ્લેખ કરેલા લેખમાં જે ખડકમાં આ ગુફાઓ કોતરાયેલી છે તે ખડકો જ જમીનથી વીસેક ફૂટ ઊંચા હોવાનું શ્રી મણિભાઈએ નોંધ્યું છે. આમ છતાં બાંધકામ સંબંધમાં સ્થાનિક સ્થિતિ ધ્યાને લેવાતી હોઈ – તે નજરે ગુફાઓની કોતરણી થઈ હશે એમ કહી શકાય. પણ છેવટે તો તેઓ પોતે જ કહે છે કે 'પરંતુ તાજેતરમાં શ્રી સુરેશ મહેતા અને એમના સાથીઓએ આ ગુફામાંથી કેટલાક પુરાવશેષો શોધી કાઢ્યા છે તે બૌદ્ધ હોવાના નક્કર પુરાવા છે જેથી હવે આ ગુફા શૈવ છે કે બૌદ્ધ એ બાબત પુનર્વિચાર માગી લે છે.' આટલું કહ્યા પછી તેઓ કહે છે કે 'આ ગુફા શૈવ અને બૌદ્ધ પણ છે.'

સર્વશ્રી સુરેશ મહેતા, પ્રફુલ્લ દવે તથા નં. જ. વ્યાસે પણ આ ગુફાઓની મુલાકાત લીધેલી. તેમના જણાવ્યા પ્રમાણે આ ગુફાઓ અંગે વિદ્વાનોમાં તે કયા ધર્મની છે તે બાબત મતભેદ પ્રવર્તે છે, પણ આ ગુફાની સામાન્ય સાફસફાઈ દરમિયાન તેમાંથી કાચી માટીની બૌદ્ધ મુદ્રાઓ તેમને પ્રાપ્ત થઈ છે. એમનો જમણો હાથ ભૂમિને સ્પર્શ કરતો દર્શાવ્યો છે. આ પ્રકારનાં શિલ્પ દેશ-વિદેશમાં પ્રખ્યાત છે અને તે ઈ. સ.ની પાંચમી સદીથી અગિયારમી-બારમી સદી સુધીના દેશ-વિદેશમાંથી મળેલા છે. ગુફા નજીક નદીકાંઠે કટેશ્વર તરીકે ઓળખાતું શિવમંદિર આવેલ છે. આ મંદિરથી થોડેક દૂર કાલિકામાતા તરીકે ઓળખાતું દેવીમંદિર છે. તેની પાછળ એક પ્રતિમા છે જેનું વાહન સિંહ દેખાય છે. આ પ્રતિમા તારાદેવીની હશે. તારાદેવી બૌદ્ધધર્મનાં દેવી છે. આ બધા અવશેષો જોતાં હ્યુ-એન-સંગે તેની પ્રવાસનોંધમાં ઉલ્લેખ કરેલ સ્થળ આ જ હોવાનું નક્કી થાય છે.

અત્રેથી પ્રાપ્ત થઈ આવેલા અવશેષો તથા ખંડેરો પરથી આ ગુફાઓ બૌદ્ધ ગુફા છે એવું જણાય છે. આમ છતાં આ ગુફા બૌદ્ધ ગુફા હોવા અંગે શંકા રાખનારે કચ્છના ઇતિહાસનો અભ્યાસ કરવો જોઈએ. છેક નવમી સદીમાં કચ્છમાં ચાવડા, વાઘેલા અને સોલંકીઓનાં નાનાંનાનાં રાજ્યો હતાં. તે પહેલાં ભારતના તખતા સાથે કચ્છ સંકળાયેલું રહ્યું હતું. પુરાતત્ત્વખાતા દ્વારા ભુજ તથા લખપત તાલુકામાં આવેલી ગુફાઓને ત્રીજીથી નવમી સદી વચ્ચેની બૌદ્ધકાલીન ગુફાઓ તરીકે દર્શાવવામાં આવી છે. ક્યાંક ૧૦મી સદી પણ કહી છે. હ્યુ-એન-સંગ જ્યારે ભારતની મુલાકાતે આવેલ ત્યારે તેણે કચ્છની પણ મુલાકાત લીધેલી અને તે વખતે કચ્છમાં પણ બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો તેવું જણાવેલ છે. વળી એ આ સ્થળના વિસ્તાર વિશે પણ કહે છે કે કોટેશ્વર મહાદેવ અને કંટેશ્વર મહાદેવ વચ્ચેનો વિશાળ પ્રદેશ બૌદ્ધ વિહારોથી ભરેલો હતો. કચ્છમાંથી તો ભુજના જમાદાર ફતેમામદના રહેઠાણસ્થળેથી (ફતેમામદના ખોરડા) સાતમી સદીની ભગવાન બુદ્ધની આઠ ફીટ ઊંચી કાંસ્ય પ્રતિમા પણ પ્રાપ્ત થયેલી છે, જેની નીચે બ્રાહ્મીલિપિમાં લખાયેલ છે કે આ પ્રતિમા નાગશી નામના બૌદ્ધે પોતાના ગુરુ કીર્તિદેવની સ્મૃતિમાં બનાવેલ છે. આમ પાટગઢમાં ચાવડાઓ આવ્યા તે પહેલાં ત્યાં બૌદ્ધધર્મ પ્રચલિત હોવાનું સ્પષ્ટ જણાય છે.

લખપત તાલુકાના પાટગઢનાં ખંડેરોમાંથી નદીનાં ચિહ્ન અને તેની નીચેના અક્ષરોવાળી એક પ્રાચીન મુદ્રા મળી આવ્યાની નોંધ રામસિંહજી રાઠોડે કરેલ છે. આ મુદ્રા સંબંધમાં મુંદ્રાના કલ્યાણજી ખીમજી અને આચાર્ય વલ્લભજી હરિદત્ત વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલેલ જણાય છે. આ મુદ્રા સંબંધમાં નીચેની વિગતો નોંધાયેલી છે : 'આ સીલની કૉપી મે. રા. રા. દયાશંકર શતમજી ત્રિપાઠી કે. એ. ઈ. સાહેબ તરફથી મળી. મુંદ્રા, તારીખ : ૩૧-૧-૧૯૦૦.'

અક્ષરાંતર : ષ મ નો મુ હવ નિ ગ તા
ર વી ધિ ય પ ર શ્રિ યાં ન્ન - ઉ ધિ વિસ્ય

આ સીલ મળી આવ્યાનું સ્થળ લખપતથી આશરે ત્રણેક માઈલ પર વાઘમ ચાવડાનું પાટગઢ છે. પ્રાચીન ખંડેર છે તે ત્યાંના અતીત, જે કોટેશ્વરની પૂજા કરે છે તેમને મળી હતી.

સમય : આ સીલના અક્ષરો પરથી તેનો સમય વિ. સં.ની શતાબ્દી હોવાનું સિદ્ધ થાય છે. (સાલવારી દર્શાવી નથી.)

પાલિ ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે અશોક જ્યારે અવન્તિમાં ઉપરાજ તરીકે વહીવટ કરતો હતો ત્યારે તે વિદિશાની શ્રેષ્ઠી કન્યા દેવીને પરણ્યો હતો અને તેનાથી તેને મહેન્દ્ર અને સંઘમિત્રા નામે બે સંતાન થયાં હતાં. સંઘમિત્રાને અગ્નિબ્રહ્મ સાથે પરણાવવામાં આવેલ. તેમને સુમન નામે એક પુત્ર થયો હતો. આગળ જતાં મહેન્દ્ર તથા સંઘમિત્રા તેમના પતિ અને પુત્ર સહિત બૌદ્ધ શ્રમણ તરીકે દીક્ષિત થયાં અને બૌદ્ધ-ધર્મના પ્રચાર-પ્રસારના કાર્યમાં લાગ્યાં. અશોકની પટરાણી અસન્ધિમિત્તાના મૃત્યુ પછી તેની રાણી કારૂવાકી જેનું બીજું નામ તિષ્યરક્ષિતા હતું તે અશોકની પટરાણી બની. અશોકનો એક પુત્ર કૃણાલ નામે હતો જે તેનો ખૂબ જ માનીતો હતો. તેને ઉજ્જૈન જાગીર તરીકે આપવામાં આવતાં તે ત્યાં જ રહેતો હતો. અશોકની રાણી કારૂવાકી તેનાથી ખૂબ જ ઈર્ષા કરતી હતી. કૃણાલની ઉંમર આઠ વર્ષની થતાં રાજાએ તેના માટે તેને ભણાવવાનું ચાલુ કરાવવા માટે ઉજ્જૈનમાં પત્ર લખી જણાવ્યું કે 'અધીયતાં કુમાર' એટલે કે 'કુમારને ભણાવવાનું ચાલુ કરી દેવું.' પાસે બેઠેલી રાણીએ તે કાગળ પોતાને વાંચવા આપવા કહ્યું. રાજાએ તે તેને આપ્યો અને તે અન્ય કામે જરાક બહાર ગયો એટલી વારમાં રાણીએ 'અ' અક્ષર પર અનુસ્વાર-બિંદુનું નિશાન કરી નાખ્યું. અશોકે તે પત્રને રાજ્યમુદ્રા લગાવીને ઉજ્જૈન રવાના કરાવી દીધો. 'અ' ઉપર અનુસ્વાર લગાવાથી લખાણનો અર્થ આખો બદલાઈ ગયો. ભણાવવાનાં બદલે તેનો અર્થ થઈ ગયો તેને આંધળો કરી નાખવો ! કૃણાલે પિતાની આજ્ઞાનો જાતે જ અમલ કર્યો. તેણે પોતાની આંખો જાતે જ ફોડી

નાખી. અશોકને આ કરુણ ઘટનાની ખબર પડતાં તેને બહુ જ અફસોસ થયો, પણ હવે શું થાય ? કૃણાલ અંધ હોવાથી તે રાજા બની શકે નહિ, તેથી ઉજ્જૈન અન્ય કુમારને આપી કૃણાલને બીજાં ગામો આપ્યાં. કૃણાલે અંધ થયા પછી પણ વિદ્યાભ્યાસ કર્યો અને તેણે સંગીતના વિષયમાં ખૂબ જ પ્રવીણતા મેળવી. તેનાં લગ્ન પછી તેને એક પુત્ર પણ થયો. કૃણાલ એક સમયે પાટલિપુત્ર પહોંચ્યો. રસ્તા પર ગીતો ગાઈને આ અંધ ગાયકે લોકોને એટલા તો મોહિત કર્યા કે લોકો તેની પાછળપાછળ ફરવા લાગ્યા. રાજા અશોકે પણ આ વાત સાંભળી એટલે તેણે આ અંધ ગાયકને રાજમહેલમાં બોલાવ્યો. તેને સંગીત સંભળાવવા માટે રાજાએ કહેતાં તેણે ગીતો ગાવાનું શરૂ કર્યું. ગીતો સાંભળીને અશોક ખૂબ જ પ્રભાવિત થયો તેણે આ અંધ ગાયકને પૂછ્યું, 'તને શું ઇનામ આપું ?' અશોકના આ પ્રશ્નના જવાબમાં આ અંધ ગાયકે કહ્યું કે 'મહારાજ ! ચંદ્રગુપ્તના પૌત્ર, બિંદુસારના પુત્ર એવા મહાન સમ્રાટ અશોકનો પુત્ર એવો હું, પિતાજી ! તમે ખરેખર પ્રસન્ન થયા હો તો તમારી પાસેથી એક રાજ્યની માગણી કરું છું.' આંચકો અનુભવતાં અશોક પડદો દૂર કરીને પુત્ર પાસે દોડી આવ્યો અને તેને ગળે લગાવીને તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો. પણ રાજનીતિ અનુસાર અંધ પુત્ર રાજા બની શકે નહિ એટલે અશોકે કહ્યું : 'કૃણાલ ! તું તો જાણે છે કે અંધને–' પણ અશોક વાક્ય પૂરું કરે તે પહેલાં જ કૃણાલે કહ્યું કે 'હે મહારાજ, સંપ્રતિ – મારો પુત્ર હમણાં જ જન્મ્યો છે' હું તેને માટે રાજ્ય માગું છું.' અશોકે ખુશ થઈને રાજ્ય આપ્યું તેવી અનુશ્રુતિ છે પરંતુ આ અનુશ્રુતિ સત્ય જણાતી નથી. બૌદ્ધ અનુશ્રુતિ પ્રમાણે કૃણાલ તક્ષશિલામાં ઉપરાજ તરીકે સત્તા ભોગવતો હતો અને પછીથી તેણે અશોકના ઉત્તરાધિકારી તરીકે આઠ વર્ષ સુધી રાજ્ય કરેલું. પછી સંપ્રતિ ગાદીએ આવેલ. જૈન ગ્રંથકારોએ સંપ્રતિની ઘણી તારીફ કરેલી છે. જિનપ્રભસૂરિ તેણે શ્રમણો માટે વિહાર બંધાવ્યાનું કહે છે.

૯. બૅક્ટ્રિયન ગ્રીક અને ક્ષત્રપોના અમલ તળે કચ્છ

ઉમિયાશંકર અજાણી

મૌર્યવંશનું શાસન કચ્છ પર હતું તેથી મૌર્યવંશના અંત પછી શુંગવંશનું શાસન કચ્છ પર હોવાનું અનુમાન ઠાકરશી કંસારાએ કરેલ છે. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી જયરામદાસ જેઠાલાલ નયગાંધીના 'કચ્છનો બૃહદ્ ઇતિહાસ'નો હવાલો આપીને કચ્છે શુંગોની સર્વોપરિતા સ્વીકાર્યાનો ઉલ્લેખ કરે છે. પણ ગુજરાતના ઇતિહાસનો સંદર્ભ જોતાં શુંગવંશના પુષ્યમિત્રની સત્તા ગુજરાત પર પ્રવર્તતી હતી કે કેમ તે વિશે કોઈ વિગતો મળી આવતી નથી. જોકે એન. ડબ્લ્યુ. ટેર્ન પ્રમાણે પુષ્યમિત્રે શાકલથી પાતાલ અને સૌરાષ્ટ્રના દક્ષિણ સમુદ્ર સુધી કૂચ કરી હતી. આ મત અનુસાર પુષ્યમિત્રની સત્તા સૌરાષ્ટ્ર સુધી હોઈ શકે પણ સિંધ-સૌરાષ્ટ્ર પાસે આવેલ સમુદ્ર અપર સમુદ્ર તરીકે ઓળખાતો હોવાથી પુષ્યમિત્રની સત્તા ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છમાં હોવાનું સંભવતું નથી.

સિકંદરની ચડાઈ પછી હિંદની વાયવ્ય સરહદની બહાર બૅક્ટ્રિયા નામના દેશમાં ગ્રીકો વસ્યા હતા. ઈ. સ. પૂર્વે ૨૦૦-૧૯૯ના અરસામાં યુથીડિમોસ નામના રાજાના પુત્ર ડીમિટ્રીઓસે હિંદ ઉપર ચડાઈ કરીને કાબુલ, પંજાબ અને સિંધ જીતી લીધાં. પણ એ જ અરસામાં તેના રાજ્યમાં યુક્રેટાઈડીસ નામના સરદારની આગેવાની નીચે બળવો થયો. બન્ને ગ્રીક સરદારો વચ્ચે તુમુલ યુદ્ધ પછી યુક્રેટાઈડીસે વિજય મેળવ્યો. એ જ કુટુંબના એક શાહી નબીરાએ ઈ. સ. પૂર્વે ૧૫૩ની આજુબાજુ હિંદ ઉપર ચડાઈ કરી. તેનું નામ મિનાન્ડર હતું. તેની રાજધાની કાબુલ હતી. તે ન્યાયી અને શાણો રાજા હતો. હિંદના ઇતિહાસમાં તેનું નામ એટલા માટે જાણીતું છે કે તેણે પ્રખ્યાત બૌદ્ધ શ્રમણ નાગસેનની સમજાવટ પછી બૌદ્ધધર્મનો અંગીકાર કર્યો હતો. નાગસેન અને તેની વચ્ચે થયેલો વાર્તાલાપ 'મિલિન્દ પન્હો' અર્થાત્ 'મિલિન્દના પ્રશ્નો'ને નામે જાણીતો છે.

અહીં મિનાન્ડરનો રાજ્યકાળ ઈ. સ. પૂર્વે ૧૨૬થી ૧૧૦ સુધીનો દર્શાવ્યો છે, જ્યારે 'ભારત કા ઇતિહાસ'માં મિનાન્ડરને તે પંજાબના કાંલસી ગામે ઈ. સ. પૂર્વે ૧૮૦માં જન્મ્યાનું તથા ઈ. સ. પૂર્વે ૧૬૦માં ગાદીએ આવ્યાનું અને ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યાનું જણાવે છે. તેના વિશે સ્ટ્રેબો ઉલ્લેખ કરતાં કહે છે કે તે બિઆસ(હાઈફોસીસ)ને પાર કરી સિંધુખીણમાં થઈને ભરૂચ સુધી પહોંચ્યો હતો. કાઠિયાવાડ જીતી લીધું હતું. પતંજલિના 'મહાભાષ્ય'થી જણાય છે તે પ્રમાણે તેણે મધ્યભારતને પણ જીતી લઈ સમસ્ત પાંચાલ (ગંગા અને જમુનાનો મધ્યપ્રદેશ) પર પણ અધિકાર પ્રાપ્ત કર્યો હતો. પાટલી પુત્ર સુધી તે પહોંચ્યો તો ખરો, પણ શુંગવંશના રાજા પુષ્યમિત્ર સામે તે ટકી શક્યો નહિ અને ત્યાંથી તેને પાછા હટવું પડ્યું.

મિનાન્ડર ભારતીય યવન રાજાઓમાં પ્રસિદ્ધ છે. સિક્કા પર ગ્રીક લખાણોમાં એને 'મેનન્દર' તથા પ્રાકૃત લખાણોમાં મેનેન્દ્ર કહ્યો છે. બૌદ્ધ સાહિત્યમાં એને શાકલ(સિયાલકોટ)ના રાજા મિલિન્દ તરીકે ઓળખાવ્યો છે. શિયાલકોટના અસ્થિપાત્ર પરના પ્રાકૃત લેખમાં એને મિનેન્દ્ર કહ્યો છે. કચ્છ અને કાઠિયાવાડમાંથી બૅક્ટ્રિયન રાજાઓના સિક્કા મળી આવ્યા છે. કચ્છમાં સિક્કાઓ મળ્યાના આધારે રામસિંહજીએ કચ્છ તેમને તાબે હોવાની માન્યતા 'બૉમ્બે ગૅઝેટિયર'ના આધારે દર્શાવી છે. સ્ટ્રેબો પણ કચ્છને મિનાન્ડરે જીતેલા પ્રદેશોમાં દર્શાવે છે.

રૂશબ્રૂક વિલિયમ્સ કચ્છને મિનાન્ડરના સામ્રાજ્યના એક ભાગ તરીકે દર્શાવે છે તથા તે સમ્રાટે

ઈ. સ. પૂર્વે ૧૭૫માં હિન્દુસ્તાન ઉપર ચડાઈ કર્યાનું જણાવે છે. 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ'ના કર્તાએ તે ચડાઈ ઈ. સ. પૂર્વે ૧૫૩માં કર્યાનું જણાવે છે. મિનાન્ડરના જન્મ, મૃત્યુ તેમ જ તેના રાજ્યકાળ તેમજ ભારત પરની ચડાઈ વિશે ઇતિહાસમાં જુદાજુદા મતો પ્રવર્તે છે. પ્રા. સુભાષ બ્રહ્મભટ્ટે માઉન્ટ આબુ ખાતે ડિસેમ્બર ૨૦૦૬માં યોજાયેલ ગુજરાત ઇતિહાસ પરિષદના અધિવેશનમાંના તેમના પ્રમુખીય પ્રવચનમાં મિનાન્ડરનો રાજ્યકાળ ઈ. સ. પૂર્વે ૧૫૫થી ઈ. સ. પૂર્વે ૧૩૦ સુધીનો દર્શાવેલ છે અને ડૉ. નાગજીભાઈ ભટ્ટીએ તે ગાળો ઈ. સ. પૂર્વે ૧૫૫થી ૧૩૭ સુધીનો દર્શાવ્યો છે. તે જોતાં મિનાન્ડરે ઈ. સ. પૂર્વે ૧૭૫માં ભારત પર ચડાઈ કર્યાની હકીકત બરાબર જણાતી નથી, કારણ કે તે સમયે તેની ઉંમર ૫ વર્ષની છે. પણ સ્ટ્રેબો(ઈ. સ. પૂર્વે ૬૬થી ઈ. સ. ૨૪)એ ઉલ્લેખ કર્યા પ્રમાણે બૅક્ટ્રિયાના રાજા મિનાન્ડરે તથા ડેમેટ્રિયસે સિકંદર કરતાં પણ વધારે પ્રદેશ જીતી લીધો હતો. તેણે જીતેલા પ્રદેશોમાં 'સિગરડીસ'નો ઉલ્લેખ થયેલ છે. 'સિગરડીસ' એ સાગરદ્વીપ અથવા કચ્છ હોવાનું તેણે અનુમાન કરેલ છે, એમ ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ઉલ્લેખ થયેલ છે. અહીં (કચ્છમાં) બૅક્ટ્રિયન મંદિરોનાં ખંડેરો, મૂર્તિઓ, કિલ્લેબંધીવાળી છાવણીઓ અને પાકી બાંધણીવાળા મોટામોટા કૂવાઓના અવશેષો જોયા હોવાનો સ્ટ્રેબોએ ઉલ્લેખ કરેલ છે. ('કાળા ડુંગર કચ્છજા', પાના ૬૩.) તેણે સિંધુનો ત્રિકોણ પ્રદેશ કાઠિયાવાડ અને બીજો કેટલોક ભાગ જીતી લીધો અને કેટલીક વસાહતો પણ ઊભી થઈ. કચ્છમાંની ચોક્કસ વસાહતો વિષે આ કાળના ઇતિહાસમાં પહેલી વખત ઉલ્લેખ થયેલો જોવા મળે છે. કચ્છનો તેણે 'તાજરાષ્ટ્ર' નામથી ઉલ્લેખ કર્યો છે અને રાજધાનીનું શહેર 'તેજ' અથવા 'તાહિજ' હતું એમ લખ્યું છે. ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે કચ્છમાંથી બૅક્ટ્રિયન રાજાઓના સિક્કાઓ મળ્યા છે. મિનાન્ડર પછી અપલદત્ત (એપોલોડોટસ) (ઈ. સ. પૂર્વે ૧૧૫થી ૯૫) ગાદીએ બેઠેલો અપલદત્તનું રાજ્ય ઈ. સ. પૂર્વે ૧૬૫થી ૧૫૦ સુધી ચાલ્યું હશે, જ્યારે વિલ્સન અને ગાર્ડનર આ ગાળો ઈ. સ. પૂર્વે ૧૧૦થી ૧૦૦ સુધી બતાવે છે. ગુજરાતના ઇતિહાસમાં આ અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી. અપલદત્ત કે એપોલોડોટસ પછી બૅક્ટ્રિયન ગ્રીકના અમલના કોઈ આધારો મળતા નથી તેથી તે છેલ્લો ગ્રીક રાજા હોવો જોઈએ.

નહપાનના ઉપલબ્ધ થયેલા સિક્કાઓ સાતવાહન અને નહપાન વચ્ચેના યુદ્ધની કડીઓ જોડી આપે છે. બે હજાર વર્ષ પહેલાંના જૂના જૈન સાહિત્યમાં ભરૂચના રાજા નહપાન અને પૈઠણ રાજા સાતવાહન વચ્ચેના યુદ્ધનો ઉલ્લેખ થયેલો છે. નહપાન સામેની લડાઈમાં સાતવાહન રાજાને વારંવાર હારી જવું પડતું હતું તેથી સાતવાહન રાજાએ પોતાના મંત્રી સાથે મળીને કપટ કરીને નહપાન રાજાને કેવી રીતે હરાવ્યો તેનું વર્ણન છે. સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઉલ્લેખ થયા પ્રમાણે આ અંગેની એક કથા 'જૈન આવશ્યક સૂત્ર'માં કહેવામાં આવી છે તે પ્રમાણે સાતવાહનના પ્રધાને પોતાના સ્વામીથી રિસાઈને નહપાનની સેવા સ્વીકારવા આવ્યો છે તેમ કહી નહપાનનો વિશ્વાસ સંપાદિત કરી, તેના (નહપાનના) રાજ્યને નિર્બળ બનાવી, અંતે નહપાનનો ઉચ્છેદ કરાવ્યો. આ જૈન ગ્રંથના કથનની પુષ્ટિ નહપાનના સિક્કાઓથી પણ થઈ છે. સાતવાહન રાજાના સિક્કા મહારાષ્ટ્રમાં ચાલતા હતા. તે સિક્કાઓ ઉપર નહપાનની દેખીતી છાપ તથા એ જ શૈલીના નહપાને પડાવેલા તાંબાના સિક્કાઓ નહપાને સાતવાહનને હરાવ્યાની વિગતને સમર્થન કરે છે. સાથે-સાથે અહીંથી એવા પણ સિક્કાઓ મળી આવ્યા છે કે જે સિક્કાઓ નહપાનના છે અને તેની ઉપર સાતવાહન રાજાની છાપ અંકિત થયેલી છે. આ હકીકત સાતવાહને નહપાનને હરાવ્યાની વિગતનું સમર્થન કરે છે.

ક્ષહરાત ક્ષત્રપવંશનો નાશ કરીને સાતવાહન-વંશના રાજા ગૌતમીપુત્ર શતકર્ણીએ સત્તા જમાવી દીધી. પણ પશ્ચિમ-ભારતમાં શક ક્ષત્રપોની સત્તા સદંતર લુપ્ત

થઈ નહિ. કાર્દમક-કુળના ચષ્ટને શાતવાહનો સામે યુદ્ધે ચડીને શકોના ગયેલા પ્રદેશો પાછા મેળવ્યા. તેના પછી તેના પૌત્ર રુદ્રદામા, જેની રાજધાની ઉજ્જૈનમાં હતી, તેણે શાતવાહનોને ખાળ્યા, એટલું જ નહિ, ગૌતમીપુત્ર શતકર્ણીના પુત્ર પુલ્યુમયી જે તેનો (રુદ્રદામાનો) જમાઈ હતો છતાં તેની સાથે યુદ્ધ કરીને તેને હરાવ્યો અને ગૌતમીપુત્ર શતકર્ણીએ જીતી લીધેલા પ્રદેશો પાછા મેળવ્યા. તેના વિશાળ સામ્રાજ્યનો ઉલ્લેખ તેના જૂનાગઢમાંના ખડક ઉપરના શિલાલેખમાં આ પંક્તિ (કડી) ૧૧ તથા ૧૨માં થયેલ છે.

'પૂર્વાપરાકરાવન્ત્યનૂપનીવૃદાનર્તસુરાષ્ટ્રશ્ચ (ભ્ર્) ૨ (મ) રુ (કચ્) છ (સ્) ઈ (ન્) ધુસ્ (ઔ) વ્ (ઈ) ૨ કુકુરાપરાંતનિષાદાદિનાં સમગ્રાણાં તત્પ્રભાવાદ્ (ય્) અ... ... ... ૨ (ત્થ) કામવિષયાણાં પતિના સર્વ્વક્ષત્રાવિષ્કૃત' –

જે પ્રદેશનાં શહેરો, બજારો અને ગામડાંઓમાં ચોર, સર્પ, પશુ (જંગલી) અને રોગ વગેરેનો ત્રાસ નથી, જે પ્રદેશોમાં બધી પ્રજા તેને ચાહે છે અને જેમાં ધર્મ, અર્થ અને કામ તેના પરાક્રમથી (સાધી શકાય છે) તેવા પોતાના જ બાહુબળથી મેળવેલા પૂર્વ અને પશ્ચિમ આકરાવન્તિ, અનુપદેશ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરૂ, કચ્છ, સિન્ધુસૌવીર, કુકુર, અપરાન્ત, નિષાદ અને બીજા દેશોનો જે સ્વામી છે. ઝા બંધુ કૃત 'ઉત્કીર્ણ લેખ પંચક્રમ'માં કચ્છને પણ તેના આધિપત્યમાં દર્શાવેલ છે.

કચ્છમાંથી ક્ષત્રપકાળના જુદાજુદા સમયના જુદે-જુદે સ્થળેથી ઘણા અભિલેખો ઉપલબ્ધ થયા છે, જેના પરિણામે ક્ષત્રપવંશની કેટલીક ખૂટતી કડીઓ પણ જોડાઈ ગઈ છે. રાપર તાલુકાના મેવાસા ગામેથી મળેલા એક અભિલેખમાં મહાક્ષત્રપના નામ જોડે આભીરનો ઉલ્લેખ લષ્ટિમાં થયેલ છે. તેવી જ રીતે ક્ષત્રપ રાજા રુદ્રસિંહના સમયના ગુંદામાંના ઈ. સ. ૧૮૧ના લેખમાં આભીર રુદ્રભૂતિ સેનાપતિ જેવો ઉચ્ચ હોદ્દો ભોગવતો જોવા મળે છે. ઈ. સ. ૧૮૧ની આસપાસ ક્ષત્રપવંશના રાજા રુદ્રસિંહને એના સેનાપતિ બાપટના પુત્ર રુદ્રભૂતિએ હરાવીને સૌરાષ્ટ્ર કબજે કરેલ. આ પ્રસંગ જે-તે સમયે આભીરોના વર્ચસ્વનો ખ્યાલ કરાવે છે. જોકે રુદ્રભૂતિના મરણ પછી રુદ્રસિંહે તે પ્રદેશ પાછો મેળવ્યો.

૨૫મા ક્ષત્રપ રાજા રુદ્રસેન(ચતુર્થ)ના ૩૦૦, ૩૦૪ અને ૩૧૦ની સાલોવાળા સિક્કા મળ્યા છે. તે જોતાં ઈ. સ. ૩૮૮ (૩૧૦+૭૮) સુધી તો તે વંશનું રાજ્ય ચાલુ હતું તેમ જણાય છે. ક્ષત્રપવંશની વંશાવળી મુજબ એકંદરે ૨૭ રાજાઓનાં નામ દર્શાવ્યાં છે. પણ રુદ્રસેન (ચતુર્થ) પછી તેની બહેનનો પુત્ર સિંહસેન ગાદીએ બેઠો. તેના થોડાક સિક્કા મળ્યા છે તેથી તેણે લાંબા સમય સુધી રાજ્ય કર્યું નહિ હોય તેમ માનવામાં આવે છે. તેના પછી મળેલા સિક્કા પર 'સ્કન્દ' એ નામ વંચાતું હોઈ પંડિત ભગવાનલાલનું ધારવું છે કે તે ક્ષત્રપ રાજા સ્કન્દનો સિક્કો છે.

કચ્છના અંજાર તાલુકાના ચંદીઆ ગામની ઉત્તર-સીમના એક ખેતરમાંથી ક્ષત્રપકાળના ચાંદીના બે સિક્કા મળેલ. ડૉ. પ્રવીણચંદ્ર પરીખે આ બન્ને સિક્કાઓ ઉકેલી આપતાં તેમાંનો એક સિક્કો રુદ્રદામા સાથે મળતો હોવાનું અને બીજો સિક્કો ભર્તુદામાનો જણાવેલ છે. ભર્તુદામાએ મહાક્ષત્રપ તરીકે ઈ. સ. ૨૮૨થી ૩૦૪ દરમિયાન શાસન કર્યું હોવાનું મનાય છે. કચ્છના માંડવી તાલુકાના નાની રાયણ ગામમાંથી ડૉ. પુલિન વસાને ઈસુની ચોથી સદીના ભર્તુદામાના અને રુદ્રસેન ત્રીજાના ઈ. સ. ૩૧૫ અને ૩૭૮ના સિક્કાઓ મળ્યા છે.

ભારતમાં ક્ષત્રપવંશના ૨૭ (કે ૨૮) રાજાઓનું લગભગ ૪૦૦ વર્ષનું શાસન રહ્યું. ઈ. સ. ૪૦૦ના અરસામાં મગધના ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે માળવા તથા ગુજરાત જીતી લઈને ક્ષત્રપવંશનો અંત આણ્યો. તથા કચ્છના દોલતપર ગામેથી મળી આવેલ પાળિયા પરથી જણાય છે તે પ્રમાણે કચ્છમાં યશદામા પછી (ઈ. ૩૧૮) ક્ષત્રપ સત્તા નબળી પડી લાગે છે અને સેનાપતિપદ ધારણ કરનાર આભીર રાજા તરીકે દેખા દે છે. પરંતુ આ રાજ્યઅમલ બહુ લાંબા કાળ સુધી ચાલેલ જણાતો નથી. સમુદ્રગુપ્તે (ઈ. સ. ૩૩૫થી ૩૭૫

('ભારતકા ઇતિહાસ' પૃષ્ઠ ૨૩૬) પશ્ચિમ ભારત અને પંજાબમાં રહેતી ભારતીય અને વિદેશી જાતિઓ સાથે યુદ્ધ કરી તેમને સ્વાધીન કરી હતી. આવી જાતિઓમાં માલવ, આભીર, અર્જુન, યાદવ અને કાઠી જાતિઓ મુખ્ય હતી. કચ્છમાંથી મળી આવેલ ક્ષત્રપોના અભિલેખો તથા સિક્કાઓના કારણે ઇતિહાસની ખૂટતી કડીઓ જોડી શકાઈ છે. Sakas in Indiaનામના પુસ્તકમાં ક્ષત્રપના વિવિધ સ્થળોના ગુફાલેખો, શૈલલેખો તથા સિક્કાઓની વિગત દર્શાવવામાં આવેલ છે.

કચ્છ જિલ્લાના લખપત તાલુકાના દોલતપર ગામના એક વિદ્યાર્થીને ભુજ-લખપત રસ્તા પરના ૬૨ નંબરના માઈલસ્ટોન નજીકની મુખી ધનજી કેશવજીની વાડીમાંથી એક અભિલેખ મળી આવેલ. આ લેખ શક સંવત ૨૫૪ એટલે કે ઈ. સ. ૩૩૨નો છે. લેખ જૈત્રકના પૌત્ર અને વરાહદેવના પુત્ર ઈશ્વરદેવે આર્યગોત્રના ધુતિસ્વામીને દાન આપ્યું તેને લગતો છે.

ઉપરના અભિલેખ અને તેના વર્ષ બાબતે વિદ્વાનોના મત જુદાજુદા છે. વિ. વિ. મિરાશીના મતે તે લેખ વર્ષ શક સંવત ૬(ઈ. સ. ૮૪)નો છે. ડૉ. શોભના ગોખલે તેને વર્ષ ૨૫૪(ઈ. સ. ૩૩૨)નો કહે છે. ડૉ. સૂર્યવંશીએ વર્ષ ૧૫૮ (ઈ. સ. ૨૩૬) વાંચેલ છે. નાગજીભાઈ ભટ્ટી ડૉ. મિરાશી વિદ્વાનોની દષ્ટિએ અનુભવવૃદ્ધ હોઈ તેમની વાચના વધુ શ્રદ્ધેય ગણાય તેવું કહે છે. તેનાં કારણોમાં તે કહે છે કે આ લષ્ટિ-લેખની પ્રથમ પંક્તિમાં 'નસ્ય' શબ્દની આગળનો ભાગ ખવાઈ ગયો છે. મિરાશીએ તેને 'ચાસ્ક્ટનસ્ય' માનીને વાચન કરેલ છે. તેનાં કારણોમાં તે ચષ્ટનના તે પછીના ૧૧મા વર્ષના સંદર્ભ સાથે જોડે છે. 'ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર કચ્છ'માં ડૉ. શોભના ગોખલેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. 'ભાતીગળ ભોમકા કચ્છ'માં તે લષ્ટિ પરનું લખાણ દર્શાવેલ છે તેમાં સંવત્સર ૨૫૪ (ઈ. સ. ૩૩૨) દર્શાવેલ છે, જ્યારે ક. મા. મુનશીએ ઈ. સ. ૩૦૦માં ઈશ્વરસેનને નાસિક પાસે રાજ્ય કરતો દર્શાવ્યો છે.

ઈ. સ. ૧૮૧ના ક્ષત્રપ રુદ્રસિંહના ગુંદામાંના લેખમાં સેનાપતિ બાપક આભીરના પુત્ર સેનાપતિ રુદ્રભૂતિનો ઉલ્લેખ થયેલ છે. "Sakas in India"માં પાના ૧૨૭ પરના નાસિક ગુફાના ક્રમ નંબર ૯ના અભિલેખમાં ઈશ્વરદત્તનું નામ બતાવવામાં આવેલ છે, જ્યારે પરિશિષ્ટમાં પ્લેટ નંબર ૭માં નાસિક ગુફા લેખ નંબર ૧૫માં આભીર ઈશ્વરસેનનું નામ દર્શાવેલ છે. તે જોતાં ઈશ્વરદત્ત અને ઈશ્વરસેન આ બન્ને એક જ વ્યક્તિ છે તેવો ભાસ થાય છે, પણ ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં પંડિત ભગવાનલાલના કહેવા પ્રમાણે ઈશ્વરદત્ત એ ઈશ્વરસેનના વંશમાંથી હતો, એટલે કે તે બન્ને વ્યક્તિઓ એક નહોતી પણ અલગ-અલગ હતી. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'ના લેખકે જણાવ્યું છે કે કેટલાક વિદ્વાનો અનુમાન કરે છે કે રુદ્રસિંહને આભીર સેનાપતિ ઈશ્વરદત્તે ગાદીએથી ઉઠાડી મૂકી બે વર્ષ (ઈ. સ. ૧૮૯-૧૯૦) રાજ્ય કર્યું, પણ તે એક સમજફેર છે. પણ લેખક અહીં આભીર સેનાપતિ 'ઈશ્વરદત્ત'નો ઉલ્લેખ કરે છે અને વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે કે ઈશ્વરદત્ત આભીર ઈ. સ. ૧૮૮માં થયો અને તેણે રુદ્રસિંહને પદભ્રષ્ટ કર્યો એમ ડૉ. ભાંડારકર, ડૉ. મજમુદાર વગેરે માને છે. પરંતુ રેપ્સન સ્પષ્ટપણે સાબિત કરે છે કે ઈશ્વરદત્તે ઈ. સ. ૨૩૬માં ઉજ્જૈન કબજે કર્યું હતું.

આમાં ઠાકરસી કંસારા ત્રીજું એક નામ ઈશ્વરદેવનું ઉમેરે છે. આ ચાર નામો – (૧) રુદ્રભૂતિ, (૨) ઈશ્વરસેન, (૩) ઈશ્વરદત્ત અને (૪) ઈશ્વરદેવ – થી આખોય પ્રશ્ન ગૂંચવાયો છે. ઇતિહાસના સંદર્ભમાં જોતાં (૧) રુદ્રભૂતિ અંગે ગુંદાના લેખથી તેનો સમય ઈ. સ. ૧૮૧-૧૮૨નો હતો તેમ સ્પષ્ટ થાય છે અને તેના મરણ પછી રુદ્રસિંહ તે રાજ્ય પાછું મેળવે છે. (૨) ઈશ્વરસેનનો ઉલ્લેખ કનૈયાલાલ મુનશીએ કર્યો છે અને તેમાં તેમણે ઈશ્વરસેનને ઈ. સ. ૩૦૦માં નાસિક પાસે એક નાના રાજ્ય પાસે રાજ્ય કરતો હોવાનું નોંધ્યું છે અને બીજો ઉલ્લેખ 'વલભીના મૈત્રક રાજાઓ'ના લેખક ધનપ્રસાદ ચંદાલાલ મુનશીએ કર્યો છે. પણ તેમાં તેમણે સમયગાળો ઈ. સ. ૧૮૧-૧૮૨નો દર્શાવેલ છે. તે ભૂલ જણાય છે કારણ કે આ સમયે ઈશ્વરસેન નહિ પણ રુદ્રભૂતિ હતો તેમ ગુંદામાંના અભિલેખથી સ્પષ્ટ જણાય

છે. જ્યારે ત્રીજી બાજુ 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ'માં ઈશ્વરદત્તને ઈ. સ. ૨૩૦થી ૨૫૦માં રાજ્યકર્તા તરીકે બતાવેલ છે, પણ તેનું રાજ્ય બહુ લાંબું ચાલ્યું જણાતું નથી. જ્યારે ઈશ્વરદત્ત તથા ઈશ્વરસેન એ બન્ને એક જ વ્યક્તિ છે તેવું 'શક્સ ઈન ઇન્ડિયા'માં દર્શાવવામાં આવેલ છે. ઈશ્વરદેવનો ઉલ્લેખ (૧) ઠાકરસી પુરુષોત્તમ કંસારાએ અને (૨) નરેન્દ્રકુમાર મ. જોષીએ તેમ જ (૩) 'વલભીના મૈત્રક રાજાઓ'ના લેખક ધનપ્રસાદ ચંદાલાલ મુનશીએ કરેલ છે.

અગાઉ ઉલ્લેખ કર્યા પ્રમાણે ડૉ. પુલિન વસાને રાયણમાંથી રુદ્રસેન ત્રીજાના ઈ. સ. ૩૭૮ના સિક્કાઓ મળ્યા છે. તે પરથી જણાય છે કે કચ્છમાં તે સમયે ક્ષત્રપ-શાસન અમલમાં લાગે છે. 'કાળા ડુંગર કચ્છજા'ના લેખકે આ માટે એવો તર્ક કરેલ છે કે કચ્છ પોતાની દ્વીપ જેવી ભૌગોલિક સ્થિતિને કારણે કદાચ બચી પણ ગયું હોય. રુદ્રસેન ત્રીજા પછી રુદ્રસેન ચોથાના પાંચ સિક્કા પંડિત ભગવાનલાલને મળ્યાનો ઉલ્લેખ થયેલ છે (ઈ. સ. ૩૭૮થી ૩૮૮), પણ ત્યાર પછીના ક્ષત્રપ રાજાઓના સિક્કા મળતા નથી. સમુદ્રગુપ્તે (ઈ. સ. ૩૩૫થી ૩૭૫) પશ્ચિમ ભારત અને પંજાબમાંની વિદેશી જાતિઓને સ્વાધીન કરી હતી, પણ તેમની સ્વાયત્તતા નષ્ટ કરી નહોતી. તેણે તે દેશના રાજાઓને સ્વયં શાસન કરવા માટે તેમના પ્રદેશ આપી દીધા હતા. પશ્ચિમી સીમાનાં રાજ્યોમાં માલવ, યાદ્યેય, અર્જુનાયન, મદ્રક, આભીર, પ્રાર્જન, સનકાનિક, કાક અને ખરપરિક ગણરાજ્યોનો ઉલ્લેખ થયેલ છે.

ક્ષત્રપોના સમયમાં અંધૌ એક મહત્ત્વનું વ્યાપારી બંદર હતું. બંદરીય શહેર ધોળાવીરાથી તે માત્ર ૨૩ કિ.મી.ના અંતર આવેલ હતું. બંદર હોવાના કારણે દેશવિદેશનાં વહાણોની અવરજવર અને વ્યાપારના કારણે પણ તેનું મહત્ત્વ હતું તેથી આટલી મોટી સંખ્યામાં ક્ષત્રપોના અભિલેખોનું અહીં સ્થાપન થયું હશે. અંધૌ આજે પણ વિમાનો માટે અવકાશી આંતરરાષ્ટ્રીય માર્ગ છે. ધોળાવીરામાં નાગ-વસાહત હતી. સિંધુ અને સરસ્વતી-નદી તથા સામુદ્રી જળમાર્ગો પર નાગોનું આધિપત્ય હતું અને એ કારણે વહાણવટું અને વિદેશ સાથેનો વેપાર પણ તેમના હાથમાં હતો. પુરાણો તથા ઇતિહાસમાં જે પાતાળની વિગતો દર્શાવવામાં આવેલ છે તેવા પાતાળમાં કચ્છના આ વિસ્તારને પણ પાતાળ માનવામાં આવેલ છે. ધોળાવીરાના ઉત્ખનનમાંથી મળી આવેલા અવશેષો પરથી તે સમયના બાંધકામના પ્રકારોનો ખ્યાલ આવી શકે છે. વૈદિક કાળે અસુરો બાંધકામક્ષેત્રે નિષ્ણાત ગણાતા હતા. ધોળાવીરા તથા આસપાસના વિસ્તારમાંથી ભૂતળના જે અવશેષો મળી આવ્યા છે તે પાતાળ ગણાતા પ્રદેશમાં નાગલોકોની વસાહત હોવાના અનુમાન તરફ દોરી જાય છે. નાગલોકો વડનગર(ઉત્તર ગુજરાત)ના નાગરો પર અવારનવાર હુમલો કરી તેમને હેરાન કરતા હતા. જે-તે વખતે કચ્છના હાલના રણને સ્થળે દરિયો હતો. વડનગર એ નાગરોનું સમૃદ્ધ શહેર હતું અને તે બરાબર ધોળાવીરાની સીધી રેખામાં હતું તેથી નાગો અવારનવાર ત્યાં ચડી જતા હતા અને લૂંટફાટ કરતા હતા. નાગોએ વડનગર પર છેલ્લી ચડાઈ ઈ. સ. ૩૪૮માં કરેલ. તે પછી સમુદ્રગુપ્તે તેના શાસનકાળ દરમિયાન ઉત્તરના ભરતપુર, ગ્વાલિયર, બુંદેલખંડ વગેરે નાગશાસિત પ્રદેશો જીતી લીધા એટલે નાગોને ત્યાંથી ખસી જવું પડ્યું. આમ થવાથી કચ્છના ધોળાવીરાના નાગો શાંત પડી ગયા. ધોળાવીરા પર ક્ષત્રપોની હકૂમત જણાતી નથી. એટલે ક્ષત્રપો માટે અંધૌ દરેક રીતે મહત્ત્વનું મથક હોઈ તેમણે તેમના સમયના અભિલેખોના સ્થાપન માટે આ સ્થળની પસંદગી કરી જણાય છે. તેમના રાજ્યકાળ દરમિયાનના સમગ્ર ભારતમાંના તથા ગુફાઓ સહિતના એકંદરે લગભગ ૫૫ લેખો પૈકી ૧૧ જેટલા શિલાલેખો કચ્છમાંથી મળ્યા છે, જે આટલી મોટી સંખ્યામાં બીજા કોઈ એક જ સ્થળેથી મળેલા નથી. આ સંખ્યા ક્ષત્રપોના શાસન તળેના અંધૌના તત્કાલીન મહત્ત્વનો નિર્દેશ કરે છે.

ઇતિહાસની ચડતીપડતીના આટાપાટામાં કાળની અવધિએ ઇતિહાસના પાનેથી ક્ષત્રપ રાજાઓને નામશેષ કર્યા એ 'ક્ષહરાત ક્ષત્રપો'ના વંશજો આજે પણ ભાવનગર જિલ્લામાં ઘોઘાબારીથી મહુવા સુધીના કાંઠાળ પ્રદેશમાં 'ખરક' – નામધારી જ્ઞાતિરૂપે અસ્તિત્વ ધરાવે છે. આ ખરક-જ્ઞાતિ માત્ર ભાવનગર જિલ્લામાં જ જોવા મળે છે. ઘોઘા, તળાજા અને મહુવા તાલુકાના ગોળનાં ૭૨ ગામોમાં તેમની વસ્તી છે. છહરાત-ક્ષહરાત શબ્દ શકો-ક્ષત્રપોની ચડતી-પડતી સાથે, ગધેડા પર પોઠી લાદીને નીકળવાના ધંધા સાથે સંકળાયેલા આ ક્ષત્રપોને ખરહાકમાંથી 'ખરક' સુધી પહોંચાડ્યા છે. જોકે હવે તો તે પોતાને 'પટેલ' તરીકે જ ગણાવવા લાગ્યા છે.

અંધૌની ક્ષત્રપ વસાહત અને કચ્છ મ્યુઝિયમના ક્ષત્રપ શિલાલેખો

આજથી પંદર કરોડ વર્ષ પહેલાં જ્યારે આ ધરતીની ભૂસ્તરરચના થઈ રહી હતી ત્યારનાં પ્રાચીન જળચરોના અશ્મિભૂત અવશેષો આજે પણ કચ્છમાંથી મળી આવે છે. ભુજ તાલુકાના લોડાઈ ગામેથી મળી આવેલા લઘુપાષાણયુગનાં પથ્થરનાં ઓજારોની નોંધ તો આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ છે. આ જ રીતે ક્ષત્રપકાલીન અવશેષો કચ્છના ખાસ કરીને અંધૌ અને બીજાં સ્થળોએથી પ્રાપ્ત થયા છે. ગુજરાતમાંથી મળી આવેલા આ ક્ષત્રપકાળના તમામ શિલાલેખોમાંથી સૌથી વધુ ૧૧ (અગિયાર) શિલાલેખો એકલા કચ્છમાંથી જ મળ્યા છે.

કચ્છમાં ઈસુની પહેલી સદીના અંતમાં કુશાણોનું શાસન પૂર્ણ થયા પછી ક્ષહરાત-વંશના શક શાસકોનું રાજ્ય સ્થપાયું હતું. આ પછી કાર્દમક-વંશના શકોનું રાજ્ય આવ્યું. જોકે તે કુશાણોનો ખંડિયો રાજા હોવાનું મનાય છે. તેનો પુત્ર ચાષ્ટન સ્વતંત્ર રાજવી બન્યો હતો અને તેણે પોતાના રાજ્યની સ્થાપનાની યાદગીરી કાયમ રાખવા શક સંવતનો આરંભ કર્યો હતો, જે આજે આપણી રાષ્ટ્રીય સંવત છે. કચ્છ માટે ગૌરવની વાત એ છે કે શક સંવતના આરંભ અંગેના બોલતા પુરાવારૂપ શિલાલેખ અંધૌમાંથી મળ્યા છે. ક્ષત્રપોના કચ્છમાંથી મળી આવેલા શિલાલેખોએ આપણા ગૌરવપૂર્ણ ઇતિહાસની કેટલીક ખૂટતી સાંકળો સાંધી આપી છે. ક્ષત્રપકાલીન આ શિલાલેખો વિશે વિદ્વત્તાપૂર્ણ લખાણો અને અનેક શોધપત્રો અને પુસ્તકો પણ લખાયાં છે. પરંતુ કચ્છને સંબંધ છે ત્યાં સુધી કચ્છમાંથી મળેલા આ તમામ શિલાલેખો ભુજના સંગ્રહાલયમાં છે. આ શિલાલેખોની જાણકારી આ શક ઇતિહાસને જાણવામાં મદદરૂપ બનશે.

કચ્છનો બન્નીપ્રદેશ એશિયાના શ્રેષ્ઠ ઘાસિયા મેદાન તરીકે જાણીતો છે, એટલું જ નહીં, પણ બન્નીના અંધૌમાંથી મળી આવેલા ક્ષત્રપ શિલાલેખોએ આ પ્રદેશને પુરાતત્ત્વની દષ્ટિએ પણ નામના અપાવી છે.

અંદાજે ૫૦૦ માણસોની વસતી ધરાવતું અંધૌ કચ્છના પાટનગર ભુજથી ૮૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમે (૨૩.૪૬ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૫૩ પૂર્વ રેખાંશ) પર આવેલું છે. ગુજરાતમાંથી સૌથી વધુ ક્ષત્રપ શિલાલેખો એકલા અંધૌમાંથી જ મળ્યા છે.


અંધૌ બે ભાગમાં વહેંચાયેલું છે – જૂનું અને નવું. બન્ને વચ્ચે એક ટેકરી છે. જૂનું ક્ષત્રપકાલીન અંધૌ કિલ્લેબંધીવાળું નગર હતું. હાલની નવી વસાહતથી તે ચાર કિલોમીટર દૂર છે. આ જૂના કિલ્લાને સ્થાનિક લોકો 'અલ્લાહકોટ'ના નામથી ઓળખે છે. અંધૌ કિલ્લાનાં ખંડેર છેક ૧૯૬૪ સુધી હયાત હતાં પરંતુ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ વખતે ભુજથી કુંવારબેટ સુધીનો રસ્તો બનાવવાની તાકીદે જરૂર પડતાં, ખાણમાંથી પથ્થરો કાઢવાનું શક્ય ન બનતાં આ ખંડેરોના પથ્થરો તેમાં વાપરવામાં આવ્યા હતા. આજે એ જૂના અંધૌને 'સઢવાળી બાંધી' કહેવામાં આવે છે, એટલે કે 'પાળિયાવાળી ટેકરી' તરીકે ઓળખવામાં આવે છે.

વર્તમાનકાળમાં અંધૌનું સ્થાન રાજકીય કે વાણિજ્યી દષ્ટિએ મહત્ત્વનું ન હોવા છતાં દેશના રાજકીય ઇતિહાસમાં તેનું મહત્ત્વ અનેકગણું છે, કારણ કે અગાઉ કહેવાયું તેમ ક્ષત્રપકાલીન સાત-સાત

શિલાલેખો એકલા અંધૌમાંથી મળ્યા છે. તેથી એવું જરૂર કહી શકાય કે ક્ષત્રપકાળમાં અંધૌ ક્ષત્રપોનું અથવા તો તત્કાલીન ગુજરાતનું વડું મથક હશે.

સૌપ્રથમ ઈ. સ. ૧૮૯૮માં કચ્છ રાજ્યના રણછોડભાઈ ઉદયરામ દીવાનને શક સંવત ૫૨ (બાવન) ઈ. સ. ૧૩૦ના ચાર લષ્ટિલેખો (મૃત્યુલેખ) મળ્યા. આ શિલાલેખો ઈ. સ. ૧૯૬૦ સુધી કચ્છની ઇજનેર કચેરીના સ્ટોરમાં હતા, જ્યાંથી કોલકાતા વિશ્વવિદ્યાલયના સ્થાપક અને ભારત સરકારના પશ્ચિમ વર્તુળના અધ્યક્ષ શ્રી ડી. આર. ભંડારકરે પ્રાપ્ત કરી ભુજના કચ્છ મ્યુઝિયમમાં ખસેડાવ્યા હતા.

કચ્છ મ્યુઝિયમમાં ક્ષત્રપકાળના કુલ ૧૧ શિલાલેખો છે, જેમાંથી સાત અંધૌમાંથી તથા અન્ય શિલાલેખો વાંઢ (માંડવી), ખાવડા, મેવાસા (રાપર) તથા દોલતપર (લખપત) ખાતેથી પ્રાપ્ત થયા છે. આ તમામ લેખો બ્રાહ્મીલિપિમાં પ્રાકૃતમિશ્રિત સંસ્કૃત ભાષામાં લખાયેલા છે.



ક્ષત્રપ લેખ (શક સંવત ૧૧નો ચાષ્ટનનો લેખ)

અહીં પ્રદર્શિત કરાયેલ આ ક્ષત્રપ શિલાલેખોમાંથી સૌથી અગત્યનો શિલાલેખ શક સંવત ૧૧(ઈ. સ. ૮૯)નો છે. આ લેખ ક્ષત્રપકાળનો સૌથી જૂનો શિલાલેખ છે, જેમાં ક્ષત્રપરાજા ચાષ્ટનનો ઉલ્લેખ છે. આ શિલાલેખ ૧૯૬૮માં કચ્છ મ્યુઝિયમના તત્કાલીન ક્યુરેટર શ્રી દિલીપભાઈ વૈદ્યને પ્રાપ્ત થયેલ છે. આ શિલાલેખ મળતાં ભારતીય ઇતિહાસની એક મોટી ખોજ મળેલ છે. આ લેખ મળ્યા પહેલાં જે ક્ષત્રપ લેખો મળ્યા તેમની સાલવારી ઉકેલી શકાઈ ન હતી. આ લેખથી એ પણ પુરવાર કરી શકાયું કે શક સંવતનો સ્થાપક રાજા ચાષ્ટન હતો.


ઈ. સ. ૧૮૯૮માં પ્રાપ્ત થયેલ શક સંવત ૫૨ (બાવન) ઈ. સ. ૧૩૦ના ચાર મૃત્યુલેખો મ્યુઝિયમમાં પ્રવેશતાં જ પ્રદર્શિત કરાયા છે. આ ચારે લેખોમાં રાજાનું નામ અંકિત છે. મહાક્ષત્રપ રાજા રુદ્રદામાના સમયના ચાર શિલાલેખો પૈકી ત્રણ લેખો મદન નામની વ્યક્તિએ પોતાની બહેન જ્યેષ્ઠવીરા, ભાઈ ઋષભદેવ તથા પત્ની યશદાતાની સ્મૃતિમાં કરાવેલા છે, જ્યારે ચોથો લેખ શ્રેષ્ઠદત્ત નામની વ્યક્તિએ પોતાના પુત્ર ઋષભદેવની સ્મૃતિમાં કરાવેલ છે.

આ ચારે વ્યક્તિઓની સ્મૃતિમાં આ લષ્ટિલેખ ફાગણ વદ બીજના દિવસે સ્થાપવામાં આવેલ હોઈ કોઈ કુદરતી હોનારત કે રોગચાળાનો ભોગ આ વ્યક્તિઓ બની હોવાનું અનુમાન કરી શકાય છે. જોકે જાણીતા પુરાતત્ત્વવિદ સુબોધકુમાર અગ્રવાલ એવું અનુમાન કરે છે કે લષ્ટિલેખોમાં મૃત્યુના કારણની ખબર પડતી નથી તેથી આ ચારે વ્યક્તિઓ અલગ-અલગ તિથિએ મૃત્યુ પામેલ હશે અને એક જ દિવસે સ્થાપેલ હોય તેવો પણ સંભવ છે. ચારેય લેખમાં "ફાગુન" બહુલસ દ્વિતીય "વર્ષ દ્વીપંચાસે" એવો ઉલ્લેખ છે અને ક્ષત્રપ રાજવીઓ ચાષ્ટન, જયદામા અને રુદ્રદામાનો ઉલ્લેખ છે. મરનાર ચારે એક પરિવારની જ વ્યક્તિઓ છે, જેમાંની ત્રણ ઓપશિત અથવા ઓપષ્ટિ ગોત્રની છે, જ્યારે એક શાણેક ગોત્રની છે.

અન્ય એક ક્ષત્રપલેખ માંડવી તાલુકાના વાંઢ ગામથી મળેલ છે. શક સંવત ૧૦૫(ઈ. સ. ૧૮૩)ના

આ લેખમાં રાજા મહાક્ષત્રપ સ્વામી રુદ્રદામાના પુત્ર મહાક્ષત્રપ રુદ્રસિંહનો ઉલ્લેખ છે. આ લેખ પણ મૃત્યુ-લેખ છે. કાર્તિક વદ ૨ની તારીખ દર્શાવતો આ લેખ અજમિત્ર નામની વ્યક્તિએ અતિમુખ ગોત્રની સેવિકા-(મહિલા)ની સ્મૃતિમાં સ્થાપેલ છે. આ લેખની છઠ્ઠી પંક્તિમાં 'કશ દેશ' એવો ઉલ્લેખ આવે છે, તો ગિરિનગરના રુદ્રદામાના શૈલલેખમાં પણ 'કચ્છ'નો ઉલ્લેખ મળે છે. આમ અભિલેખોના આધારે કચ્છની પૂર્વકાલીનતા પશ્ચિમ ક્ષત્રપોના શાસનના સમયથી આરંભાય છે.

રાજા રુદ્રસિંહનો જ એક વધુ લેખ અંધૌ ખાતેથી મળેલ છે જે શક સંવત ૧૧૪(ઈ. સ. ૧૯૨)નો છે. આ લેખ પણ લષ્ટિલેખ જ છે પણ મૃતકનું નામ વાંચી શકાતું નથી.



ક્ષત્રપ રાજા રુદ્રસિંહનો લેખ

લખપત તાલુકાના દોલતપર ગામેથી ઈ. સ. ૧૯૬૭માં શોધી કાઢવામાં આવેલ એક અભિલેખને સ્તંભ-અભિલેખ કહેવો ઉચિત છે, કારણ કે આ લેખ થાંભલા જેવી ઊંચી શિલા ઉપર કોતરવામાં આવેલ છે. વળી તેના લેખમાં પણ છેલ્લી લીટીમાં "થંભે ભિકૃતે" એવું વાંચી શકાય છે. આ લેખની અગત્ય એટલા માટે છે કે તેમાં સર્વપ્રથમ વાર આભીર રાજાનો ઉલ્લેખ જોવા મળે છે. આભીર રાજાના ઉલ્લેખવાળો આ ગુજરાતનો સૌપ્રથમ અભિલેખ છે. તેમાં આભીર રાજા ઈશ્વરદેવનું નામ વાંચી શકાય છે, જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભીરોનું અસ્તિત્વ હતું. શ્રી રસેશ જમીનદારનું માનવું છે કે પશ્ચિમ ક્ષત્રપોના શાસનકાળમાં આભીરો વહીવટી કાર્યમાં મુખ્યાધિપતિઓ તરીકે સ્થાન ભોગવતા હોવા જોઈએ. દોલતપર ખાતેથી જ એક ક્ષત્રપકાલીન મસ્તક મળી આવેલ છે, જે મ્યુઝિયમના પુરાતત્ત્વવિભાગમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ મસ્તક વિષ્ણુનું છે કે સૂર્યનું તે સ્પષ્ટ થતું નથી, પણ કચ્છ મ્યુઝિયમમાં તેનો ઉલ્લેખ 'સૂર્યમુખ' તરીકે કરવામાં આવેલ છે. આ અંગે સંશોધન જરૂરી છે.

અંધૌ ખાતેથી અન્ય એક ક્ષત્રપ શિલાલેખ ૨જી સદીનો (૧૨૨ સે.મી. ઊંચો તથા ૨૦ સે.મી. પહોળો) મળી આવેલ છે. આ શિલાલેખનું વંચાણ થયું હોવાનું જણાતું નથી, કેમ કે તેની નોંધ જોવા મળેલ નથી. જોકે મ્યુઝિયમમાં રહેલ લેખ સાથેના લેબલમાં આ લેખમાં ક્ષત્રપવંશની પ્રશસ્તિ હોવાનું જણાયું છે.

રાપર તાલુકાના મેવાસા ખાતેથી મળેલ ૩જી સદીના આરંભનો એક લેખ ક્ષત્રપોની વંશાવળી જાણવામાં મદદરૂપ થાય છે. આ લેખ ભર્તુદામાના સમયનો છે. (શક સંવત ૨૦૫, ઈ. સ. ૨૮૩.) શક સંવત ૨૯૫ને જ અધિકૃત માનવામાં આવે છે. રાજકોટના વૉટસન મ્યુઝિયમમાં રહેલ એક શિલાલેખની વિગત પણ મેવાસાના લેખને મળતી આવે છે.

ભુજ તાલુકાના ખાવડા ખાતેથી મળેલ બીજી સદીનો એક લેખ મ્યુઝિયમના સંગ્રહમાં છે. ૯૪ સે.મી.ની ઊંચાઈએ અને ૭૪ સે.મી. પહોળાઈ ધરાવતા આ લેખની જાડાઈ ૩૧ સેમી છે. આ શિલાલેખનું વાચન કચ્છ મ્યુઝિયમના ભૂતપૂર્વ ક્યુરેટર શ્રી જે. એમ. નાણાવટી અને ગુજરાતના જાણીતા પુરાતત્ત્વવિદ શ્રી હરિપ્રસાદ ગ. શાસ્ત્રીએ કરેલ છે.

આ લેખ ક્ષત્રપ રાજા રુદ્રદામાના સમયનો છે અને રુદ્રદામાના જ સમયના જૂનાગઢના લેખ કરતાં પહેલાના સમયનો છે, એટલે કે શક સંવત ૫૦ શ્રાવણ વદ પાંચમના સમયગાળાનો છે. ધનદેવે પોતાના પિતાની યાદમાં આ લષ્ટિલેખ સ્થાપ્યો છે. આ લેખમાં પણ ખાસ કરીને ક્ષત્રપ રાજાની વંશાવળી નોંધાયેલી છે. ત્સામોતિક, ચાષ્ટન, જયદામા, રુદ્રદામા - ૧ આ રીતનાં રાજવીનાં નામો વંચાય છે.

કચ્છમાંથી મળેલા આ શિલાલેખોના આધારે એવું અનુમાન કરી શકાય કે ગુજરાતમાં પશ્ચિમી ક્ષત્રપોનો વસવાટ કચ્છમાં અને ખાસ કરીને અંધૌમાંથી જ શરૂ થયો હોઈ ઈ. સ. ૮૯થી ઈ. સ. ૨૮૩ અર્થાત્ શક સંવત ૧૧થી ૨૦૫ સુધી પશ્ચિમ ક્ષત્રપોની સત્તા કચ્છમાં ટકી હતી. ગુજરાતના દીર્ઘકાલીન ઇતિહાસમાં જે મહત્ત્વનાં સ્વતંત્ર રાજ્યોની ગણના થાય છે તેમાં પશ્ચિમી ક્ષત્રપોનું સૌપ્રથમ હરોળમાં સ્થાન છે. આમ ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં કચ્છ-પ્રદેશનું પ્રદાન અનેરું છે.

કચ્છમાંથી મળી અવેલા આ શિલાલેખો આપણા ઇતિહાસની ખૂટતી સાંકળો જોડવામાં મદદરૂપ પુરવાર થાય છે. અંધૌની ધરતીમાં હજુ પણ ઘણું ધરબાયેલું હશે, જેનું ઉત્ખનન હાથ ધરાય તે જરૂરી છે.

ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક

ભારતમાં પ્રાચીન મ્યુઝિયમો પૈકીના ભુજના કચ્છ મ્યુઝિયમના પુરાતત્ત્વવિભાગમાં એક નાનું મસ્તક પ્રદર્શિત કરવામાં આવેલ છે. ૩જી સદીના આ મસ્તકની ઓળખ 'સૂર્યમુખ' તરીકે આપવામાં આવી છે; પરંતુ હકીકતમાં તે સૂર્યમુખ જ છે કે કેમ તે સાવ સ્પષ્ટ થતું નથી. વિદ્વાનોમાં આ અંગે મતમતાંતર પ્રવર્તે છે. આ મસ્તક મ્યુઝિયમને ઈ. સ. ૧૯૬૭માં પ્રાપ્ત થયા પછી કોઈ સંશોધન કરાયું નથી.

પથ્થરની આ મસ્તકની મૂર્તિ નવેમ્બર ૧૯૬૭માં લખપત તાલુકાના દોલતપર ગામના શ્રી લખમશીભાઈ પટેલના સહકારથી પ્રાપ્ત થયેલ છે. આ મુખ સાડાપાંચ સે.મી. ઊંચું અને છ સે.મી. પહોળું છે. ભૂખરા રંગના પથ્થરના બનેલ આ મુખના માથા પર સુંદર કોતરણીવાળો મુકુટ છે; જેના મધ્યબિંદુમાં કળાયેલ મોરપીંછ જેવી રેખાઓ છે.

હવે આ મુખને સૂર્યમુખ કેમ માનવામાં આવ્યું તે અંગે જોઈએ તો કચ્છ મ્યુઝિયમ દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તાવાર અખબારી નોંધ કે જે તારીખ ૧૧-૧-૧૯૭૨ના 'કચ્છમિત્ર' દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ છે, તેમાં જણાવ્યા પ્રમાણે આ મુખ વિષ્ણુમૂર્તિનું હોવાની શક્યતા દર્શાવેલ છે. પરંતુ મુકુટની દીવાલો પર જ્વાળા દેખાય છે તેથી તથા દોલતપર ગ્રામજનોના જણાવ્યા મુજબ આ મસ્તક સાથે સાત ઘોડાનો રથ પણ મળેલ પણ ખોવાઈ ગયો છે. હવે આ સાત ઘોડાનો રથ તથા જ્વાળાના આધારે આ મુખને સૂર્યમુખ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તે રથ મળેલ નથી, માત્ર લોકો કહે છે તેને આધારે સૂર્યમુખ કલ્પી શકાય ખરું ? રથ મળેલ હોત તો સંશોધન માટે એક માર્ગ મળત.

આ મસ્તક સૂર્યમુખ છે ખરું ? – આ અંગે સૌપ્રથમ 'પથિક'ના તંત્રી સ્વ. માનસંગજી બારડે જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૪ના 'પથિક' અંકમાં "આ મસ્તક સૂર્યમુખ જ હોવાનો આધાર ? તથા "કોઈ શિલ્પશાસ્ત્રીએ આ મસ્તક-મૂર્તિને સૂર્યની જ મૂર્તિ છે એમ કહ્યું છે ?" આ મતલબના સવાલો ઉઠાવી આ અંગે સંશોધન જરૂરી હોવાનું જણાવ્યું હતું.

જાણીતા સંશોધક શ્રી નરોત્તમ પલાણે પણ 'કુમાર'ના ફેબ્રુઆરી - ૮૦ના અંકમાં આ મસ્તક અંગે ચર્ચા કરતાં જણાવેલ છે કે "મસ્તક સિવાયનો બીજો ભાગ પ્રાપ્ય નથી ત્યારે તેને 'સૂર્યમુખ' શા આધારે કહેવાયું હશે ?" ગુજરાતના જાણીતા પુરાતત્ત્વવિદ લેખક ડૉ. ઉમાકાંત શાહે પણ આ મસ્તકને સ્પષ્ટ રીતે 'સૂર્યમુખ' કહેલ નથી.

ડૉ. ઉમાકાંત શાહના અભિપ્રાય અંગે જોઈએ તો 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ – ૨' (મૌર્યકાળથી ગુપ્તકાળ)માં ગુજરાતની શિલ્પકૃતિઓ અંગેના પોતાના લખાણમાં તેઓએ જણાવેલ છે કે

"ઢોલતપરના આ મસ્તક પરના મુકુટ વચ્ચેનું અલંકરણ મથુરાના પહેલાથી ત્રીજા સૈકાના કુષાણ-યુગનાં મળેલાં શિલ્પો પરના અલંકરણ સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે." આમ તેઓ આ મસ્તકને ક્ષત્રપકાલીન સાબિત કરે છે.

વધુમાં તેમણે આ મસ્તકને વિષ્ણુનું હોવાનું અનુમાન કરતાં તેને ભિન્નમાલમાંથી મળેલ અને હાલ વડોદરા સંગ્રહાલયમાં રહેલ વિષ્ણુનું શિલ્પ સુરત જિલ્લાના નૈન ગામેથી મળેલ વિષ્ણુની નાની ખંડિત પ્રતિમા તથા શામળાજી ખાતેથી મળેલ અન્ય એક મસ્તક સાથે સરખાવેલ છે.

શ્રી શાહ પોતાના 'સ્વાધ્યાય' (વર્ષ - ૫, અંક - ૨)માં પ્રસિદ્ધ થયેલ લેખ "ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક"માં જણાવે છે કે "આ મસ્તકનો નીચેનો ગળાનો થોડો ભાગ સચવાઈ રહેલ છે. શરીરનો બાકીનો તમામ ભાગ ઉપલબ્ધ નહીં હોવાથી આ મસ્તક કયા દેવનું છે તે સ્પષ્ટપણે કહેવું કઠિન છે." તેઓ આ મસ્તકના મુકુટની ઊંચી દીવાલો પર દેખાતી બે પહોળી પટ્ટી જ્વાળાઓ હશે તેવું અનુમાન કરે છે.

કચ્છ મ્યુઝિયમમાં રહેલ અન્ય સૂર્યમૂર્તિઓ અંગે ચર્ચા કરીએ તો માંડવી તાલુકાના રાયણ ગામે ૧૯૭૧માં મળેલ અન્ય એક સૂર્યમૂર્તિ ૭ સે.મી. પહોળી તથા ૧૫ સે.મી. ઊંચાઈ ધરાવે છે. આ મૂર્તિ ચપટી (રિલીફ) છે. આ મૂર્તિ આખી હોઈ તેને સૂર્યમૂર્તિ તરીકે ઓળખી શકાય છે. આ મ્યુઝિયમનું ૩જી સદીનું ઉક્ત મસ્તક તથા આ ચપટી સૂર્યમૂર્તિ એક જ સદીનાં હોવા છતાં તેનો મુકુટનો તફાવત નોંધપાત્ર છે. ચપટી સૂર્યમૂર્તિનો મુકુટ ઊંચો નથી. તેના મુકુટની રેખાઓ પાઘડીના ઘાટની છે.

આ મસ્તકથી નવમી સદી પછીની કચ્છ મ્યુઝિયમમાં રહેલ એક બારમી સદીની બનાસકાંઠાના ભાકોદર ગામેથી મળેલ ૫૦ સે.મી. પહોળાઈ અને ૧૧૮ સે.મી. ઊંચાઈની સૂર્યની એક પૂર્ણ પ્રતિમાના મસ્તક પરના મુકુટમાં સુરેખ ભૌમિતિક રેખાઓ દોરેલ છે. આમાં કોઈ જ્વાળાઓ દેખાતી નથી. તો બારમી સદીની ભાકોદરથી જ મળેલ ૨૦ હાથવાળા વિષ્ણુની ખંડિત પ્રતિમાના મુકુટ પર પણ તે જ પ્રકારની સુરેખ ભૌમિતિક રેખાઓ ઉપસાવેલ છે.

આમ આ મસ્તક સ્પષ્ટપણે સૂર્યનું જ છે તે પ્રતિપાદિત થતું ન હોઈ અને સંશોધન દ્વારા તે સૂર્યનું જ નક્કી ન થાય ત્યાં સુધી તેને "એક ક્ષત્રપકાલીન શિલ્પ" કહેવું ઉચિત રહેશે.

ઇતિહાસ-સંશોધનમાં કદી કોઈ સંશોધન પૂર્ણ થતું નથી, આથી કચ્છ અને ગુજરાતના વિદ્વાનો આ અંગે વધુ પ્રકાશ ફેંકે તે ઇચ્છનીય છે.

દિશાઓમાંથી આવેલા ભિક્ષુઓના સંઘનાં ચીવર (વસ્ત્રો), પિંટપાત્ર (ભિક્ષા), શયન, આસન અને ભૈષજના ઉપયોગ માટે, ભગવાન(બુદ્ધ)નાં પૂજાસ્તવન, ગંધ-પુષ્પ-માલ્ય-દીપ-તૈલ વગેરે ચાલુ રાખવા માટે અને વિહારના જીર્ણશીર્ણ ભાગનું સમારકામ કરવાના હેતુ માટે ભદ્રેશ્વરમાં રહેલા વિજયસ્કન્ધાવાર(છાવણી)માંથી ફરમાવાયેલું છે. વિશેષ સ્પષ્ટતા કરતાં કહેવામાં આવેલ છે કે દાનશાસનમાં શાસનસ્થાન ભદ્રેશ્વરનો ઉલ્લેખ આવે છે તે વલભીના દ્વાર પાસે આવેલા ભદ્રેશ્વરનો અર્થાત્ ભદ્રેશ્વર નામે શિવાલયની આસપાસ આવેલા વિસ્તારનો હોવો જોઈએ.

શીલાદિત્ય ત્રીજાના સમયથી વલભી સામ્રાજ્ય નિર્બળ થવા લાગ્યું હતું. લાટના ચૌલુક્ય રાજાઓ બળવાન બનતા જતા હતા અને મૈત્રકોના સામ્રાજ્યની સીમાઓ સાંકડી થતી જતી હતી. આરબોનાં આક્રમણો પણ શરૂ થઈ ગયાં હતાં. ઈ. સ. ૭૨૫ના અરસામાં ખલીફા હશામે સિંધના સૂબા તરીકે જુનૈદની નિમણૂક કરી. આ સમયે વલભીની શાસનધુરા શીલાદિત્ય પાંચમાના હાથમાં હતી. આરબ સૂબા જુનૈદે તેની નિમણૂક પછી થોડા વખતમાં જ મારવાડ, માંડલ, દહનજ, માળવા, ભરૂચ, ઉજ્જૈન, સૈંધવ, કચ્છ, સુરાષ્ટ્ર, ચાપોત્કટ, ગુર્જર વગેરે રાજ્યો પર હુમલો કરવા ફોજ મોકલી. અરબી ફોજ આ રાજાઓનો પરાભવ કરીને દક્ષિણાપથ તરફ આગેકૂચ કરતી નવસારિકા આવી ત્યારે ત્યાંના ચાલુક્ય રાજા(અવનિજનાશ્રય પુલકેશીએ)એ એને પરાસ્ત કરી. વલભીપુરમાં પણ એનો પરાજય થયો. એમાં ભરૂચના ગુર્જર રાજા જયભટ ચોથાએ સારો ભાગ ભજવ્યો હતો.

મૈત્રકવંશનો અંત આવતાં ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં ભારે ઊથલપાથલ થઈ. દક્ષિણ-ગુજરાતમાં ગૂર્જરરાજ્યવંશની સત્તા સાથે ચાલુક્યોની નવસારીની શાખા અસ્ત પામી અને રાષ્ટ્રકૂટોના એક કુળની સત્તા સ્થાપાઈ જે છેક સાબરકાંઠા સુધી વિસ્તરી. આ શાસનની રાજધાની ખેડામાં હતી, પણ થોડા જ સમયમાં આ રાષ્ટ્રકૂટની સત્તા દખ્ખણના રાષ્ટ્રકૂટે છીનવી લીધી અને પોતાની એક અલગ સત્તા સ્થાપી.

આ ઊથલપાથલમાં કચ્છ પર કોની સત્તા પ્રવર્તતી હતી તે જોઈએ તો શીલાદિત્ય પાંચમાના સમયમાં જુનૈદની સિંધની અરબી ફોજે જે જુદાંજુદાં રાજ્યોનો પરાભવ કર્યો હતો તેમાં કચ્છનો પણ સમાવેશ થતો હતો તેની વિગત ઉપર દર્શાવેલ છે. સૌરાષ્ટ્રના ઇતિહાસકારે જુનૈદ સિંધમાંથી આગળ વધી-કચ્છ, ઉત્તરગુજરાત અને ભરૂચ સુધીના પ્રદેશમાં આગ અને તલવારનું સામ્રાજ્ય ફેલાવી, પુષ્કળ લૂંટ કરી, સિંધ તરફ પાછો ગયો તેમ જણાવેલ છે. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ - ૩માં પણ આ અંગેનો ઉલ્લેખ થયેલ છે. તેમાં જણાવ્યા મુજબ, બાહ્ય પ્રદેશના શાસનમાંથી મુક્ત થઈ ગુજરાતમાં મૈત્રકવંશે પોતાની સત્તા સ્થાપી એ એની પહેલી મહત્ત્વની સિદ્ધિ છે. પછી મૈત્રકવંશની સત્તા સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળવા પર પ્રવર્તી ને ત્રણ શતક જેટલા લાંબા ગાળા સુધી ટકી એ મૈત્રક રાજ્યની બીજી મહાન સિદ્ધિ ગણાય. તે સમયે શીલાદિત્ય પાંચમાના સમયમાં દક્ષિણ ગુજરાતમાં ચાલુક્યવંશનો ત્રીજો રાજા મંગલરાજ (ઈ. સ. ૭૩૧) રાજ્ય કરતો હતો અને દક્ષિણમાં એક નવી જ સત્તા પેદા થઈ ચૂકી હતી, જેને કલ્યાણ(દક્ષિણ)થી માંડી તમામ દક્ષિણ તેમ જ વાયવ્ય ખૂણો (પંચાસર) વટાવી, સૌરાષ્ટ્રના એક મોટા હિસ્સા ઉપર ફતેહનો ઝંડો ફરકાવ્યો હતો અને કચ્છ પણ તેણે પોતાના તાબામાં લઈ લીધું હતું. એ ચાલુક્યવંશ સોલંકીની શાખા હતો અને ભુવડ એ સમયે મહારાજા હતો. આ વિગતે કચ્છ મૈત્રકોની સત્તામાંથી છૂટું પડી સોલંકીઓના હાથમાં ગયું. પણ ત્યાર પછી ચાવડાઓએ પણ કચ્છ પર પોતાની સત્તા જમાવી હતી. મૈત્રકશાસનના અંત પછી કચ્છ પર ચાવડા ઉપરાંત વાઘેલા અને સોલંકીઓની સત્તા પણ નજરે પડે છે.

વલભી રાજાઓને દાનપત્રો તેમ જ ઇતિહાસ-લેખનમાં ઉપયોગી થાય તેવી ઘણી માહિતી મળે છે. રાજાનું મંત્રીમંડળ, વસૂલાતખાતું, પોલીસખાતું

અને ગ્રામ્ય વહીવટને લગતી તેમ જ અધિકારીઓનાં નામોની વિગત પણ મળી રહે છે. મૈત્રકસમયના કેટલાક રીતરિવાજો કચ્છમાં ચાલુ રહ્યા હતા. વહીવટી અધિકારીઓના હોદ્દાઓ કચ્છમાં દેશી રાજાઓના અમલ દરમિયાન તેવા જ કામ માટે કે હેતુ માટે ઉપયોગમાં લેવાતા હતા. દાખલા તરીકે, મૈત્રક-શાસનમાં ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી કામ માટે નિમાયેલ અધિકારી ધ્રુવ તરીકે ઓળખાતો હતો. ધ્રુવ એટલે ગ્રામ્ય કક્ષાએ વસૂલાત કરનાર તથા હિસાબો રાખનાર આજનો હોદ્દાધારી તલાટી કે કુલકર્ણી જેવો હતો. ગામડાના આ કાયમી અમલદારને ધ્રુ અથવા ધ્રુવ કહેવામાં આવતો. રાજાશાહી સુધી કચ્છમાં તલાટીને 'ધ્રુ' કહેતા હતા. એ કામ કરનારાઓના વંશમાં એ શબ્દ ઓળખ તરીકે પણ વપરાતો થયો હતો. તેવી જ રીતે મુખી માટે 'મહેતર' કે 'મેતર' અને અશ્વારોહી માટે 'સવાર' શબ્દનો ઉપયોગ થતો હતો. કચ્છના કેટલાક રબારીઓમાં હજુ પણ પોતાના મુખીને મેતર કહેવાનો રિવાજ છે. મૈત્રકકાળના ભોગિક કે ભોગોદ્દરણિકની રીતે મહેસૂલ વસૂલ કરવાની જે ભાગબટાઈની પદ્ધતિ હતી તે પ્રથા કચ્છમાં રાજાશાહી સમયે ચાલુ હતી. મહેસૂલખાતાનો આ પ્રમાણેનો વહીવટ એ મૈત્રક-શાસનની અસર સૂચવે છે.

ગુપ્તવંશના રાજાઓની નામાવલી

(૧)	ગુપ્ત	ઈ. સ. ૨૭૫થી ૩૦૦
(૨)	ઘટોત્કચ્છ	ઈ. સ. ૩૦૦થી ૩૨૦
(૩)	ચન્દ્રગુપ્ત (પહેલો)	ઈ. સ. ૩૨૦થી ૩૩૫
(૪)	સમુદ્રગુપ્ત	ઈ. સ. ૩૩૫થી ૩૮૦
(૫)	ચન્દ્રગુપ્ત (બીજો)	ઈ. સ. ૩૮૦થી ૪૧૩
(૬)	કુમારગુપ્ત (પહેલો) (મહેન્દ્રાદિત્ય)	ઈ. સ. ૪૧૩થી ૪૫૫
(૭)	સ્કન્દગુપ્ત (વિક્રમાદિત્ય)	ઈ. સ. ૪૫૫થી ૪૬૯
(૮)	કુમારગુપ્ત (બીજો)	ઈ. સ. ૪૬૯થી ૪૭૬
(૯)	બુધગુપ્ત	ઈ. સ. ૪૭૬થી ૫૦૫
(૧૦)	ભાનુગુપ્ત	ઈ. સ. ૫૦૫થી ૫૩૩

૧૧. વલભીના વિનાશ પછીની રાજકીય પરિસ્થિતિ અને જાડેજાવંશના પૂર્વજો સમાવંશના જામ મોડથી પુંઅરા સુધીના રાજાઓનું શાસન

ઉમિયાશંકર અજાણી

મૈત્રક-રાજ્યનો અંત આવતાં તળ-ગુજરાતના મૈત્રક-પ્રદેશો પર રાષ્ટ્રકૂટ રાજાની સત્તા સ્થપાઈ અને સૌરાષ્ટ્રના ઉત્તર-પૂર્વમાં ચાપવંશની, દક્ષિણમાં ચાલુક્ય-વંશની અને પશ્ચિમમાં સૈંધવવંશની સત્તા પ્રવર્તી. ઈ. સ. ૮૧૮-૧૯માં પૂર્વ સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રકૂટ રાજાની સત્તા પ્રવર્તી.

મૈત્રકવંશના અંતિમ રાજવી શીલાદિત્યના પુત્ર ગુહે ઈ. સ. ૮૦૦માં ભીલ લોકો પાસેથી ઈડર છીનવી લઈ ત્યાં રાજ્યની સ્થાપના કરી. આ હકીકત રાષ્ટ્રકૂટના કક્કના વડોદરાના ઈ. સ. ૮૧૨ના લેખથી જણાય છે. એ લેખમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે થોડા જ સમયમાં વલભીપુરના વંશે પોતાની પુરાણી પ્રતિષ્ઠા પર પાણી ફેરવ્યું. પણ સૌરાષ્ટ્રના ઇતિહાસકર્તાના કહેવા પ્રમાણે શીલાદિત્યના પતન પછી તેના પુત્રો ધરસેન અને ગુહને મેવાડના ચિતોડમાં આશ્રય મળ્યો હતો. તેઓ ઈ. સ. ૭૭૬માં લગભગ પાછા વળ્યા એટલે તેઓ 'વાળા' કહેવાયા. આ અંગે એક એવી પણ દંતકથા પ્રચલિત છે કે મહાભારત યુદ્ધમાંથી કર્ણનો પુત્ર વૃતકેતુ પાછો વળી ગયો હતો તેથી એના વંશના 'વાળા' કહેવાયા. પણ આ દંતકથા સ્વીકાર્ય બની શકી નથી. બારોટોની વંશાવળીમાં શીલાદિત્યના યુવરાજ તરીકે ધરસેનનું નામ આવે છે. વલભી પર આરબોની ચડાઈ વખતે તે બહાર હશે તેથી તે બચી ગયો હશે. એટલે એ જ્યારે પાછો આવ્યો ત્યારે નાશ પામેલા નગરને બદલે બાજુમાં જ નવું ગામ વસાવી તેને 'વળા' કે 'વાળા' નામ આપી અને આજુબાજુનો વિસ્તાર કબજે કરી તેણે એક નાના રાજ્યની સ્થાપના કરી.

વિવિધ રાજવંશોની જેમ ચાવડા-રાજવંશે પણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ તેમ જ ભિન્નમાલમાં પોતાની સત્તા પ્રવર્તાવી હતી. આ ચાવડાઓની ઉત્પત્તિ સંબંધમાં વિવિધ દંતકથાઓ છે. હરજીવન કુબેરજી ત્રિપાઠી કૃત 'ચાવડાચરિત્ર'માં દર્શાવ્યા પ્રમાણે, વિક્રમ પરમાર કે જેનો હાલ શક ચાલે છે તે, ઉજ્જૈનમાં થયો અને તેના વંશમાં ભોજરાજા થયો. તે ભોજના વંશમાં જયશિખરી થયો. જયશિખરીનો પિતા પ્રતાપભાનુ અને પ્રતાપભાનુના પિતા કે પિતામહના વખતથી પરમાર શાખ બદલાઈને ચાવડા એવું નામ વપરાતું થયું હશે એવું ઘણાં કારણોથી અનુમાન થયું છે. વહીવંચા લોકોના કહેવા પ્રમાણે ચામુંડાદેવીની ઉપાસના કરવાથી દેવીએ પ્રસન્ન થઈને પોતાના નામની યાદગીરી માટે ચાવડા નામ આપ્યું છે. કહે છે કે જયશિખરીનો પિતા પ્રતાપભાનુ ભાવનગર પાસે વડા ચામરડી ગામમાં વિક્રમના છઠ્ઠા સૈકામાં રાજ્ય કરતો હતો. પછી કોઈ યોગીના કોપથી તે નગર ઉજ્જડ થયું, તેથી પ્રતાપભાનુએ પંચાસરમાં રાજધાની કરી.

પ્રાચીન સાહિત્યમાં ચાવડાઓ વિશેનો ઉલ્લેખ જોવા મળતો નથી. જયશિખરી વિશેનો ઉલ્લેખ છેક ૧૭મા સૈકામાં કૃષ્ણકવિ-રચિત 'રત્નમાલા'(હિન્દી)માં જોવા મળે છે. પંચાસરમાં ચાવડાઓનું રાજ્ય ક્યારથી હતું તે પણ નક્કી કરવું મુશ્કેલ છે. આ પંચાસર ગામ ઝાલાવાડની ઉત્તરે અને કચ્છના નાના રણની જોડે રાધનપુર નજીક આવેલ છે. ચાવડાઓ સૂર્યવંશી કે ચંદ્રવંશી ન હતા. સિંધુનદીની પાસે તેમનું અસલ વતન

હતું. ત્યાંથી તેઓ દીવ-પાટણમાં આવ્યા અને ત્યાંથી પંચાસરમાં આવ્યા હતા. સોમનાથ સુધી તેમની સત્તા વર્તાતી હતી. ગુજરાતની સત્તા જેમજેમ નબળી થતી ગઈ તેમતેમ તેઓ પોતાની સત્તા વધારતા ગયા. સૌરાષ્ટ્રમાં વઢવાણમાં નવમી સદીના પૂર્વાર્ધમાં એ વંશની ઉત્પત્તિ શિવના ચાપ(ધનુષ)માંથી ઉત્પન્ન થયેલા ચાપ નામે નૃપમાંથી થઈ હોવાનું મનાય છે. આ ઉપરાંત સોમનાથ પાટણમાં પણ ચાવડાઓનું શાસન હતું. ચોથું રાજ્ય રાજસ્થાનમાં ભિન્નમાલમાં હોવાની વિગત 'રાજસ્થાનકા ઇતિહાસ'માં કહેવામાં આવી છે. ચાવડાઓનાં અન્ય સ્થળોએ આવેલાં રાજ્યોમાં ભિન્નમાલનું રાજ્ય સૌથી જૂનું હતું. જુનૈદના આક્રમણના કારણે એનો નાશ થવા પામેલ અને પછી જે કાંઈ બચ્યું હતું તેના પર પ્રતિહારોએ અધિકાર કરી લીધો. જોકે દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ભિન્નમાલમાં ચાવડાઓનું રાજ્ય હોવાનું માનતા નથી.

કચ્છમાં ચાવડાઓ ઉપરાંત સોલંકીઓ અને વાઘેલાઓની સત્તા પ્રવર્તતી હતી. આ ઉપરાંત કાઠીઓ પણ પાવર પરગણામાં શાસન કરતા હતા. કચ્છમાં ચાવડાઓની સત્તા વિશે ઉલ્લેખ કરતાં રામસિંહજી રાઠોડ કહે છે કે કચ્છમાં કેટલાંક ગામોમાં ધ્વંસાવશેષો સાથે આ ચાવડાઓની દંતકથાથી જોડાયેલાં નામો તરફ ઘણાં સ્થળોએ ધ્યાન ખેંચવામાં આવે છે. ચાવડાઓની સત્તા નીચે ઘોલાય સરસાગર પાટણ તરીકે જાણીતું હતું. માંડવી પાસેનું રાયપુર મોટું બંદર હતું અને ચાવડાઓ સારા સાગરખેડુઓ હતા. આ સ્થળેથી કેટલાક ઇન્ડોસાર્સેનિયન સિક્કાઓ મળ્યા છે. માર્કંડઋષિએ વિંધ્યાચલમાંથી વિંધ્યવાસિનીદેવી જ્યાં પધરાવ્યાં એ સ્થળ કાળે કરી વિંઝાણ તરીકે જાણીતું થયું. ત્યાં કનક ચાવડાની આણ વર્તતી. આ ઉપરાંત પાટણમાંથી ચાવડાઓને હાંકી કાઢવામાં આવ્યા ત્યારે સામંતસિંહ ચાવડાનો પુત્ર અહિપત ભુજની નૈઋત્યે આવેલા મોરગઢમાં આવ્યો હતો અને ત્યાં થોડાંક ગામો જીતી મોરગઢને પોતાની રાજધાની બનાવ્યું હતું. હાલ એના કોઈ અવશેષો મળતા નથી. માત્ર 'ચાવડકું' નામે એક તળાવ જ ત્યાં અસ્તિત્વ ધરાવે છે.

'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના ગ્રંથ ૩માં રામસિંહજી રાઠોડનો હવાલો આપીને કહે છે કે કનક ચાવડાએ વિ. સં. ૬૧૮(ઈ. સ. ૫૬૨)માં ભદ્રાવતી (ભદ્રેશ્વર) લીધું ને વિ. સં. ૬૨૨(ઈ. સ. ૫૬૬)માં ત્યાંનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો એવી અનુશ્રુતિ છે. પરંતુ આ વિગતો યથાર્થ લાગતી નથી.

કનક ચાવડા વિંઝાણ(તા. અબડાસા)માં રાજ્ય કરતો હતો. એણે ભદ્રેશ્વર (તા. મુંદ્રા) લીધું હોય, તો એનું રાજ્ય એટલું વિસ્તૃત ગણાય. વળી એના પૌત્ર ભુવડ ચાવડાએ પણ ભદ્રેશ્વર પર ચડાઈ કરી કહેવાય છે. એનો રાજ્યકાળ વિ. સં. ૯૭૧થી ૯૯૦ (ઈ. સ. ૯૧૫ થી ૯૩૪) ગણાય છે. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ ૩માં રામસિંહજી રાઠોડના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિદર્શન'નો જે ઉલ્લેખ થયેલ છે તેમાં કનક ચાવડાને 'પાટણ'નો બતાવવામાં આવેલ છે, જ્યારે અહીં તેને વિંઝાણનો ગણીને ઉલ્લેખ કરવામાં આવેલ છે.

કનક ચાવડા અંગે અન્ય ઉલ્લેખ ભદ્રાવતી-(ભદ્રેશ્વર)ના મંદિરના જીર્ણોદ્ધાર સંબંધમાં આ પ્રમાણે થયેલા જોવા મળે છે : (૧) ભદ્રેશ્વરની જીર્ણ પ્રત, પૃષ્ઠ ૨૨ (૨) માંડવીની પ્રત, પૃષ્ઠ ૧, (૩) 'રિપૉર્ટ ઑન ધી ઍન્ટિક્વીટીઝ ઑફ કચ્છ', પૃષ્ઠ ૨૦૬, (૪) 'સ્વદેશ'નો વિ. સ. ૧૯૮૦, દીપોત્સવી અંક, પૃષ્ઠ ૭૭ પર વ્રજલાલ ભગવાનલાલ છાયાનો લેખ.

કે. કા. શાસ્ત્રી સોલંકીઓ અને ચાવડાઓ કચ્છમાં જૂના સમયથી હોવાનું કહે છે. આ સંદર્ભમાં નવસારીના ઈ. સ. ૭૩૮-૩૯ના દાનપત્રનો અવનિજનાશ્રય પુલકેશી ચાલુક્કિક એટલે કે સોલંકી-કુળનો હતો ને તેણે અરબ સરદારને હરાવ્યો હતો અને મૂળરાજનો પૂર્વજ કલ્યાણકટકનો ભુવડ પણ એ જ કુળનો હોવાનું કહે છે. કનૈયાલાલ મુનશી આ ભુવડને પ્રતિહાર સમ્રાટ મિહિરભોજ હોવાનું માને છે અને કહે છે કે મથુરાના ચાલુક્યો સાથે તેને સંબંધ હતો. આ ચાલુક્યો-સોલંકીઓ અયોધ્યા બાજુએથી આવ્યા

હોવાનો ઉલ્લેખ તેમના પુસ્તક 'ગ્લોરી ધૅટ વૉઝ ગૂર્જર દેશ' ભાગ ૩માં થયેલ છે. આ સોલંકીઓ મૈત્રકકાળ દરમિયાન જ પશ્ચિમ ભારતમાં આવી ગયા હતા અને તેમાંના કોઈ એક કચ્છમાં આવીને કચ્છના પશ્ચિમ વિભાગના દેશલપર ગુંતલીમાં સાત સાંધોના નામે શાસન કરતા હતા જેમને પાછળથી નગરસમૈ સિંધમાંથી આવેલા મોડ અને મનાઈએ દગો કરીને મારી નાખ્યા હતા અને તેમની પાસેથી સત્તા પડાવી લીધી હતી.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં કનક ચાવડાની ઐતિહાસિકતા સિદ્ધ થઈ નથી. તેને દંતકથાનું પાત્ર માનવામાં આવે છે. ડૉ. બર્જેસે કનક ચાવડાને પાટણનો હોવાનું કહ્યું છે, પણ તેના સમયમાં પાટણ હતું જ નહિ, કારણ કે તેની સ્થાપના વનરાજ ચાવડાએ વિક્રમ સંવત ૮૦૨માં કરી હતી તે હકીકત સર્વમાન્ય રહી છે. તેથી કનક ચાવડા ૬૧૮માં થઈ ગયો ત્યારે પાટણ હતું નહિ. પછીના લેખકોએ બર્જેસના આધારે ભૂલો કર્યે રાખી છે, એટલું જ નહિ, 'ગેઝેટિયર ઑફ ધી બૉમ્બે પ્રેસિડન્સી'ના વૉલ્યુમ ૫માં જેમ્સ એમ. કૅમ્પબેલે બર્જેસની સાલવારી પ્રમાણે ગણતરી કરતાં તેમાં ૧૦ વર્ષ ઓછાં બતાવ્યાં છે. પછી આવી ભૂલ ડૉ. જી. ડી. પટેલે 'કચ્છ ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર' (૧૯૭૧)માં કરી. તેમણે કૅમ્પબેલના ઈ. સ.માં ૧૦ની ભૂલવાળા આંકડાને સાચા માનીને વિક્રમ સંવતના આંકડામાં ૧૦ ઘટાડી નાખ્યા.

કનક ચાવડાના નામે બીજી પણ કેટલીક સ્થાપત્યોની કથાઓ લોકજીભે સચવાઈ રહી છે. આવાં સ્થાપત્યો સંબંધમાં 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ ૩માં પૃષ્ઠ ૩૩૪ પર ઉલ્લેખ કરતાં જણાવવામાં આવેલ છે કે વસઈ(તાલુકો ઓખામંડળ, જિલ્લો જામનગર)નાં કનકસેન ચાવડાનાં મંદિરોના નામે જાણીતાં થયેલાં જૂનાં મંદિરોનાં શિખરો પણ આ જ પ્રકારની રચના ધરાવે છે. હકીકતમાં વસઈ ગામનાં આ મંદિરો જૈનધર્મનાં છે અને તે વસી કે વસઈનાં મંદિરો તરીકે ઓળખાય છે તેવું મધુસૂદન ઢાંકીએ સ્થાનિક જોયા પછી જણાવેલ છે.

'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના ગ્રંથ ૩માં ભુવડ ચાવડાને વિંઝાણના રાજવી કનક ચાવડાના પૌત્ર તરીકે દર્શાવેલ છે અને તેનો રાજ્યકાળ વિ. સં. ૯૭૧થી વિ. સં. ૯૯૦ (ઈ. સ. ૯૧૫થી ૯૩૪) દર્શાવતાં કહે છે કે એના સમયમાં સોલંકીઓએ ભદ્રેશ્વર કબજે કર્યું કહેવાય છે. ભદ્રેશ્વરથી પાછા વળતાં ભુવડ લડતાંલડતાં રૂપારેલને કાંઠે વીરગતિ પામ્યો. એના નામ પરથી ત્યાં 'ભુવડ' નામે ગામ વસ્યું. ત્યાં ભુવડે ભુવડેશ્વર મહાદેવનું મંદિર બંધાવેલું. 'કચ્છ ગૅઝેટિયર' મુજબ ભુવડે આ મંદિર ઈ. સ. ૯૨૫થી ૯૩૪ વચ્ચે બંધાવેલ. હાલ ત્યાં એનો પાળિયો અને એના નામની દેરી છે. કનક ચાવડો ભુવડનો પિતામહ હોય તો એ છઠ્ઠી સદીમાં નહિ પણ નવમી સદીના ઉત્તરાર્ધમાં થયો ગણાય. 'રત્નમાળા'માં વનરાજના બાપ જયશિખરી પંચાસરના રાજા હતા અને કાન્યકુબ્જના કલ્યાણકટકના ચાલુક્યવંશી રાજા ભુવડે તેમના ઉપર ચડાઈ કરી અને લડાઈમાં જયશિખરીને મારી નાખ્યા એવું વર્ણન કર્યું છે. આ બનાવની તારીખ 'રાસમાળા' અને 'મુંબઈ ગૅઝેટિયર'માં વિ. સં. ૭૫૨ (ઈ. સ. ૬૯૬) આપી છે. તે જોતાં તેમ જ વનરાજનો જન્મ પણ વિ. સં. ૭૫૨ના વૈશાખ મહિનાની પૂનમના રોજ થયેલ છે તે જોતાં 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ ૩માં તેમ જ 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ' ખંડ ૭માં વિંઝાણના રાજા કનક ચાવડાના વંશજ પૌત્ર ભુવડનો સમયગાળો ઈ. સ. ૯૧૫થી ૯૩૪ દર્શાવવામાં આવે છે તે સ્વીકાર્ય બની શકે તેમ નથી. કનક ચાવડા અને ભુવડ ચાવડા અંગેના ઉલ્લેખો પણ પરસ્પર વિરોધી છે. ભદ્રેશ્વરની જીર્ણ પ્રતમાં કરવામાં આવેલ ઉલ્લેખમાં વિક્રમ સંવત ૬૨૧માં એ જમાનાના ચાવડા રાજાને પાટણપતિ વનરાજ ચાવડાના પૂર્વજ તરીકે બતાવવામાં આવ્યા છે તે પણ સુસંગત જણાતું નથી. ચાવડાઓની ઉત્પત્તિ વિશે 'શ્રી ચાવડાચરિત્ર'માં થયેલ ઉલ્લેખ મુજબ ઉજ્જૈનમાં થયેલા વિક્રમ પરમારના વંશમાં ભોજરાજા થયો, તેના વંશમાં પ્રતાપભાનુ થયો અને તેનો પુત્ર તે

જયશિખરી. આ જયશિખરીનો પુત્ર વનરાજ થયો. આ વનરાજ પછીના રાજાઓની વંશાવળીઓ 'રામલાલ ચુનીલાલ મોદી લેખસંગ્રહ' ભાગ - ૨માં દર્શાવવામાં આવેલ છે. તે પૈકી 'રત્નમાળા' પ્રમાણે વનરાજ વિ. સં. ૮૦૨માં ગાદીએ બેસે છે. તેના પછી નીચે પ્રમાણેના રાજાઓ થયા : (૧) યોગરાજ, (૨) ક્ષેમરાજ, (૩) ભુવડ, (૪) વૈરીસિંહ, (૫) રત્નાદિત્ય, (૬) સામન્તસિંહ. 'રાસમાળા', 'કુમારપાળ પ્રબંધ' અને 'પ્રબંધ-ચિંતામણિ'માં પણ તે જ પ્રમાણેની વંશાવળીઓ છે. જ્યારે, 'ધર્મારણ્ય'માં આ નામો નીચેના ક્રમમાં આવે છે : (૧) વનરાજ (વિ. સં. ૮૦૨થી ૮૬૨), (૨) યોગરાજ, (૩) રત્નાદિત્ય, (૪) વીર(વૈરી)સિંહ (?) (૫) ક્ષેમરાજ, (૬) ચામુંડ (?), (૭) ઉઘટ (રાહડ) અને (૮) ભુવડ (વિ. સં. ૯૭૧થી ૯૯૮), જ્યારે ત્રીજી વંશાવળી ગૅઝેટિયર પ્રમાણે દર્શાવેલ છે તેમાં રાજાઓનો ક્રમ આ પ્રમાણે છે : (૧) વનરાજ (સંવત ૮૨૧થી ૮૩૬), (૨) ગાળો (ચામુંડ યુવરાજ ?), (૩) યોગરાજ, (૪) રત્નાદિત્ય, (૫) વૈરીસિંહ, (૬) ક્ષેમરાજ, (૭) ચામુંડ (અથવા ભુવડ?), (૮) ધાધડ અથવા રાહડ અને (૯) અજાણ્યો. આ ત્રણે પૈકી 'ધર્મારણ્ય' પ્રમાણેની વંશાવળીને લેખકે પ્રમાણભૂત માની છે. તે મુજબ ભુવડ વિ. સં. ૯૭૧થી ૯૯૮(ઈ. સ. ૯૧૫થી ૯૪૨)માં થઈ ગયો. આ રીતે કચ્છના વિંઝાણના કનક ચાવડાના પૌત્ર તરીકે જે ભુવડને બતાવવામાં આવે છે તેણે અંજાર તાલુકામાં આવેલ ભુવડેશ્વરનું મંદિર બંધાવ્યાનું જણાતું નથી, એટલું જ નહિ, કનક અને એના પૌત્ર તરીકે બતાવવામાં આવતા ભુવડ વચ્ચે ચાર સદીઓનો તફાવત આવે છે.

રામસિંહજી રાઠોડના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં પણ ભુવડ વિશેના ઉલ્લેખો પરસ્પર વિરોધી છે. પાના ૪૦ પર જે ભુવડનો ઉલ્લેખ કરે છે તે કનક ચાવડાના પૌત્ર ભુવડ સાથે સંબંધ ધરાવે છે. તેવી જ રીતે પાના ૮૬ પરના ભુવડનો ઉલ્લેખ પણ તે મુજબ જ છે, જ્યારે પૃષ્ઠ ૯૬ પરના ભુવડનો ઉલ્લેખ 'પ્રબંધચિંતામણિ'ની વિગતો પ્રમાણે છે અને 'પ્રબંધ-ચિંતામણિ'માં ઉલ્લેખાયેલ તે ભુવડ વનરાજના વંશમાં વનરાજ પછી સાતમી પેઢીએ આવતો ભુવડ છે.

કલ્યાણકટક એટલે કનોજના ભુવડે પંચાસરના જયશિખરીને લડાઈમાં ઈ. સ. ૬૯૬માં માર્યો એ હકીકતને દંતકથામાં ગણાવી શકાય તેમ નથી. આ સાલમાં જ વનરાજનો જન્મ થયો હતો. વિ. સં. ૮૦૨માં એણે અણહીલપુરની સ્થાપના કરી હતી એ હકીકત પણ દંતકથા નથી. પરંતુ પંડિત ભગવાનલાલ કહે છે કે કનોજપ્રદેશમાં કલ્યાણકટક નામનું કોઈ શહેર નથી તેમ જ વિ. સં. ૭૫૨માં કોઈ ભુવડે નહિ પણ સિંધમાંથી ઊતરી આવેલા આરબ ટોળાએ વિ. સં. ૭૮૦માં પંચાસરનો નાશ કર્યો હોય એમ માને છે. તેમની આ માન્યતા સાચી હોય તોપણ કચ્છની જે રાજકીય પરિસ્થિતિ હતી તેને કોઈ અસર થઈ નહોતી. કચ્છમાં પાટગઢમાં ચાવડાઓનું રાજ્ય હતું અને તેના રાજા વીરમ ચાવડાની પુત્રી બોથીબા અથવા બોઘીબા ચાવડી સાથે સિંધના નગરસમૈના સમાવંશના રાજા જામ લાખા ધુરારાનાં લગ્ન થયાં હતાં. તેનાથી તેને ચાર પુત્રો થયા હતા. લાખાની બીજી રાણી ગોહિલ વંશની હતી. તેના પણ ચાર પુત્રો હતા. આ બધા પુત્રોમાં ચાવડી રાણીથી થયેલ મોડ સૌથી મોટો હતો. પણ લાખા ધુરારાને તેની બીજી ગોહિલ રાણીથી જે ચાર પુત્રો થયા હતા તેમાંના ઉન્નડ તરફ વધારે પ્રીતિ હતી, તેથી લાખાએ પોતાની હયાતીમાં જ ઉન્નડને ગાદીએ બેસાડી દીધો. તેનો રાજ્યકાળ વિ. સં. ૯૮૬થી ૯૯૧ - (ઈ. સ. ૯૩૦થી ૯૩૫)નો દર્શાવવામાં આવે છે તે - કચ્છના ઇતિહાસ સાથે મેળ પડતો નથી. લાખા ધુરારાના કુંવરોમાં મોડ સૌથી મોટો હતો, છતાં ગાદી તેનાથી નાના ઉન્નડને આપવામાં આવતાં મોડ ઘણો જ નારાજ થયો. તેણે ઉન્નડના ભાઈ મનાઈને સાધી ઉન્નડનું ખૂન કરાવી નાખ્યું. પણ તેમ કર્યા પછી ભયના માર્યા બન્ને ભાઈઓ ભાગીને કચ્છમાં પાટગઢમાં રાજ કરતા તેમના મામા વાઘમ ચાવડા પાસે આવ્યા. વાઘમ ચાવડો મોડનો સગો મામો થતો હતો. ભાણેજ જાણીને ઠપકો આપીને તેમને બન્નેને પોતા પાસે આશરો આપીને રાખ્યા.

સિંધના ઇતિહાસમાં સમાવંશની જે વિગતો બતાવવામાં આવે છે તે જુદી જ છે. તેમાં કહે છે કે સમા લોકોનો મૂળ પુરુષ સમ્ભા, ચચ્ચના વખતમાં દેવળ બંદરનો હાકેમ હતો. સમાઓ કચ્છમાંથી સિંધમાં આવ્યા હતા. એ લોકો પૈકી કેટલાક બૌદ્ધધર્મી અને કેટલાક હિન્દુધર્મી હતા. સુમરાઓના સમયમાં તેઓ મુસલમાન બન્યા. તેઓ સેવણ નજીક સમાનગરમાં રહેતા. સિંધની હકૂમત તેઓના હાથમાં આવ્યા પછીથી તેઓ ઠઠ્ઠાની મકીલી ટેકરી પાસે નામસામોઈ શહેરમાં રહેવા ગયા. આ વંશના રાજાઓ જામ કહેવાય છે.

સમાવંશમાં કુલ ૧૭ રાજાઓ થઈ ગયા તેમાંથી જામ ઉન્નડ, જામ જુન્નાહ, જામ તમાચી, જામ નિજામુદ્દીન અને જામ ફરોજ એ પાંચ રાજાઓ પ્રખ્યાત છે. આ રાજાઓ પૈકી જામ ઉન્નડ સંબંધમાં કહે છે કે સમાવંશનો એ પહેલો રાજા હતો. તેણે સમા લોકોને એકત્ર કર્યા. હમીર સુમરાને દગાથી મારી પોતે સત્તાધીશ બન્યો. ગાદી પર બેઠા પછી જામ ઉન્નડે રાજકારોબાર બરાબર ન ચલાવ્યો, તેથી રાજ્યમાં ટંટા-ફિસાદ થયા, આથી તેને પણ મારી નાખવામાં આવ્યો. આ સમાવંશના રાજાઓનો સમયગાળો ઈ. સ. ૧૩૫૧થી ઈ. સ. ૧૫૨૧ સુધીનો આપવામાં આવેલ છે. દેખીતી રીતે આ વિગતો કચ્છના ઇતિહાસ સાથે સુસંગત નથી. સિંધમાં જામ હમીર તો કચ્છના લાખા ફુલાણીના વખતમાં હતો અને એ ગ્રહરિપુ સાથેના મૂળરાજ સોલંકીના યુદ્ધ વખતે જામ લાખાની મદદે ગ્રહરિપુને પક્ષે આવ્યો હતો. લાખા ફુલાણીનું એ યુદ્ધમાં ઈ. સ. ૯૭૯માં આટકોટ પાસે મૃત્યુ થયું હતું. કચ્છના ઇતિહાસમાં તેમ જ ગોંડળના ઇતિહાસમાં સમા વંશના જામ રાજાઓની અને જાડેજાઓની વંશાવળી સાથે પણ સિંધના ઇતિહાસમાં આપવામાં આવેલ વિગતો હકીકત સાથે મળતી નથી. સાલવારીની દૃષ્ટિએ પણ ૪થી ૫ સદીનો તફાવત આવે છે. લાખા ફુલાણીનું મૃત્યુ મૂળરાજના હાથે થયું એ હકીકત ઐતિહાસિક સત્ય છે અને લાખો ફુલાણી જામ ઉન્નડના ભાઈ જામ મોડની પેઢીમાં મોડથી ચોથો હતો.

પાટગઢનો રાજા વાઘમ ચાવડો ગુંતરીગઢના સાત સાંધોના નામે ઓળખાતા સોલંકીઓનો ખંડિયો રાજા હતો અને સોલંકીઓને તે રોજ ઘાસનાં સાત ગાડાં ખંડણી ભરતો હતો. વાઘમ ચાવડાના આશરે રહેલા મોડ અને મનાઈએ વિચાર કર્યો કે આમ જ અહીં પડ્યા રહેશે તો કાંઈ થવાનું નથી, તેથી મોડે મનાઈને સમજાવીને વાઘમને દગાથી મારી નખાવ્યો અને તેનું રાજ્ય કબજે કર્યું.

મોડ અને મનાઈ કચ્છમાં ક્યારે આવ્યા તે અંગે કોઈ ઇતિહાસકારે સ્પષ્ટ વિગતો દર્શાવી નથી. જે કાંઈ વિગતો નોંધાઈ છે તે વિરોધાભાસી છે. 'ગોંડળનો ઇતિહાસ'માં દર્શાવેલ વિગત પ્રમાણે ઉન્નડનો રાજ્યકાળ ઈ. સ. ૯૩૫માં તેનું ખૂન થવાથી પૂરું થાય છે. એટલે તે પરથી એમ કહી શકાય કે મોડ અને મનાઈ સંવત ૯૯૧(ઈ. સ. ૯૩૫)માં કચ્છમાં આવ્યા હશે. ઠાકરસી પુરુષોત્તમ કંસારા મોડ તથા મનાઈ ઈ. સ. ૮૪૦-૮૫૦ વચ્ચેના અરસામાં પાટગઢમાં આવ્યાનું જણાવે છે, જ્યારે 'જામ પુંઅરો અને પદ્ધરગઢ' નામના તેમના એક લેખમાં જામ મોડ સને ૯૦૦થી થોડા વરસો પહેલાં આવ્યો હોવાનું જણાવેલ છે. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં દર્શાવવામાં આવેલી વિગતો ઘણી ભૂલ- ભરેલી છે. તેમાં ઉન્નડને સૌથી મોટા પુત્ર તરીકે બતાવ્યો છે. હકીકતમાં મોટો ઉન્નડ નહિ પણ મોડ હતો. વાઘમ ચાવડાને બદલે તેના પિતા વીરમદેવ પરમારનું નામ બતાવેલ છે. મોડનો મામો વાઘમ ચાવડો હતો. વીરમ તો તેનો નાનો થતો હતો. વળી મોડને બદલે મનાઈને ઈ. સ. ૮૧૯માં કચ્છની ગાદીએ બેસાડ્યો છે. હકીકતમાં મોડ ગાદીએ બેઠો હતો. મોડનો પુત્ર સાડ થયો અને સાડનો પુત્ર ફુલ થયો, જેણે ઈ. સ. ૮૫૫થી ૮૮૦ સુધી રાજ્ય કર્યાનું બતાવેલ છે. ફૂલનો પુત્ર લાખો થયો, જે પિતાના નામ પરથી તે ફુલાણી સંજ્ઞાથી ઓળખાયો. આ લાખો લાખણસી, લાખોજી, લક્ષરાજ, લષાંક, લખમસી વગેરે નામોથી ઓળખાય છે.

મોડ અને મનાઈએ વાઘમ ચાવડાને દગાથી મારી પાટગઢનું રાજ્ય કબજે કર્યું અને મોડ પાટગઢની ગાદીએ બેઠો. વાઘમ ચાવડો ગુંતરીના સાત સાંધોના નામે ઓળખાતા સોલંકીઓનો ખંડિયો હતો, તેથી ગુંતરીના સાત સાંધોએ તેને પડકારતાં મોડે તેમને અગાઉ ખંડણીમાં દરરોજનાં જે સાત ગાડાં ઘાસનાં અપાતાં હતાં તેને બદલે ૧૮ ગાડાં ઘાસ આપવાનું સ્વીકારતાં તે પ્રમાણે ખંડણી આપવાનું શરૂ કર્યું અને શરતનું પાલન થતું રહે તે માટે મનાઈને બાનમાં રાખવામાં આવ્યો. મનાઈએ ત્યાં બાનમાં રહીને ત્યાંની રાજકીય પરિસ્થિતિ જાણી લીધી. આ રીતે ગાડાંઓ અપાતાં રહે અને વિશેષ કાંઈ કાર્યવાહી ન થાય તો પોતાનો જીવનભર અહીંથી છુટકારો જ ન થાય, એટલે તેણે મોડને સાંકેતિક ભાષામાં કહી મોકલ્યું કે દરેક ગાડામાં ૬-૬ માણસને હથિયાર સહિત મોકલવામાં આવે તો ૧૮ ગાડાંમાં ૧૦૮ માણસો આવી જાય તો ગુંતરી ગઢ કબજે કરવામાં કાંઈ જ અડચણ રહેશે નહિ. મોડને પણ વિચાર ગમ્યો અને તેણે એ રીતે માણસોને મોકલ્યા. મનાઈએ માગેલી મદદ આવી જતાં ઝપાઝપી થઈ અને તેમાં સાતે સાંધોને મારી નાખી ગુંતરી કબજે કર્યું. આ રીતે ચાવડા તથા સોલંકીઓનાં રાજ્યો કબજે કરી બન્ને ભાઈઓએ પોતપોતામાં વહેંચણી કરી લીધી. મનાઈ ત્યાં જ રહ્યો અને મોડ પૂર્વ-કચ્છ તરફ આગળ વધ્યો. ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે મોડ અને મનાઈ કચ્છમાં ક્યારે આવ્યા તે ચોક્કસ થતું નથી. તેવી જ રીતે મોડ પાટગઢની ગાદીએ ક્યારે બેઠો તે પણ નક્કી થતું નથી. માત્ર લાખા ફુલાણીના મૃત્યુનું વર્ષ નક્કી છે અને તે છે ઈ. સ. ૯૭૯. મોડથી લાખા ફુલાણી સુધી ચાર રાજાઓ થયા. સરેરાશ દરેકનો રાજ્યકાળ ૩૪ વર્ષ ગણીએ તો તે ગણતરીએ ૧૩૬ વર્ષ થાય. ઈ. સ. ૯૭૯માંથી ૧૩૬ બાદ કરવામાં આવે તો તે ઈ. સ. ૮૪૩ આવે છે. લાખો ધુરારો, લાખો ફુલાણી વગેરેના લાંબા આયુષ્યને ધ્યાને લેતાં ચાર રાજાઓના રાજ્યકાળની ગણવામાં આવેલ સરાસરી વધુપડતી નહીં જણાય. આ દૃષ્ટિએ મોડ અને મનાઈ ઈ. સ. ૮૪૧-૪૨ની આસપાસ પાટગઢ આવ્યાનું ગણી શકાય. ઠાકરસી પુરુષોત્તમ કંસારાએ મોડ અને મનાઈ કચ્છમાં ઈ. સ. ૮૪૦-૮૫૦ વચ્ચે આવ્યા હોવાનું અનુમાન કરેલ છે. તે ગણતરીએ ઈ. સ. ૮૪૧-૮૪૨ના અરસામાં કચ્છ આવી પાટગઢ કબજે કર્યું અને ઈ. સ. ૮૪૨-૪૩માં પાટગઢમાં ગાદીએ બેઠા પછી વાગડ તરફ નજર દોડાવી અને ઈ. સ. ૮૪૩માં કંથકોટના કિલ્લાનું બાંધકામ શરૂ કરાવ્યાનું માની શકાય, કારણ કે ઈ. સ. ૮૪૩માં આ કિલ્લાનું બાંધકામ શરૂ કરાવ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. આમ મોડે કચ્છમાં જાડેજા-રાજવંશનો પ્રથમ તબક્કાનો પાયો લગભગ ઈ. સ. ૮૪૩ની આસપાસ નાખ્યો, જે પુંઅરાના મૃત્યુ સુધી એટલે કે ઈ. સ. ૯૮૫ સુધી ૧૪૨ વર્ષે પૂરો થયો. આ ૧૪૨ વર્ષના સમયગાળામાં જામ મોડથી માંડી જામ પુંઅરા સુધીના પાંચ રાજવીઓએ કચ્છમાં રાજ્ય કર્યું અને તેમના રાજ્યનો વિસ્તાર વધાર્યો.

સમાવંશના આ જામ જે પાછળથી કચ્છના જાડેજાવંશના રાજવીઓ તરીકે જાણીતા થયા તેમણે ત્રણ તબક્કામાં એકંદરે ૯૩૯ વર્ષ સુધી કચ્છમાં રાજ્ય કર્યું. તેઓ પોતાના વંશના આદ્યપુરુષ તરીકે આદિનારાયણને બતાવે છે. અગાઉના સમયમાં ભાટ, ચારણ અને વહીવંચા બારોટો વંશાવળીના ચોપડા રાખતા. બારોટની વહીઓ તરીકે ઓળખાતી આ વહીઓમાં શરૂઆતમાં વંશાવળી હોય છે. એમાં સૌ-પ્રથમ સૃષ્ટિની ઉત્પત્તિની કથા હોય, પછી જે-તે કુળની ઉત્પત્તિની કથા હોય અને તેની વંશાવળી આવે. કચ્છના જાડેજાવંશના શાસકોની વંશાવળી તેમના વહીવંચા બારોટોએ રાખી છે. મૂળપુરુષથી શરૂ થતી એ વંશાવળી પેઢી-દર-પેઢી લખાતી રહેતી હતી. તેમાં સમયાંતરે નવા જન્મેલા કે ગત થયેલાની વિગતો ચોકસાઈથી નોંધાતી રહેતી હોવાથી તે લગભગ સંપૂર્ણ કહી શકાય તેવા સ્વરૂપમાં ઉપલબ્ધ છે. તેમાંથી કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને એક ગામથી બીજે ગામ જઈ વસેલી પેઢીઓ અથવા નાશ પામેલાં ગામોની વિગતો મળી રહે છે. આમ, વંશાવળી ઐતિહાસિક વિગતોની સાથે-સાથે ભૌગોલિક માહિતી પણ પૂરી પાડે છે. કચ્છના

જાડેજા શાસકોની વંશાવળી તેમના આદિપુરુષ આદિનારાયણથી શરૂ થાય છે. આદિનારાયણથી ૫૪મી પેઢીએ શ્રીકૃષ્ણ થયા. શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ ઇજિપ્ત દેશના શોણિતપુરના રાજા બાણાસુરની પુત્રી ઉષા(ઓખા)ને પરણ્યો હતો અને શ્રીકૃષ્ણનો પુત્ર સાંબ બાણાસુરના પ્રધાન કૌભાંડની પુત્રી રામાને પરણ્યો હતો. બાણાસુર અને તેનો પ્રધાન બન્ને નિર્વંશ જતાં શોણિતપુરની ગાદી સાંબના પુત્ર ઉષ્ણિકને મળી હતી. યાદવાસ્થળી વખતે ઉષ્ણિક શોણિતપુરમાં હોવાથી તે બચી ગયો હતો. આ ઉષ્ણિકની ૧૩૫મી પેઢીએ દેવેન્દ્ર નામે રાજા થયો. તેના ચાર પુત્રો હતા. તેમનાં નામ હતાં અસપત, ગજપત, નરપત અને ભૂપત. આ સમય દરમિયાન ઇસ્લામધર્મના પ્રચાર-પ્રસાર માટે ઝુંબેશ ચાલતી હતી. રાજા દેવેન્દ્રની હયાતી સુધી કોઈએ મિસ્ર તરફ જોવાની હિંમત પણ કરી નહોતી, પણ તેના અવસાન પછી તે દેશ જીતી લેવાયો અને રાજા દેવેન્દ્રના ચારે પુત્રોને મુસલમાન બનાવવા માટે મક્કે લઈ જવામાં આવ્યા. નબી મહમદસાહેબની ગેરહાજરીમાં બીબી ફાતમાને દયા આવવાથી એ ચારે જણને વહાણમાં બેસાડી હિન્દુસ્તાન તરફ મોકલી દીધા. આ ચારે જણ સૌરાષ્ટ્રના કિનારે ઊતરી ઓસમના ડુંગર ઉપર આવ્યા અને માત્રીની જગ્યામાં રહ્યા. મહમદસાહેબને આની ખબર પડતાં તે પણ ઓસમના ડુંગર પર આવ્યા. ત્યાં અસપતને મુસલમાન બનાવ્યો. તેના વંશજો મુગલ થયા. બાકીનાને જવા દીધા.

'બારોટી સાહિત્યના સર્વસંગ્રહ' તરીકે પ્રસિદ્ધ અને કવિ અદાભાઈ પુરાણી રચિત ગ્રંથમાં આ અંગે જુદી જ વિગતો આપવામાં આવી છે. તેમાં જણાવ્યા મુજબ જ્યારે યાદવાસ્થળી થઈ ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભની ચાર પત્નીઓ દુર્વાસા-મુનિના શાપથી બચવા વહાણમાં બેસીને મક્કા નાસી ગયેલી. ત્યાં તેઓએ ચાર પુત્રોને જન્મ આપ્યો. મુસલમાનોના આ દેશમાં આ ચારે સ્ત્રીઓ હિંદુધર્મ સાચવીને રહે છે અને વટલાતી નથી. આ સ્ત્રીઓને મુસા પયગંબરે ત્યાં જોઈ અને તેમની હકીકત પૂછી. સ્ત્રીઓએ કહ્યું કે અમે અમારો વંશ ઉગારવા અહીં આવ્યાં છીએ, કારણ કે અમારા પુત્રોનો આ વડમોસાળનો મુલક છે. બાણાસુરની પુત્રી ઓખા જેનાં લગ્ન અનિરુદ્ધ સાથે થયાં હતાં, તેનો એકદંડિયો મહેલ તો અહીં હતો. તે અનિરુદ્ધના પુત્ર વજ્રનાભના આ ચાર પુત્રો છે, તેથી આ પુત્રોનું અહીં વડમોસાળ છે.

આ વાત સાંભળી મુસા પયગંબરે કહ્યું કે એ બાળકો મને આપો, હું તેમને ઉછેરીશ. આ સાંભળી તે ચારે સ્ત્રીઓ પોતાનાં બાળકોને લઈ ત્યાંથી નાસી છૂટી અને પાછી પોતાના દેશમાં આવી, ઓસમના ડુંગર ઉપર પહોંચી. ત્યાં પણ મુસા પયગંબરને જોયા એટલે ચારે પુત્રોને માતાએ નોખાનોખા રાખ્યા. એકને પોતાના મુખના જાડામાં રાખ્યો, જે જાડેજા રાજપૂત કહેવાયા, જેને માતાએ ભદ્રેશ્વર ગામ આપ્યું. બીજા પુત્રને માતાએ ભેટમાં રાખ્યો તે રાજપૂત ભટ્ટી કહેવાયા. તેને માતાએ જેસલમેર ગામ આપ્યું. વજ્રનાભના ત્રીજા પુત્રને માતાએ પોતાના ચૂડામાં રાખ્યો તે ચૂડાસમા કહેવાયા. માતાએ તેને જૂનાગઢ ગામ આપ્યું.

પ્રથમની કથા પ્રમાણે અસપતને મુસલમાન બનાવ્યા પછી જતા કરાયેલા બાકીના ત્રણ ભાઈઓ ગજપત, નરપત અને ભૂપત સિરિયા-ઈરાન થઈ અફઘાનિસ્તાન આવ્યા. ત્યાં ગજપતે સંવત ૭૦૮માં વૈશાખ સુદ ૩ને શનિવારે રોહિણી-નક્ષત્રમાં 'ગજની' નામે શહેર વસાવી કિલ્લો બાંધ્યો અને નરપતને જામની પદવી સાથે ગાદીએ બેસાડ્યો.

નરપતને ગજનીમાં ગાદીએ બેસાડ્યા પછી બાકીના બન્ને ભાઈઓ પૈકી ગજપત પોતાના ૧૫ કુંવરો સાથે હિંદમાં સૌરાષ્ટ્ર તરફ આવ્યો. તેના વંશમાં ચૂડચંદ્ર યાદવ થયો તે પરથી તેના વંશજો ચૂડાસમા કહેવાયા. ભૂપતે દક્ષિણ તરફ આગળ વધી ભારતના સિલિંદ્રપુરનો પ્રદેશ જીતી ત્યાં ભાટિયાનગર વસાવ્યું. ત્યાંથી આગળ વધી તણોટ અને દરવાલ વસાવી ત્યાં રાજધાની ફેરવી. આ રાજવંશે ઘણાં વર્ષો પછી જેસલમેર વસાવી ત્યાં તેમનું પાટનગર ફેરવ્યું. આ રાજવંશ ભટ્ટી નામથી પ્રસિદ્ધ થયો.

ભાટીઓ સંબંધમાં રાજસ્થાનના ઇતિહાસકારો ભટ્ટીઓની વંશાવળીને વિશ્વસનીય ગણતા નથી. તેમના કહેવા પ્રમાણે જેસલમેરનો રાજવંશ રાજપૂતોના ચંદ્રવંશીય યાદવોના ભાટીમાંથી છે. દંતકથાઓ તથા ખ્યાતોના આધારે ભટ્ટીવંશના મુખ્ય પ્રવર્તકમાં રજ અને ગજનાં નામ આવે છે. તે પંજાબમાં રાજ્ય કરતા હતા. પછી ઉત્તરોત્તર બલન્દ, ભાટી મંગલરાવ અને મંજસરાવ તથા કેહરજી અને તન્નૂજીનાં નામ બતાવવામાં આવે છે. મંજસરાવ રાજસ્થાનના રણમાં આવતા-જતા હતા. તન્નોટનો કિલ્લો જે જેસલમેરથી ઉત્તર-પશ્ચિમમાં ૭૫ માઈલ દૂર છે તે કેહરે બનાવ્યાની માન્યતા છે. એમના પછી પણ કેટલાય શાસકોનાં નામ મળે છે. એ વંશાવળી ભટ્ટીઓના ઇતિહાસની પ્રાચીનતા સાબિત કરે છે, પણ તે વિશ્વસનીય નથી.

ગજનીમાં નરપત પછી સામંત તેની ગાદીએ આવ્યો. તેને ફીરોજશાહના પુત્ર સુલતાનશાહે હરાવ્યો તેથી તે ગજની છોડીને સિંધમાં આવ્યો. ત્યાં પોતાની ગાદી સ્થાપી. તેના પછી ૧૦મો રાજા લાખો ધુરારો થયો. તેના ૮ પુત્રો પૈકી મોડ અને મનાઈ નગરસમૈના રાજા તે પોતાના ભાઈ ઉન્નડને દગાથી મારીને પાટગઢમાં નાસી આવ્યા અને તેનો રાજા વાઘમ ચાવડો જે તેમનો મામો થતો હતો તેને પણ દગાથી મારી તેની ગાદી કબજે કરી તે વિગતો અગાઉ દર્શાવેલ હોઈ તેનું અહીં પુનરાવર્તન કરવામાં આવતું નથી. જાડેજાવંશની વંશાવળી સંબંધમાં ડૉ. ઈશ્વરલાલ ઓઝા નોંધે છે કે તેની સત્યતા વિશે લગભગ નિશ્ચિત પ્રકારની શંકા છે. આધારભૂતતાની દૃષ્ટિએ આ વંશાવળીને તેમણે ત્રણ ભાગમાં વિભક્ત કરી છે. પ્રથમ ભાગ માટે તે કહે છે કે આદિનારાયણથી જામ સામપત સુધીનો લગભગ ૧૩૭ જેટલા પૈતૃકોનો ક્રમ આવે છે. તેમાં આદિનારાયણથી શ્રીકૃષ્ણ બાબતમાં હવે ઇતિહાસ વૈજ્ઞાનિક બનવાનો પ્રયત્ન કરે છે, જેમાં તેને અંશતઃ સફળતા પણ મળી છે. ઈ. સ. ૧૫૦૦ આસપાસ શ્રી કૃષ્ણનો સમય મૂકવામાં આવે છે. શ્રીકૃષ્ણથી જામ સામપત વિશે ફક્ત અનુશ્રુતિઓ અને કેટલીક બાબતમાં ફક્ત નામો જણાવાઈ રહ્યાં છે. તેમને ભાટ-ચારણોએ ફક્ત ક્રમ આપવાની વ્યવસ્થા જાળવી છે. આ સિવાય આ પ્રથમ ભાગની વંશાવળીનું કશુંય મહત્ત્વ નથી. બીજા વિભાગમાં નિર્દેશિત વ્યક્તિઓ દંતકથા અને ઇતિહાસની સમાંતર ચાલવાનો પ્રયત્ન કરતી દેખાય છે. ત્રીજા ભાગમાં જે ખેંગારજી પહેલાથી શરૂ થાય છે તેમાંના શાસકોની ઐતિહાસિકતા અંગે કોઈ વિવાદ નથી.

આત્મારામ કેશવજી દ્વિવેદી કૃત 'કચ્છદેશનો ઇતિહાસ'માં કચ્છના રાજવંશની વંશાવળી (પુરાણ અને ભાટ લોકોના મત પ્રમાણે) આપવામાં આવેલ છે (પૃષ્ઠ ૭૫ પછી શરૂ થતાં પૃષ્ઠ ૧થી ૮). પણ તેમાં કોઈનો પણ સમયગાળો દર્શાવેલ નથી. આ ઉપરાંત બારોટ અભેસંગભાઈ પોપટભાઈએ સને ૧૯૯૩માં જાડેજાવંશનું 'વસુંધરા' નામે વંશાવળીનું પુસ્તક પ્રગટ કરેલ છે તે તથા ગોહિલ અજિતસિંહ રણજિતસિંહે સને ૧૯૯૪માં 'રાજપૂત વંશસાગર' ભાગ ૧ તેમ જ 'રાજપૂત ક્ષત્રિયજ્યોત'ના વિ. સં. ૨૦૪૯ના દીપોત્સવી વિશેષાંક તારીખ ૧૫-૧૧-૧૯૯૨માં પણ જ્યાં સાલવારી દર્શાવવામાં આવેલ છે તેમાં રાજવૈદ્ય જીવરામ કાળિદાસના 'ગોંડળનો ઇતિહાસ' અને મહારાજા શ્રી ભગવતસિંહજી જીવનચરિત્રને અનુસરવામાં આવેલ છે. પરંતુ તેમાં પણ મોડ, મનાઈ, સાડ, ફૂલ, લાખો ફુલાણી અને પુંઅરાના રાજ્યકાળનો સમય બતાવવામાં આવેલ નથી. આ રાજાઓ પૈકી સાડ સુધીની વિગતોમાં ઇતિહાસતત્ત્વને બદલે દંતકથાનો ભાગ વિશેષ જણાય છે.

પશ્ચિમ-કચ્છમાં પાટગઢ તથા ગુંતરી કબજે કર્યા પછી મોડ પૂર્વ-કચ્છ તરફ ગયો. તે સમયે ગેડીમાં ધરણ વાઘેલો રાજ કરતો હતો. મોડે તેની સાથે મિત્રતા બાંધી. ધરણ વાઘેલાએ પોતાની બહેન મોડના પુત્ર સાડને પરણાવી. ત્યાર પછી વાઘેલાની સત્તા તળેના પ્રદેશોમાં આવેલ કંથકોટના ડુંગર ઉપર એક કિલ્લો બાંધવાની ઇચ્છા પ્રગટ કરી. આ ડુંગર ઉપર કંથડનાથ નામે એક યોગી તપસ્યા કરતો હતો. તેને આ સ્થળ છોડી જવાનું

કહેવામાં આવ્યું, પણ તેણે ત્યાંથી ખસવાની ના પાડી દીધી, તેથી તે યોગીને પરાણે ત્યાંથી ઉઠાડી મોડે કિલ્લો બાંધવાનું કામ શરૂ કરાવ્યું. કિલ્લાનો જેટલો ભાગ દિવસે બંધાતો તે રાત્રે પડી જતો હતો. તેની હયાતી દરમિયાન મોડ તે કિલ્લાનું બાંધકામ પૂરું કરાવી શક્યો નહીં. પાછળથી તેના પુત્ર જામ સાડે એ કંથડનાથ યોગીના એક ચેલાને સાધી કંથડનાથને ખુશ કરી કિલ્લાનું બાંધકામ પૂરું કરાવ્યું. કિલ્લો બંધાઈ ગયા પછી જામ સાડે પોતાની હદ વિસ્તારવા માંડી, તેથી ધરણ વાઘેલાએ પોતાના આ બનેવીને જમવા માટે આમંત્રી દગાથી મારી નાખ્યો.

જામ સાડે કંથકોટનો કિલ્લો પૂરો કરાવ્યો તે અગાઉ પણ તે કિલ્લો હતો. ઈ. સ. ૭૭૬માં ખલીફા મનસૂરે અમરૂ બીન જમાલને વલભી પર ચડાઈ કરવા મોકલેલ ત્યારે વલભીનો રાજા ગંધારના કિલ્લામાં જઈ રહ્યો હતો. કંથકોટના કિલ્લાનાં જુદાંજુદાં નામો છે તેમાં એ નામનો પણ સમાવેશ થાય છે. 'સોરઠી સોમનાથ'ના લેખક કવિ ભવાનીશંકર નરસીરામે એને 'ગંદાબા' તરીકે ઓળખાવેલ છે. એટલે જામ મોડ પહેલાં પણ આ કિલ્લો હતો. 'મુજફ્ફરશાહી'ના લેખકે ભારતના ૧૦ કિલ્લાઓને મશહૂર ગણાવ્યા છે તેમાં કંથકોટનો પણ સમાવેશ થયેલ છે. આ ૧૦ કિલ્લાઓ આ પ્રમાણે છે : (૧) કાન્જિર (બુંદેલખંડ), (૨) ગ્વાલિયર, (૩) દેવગઢ (દક્ષિણ-દોલતાબાદ), (૪) રોહતાસ (બિહાર), (૫) ચિતોડ (મારવાડ), (૬) ગિરનાર (કાઠિયાવાડ), (૭) ચાંપાનેર (ગુજરાત), (૮) કંથકોટ (કચ્છ), (૯) ભીમદેવ (કાંગડા), (૧૦) મન્ડુ (માળવા).

સાડને મારી નાખ્યા પછી તેના પુત્ર ફૂલને પણ મારી નાખવા માટે માણસો દોડાવ્યા. પોતાના પુત્રના ભોગે વફાદાર દાસી ફારકે ફૂલને બચાવી લીધો અને સિંધ-બાંભણાસરમાં આવી. અહીં તે ધલુરા (દુલારા) બાદશાહના કારભારી અજા અને અણગોરના ઘરનું કામકાજ કરી કુંવરનું ભરણપોષણ કરવા લાગી. આ રીતે ઉછેર પામતો ફૂલ મોટો થતાં ગામની ગાયો ચારવા લાગ્યો. સાથેસાથે તીર ચલાવવામાં પણ પ્રવીણતા મેળવી લીધી હતી. એક વખત દુલારા બાદશાહ શિકાર કરવા માટે નીકળ્યો હતો ત્યાં એક સિંહ તેના હાથી પર ધસી ગયો, જેથી બાદશાહની જિંદગી જોખમમાં આવી પડી. આવા અણીના સમયે ફૂલે રાજાનો જીવ બચાવ્યો. રાજાને ફૂલની વિગતો જાણવા મળતાં તે ખુશ થયો અને તેણે પોતાની પુત્રી તેને પરણાવી. કચ્છમાં પોતાનું રાજ્ય તે પાછું મેળવી શકે તે માટે પોતાના કારભારીઓને પણ લશ્કર સાથે મોકલ્યા. લશ્કરની મદદ વડે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું અને કંથકોટમાં રહેવાને બદલે હબાય પાસે અજા અને અણગોરની બહેન બોલાડી જે તેમની સાથે આવી હતી તેને નામે બોલાડી ગામ વસાવી ત્યાં તેણે રાજગાદી સ્થાપી. થોડે દૂર અણગોર નામના કારભારીના નામે અણગોરગઢ વસાવ્યું અને ગેડીના રાજવી ધરણ વાઘેલા પર ચડી ગયો. પરિસ્થિતિ પામીને ધરણ વાઘેલો શરણે આવ્યો અને ફૂલને તેનું રાજ્ય પાછું સોંપી આપવાની સાથે પોતાની પુત્રી ધાણ વાઘેલીને ફૂલ સાથે પરણાવી. પોતાનું રાજ્ય પાછું મળી ગયા છતાં ફૂલ પોતાના પિતાના કરવામાં આવેલા ખૂનને ભૂલી શક્યો નહોતો, તેથી તેણે તક મળતાં જ ધરણ વાઘેલાને મારી નાખ્યો. તેની ચામડીના બનાવેલા ચાકળાને રાણીના બેસવાના આસનિયા નીચે મુકાવી દીધો. રાણીને જ્યારે આની જાણ થઈ કે જામ ફૂલે જ આ ભયંકર કૃત્ય કર્યું છે ત્યારે તે અત્યંત ખિન્ન થઈ. આ સમયે તે ગર્ભવતી હતી. તેણે ક્ષત્રિયવટના ઝનૂનમાં પોતાના પેટમાં કટાર પરોવી આઠ માસનો ગર્ભ જીવતો બહાર કાઢી આપીને પોતાના પ્રાણ ત્યાગી દીધા. આ બાળકને પેટમાં ઘા મારીને બહાર કાઢવામાં આવેલ તેથી તે કુંવર 'ઘાઓ' તરીકે ઓળખાયો.

કચ્છનો કીર્તિમુગટ રા' લાખો ફુલાણી

જામ ફૂલે મોટી ઉંમરે શૂરવીર રબારી કન્યા સોનલ સાથે લગ્ન કર્યાં હતાં. લોકવાણીમાં તે અપ્સરા તરીકે પ્રસિદ્ધ હતી. આ સોનલથી લાખાનો જન્મ થયો હતો, જે કચ્છ, ગુજરાત, કાઠિયાવાડ અને રાજસ્થાનમાં પણ લાખા ફુલાણી તરીકે જાણીતો થયો હતો. નાની

વયથી જ લાખો અસાધારણ પ્રતિભા, અપાર શૌર્ય અને અતૂટ શક્તિ ધરાવતો હતો. પણ લોકકથાઓમાં બનતું આવ્યું છે તેમ બીજી રાણીઓની અદેખાઈને કારણે તેને પિતાની નારાજગી વહોરવી પડી હતી અને તેના કારણે તેને દેશવટે જવું પડ્યું હતું. 'કચ્છદેશનો ઇતિહાસ'ના કર્તા કહે છે કે 'ઇન્ડિયન એન્ટિક્વિટી'માં છપાયેલી રાણી ટંકની વાર્તામાં લાખા વિશે કહેવામાં આવ્યું છે કે –

લાખા પુત્ર સમુદ્ર કા, ફૂલ ઘરે અવતાર,
પારેવાં મોતી ચૂગે, લાખા રે દરબાર,
પલાણી હીરે જડી, સુરત પચાણી,
પછમ હિંદરો પાદશા, લાખો ફૂલાણી.

જામ મોડ, સાડ અને ફૂલના પ્રસંગો લગભગ દંતકથાઓ જેવા જ છે, જ્યારે લાખા ફુલાણીનું સમગ્ર જીવન દંતકથાઓની સાથેસાથે ઐતિહાસિક હકીકતોથી ઊભરાય છે. એમ કહેવાય છે કે ચારણી સાહિત્યનો આદિકાળ કચ્છના રા' લાખા ફુલાણીના સમયના તેના કવિ માવલ વરસડાથી શરૂ થયેલ છે. લાખા ફુલાણીનાં પ્રશસ્તિકાવ્યો એ કવિની કલ્પનાની ઊપજ નથી પણ વાસ્તવિક હકીકતનું બયાન છે. માવલ ચારણે દુહાઓમાં લાખાનાં શૌર્ય અને શક્તિનાં ગાન ગાયાં છે :

ભવ જીયણ અથ ભોગવણ, ગુણ જાણણ ગહગીર.
ભુજા ધન માઉલ ભણે, લેહરિ રવ લખધીર... ૧

(માવલ કહે છે કે જિંદગીને જીતી લેનારા, ધન ભોગવનારા, ગુણને જાણનારા સાગર સમાન રાવ લાખાની ભુજાને ધન્ય છે.)

તાહરી ફૂલ તણાહ, લાખા જણ અંબર લગી,
ઉપરિ જગતિ અથાહ, જિગિઓ કરુણાપતિ જિહિ... ૨

(હે ફૂલના પુત્ર લાખા ! તારો યશ આકાશે જઈ પહોંચ્યો અને અપાર એવા સંસાર પર તે યશ સૂર્યરૂપે પ્રકાશ્યો.)

લાખા ફુલાણીને ગુજરાતના રાજા મૂળરાજ સોલંકી સાથે વેર બંધાયા વિશે એકથી વધુ દંતકથાઓ પ્રચલિત છે. 'કચ્છ-દેશનો ઇતિહાસ'માં કહ્યું છે તે પ્રમાણે કલ્યાણના ભુવડ સોલંકીની ચોથી પેઢીએ ભુવનાદિત્ય થયો. તેના દીકરા રાજ, બીજ અને દંડક સોમનાથની યાત્રા કરી પાછા વળતાં અણહિલપુરના તળાવને કાંઠે ઉતારો કરી બેઠા હતા. એટલામાં સામંતસિંહ ચાવડાના ઘોડાઓને નવડાવવા માટે તેના સાઈસ તળાવે આવ્યા. તેમાંથી એક જણે એક ઘોડીને તાજણો માર્યો તેનો અવાજ સાંભળી બીજ જે અંધ હતો તે બોલી ઊઠ્યો કે આ ચાબુક મારનારે ઘોડીના પેટમાં ઊછરતા પંચકલ્યાણી વછેરાની ડાબી આંખ ફોડી નાખી. આ સાંભળી તે ઘોડીનો સાઈસ તેની મશ્કરી કરવા લાગ્યો અને પાછા વળતાં અણહિલપુરના રાજા સામંતસિંહને તેણે બનેલી હકીકત કહી સંભળાવી. રાજાએ એ ત્રણે જણને દરબારમાં બોલાવ્યા અને બીજને પૂછ્યું કે 'તને કેવી રીતે ખબર પડી કે ઘોડીના પેટમાં ઊછરતો વછેરો પંચકલ્યાણી છે અને તે ડાબી આંખે અંધ થયો છે ?' બીજે જવાબ આપ્યો કે 'હું અશ્વવિદ્યાનો જાણકાર છું, તેથી મારી વાત ખોટી નહિ પડે અને ખોટી પડે તો તમને ઠીક લાગે તે સજા મને કરવાની તમને છૂટ અને જો સાચી પડે તો મારા ભાઈ રાજને તમારે સગપણ આપવાનું થશે.' થોડા વખત પછી ઘોડીએ ઠાણ આવ્યું. બીજે કહેલી વાત સાચી પડી, તેથી સામંતસિંહ ચાવડાએ પોતાની બહેન લીલાવતીને રાજ સાથે પરણાવી. સમય જતાં લીલાવતીને રાજથી ગર્ભ રહ્યો. સમય પર પુત્ર જન્મ્યો. મૂળનક્ષત્રમાં જન્મ્યો હતો તેથી તેનું નામ મૂળરાજ રાખવામાં આવ્યું. જ્યોતિષીઓએ આ બાળકનું ભવિષ્ય ભાખતાં કહ્યું કે આ છોકરો એના મામાના કુળનો નાશ કરશે, તેથી આવા ઘાતક પુત્રને મારી નાખવા માટે લીલાદેવીએ મારાઓને સોંપ્યો. મારાઓ એ છોકરાને જંગલમાં લઈ ગયા, પણ આ નિર્દોષ છોકરાને મારી નાખવા માટે તેમનો જીવ ચાલ્યો નહિ, તેથી તેને જંગલમાં જીવતો મૂકીને પાછા વળી આવ્યા. અહીં લીલાવતી પણ તરત મરણ પામી. આવા બનાવથી નારાજ થઈ રાજ દ્વારકાની યાત્રા કરવા નીકળી ગયો. ત્યાંથી પાછા વળતાં તે લાખાના દરબારમાં આવ્યો. એને જાણવા મળ્યું કે લાખાના માનીતા ઘોડા

પબુપસરનો એક પગ ઊંચો જ રહ્યા કરે છે. લાખાએ અનેક ઉપાયો કરાવ્યા હતા પણ કાંઈ જ ફેર પડ્યો નહોતો, તેથી રાજે લાખાની રજા લઈને ઘોડાની સારવાર કરવા માંડી. રાજને લાગ્યું કે ઘોડાને સ્વપ્નઘાત થયેલ છે તેથી તેનામાં જો વીરરસ ઉત્પન્ન થાય તો તે આપમેળે બરાબર થઈ જાય. તેને બીજી કોઈ સારવારની જરૂરત જ નથી. રાજે લાખાને યોજના સમજાવી. દેખાવ ખાતર લડાઈ કરવા માટે બે ટુકડીઓ તૈયાર કરવામાં આવી. ખરેખર જાણે બે પક્ષ વચ્ચે લડાઈ થઈ રહી છે તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. લાખો ઘોડે ચડી મેદાનમાં આવ્યો. યુદ્ધના મેદાનમાં તલવારોનો ખણખણાટ અને ભાલાઓના ચમકારા વચ્ચે લાખે ઘોડાને એડી મારીને 'વાહ પબુપસર ! વાહ પબુપસર !' એમ બે વાર કહેતાં જ ઘોડામાં વીરરસ જાગી ઊઠ્યો અને ઘોડો ચારે પગે યુદ્ધના મેદાન તરફ હડી કાઢીને દોડ્યો. રાજની યોજના સફળ થઈ. ઘોડો ચારે પગે દોડતો થઈ ગયો. આથી ખુશ થયેલા લાખાએ રાજને જે જોઈએ તે માગી લેવા કહેતાં તેણે પોતા માટે રાજકુટુંબમાંથી સગપણ માગ્યું. લાખાએ પોતાની બહેન રાયાજી સાથે રાજનાં લગ્ન કરી આપ્યાં. આ લગ્નથી રાજને રાખાઈત નામે પુત્ર થયો. એક વખત દરબારમાં રાજનું સ્થાન તેના મોભા પ્રમાણે જળવાયું નહિ તેથી થયેલા ઝઘડામાં લાખાએ તથા તેના સામંતોએ રાજ સોલંકીને મારી નાખ્યો અને તેના રસાલાના ઘણા માણસોને પણ કાપી નાખ્યા. પોતાના પતિનું પોતાના ભાઈ લાખાના હાથે જ મોત થતાં રાયાજી સતી થઈ. માબાપ વિનાના નિરાધાર થયેલા રાજના પુત્ર રાખાઈતને લાખાએ પોતાની પાસે રાખીને તેને ઉછેર્યો અને રાખાઈત મોટો થતાં લાખો તેનો ઉપયોગ મૂળરાજ સામેના કાવતરામાં કરવા લાગ્યો.

સામંતસિંહે પોતાની બહેન લીલાવતીના મૃત્યુ પછી મૂળરાજની દેખરેખ અને તેનો ઉછેર પોતાની પાસે કર્યો. મૂળરાજ મોટો થતાં તેણે પોતાના મામા સામંતસિંહને મારી નાખી તેનું રાજ્ય કબજે કરી પોતે રાજા બની બેઠો. એ મૂળરાજને તેનો કાકો બીજ તેના પિતાના હત્યારાનું વેર વાળવા માટે વારંવાર ઉશ્કેર્યા કરતો હતો. જ્યારે બીજી બાજુ લાખો જ્યારે દેશવટે હતો ત્યારે સૌરાષ્ટ્રમાં આવી જંબુમાલીનદીને કાંઠે આઠ કોટની રચનાવાળું નગર વસાવ્યું હતું, જે આટકોટના નામે પ્રસિદ્ધ થયું હતું. લાખાએ ત્યાં પોતાની રાજધાની બનાવી હતી. દેશવટા દરમિયાન સામંતસિંહ ચાવડા તેને ખૂબ જ ઉપયોગી થયો હતો. એવા પોતાના આશ્રયદાતાને આ રીતે મારી નાખી ગાદી કબજે કરી બેઠેલા મૂળરાજ પ્રત્યે લાખાને જરાય માનની લાગણી રહી નહોતી. આમ એ બન્ને એકબીજાના દુશ્મન બની બેઠા હતા.

પૉપ્યુલર પ્રકાશન, સુરતના 'ગુજરાતનો ઇતિહાસ'માં એમ કહેવાયું છે કે આ બાબતમાં 'પ્રબંધચિંતામણિ'માં એવો ઉલ્લેખ છે કે કાન્યકુબ્જના રાજા ભુવડના વંશમાં થયેલ મુંજાલદેવને રાજ, બીજ અને દંડ નામે ત્રણ પુત્રો હતા. તેઓ સોમનાથની યાત્રાએથી પાછા ફરતાં અણહિલવાડ(પાટણ)માં રોકાયા. પાટણના છેલ્લા રાજા ચાવડા સામંતસિંહે રાજની અશ્વવિદ્યાથી પ્રભાવિત થઈને પોતાની બહેન લીલાદેવીને રાજ સાથે પરણાવી. તેમનો પુત્ર તે મૂળરાજ. મૂળનક્ષત્રમાં જન્મ થયો હોવાથી તેનું નામ મૂળરાજ પાડવામાં આવ્યું. મૂળરાજ મોટો થતાં સૌનો માનીતો બન્યો. તે પરાક્રમી હતો. મામાનું સામ્રાજ્ય તે વધારવા લાગ્યો. સામંતસિંહ દારૂના ભારે શોખીન. દારૂ પીએ ત્યારે નશામાં મૂળરાજને ગાદીએ બેસાડે અને ભાનમાં આવે ત્યારે ઉઠાડી મૂકે.

કનૈયાલાલ મુનશી મૂળરાજને કનોજના પ્રતિહાર નરેશ મહીપાલનો દોહિત્ર કે જમાઈ હોવાની કલ્પના કરે છે. પણ મુનશીની કલ્પનાને કોઈ આધાર નથી. દુર્ગાશંકર શાસ્ત્રી વળી એવું અનુમાન કરે છે કે મૂળરાજનો પિતા રાજ કનોજના પ્રતિહાર સમ્રાટોના સામંત તરીકે દક્ષિણ રાજસ્થાનમાં ગુર્જરદેશમાં રાજ્ય કરતો હતો.

જામ ફૂલનું મૃત્યુ થતાં લાખાને પાછો બોલાવી લેવામાં આવ્યો. તેણે પોતાની રાજધાની કેરામાં સ્થાપી.

તેને મજબૂત કોટ બંધાવ્યો. આ સમયે પ્રબંધોમાં તેમ જ ઉત્કીર્ણ લેખોમાં જણાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રનો રાજા ગ્રહરિપુ, કચ્છનો લાખો ફુલાણી, માળવાનો રાજા સોલંકી અને આબુનો પરમાર રાજા ધરણીવરાહ ખૂબ જ શક્તિશાળી મનાતા હતા. મેરુતુંગના કહેવા પ્રમાણે લાખા ફુલાણીએ અગિયાર વાર મૂળરાજના સૈનિકોને ત્રાસ પમાડ્યો હતો. માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં જ નહિ, સિંધ, રાજસ્થાન અને પંજાબમાં પણ લાખાના નામની હાક વાગતી હતી. તેણે પોતાના વિશાળ સૈન્ય સાથે કચ્છનું મોટું રણ ઓળંગીને થરપારકરના સોઢા રાણા ચાંદ પર ચડાઈ કરી હતી. કચ્છના આ શક્તિશાળી રાજા સામે ટકવું મુશ્કેલ જણાતાં રાણો ચાંદ લાખાને શરણે આવ્યો હતો. અહીંથી તે રાજસ્થાન ગયો. ત્યાં ફૂલગઢ (ફૂલરા) નામનો મજબૂત કિલ્લો બંધાવ્યો હતો. ત્યાર પછી મારવાડ પર જુદેજુદે વખતે ચડાઈઓ કરી હતી ત્યારે આ ફૂલરાગઢ કેન્દ્રસ્થાને રહેતું હતું. હાલના બિકાનેરથી લગભગ બત્રીસ કિલોમીટરના અંતરે આવેલ કોલુમંદ પર પણ તેણે આક્રમણ કર્યું હતું. રાજસ્થાનમાં શિપગઢ, સૂરજપુર, બાશકગઢ, અધાનીગઢ, જગરૂરપુર અને ફુઈપર (ફૂલરા) એ છ શહેરો તેના તાબામાં હતાં. આ અંગે એક દુહો આ પ્રમાણે પ્રસિદ્ધ છે :

> **કશપગઢ, સૂરજપુરા, વશકગઢા તાકો,**
> **અંધાનીગઢ, જગરૂપુર, ફૂલગઢ ઈ લાખો.**

'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં ઉલ્લેખ થયા પ્રમાણે ગ્રહરિપુએ રાજ્યાધિકાર પ્રાપ્ત કરતાંની સાથે જ પોતાના રાજ્યનો વિસ્તાર વધારવાના પ્રયત્નો શરૂ કરી દીધા. સૌરાષ્ટ્રનો ઘણોખરો પ્રદેશ તો એની આણમાં આવી ગયો હતો, તેથી હવે એણે સૌરાષ્ટ્ર બહાર ગુજરાત તરફ નજર દોડાવી. મૂળરાજ સોલંકી ગુજરાતની ગાદીએ હજુ સંપૂર્ણ સ્થિર થયો નથી એમ માની તેણે પાટણ પર મીટ માંડી. મૂળરાજે ગ્રહરિપુને પોતાના પ્રતિસ્પર્ધી તરીકે ઊછરી રહેલા દુશ્મન તરીકે જોયો, તેથી એને ઊગતાં જ કચડી નાખવા માટે તૈયારી કરવા માંડી. પણ એ આ દિશામાં આગળ વધે તે પહેલાં નાગોરપતિ (પ્રો. મૌલાના અબુ ઝફર નદવી કૃત 'ગુજરાતનો ઇતિહાસ'માં તેને અજમેરનો રાજા દર્શાવેલ છે. પૃષ્ઠ ૧૪૦.) પાટણ પર ચડી આવ્યો, તો બીજી બાજુ તૈલંગનો સેનાપતિ બારપ પણ પાટણ ઉપર ચડી આવ્યો. આ બન્ને શત્રુઓ સામે ટકરાવું મુશ્કેલ જણાતાં મૂળરાજ તેના મંત્રીઓને પાટણ સોંપી કચ્છ તરફ નાસી ગયો અને લાખા ફુલાણીના આશ્રયે કંથકોટમાં રહ્યો. લાગે છે કે મૂળરાજ તથા લાખા વચ્ચે મનદુઃખ હોવા છતાં લાખાએ વેરભાવનાને કોરાણે મૂકીને મૂળરાજને મદદરૂપ થવા માત્ર આશરો નહીં, રક્ષણ પણ આપ્યું જણાય છે. પાટણ પર ચડી આવેલા શત્રુઓના લાંબા સમયના ઘેરા પછી મૂળરાજના મંત્રીઓએ તેમને પુષ્કળ ધન આપી પાછા વાળ્યા.

મૂળરાજ ધારતો હતો કે નવરાત્રિમાં અજમેરની ફોજ ('ગુજરાતનો ઇતિહાસ' પ્રમાણે) માતાજીની પૂજા કરવાની પરંપરા નિભાવવા માટે પાછી ચાલી જશે. પણ આવું બન્યું નહિ કારણ કે રાજાએ માતાજીની મૂર્તિ મંગાવીને પૂજા કરવાનું શરૂ કર્યું હતું. સાથેસાથે જોરદાર હુમલાની તૈયારીઓ પણ શરૂ કરી દીધી હતી. મૂળરાજે જ્યારે આ હકીકત જાણી ત્યારે તે ગભરાયો. એણે રાજ્યના મુત્સદ્દીઓને બોલાવી સલાહ પૂછી. મુત્સદ્દીઓનો અભિપ્રાય એવો હતો કે બન્ને શત્રુઓને પહોંચી વળવું મુશ્કેલ છે તેથી અજમેરના રાજાને નજરાણું આપીને પાછા વાળવા અને તે પછી બારપના તેલંગ સાથે પહોંચી વળાશે. મૂળરાજને એ સલાહ ગમી. તે પ્રમાણે અમલ થયો. તે પછી મૂળરાજ પાછો ફર્યો બારપ સાથે યુદ્ધ થયું તેમાં બારપ માર્યો ગયો.

એ જીતથી મૂળરાજનો જુસ્સો વધ્યો તેથી તેણે ઈ. સ. ૯૭૯માં પૂરતી તૈયારી સાથે ગ્રહરિપુ પર ચડાઈ કરી. ગ્રહરિપુએ સામનો કરતાં તેની સામે ટકી શકવાનું મૂળરાજને અશક્ય લાગતાં તે મેદાન છોડી ગયો. જૈન ઇતિહાસકારોએ મૂળરાજના આ યુદ્ધની કોઈ જ નોંધ લીધી નથી. યુદ્ધમાં મૂળરાજની હાર જ તેની અને ગ્રહરિપુ વચ્ચે દુશ્મનાવટનું કારણ બની હતી.

મૂળરાજ સામેના યુદ્ધમાં જીતથી ગ્રહરિપુનો નૈતિક જુસ્સો વધ્યો હતો તેથી સૌરાષ્ટ્રની ધરતી પર સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું રા લાખાનું આટકોટ ગ્રહરિપુની આંખમાં ખટકતું હતું, તેથી આટકોટ કબજે કરવા માટે વિશાળ સેના સાથે આટકોટ પર ચડી ગયો. લાખા ફુલાણીએ કચ્છમાં તેની પરંપરાની રાજગાદી પર બેઠા પછી પણ આટકોટનું આ થાણું પોતાના કબજામાં રાખ્યું હતું. આ થાણાના રક્ષણ માટે સૈનિક ટુકડી પણ અહીં રાખવામાં આવી હતી. ગ્રહરિપુના વિશાળ સૈન્ય સામે આટકોટમાં રહેલ દુર્ગ- રક્ષક દળની ટુકડી લાંબા સમય સુધી ટકી શકી નહિ. ગ્રહરિપુએ આટકોટનું થાણું કબજે કર્યું. આ સમયે ડાહી ડુમણી નામે લાખાની એક માનેલી બહેન અહીં આટકોટમાં આવી હતી. તેણે રા લાખાને આટકોટના પતનના સમાચાર મોકલી વહેલી તકે વહાર કરવાના સંદેશામાં કહી મોકલ્યું કે :

અટ્ટ કોઠા ધાર ઉપાડીઆ મું વીઠી ડુંગર ધાર,
કાં દરિયે ડૂબજો લખમશી કાં વેગે કરજો વાર.

(રાહ ધારે આઠેય કોઠા જીતી લીધા છે. હું પાદરની ધાર ઉપર સંતાઈ છું. માટે હે લાખા ! કાં તો જલદી આવીને બચાવજો ને કાં દરિયામાં ડૂબી મરજો.)

સંદેશો મળતાં જ લાખો વિશાળ સૈન્ય લઈને આટકોટના મેદાનમાં આવી ઊભો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બન્ને બળિયા હતા, એકબીજાને હટી માર્ગ દે એવા નહોતા. લાખાની જીત થાય તો વંથળીનો વિનાશ પણ નિશ્ચિત હતો. લાખાના પ્રબળ અને કસાયેલા સૈન્ય સામે ટકવું અશક્ય નહિ તો મુશ્કેલ તો જરૂર હતું. સૈન્યની શિબિરમાં એક દસોંદી ચારણ હતો. તેણે ગ્રહરિપુની પ્રશંસા કરીને કહ્યું કે 'તમે બન્ને શ્રીકૃષ્ણના વંશજ છો, નાનામોટા ભાઈઓ છો, માટે આપસમાં લડો નહિ. મૂળરાજ તમારા બન્ને માટે સમયની રાહ જોઈને જ બેઠો છે, બન્ને સમજી ગયા. રા લાખો વયમાં મોટો હતો તેથી ગ્રહરિપુએ તેને મોટો ભાઈ માન્યો અને આદર કર્યો. આમ બંને સંપી જવાથી મૂળરાજના હાથમાંથી એક અવસર સરી ગયો. લાખાને અહીં યુદ્ધમાં રોકી રાખીને કચ્છ પર ચડી જવાની તેની ઇચ્છા મનમાં જ રહી ગઈ.

ગ્રહરિપુના હાથે પરાજય પામવાનો વસવસો મૂળરાજના અંતરમાંથી હટતો નહોતો. તેણે લડાઈની તૈયારીઓ તો ઘણા સમયથી શરૂ કરી દીધી હતી. ગ્રહરિપુ ધનાઢ્ય, બળવાન, વિશાળ અને સુસજ્જ સૈન્યનો અધિપતિ હતો. તેના રાજ્યમાં સમુદ્રો, પર્વતો અને દુર્ગો હતા. તેના સાથમાં વીર રાજાઓ, સામંતો અને લાખા ફુલાણી જેવો જેણે અનેક વિજયો પ્રાપ્ત કર્યા હતા એવો સામર્થ્યવાન મિત્ર હતો, તેથી એકલે હાથે ગ્રહરિપુ સાથે લડવાનું મૂળરાજ માટે હજુય દુષ્કર હતું. તેથી તેણે પોતાને ગ્રહરિપુ સામેની લડાઈમાં સાથ આપવા માટે મારવાડના રાજાના, શીલપ્રસ્થના બાણાવળી રાજા, શ્રીમાળના રાજા, આબુના પરમાર રાજા, ગંગાના રાજા, ઉત્તર ગુજરાત અને બનારસના રાજા(ચંદ્રાવતી)ને પોતાની મદદે બોલાવ્યા, તો સામી બાજુએ ગ્રહરિપુએ કચ્છના રા લાખા ફુલાણીને, સિંધના રાજા હમીર સુમરાને, જાડેજા રાજવીઓને તેમ જ બીજા કેટલાક નાનાનાના રાજાઓને તેમના લશ્કર સાથે બોલાવ્યા.

લાખો ફુલાણી પોતાનું સૈન્ય લઈ આટકોટના મેદાનમાં આવી ઊભો. આટકોટના મેદાનમાં જ મૂળરાજનો સામનો કરવાનું નક્કી થયું. તેની મદદમાં ઉપર ઉલ્લેખ કરેલા રાજાઓ ઉપરાંત જેતપુરમાં રહેતા નીલીરાણીના કુમારો તેમ જ વનના ભીલ લોકો પણ આવી પહોંચ્યા. આ બધા મૂળરાજ માટે મુશ્કેલી સર્જે તેવા હતા. એવે ટાણે રા લાખાનો ભાણેજ જે મૂળરાજ સોલંકીનો ઓરમાન ભાઈ રાખાઈત જેને લાખાએ ઉછેરી મોટો કર્યો હતો, તે મૂળરાજને જઈ મળ્યો અને લાખાના સેનાપતિથી માંડીને સૈન્યની ઝીણીમાં ઝીણી વિગતોથી મૂળરાજને વાકેફ કર્યો. સૌરાષ્ટ્રની ધરતી પર જંબુમાલીનદીના કાંઠે સને ૯૭૯માં ખેલાયેલા આ યુદ્ધમાં ગ્રહરિપુ જીવતો પકડાઈ ગયો, સિંધનો જામ હમીર યુદ્ધનું મેદાન છોડીને ભાગી ગયો, જ્યારે અંતિમ શ્વાસ સુધી લડતાં-લડતાં લાખો ફુલાણી મૂળરાજને હાથે

યુદ્ધના મેદાનમાં માર્યો ગયો. રાજકોટથી લગભગ ૩૦ કિલોમીટરના અંતરે આવેલા આટકોટમાં જંબુમાલી નદીને કાંઠે રા લાખાનો રાજકોટના પુરાતત્ત્વખાતા દ્વારા રક્ષિત થયેલો પાળિયો ગામલોકો દ્વારા આજે પણ પૂજાય છે. લાખાના આટકોટમાં જંબુમાલીને કાંઠે આવેલા પાળિયાનો 'ઊર્મિ-નવરચના'ના સંવત ૨૦૩૧ના દીપોત્સવી વિશેષાંકમાં પણ ઉલ્લેખ થયેલ છે. લોકસાહિત્યમાં આ યુદ્ધમાં મરણઆંક આપતાં કહેવાયું છે કે શક સંવત ૯૦૧માં કાર્તિક શુક્લ આઠમના દિવસે થયેલા યુદ્ધમાં ૧૫૦૦ સમાઓ, ૬૦૦ સોલંકીઓ અને ૧૯૦૦ ચાવડાઓ રાજકારણ માટે કામ આવ્યા.

લાખો ફુલાણી નીરસ સેનાની નહિ પણ પ્રકૃતિને પૂજનારો લોકકવિ પણ હતો. વળી કવિઓનો તે આશ્રયદાતા હોવાથી એના દરબારમાં સરસ્વતીની વીણા હંમેશાં ગુંજ્યા કરતી હતી અનેક રાજ્યના કવિઓ લાખાના દરબારમાં પોતાની કવિતાઓ સંભળાવવા માટે આવ્યા કરતા હતા. ઘૂમલીના જેઠવાઓના કુળભાટ બલપાણી અથવા બાળપાણી જે તે સમયેના સમર્થ કવિ ગણાતા, તે અવારનવાર લાખાના દરબારમાં નવીનવી કવિતાઓ સંભળાવવા આવતા હતા. અગાઉ ઉલ્લેખ કર્યા પ્રમાણે અનેક કવિઓએ એનાં પ્રશસ્તિકાવ્યો પણ રચ્યાં છે. ક્યાંક ભજનોમાં 'જી રે લાખા' એવી ટેક દ્વારા એની ગુણ-ગરવાઈની નોંધ લેવાઈ છે.

મધ્યકાલીન રાજપૂત સામંતની દિનચર્યાનો ઉલ્લેખ કરતાં બાંકીદાસે કહ્યું છે કે તેણે બ્રાહ્મમુહૂર્તમાં 'વિભાસ-બિલાવલ' રાગમાં 'લાખા ફુલાણી' સાંભળવો જોઈએ. સંગીત અને કાવ્યના આ નાયકને તેના પુરુષાર્થના કારણે પ્રાતઃસ્મરણીય અને પ્રેરક માનવામાં આવે છે. ઘણી જ વિચક્ષણ વાત છે, એટલું જ નહિ, પશ્ચિમ ભારતનાં કેટલાંક ગામોમાં એવી પરંપરા હતી કે ચારણોમાં જ્યારે વર-વધૂ લગ્નમંડપમાંથી બહાર નીકળે ત્યારે તેમને વધાવતાં 'લાખા ફુલાણી' ગવાતો અને તે સમયે ગાયકને જે ન્યોછાવર મળે તે લાખાણીની ન્યોછાવર કહેવાતી !

કચ્છના લોકસાહિત્યમાં લાખા વિશે ઘણું લખાયું છે અને લાખાની પોતાની કવિતાઓ પણ કચ્છના લોકસાહિત્યમાં ઠીકઠીક પ્રચલિત છે. પ્રકૃતિનો પૂજક લાખો વર્ષા પછી લીલીકુંજાર બનેલી કચ્છની ધરાના સૌંદર્યને માણવા માટે મોટા કાફલા સાથે વનની વાટે નીકળ્યો છે. નદીનાળાં છલી વળ્યાં છે. લાખો નદીમાં નાહવા ઊતર્યો એટલે એના સાથીઓ પણ એને અનુસર્યા. નાહીને સૌએ પોતાનાં ભીનાં વસ્ત્રો આસપાસનાં ઝાડ પર સૂકવવા મૂક્યાં હતાં. ચાલવા-ટાણું થતાં બધાયે પોતપોતાનાં વસ્ત્રો એકઠાં કરવા માંડ્યાં. ત્યાં તો લાખો બોલી ઊઠ્યો : 'એ ભઈલા ! એ વસ્ત્રોને ઉપાડતા નહિ, એમને ત્યાં જ રહેવા દ્યો. આ વન અને વનસ્પતિ બન્ને કેવાં નીખરી ઊઠ્યાં છે ! ને એમાંય આપણે સૌએ એ ઝાડને લૂગડાં ઓઢાડ્યાં. હવે જો લઈ લેશું તો-તો આ ઝાડ એમ જ કહેશે કે રા'એ અમને ઓઢાડીને પાછાં ઉઘાડાં કર્યાં ! અરે, સાંભળો તો ખરા, આ વન આખુંય ગાઈ રહ્યું છે કે –

આવળ બાવળ બોરડી, ખાખર ખીજડિયાં,
લાખે વન ઓઢાડિયાં, પીરી પાંભરિયાં.

એક વખત ઝરમર-ઝરમર વરસતા વરસાદ વચ્ચે વિચરણ કરતો લાખાનો કાફલો ફરવા નીકળ્યો હતો. જંગલમાં એક તળાવમાં એક જ કુટુંબની અકાળે વિધવા થયેલી છ યુવતીઓ તેમના એકના એક બાળવયના દિયરને લઈને નાહવા માટે આવેલ છે. ધીમા-ધીમા વરસી રહેલા વરસાદ વચ્ચે તે જળઝીલણિયાં કરતી-કરતી નાના બાળકને રમાડી રહી છે. આવું અદ્ભુત દૃશ્ય જોઈને લાખાનું કવિહૃદય નાચી ઊઠ્યું અને લાખો લલકારી ઊઠ્યો :

રોણ જિનીંજો નેતરા, રમંધલ વસંધે મીંય,
આઈયલ ! એરે ડીંય, નિંઢડો થઈને નાચાં.

[વરસતા વરસાદ વચ્ચે રમનારાં આ નેત્રાવાસીઓની જેમ, માડી ! (મને થાય છે કે) હું પણ આવા દિવસોમાં નાનો થઈને નાચું.]

આમ સૃષ્ટિના સૌંદર્યને માણતો-માણતો લાખો આગળ વધી રહ્યો છે ત્યાં તો વડના એક ઘટાદાર ઝાડ

નીચે બે સ્ત્રીઓ એક બાળકને રમાડી રહી છે. બન્ને સગી બહેનો છે પણ એક બીજીની શોક્ય છે. બન્ને વચ્ચે એક જ પુત્ર છે. બન્ને આ પુત્રને લાડ લડાવી રહી છે. એક ઉલાળે છે તો બીજી એને ઝીલે છે. બીજી ઉલાળે છે તો પહેલી ઝીલી લઈને એને લાડ લડાવે છે. આ દૃશ્ય જોઈને લાખો બોલી ઊઠ્યો :

એક ડીએ બીજી લીએ, આઉં કપરા ડીં કઢાં,
માલક ! ઈ ડીં ડે જ આઉં બાલક થીઆં.

(એક આપે છે ને બીજી લે છે અને હું કપરા દિવસો વિતાવું છું. હે ઈશ્વર ! મને એવા દિવસો આપ કે હું બાળક થાઉં.)

એક વખત ફરવા નીકળેલા લાખાએ જોયું તો ગામને પાદરે તળાવની પાળે ઘેઘૂર વડલો ઝૂકી રહ્યો છે. એની વડવાઈઓને ઝાલીને કેટલીક કન્યાઓ હીંચકા ખાઈ રહી છે. એ વડલા નીચે કોઈ શૂરવીરની ખાંભી ખૂંતેલી છે. આ દૃશ્ય જોઈને લાખો બોલી ઊઠ્યો :

તડ ઉપર વડ તવાં, ખોડેલ ખાંભી ન થીઓ,
લંબી કર કર બાંય, ચડત ચુડાવારિયું.

(આવા વડ નીચે ખાંભીનો પથ્થર સરજાયો હોત તો સુંદરીઓ મારા ઉપર પગ દઈને હિલોળા લેત !)

તળાવની પાળ ઉપર ચડીને જુએ છે તો ગામની ગોરીઓ પૈકી કેટલીક તળાવમાં સેલારા લઈ રહી છે, તો કેટલીક કાંઠે પડેલી લીસી છીપરો પર બેસીને પોતાના પગની પાનીને ઘસતાં-ઘસતાં ટિંગામસ્તી કરી રહી છે. તે જોઈને લાખાના હૈયે કવિતા ઊગી નીકળી :

પગ ઘસે ને પેની ઘુએં, ગહેકે ગોરલિયાં,
લાખો કે મુંને બારજો, ઈ લીસી છીપરિયાં.

(તળાવના કાંઠે પડેલી લીસી છીપરો પર બેસીને ગામની યુવતીઓ પોતાના પગ ઘસીને ધોઈ રહી છે એવી લીસી છીપર પર મને બાળજો.)

જરાક આગળ વધે છે તો ગામમાં પ્રવેશવાના માર્ગના એક છેડે સરાણિયાં પતિ-પત્ની બેઠાં છે. સરાણિયો તલવાર સજતો હતો ને તેની સ્ત્રી સરાણનું દોરડું તાણતી હતી. એમની આંખો જાણે એકબીજામાં જડાઈ ગઈ હતી. આ દૃશ્ય જોઈને લાખાને હૈયે અતિ આનંદ વ્યાપે છે. પોતાના સાથીઓ તરફ જોઈને એ બોલી ઊઠ્યો :

એક તાણે બીજો ટેકવે, ઝડ લાગી નેણાં,
જેડી પ્રીત સરાણિયા, તેડી નહિ રાણા.

(એક તાણે છે ને બીજો એને ટેકવે છે અને આંખોની તો ઝડી લાગી રહી છે. આ સરાણિયાંની જેવી પ્રીત છે, તેવી પ્રીત રાજાઓમાં જોવામાં આવતી નથી.)

અને એથીય અદકો આનંદ એને થાય છે જ્યારે એક માલધારી પતિ-પત્નીને પોતાના ખોરડામાં વલોણું કરતાં-કરતાં આનંદ માણી રહ્યાં છે. તે જોઈને લાખો કહે છે :

ખોરડીયાં ને ખીર પીઆં આધાવીધિ લોક,
સો માડુ સભાગીઆ, નત વલોણા ઝોક.

(ખોરડામાં વસતાં અને દૂધ પીનારાં માણસો કે જેમને ત્યાં નત વલોણાં થાય છે તે માણસો [મારી પ્રજા] ભાગ્યશાળી છે.)

પણ ગામનું પાદર છોડીને જરાક આગળ વધેલા આ સંવેદનશીલ રાજવી કવિનું કૂણું હૈયું વલોવાઈ ગયું. થોડા સમય પહેલાં જ પરણેલી એક નવજુવાન વહુઆરુનો યુવાન પતિ એકાએક મરી જતાં બાઈનાં ચૂડાકર્મ થઈ રહ્યાં હતાં. બાઈના કરુણ આક્રંદથી સૃષ્ટિ આખી જાણે રોઈ રહી હતી. આવા વરવા દૃશ્યે લાખાની આંખો આંસુઓથી ઊભરાઈ ઊઠી અને રડતા સાદે એ બોલી ઊઠ્યો :

કટ કટ ભાંગે ચૂડીયાં રોવે ઝાંપા બાર,
લાખો કહે ન મારિયે, જે ઘર નાની નાર.

લોકકવિ લાખાના આવા અનેક દુહાઓ હજી પણ પ્રચલિત છે.

લાખાની ખ્યાતિ કચ્છમાં તો ખરી જ પણ કચ્છની બહાર – સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં પણ હતી, તેથી તે સમયની અપભ્રંશ ભાષામાં લાખા વિશેનો એક દુહો 'પ્રબંધચિંતામણિ'માં નીચે પ્રમાણે સંગ્રહાયેલ છે :

ઊગ્યા તાવિઉં જિહિં ન કિઉ લકખઉ ભણઈ નિ ઘટ્ટ ।
ગણિયા લબ્ભઈ દીહડા કે દહ અહવા અઠ્ઠ ॥

આનું ગુજરાતી રૂપાન્તર કે. કા. શાસ્ત્રીએ આ પ્રમાણે કરેલ છે :

ઊગ્યા (શત્રુ) ને તાપિત જહીં ન કર્યો લાખો ભણે, ગણિયા લાભે (ભેળવે) દડાહા કે દશ અથવા આઠ.

લાખો ફુલાણી શિલ્પ અને સ્થાપત્યનો પણ અતિ ચાહક હતો. લાખાની સ્મૃતિ સાચવતું, લાખાએ બંધાવેલ અને લાખેશ્વરના નામે જાણીતું મહાદેવનું મંદિર કેરાની ધરતી પર આજે પણ જીર્ણ અવસ્થામાં ટકી રહીને લાખાની ધાર્મિક ભાવનાનો ખ્યાલ કરાવે છે. સને ૧૮૧૯થી અગાઉ થયેલા ધરતીકંપના કારણે આ મંદિરને ખાસ કાંઈ અસર થઈ જણાતી નથી, પણ સને ૧૮૧૯ના અને તે પછીના ધરતીકંપોના કારણે મંદિર સાવ જ ખખડી ગયું છે, ખંડેર થવાની અણી ઉપર ભગ્નાવસ્થામાં ઊભેલું છે. મંદિરનાં જોઈ શકાતાં શેષ શિલ્પો પરથી તેની સમૃદ્ધિનો અંદાજ બાંધી શકાય છે. ઇતિહાસકારોએ તથા પુરાતત્ત્વવિદોએ આ મંદિરની રૂબરૂ મુલાકાત લઈને કે અન્ય રીતે જાણીને આ મંદિરને દસમી સદીથી જૂનું નથી તે પ્રમાણે તેનો સમય નક્કી કરેલ છે. પણ આશ્ચર્યની વાત છે કે મંદિરનાં પગથિયાં ચડીને ઉપર આવતાં જ જમણા મંડોરવ ઉપર બહારના ભાગમાં કોતરાયેલ માત્ર એક જ લીટીનો લેખ કોઈની નજરે ચડેલ નથી ! સૌપ્રથમ આ લખાણ સને ૨૦૦૭-૦૮ના અરસામાં, કચ્છ સંગ્રહાલયના માજી ક્યુરેટર દિલીપભાઈ વૈદ્યની નજરે ચડતાં ત્યારથી તેના ઉકેલ માટેના પ્રયત્નો શરૂ થયા છે. તેમણે આ લખાણની ફોટાની નકલો લિપિના તજ્જ્ઞોને વાચના માટે મોકલેલ તેમ જ સ્થાનિક વર્તમાનપત્ર 'કચ્છમિત્ર'માં પણ તે ફોટાની નકલ કોઈ ઉકેલે તેવા હેતુથી પ્રસિદ્ધિ માટે આપવામાં આવેલ. કચ્છ બહારના તજ્જ્ઞો તરફથી તો કોઈ જ જવાબ મળ્યો નહિ, પણ ધરાદેવ નિરંજન જોષીએ તે લખાણ અંગે 'કચ્છમિત્ર'ના તારીખ ૬-૫-૨૦૦૯ના અંકમાં તેમના આ અંગેના લેખ દ્વારા જણાવેલ છે કે પાલિ લિપિમાં લખાયેલ એક લીટીના લખાણ પ્રમાણે આ મંદિર ૪થી કે ૫મી સદીમાં સિંધના બ્રાહ્મણ રાજા સિંધરાજસિંહ રીસદેએ બંધાવેલ છે અને ૧૦મી સદીમાં તેનો જીર્ણોદ્ધાર થયાનું કહે છે. તેમણે પાલિ ભાષામાં આ નવ અક્ષરોની નીચે મુજબ વાચના કરી બતાવી છે :

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
સિં	ધ	રા	જ	સીં	હ	રી	સ	દે

નિરંજન જોષીએ લેખ ઉકેલવા માટે સારી એવી મહેનત કરી છે. તેમણે કરેલી વાચના અંગે જોઈએ તો, સિંધદેશના ઇતિહાસ પ્રમાણે સિંધમાં રાયવંશની સત્તા ઈ. સ. ૪૯૫થી ૬૩૩ સુધી ૧૩૭ વર્ષ સુધી રહી. પાંચમા સૈકાની આખરે શરૂ થયેલ રાયવંશના શાસનના પાંચ રાજાઓ થઈ ગયા. તે પૈકી રાય સિંહરસ બીજો અને રાયસહાસી બીજો એ બે રાજાઓ બહુ પ્રસિદ્ધ છે. રાય સિંહરસ બીજાની સત્તા ઉત્તરે સુલેમાનપર્વતથી દક્ષિણે સુરતબંદર સુધી અને પશ્ચિમે મકરાણથી પૂર્વમાં કનોજ સુધી ફેલાયેલી હતી. એના સૈન્યમાં રાયવંશની ગાદી આલોર શહેરમાં હતી. એના સૈન્યમાં શૂરવીર લડવૈયા હતા.

આ રાજાના વખતમાં ઈરાનનો બાદશાહ નિમરોઝ સિંધ પર ચડી આવ્યો તેમાં રાય સિંહરસ મરાયો. ઈરાની સિપાઈઓએ સિંધમાં બહુ લૂંટફાટ ચલાવી. તેના પછી તેનો પુત્ર રાય સહાસી બીજો ગાદીએ આવ્યો. સહાસી ઈ. સ. ૬૩૨માં અપુત્ર મૃત્યુ પામતાં રાયવંશનો અંત આવ્યો.

તારીખ ૬-૫-૨૦૦૯ના 'કચ્છમિત્ર'ના અંકમાં "કેરાનું શિવમંદિર સીંહરીસદેવે બંધાવેલું ?" એ શીર્ષક તળેના તેમના લેખમાં તેમણે નીચેના મુદ્દાઓ તારવ્યા છે :

(૧) એક લીટીના લેખની લિપિ પાલિ છે અને તે લખાણ આ શિલ્પને ૪થી કે ૫મી સદીમાં બંધાયાં હોવાના વિચારને પુષ્ટિ આપે છે અને ૧૦મી સદીમાં તેનો જીર્ણોદ્ધાર થયો હોવાનું સૂચવે છે.

(૨) ગુપ્તવંશના પાંચમી સદીના અલાહાબાદમાં લખાયેલા પાલિ ભાષાના શિલાલેખમાં જે અક્ષરો કંડારાયેલા છે તે તથા કેરાના શિવમંદિરના નવ અક્ષરો તેમના મરોડના નગણ્ય કે નજીવા ફેરફાર

સાથે બિલકુલ મળતા આવે છે. શિવમંદિરના લખાણવાળા અસલ ચિત્રમાં મૂળ અક્ષરો પાંચમી સદીના ગુપ્તવંશના શિલાલેખના અક્ષરો તેમ જ અત્યારની હિન્દી દેવનાગરી અક્ષરો દર્શાવ્યા છે તે સાબિત કરે છે કે આ શિવમંદિર રાયવંશ કે બ્રાહ્મણવંશી રાય દ્વિજના પૌત્ર સીંહરીસદેવ, જેમનું મૂળ નામ શ્રી હર્ષદેવ છે, તેઓ શિવ સારસ્વત બ્રાહ્મણો હતા.

(૩) કચ્છના ઇતિહાસના જ્ઞાતા રામસિંહજી રાઠોડ અને કંચનપ્રસાદ છાયાએ પણ કેરાના શિવમંદિરનો લાખાએ જીર્ણોદ્ધાર કરાવ્યો હશે એવી સંભાવના વ્યક્ત કરી છે.

નિરંજન જોષીની માન્યતા, અર્થઘટન અને ઉકેલ નીચેનાં કારણોસર યથાર્થ જણાતાં નથી :

(૧) સિંધમાં રાયવંશના રાજાઓની સત્તાની શરૂઆત ઈ. સ.ના પાંચમા સૈકાની આખરે થઈ હતી (ઈ. સ. ૪૯૫થી), તેથી કેરાનું શિવાલય ૪થી કે ૫મી સદીમાં બંધાયાની હકીકત ટકી શકે તેમ નથી.

(૨) (૧) 'પ્રાચીન ભારત'માં જણાવ્યા પ્રમાણે સિંધુદેશ (સિંધ)ના રાજાઓની સત્તા પ્રભાકરવર્ધન તથા હર્ષવર્ધનના સમયમાં ગણનાપાત્ર ગણાતી. હ્યુ-એન-સંગની મુલાકાત (૬૪૭) વખતે ત્યાં શૂદ્ર-વર્ણનો રાજા રાજ્ય કરતો હતો. એની રાજધાની અલોર (રોરી પાસે) હતી. એના રાજ્યનું આધિપત્ય ઉત્તરમાં કાશ્મીર, પૂર્વમાં કનોજ અને પશ્ચિમમાં મકરાણ સુધી પ્રવર્તતું હતું. સાતમી સદીના આરંભમાં સાહસીરાયના ઉત્તરાધિકારી રાજા સાહીરસ ઈરાનના એક રાજાના આક્રમણનો સામનો કરતાં માર્યો ગયો. એના પછી એનો પુત્ર સાહસીરાય (બીજો) ગાદીએ આવ્યો.

(૨) (૨) હર્ષના સમય પછી હિન્દુસ્તાનમાં સર્વત્ર નાનાંનાનાં રાજ્યો સ્થપાઈ ગયાં તે પૈકીનાં વધારે રાજ્યો તો રાજપૂત રાજ્યો હતાં. રાજપૂત રાજ્યો સિવાય બીજાં પણ કેટલાંક રાજ્યો હતાં આવાં રાજ્યો પૈકી એક રાજ્ય સિંધનું હતું. હ્યુ-એન- સંગે ઈ. સ. ૬૪૧માં સિંધમાં પ્રવાસ કરેલો. તે સમયે એ પ્રાંતમાં સાહસી નામનો કોઈ શૂદ્ર રાજા રાજ્ય કરતો હતો. તેની રાજધાનીનું શહેર આલોર હતું. ઈ. સ. ૬૫૦માં એ શૂદ્ર રાજા મરણ પામ્યો. ત્યાર પછી તેના ચચ નામે બ્રાહ્મણ પ્રધાને ગાદી પચાવી પાડી અને રાજ્યનો સારો વિસ્તાર કર્યો.

(૨) (૩) 'શમણે સિંધુ નીર'માં આ અંગેનો ઉલ્લેખ કરતાં જણાવેલ છે કે ગુપ્તકાળમાં હૂણ લોકોએ આક્રમણ કર્યું હતું. ઉત્તર-પશ્ચિમમાં ભારત પર અત્યાચાર ગુજારીને 'રાઈ' ઘરાણાના શાસનની સ્થાપના કરી હતી. ચીની યાત્રી હ્યુ-એન-સંગના મંતવ્ય પ્રમાણે તેઓ શૂદ્ર હતા અને બાદમાં પોતાને ક્ષત્રિય કહેવરાવવાની પેરવી કરી હતી. કર્નલ ટોડના મંતવ્ય પ્રમાણે બ્રાહ્મણોએ તેઓની શુદ્ધિ કરી હતી તેથી બાદમાં તેઓ 'અગ્નિકુળ'ના રાજપૂતો તરીકે ઓળખાવા લાગ્યા હતા.

ઉપરની વિગતો જોતાં જણાય છે કે રાઈ કે રાય-વંશના શાસકો બ્રાહ્મણ નહિ પણ શૂદ્રવર્ણના હતા.

(૩) કચ્છનાં કેરા અને કોટાયનાં શિલ્પ તથા સ્થાપત્યને રાજસ્થાનમાંના જગતના અંબિકા-માતાના મંદિરનાં શિલ્પ તેમ જ સ્થાપત્ય સાથે ઘણો જ નજીકનો સંબંધ છે, જે સૂચવે છે કે રાજસ્થાન અને ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એકમેક સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. કેરાનાં મંદિરોની બહારની દીવાલ પરના તથા કોટાયના મંદિરના શિલ્પપટ્ટ ને મોઢેરાના સૂર્યમંદિરની દીવાલ પરની અપ્સરાઓ-સુરસુંદરીઓ-નાયિકાઓ સાથે સરખાવવાથી અલંકારોનું સામ્ય નજરે પડશે. આમાં ઉલ્લેખ કરવામાં આવેલ રાજસ્થાનમાંના જગતના અંબિકા-માતાના મંદિરનાં શિલ્પ-સ્થાપત્યને ૭મી શતાબ્દીથી માંડીને ૧૩મી શતાબ્દી વચ્ચેનાં ગણાવ્યાં છે.

(૪) કચ્છના ઇતિહાસ જ્ઞાતા રામસિંહજી રાઠોડ તથા કંચનપ્રસાદ છાયાને ટાંકતાં નિરંજન જોષી કહે છે કે તેઓએ પણ કેરાના શિવમંદિરનો લાખાએ જીર્ણોદ્ધાર કરાવ્યો હશે તેવી સંભાવના વ્યક્ત કરી છે. આ પ્રકારનો ઉલ્લેખ કરવામાં નિરંજન જોષીની કાંઈક ભૂલ થતી લાગે છે. રામસિંહજી રાઠોડ 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં કેરાના મંદિર વિશે કહે છે કે "આ રીતે આવું સમૃદ્ધ શિલ્પ ધરાવતું કેરાનું આ શિવમંદિર લાખા ફુલાણીના અમર નામને કીર્તિ આપે છે. પણ ઇતિહાસના કાળ-માપમાં સ્થાપત્યરચના જોતાં આ મંદિરનું નિર્માણ લાખાની પહેલાંનું હોય એવું કાર્યશૈલીની પરંપરામાં વરતાય છે." તેમણે આ મંદિર લાખાએ જીર્ણોદ્ધાર કરાવ્યાની વાત કરી નથી. તેવી જ રીતે કંચનપ્રસાદ છાયા નોંધે છે કે લાખો ફુલાણી બહુ ધનવાન રાજવી હતો. તેણે કચ્છ તથા ગુજરાત સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ વાવો બંધાવી છે એમ કહેવાય છે. પરંતુ કચ્છમાં કેરામાં જે લાખેશ્વર નામે શિવમંદિર ઊભું છે, તે તેણે જ બંધાવ્યું કે તેનાથી આગળનું છે તે અંગે વિવાદ છે. મારા મત અનુસાર આ મંદિર લાખાના સમયથી એક વર્ષ પુરાણું છે. (નોંધ : લેખના શીર્ષક પ્રમાણે '૧૦૦ વર્ષ'ને બદલે ભૂલથી 'એક વર્ષ' લખાઈ ગયેલ જણાય છે.) કંચનપ્રસાદ છાયાના લેખમાં પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર લાખાએ કરાવ્યાનું ક્યાંય કહેલ નથી. જે ઉલ્લેખ છે તે મંદિરના જીર્ણોદ્ધારનો નથી પણ ઈ. સ. ૧૮૧૯ના ધરતીકંપમાં કોટ પડી ગયા પછી ફરીથી નવો કોટ ચણાવ્યાનું કહે છે.

આમ ઉપરના બન્ને ઇતિહાસજ્ઞાતા લાખાએ કેરાના શિવાલયનું જીર્ણોદ્ધાર કરાવ્યાનું કહેતા નથી.

કેરાના શિવમંદિર અંગે સરકારના પુરાતત્ત્વ-ખાતા દ્વારા એક પત્રિકા પ્રકાશિત કરવામાં આવેલ છે. તેમાં આ મંદિર અંગે કહે છે કે દંતકથા મુજબ લાખા ફુલાણીને સ્થાપત્યનો બહુ શોખ હતો. તેણે રાજધાની ફરતો કિલ્લો તથા શિવમંદિર બંધાવ્યાં હતાં. જોકે આ કથનને પુરાતત્ત્વીય ટેકો મળતો નથી, પણ તે ધર્મનો આશ્રયદાતા હતો તેવું ઇતિહાસ પરથી ફલિત થાય છે. ખરેખર જો આ મંદિર લાખા ફુલાણીએ બંધાવ્યું ન હોય તો કોણે અને ક્યારે બંધાવ્યું તેની વિગતો જણાવવી જોઈએ, પણ તેવું કાંઈ અત્યાર સુધી થયું નથી. આ વિષયના તજ્જ્ઞોનું માનવું છે કે આ મંદિર લાખા ફુલાણીએ બંધાવેલ છે. સરકારના પુરાતત્ત્વખાતાના પૂર્વ-નિયામક દિનકર મહેતા સ્પષ્ટ રીતે કહે છે કે 'આ મંદિર મહાગુર્જર-શૈલીનું છે. આ શૈલીનો પ્રચાર દશમી સદીમાં વિશેષ જોવા મળે છે. રા' લાખાનો સમય પણ દશમી સદીનો છે. મંદિરની ભવ્યતા જોતાં જણાશે કે રાજ્યાશ્રય વિના આવા ભવ્ય મંદિરનું નિર્માણ શક્ય નથી. મંદિરની શૈલીના આધારે જેમ્સ બર્જેસ તેનાં નિર્માણ માટે દશમી સદીનો અંતભાગ સૂચવે છે. જ્યારે મંદિરસ્થાપત્યના મૂર્ધન્ય વિદ્વાન શ્રી ઢાંકી તેનો સમય દશમી સદીની બીજી પચીસી હોવાનો મત ધરાવે છે. રા' લાખાનો સમય દશમી સદીનો છે. વિદ્વાનો પણ મંદિરને નિમ્ન ફેરફારો સિવાય દશમી સદીનું જણાવે છે. રા' લાખો શિવભક્ત હતો તે નિર્વિવાદ હકીકત છે. તેથી પુરાતત્ત્વીય કે અભિલેખિક પુરાવા ન મળે તોપણ આ ભવ્ય શિવાલયનો કર્તા રા' લાખો ફુલાણી છે તેમ કહેવામાં સંકોચ રાખવા જેવું નથી.

કે. કા. શાસ્ત્રી પણ આ મંદિરનું સમયનિર્ધારણ કરતાં કહે છે કે 'કચ્છમાં પ્રાચીન દેવાલયો તો માત્ર ચાર જ મળે છે : (૧) કેરાનું શિવમંદિર, (૨) કોટાયનું શિવમંદિર, (૩) પુંઅરાગઢનું શિવમંદિર અને (૪) કંથકોટનું સૂર્યમંદિર. પુરાતત્ત્વવિદોમાં એટલી એકવાક્યતા છે કે આ મંદિરો ચૌલુક્યકાલની સ્થાપત્યકલાની વ્યાપકતાની પૂર્વેનાં છે અને છતાં દસમી સદીથી જૂનાં તો ન હોય.'

કેરાના શિવમંદિરનું સ્થાપત્ય આમ એક પ્રકારવાળા સ્થાપત્યપ્રકારથી નાનાંમોટાં અનેક શિખરોવાળા સ્થાપત્યપ્રકારની વચ્ચેનો પ્રકાર રજૂ કરે છે. પણ એની મહત્તા એ રીતની છે કે દસમી સદીમાં

કચ્છમાં આ વિવિધતા દાખલ થતાં જ કોટાયમાં એક કાળે થયેલી કહી શકાય તેવી સૂર્યમંદિરની એક શિખરવાળી અને શિવમંદિરની ચડઊતરવાળી વધુ શિખરોવાળી રચના પણ થયેલી છે અને એવી રચનાઓને મૂર્ત સ્વરૂપ આપવાનું શ્રેય લાખા ફુલાણીના ભાગે આવે છે; અને કેરાના શિવમંદિરમાં પેલી ચડઊતર ત્રિકોણાત્મક આઠ આકૃતિઓનાં તો પછી દર્શન પણ થતાં નથી; એટલી સંખ્યા પછીનાં દેવાલયોનાં શિખરોમાં જોવામાં નથી જ આવતી. ધારણા મુજબનું એક વિશાળ દેવાલય પછી કચ્છમાં અન્ય થયેલું પણ જોવા મળતું નથી. સોલંકીકાલમાં પાંગરેલી દેવાલયોની સ્થાપત્યરચનાનું મૂળ સૌરાષ્ટ્ર-સાબરકાંઠા-કચ્છનાં પ્રાચીન સ્થાપત્યોમાં રહેલું છે અને એ સોલંકીકાલ પૂર્વેના રાજવીઓ અને શ્રેષ્ઠીઓનો કલાપ્રેમ પણ ઉચ્ચ કક્ષાનો હતો એવું પુરવાર કરવા પર્યાપ્ત છે.

ભારતમાં મંદિરસ્થાપત્યમાં શિખરાન્વિત શૈલી પ્રસ્થાપિત થયે ભારતીય વાસ્તુવિદ્યાના ગ્રંથોમાં આ શિખરશૈલીના નાગર, વેસર અને દ્રાવિડ એમ ત્રણ ભેદ બતાવાયા છે. ઉત્તર ભારતમાં અને પશ્ચિમ ભારતમાં નાગરશૈલીનો ઘણો પ્રસાર થયો. સોલંકીકાલ દરમિયાન આ શૈલી એનાં વ્યાપક સ્થાનિક લક્ષણો સાથે ગુજરાત-રાજસ્થાનના પ્રદેશોનાં મંદિરોમાં આવિર્ભાવ પામી.

ચૌલુક્ય કે સોલંકીકાલના પ્રારંભથી ગુજરાતના મંદિરસ્થાપત્યમાં ભારે પરિવર્તન નજરે પડે છે, તેથી આ કાલના મંદિર બહુધા 'ચૌલુક્યશૈલી'ના કે 'સોલંકી-શૈલી'નાં મંદિરો તરીકે ઓળખાય છે. આ પરંપરાનાં મંદિર એની અગાઉની પરંપરાના છાદ્ય પ્રાસાદોથી જુદાં પડી બહુધા રેખાન્વિત શિખરશૈલીને અનુસરે છે. દસમી સદીના પૂર્વાર્ધથી ચૌદમી સદીના આરંભ સુધીમાં રચાયેલાં આ શૈલીનાં મંદિર ઉત્તરોત્તર ક્રમિક વિકાસ દર્શાવે છે અને એમાં ગુજરાતના મંદિર-સ્થાપત્યના પ્રગાઢ કલાત્મક અંશ વિકાસ પામતા નજરે પડે છે.

સોલંકીકાળના મંદિર-સ્થાપત્યનાં વિવિધ પાસાંઓની જે ચર્ચા 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ ૪માં કરવામાં આવેલ છે તે કચ્છના કેરા તેમ જ કોટાયનાં શિવાલયોને પણ લાગુ પડે છે. તે જોતાં કેરાનું શિવાલય દસમી સદીમાં નિર્માણ પામેલ છે તેમ કહેવું યોગ્ય જણાય છે. તે સમયના શાસકોમાં એકમાત્ર કચ્છનો રાજા લાખો ફુલાણી જ એવો રાજવી હતો જે આવાં ભવ્ય મંદિરો અને રાજધાનીના રક્ષણ માટે કોટ-કિલ્લાઓ બંધાવી શકે અને તે તેણે બંધાવ્યાં પણ છે. માત્ર કેરામાં જ નહીં, સૌરાષ્ટ્રમાં આટકોટમાં અને રાજસ્થાનમાં ફૂલરામાં પણ ગઢ (કિલ્લા) બંધાવ્યા હતા.

ભલે ભગ્નાવસ્થામાં પણ કેરાનું શિવાલય સાંસ્કૃતિક જગત માટે મોટી મિરાત છે અને કચ્છમાં શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રે લાખો ફુલાણીની મૂલ્યવાન સ્મૃતિ છે.

મૂળરાજ સાથેના યુદ્ધમાં ગ્રહરિપુએ પોતાની હાર અને મૂળરાજનું સર્વોપરીપણું કબૂલ કર્યું તેથી તેનું રાજ્ય તો તેની પાસે રહી ગયું, પણ ગ્રહરિપુની એ હાર સૌરાષ્ટ્રની પ્રજા માથે બાયલાપણાનું લાંછન લગાડતી ગઈ. 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં આ બાબતની નોંધ લેતાં કહેવાયું છે કે મૂળરાજના વિજયથી લાખા ફુલાણીનું મૃત્યુ કે ગ્રહરિપુનો પરાજય નહીં પણ સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજાઓની મહાન હાનિ થઈ અને મૂળરાજે તેમના પરાજયના બળતા અગ્નિમાં અપમાનરૂપી ઘી હોમ્યું. તેણે આજ્ઞા કરી કે સૌરાષ્ટ્રના પુરુષોને મેં જીત્યા છે, તેથી તેઓ પુરુષો રહ્યા નથી. તેમણે સ્ત્રીઓ જેવો પોશાક પહેરવો. આમ મૂળરાજે પુરુષોને ચૂડીદાર કેડિયાં પહેરવા તેમ જ નાક-કાન વીંધાવવા આજ્ઞા આપી. પરિણામે હજી પણ એ આજ્ઞાના અવશેષરૂપે સૌરાષ્ટ્રની ગ્રામ્ય જનતાનો પહેરવેશ તેવો જ રહ્યો છે. ગ્રહરિપુએ મૂળરાજની હકૂમત અને તાબેદારી કબૂલ કરી લીધી તેથી તેનું રાજ્ય તેની પાસે રહેવા દીધું, પણ કચ્છની બાબતમાં આવું બન્યાનું જણાતું નથી, કારણ કે લાખા ફુલાણી પછી તેનો વારસ તેનો ભત્રીજો જામ પુંઅરો

પદ્ધરગઢમાં ગાદીએ બેસે છે તેથી કચ્છમાં જાડેજાવંશની સત્તા ચાલુ રહી.

જામ પુંઅરાને કેરાના કિલ્લાના સંબંધમાં લાખા સાથે મતભેદ થવા પામેલ તેને લગતી એકથી વધુ દંતકથાઓ પ્રચલિત છે. લાખા ફુલાણીએ કેરાનો કોટ બંધાવ્યા પછી તેના વાસ્તુમાં પોતાના નાના ભાઈ ધાઓના પુત્ર પુંઅરાને પણ બોલાવ્યો હતો. તે પ્રસંગે પુંઅરાએ કેરાના કિલ્લામાં એક સ્થળે એક પથ્થર ઓછો મુકાયેલો જોઈને એ ઊણપ માટે લાખાની મશ્કરી કરી. લાખો તો કાંઈ બોલ્યો નહીં પણ લાખાની પત્નીથી ન રહેવાયું, તેથી તે બોલી ઊઠી કે –

લાખે ખરચી લખ કેરે કોટ અડાયો
ગંઠમેં હુવે ગરથ ત પદ્ધર અડાય તું પુંઅરા

(લાખાએ તો લાખો ખરચીને કેરાનો કિલ્લો ચણાવ્યો છે, તારી પાસે જોગ હોય તો, પુંઅરા, તું પણ પદ્ધરગઢ ચણાવ !)

તે પરથી પુંઅરો ભુજથી પશ્ચિમે વીસેક કિમીના અંતરે પદ્ધરગઢ નામનો કિલ્લો બંધાવી ત્યાં જ રહેવા લાગ્યો.

'કચ્છનું સંસ્કૃતિદર્શન'માં આ પ્રસંગનું જુદી રીતે નિરૂપણ થયું છે. તેમાં નિર્દેશ્યા પ્રમાણે એ પ્રસંગે પુંઅરાએ રા' લાખા પાસે પોતાના હક્ક-હિસ્સા વિશે વાત મૂકી. તે પરથી એક ચારણે તેને ઉપરના દુહા પ્રમાણે ગઢ ચણાવવા સંબંધમાં મહેણું મારતાં પુંઅરાને લાગી આવ્યું અને તેણે કેરાનું પાણી હરામ કરતાં કહ્યું કે –

પાણી આય હરામ, માંકે કેરે કોટજો,
હૈડે હકડી હામ, પદ્ધર કે પટ્ટણ કરાં.

એ રીતે પુંઅરો પદ્ધરને મોટું શહેર બનાવવાનો નિશ્ચય કરી ત્યાંથી ચાલી નીકળ્યો. એ રીતે પદ્ધરગઢનો કિલ્લો અસ્તિત્વમાં આવ્યો હતો.

જ્યારે 'કચ્છના કર્ણધારો'માં આ વાત વળી જુદી રીતે જ કહેવાઈ છે. એ પુસ્તકમાં માંડવી તાલુકાના બાએઠ ગામના ઢાઢી સારૂ નામની વ્યક્તિએ એ પુસ્તકના આલેખક મહેતા માધવજી શિવરામને કચ્છનો ઇતિહાસ લખાવ્યો છે. તે પ્રમાણે આ પુસ્તક લખાયેલ છે. તેમાં આ પ્રસંગ અંગે કહે છે કે લાખાને ધાઓ નામે ભાઈ હતો. તેનો દીકરો પુંઅરો નામે થયો. તે પુંઅરો લાખા પાસે રહેતો હતો. લાખાએ કેરાનો કોટ કરાવ્યો. તે પછી તેણે આ કિલ્લો કેવો લાગે છે તે વિશે માણસોને પૂછતાં બધાએ તે કિલ્લાનાં વખાણ કર્યાં પણ પુંઅરો જે પાસે ઊભો હતો તેણે લાખાને કહ્યું કે 'કાકા ! કિલ્લો તો માણસોનો છે, બાકી કિલ્લો શું કરે ? માણસો હોએ તો પાધરમાં બેઠે શું થાએ !' એ વાત લાખાને આકરી લાગી. તારે લાખે કહ્યું જે 'તું એક વાર ભાણ જેઠવો ઘૂમલીમાં રાજ કરે છે, તેઆં ફેરો ફરી આવી તું પાધરમાં આવી બેસજે કે તારી મરદુમી માલમ પડશે.' આ વાત પુંઅરાને ખટકી. એટલે તે ઘૂમલીમાંથી ભાણ જેઠવાની સાંઢોને વાળી લાવે છે. ભાણ જેઠવો ચડી આવે છે. લડાઈ લડવાને બદલે ત્રણ શરતો નક્કી કરવામાં આવે છે ને તેમાં જે જીતે તે જીત્યો ગણાય તેમ નક્કી થાય છે. (૧) પહેલી શરત મુજબ બન્નેએ સામસામી હાકલ કરવી, તેમાં જેની હાકલ બળૂકી રહે તે શરત જીતે. (૨) બીજી શરત મુજબ બન્ને જણા બેસીને એકબીજાનાં મોઢાં જોયા કરે. તેમાં જે પહેલું મટકું મારે તે હારે. (૩) ત્રીજી શરત મુજબ એક બીજાને એકએક મૂઠ મારે. તેમાં જે ઢીલો પડે તે હારે. આ પ્રમાણેની ત્રણે શરતોમાં હમીર સુમરો જીતી ગયો તેથી ભાણ જેઠવાની સાંઢો પુંઅરાને મળી ગઈ. પણ મૂઠ મારવાની શરતમાં ભાણ જેઠવાએ હમીરના મોઢા પર મૂઠ મારીને તેના દાંત પાડી નાખ્યા. તેથી તેનું મોઢું દાંત વગરનું બોખું બની ગયું હતું. એટલે એ જ્યારે પરણવા તોરણે આવ્યો ત્યારે પુંઅરાની વડારણોએ તેની મશ્કરી કરતાં તે તોરણેથી પાછો વળી ગયો હતો. પછી તેનું નામ કચ્છમાં કાયમ રહે એવું કાંઈ થાય તો પરણે તેમ કહેતાં ડાહ્યા માણસોએ એવું નક્કી કરી આપ્યું કે આ મુલક પુંઅરાનો પણ તેમાં વાર તમારી લખાશે. તે દિવસથી જે વસ્તુ અઘાટ વેચાય તેમાં 'અઘાટ હમીરા વાર' એવું લખવાનું શરૂ થયું, જે કચ્છમાં થતા દસ્તાવેજોમાં હજી પણ લખાય છે. જોકે શંભુપ્રસાદ દેસાઈ કૃત 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં કે

નરોત્તમ પલાણ અને નાથાલાલ રૈયારેલા સંપાદિત પુસ્તક 'ઘૂમલી : રાજકીય અને સાંસ્કૃતિક'માં આ બાબતનો ઉલ્લેખ થયેલ જોવામાં આવતો નથી.

'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'-ગ્રંથ ૪, (સોલંકીકાલ)માં એવું કહેવામાં આવ્યું છે કે લાખાનું અવસાન થયા પછી પુંઅરાના હાથમાં આ પ્રદેશનાં સત્તાસૂત્ર આવ્યાં હતાં. પુંઅરાને થૂમલી(?)ના વિઅડ ગુજર સાથે અગાઉ અથડામણ થઈ હતી એનો બદલો લેવા વિઅડ પદ્ધરગઢ પર ચડી આવ્યો. આ સમયે પુંઅરાએ સિંધના હમીર સુમરાને મદદે બોલાવ્યો. યુદ્ધમાં વિઅડ માર્યો ગયો અને હમીરને એ મદદના બદલામાં પુંઅરાએ પોતાની પુત્રી પરણાવી. અનુશ્રુતિ પ્રમાણે હમીર તોરણે આવતાં કોઈએ મશ્કરી કરી એટલે એ ચાલ્યો ગયો. પુંઅરાને એની જાણ થતાં સમજુ માણસો મોકલી એને મનાવી લેવામાં આવ્યો. હમીરે શરત કરી કે તમારે ત્યાં અઘાટ વેચાણના ખત થતા દસ્તાવેજોમાં 'અઘાટ હમીરા વાર' એવી નોંધ લેવાય. ત્યારથી એ જાતની નોંધ કચ્છમાં થતી આવી છે.

પુંઅરાના પદ્ધરગઢના નિર્માણ વિશે જેમ કેટલીક દંતકથાઓ પ્રચલિત છે તેમ તેના નાશ વિશે તથા તેના પોતાના દેહાંત વિશે પણ કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. આમાંની મોટા ભાગની કથાઓનો સાર એક જ છે કે પુંઅરાની રાણી રાજૈ નિઃસંતાન હતી. તેણે સાંભળ્યું હતું કે અહીં કેટલાક તપસ્વીઓ આવેલા છે, તેમણે અહીંના એક માછીમારને આશીર્વાદ આપતાં તેને સંતાનની પ્રાપ્તિ થઈ છે, તેથી રાજૈએ પણ તે તપસ્વીઓ પાસે જઈને પોતાને સંતાન પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપવા વિનંતી કરી. પણ તપસ્વીઓએ તો તેને કહી દીધું કે –

અસીં ન એડા ઓલિયા, જુકો ડિયું જેં કે બાર,
ઈ નીઆ તાં ઉતે થીએ, જત સાહેબજો ધરબાર.

(અમે એવા ઓલિયા નથી કે માગે તે પ્રમાણે બાળક આપ્યા કરીએ. એ ન્યાય તો ઈશ્વરના દરબારમાં થાય.)

રાણીએ ફરીફરીને તપસ્વીઓને વિનંતી કરી પણ તે ફળી નહીં. તેને કહેવામાં આવ્યું કે,

બાઈ બચ્ચા તું ડાઈ થી, અસીં ન ઠોડા ઠગ
હિકડો હેરે ઝલે ડિયોં, જ વિંયાય જા વેં વગ

[બેન-દીકરી, તું ડાહી થા. અમે કોઈ ઠગ-ભગત નથી, ને નથી અમારી પાસે બાળકોના વગ (ટોળાં) કે જેમાંથી પકડીને તને એકાદ આપી દઈએ.]

રાણી નિરાશ થઈ પાછી આવી. આ વાતની જ્યારે પુંઅરાને ખબર પડી ત્યારે તે ભારે ગુસ્સે થયો અને એ તપસ્વીઓ પર જુલમ કરવા લાગ્યો. તપસ્વીઓ પરના આ જુલમની વાત યક્ષો પાસે પહોંચાડવામાં આવી. તે પરથી ૭૨ યક્ષો અને તેમની સાથે તેમની એક બહેન પણ તે તપસ્વીઓની વહારે આવ્યાં અને પુંઅરાને મારી નાખી પદ્ધરગઢનો કિલ્લો જમીનદોસ્ત કર્યો. ગાદીએ બેઠા પછી માત્ર ૭ જ વર્ષમાં પુંઅરાના જીવનનો કરુણ અંત આવ્યો.

પુંઅરાને તેનાં બે કૃત્યો માટે અત્યંત જુલમી ગણવામાં આવેલ છે. આ બે કૃત્યો પૈકી એક છે તે પદ્ધરગઢનું ચણતર કરનારા શિલ્પીઓનાં કાંડાં કપાવી નાખ્યાં અને બીજું તે તપસ્વીઓને રાજૈની પુત્રપ્રાપ્તિની પ્રાર્થના ધ્યાને ન લીધી તેથી તેણે તે તપસ્વીઓ પર અત્યંત નિર્દયી થઈને જુલમ ગુજાર્યો.

દંતકથાની આ વાતોને નારાણજી વિસનજી ઠક્કુરે તેમની નવલકથાના ઐતિહાસિક પરિશિષ્ટ વિભાગમાં પડકારેલ છે. તેમના કહેવા પ્રમાણે 'જેમને રોમના ઋષિઓ માનવામાં આવે છે તેઓ તો સિંધુદેશમાંથી આવેલા ઇસ્લામના પ્રચારકો જ હતા. તેમણે પિપરકંધા અથવા જખૌ તથા તેની આસપાસના સમુદ્રતીરવર્તી પ્રદેશમાં ત્યાંની સંઘાર-જાતિના હિન્દુ-સમાજમાં ઇસ્લામનો પ્રચાર કર્યો હતો અને અતિશ્રદ્ધાળુ અને ભોળા સંઘારોને અર્ધદગ્ધ મુસલમાન બનાવીને પોતાના એક પ્રકારના પ્રબળ પક્ષપાતી અનુયાયી બનાવી લીધા. પછી કચ્છનરેશ જામ પુંઅરાની રાણી સંઘારજાતિમાં જન્મેલી હોઈને સંઘાર-નાયક હરધવલજીની દુહિતા હોવાથી તેના પુત્રપ્રાપ્તિવિષયક નારી જાત્યુચિત ભાવનાનો લાભ ઉઠાવવામાં આવેલ છે.

ઠાકરસી પુરુષોત્તમ કંસારા પણ કહે છે કે ઇતિહાસમાં પુંઅરાને ગેરસમજથી નરાધમ તરીકે ચીતરીને અન્યાય કરવામાં આવેલ છે. આનાં કારણો પણ તેમણે પોતાના લેખમાં આપેલ છે.

જામ પુંઅરાના દેહાંત સાથે સિંધમાંથી કચ્છમાં ઊતરી આવેલ જામ મોડની પેઢી અહીં પૂરી થઈ. જામ મોડે કચ્છમાં જાડેજાવંશનો પ્રથમ તબક્કાનો પાયો ઈ. સ. ૮૪૩માં નાખેલ જે પુંઅરાના મૃત્યુ સુધી એટલે કે ઈ. સ. ૯૮૫ સુધી ૧૪૨ વર્ષે પૂરો થયો. કચ્છના જાડેજાવંશના રાજવીઓના ત્રણ તબક્કાનાં કુલ ૯૩૯ વર્ષ પૈકીનો પ્રથમ તબક્કો પૂરો થયો.

પુંઅરાની સ્મૃતિને સાચવતાં સ્થાપત્યનાં ત્રણ અવશેષો આજે પણ પદ્ધરગઢમાં જોવા મળે છે. આમાંનો એક છે ખંડેર થયેલ પદ્ધરગઢનો કિલ્લો. એનો ઘેરાવો ૩૫૦૦ સુતારી ગજ હોવાનું દુલેરાય કારાણીએ કહ્યું છે. બીજા છે 'નંઢી મેડી' અને 'વડી મેડી'ના અવશેષો, જેમને લોકો પુંઅરાના રાજમહેલ તરીકે ઓળખાવે છે. સ્થાપત્ય અને પુરાતત્ત્વના તજ્જ્ઞો તેને શૈવમઠ કહે છે. મુકુંદ રાવળ પણ કહે છે કે આ ઇમારત જો મહેલ જ હોત તો એના વિવિધ દ્વારશાખની પટ્ટિકાઓમાં દેવ-દેવીઓ અને યોગીઓનાં શિલ્પ શા માટે કરાયેલાં હશે ? આ શિલ્પોનો બારીક અભ્યાસ અને પાસેના નાના મંદિરના ખંડેરના નિરીક્ષણ બાદ આ ઇમારત કોઈ જૂના શૈવ સંપ્રદાયનો મઠ હોય એમ લાગ્યા વિના રહેતું નથી; જ્યારે કે. કા. શાસ્ત્રી આ 'નંઢી મેડી' અને 'વડી મેડી'ને દેવસ્થાન હોવાની અને તેનાં ત્રણે ગર્ભગૃહોમાં વિષ્ણુની મૂર્તિઓ હોવાની સંભાવના દર્શાવે છે.

ઉપરની વિગતો જોતાં તજ્જ્ઞોની દૃષ્ટિએ આ સ્થાપત્ય પુંઅરાનો રાજમહેલ નથી. આ અંગે તત્કાલીન ધાર્મિક સ્થિતિનું અવલોકન કરતાં નંઢી-વડી મેડી શૈવ મઠ હોવાની શક્યતા વિશેષ છે. કચ્છમાં શૈવધર્મનું પ્રચલન હતું. વાઘમ ચાવડાને અને ધરણ વાઘેલાને મહાદેવની પૂજા કરતા હતા ત્યારે જ મોડ તથા ફૂલે મારી નાખ્યાની વાત ઇતિહાસમાં કહેવાઈ છે, એટલે કે કચ્છમાં વૈષ્ણવધર્મ કરતાં શૈવધર્મનું પ્રચલન વિશેષ હતું. વિષ્ણુનાં મંદિરોનો ઉલ્લેખ જોવામાં આવતો નથી, એટલું જ નહીં, કેન્દ્ર-કક્ષાએથી કચ્છમંડલ પર જે-જે રાજાઓનું વર્ચસ્વ રહેલ તે પણ મોટે ભાગે શૈવપંથી હતા. જામ-જાડેજાઓ પછી સોલંકીઓની સત્તા કચ્છ પર આવી ત્યારે પણ શૈવધર્મ પ્રચલનમાં હતો. આની પ્રતીતિ વિ. સં. ૧૦૮૬ના ભીમદેવના તામ્રપત્રમાં ભગવાન ભવાનીપતિને પૂજીને કચ્છમાં મસુર-ગ્રામ આચાર્ય મંગલ શિવના પુત્ર ભટ્ટારક અજયપાલને આપ્યાના લેખ પરથી થાય છે. આ આચાર્ય પાશુપત મતના હશે, અર્થાત્ કચ્છમાં પાશુપત સંપ્રદાય પણ પ્રચલિત હતો. વળી કિલ્લાની બહાર જે દેવાલય છે તે પણ શિવાલય છે તેથી નંઢી-વડી મેડી વિષ્ણુ- દેવાલયને બદલે શૈવ મઠ જ હોઈ શકે. વિ. સંવત ૧૦૮૬ના આ દાનશાસનની વિસ્તૃત વિગત 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ ૨માં દર્શાવેલ છે.

અને ત્રીજા અવશેષ તરીકે છે પુંઅરેશ્વર મહાદેવનું તદ્દન ભગ્નાવસ્થામાં ઊભેલું મંદિર. તેના નિર્માણકાળના સંબંધમાં કે. કા. શાસ્ત્રી કહે છે કે આ મંદિર ઉપર નજર કરતાં જ માલૂમ પડી આવે છે કે ગુજરાતના સોલંકીઓનાં જાજ્વલ્યમાન મંદિરોના યુગની પહેલાંના સમયનું આ સ્થાપત્ય છે.

પુંઅરાના જીવન સાથે જે અનુશ્રુતિઓ જોડાયેલી છે તેમાંની એક આ મંદિર અંગેની છે. આ અનુશ્રુતિનું તથ્ય એટલું જ છે કે પદ્ધરગઢના કિલ્લાની બહાર આવેલું આ મંદિર પહેલેથી જ બંધાયેલું હતું; તેને રાજૈના આગમન સાથે જોડી દેવામાં આવ્યું છે. સોલંકી-કાલમાં નાગરક-પ્રકારનાં મંદિરોએ જે ભવ્યતા ધારણ કરી તેનો આરંભ આપણને આ ત્રણ શિવાલયોમાં જોવા મળે છે. (ત્રણ મંદિરો એટલે કોટાય, કેરા અને પુંઅરેશ્વર)

તજ્જ્ઞોના મત મુજબ એમ કહી શકાય કે કચ્છનાં આ ત્રણે શિવમંદિરો દશમી સદીથી પહેલાંનાં નથી. કચ્છમાં લાખો ફુલાણી જ એક એવો રાજવી થઈ ગયો જે આવાં ભવ્ય મંદિરો બંધાવી શકે. એના સિવાય

અન્ય કોઈએ તે બંધાવ્યાં એવો ઉલ્લેખ પણ ક્યાંય જોવા મળતો નથી. તેથી એમ માની શકાય કે કોટાય, કેરા અને પુંઅરેશ્વર એમ ત્રણે મંદિરોનું નિર્માણ તેને જ આભારી છે.

ઠાકરસી પુરુષોત્તમ કંસારાના મત મુજબ પુંઅરા વિશેની દંતકથાઓ ઘણાખરા ઇતિહાસલેખકોએ નોંધેલ છે. 'કાળો ડુંગર કચ્છ'માં એની વિસ્તારપૂર્વક નોંધ થયેલ છે. આ દંતકથાઓનું અવલોકન કરતાં એમાં ચમત્કારનું તત્ત્વ વિશેષ છે. કચ્છમાં અંગ્રેજો ઈ. સ. ૧૮૧૯માં સત્તા પર આવ્યા. ત્યાર બાદ સર એલેકેઝાંડર બર્જેસે ઈ. સ. ૧૮૩૫ના અરસામાં પદ્ધરગઢના પ્રાચીન અવશેષોને સ્થળે કક્કડભીટ પરના યક્ષોના સ્થાને તથા બીજાં સ્થળોએ જઈને ત્યાં દંતકથાઓ સાંભળેલ તેની નોંધ કરી લીધી હતી, જે પાછળથી ઇતિહાસલેખકોએ પોતાના ઇતિહાસગ્રંથોમાં નોંધેલ છે. આ દંતકથાઓ પુંઅરાના વિરોધીઓએ એને બદનામ કરવાના ઇરાદાથી કલ્પિત – ઉપજાવી કાઢેલ હોવાનું જણાય છે. પુંઅરાને એની કાકીએ મહેણું મારતાં પદ્ધરગઢ તથા મંદિર બનાવ્યાં હતાં એવી દંતકથા તદ્દન બાલિશ સ્વરૂપની છે. સંઘારોના સંતો વિદેશમાંથી આવી તપ કરતા હતા અને નિઃસંતાન લોકોને પુત્રસંતતિના આશીર્વાદ આપતા હતા, પરંતુ એઓએ પુંઅરાને એની પત્ની રાજૈને સંતાન થાય એવા આશીર્વાદ આપવાનો ઇન્કાર કર્યો તેથી એમને પીડવામાં આવ્યા હતા તથા મારી નાખવામાં આવ્યા હતા એ વાત પણ ચમત્કાર દર્શાવતી કલ્પિત હોવાનું જણાય છે. પદ્ધરગઢના શિલ્પીનાં કાંડાં કપાવી નાખ્યાની વાત પણ મનાય તેવી નથી. કચ્છમાં તથા કચ્છ બહાર પદ્ધરગઢ તથા પુંઅરેશ્વર મંદિરનાં શિલ્પ તથા કોતરણીથી ચડિયાતાં મંદિરો તથા બીજાં સ્થાપત્યોનું સર્જન થયેલ છે. રામસિંહજી રાઠોડ કૃત 'કચ્છનું સંસ્કૃતિદર્શન', કે. કા. શાસ્ત્રી કૃત 'અસાંજો કચ્છ' તથા બીજા કેટલાક ઇતિહાસગ્રંથોમાં પુંઅરાનાં ઘાતકી કૃત્યો તથા કક્કડે એનું ચમત્કારી બાણ છોડીને નિપજાવેલ મૃત્યુ સંબંધી પ્રચલિત દંતકથાઓના દાખલા નોંધાયેલ છે. પણ પુરાતન પ્રબંધોમાં એવા કાંઈ ઉલ્લેખ નથી. પુંઅરા વિરુદ્ધ સંઘારો પોતાનો ગરાસ પાછો મેળવવા મરણિયા બનેલ હતા એમ ઇતિહાસ પરથી સ્પષ્ટ જણાય છે. આ સંઘારોએ કદાચ વિદેશી અરબ ઘોડેસવારોની મદદ મેળવીને પુંઅરાને લાગ સાધીને મારી નાખેલ હશે એ બનવાજોગ છે. કક્કડ તથા સાંયરી નામો દેશી છે, વિદેશી નથી.

અનુશ્રુતિઓ ગમે તે કહેતી હોય પણ પુંઅરાના મૃત્યુનું કારણ યક્ષો હતા. સંઘારોને તેમણે મદદ કરી તેથી તેઓ આજે સમગ્ર કચ્છમાં દેવતા તરીકે પૂજાય છે.

૧૨. જામ પુંઅરાના નિધન પછી કચ્છની રાજકીય પરિસ્થિતિ

ઉમિયાશંકર અજાણી

'ખરી વાત' જ્યારે દંતકથાઓમાં અટવાઈ જાય છે ત્યારે તવારીખ માટે સત્યશોધન મુશ્કેલ બને છે. જામ પુંઅરાના મૃત્યુ પછીના કચ્છની રાજકીય પરિસ્થિતિની હકીકત પણ દંતકથાઓમાં અટવાઈ ગઈ છે તેથી જુદાજુદા ઇતિહાસકારોએ તત્કાલીન પરિસ્થિતિ અંગે જે વિગતોનું આલેખન કરેલ છે તે ક્યાંક પોતાની વિગતો સાથે અથવા ક્યાંક એકબીજાની વિગતોથી પરસ્પર વિરોધી જણાય છે.

આત્મારામ દ્વિવેદી કહે છે કે મૂળરાજે લાખાને માર્યા પછી કચ્છ તેના હાથમાં ગયું જણાય છે, કારણ કે વરસોડાના ચાવડાઓના ભાટોના કહેવા મુજબ મૂળરાજે મામાના કુળનો નાશ કીધો ત્યારે ભોયણદે ચાવડાની ભટિયાણી સ્ત્રી પોતાના બાર માસના દીકરા અહિવનરાજને લઈ જેસલમેર જઈ રહી હતી. અહિવનરાજ ઉંમરે પહોંચતાં મૂળરાજ સામે બહારવટું કરી, કચ્છનાં ૯૦૦ ગામો તાબે કરી, મોરગઢ વસાવી, ત્યાં રહ્યો હતો. તેની ચૌદમી પેઢીએ થયેલા પૂંજાજીને જાડેજાઓએ હાંકી કાઢ્યો ત્યાં સુધી તેઓ કચ્છમાં હતા.

આ સંબંધમાં દુલેરાય કારાણીએ કરેલા ઉલ્લેખ પ્રમાણે જામ પુંઅરાના મૃત્યુ પછી કચ્છની રાજસત્તા હાથમાં લેનાર કોઈ શક્તિશાળી પુરુષ ન હોવાથી ચાવડા અહિવનરાજે કચ્છનો કબજો પોતાના હાથમાં લઈ લીધો. તેણે પદ્ધરગઢનો નાશ કર્યો અને મોરગઢમાં રાજગાદી સ્થાપી. અહિવનરાજ ચાવડો ગુર્જરનરેશ મૂળરાજ સોલંકીને ખંડણી આપતો. સર્વોપરી સત્તા મૂળરાજની હતી. તદુપરાંત કચ્છમાં બીજી પણ જુદી-જુદી રાજસત્તાઓ હશે એમ ગૂર્જરપતિના એક તામ્રપત્ર પરથી જણાય છે. અહિવનરાજના વંશમાં કચ્છનું રાજ્ય સંવત ૧૦૬૫થી ૧૨૦૩ સુધી એટલે કે ૧૩૮ વર્ષ સુધી રહ્યું. આ વંશનો છેલ્લો રાજા પૂંજાજી ચાવડો નબળો થયો. તેની પાસેથી જામ લાખા જાડેજાએ સિંધમાંથી આવીને રાજસત્તા પોતાને કબજે કરી લીધી.

રામસિંહજી રાઠોડ તત્કાલીન રાજકીય પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં કહે છે કે જ્યારે પાટણમાંથી ચાવડાઓને હાંકી કાઢવામાં આવ્યા ત્યારે સામંતસિંહ ચાવડાનો પુત્ર અહિપત ભુજની નૈર્ઋત્યે વસ્યો અને ત્યાં થોડાંક ગામો જીતી મોરગઢને પોતાની રાજધાની બનાવીને રહ્યો. જ્યારે આ જ સંદર્ભમાં અન્યત્ર કહે છે કે જેમની પાસેથી મૂળરાજને ગુજરાતનું મહારાજ્ય હાથ આવ્યું એ અણહિલ-પાટણના ચાવડાઓના વંશજ અહિવનરાજ નિર્બળ અવસ્થામાં મોસાળમાં સહારો મેળવી રહ્યો હતો. તેણે વયે પહોંચતાં પુંઅરાના સમયની અંધાધૂંધીનો લાભ લઈ કચ્છ પર ચડાઈ કરી, કચ્છનાં કેટલાંક ગામો દબાવ્યાં. એના વંશજોમાં છેલ્લા રાજા પૂંજાજી પાસેથી જામ લાખા જાડેજાએ સિંધથી આવી તેનું રાજ્ય જીતી લીધું.

'કાળા ડુંગર કચ્છજા'ના કર્તા કહે છે કે પુંઅરો નિઃસંતાન મૃત્યુ પામ્યો ત્યારે અહિવનરાજ ચાવડા નામના એક શૂરવીર રાજપૂત સરદારે પદ્ધરગઢ ઉપર તોપનો મારો ચલાવ્યો. મિલકત મળી તે લૂંટી અને શહેરનો નાશ કર્યો. અણહિલવાડ પાટણનો છેલ્લો રાજા સામંતસિંહ કે જેનું રાજ્ય મૂળરાજ સોલંકીએ ઝૂંટવી લીધું હતું તેનો અહિવનરાજ પૌત્ર થતો હતો. ચાવડા-વંશના નાશ પછી અહિવનરાજને અણહિલવાડમાંથી દેશવટો દેવાયો હતો. થોડા વખત સુધી કચ્છમાં તે બહારવટું કરી રહ્યો હતો એમ કહેવાય છે. આ સમયે વિપતગ્રસ્ત રાજપૂત સરદારોનું કચ્છ વારંવાર આશ્રયસ્થાન બનતું હતું. વિશેષમાં કહે છે કે

અહિવનરાજે ભુજના નૈર્ઋત્યખૂણે આવેલા મોરગઢ ઉપર તુરત જ કબજો કરી ત્યાં ગાદી સ્થાપી. તેના પાટનગરનું કોઈ નામનિશાન દેખાતું નથી, પણ મોરગઢની બાજુમાં આવેલા તળાવનું ચાવડકા નામ કદાચ ચૌડા પરથી પડ્યું હોય. તેની રાજધાની નજીક પદ્ધરગઢ જેવા બીજા રાજ્યની હસ્તી તેને ખૂંચે એ સ્વાભાવિક છે. તેથી પુંઅરાના મૃત્યુ પછી જે ગંભીર અંધાધૂંધી ફાટી નીકળી તેનો લાભ ઉઠાવી, પુંઅરાના પદ્ધરગઢને સદંતર નષ્ટ કરવા અને કચ્છમાંથી સમાઓની સત્તાને તોડી પાડવા તે ચાહતો હતો. તેણે એકસોથી પણ વધારે ગામો ઉપર પોતાનો કબજો જમાવી એક રાજ્ય સ્થાપ્યું એમ કહેવાય છે. વળી એમ પણ કહેવાય છે કે કચ્છમાં અહિવનરાજ પોતાને મૂળરાજ સોલંકીનો પ્રતિનિધિ કહેવડાવતો હતો.

ઠાકરસી કંસારા કહે છે કે મૂળરાજ સોલંકીએ સામંતસિંહનું ખૂન કરીને અણહિલપાટક(પાટણ)માં પોતાનું સોલંકી રાજ્ય સ્થાપવાની શરૂઆત કરી તે વખતે સામંતસિંહની ભટ્ટીરાણી બે વર્ષની ઉંમરના બાળપુત્રને લઈને છાની રીતે પોતાને પિયર નાસી જઈ શકી હતી. આ બાળકુંવર અહિવનરાજ જુવાન વયનો થતાં ગુજરાતમાંનું પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવવા માટે મૂળરાજ સામે બહારવટે ચડ્યો હતો. મૂળરાજે સામંતસિંહનું દગાથી ખૂન કરીને એનું રાજ્ય પચાવી પાડ્યું હતું. અહિવનરાજને અન્યાય થયો હતો તેથી સામંતસિંહનો એક વખતનો સેવક લાખો ફુલાણી તથા વંથલીનો સત્તાધીશ ગ્રહરિપુ અહિવનરાજના બહારવટાને ઉત્તેજન આપતા હતા. અહિવનરાજ સૌરાષ્ટ્રની હદમાં આવેલ આટકોટમાં થાણું રાખીને પાટણના પ્રદેશ પર અવારનવાર હુમલા કરતો અને સોમનાથની યાત્રાએ જતા પાટણના શ્રીમંતો પાસેથી મોટી રકમો દંડ-કર તરીકે વસૂલ કરતો હતો અથવા લૂંટી લેતો હતો. રાજ્યનો ખજાનો પાટણ તરફ લઈ જવાતો હોય તે લૂંટી લેતો તેથી આખરે મૂળરાજે ગ્રહરિપુ પર ચડાઈ કરી. એ ચડાઈ વેળા લાખો ગ્રહરિપુની મદદે ગયેલ અને યુદ્ધમાં અદ્ભુત પરાક્રમ બતાવી માર્યો ગયો. ગ્રહરિપુ જીવતો પકડાઈ ગયો. આ યુદ્ધમાં અહિવનરાજ પણ ગ્રહરિપુના પક્ષે જોડાયો હતો. યુદ્ધાંતે મૂળરાજ અને ગ્રહરિપુ વચ્ચે સમાધાન થયું. જનશ્રુતિ પ્રમાણે અહિવનરાજને ગુજરાતના મહારાજ્યમાં માનભર્યો હોદ્દો આપીને કચ્છના વાગડ-પ્રદેશમાં ગુજરાત રાજ્યની સત્તા નીચે ગામડાં હતાં તેના પર દેખરેખ રાખવા તથા વધુ ગામો મેળવવા માટે થોડી સેના આપીને કચ્છમાં મોકલ્યો હતો. સંઘારો પુંઅરાએ છીનવી લીધેલો ગરાસ પાછો મેળવવા માટે એની વિરુદ્ધ યુદ્ધે ચડ્યા હતા. મૂળરાજના જાસૂસો એમને ઉશ્કેરતા હતા તેમ જ ઉત્તેજન આપતા હતા.

ઉપરના કચ્છના પાંચેય ઇતિહાસકારોનાં લખાણો જોતાં તેમાં ક્યાંય મતૈક્ય નથી. વળી તેમનાં લખાણના સમર્થનમાં કોઈ આધાર પણ દર્શાવ્યો નથી, એટલું જ નહીં, એકબીજાના લખાણમાં પરસ્પર વિરોધ જણાય છે.

આ સંદર્ભમાં સૌરાષ્ટ્રના ઇતિહાસની વિગતો જોતાં તેમાં કહેવાયું છે કે સામંતસિંહની વિધવા રાણી સગર્ભા હતી તે તેના પિતાના ગૃહે તણોટ ચાલી ગઈ. ત્યાં તેણે અહિપત નામના પુત્રને જન્મ આપ્યો. એક ગ્રંથકારના જણાવ્યા પ્રમાણે સામંતસિહને પુત્ર નહોતો તેથી મૂળરાજને દત્તક લીધો, પણ પાછળથી અહિપતનો જન્મ થતાં તેને યુવરાજ ગણતાં, મૂળરાજે મામાને મારી નાખ્યો. અહિપતને લઈ તેની મા ચાલી ગઈ.

સામંતસિંહનો પુત્ર અહિપત તેના પિતાના ખૂનનો બદલો લેવા અને પોતાનું રાજ્ય પાછું લેવા અણહિલવાડ પાટણ આવ્યો પણ તેને કોઈએ આશ્રય ન આપ્યો, તેથી તે કચ્છમાં જઈને વસ્યો. લાખાએ તેને મોરગઢ ગામ જિવાઈમાં આપ્યું. મૂળરાજને આ સમાચાર મળતાં તેણે અહિપતને સોંપી દેવા લાખાને દબાણ કર્યું, પણ શરણાગતને સોંપવાનું કાર્ય કુલાચારથી વિરુદ્ધ હોવાથી લાખાએ એ માગણી નકારી કાઢી. મૂળરાજે અહિપતનું કાસળ કાઢવા અને ભવિષ્યમાં તેના ઉપર ઊભા થનારા ભયને મૂળમાંથી દૂર કરવા લાખા ઉપર ચડાઈ કરવા નિર્ણય કર્યો.

દુર્ગાશંકર શાસ્ત્રી કહે છે કે મૂળરાજના જન્મ સંબંધમાં 'પ્રબંધ-ચિંતામણિ'માં આપેલી દંતકથાનો સાર એવો છે કે મુંજાલદેવના પુત્રો રાજ, બીજ અને દંડ નામના ત્રણ ભાઈઓ સોમનાથની યાત્રા માટે નીકળ્યા હતા. પાછા વળતાં અણહિલપુર પાટણ આવ્યા અને કાપડીના વેશમાં રહેલા રાજની ઘોડેસવારીની કુશળતા જોઈને તેને મોટા કુળનો ધારી, પાટણના ચાવડા રાજા સામંતસિંહે તેને પોતાની લીલાદેવી નામની બહેન પરણાવી. આ લીલાદેવી સગર્ભાવસ્થામાં હતી ત્યાં એકાએક તેનું મરણ થતાં તેનું પેટ ચીરીને જીવતા બાળકને બહાર કાઢવામાં આવેલ. આ બાળક મૂળનક્ષત્રમાં જન્મેલું હોવાથી તેનું નામ મૂળરાજ પાડવામાં આવ્યું. 'રાસમાળા' પ્રમાણે સામંતસિંહે આ મૂળરાજને દત્તક લીધેલ. જોકે 'પ્રબંધચિંતામણિ'માં આ સંદર્ભમાં કોઈ જ ઉલ્લેખ થયેલ નથી.

'મુંબઈ ગૅઝેટીઅર'ના લેખકે 'પ્રબંધ-ચિંતામણિ'માંથી મૂળરાજનાં જન્મ અને રાજ્યપ્રાપ્તિ અંગેની દંતકથા નોંધી છે. પણ તે કહે છે કે આ દંતકથામાં આપેલી મુખ્ય હકીકતો એટલે કે મૂળરાજનો બાપ ચાવડા રાજાની છોકરીને પરણેલો અને તેને મૂળરાજ નામે પુત્ર થયો, આ મૂળરાજે મામાને મારીને ગાદીએ બેઠો - એટલી વાત માનવા જેવી છે. દંતકથાનાં પાઠાંતરો જોતાં એ તો દેખીતી જ કલ્પિત લાગે છે. ગૅઝેટીઅરના લેખકે જે વાત માનવા કહી છે તેનો પણ કેટલોક ભાગ સૂક્ષ્મ ઐતિહાસિક પરીક્ષણોથી કલ્પિત જણાય છે.

'ધર્મારણ્ય'નો સંદર્ભ ટાંકતાં લેખક કહે છે કે છેલ્લા ચાવડા રાજાને કોઈ સંતાન ન હતું, એટલે તેણે પોતાના ભાણેજ મૂળરાજને દત્તક લીધો હતો. એ જ મૂળરાજે સામંતસિંહને માર્યો ત્યારે એક વર્ષના એ છોકરાને લઈને એની મા પોતાને પિયર તણોત (સિંધ અને મારવાડની વચ્ચે રણમાં આવેલ છે) ભાગી ગઈ. હાલમાં માણસાના ચાવડા દરબાર એ વંશના છે. અલબત્ત, આ દંતકથાને કશો આધાર નથી. મૂળરાજ મામાને મારી ગાદીએ બેઠો એ વિગતો 'પ્રબંધ-ચિંતામણિ' પહેલાંના ગ્રંથોમાં નથી.

'ગુજરાતનો ઇતિહાસ'ના કર્તા (પ્રો. નદવી) કહે છે કે સામંતસિંહ (ઈ. સ. ૯૩૫-૯૪૨) રત્નાદિત્યનો પુત્ર સામંતસિંહ ગાદી ઉપર બેઠો. તે મોજીલો અને દિલનો કમજોર હતો. શરાબનો ઉપાસક હતો. એક દિવસ શરાબના નશામાં પોતાના ભાણેજ મૂળરાજ માટે ગાદીવારસ તરીકેની વિધિ કરી દીધી. પછી નશો ઊતરી જતાં મૂળરાજ પાસેથી પાછી માગણી કરી, પણ તેણે તેમ કરવાનો સાફ ઇન્કાર કર્યો. ઝઘડો વધ્યો. લડાઈ થઈ ને સામંતસિંહ માર્યો ગયો. મૂળરાજ તખ્તનો કબજો લઈ સ્વતંત્ર રાજા થઈ ગયો. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના સંપાદકોના જણાવ્યા પ્રમાણે મૂળરાજે મામાની પાસેથી સારસ્વત-મંડલનો કબજો લીધો ત્યારે છેલ્લા રાજા ભૂયડદેવ(ભૂભટ)ની રાણી સગર્ભા હતી. એ ભટ્ટી-કુલની હોઈ લોદરવા (જેસલમેર વસ્યું તે પહેલાંની રાજધાની) જઈ રહી હતી. ત્યાં એણે અહિવનરાજ નામના પુત્રને જન્મ આપ્યો હતો. આ કુમારે મોટો થતાં મૂળરાજ સામે બહારવટું ખેડ્યું હતું અને કચ્છનાં ૯૦૦ ગામ તાબે કરી, મોરગઢ વસાવી, ત્યાં રહ્યો હતો. આ બનાવ બન્યો હોય તો એ પુંઅરાના અવસાન પછી બન્યો સંભવે. અનુશ્રુતિ સિવાય બીજું કોઈ પ્રમાણ આ વિષયમાં જાણવામાં આવ્યું નથી.

ઉપરનાં લખાણો જોતાં હકીકતોની ઘણી જ વિસંગતતાઓ નજરે પડે છે. મોટા ભાગના લેખકો અહિપત કે અહિવનરાજને સામંતસિંહ ચાવડાના પુત્ર તરીકે દર્શાવે છે. પણ રશબ્રુક વિલિયમ્સ તેને સામંતસિંહના પૌત્ર તરીકે બતાવે છે, જે વિગત હકીકત સાથે સુસંગત નથી. ક્યાંક અહિવનરાજને એક વર્ષનો લઈને તો ક્યાંક બે વર્ષનો લઈને સામંતસિંહની વિધવા પોતાને પિયર નાસી ગઈ એવું બતાવેલ છે. વળી ક્યાંક તે સગર્ભા હતી અને પિયરે ગયા પછી ત્યાં અહિવનરાજનો જન્મ થયો તેમ બતાવવામાં આવેલ છે. રશબ્રુક વિલિયમ્સ તો પદ્ધરગઢ પર તોપનો મારો ચલાવ્યાનું કહે છે. પણ સાચી વાત તો એ છે કે એ સમયે ભારતમાં તોપોનું અસ્તિત્વ ન હતું. ભારતમાં સૌપ્રથમ તોપ અલાઉદ્દીન ખિલજીના સમયમાં આવી

હતી અને ગુજરાતમાં તોપનો ઉપયોગ પ્રથમ વખત અહમદશાહના સમય(ઈ. સ. ૧૪૧૦-૧૪૪૨)માં થયો હતો. તેથી 'કાળા ડુંગર કચ્છજા'ના લેખકની આ અંગેની વિગતો વિશ્વસનીય જણાતી નથી. આમેય કચ્છના ઇતિહાસલેખકોએ માહિતી માટેના સંદર્ભનો ઉલ્લેખ જ કર્યો નથી. મોટા ભાગની વિગતો દંતકથા પર આધારિત જણાય છે, તેથી તેની યથાર્થતા વાસ્તવિકતાથી દૂર જ રહી છે.

તત્કાલીન ઐતિહાસિક વિગતોની માહિતી આપતાં અને પ્રમાણભૂત મનાતાં પુસ્તકોની નોંધ હર્ષદરાય ઝવેરીલાલ દેસાઈએ કરેલ છે. પણ કચ્છના સંદર્ભે ઉપયોગી થાય તેવાં પુસ્તકોમાં છે હેમચંદ્રાચાર્યનું 'દ્વયાશ્રય'. 'દ્વયાશ્રય' કોશ આચાર્ય હેમચંદ્ર અને અભયતિલકગણિએ રચેલ છે. તેની શરૂઆત સને ૧૧૬૦માં હેમચંદ્રાચાર્યે કરેલ અને અભયતિલક ગણિએ ઈ. સ. ૧૨૫૫-૫૬માં સુધારા સાથે પૂર્તતા કરેલ તેવો ઉલ્લેખ 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૨'માં થયેલ છે. આ ગ્રંથ સવિશેષ વ્યાકરણનો છે. ઇતિહાસ તો મહદંશે છે. તેમાં આવતી વાર્તાઓ અને પ્રસંગવર્ણન સારી રીતે થયેલ છે. ઇતિહાસમાં ખપ લાગે તે સાલવારીનો નિર્દેશ તેમાં નથી. સાલવારી માટે સને ૧૩૧૪માં મેરુતુંગ દ્વારા રચાયેલ 'વિચારશ્રેણી'ને ઇતિહાસ માટે આધારભૂત ગણવામાં આવે છે. ('ગુ. ઐ. લેખ' ભાગ-૨માં રચનાકાળ ઈ. સ. ૧૩૧૦ દર્શાવવામાં આવેલ છે.) તેવી જ રીતે મેરુતુંગ દ્વારા ઈ. સ. ૧૩૦૮માં રચાયેલ 'પ્રબંધ-ચિંતામણિ' પણ ઇતિહાસ માટે ઉપયોગી ગ્રંથ મનાયેલ છે. આ ઉપરાંત પણ તે સમયના ઇતિહાસ માટે ઉપયોગી થાય તેવા ગ્રંથો તરીકે સોમેશ્વર-કૃત 'કીર્તિકૌમુદી' (ઈ. સ. ૧૨૨૦-૩૫) અને 'સુકૃતસંકીર્તન'ને પણ મહત્ત્વના ગણવામાં આવેલ છે.

જામ પુંઅરા સંબંધમાં ઇતિહાસકારોના લખાણનું સારતત્ત્વ ધ્યાને લેતાં જણાય છે કે જામ પુંઅરાના મૃત્યુ પછી જામ લાખા ફુલાણીએ એકછત્રે કરેલ કચ્છને સંભાળી શકે કે શાસન કરી શકે એવા કોઈ શક્તિશાળી પુરુષ જાડેજાવંશમાં નહોતા. કચ્છ નાનાં-નાનાં રાજ્યોમાં વિભક્ત થઈ ગયું. પશ્ચિમ વિભાગ-માકપટવિસ્તાર ચાવડાઓના શાસન તળે, ભદ્રેશ્વરમાં પઢિયારો અને બાકીના કચ્છ પર પ્રથમ સોલંકીઓની અને ત્યાર બાદ વાઘેલાઓની આણ વર્તતી હતી. આ આણ પ્રથમ સોલંકીવંશ માટે સર્વોપરી અને બાદમાં વાઘેલાઓ માટે વાગડ પૂરતી મર્યાદિત થઈ ગઈ. આમ છતાં પુંઅરાના મૃત્યુ પછી સમગ્ર કચ્છ પર સોલંકીઓની સત્તા સર્વોપરી હોય એવું તામ્રપત્રો તેમ જ શિલાલેખો પરથી જણાય છે. સોલંકી રાજાઓએ સમયે-સમયે કચ્છમાં જમીનો કે ગામો દાનમાં આપતાં તામ્રપત્રો લખી આપ્યાં છે. ઉપલબ્ધ થઈ આવેલાં આવાં દાનશાસનો કે શિલાલેખોની વિગત નીચે પ્રમાણે છે :

(૧) ભીમદેવ પહેલાએ : વિ. સં. ૧૦૮૬ના તામ્રપત્રથી કચ્છમાં મસુર-ગામ આચાર્ય મંગલ શિવના પુત્ર ભટ્ટારક અજયપાલને આપેલ.

(૨) ભીમદેવ પહેલાએ સંવત ૧૧૧૭ના તામ્રપત્રથી પોતાના પેટાના કચ્છમંડલમાંથી પ્રસન્નપુરના બ્રાહ્મણ દામોદર-સુત ગોવિંદને જભગ-ગામ આપેલ છે.

(૩) ભદ્રેશ્વર પાસે આવેલ ચોખંડા મહાદેવના મંદિરની ધર્મશાળાના એક ઓટલા પર ચણાયેલ મહારાજા જયદેવસિંહ સિદ્ધરાજનો વિક્રમ સંવત ૧૧૯૫નો શિલાલેખ – જે તે સમયના તેના મહામંત્રી દાદકના સમયમાં અત્રે મુકાયેલ. સને ૨૦૦૧ના ધરતીકંપમાં આ શિલાલેખ કાટમાળ તળે દબાઈ જવા પામેલ, પણ કાટમાળ ખસેડતી વખતે તે મળી આવતાં હવે જાળવવામાં આવેલ છે.

(૪) સંવત ૯૩ના ચૈત્ર સુદ ૧૧ અને રવિવારનો ભીમદેવનો પ્રસન્નપુરના કવિ બ્રાહ્મણ વ્યાસ દામોદર-સુત ગોવિંદને દાનમાં આપવામાં આવેલ જમીનનું તામ્રપત્ર.

આ તામ્રપત્રના વર્ષ અંગે 'કચ્છદેશના ઇતિહાસ'માં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ સંવત ૯૩ સોલંકીકુળનું ગુજરાતમાં રાજ્ય સ્થાપનાર મૂળરાજનું જણાય છે અથવા એકાદ આંકડાની ચૂક છે.

રામસિંહજી રાઠોડે પણ આ સંબંધમાં જણાવેલ છે કે આ સંવત જો ચાલુ ચાલતા વર્ષ તરીકે ૯૩ એમ નિર્દેશાયો હોય તો ભીમદેવના રાજ્યકાળ દરમિયાનનું સંવત ૧૦૯૩નું વર્ષ સમજવાનું છે. આ સંબંધમાં 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૨માં કરાયેલી સ્પષ્ટતા પહેલી નજરે બરાબર જણાતી નથી. સંવત ૧૦૯૩ ભીમદેવ પહેલાનો સમયગાળો છે, જ્યારે સવાલવાળું તામ્રપત્ર ભીમદેવ બીજાના સમયનું છે.

તામ્રપત્રમાં સંવત ૯૩ કયા સંવતનો છે તે દર્શાવાયેલ નથી. 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૨માં કરાયેલા વિવરણ પ્રમાણે આ દાન સંક્રાંતિના પર્વને દિવસે અપાયું છે. સંવત સિંહનો છે, જે અર્જુનદેવના વલભી સંવત ૯૪૫ના વેરાવળના લેખમાં ભીમદેવ બીજાના વિક્રમ સંવત ૧૨૬૬ અને સિંહ સંવત ૯૬ના લેખમાં પણ આપ્યો છે. આ સંવતનો ચોક્કસ સમય, તેની વર્ષ ગણવાની રીત તથા તેની ઐતિહાસિક શરૂઆત વગેરે બાબતો હજી વિચારાયેલી નથી ત્યાં સુધી એટલું જ કહેવું બસ છે કે સિંહ સંવત ૯૩ને વિક્રમ સંવત ૧૨૬૨ અથવા ૧૨૬૩ સાથે જોડવો જોઈએ, અર્થાત્ આ લેખનો સંવત ૯૩ એટલે વિક્રમ સંવત ૧૨૬૨ અથવા ૧૨૬૩ ગણવા કહે છે. ભીમદેવ બીજાનો રાજ્યકાળ સંવત ૧૨૩૪-૧૨૯૮નો છે. તે દૃષ્ટિએ કરાયેલી સ્પષ્ટતા બરોબર જણાય છે.

'કચ્છનો ઇતિહાસ'કાર જામ પુંઅરા પછી ઈ. સ. ૯૭૯થી ઈ. સ.૧૧૪૭ સુધીના ગાળાનો તૂટક અમલ તરીકે ઉલ્લેખ કરે છે અને સને ૧૧૪૭માં લાખો જાડાણી સિંધમાંથી કચ્છમાં આવી પદ્ધરગઢ નજીક નવું ગામ વસાવી પોતાના ભાઈના નામ પરથી તેને લાખિયારવીરા નામ આપી ત્યાં રાજધાની સ્થાપ્યાનું કહે છે. રાજ્યના વિસ્તાર અંગે કે અગાઉ ઉલ્લેખ કરાયેલ છે તે પ્રમાણે પૂંજાજી ચાવડાને હરાવે છે તેવી કોઈ વિગતોનો નિર્દેશ થયો નથી. ઇતિહાસમાં ફરીથી કચ્છ પર જાડેજાવંશનું રાજ્ય શરૂ થઈ ગયું હોય તેવી રીતે નોંધ લેવાયેલ છે.

ઉપર દર્શાવેલ સોલંકી રાજાઓના તથા વાઘેલા રાજાઓનાં દાનશાસનો તથા શિલાલેખો પરથી તો એવો નિર્દેશ થાય છે કે સંવત ૧૨૬૨ એટલે ઈ. સ. ૧૨૦૬ સુધી કચ્છ પર સોલંકીઓની સર્વોપરી સત્તા પ્રવર્તતી હોય તેમ જણાય છે, કારણ કે દાનશાસન કચ્છમંડલ કે પ્રદેશમાંથી જમીન અપાયાનો નિર્દેશ કરે છે. વાઘેલાઓના સમયમાં તેમની સત્તા મર્યાદિત વિસ્તાર પૂરતી રહી ગઈ હોય તેમ તેમના શિલાલેખો પરથી જણાય છે. આવા શિલાલેખોમાં અર્જુનદેવનો રવેચીના પ્રાંગણનો શિલાલેખ સંવત ૧૩૨૮નો છે અને સારંગદેવનો સંવત ૧૩૩૨નો ભદ્રેશ્વરના પાળિયાને લગતો છે, જે પાળિયો મૂળ ખોખરાની પણ ભદ્રેશ્વરમાં પરણીને આવેલી બાઈએ પાળિયાની પૂજા થાય તે હેતુથી તેના માવતરના ગામ ખોખરામાં મોકલાવેલ. અન્ય કોઈ લેખો કે દાનશાસનો તેમના સમયમાં ઉપલબ્ધ થઈ આવ્યાં નથી અને જામ રતા રાયધણ (ઈ. સ. ૧૧૭૫-૧૨૧૫) માતંગદેવના હસ્તે કચ્છના જ ભાગમાંથી પોતાના ત્રણ કુંવરોને ભાગલા કરી આપે છે અને ચોથા કુંવરને લાખિયારવીરાની ગાદીના જામ તરીકે ચાલુ રાખે છે. તે પરથી થોડા વિસ્તારમાં જાડેજાઓએ તેમની સત્તા સ્થાપવા માંડી હશે.

ઈ. સ. ૯૭૯ પછી જામ પુંઅરાએ પદ્ધરગઢમાં ઈ. સ. ૯૮૫ સુધી રાજ્ય કર્યું. પણ ત્યાર પછી જામ જાડેજાઓના હાથમાંથી કચ્છ-રાજ્યની સત્તા છૂટી ગઈ. તે પછી ઈ. સ. ૧૧૪૭માં હાથમાં આવી અને ત્યારથી જાડેજાવંશના ઇતિહાસનો બીજો તબક્કો શરૂ થયો.

તૂટક સમય સહિતના ઇતિહાસના ગાળા માટે સમાજજીવન વિશે નિર્દેશ કરતાં રસેશ જમીનદાર કહે છે કે કચ્છના સમાજનું કાઠું અતિવ્યાપક અને ઉદાર રહ્યું જેથી વિદેશી આગંતુકોને પણ સમાજજીવનના પ્રવાહમાં ભળી જવાની સરળતા રહી. શરૂઆતથી જ કચ્છ સિંધ અને સૌરાષ્ટ્ર, ગુજરાત તરફ જનારા માટે સેતુ બની રહ્યો. વળી અહીંના શાસકો પણ ધાર્મિક રીતે સર્વધર્મસમભાવમાં માનતા હોવાથી અહીંની પ્રજામાં શાંતિ જળવાઈ રહી હતી.

૧૩. કચ્છનો રાજકીય ઇતિહાસ

બાપાલાલ એમ. જાડેજા

ઈ. સ. ૧૧૪૭થી ઈ. સ. ૧૯૪૮

ઈ. સ. ૧૧૦૦થી ઈ. સ. ૧૧૫૦ની કચ્છની રાજકીય સ્થિતિ જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે બારમી સદીના પૂર્વાર્ધમાં કચ્છ નાની વિવિધ ઠકરાતોમાં વહેંચાયેલું હતું. સમગ્ર કચ્છ પર કોઈ શાસકનું એકચક્રી શાસન ન હતું.

જામ લાખાજી (ઈ. સ. ૧૧૪૭ - ઈ. સ. ૧૧૭૫)

પશ્ચિમ-કચ્છમાં ચાવડા, સમા અને સંઘારની નાની ઠકરાતો હતી, તો મધ્ય-કચ્છમાં જત, કાઠી અને સોલંકી નાની જાગીરોમાં શાસન કરતા હતા. ત્યારે પૂર્વ-કચ્છમાં વાઘેલાઓની આણ પ્રવર્તતી હતી. આવી વિઘટિત, અસ્થિર રાજકીય સ્થિતિમાં સુમરા સિંધના નગરસમાના જામ જાડોજીના દત્તક પુત્ર લાખાજી જાડેજા લાવલશ્કર સાથે કચ્છ પર ચડાઈ કરે છે. આ ચડાઈ પાછળ મુખ્યત્વે બે પરિબળો કારણભૂત હતાં. એક રાજકીય મહત્ત્વાકાંક્ષા અને બીજું ઘરેલુ સંઘર્ષમાંથી મુક્તિ. આ પરિબળો માટે પશ્ચાદ્‌ભૂમિકા જાણવી પડશે.

નગરસમાના જામ જાડોજી સમા નિ:સંતાન હોઈ તેમણે પોતાના નાના ભાઈ વેરોજીના જોડિયા પુત્રો લાખાજી અને લાખિયારજીમાંથી લાખાજીને દત્તક લીધા. તે દિવસથી લાખાજી સિંધી ભાષા અનુસાર 'જાડેજા પુત્તર' એટલે કે 'જાડાના પુત્ર' તરીકે પ્રસ્થાપિત થયા અને તેમના વંશજ ત્યારથી જાડેજા તરીકે ઓળખાવા લાગ્યા. આમ લાખાજી સમાવંશમાંથી ઊતરી આવેલ જાડેજાવંશના આદિપુરુષ ગણાય છે.

સમય જતાં જામ જાડોજીને અન્ય રાણીથી પુત્રની પ્રાપ્તિ થઈ જેમનું નામ ધાઓજી રાખવામાં આવ્યું. જામ જાડોજીના સ્વર્ગવાસ સમયે બંને પુત્રો યુવાન હતા તેથી વારસદારી માટે મોટો સંઘર્ષ થયો. મોટા ભાગના ભાયાતો અને સામંતોએ રાજગાદીના વારસ તરીકે અસલી પુત્ર ધાઓજીની તરફેણ કરી. તેથી સંઘર્ષ ટાળવા અને પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા લાખિયારજીએ વિશ્વાસુ લાવ-લશ્કર સાથે કચ્છ તરફ પ્રયાણ કર્યું. મોટું રણ પાર કરી પશ્ચિમ-કચ્છમાં પ્રવેશતાં તે સમયના પશ્ચિમ-કચ્છના શાસક પૂંજોજી ચાવડા સાથે સંઘર્ષ થયો અને આ લડાઈમાં પૂંજોજી ચાવડાની હાર થતાં તેમનો રાજ્યવિસ્તાર કબજે કર્યો અને પદ્ધરગઢમાં જામની પદવી ધારણ કરી ઈ. સ. ૧૧૪૭માં જાડેજાવંશની રાજગાદી કચ્છમાં સ્થાપી. સમય જતાં પદ્ધરગઢની ઉત્તરે પાણીના નેશની પાસે લાખિયારજીએ વીરડો ખોદાવી નવું નગર વસાવ્યું અને તેનું નામ લાખિયારજીના નામ પરથી લાખિયારવીરા પડ્યું. ત્યાં પોતાની રાજધાની સ્થાપી તે રાજ કરવા લાગ્યા.

જામ લાખાજી જાડેજાએ ઈ. સ. ૧૧૪૩થી ૧૧૭૫ સુધી રાજ કર્યું અને ઈ. સ. ૧૧૭૫માં લાખિયારવીરામાં પોતાનો દેહ છોડ્યો.

જામ રાયધણજી (ઈ. સ. ૧૧૭૫ - ઈ. સ. ૧૨૧૫)

જામ લાખાજીના મૃત્યુ બાદ જામ રાયધણજીને ગાદી મળી. જામ રાયધણજી ખૂબ જ બાહોશ અને પરાક્રમી રાજા હતા. તેમને પોતાની રાજ્યસીમા વિસ્તારવાની હંમેશાં મહત્ત્વાકાંક્ષા રહેતી.

એક દિવસ ધીણોધર જાગીરના નાથસંપ્રદાયના નાથબાવાઓએ જામ રાયધણજીને ફરિયાદ કરી કે અમને આપના પાડોશી શાસક જત લોકો રંજાડે છે, તેમનાથી મુક્તિ અપાવો. જામ રાયધણજીએ આ નિમિત્તે પોતાના લશ્કર સાથે જતો પર ચડાઈ કરી તેમને હાંકી કાઢ્યા અને તેમનો રાજ્યવિસ્તાર પોતાના

રાજ્યમાં ભેળવી દીધો. આવી જ રીતે જામ રાયધણજીએ તત્કાલીન કચ્છની ચાવડા, સોલંકી, કાઠી અને વાઘેલાની ઠકરાતો પર ચડાઈ કરી કચ્છના વિશાળ ભૂભાગ પર પોતાની સત્તા વિસ્તારી.

જામ રાયધણજી યુદ્ધ વખતે પોતાની પાઘડી પર રાતા રૂમાલનો પેચ બાંધતા, જેથી પાઘડી પડી કે વીંખાઈ ન જાય, તેથી તેઓ 'રતા રાયધણ' તરીકે પ્રખ્યાત થયા.

જામ રાયધણજીને ચાર પુત્રો હતા :

(૧) દેદાજી (૨) ગજણજી (૩) ઓઢોજી (૪) હોથીજી

જામ રાયધણજી વયોવૃદ્ધ થયા હતા અને ચારે રાજકુમારો પુખ્તવયના થઈ ગયા હોઈ પોતાની વિશાળ રાજ્યસત્તાની વહેંચણી વિશે વિચારવા લાગ્યા.

તેમણે લાખા ધુરારાના સમયથી આદરણીય મનાતા માતંગદેવના વંશજ મામૈદેવ સાથે ચારે કુંવરોમાં રાજ્યના ગામ-ગરાસની વહેંચણી અંગે ચર્ચાવિચારણા કરી, તેમની સલાહ સૂચનને ધ્યાનમાં લઈ, ત્રીજા નંબરના કુંવર ઓઢાજીને લાખિયારવીરાની મુખ્ય ગાદી સોંપી. સૌથી મોટા કુંવર દેદાજીને કંથકોટ પરગણાનો ગરાસ આપ્યો અને ગજણજીને બારાતેરા પરગણું આપ્યું. સૌથી નાના હોથીજીને બંધરા, ગજોડ, પુનડી વગેરે બાર ગામનો ગરાસ આપ્યો. રાયધણજીએ આમ લગભગ ૪૦ વર્ષનું લાંબું શાસન કરી રાજ્યનો વિસ્તાર કર્યો. ઈ. સ. ૧૨૧૫માં તેમનું અવસાન થયું.

જામ ઓઢોજી (ઈ. સ. ૧૨૧૫ - ઈ. સ. ૧૨૫૫)

ઉપર જણાવ્યા પ્રમાણે ચારે પુત્રો વચ્ચે ગામ-ગરાસની વહેંચણી ઈ. સ. ૧૨૦૦માં કરવામાં આવી હતી. જામ રાયધણજીનું મૃત્યુ ઈ. સ. ૧૨૧૫માં થયું અને જામ ઓઢાજી ગાદીનશીન થયા. તેમના સમયમાં કોઈ ખાસ ઘટના ઘટી જણાતી નથી, પરંતુ તેમના ભાઈ ગજણજીના બંને પુત્રો હાલાજી અને જીઆજી વચ્ચે અણબનાવ થતાં જીઆજી જામ ઓઢાજી પાસે લાખિયારવીરા રહેવા આવી ગયા. તેમની સાથે તેમના પુત્ર અબડાજી પણ હતા.

જામ ગાહોજી (ઈ. સ. ૧૨૫૫ - ઈ. સ. ૧૨૮૫)

જામ ઓઢાજીના સ્વર્ગવાસ પછી તેમનો પુત્ર જામ ગાહોજી ગાદીએ બેઠો. તેમની સાથે અબડાજીના બંને કુંવરો મોડજી અને જખરાજી રહેતા હતા, તેથી ગજણજીના પૌત્ર અને હાલાજીના પુત્ર રાયધણજી એમ માનતા કે મારા કાકાઈ ભાઈઓને ઓઢાજી અને તેનો પુત્ર વહેણજી અમારા વિરુદ્ધ ચડામણી કરે છે તેથી તેમની સાથે દુશ્મની રાખતા. જામ ગાહોજી પછી તેમના પુત્ર જામ વહેણજી લાખિયારવીરાની ગાદીએ આવ્યા ત્યારે તેમને રાયધણજીનો હંમેશાં ભય રહેતો હતો.

જામ વહેણજી (ઈ. સ. ૧૨૮૫ - ઈ. સ. ૧૩૨૧)

જામ ગાહોજી પછી તેમના પુત્ર જામ વહેણજીને ગાદી મળી. તેમની સાથે પણ રાયધણજીએ દુશ્મનાવટ ચાલુ રાખી અને જત તથા કાઠીઓને પોતાના પક્ષે કરી પોએણીની સરહદ બાબત ટંટો-ફસાદ ઊભો કર્યો, પરંતુ તેમાં ફાવ્યા નહીં. ઊલટાનું જખરાજી અને મોડજીએ જામ વહેણજીની પરોક્ષ મદદથી રાયધણજીનાં કેટલાંય ગામો પડાવી લીધાં અને પોતાનાં તેમ જ જીતેલાં ગામોના બે ભાગ પાડી અડધો ભાગ મોડજીને આપ્યો તે મોડાસા તરીકે ઓળખાય છે અને જખરાજી અબડાના ભાગે આવેલ પ્રદેશ અબડાસા કહેવાય છે. મોડજી પાછળથી મોડપીર તરીકે પ્રખ્યાત થયા હતા અને તેમની સમાધિ મોડકુબા કહેવાય છે. તેના નામ પરથી ગામનું નામ પણ મોડકુબા તરીકે પ્રખ્યાત થઈ ગયું છે.

જામ જખરાજીના પિતાનું નામ જામ અબડાજી હતું તેના પરથી તેમની અવટંક અબડા પડી અને તે જામ અબડા તરીકે ઓળખાવા લાગ્યા. આ જામ અબડા વડસરની જાગીર ભોગવતા હતા તે સમયે દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીનું સૈન્ય સિંધના સુમરાઓની આપસની ફાટફૂટને લીધે સિંધ પર ચડી આવ્યું. તે લડાઈમાં સુમરાઓ હાર્યા અને સુમરા સરદારો પોતાનો જાન અને સ્ત્રીઓની આબરૂ બચાવવા કચ્છનું રણ ઓળંગી જામ અબડાના આશ્રયે વડસર આવ્યા. તેનો પીછો કરતો અલાઉદ્દીનનો

સરદાર સૈન્ય સાથે કચ્છ આવી પહોંચ્યો અને જામ અબડાને સુમરીઓ સોંપી દેવા અથવા લડાઈ કરવા પડકાર ફેંક્યો ત્યારે ટેકીલા શૂરવીર જામ અબડાએ અલાઉદ્દીનના મોટા સૈન્ય સામે બાથ ભીડી મોતને મીઠું કર્યું અને કચ્છના શૂરવીરોની યશગાથાઓમાં અમર થઈ ગયા. આજે પણ તેમનું સ્થાનક વડસર અને રામપરની વચ્ચે આવેલ ટેકરી પર તેની સાક્ષી પૂરે છે.

આગળ કહ્યું તેમ જામ વહેણજીને બારાના જામ રાયધણજીનો લાખિયારવીરામાં રહેવામાં ભય રહેતો. લાખિયારવીરા ગઢ વિનાનું નાનું અને કુદરતી રક્ષણ વિનાનું નગર હતું તેથી જામ વહેણજી હબાઈ ડુંગર પર પોતાની રાજગાદી ખસેડીને રહેવા લાગ્યા. પણ થોડા સમયમાં જ ઈ. સ. ૧૩૨૧માં જામ વહેણજીનો સ્વર્ગવાસ થયો અને તેમના મોટા પુત્ર મુળવાજી ગાદીનશીન થયા.

જામ મુળવાજી (ઈ. સ. ૧૩૨૧ - ઈ. સ. ૧૩૪૭)

જામ મુળવાજી હબાયની ગાદીએ આવ્યા પછી તેમને માતા નીકળ્યાં અને તેમાં તેમના હાથના સાંધા સૂજી જવાથી તે અશક્ત બની ગયા. સામે પક્ષે તેમના શત્રુ એવા તેમના પિતરાઈ ભાઈ ગજણવંશના હરધોળજીએ તેમની વિરુદ્ધ કાઠીઓને ઉશ્કેરી તેમના પર હુમલો કરાવ્યો જેમાં જામ મુળવાજી મૃત્યુ પામ્યા.

જામ કાંયોજી (ઈ. સ. ૧૩૪૭ - ઈ. સ. ૧૪૧૪)

જામ મુળવાજીના સ્વર્ગવાસ પછી જામ કાંયોજી હબાયની ગાદીએ આવ્યા. પોતાના પિતાનું વેર લેવા તે કાઠીઓ પર તૂટી પડ્યા. ગેડીના વાઘેલાઓના આશ્રયે રહેલ કાઠીઓને સમૂળગા કચ્છમાંથી હાંકી કાઢ્યા અને કાઠીઓને આશ્રય આપનાર ઉમી વાઘેલાનો પણ અંત આણ્યો.

જામ કાંયાજીના સમયમાં પ્રખ્યાત જેસલ જાડેજો થઈ ગયો. જામ દેદાજીના ત્રીજા નંબરના કુંવરનું નામ જેસરજી હતું, જેમના વંશજો જેસર શાખથી ઓળખાય છે. આ જેસર જાડેજાઓને ગામગરાસમાં બરાયા, બેરાજા, ભુજપર, ભોરારા, દેશલપર વગેરે ગામોનો ગરાસ મળ્યો છે. ઉપરોક્ત જેસરજીની ચોથી પેઢીએ જેસર જાડેજો (જેસલ જાડેજો) થઈ ગયો, જેનું નામ ચાંદાજી જાડેજા હતું પરંતુ જેસર પેટા-અવટંક પરથી જેસર (જેસલ) જાડેજા તરીકે ઓળખાય છે. તેને ગરાસમાં ગામ કિડાણા મળેલ હતું. મોટાભાઈએ ભાગમાં અન્યાય કરતાં બહારવટે ચડેલ એક ક્રૂર અને ભયંકર લૂંટારા તરીકેની કચ્છ-કાઠિયાવાડમાં તેની નામના હતી. પરંતુ સતી તોરલના સંસર્ગમાં આવતાં આ ડાકુ-લૂંટારો જેસલ પીર બની ગયો. આજે પણ અંજાર મુકામે આવેલ જેસલ-તોરલની સમાધિનું સ્થાનક તેમના દિવ્ય જીવનની ઝાંખી કરાવે છે.

જામ આમરજી (ઈ. સ. ૧૪૧૪ - ઈ. સ. ૧૪૨૯)

જામ કાંયાજીના મૃત્યુ બાદ જામ આમરજી તખ્તનશીન થયા. તેમના વખતમાં કાબુલની એક ફોજ ટકો બેસાડવા કચ્છમાં ચડી આવી હતી તેની સામે જામ આમરજી વીરતાથી લડ્યા અને કાબુલની ફોજને કચ્છમાંથી હાંકી કાઢી, પરંતુ આ લડાઈમાં તેમને ઘાતક જખમો થવાથી થોડા દિવસમાં જ તેમણે દેહ છોડી દીધો.

જામ ભીમજી (ઈ. સ. ૧૪૨૯ - ઈ. સ. ૧૪૭૨)

જામ કાંયાજીના નિધન પછી મોટા કુંવર ભીમજી હબાય પર રહી શાસન ચલાવતા હતા. તે સમયે એક દુઃખદ અને આપત્તિજનક ઘટના ઘટી ગઈ. આ સમયે બારાતેરાની ગાદીએ જામ રાવળના પિતા જામ લાખાજી રાજ કરતા હતા. તેમણે મહમદ બેગડાને પાવાગઢની લડાઈમાં મદદ કરેલી તેથી તેમને આમરણ પરગણું ઇનામમાં મળેલ. આ બાબત આમરણના જમીનદારોથી સહન ન થતાં અહીંના જમીનદાર તમાચી દેદાએ જામ લાખાજીને આમરણ બોલાવી દગાથી મારી નાખ્યા. આ ઘટનાની રાવળને જાણ થતાં તેને સૌપ્રથમ જામ ભીમજી અને તેના પુત્ર હમીરજી પર શંકા થઈ, કારણ કે તેમની વચ્ચે ઘણા સમયથી રાજ્ય સરહદનો ઝઘડો ચાલતો હતો. રાવળે આનો બદલો લેવાનો મનોમન નિશ્ચય કર્યો પણ વાત અને વર્તન પરથી કોઈને ખ્યાલ આવવા દીધો નહીં. વળી પિતાની ઉત્તરક્રિયા વખતે જામ ભીમજી અને હમીરજી ગુડાવાળે આવ્યા નહીં તેથી જામ રાવળની શંકા વધુ દૃઢ બની.

આ બાજુ બારાતેરાની ગાદીએ જામ રાવળ આવ્યા તેવામાં જ જામ ભીમજીનો સ્વર્ગવાસ થતાં જાણે કે મનમાં કાંઈ જ નથી તેવો દેખાવ કરી જામ રાવળ તેમની ગુડાવાળ ઉપર આવ્યો અને હમીરજી પ્રત્યે ઘણું હેત દેખાડી કહેવા લાગ્યો કે આપણા પૂર્વજોએ સરહદ બાબત લડીને ઘણું નુકસાન પહોંચાડ્યું છે માટે એ વાતને તેમણે ભૂલી જવી અને મનમાં કોઈ પણ જાતનો વેરભાવ ન રાખવો. તે પણ તેના તરફથી કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના આ હબાય ડુંગર મૂકી પાછા લાખિયારવીરે પધારે, તેમાં જ તેની શોભા છે. આવી વાતોથી જામ હમીરજીને વિશ્વાસ બેસતાં તેઓ લાખિયારવીરામાં ફરી પોતાની રાજગાદી સ્થાપી રાજ કરવા લાગ્યા.

જામ હમીરજી (ઈ. સ. ૧૪૭૨ - ઈ. સ. ૧૫૦૬)

જામ હમીરજી પોતાના પિતાના દેહાંત બાદ લાખિયારવીરામાં રાજગાદી શોભાવતા હતા, ત્યારે જામ રાવળ અવારનવાર લાખિયારવીરા આવતા, પણ પોતાના મનનો જરા પણ અણસાર આવવા દેતા નહીં. જ્યારે જામ હમીરજી બરાબર વિશ્વાસમાં આવી ગયા ત્યારે પોતાના રાજ્ય બારાતેરા પધારવા માટે ભારપૂર્વક આમંત્રણ આપ્યું સાથે કુંવરોને પણ લઈ આવવા આગ્રહ રાખ્યો. જામ હમીરજીને તેનામાં વિશ્વાસ બેસતાં તેનું આમંત્રણ સ્વીકારી ત્યાં જવાનો દિવસ નક્કી કર્યો.

જામ હમીરજીને ખેંગારજી, સાહેબજી, રાયબજી નામે ત્રણ રાજકુંવરો હતા તથા અલિયોજી અને કમાબાઈ નામનાં બે અનૌરસ સંતાન હતાં. કમાબાઈને અમદાવાદના મહમદ બેગડાના ઘેરે પરણાવ્યાં હતાં. તેમને મળવા અલિયોજી અમદાવાદ ગયા હતા. જ્યારે રાયબજી પારકર વીરાવાવમાં પોતાને મોસાળે હતા. ત્યારે જામ હમીરજી જામ રાવળના આમંત્રણને માન આપી પોતાના બંને કુંવર ખેંગારજી અને સાહેબજીને પોતાની સાથે લઈ બારાતેરા જવા નીકળ્યા. સાથે તેમના કેટલાક સાથીઓ પણ હતા.

વિંઝાણમાં રહેતા જામ રાવળના કાકા અજાજીનાં પત્ની ખેંગારજીનાં સગાં માસીબા થતાં હતાં. તેમને આ કાવતરાની થોડી ગંધ આવી ગઈ હતી તેથી સાવચેતીરૂપે તેમણે પોતાના વિશ્વાસુ માણસને મોકલી ખેંગારજી અને સાહેબજીને પોતાને ત્યાં વિંઝાણમાં રાતવાસો કરવાનું આમંત્રણ આપી બોલાવી લીધા અને તેમના હજૂરી છછરબુટ્ટાને સાવચેતી રાખવા જણાવ્યું. આ બાજુ જામ રાવળે પોતાની યોજના મુજબ જામ હમીરજી અને તેમના સાથીઓને ખૂબ મદિરાપાન કરાવી પોતાના માણસોને તેમના પર હુમલો કરવા ઇશારો કર્યો. ઇશારા સાથે જ જામ રાવળના માણસો તલવાર કાઢી જામ હમીરજી અને તેમના સાથીઓ પર તૂટી પડ્યા અને જામ હમીરજી સહિત સાતે જણને મારી નાખ્યા. જામ હમીરજીની છતરડી આજે પણ ગામ બારા અને તેરાની વચ્ચે આવેલી છે. આ વાતની શંકા જેને જણાવવામાં આવી હતી તે સાવચેત બની બહાર રહેલ છછરબુટાને જેવી આ ઘટનાની ખબર પડી કે તરત તેણે મારતે ઘોડે વિંઝાણ આવી જાણ કરી. કુંવરોને માસીબાએ તુરંત અમદાવાદ લઈ જવા કહ્યું અને છછરબુટો ત્યાંથી ઘોડા પર અમદાવાદ તરફ ભાગ્યો.

આ બાજુ જામ રાવળે જ્યારે હમીરજીને મારી ખેંગારજી તથા સાહેબજીની પૂછા કરી તો ખબર પડી કે તે વિંઝાણ માસીબા પાસે છે. તેમનો પીછો કરતો જામ રાવળ વિંઝાણ આવ્યો પણ ત્યાં તેમની ભાળ નહીં મળતાં તેમનું પગેરું દબાવતો તેમની પાછળ સાપર પહોંચ્યો. સાપરમાં છછરબુટાના મિત્ર ભિંયા કકલે ત્રણેને કાલરમાં સંતાડી દીધા હતા. આ બાજુ જામ રાવળે પગેરું લેતાં ભિંયા કકલના ઝૂંપડે પહોંચી તેમને સોંપવા કહ્યું. પરંતુ ભિંયા કકલ ઇન્કાર કરવા લાગ્યો ત્યારે તેના એક પછી એક છ પુત્રોને મારી નાખવા છતાં તેણે કબૂલ કર્યું નહીં ત્યારે જામ રાવળને વિશ્વાસ બેઠો અને ત્યાંથી ચાલી નીકળ્યો.

આ બાજુ છછરબુટા બંને કુંવરોને લઈ કચ્છના નાના રણમાં સામે કાંઠે પહોંચ્યો અને ત્યાંથી ચરાડવાના પાદરે આવી આરામ કરતા હતા ત્યારે ગામના ગોરજી માણેક મેરજી ગામના પાદરેથી નીકળ્યા

ત્યારે છછરબુટા અને કુંવરોને જોઈ તેમની સાથે વાતચીતથી હકીકત જાણી, તેમની જરૂરિયાત પ્રમાણે હથિયાર તરીકે સાંગ (ભાલો) આપી અને ત્યાંથી લાખિયારવીરાની સુતારની પુત્રી દહીંસરા પરણાવેલ ત્યાં જવા કહ્યું. તેના પતિએ તેમને વધુ ચાડીકા માટે પોતાનો કાળો. ઘોડો આપ્યો. આમ ત્રણે જણા અમદાવાદ પહોંચી અલિયોજીના ઉતારે જઈને રહેવા લાગ્યા.

સમય જતાં અલિયોજીએ યોગ્ય સમય આવતાં બંને કુંવરોની મહમદ બેગડા સાથે ઓળખાણ કરાવી સમગ્ર હકીકત જણાવી. આગળ જતાં ખેંગારજીએ પોતાનું રાજ્ય પાછું મેળવવા મહમદ બેગડાની મદદ લઈ, ફોજ સાથે સુલતાનના હુકમ અનુસાર અમદાવાદના મોરબી સૂબાની સૂબેદારી પોતાને સોંપવા સૂબેદાર નવાબખાન ઘોરીને કહ્યું, પણ તે ન માનતાં મોરબીના કારભારી કાળા જોષી અને તેના ભાણેજ રૂઘા જોષીની મદદથી મોરબીના દરવાજા ખોલાવી, નવાબખાનને મારી, મોરબી સ્વાધીન કર્યું અને સૂબેદારી પોતાને હસ્તગત કરી. આ સમાચાર જાણી મહમદ બેગડો ખુશ થયો અને ખેંગારજીને રાવનો ખિતાબ આપ્યો.

રાવશ્રી ખેંગારજી પહેલા (ઈ. સ. ૧૫૧૦ - ૧૫૮૬)

રાવશ્રી ખેંગારજીનું હવે એક જ લક્ષ્ય હતું કે પોતાનું કચ્છનું રાજ્ય પાછું મેળવવું. તે માટે પ્રથમ વાગડમાં થાણું સ્થાપી આગળ વધવાની યોજના બનાવી. તે માટે થોડી ફોજ સાથે અલિયોજી અને હોથી નોંધણજીને સાપરના જાગીરદાર અબડાજી દેદા પાસે મોકલ્યા. વિષ્ટિમાં તકરાર થતાં અલિયાજીનું ખૂન થયું. આ સમાચાર હોથી નોંધણજીએ રાવશ્રી ખેંગારજીને કહેતાં તેઓ મોટી ફોજ સાથે સાપર પર ચડી આવ્યા અને દેદા અબડાજીને મારી સાપર પરગણું હસ્તગત કરી સાપરના ટીલે બેઠા તેમ જ સાપરનું નામ રાપર રાખ્યું.

આ સમાચાર કચ્છમાં ફેલાતાં રાવ ખેંગારજીના નજીકના ભાયાતો, સ્નેહીઓ અને જામ રાવળના વિરોધીઓ રાવશ્રી ખેંગારજીને આવીને મળ્યા. મોટા લાવલશ્કર સાથે લાખિયારવીરા તરફ પ્રયાણ કર્યું. આ ચડાઈના ખબર મળતાં જ જામ રાવળ સમયસૂચકતા વાપરી પોતાનાં લાવલશ્કર, ભાયાતો, સ્નેહીઓ સાથે સાત સેરઠાના માર્ગે સામે કાંઠે આમરણ પરગણામાં ઊતરી ગયો અને આગળ જતાં જામનગર વસાવી ત્યાં જ રાજ કરવા લાગ્યો.

જામ રાવળના જવાથી રાવ ખેંગારજીએ સરળતાથી લાખિયારવીરા અને બારાતેરા પરગણાનો પ્રદેશ કબજે કર્યો. બાકીની છૂટીછવાઈ જાગીરોને પોતાની આણ નીચે લાવી, સમગ્ર કચ્છ-વાગડ-પ્રદેશ પર પોતાની હકૂમત સ્થાપી. બહારથી ખેડૂતો તેડાવી, નવાં ગામો વસાવી, ખેતીનો વિકાસ કર્યો. સમગ્ર કચ્છ પર સુગમતાથી શાસન કરી શકાય તેવું કેન્દ્રવર્તી, સલામત, જળસુવિધાવાળું સ્થળ ડુંગરની તળેટીમાં પસંદ કરી, સંવત ૧૬૦૫ (ઈ. સ. ૧૫૪૯) માગસર સુદ ૬ ને શુક્રવારે નવા પાટનગરની સ્થાપના કરી. તેના નામકરણ વિષે નગરસ્થાપના કરનાર પુરોહિતને પૂછતાં તેણે જણાવ્યું કે નગરસ્થાપનની ખીલી ભુજંગની ફેણ પર ખોડી છે તો ભુજંગનગર નામ રાખવું યોગ્ય ગણાશે. આમ ભુજંગનગર નામકરણ થયું, તે પાછળથી અપભ્રંશ થઈ ભુજનગર અને અત્યારે ટૂંકમાં ભુજ તરીકે ઓળખાય છે અને તેની પાસે આવેલ ડુંગર ભુજિયોડુંગર કહેવાય છે. ભુજ નામ વિષે એક એવો મત છે કે ભુજંગિયા ડુંગર પરથી તેનું નામ ભુજંગનગર અને અપભ્રંશ થઈ ભુજનગર પડ્યું છે. બીજો એક મત છે કે શ્રી ખેંગારજીના પાટવી કુંવર ભોજરાજજીનું યુવાનીમાં મૃત્યુ થતાં તેમની સ્મૃતિમાં ભોજનગર નામ રાખ્યું જે અપભ્રંશ થઈ ભુજ થઈ ગયું. ત્યાર બાદ રાવશ્રી ખેંગારજીએ નગરની બાજુમાં મોટું તળાવ બંધાવી, પોતાના પિતાના નામ પરથી તેનું નામ હમીરસર રાખ્યું. ભુજનગર તૈયાર થતાં રાજગાદી લાખિયારાવીરાથી ખસેડી ભુજનગરમાં સ્થાપી.

વિદેશી વેપારને વધારવા દક્ષિણ-કચ્છમાં મોકાના બંદરની જરૂર હોઈ, ટોપણ શેઠની સહાયથી રાવશ્રીએ સંવત ૧૬૩૬(ઈ. સ.૧૫૮૬)ના મહા વદ

૧૧ના રોજ રાયપુર બંદર વસાવ્યું, જે હાલ માંડવી-બંદર તરીકે ઓળખાય છે. આમ તેણે વેપારવાણિજ્યને વધારવા ખૂબ જ પ્રોત્સાહન આપ્યું. આ પહેલાં પૂર્વ-કચ્છના રાવશ્રી ખેંગારજીએ આ વિસ્તારના વિકાસ અર્થે સંવત ૧૬૦૨(ઈ. સ. ૧૫૪૬)ના માગસર વદ ૮ ને રવિવારે અંજારનું તોરણ બાંધ્યું હતું.

ભુજની ગાદીએ આવ્યા પછી પોતાને સંકટ-સમયે મદદરૂપ થનાર છછરબુટો, ભિંયા કકલ, રૂઘો અને કાળા જોષીને ગામગરાસ આપ્યાં. ગોરજી માણેક મેરજીને ઉપાધ્યાયની પદવી અને પોશાળની જાગીર આપી લાગા બાંધી આપ્યા. રાવશ્રીને આપેલ સાંગ આજે પણ માણેક મેરજીની પોશાળમાં મોજૂદ છે અને તેની રાવશ્રીના વંશજ વિજયાદશમીના રોજ પૂજા કરે છે.

રાવશ્રી ખેંગારજી(પહેલા)એ સમગ્ર કચ્છને એક છત્ર નીચે આણી તેનો વિકાસ અને વિસ્તાર કર્યો. તેમને જાડેજાવંશના સૌથી પરાક્રમી અને બાહોશ રાજવી માનવામાં આવે છે. તેમણે ૭૬ વર્ષ સુધી રાજ્ય કર્યું અને ૯૦ વર્ષ સુધી આયુષ્ય ભોગવી ઈ. સ. ૧૫૮૬માં તેમનો સ્વર્ગવાસ થયો. તેમના પછી તેમના બીજા નંબરના પુત્ર રાવશ્રી ભારમલજી ભુજની ગાદીએ બેઠા.

રાવશ્રી ભારમલજી (પહેલા) (ઈ. સ. ૧૫૮૬-૧૬૩૨)

મહારાવશ્રી ખેંગાજીના અવસાન બાદ તેમના બીજા નંબરના પુત્ર ભારમલજી ગાદીનશીન થયા, કારણ કે પાટવી કુંવર તે વખતના આશાજી આમરાણી જે કચ્છના રાજ સામે બહારવટે ચડેલ તેમને પકડવા ગયેલ ત્યારે ઝાલુ ગામના સીમાડે ધિંગાણું થયેલ, તેમાં ભોજરાજજી મૃત્યુ પામ્યા હતા. તેમના પુત્ર અલિયોજીની ઉંમર બહુ નાની હોઈ નાના ભાઈ ભારમલજી ગાદીએ બેઠા. પાછળથી અલિયોજી મોટા થતાં તેમને કોરા પરગણું આપવામાં આવ્યું હતું જે આજે ઘડુલી પાસે કોરા ટીંબા તરીકે ઓળખાય છે.

મહારાવશ્રી ભારમલજીને રાવશ્રી ખેંગારજીએ કમાયેલ આખા કચ્છનું રાજ તૈયાર ભાણાની જેમ મળી ગયું હતું. તેમણે સુખેથી રાજ ભોગવ્યું હતું, તેથી તે વખતથી કચ્છીમાં આ કહેવત થઈ "ખટ્યો ખેંગાર અને ભોગવે ભારો". જ્યારે એક વ્યક્તિ ખૂબ જ મહેનત કરી ધનસંપત્તિ મેળવે છે, પણ તેનો લાભ બીજો માણસ લે છે ત્યારે તેને માટે આ કહેવત આજ પણ કચ્છમાં વપરાય છે.

રાવશ્રી ભારમલજીના સમયમાં ગુજરાત પર મોગલ શાસન આવી ગયું હતું. અમદાવાદનો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો પોતાનો જાન બચાવવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં છુપાતો ફરતો જામનગર રાજ્યમાં આશ્રય મેળવેલ, પરંતુ તેના પર મોગલ સૂબો અઝીઝ કોકો લાવલશ્કર સાથે ચડી આવે છે. જામનગર રાજ્યની હાર થાય છે, પણ જામ સતાજી તેને ઓખા-મંડળમાં મોકલી આપે છે. ત્યાં પણ તેનો પીછો થતાં વહાણમાં બેસાડી મુઝફ્ફરશાહને કચ્છમાં રાવ ભારમલજીના શરણે મોકલે છે. કચ્છના આશ્રયે આવ્યાની મોગલ સૂબાને જાણ થતાં સુલતાનને સોંપી દેવા અથવા લડાઈ માટે તૈયાર રહેવા જણાવ્યું ત્યારે રાવશ્રી ભારમલજીએ મોરબી પરગણું કચ્છને પાછું આપવાની શરતે તેને સોંપી દીધો. કચ્છમાંથી મુઝફ્ફર(ત્રીજા)ને લઈને જઈ રહ્યા હતા ત્યારે ધમડકા પાસે પાણીના ધ્રોમાં એ હાજતે જવાનું બહાનું કાઢી ગયો અને છુપાવી રાખેલ અસ્ત્રા વડે પોતાનું ગળું કાપી આપઘાત કરી લીધો. આમ ઈ. સ. ૧૫૯૨માં ગુજરાતના અંતિમ સુલતાનનો કચ્છની ભૂમિ પર કરુણ અંજામ આવ્યો.

ઈ. સ. ૧૬૧૭માં દિલ્હીનો બાદશાહ જહાંગીર અમદાવાદની મુલાકાતે આવેલ, ત્યારે રાવશ્રી ભારમલજી બાદશાહ જહાંગીરને મળવા ગયેલ, ત્યારે, 'જહાંગીરનામા'નો લેખક લખે છે કે રાવશ્રીએ બાદશાહને રૂપિયા ૨૦૦૦ની ધોળ તથા ૨૦૦ અશરફી અને ૧૦૦ કચ્છી ઘોડા નજરાણામાં આપ્યા હતા. આનાથી ખુશ થઈ બાદશાહે પોતાની સવારીનો ઘોડો, હાથી અને હાથણી, હીરાજડિત મૂઠવાળી તલવાર, ખંજર તથા માણેક અને પન્નાજડિત વીંટીઓ ભારમલજીને બક્ષિસમાં આપ્યાં હતાં. તદુપરાંત કચ્છ

રાજ્યને પોતાના કોરીના ચલણના સિક્કા છાપવાની પણ પરવાનગી આપી અને રાજ પરની ખંડણી પણ એ શરતે માફ કરી કે માંડવી(કચ્છ)થી જે મુસલમાન મક્કા હજ કરવા જાય તેમને વગર પૈસે વહાણમાં બેસાડી ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરી આપવી.

'કચ્છદર્શન'માં સ્વ. શ્રી શંભુદાન ગઢવીએ રાવશ્રી ભારમલજીના સમયની એક ઘટના લખી છે તે મુજબ રાવશ્રી ભારમલજીને નવ રાણીઓ હતી, પરંતુ કોઈ સંતાન જીવતું રહેતું નહીં, જન્મતાંની સાથે જ મૃત્યુ પામતું, તેથી તેમના મામા શ્રી કલ્યાણસિંહજી ઝાલા જે કોઠ(ધાંગધ્રા)ના વતની હતા અને કચ્છમાં જ રહેતા હતા – તે બહુ ચિંતિત હતા. એક દિવસ તેમણે ભુજ-નગરની બહાર ઝાડીમાં સમાધિમાં બેઠેલ એક સાધુ-મહાત્માને જોયા. તેમની પાસે જઈ પોતાના ભાણેજ રાવશ્રીના સંતાન સંબંધી વાત કરી તેના નિવારણ માટે પ્રાર્થના કરી ત્યારે મહાત્માએ દાનદક્ષિણા અને યજ્ઞ કરાવી દોષનિવારણ કરાવ્યું. આગળ જતાં રાવશ્રી ભારમલજીને સાત સંતાનો થયાં અને સર્વે જીવિત રહ્યાં. આની ખુશીમાં મહાત્માની આજ્ઞાનુસાર રાવશ્રીની મદદથી એક શિવમંદિર બનાવવામાં આવ્યું, જેનું નામ પોતાના મામાના નામ પરથી કલ્યાણેશ્વર રાખવામાં આવ્યું. આ મંદિર આજ પણ ગોસ્વામી સમાજ વાડી પાછળ અડીખમ ઊભું છે.

રાવશ્રી ભોજરાજજી (ઈ. સ. ૧૬૩૨ - ૧૬૪૫)

રાવશ્રી ભારમલજીના પાટવી કુંવર જેહોજી યુવાનવયે જ સ્વર્ગવાસી થયા હતા, તેથી ભુજની ગાદી બીજા નંબરના પુત્ર ભોજરાજજીને મળી. જેહોજી વિશેનો એક પ્રસંગ 'કચ્છદર્શન'માં આપ્યો છે તે મુજબ જેહોજીનું વેવિશાળ નાની ઉંમરે મેડતાના રાજા રાઠોડ જેમલજીનાં પુત્રી સાથે થયું હતું. સંત કવયિત્રી મીરાં પણ આ જ કુટુંબમાં થઈ ગયાં હતાં. જેહોજી ઉંમરલાયક થતાં તેમનાં લગ્ન લેવાયાં. તે સાથે દીકરીને પરણાવી મેડતાથી ખાંડું કચ્છ રવાના થયું. વહેલ કચ્છના પધ્ધર ગામ પાસે આવી પહોંચી હતી ત્યારે અચાનક ટૂંકી બીમારીથી જેહોજી કુંવર દેવ થઈ ગયા. આ સમાચાર કુંવરીને આપી તેમને પાછાં વળવા સમજાવ્યાં, પણ રાજપૂતાણીને છાજે તે રીતે વેલડાને સીધું જ ભુજના રાજસ્મશાનગૃહ છતરડીમાં લઈ આવ્યાં અને આણાનાં કપડાં સાથે જ જેહોજી સાથે સતી થયાં.

રાવશ્રી ભોજરાજજી પિતા જેવા જ ધર્મપ્રિય, સંસ્કારી અને દાનેશ્વરી હતા. પિતા પછી ભુજમાં અધૂરો રહેલો દરબારગઢનો કિલ્લો અને રાજમહેલાતોના બાંધકામનું કાર્ય તેમણે પૂરું કરાવ્યું. તેમના સમયમાં જ શાહ વર્ધમાને મુનરા-બંદરની સ્થાપના કરી. હાલનું મુન્દ્રા જ્યાં છે ત્યાં અસલમાં મિયાણાઓનો વાસ હતો અને એક મોટું ડુમરાનું ઝાડ હતું. તે સ્થળને ડુમરો કહેતા. પાછળથી રાવશ્રીએ તે જગ્યાએ નગર વસાવ્યું અને આ નગરમાં મોહનરાયનું મંદિર બંધાવ્યું ત્યારથી આ નગરને મોહનરાય અપભ્રંશ થઈને મોનરો કહેવા લાગ્યા, જે આજે મુન્દ્રા તરીકે ઓળખાય છે.

રાવશ્રી પોતે વિદ્વાન હોઈ અન્ય વિદ્વાનોને રાજ્યાશ્રય આપતા. રાવશ્રી ભોજરાજજીની ખરી પહેચાન તેમણે રચેલ ધર્મગ્રંથ 'ધર્મપ્રદીપ' પરથી થાય છે. આ ગ્રંથ તેમણે સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ લખ્યો છે જે આજે પણ આયનામહેલના ગ્રંથભંડારમાં હસ્તલિખિત પ્રતોના રૂપે સચવાયેલ પડ્યો છે.

રાવશ્રી ભોજરાજજીને અગિયાર રાણીઓ હોવા છતાં કોઈ સંતતિ ન થઈ, તેથી તેમણે પોતાની હયાતીમાં જ પોતાના નાના ભાઈ મેઘજીના મોટા કુંવર ખેંગારજીને દત્તક લીધા. રાવશ્રી ભોજરાજજી ચૌદ વર્ષ ગાદી ભોગવી ઈ. સ. ૧૬૪૫માં મૃત્યુ પામ્યા.

રાવશ્રી ખેંગારજી બીજા (ઈ. સ. ૧૬૪૫ - ૧૬૫૪)

રાવશ્રી ભોજરાજજીના મૃત્યુ બાદ એમના દત્તક પુત્ર ખેંગારજી ગાદીનશીન થયા. રાવશ્રીએ સોરઠના ગઢવી ગોરાને કચ્છ બોલાવી લાખોંદ ગામ ગરાસમાં આપેલ જેનો લેખ નીચે મુજબ કરી આપેલ :

"લિ. રાવશ્રી ખેંગારજી જોગ જત વચનાત્ ચારણ ગોરાને સહકુટુંબ સોરઠથી તેડી લાવેલ જેને ગામ લાખોંદ ચારે સેઢા પસાયતું કરી આપેલ છે. તેના પુત્રાદિ ચંદ્રસૂરજ લગણ ગોરાના વંશના ખાતા જાય.

ખેંગારજી વંશના પાળતા જશે. હિંદવાણે ગાય-મુસલમાને સૂવર. સંવત ૧૭૦૩ રાવોશ્રી ખેંગારજી શ્રી મુખ હજૂર સરવૈયા કુબેરજી.''

રાવશ્રીએ એક મારવાડી ચારણ ગોપાલ કવિને પોતાના આશ્રિત બનાવી રાખેલ. તેને ગામ ઝીંઝુ ગરાસમાં આપેલ. આ ચારણને બે દીકરીઓ હતી, જેના સંબંધ બાબત લાખિયારવીરાના ચારણ જશરાજ સાથે અણબનાવ થતાં તેનું વેર રાખી દગાથી જશરાજનું ગોપાલ ચારણે ખૂન કરાવી નાખ્યું. આથી ગોપાલ ગઢવી અને જશરાજના દીકરાઓ વચ્ચે બાપે માર્યાં વેર થયાં.

નવરાત્રિના તહેવારમાં રાજાશાહી રીતરસમ મુજબ રાવશ્રી ખેંગારજી બીજા માતાના મઢથી મા આશાપુરાનાં દર્શન અને ધાર્મિક વિધિ પતાવી ભુજ પાછા ફરી રહ્યા હતા. વચ્ચે નખત્રાણાના પાદરમાં રાતવાસો કરવા રાવશ્રી આખી રાત રોકાયા. તેમની સાથે ગોપાલ ગઢવી પણ રોકાયેલ. આ સમાચાર જશરાજ ચારણના દીકરાને મળતાં તેઓ રાત્રે છુપાઈને છાવણીમાં જઈ ગોપાલ ગઢવીનું ખૂન કરી નાસી ગયા.

આમ પોતાના પ્રિયપાત્ર ચારણનું ખૂન પોતાની છાવણીમાં થયેલું જાણી રાવશ્રીને ખૂબ જ દુઃખ થયું અને પોતાને હળાહળ અપમાન જેવું લાગ્યું, તેથી ક્રોધાવેશમાં આવી ફરમાન કર્યું કે જ્યાં સુધી આ ખૂનના ગુનેગારને પકડી મોતની સજા ન મળે ત્યાં સુધી આ રસાલો આગળ વધશે નહીં. આ ફરમાનથી છાવણીમાં સન્નાટો છવાઈ ગયો. જ્યારે સમાચાર મળ્યા કે ગુનેગારો લાખિયારવીરાના ચારણો છે કે તરત જ લશ્કરે લાખિયારવીરાને ઘેરી લીધું, જેથી ગામવાસીઓ ગભરાઈ ગયા. આવી સ્થિતિ જોઈ ગામના એક કાપડી સાધુએ રાવશ્રીને સમજાવવા ખૂબ આજીજી કરી પણ રાવશ્રીએ તેને ધૂત્કારી કાઢી મૂક્યો. આ અપમાનથી તે કાપડીએ પોતાનાં કપડાં પર તેલ છાંટી ત્યાં જ અગ્નિસ્નાન કર્યું. આ ઘટનાથી ડરી ગયેલ ગામના લોકો સતીમા આઈ જીવાબાઈ પાસે ગયા અને ગામને બચાવવાની વિનવણી કરવા લાગ્યા ત્યારે આઈશ્રી રાવશ્રી ખેંગારજી પાસે ગયાં અને સમગ્ર ગામને સજા ન કરવા વિનંતી કરવા લાગ્યાં. પરંતુ રાવશ્રી ક્રોધાવેશમાં હતા. તેમણે આઈશ્રીનું અપમાન કરી કાઢી મૂક્યાં. ત્યારે રાવશ્રીના અપમાનભરેલ વચનોથી આઈશ્રીને ખૂબ જ ખોટું લાગ્યું. તરત જ લાખિયારાવીરાના પાદરે આવી ચિતા ખડકાવી તેમણે અગ્નિસ્નાન કરી લીધું.

આ તરફ રાવશ્રી ખેંગારજી બાવાને નકોરડા ઉપવાસ હતા. પોતે ખૂબ જ ચિંતિત અને ઉશ્કેરાટમાં હતા. બીજી બાજુ કાપડી સાધુ અને આઈશ્રી જીવાબાઈના અગ્નિસ્નાનની ઘટનાઓ ઘટવાથી એકદમ તનાવગ્રસ્ત સ્થિતિમાં આવી પડતાં તેમનું હૃદય બંધ પડી ગયું અને છાવણીમાં જ ઢળી પડ્યા. ચારે બાજુ સન્નાટો છવાઈ ગયો. તે જ સમયે સાથેના અંગત માણસોએ રાવશ્રીના શબને મ્યાના(પાલખી)માં લઈ શોકાતુર હૃદયે નગારાં-નિશાન વગરની સવારી ભુજ આવવા કૂચ કરી. રસ્તામાં વિંઝાણના ઠાકોરસાહેબનો ભેટો થયો. તેમને પરિસ્થિતિની જાણ થતાં વિંઝાણ ઠાકોરે મ્યાનાનો પડદો ખસેડી રાવશ્રી તરફ જોયું અને સ્થિતિ પામી ગયા. પણ હળવેકથી કોઈને પણ ખ્યાલ ન આવે એ રીતે રાવશ્રીની પાઘડી પરની કલગી સેરવી લીધી. પાછળથી કલગી ગુમ થવાનો ખ્યાલ આવ્યો, પણ આ વિશે કોઈને ચોક્કસ જાણકારી ન હતી. કેટલાક સમય બાદ આ કલગી વિંઝાણ ઠાકોરસાહેબ પોતાની પાઘડી પર ધારણ કરવા લાગ્યા ત્યારે તે જોઈને કેટલાક ભાયાતોને ખ્યાલ આવી ગયો કે આ તો રાવશ્રી ખેંગારજીવાળી જ કલગી છે. ત્યારથી વ્યંગમાં વિંઝાણના ઠાકોરો માટે કહેવામાં આવ્યું કે 'ઈ તા કલંગી વારા અંઈ', મતલબ એ તો એ જ કલગીવાળા છે. પરંતુ વર્ષો બાદ જ્યારે ઝારાના યુદ્ધમાં સેનાપતિ તરીકે એ વિંઝાણના ઠાકોર લાખાજી કલગી માથે ધારણ કરી ઝારાના યુદ્ધમાં ખૂબ શૂરવીરતા દાખવી શહીદ થઈ ગયા ત્યારે ફરી કહેવાયું કે 'લાખે કલંગી મલાય' મતલબ કે લાખાજીએ કલગીનો બદલો વાળી આપ્યો.

રાવશ્રી ખેંગારજી બીજા અચાનક દેવ થતાં રાજગાદી પર વારસદાર નીમવાનો પેચીદો પ્રશ્ન ઊભો

થયો કારણ કે રાવશ્રીને ચાર રાણીઓ હોવા છતાં કોઈ રાણીઓને પુત્ર ન હતો પરંતુ પોતાની પ્રીતિપાત્ર એક મુસ્લિમ સુમરી સ્ત્રીથી થયેલ હમીરજી નામનો ઉંમરલાયક પુત્ર હતો. એ વખતે આ સુમરી સ્ત્રીનાં ઘણાં સગાંસબંધીઓ કચ્છરાજના વહીવટી અને લશ્કર-રસાલામાં મુખ્ય હોદ્દા પર હતા, તેથી કચ્છની રાજગાદી પર આ સુમરીના પુત્ર હમીરજીને બેસાડવામાં આવ્યા. પરંતુ આ ઘટનાથી કચ્છના ભાયાતોમાં અસંતોષ અને વિરોધ જાગ્યો, જેની આગેવાની નલિયાના ઠાકોર શ્રી હોથીજીએ લીધી. હોથીજી આ બાબતથી ખૂબ જ નારાજ હતા, પણ તત્કાલીન પરિસ્થિતિ જોઈ તેઓ ખામોશ રહ્યા. તેમણે મનોમન નિશ્ચય કર્યો કે એક રખાતના પુત્રને રાજા તરીકે સ્વીકારી તેની આગળ માથું નમાવવું તે ભાયાતોનું હળાહળ અપમાન છે, માટે રાજગાદી પર રાજકુટુંબની યોગ્ય વ્યક્તિને બેસાડવી જોઈએ. આ વખતે હોથીજી રાજસભામાં ખાસ સભાસદ હતા, તેથી તેમનો રાજમાં તેમ જ ભાયાતમાં ખાસ પ્રભાવ હતો. ત્યાર પછી હોથીજી ખાનગી રીતે પરિવર્તન માટે કામે લાગી ગયા.

રાવશ્રી તમાચીજી (ઈ. સ. ૧૬૫૫ - ૧૬૬૬)

રાજપરિવારની યોગ્ય વ્યક્તિને ભુજની રાજગાદી પર બેસાડવા માટે નલિયાના ઠાકોર હોથીજી વિશ્વાસુ જાગીરદારો, મુત્સદ્દીઓ, ઠાકોરો અને રાજના મહત્ત્વના અધિકારીઓ સાથે બંધબારણે ચર્ચાઓ કરવા લાગ્યા. રાવશ્રી ખેંગારજીના સાચા વારસદાર તેમના નાના ભાઈ તમાચીજી થઈ શકે, અનૌરસ પુત્ર હમીરજી નહીં – આ વાત સર્વે વિશ્વાસુ આગેવાનોએ સ્વીકારી લીધી, ત્યારે હોથીજી તમાચીજીને મળવા ખંભરા ગયા અને બધી વાતથી વાકેફ કર્યા. વાત સાંભળી તમાચીજીએ કહ્યું, 'હું તમારી વાત મુજબ ભુજની ગાદી મેળવવા તૈયાર છું, પણ મારી પાસે એટલું માનવબળ કે પૈસાનું બળ નથી. ત્યારે હોથીજીએ તેમને બધી જ વાતની ધરપત આપી, તમાચીજી અને તેમના મોટા કુંવર રાયધણજીને પોતાની સાથે ભુજ તેડી આવ્યા.

બીજી બાજુ આગળની ગોઠવણ મુજબ વિશ્વાસુ ઠાકોરો, ભાયાતી આગેવાનો પોતાના ચુનંદા લશ્કર સાથે ભુજની આજુબાજુ ગોઠવાઈ ગયા. પૂર્વયોજના મુજબ નવા રાજાની સલામે આવ્યા છીએ તેવો દેખાવ કરી કેટલાક આગેવાનો લશ્કર સાથે દરબારગઢમાં પહોંચી ગયા. ગઢના દરવાજા બંધ કરી ગઢરાંગ પર ગોલંદાજોને ગોઠવી દીધા, દરબારગઢની અંદરના વિરોધીઓને પકડી લઈ કેદ કર્યા અને ગઢની ફરતે ભાયાતી લશ્કર ગોઠવાઈ ગયું.

આ બાજુ ગાદીપતિ હમીરજી અને તેમના વિશ્વાસુ સરદારોને પ્રતીતિ થઈ કે હવે બળથી તેમની સાથે ટકી શકાય તેમ નથી. મોટા ભાગના ઠાકોરો અને ભાયાતી આગેવાનો તમાચીજીના પક્ષે થઈ ગયા છે. આ પરિસ્થિતિ પામી જઈ, કેટલાંક ગામગરાસ આપવાની શરતે શરણાગતિ સ્વીકારી લીધી. તે પહેલાં તો દરબારગઢની અંદર તાબડતોડ તમાચીજીનો રાજ્યાભિષેક કરી તેમના માનમાં તોપોની સલામી આપી તમાચીજીના નામની રાજદુહાઈ ફેરવી દીધી. આમ, ઠાકોર હોથીજીની મુત્સદ્દીગીરી અને રણનીતિ તેમ જ ભાયાતોના સાથસહકારથી રાવશ્રી તમાચીજી ભુજની ગાદી પર બેઠા. સુમરી-પુત્ર હમીરજીને જીવનનિર્વાહ માટે ભોજાયનો ગરાસ આપવામાં આવ્યો. આ ઘટના પર એક ચારણ કચ્છી કવિએ સચોટ દોહો લખ્યો છે :

હોથી હથ જલે (જડેં), તમુ તખત વેઆરે,
સિજજ વ્યો ઊગી ઉલી તડેં, ઈ સુમરેજો સવારમે.

(હોથીજીએ હાથ ઝાલીને જ્યારે તમાચીજીને ગાદીએ બેસાડ્યો ત્યારે આ સુમરાઓનો ઊગતો સૂરજ સવારમાં જ આથમી ગયો.)

રાવશ્રી તમાચીજીના સમયમાં દિલ્હીની ગાદી પર બાદશાહ શાહજહાં બિરાજેલ હતા. તેમની ઉંમર થતાં તે પોતાના મોટા પુત્ર દારાને પોતાની ગાદીનો વારસ બનાવવા માગતા હતા, પણ તેની ભનક મહત્ત્વાકાંક્ષી ઔરંગઝેબને મળી ગઈ હતી. દિલ્હીની ગાદી હસ્તગત કરવા દક્ષિણનો સૂબો ઔરંગઝેબ અને ગુજરાતનો સૂબો તેનો ત્રીજો ભાઈ મુરાદબક્ષ મોટા ભાઈ દારાને

તખ્ત ન મળે તે બાબતે ચર્ચા કરવા નર્મદાના કાંઠે ભેળા થયા, પણ બંને વચ્ચે સુલેહ ન થતાં ઔરંગઝેબે દિલ્હી પર આક્રમણ કરી, દારાને લડાઈમાં હરાવી, શાહજહાંને કેદ કરી, દિલ્હીની ગાદી હસ્તગત કરી, તેથી દારાને પોતાનો જીવ બચાવવા ભાગવું પડ્યું. તે સિંધના રસ્તે રખડતો-ભટકતો કચ્છમાં રાવશ્રી તમાચીજીના આશ્રયે આવ્યો. પ્રથમ તો રાવશ્રીએ તેને એક વાડીમાં આશ્રય આપી રાખ્યો હતો, પરંતુ ભાવિનો વિચાર કરી દારાએ જ્યારે લશ્કરની મદદ માગી ત્યારે રાવશ્રીએ મદદ કરવાની અશક્તિ દર્શાવી, એટલે દારા અહીંથી ગુજરાત તરફ ચાલ્યો ગયો. તે વાડીને દારાવાડી તરીકે ઓળખવામાં આવતી હતી, પણ પાછળથી આ વાડીને શરદબાગ સાથે જોડી દેવામાં આવી છે.

ઈ. સ. ૧૬૬૬માં રાવશ્રી તમાચીજીનો સ્વર્ગવાસ થતાં તેમના મોટા પુત્ર રાયધણજી ભુજની ગાદીએ બેઠા.

રાવશ્રી રાયધણજી પહેલા (ઈ. સ. ૧૬૬૬ - ૧૬૯૮)

રાવશ્રી રાયધણજી એક ઉદાર રાજવી હતા. તેમની પાસે એક ઉત્તમ ઓલાદનો ઘોડો હતો. તેની ખ્યાતિ સાંભળી એક ચારણ તે જોવા માટે ભુજનગર આવ્યો અને રાવ પાસે તે ઘોડાની માગણી કરી. રાવશ્રીને એ ઘોડો જીવથી પણ વધારે વહાલો હતો, છતાં ઉદાર રાજવીએ તે જ વખતે હસતે મુખે તે ચારણને આપી દીધો.

રાવશ્રી રાયધણજીના સમયમાં શાહ મુરાદ નામના ઓલિયા થઈ ગયા. કહેવાય છે કે મૂળ તે બુખારાના અમીર હતા. સમય જતાં તેમને આ ફાની દુનિયા પરનો મોહ છૂટી ગયો અને તેમણે ફકીરી ધારણ કરી લીધી. એક વાર તે હજ કરવા મક્કા શરીફ ગયા અને ત્યાંથી વળતાં અરબસ્તાનથી વહાણમાં બેસી મુન્દ્રાબંદરે ઊતર્યા અને મુન્દ્રામાં સ્થાયી થઈ ગયા. ધીરેધીરે તેમની ખ્યાતિ સમગ્ર કચ્છરાજ્યમાં ફેલાઈ ગઈ. કચ્છના રાવશ્રી પણ તેમના મુરીદ બની ગયા અને અવારનવાર તેમનાં દર્શને આવતા.

આ વખતે જહાંગીર બાદશાહે માફ કરેલ ખંડણી વસૂલવા અમદાવાદના નવાબે પઠાણ મોઆઝીમબેગને મોટા લશ્કર સાથે કચ્છ પર મોકલ્યો. મોઆઝીમબેગે પધ્ધર નજીક આવી પોતાની છાવણી નાખી. ત્યારે રાવશ્રીએ રાજ તરફથી મુરાદશાહ પીરને ખંડણી અગાઉ જહાંગીર બાદશાહે કયા કારણસર માફ કરી હતી તેનાં કારણો સમજાવવા નવાબ પાસે મોકલ્યા. મુરાદશાહ પીરે કુશળતાથી અને ઇસ્લામધર્મની દુહાઈ આપી તેના મનમાં ખંડણીમાફીની વાત બરાબર સમજાવી દીધી અને નવાબ ખંડણીમાફીનો પરવાનો આપી પાછો ફર્યો.

રાવશ્રી રાયધણજી બીજા ઈ. સ. ૧૬૯૮માં સ્વર્ગવાસી થયા. તેમને પરિવારમાં સાત રાણીઓ હતી અને કુલ અગિયાર કુંવર હતા.

મહારાવશ્રી પ્રાગમલજી પહેલા
(ઈ. સ. ૧૬૯૮ - ૧૭૧૫)

રાવશ્રી રાયધણજીને અગિયાર કુંવર હતા. દરેકને જુદાજુદા થાણાનો કાર્યભાર સોંપ્યો હતો. પાટવી કુંવર નોંધણજી રાવશ્રીની હયાતીમાં જ દેવલોક પામ્યા હતા, તેથી તેમના યુવાન કુંવર હાલોજી મુંદ્રા અને કોઠારાનું થાણું સંભાળતા હતા. બીજા નંબરના કુંવર રવાજીનું લોરિયાના સોઢા મેરુજીએ તેમની ભેંસો પાછી ન આપતાં ખૂન કર્યું હતું. આ રવાજીના યુવાન પુત્ર કાંયાજી મોરબી અને કટારિયાનાં થાણાં સંભાળતા હતા.

રાવશ્રી રાયધણજીની તબિયત પણ લથડવા લાગી હતી. રવાજીના ખૂન પછી ત્રીજે દિવસે રાવશ્રીનું અવસાન થયું. બધા જ કુમારો રાવશ્રીના અગ્નિસંસ્કાર માટે છતરડીએ ગયા હતા. પણ ત્રીજા નંબરના કુંવર શ્રી પ્રાગમલજી આંખો દુખવાનું બહાનું કાઢી સ્મશાને ગયા નહીં. રાજકુટુંબનો તમામ પુરુષવર્ગ તેમ જ સર્વે સ્થાનિક રાજકીય આગેવાનો મળી સ્મશાને અગ્નિસંસ્કારની વિધિ કરતા હતા, ત્યારે પાછળથી પ્રાગમલજીએ અગાઉની ગોઠવણ મુજબ પોતાના રાજ્યાભિષેકની વિધિ કરાવવા માંડી.

રાજ્યાભિષેકની નોબત સાંભળી સર્વેને નવાઈ લાગી. તે જ વખતે પૂર્વયોજના મુજબ પ્રાગમલજીના મોટા કુંવર ગોડજી બહાનું બનાવી દરબારગઢમાં ચાલ્યા ગયા અને પોતે કોટવાલ હોઈ બહારનો કોઈ પણ માણસ ગઢની અંદર આવી શકે નહીં તેવો બંદોબસ્ત કરી દીધો અને પોતાના વિશ્વાસુ માણસો દ્વારા સંરક્ષણની ગોઠવણ કરી લીધી.

અગ્નિસંસ્કારની વિધિ પૂર્ણ કરી સર્વે રાજકુમારો અને સાથેના સર્વે લોકો જ્યારે ભુજનગરમાં દાખલ થવા ગયા ત્યારે મનાઈ ફરમાવતાં સર્વે રાજકુમારો પરિસ્થિતિ પામી જઈ પોતપોતાને હસ્તકનાં થાણાં દબાવી બેસી ગયા. પાછળથી રાજ્યની લગામ હાથમાં આવતાં જ પ્રાગમલજીએ એક સિવાય બધાં જ થાણાં પોતાને હસ્તગત કર્યાં ત્યારે શક્તિશાળી કાંયાજીએ કચ્છ રાજ સામે ટક્કર ઝીલી, મોરબી પરગણું અને કટારિયા આજુબાજુનાં કેટલાંક ગામો પોતાને સ્વાધીન કરી લીધાં અને મોરબીમાં ગાદી સ્થાપી શાસન કરવા લાગ્યા. ત્યારથી મોરબીનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

આ અરસામાં જામનગરના જામ રાયસંગજી શેખપારના યુદ્ધમાં અમદાવાદના સૂબા કુત્બુદ્દિન સામે લડતાં વીરગતિ પામ્યા. પછી જામનગરનો કબજો સૂબાના હાથમાં આવ્યો. ત્યારે જામશ્રી રાયસિંહજીના પાટવી કુંવર તમાચીજીની ઉંમર નાની હોઈ તે કચ્છના રાવશ્રી પ્રાગમલજીના આશ્રયે આવી કચ્છમાં રહેવા લાગ્યા. તમાચીજી ઉંમરલાયક થતાં જ રાવશ્રી પ્રાગમલજીએ પોતાના બહાદુર પાટવી કુંવર ગોડજીને જામનગરને સ્વાધીન કરવા તમાચીજીની સાથે મોકલ્યા. ગોડજીએ ગુજરાતના સૂબા જશવંતસિંહજી અને જામનગરના ભાયાતોના સહકારથી જામનગરનું રાજ્ય હસ્તગત કર્યું અને તમાચીજીને જામનગરની ગાદીએ બેસાડ્યા. તેના બદલામાં જામશ્રી તમાચીજીએ જામનગર રાજ્યનો બાળંભાનો કિલ્લો કચ્છ દરબારને ભેટ આપ્યો. તે દિવસથી પ્રાગમલજીએ મહારાવનું પદ ધારણ કર્યું.

ઈ. સ. ૧૭૧૫માં મહારાવ શ્રી પ્રાગમલજીના સ્વર્ગવાસ પછી તેમના પાટવી કુંવર મહારાવ શ્રી ગોડજી ગાદીનશીન થયા.

મહારાવશ્રી ગોડજી (ઈ. સ. ૧૭૧૫ - ૧૭૧૯)

મહારાવશ્રી ગોડજી એક બહાદુર મુત્સદ્દી રાજપુરુષ હતા. મહારાવશ્રી પ્રાગમલજીએ ભુજની ગાદી હાંસલ કરી તેમાં તેમના આ યુવરાજ ગોડજીની ભૂમિકા મહત્ત્વની હતી, એટલું જ નહીં, રાજ્યારોહણ બાદ કચ્છનાં વિવિધ થાણાં દબાવીને બેઠેલ રાજકુમારો પાસેથી ગોડજીએ જ હુમલા કરી થાણાંઓ સ્વાધીન કર્યાં, કરાવ્યાં હતાં. પિતાના રાજકારભારમાં ગોડજીનું મહત્ત્વનું પ્રદાન હતું. ઈ. સ. ૧૭૧૫માં મહારાવશ્રી ગોડજીએ જેવત મહેતાની દેખરેખમાં સાંધાણમાં ગઢ ચણાવેલ હતો.

મહારાવશ્રી ગોડજીએ કચ્છરાજ્યના વેપાર-વાણિજ્યનો વિકાસ કરવા યુવરાજકાળથી જ જખૌ-બંદરને વિકસાવવામાં ખૂબ જ રસ લીધો હતો. ત્રણેક વર્ષનો અલ્પ રાજકાળ ભોગવી રાજ્યની છિન્નભિન્ન થયેલ સત્તાને ફરી એકહથ્થુ કરી હતી. ઈ. સ. ૧૭૧૯માં તે દેવલોક પામ્યા.

મહારાવશ્રી દેશળજી (ઈ. સ. ૧૭૧૯ - ૧૭૫૨)

મહારાવશ્રી દેશળજી પાંત્રીસ વર્ષની મોટી વયે ગાદીનશીન થયા ત્યારે દેશની સ્થિતિ સારી અને સમૃદ્ધ હતી. વસ્તીમાં પણ સારો એવો વધારો થયો હતો. પ્રજા રિદ્ધિ-સિદ્ધિએ સુખી હતી. રાજા, ભાયાતો અને પ્રજા વચ્ચે સ્નેહસંબંધો હતા. રાજ્યની ઊપજના પ્રમાણમાં મહારાવશ્રી ઘણી જ કરકસર અને સાદાઈથી રહેતા. પરિણામે રાજ્યમાં સારી બચત રહેતી. મહારાવશ્રી દેશળજીના સમયમાં શાસનની કુશળતાથી પ્રજાજીવનમાં સુખ અને સલામતીની જે ભાવના પેદા થઈ હતી તેથી લોકોએ મહારાવશ્રીને 'દેશરા પરમેસરા'નું બિરુદ આપ્યું હતું.

અકબરની જેમ મહારાવશ્રીનો દરબાર ચૌદ રત્નોથી શોભતો હતો, જેમાં કવિઓ, શાસ્ત્રીઓ, વૈદરાજો, પંડિતો, ભાયાતો, શેઠ-શાહુકારો તેમ જ ચોર તથા ઠગને પણ સ્થાન હતું.

ઈ. સ. ૧૭૧૮માં ગુજરાતના સૂબાએ મુઆઝીમબેગને કચ્છની ખંડણી વસૂલ કરવા મોકલ્યો. પણ જહાંગીર બાદશાહ અને રાવશ્રી ભારમલજી વચ્ચે થયેલ કરારો સમજી તે પરથી નવો પરવાનો લખી આપી તે અમદાવાદ પાછો ફર્યો. ભવિષ્યમાં ફરી ભુજ પર ચડાઈ થઈ શકે છે તે વિચારી મહારાવશ્રીએ ભુજનગર ફરતે મજબૂત કિલ્લો (ગઢ) બાંધવાની શરૂઆત કરી.

ઈ. સ. ૧૭૨૦માં ફરી દિલ્હીના બાદશાહના હુકમથી ગુજરાતના સૂબાએ કચ્છના રાજા પાસેથી ખંડણી વસૂલ કરવા નવાબ કેશરખાનને લાવલશ્કર સાથે કચ્છ મોકલ્યો, પણ ભુજના રાજા સામે બાથ ભીડવાની હિંમત ચાલી નહીં, તેથી નલિયાગામ લૂંટી ગુજરાત પાછો જતો રહ્યો. આવી ઘટનાઓના પરિણામે મહારાવશ્રી પોતાના રાજ્યમાં સંરક્ષણ માટે મજબૂત કિલ્લાઓ બંધાવવાનું અને કાયમી લશ્કર ઊભું કરવાનું વિચારવા લાગ્યા.

ઈ. સ. ૧૭૩૦માં મોરબીના ઠાકોર કાંયાજી, જેમને કચ્છરાજ્ય સાથે મનદુઃખ હતું તે અમદાવાદના સૂબા પાસે ગયા અને તેને મોટી ખંડણી આપવાની લાલચ આપી, તેના ૫૦ હજારના લશ્કર સાથે કચ્છ પર ચડાઈ કરવા તેડી લાવ્યા. આ સમાચાર ભુજ પહોંચતાં જ મહારાવશ્રી દેશળજીએ પોતાના દીવાન, કારભારીઓ અને ભાયાતોને બોલાવ્યા અને લશ્કરનો સામનો કરવા યોગ્ય ગોઠવણ કરવામાં આવી.

મોગલ સૈન્ય સામે ઝઝૂમવા દસ હજાર રાજપૂતો અને મિયાણાઓ ભુજ આવી પહોંચ્યા હતા. બે હજાર સૈનિકો કોઠારાના ઠાકોર કાંયાજીની સરદારી અને દેવકરણની વ્યવસ્થા હેઠળ ભુજિયાના અધૂરા કિલ્લાનું રક્ષણ કરવા રોકાયા હતા. પાટવી કુંવર લખપતજીએ આઠ હજાર સૈનિકોની સરદારી લીધી હતી, જ્યારે મોરબીના ઠાકોરના મોટા કુંવર અલિયોજી કે જે કટારિયામાં રહેતા હતા, તે પણ સ્વધર્મ સમજી કચ્છ-રાજ્યની મદદે આવ્યા હતા.

બીજી બાજુ શેરબુલંદખાનના સૈન્યે કચ્છમાં કૂચ કરી, માધાપર પાસે પડાવ રાખી, ભુજિયાના કિલ્લા પર હુમલો કર્યો અને બે કોઠા કબજે કરી લીધા. પણ બીજે દિવસે કચ્છી સૈનિકોએ શૂરવીરતાથી લડી તે પાછા લીધા. તે સમયે ભુજમાં નાગા બાવાની જમાત આવેલ તે પણ પોતાનો ધર્મ સમજી કચ્છરાજ્યના લશ્કર સાથે જોડાઈ ગયેલ અને કહેવાય છે કે નાગા બાવાઓના હાથે જ શેરબુલંદખાનનો ભત્રીજો માર્યો જતાં અમદાવાદના સૈન્યમાં નિરાશા ફેલાઈ ગઈ. તેનો લાભ લઈ ત્રીજા દિવસે ત્રણ હજાર ચુનંદા ઘોડેસવાર સાથે યુવરાજ લખપતજીએ સૂબાની છાવણી પર ઓચિંતો હુમલો કર્યો. છાવણીમાં ગભરાટ ફેલાયો અને નાસભાગ મચી ગઈ. બીજી બાજુથી મિયાણાના લશ્કરે હુમલો કરતાં મોટી ખુવારી થઈ. મોરબી ઠાકોર કાંયાજી પણ સાથ છોડી જતાં શેરબુલંદખાન મોટી હાર અને માર ખાઈ અમદાવાદ ચાલ્યો ગયો.

આ લડાઈમાં કચ્છરાજ્યનો વિજય સંવત ૧૭૮૫ના શ્રાવણ સુદ પાંચમ એટલે કે નાગપંચમીના રોજ થયો હતો. યોદ્ધાઓને સંપૂર્ણ માનપાન સાથે ભુજિયા પરથી ભુજનગરમાં લઈ આવવા માટે મહારાવશ્રી પોતાના સમગ્ર રાજરસાલા અને અમીર-ઉમરાવો સાથે વાજતેગાજતે ભુજિયા પર પધાર્યા. ત્યાં ક્ષેત્રપાળ પર બલિવિધાન કરી એ વિજય પર સમગ્ર નગરવાસીઓનો મેળાવડો ભરી, આ વિજયની ઉજવણી કરી. ભવિષ્યમાં પણ કચ્છની પ્રજાનાં હૃદયમાં હંમેશને માટે આ વિજયદિન યાદ રહે તે માટે ત્યાર પછી દર વર્ષે નાગપંચમીના દિવસે આ વિજયદિનની ઉજવણીની શરૂઆત કરી અને ત્યારથી નાગપંચમીની સવારીની શરૂઆત કરવામાં આવી હતી.

મહારાવશ્રી દેશળજીએ દેવકરણ શેઠની કાર્યદક્ષતા અને યુદ્ધકૌશલ્ય પર ખુશ થઈ તેમને દીવાનની પાઘડી પહેરાવી, રાજનો કારભાર સોંપ્યો. ત્યારે દીવાન દેવકરણે પણ ખેતીને પ્રોત્સાહન આપી, વ્યાપાર-વાણિજ્ય વધારી રાજવહીવટના ખર્ચમાં કરકસર કરી, રાજનો ખજાનો સમૃદ્ધ કર્યો, જેને પરિણામે મહારાવશ્રી દેશળજીના સમયમાં રાજ્યના સંરક્ષણ માટે સૌપ્રથમ ભુજનો કિલ્લો મજબૂત કર્યો.

ત્યાર પછી અંજાર, મુન્દ્રા અને રાપરના કિલ્લા મજબૂત કર્યા. દીવાન દેવકરણે પારકર સુધી કચ્છની હદ વધારી ત્યાં કચ્છનું થાણું સ્થાપ્યું. કચ્છના અખાતમાં ઓખા-બંદરના વાઘેર ચાંચિયાઓ માંડવીબંદરના વેપારીઓનાં વહાણ લૂંટતા હતા. તેમને અંકુશમાં લેવા ઓખા-મંડળમાં કચ્છી ગઢ બાંધી ત્યાં કચ્છનું થાણું સ્થાપ્યું. આમ આ સમયમાં કુશળ રાજવહીવટ અને કુશળ રાજ-નીતિથી કચ્છનું રાજ્યતંત્ર વ્યવસ્થિત બન્યું અને પ્રજા સુખી થઈ.

મહારાવશ્રી દેશળજીના સમયમાં જ કચ્છના મહાન સંત દાદા મેકરણ થઈ ગયા. દાદા મેકરણ મહારાવશ્રીના આધ્યાત્મિક ગુરુ હતા. તેમના પ્રત્યે મહારાવશ્રીને ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિભાવ હતા. તેમના સત્સંગથી ઉત્તરાવસ્થામાં મહારાવશ્રીએ સંવત ૧૮૦૫(ઈ. સ. ૧૭૪૯)ના વૈશાખ સુદ ૧ના રોજ ભુજમાં દેશલસર તળાવની બાજુમાં શિવરા મંડપની સ્થાપના કરી હતી, જેમાં દેશદેશાવરથી સાધુસંતોને આ પ્રસંગે બોલાવી ધન-સુવર્ણનાં દાન આપ્યાં હતાં. તેમણે ગોદાન અને ભૂમિદાન પણ આપ્યાં હતાં. આ બધી હકીકતો દર્શાવતો શિલાલેખ શિવરા મંડપમાં છે.

મહારાવશ્રી દેશળજીને નવ રાણીઓ હતી, જેમાં પટરાણી માનકુંવરબા વાઘેલા ખૂબ જ ધર્મપ્રેમી અને ઉદાર-આત્મા હતાં. તેમણે ભુજમાં દ્વારકાનાથ અને નારાયણસરોવરમાં ત્રિકમરાયનાં વિશાળ મંદિરો સંવત ૧૭૯૦(ઈ. સ. ૧૭૩૪)માં બંધાવી તેમની ધર્માદા જાગીરો બંધાવી છે. તેમના ઉદરે પાટવીકુંવર લખપતજીનો જન્મ થયો હતો. યુવરાજ લખપતજી સ્વભાવે રંગીલા અને વિલાસી હોઈ ઉડાઉ બની ગયા હતા. રાજ તરફથી ખર્ચ પેટે મળતી રકમ પૂરી ન પડતાં દીવાન દેવકરણ પાસે વધુ પૈસાની માગણી કરતા ત્યારે મહારાવશ્રી તરફથી ઠપકો મળતો અને તેમના હુકમ મુજબ વધુ પૈસા આપવાની મનાઈ થતાં દીવાન દેવકરણ શેઠ પણ વધુ પૈસા આપવાની ના કહેતા હોવાથી તે લખપતજીને કણાની જેમ ખૂંચતા.

આ પરિસ્થિતિનો લાભ લઈ કેટલાક સ્વાર્થી માણસો કુંવર લખપતજીને ઉશ્કેરતા કે જ્યાં સુધી દીવાન દેવકરણ છે ત્યાં સુધી તેમને આમ જ રહેવું પડશે. આથી લખપતજીએ દેવકરણને પોતાના માર્ગમાંથી દૂર કરવા એક પરદેશી સિપાઈને તૈયાર કર્યો અને ગોઠવણ મુજબ તે સિપાઈ દેવકરણ શેઠના ઘર પાસે જઈ તોફાન કરવા લાગ્યો. જેવા દેવકરણ બહાર આવ્યા કે તુરત જ તેમનું ખૂન કરી નાખ્યું. દેવકરણ શેઠ એક બાહોશ અને મુત્સદ્દી માણસ હતા. પંચ-હટડીના એક સામાન્ય દુકાનદારમાંથી તે પોતાની આવડત અને બાહોશીના બળે દીવાનપદ સુધી પહોંચી ગયા હતા.

દીવાન દેવકરણ શેઠના ખૂન પછી પાટવી કુંવર લખપતજીએ ઈ. સ. ૧૭૪૨માં રાજ્યની ધુરા પોતાના હસ્તક લઈ લીધી અને ઈ. સ. ૧૭૫૨માં મહારાવશ્રી દેશળજીના અવસાન બાદ પોતે વિધિવત્ કચ્છની ગાદીએ બેઠા.

મહારાવશ્રી લખપતજી (ઈ. સ. ૧૭૫૨ - ૧૭૬૧)

મહારાવશ્રી લખપતજીએ ઈ. સ. ૧૭૪૨માં કચ્છની લગામ હાથમાં લીધી. માંડવી સિવાયના બધા જ થાણેદારો અને જાગીરદારો પર પોતાની સત્તા સ્થાપી, પણ વિધિસર રાજ્યાભિષેક તો મહારાવશ્રી દેશળજીના દેવલોક પામ્યા પછી જ ઈ. સ. ૧૭૫૨માં કરાવ્યો.

લખપતજી સ્વભાવે રંગીનમિજાજી, વિલાસી અને ઉદાર હતા. તેમના ઉડાઉ વર્તનથી ભાયાતો કચવાતા હતા. એક દિવસ તેરા જાગીરના ઠાકોર સુમરાજીએ તેમની ઉડાઉગીરી માટે ઠપકો આપ્યો હતો, તેથી જ્યારે તે રાજગાદી પર આવ્યા ત્યારે તેરાના ગઢ પર તોપોનો મારો ચલાવી બદલો લીધો હતો.

ગાદીએ આવ્યા પછી દેવકરણ શેઠના પુત્ર પૂંજા શેઠને પોતાના દીવાનપદે નીમ્યો, પણ તે મહારાવશ્રીની અપેક્ષા મુજબ રાજ્યની આવક વધારી શક્યો નહીં, તેથી તેના પર વીસ લાખ કોરી દંડ કર્યો, પણ પૂંજા શેઠે તે આપવાની ના પાડતાં મહારાવશ્રી અને પૂંજા

શેઠના માણસો વચ્ચે ઝપાઝપી થતાં સાઠ માણસો માર્યા ગયા અને અંતે પૂંજા શેઠને કેદ કરવામાં આવ્યો. પૂંજા શેઠ પછી રૂપજી શાહને મહારાવશ્રીએ દીવાન બનાવ્યો. રૂપજી શાહે ચાર વર્ષ સુધી મહારાવશ્રીની ઇચ્છા પૂરી કરી, પણ પછી તેણે અશક્તિ દર્શાવતાં મહારાવશ્રીએ ફરી પૂંજા શેઠને દીવાન બનાવ્યો. પાંચ વર્ષના જેલવાસ બાદ દીવાન બનતાં જ તેણે રૂપજી શાહના બધાં જ સગાસંબંધીઓને મરાવી નાખી રૂપજી શાહને કેદ કરાવી બદલો લીધો. પણ પૂંજો શેઠ ફરી લખપતજીની ઉડાઉગીરીને પોષી શક્યો નહીં, તેથી તે ફરી પદભ્રષ્ટ થયો. તેના પછી ગોરધન મહેતા દીવાનપદે આવ્યો એટલે પૂંજા શેઠે અપમાનનો બદલો લેવા મહારાવશ્રીના સોળ વર્ષના પાટવી કુંવર ગોડજીને રાજ્યકારભારમાં માથું મારવા ઉશ્કેર્યો. પૂંજા શેઠની ઉશ્કેરણીથી કુંવરે પિતા પાસેથી રાજ્યભાગ માગ્યો. તે આપવાની ના કહેતાં ગોડજી રિસાઈને પોતાની મા રાજમાતા સાથે મુન્દ્રા જતા રહ્યા અને ત્યાં રહેવા લાગ્યા.

આ બાજુ પૂંજા શેઠ યુક્તિ કરી ગોરધન મહેતાને ઘરે મળવા ગયો અને તે સમાચાર મહારાવશ્રીને પહોંચાડ્યા અને પોતે મુન્દ્રા કુંવર પાસે જતો રહ્યો. આથી મહારાવશ્રીને શક પડ્યો કે કુંવરને નસાડવામાં મહેતા દીવાન પણ ભળેલો છે તેમ માની તેના ઘરે મારા મોકલી દીવાન મહેતાને મરાવી નાખ્યો. ગોરધન મહેતાના મૃત્યુ પછી રૂપજી ફરી દીવાન બન્યો. તેણે માત્ર દોઢ વર્ષ સુધી દીવાનગીરી ભોગવી. તે પછી કચ્છના એલચી તરીકે કાબુલમાં સારું કામ કરી પાછા ફરેલા તુલસીદાસ જેવા મુત્સદ્દીને દીવાનની પાઘડી પહેરાવી. આ તુલસીદાસ દીવાન દ્વારા મહારાવશ્રીએ કાબુલના બાદશાહ અહમદશાહ સાથે મૈત્રી બાંધી લીધી. આથી કાબુલના બાદશાહે મહારાવશ્રીને મહારાજાધિરાજનો ઇલ્કાબ આપ્યો. તે ઉપરાંત લખપતજીએ દિલ્હીના બાદશાહ આલમગીર બીજાને લશ્કરી સહાય કરી હોવાથી બાદશાહે મહારાવશ્રીને મિરઝાનો ખિતાબ તથા 'માહી મરાતીબ' બક્ષિસમાં આપ્યાં.

કુમારશ્રી ગોડજી મુન્દ્રા ગયા પછી પૈસાની ખેંચ પડતાં અમીરબેગ નામના સલાહકારની સલાહથી ત્યાંના મદનજી શાહના મૃત્યુપ્રસંગે આવેલ શાહુકારો પાસેથી જબરદસ્તીથી પૈસા પડાવ્યા. આ બનાવની મહારાવશ્રી લખપતજીને જાણ થતાં તે ઘણા જ નારાજ થયા. તેણે અમીરબેગને દૂર કરવા ગોડજીને હુકમ કર્યો, પણ ગોડજી હુકમને માન્ય કરવાને બદલે મોરબી ચાલ્યા ગયા અને મોરબી ઠાકોરની સહાયથી લશ્કર લાવીને કચ્છ પર ચડાઈ કરી. ગોડજીનો સામનો કરવામાં દીવાન તુલસીદાસની સુસ્તી જોઈ રાવશ્રીએ આ કાર્ય પૂંજા શેઠના પુત્ર દેવજીને સોંપ્યું. દેવજી શેઠ લશ્કરની આગેવાની લઈ સામે ગયો અને થોડી લડાઈ બાદ એ શરતે સમાધાન થયું કે કુંવર ગોડજી પૂંજા શેઠને મુન્દ્રામાંથી દૂર કરીને મુન્દ્રાનો હવાલો સંભાળે. આથી પૂંજા શેઠ મુન્દ્રા છોડી મોથાળાના ઠાકોરને આશ્રયે ગયો. ત્યાં તેને કુંવર ગોડજી તરફથી દર મહિને હજાર કોરી ખર્ચ પેટે મોકલવામાં આવતી. પાછળથી તે પણ બંધ કરવામાં આવી હતી.

રામસિંહ માલમ

મહારાવશ્રી લખપતજીના સમયમાં કળા અને હુન્નરની મૂર્તિસ્વરૂપ રામસિંહ માલમ થઈ ગયો. તેનો જન્મ વિક્રમ સંવતની અઢારમી સદીની આખરમાં બેટ દ્વારકામાં વાઘેર કુટુંબમાં થયો હતો. દરિયામાં તેનું વહાણ તૂટી પડતાં ફિરંગી વહાણવટીઓએ તેને બચાવી લીધો. આગળ જતાં આ વહાણ ચાંચિયાઓએ લૂંટી લઈ તેને હૉલેન્ડમાં વેચી દેતાં રામસિંહ પોતાના માલિકના મીનાકારીના કારખાનામાં કામે લાગી ગયો અને મીનાકારી સાથે ઘણા હુન્નર શીખી લીધા. ત્યાર બાદ તે ભારત પાછો ફર્યો. પ્રથમ દ્વારકા અને પછી માંડવીમાં પોતાની હુન્નરકળાનું પ્રદર્શન કરતાં તેની ખ્યાતિ મહારાવશ્રી લખપતજી સુધી પહોંચી ત્યારે કલારસિક મહારાવે રામસિંહને ભુજ બોલાવ્યો અને તેની હુન્નરકલા જોઈ દરબારગઢમાં પ્રથમ હુન્નરશાળાની સ્થાપના કરી. તેની પાસેથી કચ્છી કારીગરો જાતજાતના કસબ શીખવા લાગ્યા જેના

પરિણામસ્વરૂપ 'કચ્છ વર્ક'નું કામ દુનિયાભરમાં મશહૂર થયું છે. મહારાવશ્રીએ રામસિંહ માલમને કાચ બનાવવાનો હુન્નર શીખવા ઑસ્ટ્રિયા મોકલ્યો હતો. પાંચ વર્ષે પાછો આવી કચ્છરાજ્યની મદદથી માધાપર પાસે કાચ બનાવવાનું કારખાનું શરૂ કર્યું હતું, જેમાં બનેલ રંગીન કાચ આજે પણ આયના-મહેલમાં જોવા મળે છે. ત્રીજી વાર યુરોપમાં જઈ ઘડિયાળ, તોપો અને બંદૂક બનાવવાની કારીગરી શીખી આવી કચ્છમાં તે બનાવવાનું શરૂ કર્યું હતું. વિવિધ હુન્નરકળાના જાણકાર એવા આ સાહસિક વીરનરે ઈ. સ. ૧૭૩૩માં કચ્છના મુન્દ્રા મુકામે પોતાનો દેહ છોડ્યો હતો. રામસિંહ માલમના માર્ગદર્શન હેઠળ જ ભુજના આયનામહેલનું સર્જન કરવામાં આવ્યું હતું. મહારાવશ્રી લખપતજીએ રામસિંહ માલમને કલ્યાણપર ગામ તેના જીવનનિર્વાહ માટે બક્ષિસમાં આપ્યું હતું.

મહારાવશ્રી લખપતજી સાહિત્ય, કલા અને સંગીતપ્રેમી હતા. બાલ્યકાળથી રાજકવિ હમીરજી પાસેથી છંદશાસ્ત્ર, રસશાસ્ત્ર અને પિંગળનો અભ્યાસ કર્યો હતો, તો મયારામ શાસ્ત્રી પાસેથી સંગીતનું જ્ઞાન મેળવ્યું હતું. જૈન મુનિ કનકકુશળજી પાસે વ્રજ-ભાષા-સાહિત્યનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. વધુમાં ઉર્દૂ, ફારસી અને સંસ્કૃત ભાષાનું પણ તે જ્ઞાન ધરાવતા હતા. ઈ. સ. ૧૭૩૦માં દિલ્હીના બાદશાહ મહમદશાહના આમંત્રણથી યુવાવસ્થામાં બાદશાહની સલામે જવાનો મોકો મળેલ ત્યારે દિલ્હી જઈ બાદશાહના દરબારમાં હાજરી આપેલ.

રાત્રે તંબુમાં આપેલ ઉતારાના મનોરંજન માટે આવેલ બાદશાહી ગવૈયાઓ અને ૧૫ નૃત્યાંગના યુવરાજ લખપતજીની સંગીતશાસ્ત્રની તમામ કળાને જોઈને મંત્રમુગ્ધ બની ગઈ, એટલું જ નહીં, પણ આવા કલાપારખુ યુવરાજ લખપતજીના કહેવાથી તેમની સાથે એ તવાયફોએ કચ્છ આવી આખર સુધીની પોતાની જિંદગી લખપતજીની સેવામાં ગુજારી અને તેમના દેહાંત પછી પંદર નૃત્યાંગનાઓ તેમની પાછળ સતી થઈ હતી.

આગળ જતાં વ્રજભાષામાં ગુરુ જૈન કનકકુશળજીને ભટ્ટાર્કનો ઇલ્કાબ આપી રેહા ગામ બક્ષિસમાં આપેલ અને તેમની વ્રજભાષા શિક્ષણપ્રવૃત્તિ ચાલુ રહે તે માટે તેમણે પોતાના નામ પરથી મહારાવશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા ચાલુ કરાવી. આ પાઠશાળા ઈ. સ. ૧૯૪૮માં કચ્છરાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી ચાલુ હતી, પછી બંધ કરવામાં આવી. આ પાઠશાળામાં દેશ-વિદેશથી કવિઓ કાવ્યસર્જનની તાલીમ લેવા આવતા. તેમનો રહેવા-જમવાનો તમામ ખર્ચ કચ્છરાજ્ય તરફથી આપવામાં આવતો. ગુજરાતના મહાન કવિ દલપતરામ અને સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંતકવિ બ્રહ્માનંદે પણ આ પાઠશાળામાં કાવ્યસર્જનની તાલીમ મેળવી હતી.

રંગરાગમાં વિશેષ મગ્ન રહેવાથી અને વારંવાર દીવાનોની ફેરબદલી થવાથી રાજ્યમાં અવ્યવસ્થા ઊભી થઈ હતી. પરિણામે સોઢાઓએ પારકર અને વીરાવાવનાં કચ્છ-દરબારનાં થાણાં ઉઠાવી મૂક્યાં હતાં. બીજી બાજુ વિલાસી જીવન ગાળવાથી ચુંમાળીસ વર્ષની નાની વયે અસાધ્ય રોગ લાગુ પડતાં મૃત્યુ પાસે આવેલ જાણી, યુવરાજ ગોડજી સિવાય કોઈ પણ અનૌરસ પુત્રને ગાદીએ બેસાડવાની વાત કરી ત્યારે ઠાકોરો અને ભાયાતોએ ગોડજીને ભુજની ગાદીએ બેસાડવાનો આગ્રહ કર્યો. છેવટે ઈ. સ. ૧૭૬૧માં મહારાજાધિરાજ મિર્ઝા મહારાવશ્રી લખપતજીનો સ્વર્ગવાસ થતાં તેમની પાછળ પંદર શાહી નૃત્યાંગનાઓ સતી થઈ. લખપતજીની છતેડીના નામથી ઓળખાતી આ છતેડી આજે પણ તેની સાક્ષી પૂરે છે.

મહારાવશ્રી ગોડજી બીજા (ઈ. સ. ૧૭૬૧ - ૧૭૭૯)

મહારાવશ્રી લખપતજીના દેહાંત થવાના સમાચાર સાંભળી યુવરાજ રાજકુમાર ગોડજી મુન્દ્રાથી રસાલા સાથે ભુજ આવી પહોંચ્યો અને સરદારો, જાગીરદારો તેમ જ ભાયાતોની સહાયથી નિર્વિઘ્ને ગાદીનશીન થયો. રાજ્યની લગામ હાથમાં લઈ રાજ્યના દીવાનના મહત્ત્વના હોદ્દા પર જીવણ શેઠની નિમણૂક કરવામાં આવી.

મહારાવશ્રી ગોડજીને કચ્છની રાજગાદી મળી છે તે જાણી જૂનાગઢમાં રહેતો પૂંજો શેઠ કચ્છ આવવા નીકળ્યો. આ સમાચાર જીવણ શેઠને મળતાં તેને ડર લાગ્યો કે પૂંજો ભુજ આવી, મહારાવશ્રીને સમજાવી, દીવાનપદ છીનવી લેશે, તેથી પૂંજા શેઠને ભુજ આવતો અટકાવ્યો. આથી પૂંજો કંથકોટ અને પછી જાટાવાડા ગયો. પણ જીવણ શેઠના ફરમાનથી તેને આશ્રય મળ્યો નહીં. એટલે પૂંજા શેઠ વીરાવાવના સોઢાઓના આશ્રયે ગયો. તેમના પર પૂંજા શેઠનું ઋણ હોઈ તેને આશ્રય મળ્યો.

પોતાના નજીકના સંબંધી ફઈના દીકરા ભાઈ એવા જીવણ શેઠે કરેલ અવગણના અને અપમાનનો બદલો લેવા તથા કચ્છરાજ્યના દીવાન થવા પૂંજા શેઠે વીરાવાવમાં બેસી યોજના ઘડી કાઢી. તે સમયે સિંધ પર ગુલામશાહ કલોરો શાસન કરતો હતો. તેને કચ્છ જીતી પોતાના શાસન નીચે લાવવાની લાંબા સમયથી ઇચ્છા હતી તે પૂંજો શેઠ જાણતો હતો, તેથી તેણે બાદશાહના દીવાન ગીધુમલની સાથે પત્રવહેવાર ચલાવ્યો. પરિણામે ગીધુમલે શાહને બધી વાત કરી. તેના ફરમાનથી પૂંજા શેઠને મોટા માનમરતબા સાથે સિંધ બોલાવ્યો અને તેની સાથે મસલત કરી, કચ્છ પર ક્યારે અને કેવી રીતે ચડાઈ કરવી તેની ગુલામશાહ અને ગીધુમલ તૈયારી કરવા લાગી ગયા. આ બાજુ સિત્તેર હજારના સૈન્ય સાથે ગુલામશાહ કલ્હોરો કચ્છ પર ચડી આવે છે તે સમાચાર મળતાં મહારાવશ્રી ગોડજી અને દીવાન જીવણ શેઠે ભારે તૈયારી આદરી.

મહારાવશ્રી ગોડજી બીજાએ સિંધના સિત્તેર હજારના દુશ્મનના લશ્કરથી કચ્છદેશનું રક્ષણ કરવા કચ્છની વિવિધ કોમ અને ધર્મના લોકોને આહ્વાન કર્યું. ખાસ કરીને ભાયાતી ગામોના આગેવાનો અને ઠાકોરોને મહારાવશ્રી ગોડજી બીજાએ ઊંટડીસવારો મારફત્ત રાજમહોરની છાપ સહિત કેસરી છાંટણાંવાળી યુદ્ધમાં આવવાનું આમંત્રણ આપતી કંકોત્રીઓ મોકલી હતી, જેનો નમૂનો વિંઝાણ ઠાકોર લાખાજીને લખેલ કંકોત્રીનો નીચે મુજબ છે :

"લખવંત મહારાજાધિરાજ મહારાવશ્રી વિંઝાણ સ્થાને સર્વે શુભોપમાલાયક ભાઈશ્રી લાખાજીની ચિ. હોજો જત બીજું પૂંજાની આડોડાઈથી છારી ઢંઢની પગવાટે સિંધવારો મીર કલોરો ગુલામછા પોતાના લાવલશ્કરથી ચડી આવે છે. માટે ભાઈઓના નાતે તમે હીંગોરા, મંધરા વિગેરે તમામ લાવલશ્કરને લઈને ટાણે તૈયાર થઈ પરથમ ભુજ પોગી આવજો. ત્યાં થર મેલાણ ઝારા ઝુમારામાં ભેગું થશે. વાસ્તે પરથમ ઈયા આવજો. લાજ બધાની એક છે. સંવત ૧૮૧૯ (ઈ. સ. ૧૭૬૩)ના કારતક સુદી - ૧૨ ગરેઉ વિક્રમાજીત."

આમ રાજ્યના બધા ભાયાતોને પોતાનાં લશ્કર સાથે ભુજ આવવા કહેણ મોકલ્યાં તેમ જ જામનગરના જામ લાખોજી પાસેથી એક હજાર સૈનિકોની સહાય માગી અને પડોશી રાયધણપુરના નવાબની નવ લાખ કોરીના ભાડા પર ઘોડેસવારની ટુકડી બોલાવી હતી. સર્વે યોદ્ધાઓ ભુજ આવી પહોંચતાં લશ્કરની સરદારી કચેરીમાં નક્કી થયા મુજબ વિંઝાણ ઠાકોર લાખાજી અને દીવાન જીવણ શેઠે લીધી. લાખાજી અને જીવણ શેઠે પોતાના સૈન્ય સાથે કચ્છની રણની કાંધીએ આવેલ ઝારાના ડુંગર પર છાવણી નાખી અને સિંધી લશ્કરનો આવવાનો માર્ગ ઉજ્જડ કરી નાખ્યો. બીજી બાજુ કચ્છના વિવિધ ભાગોમાંથી અનેક રણબંકાઓ પોતાનાં આયુધો સાથે સીધા જ ઝારાના ડુંગર પર પહોંચી આવ્યા.

ઈ. સ. ૧૭૬૩માં ગુલામશાહ કલોરો મોટા લાવ-લશ્કર સાથે કૂચ કરતો કચ્છનું મોટું રણ ઓળંગી કચ્છ પર ચડી આવ્યો. સરહદ પર અગાઉથી ઉજ્જડ કરેલાં જળાશયોમાં પાણી ન હોવાથી તેના લશ્કરને પાણીની તંગી પડી. તેથી સિંધીઓના હાલ-બેહાલ અને બંજર થઈ ગયા. પણ મહામહેનતે સાંજ સુધી ઝારા પાસે પહોંચી આવ્યા. તે જ સમયે જો ગુલામશાહના સૈન્ય પર હુમલો કર્યો હોત તો તે થાકેલ તરસ્યા બેહાલ સૈન્ય પર આસાનીથી વિજય મેળવી શકાત. પણ જીવણ શેઠ અસલમાં વેપારી હતો, સેનાપતિ નહીં. સામે પક્ષે

ગુલામશાહ અને પૂંજા શેઠે ખોટી વિષ્ટિ ચાલુ રાખી, જેથી સિંધી લશ્કરે આરામ કરી તાજગી મેળવી લીધી.

બે દિવસની વિશ્રાંતિ પછી વહેલી સવારે ઝાકળના ધુમ્મસનો લાભ લઈ સિંધી લશ્કરે અચાનક ઝારા ડુંગર પર હુમલો કર્યો, તેથી તોપચીએ જામગરી પેટાવી, પણ કમનસીબે ઝાકળથી હવાઈ ગયેલ હોઈ તોપ પહેલે જ ભડાકે ફાટી. તેથી કચ્છી લશ્કરમાં ગભરાટ ફેલાયો. તેનો લાભ લઈ સિંધી લશ્કર ડુંગર પર ચડી આવ્યું અને હાથોહાથ લડાઈ ચાલી. સૈનિકો ઝડપથી મરવા લાગ્યા. લોહીની છોળો ઊડવા લાગી. આ લડાઈમાં નરા ગામના બે શૂરવીર ભાઈ ભીમજી અને વિશોજી ભારે પરાક્રમ દાખવી માભોમને ખોળે શહીદ થઈ ગયા. ઝારાની રણભૂમિ પર અનેક કચ્છી યુવાનો બહાદુરીથી લડતાં-લડતાં મૃત્યુ પામ્યા. દીવાન જીવણ શેઠ પણ આ અઘોર હત્યાકાંડમાં હોમાઈ ગયા. વિંઝાણના ઠાકોર અને સેનાપતિ વીર લાખાજી પણ શત્રુસૈન્યનો સંહાર કરતાં અંતે વીરગતિ પામ્યા.

ઝારાના પ્રચંડ સંહારથી અનેક માતાઓ અને બહેનો પતિ કે પુત્રવિહોણી બની ગઈ હતી. હજારો બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી. ઝારાની નજીકનાં ગુનેરી, મુધાન, શાયરા વગેરે ગામનો લગભગ પ્રૌઢ અને યુવા પુરુષવર્ગ આ લડાઈમાં કામ આવી ગયો હોઈ બાળઉછેર અને કુટુંબના ભરણપોષણ માટે રાજપૂત સ્ત્રીઓએ ખેતીવાડીનું કામ ઉપાડી લીધું હતું.

યુદ્ધમાં જીત મળ્યા બાદ ગુલામશાહની ફોજ અનેક ગામડાંઓને લૂંટતી, રંજાડતી અને ઉજ્જડ કરતી આગળ વધી હતી. તેના કારણે ભય અને ભૂખના માર્યા અનેક લોકોને અન્યત્ર સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, જેની અસર સીધી જ સ્થાનિક ઉદ્યોગધંધા પર પડી હતી અનેક ગામડાં ઉજ્જડ બની ગયાં. વળી યુદ્ધના અંતે સિંધની શરતોનું પાલન ન થવાથી ગુલામશાહે લખપતમાં આવતી સિંધુનદીની કોરી શાખાના પાણી આડો બંધ બાંધી રોકતાં બન્ની અને લખપત વિસ્તારમાં લાખો રૂપિયાના ચોખાનું ઉત્પાદન થતું અટકી ગયું અને ખેતીના વ્યવસાયને મોટો ફટકો પડ્યો, જેથી આ વિસ્તારમાંથી વસ્તીની હિજરત થતાં આ પ્રદેશ પહેલાં લીલી કુંજાર જેવો હતો તે ઉજ્જડ બની ગયો.

ઝારા પર વિજય મેળવી ગુલામશાહ પોતાના બાકીના લશ્કર સાથે આગળ વધ્યો. માર્ગમાં આવતાં તેરા, કોઠારા પર હલ્લો કરી ત્યાંના ભાયાતો પાસેથી મોટી રકમ દંડમાં લીધી. પરંતુ રાપરગઢવાળી અને સાંધાણના કિલ્લા પરથી તોપમારો થતાં સિંધી લશ્કરને પીછેહઠ કરવી પડી એટલું જ નહીં, આ લડાઈમાં દરિયાખાન નામનો સરદાર માર્યો ગયો. લૂંટફાટ કરતું અને ગામડાં ઉજાડતું ગુલામશાહનું લશ્કર ભુજ તરફ ધસી આવે છે એ જાણી મહારાવશ્રીએ પૂંજા શેઠને ખાનગી સંદેશો મોકલ્યો હતો કે કોઈ પણ રીતે ગુલામશાહને સમજાવી પાછો મોકલી દે, તો તેને કચ્છનો દીવાન બનાવવામાં આવશે. આ બાજુ ગુલામશાહના લશ્કરની ઘણી ખુવારી થઈ હતી, તેથી તે પણ ગભરાયો હતો અને હવે શું કરવું તેની પૂંજા શેઠ પાસે સલાહ માગી ત્યારે પોતાની ધારણા પ્રમાણે જીવણ શેઠનું અવસાન થયું હતું અને દીવાનપદ મળવાની આશા બંધાણી હતી, તેથી ગુલામશાહ સાથે પૂંજા શેઠનો સ્વાર્થ પૂરો થયો હતો. આથી તેણે ગુલામશાહને સિંધ પાછા ફરવાની સલાહ આપી, પણ તેણે યુદ્ધના ખર્ચ પેટે કેટલીક રકમ આપવાની શરતે આ સલાહ સ્વીકારી; પણ તે રકમ ન મળે ત્યાં સુધી પૂંજા શેઠના દીકરા દેવજીને ઓળમાં રાખી સિંધ પાછો ફર્યો.

આ બાજુ પૂંજા શેઠ ભુજ આવ્યો. એને દીવાનપદ આપવામાં આવ્યું. રાધનપુરની ઘોડેસવારની ટુકડી પગાર ન મળવાથી તે ભુજ કબજે કરવા તૈયાર થઈ હતી. તેને સમજાવી-ધમકાવી રાધનપુર રવાના કરી, પણ ઝારાના યુદ્ધના ખર્ચને પહોંચી વળવા તેણે કંથકોટ, નલિયા વગેરે પર ચડાઈ કરી મોટી રકમ વસૂલ કરી.

ગુલામશાહની ઠરાવેલ રકમ ભરી પોતાના પુત્રને ઓળમાંથી મુક્ત કરાવવા મહારાવશ્રી પર દબાણ કરવા લાગ્યો ત્યારે મહારાવશ્રીએ તેની ધરપકડ કરાવી ઝેર આપી મારી નાખ્યો. આ સમાચાર ગુલામશાહને

મળતાં તે ફરી પચાસ હજારના સૈન્ય સાથે કચ્છ પર ચડી આવ્યો. મુરૂના ગરાસિયાએ રસ્તામાં તેને રોકવા લડાઈ કરી, પણ તેઓ ટકી ન શકતાં તે આગળ વધી, રુદ્રમાતા પાસે છાવણી નાખી, દીવાન ગીધુમલને રાવશ્રી પાસે મોકલ્યો. વિષ્ટિના અંતે કરારની અમુક રકમ અને ભાયાતની હલકા કુળની કન્યા પરણી સિંધ જવા નીકળ્યો ત્યારે રસ્તામાં પાંચ હજાર સૈન્યનું થાણું બેસાડ્યું અને સિંધુની એક શાખા કોરી પર બંધ બાંધી, બન્ની અને લખપતમાં આવતું સિંધુનું પાણી રોકી કચ્છને પાણીથી વંચિત કર્યું.

ઈ. સ. ૧૭૮૨માં ગુલામશાહનું મરણ થતાં તેનો મોટો પુત્ર સરફરાજ ગાદીએ આવ્યો, પણ તેનામાં રાજ્ય ચલાવવાની આવડત ન હોવાથી રાજ્યમાં અવ્યવસ્થા ફેલાણી. તેનો લાભ લઈ પૂંજા શેઠનો દીકરો દેવજી શેઠ તેની ઓળમાંથી છૂટી લખપત આવ્યો. મહારાવશ્રીના હુકમથી ગુલામશાહે બેસાડેલ થાણું ઉઠાવી મૂક્યું. પછી દેવજી શેઠ ભુજ આવ્યો. તેને દીવાન થવા આગ્રહ કરવામાં આવ્યો, પરંતુ તેણે ના પાડી. લખપતબંદરની ખિલવણી કરવા ઇચ્છા તેણે દર્શાવી ત્યારે મહારાવશ્રીએ તેને પરવાનગી આપી. તેણે લખપતબંદરનો ખૂબ વિકાસ કર્યો. તેની કાર્યદક્ષતા જોઈ મહારાવશ્રીએ તેને દીવાન બનવા આગ્રહ કર્યો અને ભુજ બોલાવ્યો. આ વાત કેટલાક દરબારીઓને ખટકતાં દગાથી રસ્તામાં જ તેને મરાવી નાખ્યો.

પૂંજા શેઠના મરણ પછી કચ્છમાં અવ્યવસ્થા ચાલી. દીવાન આવતા ગયા અને દગાથી મરાતા ગયા. તેના પરિણામે કચ્છની લગામ ઢીલી પડતાં કચ્છ-રાજ્યની માલિકીનો કચ્છના અખાતને સામે કાંઠે આવેલ બાળંભાનો કિલ્લો જામનગરના તે વખતના સર્વેસર્વા મેર ખવાસે સ્વાધીન કરી લીધો.

મહારાવશ્રી ગોડજી સ્વભાવે વહેમીલા હતા. પોતાના અંગરક્ષક તરીકે સીદીઓને રાખતા હતા. આ સીદીઓનો હસ્તક્ષેપ બહુ વધી જતાં રાણીઓના કહેવાથી ભાયાતી આગેવાનોએ તેમને દેશનિકાલ કર્યા. તેથી નારાજ થઈ મહારાવશ્રી માંડવી રહેવા લાગ્યા.

ઈ. સ. ૧૭૭૫માં સિંધનો શાસક સરફરાજ કચ્છ પર ચડી આવ્યો. આધોઈ અને કંથકોટના ગરાસિયા પાસેથી મોટો દંડ વસૂલ કરી તે સિંધ ચાલ્યો ગયો અને તરત મરણ પામ્યો. તેના પછી શાહજાદો અબ્દુલનબીખાન સિંધની ગાદીએ આવ્યો અને તેણે મીર બીજરને વજીર બનાવ્યો. એ વખતે સિંધમાં કલોરા અને તાલપુરા વચ્ચે વૈમનસ્ય ચાલતું હતું. મીર બીજરનો બાપ તાલપુરા પક્ષનો હોવાથી કલોરા ટોળીના અબ્રાની હુસેન તથા લાખા ભલોએ તેને મારી નાખ્યો હતો. તેથી મીર બીજરના વજીરપદે આવ્યાથી તે બંનેને સિંધમાં રહેવું સલામત ન લાગતાં તેઓ બંને મહારાવશ્રી ગોડજીના આશ્રયે ભુજ આવી રહ્યા.

સિંધના વજીર મીર બીજરે તે બંનેને સોંપી દેવા લખી મોકલ્યું, પણ તેમ કરવાની ગોડજીએ ના પાડતાં મોટા લશ્કર સાથે મીર બીજર કચ્છ પર ચડી આવ્યો. તેનો સામનો કરવા મહારાવશ્રીએ મોટા લશ્કર સાથે કુરપાબેગને મોકલ્યો. બીટા પાસે બંનેનાં લશ્કરનો ભેટો થતાં જંગ ખેલાયો. તેમાં સિંધનું લશ્કર હારીને સિંધ ભાગી છૂટ્યું. આ વિજયથી કુરપાબેગ એટલો બધો અભિમાની બની ગયો કે તે કોઈને પણ ગણકારતો નહીં. એક દિવસ અબ્રાની હુસેન અને લાખા બલોચ સાથે બોલાચાલી થતાં તે બંનેએ કુરપાબેગને ઠાર કર્યો. આ સમાચાર સાંભળી મહારાવશ્રીને હાશકારો થયો અને બંનેને ધન્યવાદ આપી બાડા અને બાયઠનો ગરાસ બક્ષિસમાં આપ્યો.

મહારાવશ્રી ગોડજી (બીજા) ઘણા સમયથી ભગંદરના રોગથી પીડાતા હતા. નાગપંચમીના દિવસે સવારીમાંથી પાછા આવ્યા પછી આ ભગંદરની પીડા અસહ્ય થઈ પડી. સાતમે દિવસે ઈ. સ. ૧૭૭૯ના રોજ તેમણે દેહ છોડ્યો.

મહારાવશ્રી રાયધણજી

મહારાવશ્રી ગોડજીના અવસાન બાદ રાયધણજી (બીજા) ચૌદ વર્ષની વયે ગાદી પર બેઠા. તેમની ઉંમર નાની હોઈ રાજકારભારની જવાબદારી દીવાન દેવચંદ શેઠે વધુ નિભાવવી પડતી. દીવાન દેવચંદ શેઠના

પ્રામાણિક અને નિષ્ઠાભરેલ વહીવટથી એકંદરે રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા બરાબર જળવાવાથી દેવચંદ શેઠનો આ પ્રકારનો વહીવટ લડવૈયા લોકો કે જેઓનું ગુજરાન રાજ્યમાં થતી ઊથલપાથલ પર હતું તેઓને શાંત બેસવાનું મંજૂર ન હતું, તેથી તેઓ ખટપટ શરૂ કરવા લાગ્યા. સીદીઓનું તે વખતે ખાસ જોર હતું. તેમના જમાદાર જમાલ મિયાંએ એક દિવસ લાગ જોઈને દેવચંદ શેઠના ખાસ નોકર માનસંગ કે જે હજૂરમાં ઘણું રહેતો તથા ત્યાંની અગત્યની ખબર દેવચંદને પહોંચાડતો તેને મારી નાખ્યો. તે જ દિવસે સાંજે દેવચંદ શેઠ અને તેના ત્રણ ભાઈઓ કે જે અંજાર, માંડવી અને મુન્દ્રામાં હતા તેમને છેતરીને ભુજ બોલાવી મારી નાખ્યા.

દેવચંદ શેઠના મૃત્યુ બાદ મહારાવશ્રી રાયધણજી તેમના અંગરક્ષક જમાદાર મરીચની સલાહ પ્રમાણે ચાલવા લાગ્યા. સીદી મરીચે કચ્છની દીવાનગીરી વાઘા પારેખ નામના વણિકને અપાવી કે જે દરબારમાં માલ પહોંચાડવાનું કામ કરતો હતો. દીવાનપદ પર આવતાં જ વાઘા પારેખે દેવચંદ શેઠના સંબંધીઓ અને સમર્થક પર જોહુકમી ચલાવવા માંડી. પત્રીના ઠાકોર ભારાજી પર ચડાઈ કરી તેમને મારી નાખ્યા. તેથી ભાયાતવર્ગ જ્યારે તેનાથી નારાજ થયો ત્યારે તેણે દોષનો ટોપલો સીદીઓ પર નાખી તેમને કચ્છદેશમાંથી નિકાલ કરાવ્યા.

તાલપુરા-વંશના મીર ફતેહઅલી ઈ. સ. ૧૭૮૭માં કલોરા-વંશના અબ્દુલ નબીને હરાવી સિંધમાં ગાદીએ આવ્યો તેથી પોતાનું રાજ્ય પાછું મેળવવા અબ્દુલ નબી પૈસા અને સૈનિકોની સહાય માગવા જોધપુરના રાણા વિજયસિંહ પાસે ગયો. ત્યાંથી મદદ મેળવી રાધનપુરના રસ્તે કચ્છ મહારાવશ્રી પાસે આવ્યો. હજુ કચ્છના મહારાવશ્રી સહાય કરવા લશ્કર એકઠું કરતા હતા ત્યાં તો સિંધનો મીર ફતેહઅલી કચ્છ પર ચડી આવ્યો. ચોબારી પાસે જોધપુરની સેના પડાવ નાખી પડી હતી તેના પર હુમલો કર્યો. ઓચિંતા હુમલાથી લશ્કરમાં નાસભાગ મચી ગઈ, પણ તે જ સમયે કાબુલનો અમીર સિંધ પર ચડી આવ્યાના સમાચાર સાંભળી ભુજ તરફ આવવાના બદલે ફતેહઅલી સિંધ પાછો ફર્યો.

મહારાવશ્રી રાયધણજી આ સમયે મહમદ પન્ના નામના બહારથી આવેલ એક સૈયદના સંપર્કમાં આવ્યા અને મહમદ પન્નાના ઇસ્લામી વિચારોથી અભિભૂત થઈ તેમણે ઇસ્લામધર્મ સ્વીકારી લીધો. ઇસ્લામીકરણનું ભૂત તેમના પર ગાંડપણની હદ સુધી સવાર થઈ ગયું, એટલું જ નહીં, પણ કચ્છ રાજ્યના હિંદુઓને મુસલમાન બનાવવા અને મૂર્તિપૂજા બંધ કરવાનું વિચારવા લાગ્યા. રાવશ્રી જ્યારે પોતાના અંગરક્ષકો સાથે ભુજની બજારમાં ફરવા નીકળતા ત્યારે હિંદુઓ પોતાની દુકાનો અને ઘરોના દરવાજા બંધ કરી તેમાં ભરાઈ બેસતા. તેમાં પણ જો કોઈ હિંદુ તેમની સામે આવી ચડે તો તેનું આવી બનતું. એક દિવસ ઓધવજી નામનો રાજગોર સામે મળી ગયો. મહારાવશ્રી સાથેના સીદીઓએ તેને મુસલમાન થવા કહ્યું, પણ તેણે ના કહેતાં તેને પકડી કેદ કર્યો. તેને છોડાવવા રાજગોર જ્ઞાતિના આગેવાનો મહારાવશ્રીના મહેલ આગળ ત્રાગાં કરવા લાગ્યા ત્યારે કેટલાક આગેવાનોને પકડી તેમનાં માલમિલકત લૂંટી લીધાં.

એક દિવસ મૂર્તિઓનું ખંડન કરવા રાવશ્રીને સમજાવી સીદીઓ માંડવી લઈ ગયા. ત્યાં ભાટિયા, વાણિયા અને બ્રાહ્મણોની મોટી વસ્તી હોઈ જાહેરમાં જીવહિંસા થઈ શકતી નહીં. તે રિવાજ તોડી સીદીઓએ જાહેરમાં જાનવરોનો વધ કર્યો. આટલેથી ન અટકતાં માંડવીના સુંદરવરના મંદિરની મૂર્તિનું ખંડન કરવા મંદિર પાસે આવી પહોંચ્યા. ત્યારે માંડવીની હિંદુ પ્રજાની લાગણી ઉશ્કેરાઈ અને સર્વે હિંદુઓએ એકઠા થઈ મહારાવશ્રી અને તેમના સાથી પર પથ્થરો અને નળિયાંનો છૂટો મારો કર્યો. આનાથી ઘણા ઘાયલ થયા અને બે જણ માર્યા ગયા. સમગ્ર પ્રજાના ઓચિંતા હુમલાથી ડઘાઈ ગયા અને પ્રજાનો આક્રોશ જોઈ પોતાના માણસો સાથે મહારાવશ્રી ભુજ ચાલ્યા ગયા. રાવના આવા વ્યવહારની રાણીઓને અને રાજ્યના

અધિકારીઓને જાણ થતાં દીવાન વાઘા પારેખ સાથે ચર્ચા કરી મહારાવશ્રીને કેદ કરવાનું નક્કી કર્યું. દીવાન વાઘા પારેખે અંજારના કારભારી પોતાના ભાઈ કોરા પારેખને ચારસો માણસો સાથે ગુપ્ત રીતે ભુજ બોલાવી લીધો. તેઓ ગુપ્ત રીતે મહેલમાં દાખલ થયા, પણ તેની જાણ મહારાવશ્રી અને તેના અંગત જમાદાર ડોસલવેણને થઈ જતાં મહારાવશ્રી સીડી વાટે મહેલના ઉપરના ભાગે જતા રહ્યા અને ત્યાંથી બીજા માર્ગે છટકી ગયા. તેનો પીછો કરતા વાઘો અને કોરો પારેખ પોતાના માણસો સાથે સીડી ચડી ઉપર ગયા તે સાથે મહારાવશ્રીના અંગરક્ષક પઠાણોએ સીડી ખસેડી લઈ તે બધાને ઉપર જ ઘેરી લીધા અને બંદૂકની ફાયરિંગથી મોટા ભાગનાને મારી નાખ્યા, તો કેટલાક સાંકડી જગ્યાને લીધે દારૂગોળાના ધુમાડાથી ગૂંગળાઈને મૃત્યુ પામ્યા. આ બધાનાં શબને મહારાવશ્રીએ ભીડના નાકા બહાર એક મોટો ખાડો ખોદાવી દાટી દીધાં અને તેના પર એક ઓટલો ચણાવી દીધો, જેને લોકો આજે પણ વાઘાસર અને કોરાસર તરીકે ઓળખે છે.

મહારાવશ્રીને કેદ કરવાના પ્રયાસોથી રાજનાં વિવિધ થાણાંના કારભારીઓ સ્વાયત્ત થવા લાગ્યા. અંજારમાં મેઘજી શેઠ, માંડવીમાં રામજી ખવાસ, મુન્દ્રામાં મહમદ મિયાં, લખપતમાં તુર્કવાયદીના અને ગઢસીસામાં મોડજી – સૌએ પોતપોતાના તાબાનાં થાણાં દબાવી લીધાં અને ભાયાતો સ્વતંત્ર થઈ બેઠા. કોઈ સબળ સર્વોપરી સત્તા ન રહેતાં કચ્છમાં અંધાધૂંધી અને અવ્યવસ્થા ફેલાવા લાગી. બીજી બાજુ મહમદ પન્નાની સલાહથી રાવશ્રીએ ભુજમાં મૂર્તિખંડનનો દિવસ નક્કી કર્યો. આ સમાચાર ફેલાતાં ભુજની હિંદુ પ્રજામાં ગભરાટ ફેલાયો. મહાજન આગેવાનોએ આ વાત મહારાણી સ્વરૂપબા સોઢીને કરતાં તેમની સલાહથી અંજારના મેઘજી શેઠને મોટા લશ્કર સાથે ભુજ બોલાવવા છૂપી રીતે ઊંટસવારને રવાના કર્યા. ગઢના દરવાનોએ તેમને રોકવા પ્રયત્ન કર્યો, પણ મહાજન અને ભાયાતોની સહાયથી મેઘજી શેઠે ગઢમાં પ્રવેશી, પોતાના માણસો દ્વારા હુમલો કરી, ગઢનો કબજો લઈ લીધો. આ બાજુ મહારાવશ્રી મહેલમાં ભરાઈ બેઠા હતા. તે મહેલને ઘેરો ઘાલી ખૂબ જ સંઘર્ષ બાદ ત્રીજા દિવસે મહારાવશ્રી અને તેમના તાબાના અંગરક્ષકોને કેદ કર્યા અને મહારાવશ્રીના નાના ભાઈ પૃથ્વીરાજ ઉર્ફે ભાઈજી બાવાને ભુજની ગાદીએ બેસાડી, તેમને સલાહસૂચન કરવા માટે રાજ્યના બાર અમલદારોને નીમવામાં આવ્યા, જેમના માર્ગદર્શન હેઠળ શાસન ચાલતું. કચ્છમાં તેને બારભાયાનું રાજ કહેતા. આમ ઈ. સ. ૧૭૮૮માં બારભાયાનું રાજ ચાલુ થયું જેમાં નીચે મુજબના અમલદારો હતા :

(૧) ડોસલવેણ, (૨) ગુલામઅલી જીયેજા, (૩) સફીમહમદ સુમરા, (૪) ઉસ્માનજી ચૌહાણ, (૫) લાલમહમદ વેણ, (૬) ભારા અબડા, (૭) તમાચી વેલા, (૮) રહીમતુલ્લા વેણ, (૯) જાનમહમદ ભંડેરી, (૧૦) બેગમહમદ કોરેજા, (૧૧) મિઠા મિયાં કોરેજા અને (૧૨) મેઘજી શેઠ.

આ બારભાયા રાજમંડળીએ ભાઈજી બાવાના નામે મોટું લશ્કર ઊભું કરી રાજની ગયેલ સત્તા પાછી મેળવવા પ્રયાસ આદર્યો. રામજી ખવાસ જે મહારાવની સત્તાને ગણકારતો ન હતો અને માંડવી દબાવી બેસી ગયો હતો, તેના પર ચડાઈ કરી, રોજની સાતસો કોરી આપવાનું નક્કી કરી, તેને કારભારીનો પરવાનો લખી આપ્યો. બીજા ભાયાતો અને ઠાકોરોને પણ મહારાવશ્રીની સત્તા હેઠળ આણ્યા. બારભાયાના વ્યવસ્થિત કારભારથી કચ્છની પ્રજામાં આનંદ ફેલાયો; પણ તે બહુ ચાલ્યો નહીં, કેમ કે તેમની વચ્ચે ઈર્ષા ઉત્પન્ન થઈ. પરિણામે પોતપોતાનું વર્ચસ્વ જમાવવા અંદરોઅંદર મુત્સદ્દીગીરી કરવા લાગ્યા. એક દિવસ મેઘજી શેઠે બારભાયાના સભ્યોને મિજબાની આપી ત્યારે અમુક સભ્યો ખાવામાં ઝેર છે એમ કહી ઊભા થઈ ગયા અને મેઘજી શેઠ પર આળ ચડાવી ધમકાવવા લાગ્યા. તેથી મેઘજી શેઠ આ ખટપટથી બચવા અંજાર ચાલ્યા ગયા અને અંજાર પરગણું કબજે કરી સ્વતંત્ર રીતે કારભાર કરવા લાગ્યા. મેઘજી શેઠ સ્વતંત્ર થતાં માંડવીના કારભારી રામજી ખવાસે પણ રોજની સાતસો

કોરી આપવાની બંધ કરી એટલે ભાઈજીબાવાનાં માતુશ્રી અમાબાઈએ મેઘજીને પત્ર લખી લશ્કર સાથે માંડવી પર ચડી આવવા જણાવ્યું. અમાબાઈ સાથે મેઘજી શેઠ લશ્કર લઈ ચડી આવે છે તેવું સાંભળી અમાબાઈના આવતાંની સાથે માંડવીના કારભારની કૂંચીઓ તેમના હાથમાં સોંપી દીધી. આમ રામજી ખવાસ, મેઘજી શેઠ અને રાજમાતા અમાબાઈ એક થવાથી તેમનો પક્ષ સબળ બન્યો. સામે ડોસલવેણની સત્તા નબળી પડતાં હમીર ભટી અને તુર્કવાયદીના તેના પક્ષમાંથી નીકળી ગયા તેમ જ બારભાયા મંડળમાંથી છૂટા પડી રાવશ્રી રાયધણજીને કેદમાંથી મુક્ત કર્યા.

મહારાવશ્રી રાયધણજી છૂટા થતાં જ બળવાખોર ટોળી સાથે ભળી જવાનો આક્ષેપ મૂકી ડોલસવેણને મારી નાખવાનો હુકમ કર્યો, તેથી તે મુન્દ્રા નાસી ગયો. બારભાયાના બીજા સભ્યો પણ રાવશ્રીથી ડરી સલામત સ્થળે છુપાઈ ગયા. હમીર ભટી અને તુર્કવાયદીનાની સલાહથી રાવશ્રી રાજકારભાર ચલાવવા લાગ્યા, પણ તે સરળ ન લાગતાં અંજારથી મેઘજી શેઠને બોલાવી તેની સહાયથી રાજ્ય ચલાવવા લાગ્યા. પરંતુ થોડા દિવસ મેઘજી શેઠ કોઈ કામસર અંજાર ગયા હતા ત્યારે ફતેમામદ નામના જમાદારે રાવશ્રીની કાનભંભેરણી કરી મેઘજી શેઠ ભુજનગરમાં પ્રવેશે નહીં તેવું રાવશ્રીનું ફરમાન કઢાવ્યું. લાલચ આપી મેઘજી શેઠના લશ્કરને ફોડી નાખ્યું અને હજૂરિયાઓને ભુજમાંથી હાંકી કાઢ્યા તેમ જ રાવશ્રીનો વિશ્વાસ સંપાદન કરી લીધો. પરંતુ રાવશ્રી માનસિક રીતે અસ્વસ્થ હોવાથી ગમે ત્યારે વિચિત્ર વર્તન કરી બેસતા, તેથી તેમને મુક્ત રાખવા જોખમી હતા. એક દિવસ જમાદાર ફતેમામદ રાવશ્રીની સલામે ગયો અને ત્યારે અચાનક રાવશ્રીએ તેના પર છૂટું ખંજર ફેંક્યું. ફતેમામદ જીવ બચાવીને ભાગ્યો. રાવશ્રી તેની પાછળ થયા.

ફતેમામદ પોતાના અંગત માણસો સાથે ગામગઢ પર ભરાઈને બેસી ગયો. રાવશ્રીએ તેના પર હલ્લા ચાલુ રાખ્યા. પણ તે દરમિયાન સમાચાર મળતાં જ ડોસલવેણ મુન્દ્રાથી પોતાના માણસો સાથે આવી પહોંચ્યો અને તે બંનેએ મળી મહારાવશ્રીને કેદ કર્યા અને ફરીથી ભાઈજીબાવાની સર્વોપરિતા હેઠળ બારભાયા સત્તામંડળની સ્થાપના કરી, જેમાં અમુક સભ્યો બદલાઈ ગયા હતા.

બારભાયાનો સભ્ય ડોસલવેણ તામસી પ્રકૃતિનો હોઈ તેને ભાઈજીબાવા સાથે અણબનાવ થયો, તેથી તેમની અવગણના કરવા લાગ્યો. બીજી તરફ રાજના ભાયાતો પણ તેનાથી નારાજ હતા. આ તકનો લાભ લઈ એક દિવસ ડોસલવેણ મુન્દ્રા ગયો ત્યારે ફતેમામદે પોતાના વિરોધી બારભાયા સભ્યોને કેદ કરી લીધા અને ભાયાતના ઠાકોરોને પોતાના પક્ષે કરવા તેમનાં વર્ષાસન વધારી દીધાં તેમ જ ભાઈજીબાવાની સર્વોપરી સત્તા જાહેર કરી. પોતાની સત્તા વધારી દીધી. આ બાજુ ડોસલવેણ ખટપટથી કંટાળી બીટા જતો રહ્યો. તેની જગ્યાએ મહમદમિયાંને ફતેમામદે મુન્દ્રાનો કારભાર સોંપ્યો.

જમાદાર ફતેમામદનો જન્મ ભુજ બાજુના રતીયા ગામમાં એક સામાન્ય મુસ્લિમ કુટુંબમાં થયો હતો. તેના પિતા તમાચી ઘેટાં-બકરાંનું ધણ રાખી ગુજરાન ચલાવતા હતા. ફતેમામદ પણ નાનપણમાં ઘેટાં-બકરા ચરાવતો હતો. પણ તેનો શારીરિક બાંધો અને વાક્ચાતુર્ય જોઈ કોઈએ તેને લશ્કરમાં જોડાવા સલાહ આપી. તે પ્રમાણે તે લશ્કરના ઉપરી અમલદાર ડોસલવેણ પાસે ગયો અને પોતાની ઇચ્છા જણાવી. તેનો દેખાવ અને વાક્છટાથી આકર્ષાઈ તેને વીસ પાયદળની જમાદારી સોંપી. જમાદાર અક્ષરજ્ઞાનથી વંચિત હતો, પણ તેની વ્યવહારકુશળતા અને કોઠાસૂઝ તેમ જ હિંમતને લીધે તે કુશળ તેમ જ સફળ જમાદાર બની ગયો. આગળ જતાં એક કાર્યદક્ષ રાજનીતિજ્ઞ અને મુત્સદ્દી અમલદાર બની ગયો. મળતાવડો સ્વભાવ અને હિંદુ-મુસ્લિમ-ધર્મ પ્રત્યે સમદૃષ્ટિ રાખતો હોઈ, સૌનો પ્રેમ જીતી ભાઈજીબાવાના રાજ્યશાસનમાં અગ્રેસર બની ગયો.

ફતેહમામદ છિન્નભિન્ન થયેલ કચ્છને ફરી વ્યવસ્થિત કરવાના કામમાં લાગી ગયો. સિંધના મિયાણા

અને પારકરના ખોસા પર ચડાઈ કરી લૂંટફાટ અટકાવી. કેટલાક ઠાકોરો રાવશ્રીની સત્તાને સ્વીકારતા નહીં. તેમના પર ચડાઈ કરી સત્તા હેઠળ લાવ્યા અને જમાબંધી પણ વસૂલ કરી.

ઈ. સ. ૧૮૦૨ : માંડવીનો કારભારી રામજી ખવાસ રાવશ્રીની સર્વોપરિતા સ્વીકારતો નહીં, તેમ જ દાણ પણ ભરતો નહીં, તેથી તેને દૂર કરવા દરિયાઈ કાફલા સાથે હંસરાજ શાહને માંડવીબંદરના બારામાં આવતાં વહાણોને લૂંટવા મોકલ્યો. આથી લૂંટાયેલ વહાણના માલિકોએ રામજી ખવાસ પાસે ફરિયાદ કરી, પણ તે કાંઈ કરી શક્યા નહીં ત્યારે તે સર્વે વેપારી ફતેહમામદ પાસે ગયા. તેણે તેમનો લૂંટાયેલો માલ પાછો અપાવ્યો. તે દિવસથી વેપારીઓએ માંડવીના કિલ્લાની કૂંચીઓ ફતેહમામદને સોંપી દીધી. તે દિવસથી હંસરાજ શાહને માંડવીનો કારભારી નીમી, માંડવીનો કારભાર રાવશ્રીની સત્તા નીચે રાખી, રાજ્યને રોજની હજારો કોરીની આવક કરી આપી.

સિંધ તરફના હુમલાથી રક્ષણ મેળવવા અને દરિયાઈ વેપાર વધારવા ફતેહમામદે લખપતનો મજબૂત કિલ્લો બંધાવ્યો અને લખપતબંદરનો વિકાસ કર્યો જેથી દેશ-વિદેશમાં કચ્છના વેપારીઓની શાખ વધી અને રાજ્યની આવકમાં ઘણો વધારો થયો. જમાદારની આ વધતી જતી લોકપ્રિયતાથી ઘણા દરબારીઓને ઈર્ષા થવા લાગી, તેથી તે ભાઈજીબાવાને તેની વિરુદ્ધ કાન ભંભેરવા લાગ્યા. કાનભંભેરણીથી અવિશ્વાસ જાગતાં એક દિવસ હમીરસરના કાંઠે રાખેલ મિજબાનીમાં ભાઈજીબાવા દારૂના નશામાં જમાદારને 'તું બળવાખોર છે' તેમ કહી તલવાર કાઢી મારવા દોડ્યા. ત્યારે મોડજીએ દેખાવ ખાતર હાથ પકડી રોકી લીધા અને જમાદાર ફતેહમામદ સમજીને ત્યાંથી નીકળી ગયો.

એક વાર જમાદાર ફતેહમામદ કામસર લખપત જવા નીકળ્યો ત્યારે પાછળથી ભાઈજીબાવાના વિશ્વાસુ મોડજીએ હંસરાજ અને મહમદમિયાંને સમજાવી પોતાના પક્ષે કરી લીધા તેમ જ જમાદારને ભુજમાં આવતો રોકવા મોરબી અને રાધનપુરના શાસકોની મદદ માગી. આ સમાચાર ફતેહમામદને મળતાં તે બહારથી લશ્કર એકઠું કરી ભુજ આવવા નીકળી પડ્યો અને પોતાના સાથીદાર આશકરણને લશ્કર લઈ મોરબી અને રાધનપુરના લશ્કરનો સામનો કરવા વાગડ તરફ રવાનો કર્યો. જમાદાર પોતે ભુજમાં રહ્યો ત્યારે ભાઈજીબાવા હંસરાજના લશ્કર સાથે માંડવીથી ભુજ આવી પહોંચ્યા અને જમાદારને ઘેરી લીધો. આવી સ્થિતિમાં સમયસૂચકતા વાપરી અંજાર અને ભચાઉ પોતાને સોંપવાની શરતે તે ભુજ છોડી નીકળી ગયો, પણ જતાં જતાં રાવશ્રી રાયધણજીને મુક્ત કરતો ગયો. પરંતુ મહમદમિયાંની મદદથી રોજની ત્રણસો કોરી આપવાની શરતે રાવશ્રી રાયધણજીને સમજાવી લીધા અને હંસરાજને દીવાન બનાવવામાં આવ્યો.

મહારાવશ્રી રાયધણજીની પંદરેક વર્ષની ગાંડપણભરેલી સ્થિતિ દરમિયાન ભાઈજીબાવાએ રાજકારભાર ચલાવી સત્યાવીસ વર્ષની યુવાન વયે ઈ. સ. ૧૮૦૨માં દેહ છોડ્યો. સંવત ૧૮૫૮માં ભાઈજીબાવાના દેહાંતના સમાચાર સાંભળી મેઘજી શેઠ ગુડાવાળ માટે ભુજ આવ્યા હતા. ગુડાવાળ કરી વાણિયાવાડના નાકા બહાર જતા હતા ત્યારે એક સિંધી જમાદારે પાછળથી તલવારનો ઘા કરી મારી નાખ્યા. કહેવાય છે કે હંસરાજ શાહે તેમને મરાવી નાખ્યા હતા. તેમના મૃત્યુ બાદ ફરી રાવશ્રીએ સત્તા હાથમાં લીધી અને હંસરાજને મારવા હુકમ કર્યો. હંસરાજ શાહે તૈયારી કરી રાવશ્રીને કેદ કર્યા અને તેમના નામે રાજકારભાર ચલાવવા લાગ્યો. આ બાજુ જમાદાર ફતેહમામદે અંજારનો વેપાર વધારવા તુણાબંદર વિકસાવ્યું તેમ જ વાગડના સંરક્ષણ માટે પોતાના નામ પરથી ફતેગઢ નામનું કિલ્લેબંધ ગામ વસાવ્યું. આથી ફતેહમામદને ઘણું ખર્ચ થતાં પોતાના કારભારી આશકરણ પાસેથી આઠ લાખ કોરી માગી, ત્યારે આશકરણે ચાર લાખ કોરી આપી અને ચાર લાખ કોરી માટે વરસામેડીના નંદવાણા બ્રાહ્મણોને જામીનમાં રાખ્યા. સમયસર ચાર લાખ કોરી

ન મળતાં ફતેહમામદે નંદવાણાઓ પર દબાણ કર્યું, ત્યારે નંદવાણાના બ્રાહ્મણોએ આશકરણના બારણે બેસી ત્રાગુ કર્યું, જેથી આશકરણે વીશ હજાર કોરી રોકડી આપી, બાકીની કોરીઓ માટે પોતાના પુત્ર લાલચંદને ઓળમાં દીધો. પાછળથી અંજાર પર હુમલો કરી લાલચંદને છોડાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં સફળતા મળી નહીં.

આ બાજુ હંસરાજને માંડવી-બંદરના કારભારમાં ધ્યાન આપવાની જરૂર જણાતાં થોડા દિવસોમાં તે માંડવી ગયો ત્યારે પાછળથી આશકરણે રાવશ્રીના શિરસંબંધીઓને લાલચ આપી રાવશ્રીને કેદમાંથી મુક્ત કર્યા અને રાવશ્રીનો દીવાન બની રાજનો કારભાર કરવા લાગ્યો. પૈસાની ખૂબ જરૂર હોઈ પ્રતિષ્ઠિત વેપારીઓ પાસેથી બળજબરીથી પૈસા કઢાવવા લાગ્યો, તેથી વેપારીઓએ તેની વિરુદ્ધ રાવશ્રીને ફરિયાદ કરતાં રાવશ્રીએ તેની ધરપકડ કરવાનો હુકમ કર્યો, તેથી આશકરણ મહમદ પન્નાના આશ્રયે ગયો અને મામલો શાંત થતાં સિંધ નાસી ગયો.

ભુજમાં હંસરાજ શાહ અને આશકરણની ગેરહાજરીનો લાભ લઈ જમાદાર ફતેહમામદ મોટા લાવલશ્કર સાથે ભુજ પર ચડી આવ્યો. ફતેહમામદનો સામનો કરતાં મહારાવશ્રી રાયધણજી ઘવાયા અને તેમની ધરપકડ કરી કેદ કર્યા અને રાજ્યની સર્વોપરી સત્તા પોતાના હસ્તક લીધી. આવી પરિસ્થિતિમાં માંડવીનો હંસરાજ શાહ અને મુન્દ્રાનો મહમદમિયાં સ્વતંત્ર થઈ બેઠા હતા. ભાયાતોએ પણ ખંડણી આપવાનું બંધ કર્યું હતું. આ સંજોગોમાં જમાદાર ફતેહમામદે એક પછી એક થાણાંઓ અને જાગીરો પર ચડાઈ કરી લેણાં-લેખાં વસૂલ કર્યાં અને સર્વેને રાજ્યની સત્તા હેઠળ લીધાં. પસુડાના ઠકરાઈ પર વીસ હજાર કોરી કર નાખ્યો તેમાં ધમડકાના ઠાકોર ગજાજી મદદમાં હતા. તેને કાંઈ ભાગ આપવા કહેલું પણ આપ્યો નહિ, તેથી ગજાજી દીવાબત્તીના સમયે પાટવાડી નાકે આવેલ ખોરડામાં ફતેહમામદ કચેરી ભરી બેઠો હતો ત્યારે ત્યાં પહોંચી ગયા અને લાગ જોઈ તલવારનો ઘા કર્યો, પણ ફતેહમામદ થાંભલી પાસે બેઠેલ હોઈ માથું નમાવવાથી તલવારનો ઘા ખભાને છેદતો થાંભલીમાં લાગ્યો અને ફતેહમામદ બચી ગયા. વળતા હુમલામાં ગજાજીને મારી નાખવામાં આવ્યા.

પરદેશી હુમલાઓથી દેશનું રક્ષણ કરવા અને આંતરિક વિગ્રહોને શાંત કરવા જમાદાર ફતેહમામદે મોટું લશ્કર ઊભું કર્યું પણ તેના નિભાવ માટે ખર્ચને પહોંચી વળવા પડોશનાં રાજ્યો પાસેથી દંડ વસૂલ કરી નાણું એકઠું કરવાનો નિશ્ચય કર્યો. સૌપ્રથમ રાધનપુરના નવાબના તાબાના વારાહી પર ચડાઈ કરી લૂંટ ચલાવી. ઓખામંડળના ચાંચિયા કે જે કચ્છનાં તેમ જ અન્ય વહાણો લૂંટી લેતા હતા તેના પર ચડાઈ કરી તેમની પાસેથી મોટી રકમ વસૂલ કરી. ઈ. સ. ૧૭૯૫થી ૧૮૧૩ સુધીમાં જમાદાર ફતેહમામદે જામનગર રાજ્ય પર નાનીમોટી કુલ પાંચ ચડાઈ કરી તેની પાસેથી લાખો કોરી વસૂલ કરી હતી. વાગડના ઠાકોરો સ્વતંત્ર બની ગયા હતા. તેમને તાબે કરવા રાપર, બેલા, ગેડી વગેરે પર હુમલા કરી તે વિસ્તારનાં વેપાર-ખેતીની આવકમાં ભાગ પડાવવા બાદરગઢ નામનું ગામ વસાવી પોતાનું થાણું બેસાડ્યું. લખપતનો થાણેદાર તુર્કમોડ સ્વતંત્ર બની બેઠો હતો તેને હરાવી કેદ કર્યો. આમ સમગ્ર કચ્છ પર મહારાવશ્રી રાયધણજીના વજીર તરીકે પોતાનું તેણે પ્રભુત્વ સ્થાપિત કર્યું.

ઈ. સ. ૧૮૦૯માં કંપની સરકારનો કચ્છ સાથે પ્રથમ સંબંધ થયો. કંપની સરકાર વતી રેસિડન્ટ કર્નલ વૉકરના ફરમાનથી કેપ્ટન સેમ્યુઅલ અને મહારાવશ્રી રાયધણજી તરફથી તેમના વજીર જમાદાર ફતેહમામદ વચ્ચે મિત્રતા અને દરિયાઈ લૂંટફાટ અટકાવવા બાબત કાયમી ચાર કરાર કરવામાં આવ્યા. બે દિવસ પછી માંડવીના કારભારી હંસરાજ શાહ સાથે પણ કંપની સરકારે તેવા જ કરાર કર્યા. બીજે મહિને બીજી બે કલમોનું કરારનામું કંપની સરકારે કર્યું. જમાદાર ફતેહમામદે કંપની સરકાર સાથે કોલકરાર કર્યા પણ તે પ્રમાણે પાલન કર્યું નહીં. દરિયાઈ લૂંટફાટ અટકાવવા ખાસ કોઈ પ્રયાસો કર્યા નહીં, કેમ કે તે અંગ્રેજોને કચ્છ-

કાઠિયાવાડમાંથી હાંકી કાઢવા માગતો હતો. ઈ. સ. ૧૮૦૯માં જમાદારના હરીફ હંસરાજ શાહનું મૃત્યુ થતાં માંડવીનો કારભાર તેના ભાઈ ટોકરશી શાહના હાથમાં આવ્યો. તેની પાસેથી કારભાર છીનવી લેવા માંડવી પર ચડાઈ કરી, પણ ફાવ્યો નહીં.

કંપની સરકાર સાથે થયેલ કોલ-કરાર પ્રમાણે જમાદારે લૂંટારા અને બહારવટિયાઓને અંકુશમાં લેવા કોઈ પ્રયત્નો કર્યા ન હતા, તેથી જમીન અને જળમાર્ગની લૂંટફાટ વધતી ગઈ એટલે કંપની સરકારે ઈ. સ. ૧૮૧૩માં ફેબ્રુઆરી માસમાં લેફ્ટેનન્ટ કર્નલ મેકમેર્ડોને બે પત્રો આપી કચ્છમાં મોકલ્યા, જેમાંથી એક પત્ર જમાદાર ફતેહમામદને આપવાનો હતો અને બીજો હંસરાજ શાહના ઉત્તરાધિકારી તેના પુત્ર શિવરાજ શાહને આપવાનો હતો. શિવરાજ શાહે પત્ર વાંચી દરિયાઈ લૂંટફાટ અટકાવવા તથા થયેલ નુકસાન ભરી આપવા કબૂલાત આપી, પરંતુ જમાદાર ફતેહમામદે કોઈ પણ ઉત્તર આપ્યો નહીં.

ફતેહમામદ જમાદારની ઇચ્છા ગુજરાત અને કાઠિયાવાડમાં કચ્છની સત્તા પ્રસરાવવાની હતી. તેણે સાંતલપુર પાસે કચ્છનું થાણું બેસાડી રાજકીય વિષય હાથ ધર્યો. દૂરના રાજાઓ સાથે મૈત્રીસંબંધો બાંધી મુસ્લિમ રાજ્યોમાં તેણે પોતાની વગ વધારી. ટીપુ સુલતાન સાથે અંગત સંબંધો કેળવી ભેટસોગાદોની આપ-લે કરી. (ટીપુ સુલતાને આપેલ તોપ આજે પણ ભુજના મ્યુઝિયમમાં જોવા મળે છે.) કંપની સરકાર અવારનવાર લૂંટફાટ અટકાવવા પત્રો લખતી, પરંતુ જમાદાર ફતેહમામદે તેની દરકાર કરી નહીં. જ્યારે કંપની સરકારનો ધમકીભર્યો પત્ર આવ્યો કે જો લૂંટફાટ અટકાવવા કોઈ પગલાં ભરવામાં નહીં આવે તો કંપની સરકાર સાથેના તમામ મૈત્રીસંબંધો તૂટી જશે, છતાં જમાદારે તેની પરવા કર્યા વગર માંડવી પર ચડાઈ કરી, તેનો કબજો મેળવી, કચ્છ રાજ્યની સર્વોપરી સત્તા સ્થાપી, દબાદબાપૂર્વક દરબાર ભર્યો. કચ્છના મહાજન, ઠાકોરો, જાગીરદારો વગેરેને બોલાવી કચ્છની પરિસ્થિતિ સુધારણા અંગે મંત્રણા કરવામાં આવી.

આમ સમગ્ર રીતે જોતાં કેટલાક અપવાદોને બાદ કરતાં જમાદાર ફતેહમામદના રાજ્યકારભાર દરમિયાન પ્રજા સુખી અને સલામત હતી, પરંતુ તેના આખરી સમય દરમિયાન કચ્છ પર કુદરતી આફતો ઊતરી આવી. સંવત ૧૮૬૭માં તીડોના ઉપદ્રવથી બધો જ પાક સાફ થઈ ગયો. સંવત ૧૮૬૯માં ભયંકર દુષ્કાળ પડ્યો. ખેડૂતો અને ખેતમજૂરો ભૂખે મરવા લાગ્યા. પશુઓ અન્નપાણી વગર મરવા લાગ્યાં. લોકો ઘરબાર છોડી ભૂતાવળની જેમ અન્ન-પાણી માટે ભટકવા લાગ્યા. દુષ્કાળ ગાળવા સિંધમાં ગયેલ લોકોએ પોતાનાં છોકરાંઓને શાહુકારને ત્યાં વેચી માર્યાં હતાં. આ સમયે કચ્છમાંથી મોટા પાયે હિજરત થઈ હતી. કુદરતનો કોપ આટલેથી ન અટકતાં આ સમયગાળામાં જ કચ્છ અને કચ્છ બહાર પણ મરકીનો રોગ ફાટી નીકળ્યો. આ રોગ ઉંદર દ્વારા ફેલાતો હતો. માણસો જીવડાંઓની જેમ આ રોગથી ટપોટપ મરતાં હતાં.

આવા સંજોગોમાં જમાદાર ફતેહમામદે વાગડમાં ચડાઈ કરી કટારિયા કબજે કર્યું. ફતેહમામદના સહકારથી કાંડાગરાના સાહેબજીએ કંથકોટ સર કર્યું. આ કારણે કંપની સરકારે જમાદાર ફતેહમામદ પર કરારભંગનો તકાદો કર્યો, પણ એ જ અરસામાં જમાદાર મરકીના રોગનો ભોગ બન્યો અને ઈ. સ. ૧૮૧૩ની પાંચમી ઑક્ટોબરે મૃત્યુ પામ્યો. જમાદાર ફતેહમામદના મૃત્યુ પછી જોગાનુજોગ કચ્છના મહારાવશ્રી રાયધણજીનું પણ ઈ. સ. ૧૮૧૩ની નવેમ્બરની છઠ્ઠી તારીખે અવસાન થયું. મહારાવશ્રીએ મૃત્યુ પછી પોતાના શબને દફનાવવાનું મહમદ પન્નાને ફરમાવ્યું હતું, પરંતુ ભાયાતોને આની જાણ થતાં સેંકડો રાજપૂતો મહેલમાં દાખલ થઈ ગયા. તેમના શબનો કબજો લઈ હિન્દુવિધિસર રાજછતરડીમાં તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા.

જમાદાર ફતેહમામદની વફાત બાદ તેને જ્યાં દફનાવવામાં આવ્યો હતો ત્યાં તેના મોટા પુત્ર હુસેનમિયાંએ પાટવાડીના નાકા બહાર કલાના નમૂનારૂપ તેની કબર પર હજીરો બંધાવેલ છે. તેના પર

લગાવેલ તકતીનું લખાણ હિંદુ-મુસ્લિમ-એકતા પર નવો પ્રકાશ પાડે છે.

મહારાવશ્રી ભારમલજી બીજા
(ઈ. સ. ૧૮૧૪-૧૮૧૯)

મહારાવશ્રી રાયધણજીના દેહાંત બાદ જમાદાર ફતેહમામદના બંને પુત્રો હુસેનમિયાં અને ઇબ્રાહીમમિયાંએ પંદર વર્ષની ઉંમરના કુમારશ્રી માનસંગજીને મહારાવશ્રી ભારમલ બીજાના નામકરણ સાથે કચ્છની ગાદી પર બેસાડ્યા અને રાજની લગામ પોતાના હસ્તક રાખી. જમાદાર ફતેહમામદના મરણ પછી કંપની સરકાર સાથે થયેલ કોલકરાર મુજબ પાલન થતું ન હોઈ કંપની સરકારનું દબાણ વધતું જતું હતું. હુસેનમિયાં એ મતનો હતો કે કચ્છના જ લૂંટારાઓને કાબૂમાં લેવા કંપની સરકારની મદદ લેવી જોઈએ, પણ ઇબ્રાહીમમિયાં આ બાબતથી વિરુદ્ધ હતો. તે અંગ્રેજોની દખલગીરી સ્વીકારવા તૈયાર ન હતો. આ બાબત પર બંને ભાઈઓ વચ્ચે મતભેદ થયો હતો. હુસેનમિયાંએ કંપની સરકાર સાથેના મતભેદનિવારણ માટે એલચી મૂકવા અરજ કરી, એટલું જ નહીં, મોરબીથી મેકમર્ડોને પણ બોલાવ્યો. આ વાતથી નારાજ થઈ ઇબ્રાહીમમિયાં કંથકોટનો કિલ્લો દબાવી બેસી ગયો. ઈ. સ. ૧૮૧૪માં મેકમર્ડો ભુજ આવ્યો ત્યારે તેની સહાયથી વાગડના કેટલાક બહારવટિયાને પકડી તેને હવાલે કર્યા એટલે મેકમર્ડો મોરબી પાછો ચાલ્યો ગયો. ત્યારે ઇબ્રાહીમમિયાં પાછો ભુજ આવીને રહેવા લાગ્યો.

જગજીવન મહેતા એક મુત્સદ્દી ગૃહસ્થ હતા. જમાદાર ફતેહમામદના વિશ્વાસુ કારભારી હતા. જમાદાર ફતેહમામદે પોતાના અંતિમ દિવસોમાં પોતાના બંને પુત્રોને જગજીવન મહેતાની સલાહ મુજબ ચાલવાનું કહ્યું હતું. જગજીવન મહેતા પણ બંને ભાઈઓને પોતાના સમજી સલાહસૂચન કરતા. ઇબ્રાહીમમિયાંને તેના મોટા ભાઈ હુસેનમિયાં સાથે અંગ્રેજોનો સહકાર લેવા બાબત મતભેદ થતાં જગજીવન મહેતાએ તેને ઠપકો આપ્યો, જેથી ઇબ્રાહીમમિયાં ઉશ્કેરાઈ ગયો અને જગજીવન મહેતાને પોતાનો વિરોધી સમજી ઝફરમિયાં દ્વારા તેને પંચહટડી પાસે મરાવી નાખ્યો. મહારાવશ્રીને યોગ્ય કારભારીની જરૂર હોઈ માંડવીના શિવરાજ શાહને કારભાર સંભાળવા કહ્યું, પણ તેણે તાત્કાલિક મુહૂર્ત સારું ન હોઈ થોડા દિવસો પછી આવવા કહ્યું, તેથી મહારાવશ્રીએ લક્ષ્મીદાસ વૈષ્ણવને કારભારી તરીકે નીમ્યા. તે વખતે રાજમાં ઇબ્રાહીમમિયાંની જોહુકમી ખૂબ જ વધી ગઈ હતી. તે મહારાવશ્રીને પણ દાદ આપતો નહીં, તેથી મહારાવશ્રીને પણ તેના તરફ નફરત થવા લાગી. ઈ. સ. ૧૮૧૫માં એક દિવસ મહારાવશ્રીના અંગરક્ષકોના સરદારનું અપમાન કરતાં મારવાડી સરદારે ખંજર હુલાવી ઇબ્રાહીમમિયાંનું ખૂન કરી નાખ્યું. તેનો બદલો લેવા હુસેનમિયાંએ બધા જ મારવાડી અંગરક્ષકોને મરાવી નાખ્યા.

આ બાજુ રાજદરબારમાં ખટપટ વધી ગઈ હતી અને કંપની સરકારના કોલ-લેટર્સનું પાલન થતું ન હોઈ કંપની સરકારની નારાજગી વહોરવા કરતાં પોતાની અંજાર, ભચાઉ, કંથકોટ અને બાદરગઢના ભોગવટાનો વંશપરંપરાનો અઘાટનો ખત લખાવી, ભુજ રાજ્યની જવાબદારી મહારાવશ્રીના કહેવાથી શિવરાજ શાહને સોંપી હુસેનમિયાં અંજાર ચાલ્યો ગયો. હુસેનમિયાંના જવાથી અને શિવરાજ પાસે વહીવટની જવાબદારી આવવાથી લક્ષ્મીદાસે પણ કાવાદાવાથી બચવા કારભાર છોડી દીધો અને યોગ્ય તકની રાહ જોવા લાગ્યો. શિવરાજ શાહે દીવાનગીરી હાથમાં લઈને મહારાવશ્રીની સત્તા જમાવવા માંડી. લખપતવાળા તુર્ક મહમદે લખપતબંદર દરબારને સ્વાધીન કરી દીધું. મહારાવશ્રીએ મુન્દ્રા પર ચડાઈ કરી તેને પણ તાબામાં લીધું. આ દરમિયાન વાગડનો કુખ્યાત લૂંટારો શિરમાણ અને તેની ટોળી ઘાટીલા મુકામે પડાવ નાખીને પડેલી. કૅપ્ટન મેકમર્ડોની છાવણીમાંથી ઊંટ-ઘોડા લૂંટી ગયા, તેથી તેમને જીવતા કે મરેલા પકડવા કર્નલ ઈસ્ટ ૪૦૦૦ ઘોડેસવાર અને ગાયકવાડી પાયદળ લઈ કચ્છ આવવા નીકળ્યો. આ સમાચાર જાણી કંપની સરકાર સામે સંઘર્ષ કરવો યોગ્ય નથી તેવી નવા કારભારી નથુ

મહેતાની સલાહ માની વાગડના આ લૂંટારાઓને જેર કરવા રાવશ્રી ભારમલજીએ પલાંસવા પર ચડાઈ કરી. શિરમાણને આશ્રય આપનાર પલાંસવાના ઠાકોર ડુંગરજી અને શિરમાણને કાનમેરના ડુંગર પર ઘેરી લઈ તેમને ઠાર કરવામાં આવ્યા.

બીજી બાજુ કર્નલ ઈસ્ટે ઈ. સ. ૧૮૧૫ની નવેમ્બરની પંદરમી તારીખે મહારાવશ્રીને પત્ર લખી જણાવ્યું કે ગાયકવાડી ગામોમાં થયેલ લૂંટ અને મેકમર્ડોની છાવણીની લૂંટની નુકસાનીનો બદલો આ પત્ર મળ્યા પછી ચોવીસ કલાકમાં નહીં આપે તો કંપની સરકાર ન છૂટકે આગળ વધશે. મહારાવશ્રીએ બાર દિવસ સુધી તેનો જવાબ આપ્યો નહીં એટલે ઈ. સ.૧૮૧૫ની ૧૪મી ડિસેમ્બરે કર્નલ ઈસ્ટના લશ્કરે રણ ઓળંગી વેણુસર આગળ મુકામ કર્યો. કંપની સરકારનું લશ્કર કૂચ કરતું ભીમાસર-ચકાસર સુધી આવી પહોંચ્યું. પણ ત્યાંના કૂવામાં ઝેર નાખેલ હોઈ કર્નલ ઈસ્ટે અંજારના સર્વેસર્વા હુસેનમિયાંને અંજારના પાદરમાં લશ્કરી પડાવ નાખવા કહેવડાવ્યું, પરંતુ તેણે અંજારમાં આવવાની મનાઈ ફરમાવી તેથી કર્નલ ઈસ્ટે અંજાર કબજે કરવા લશ્કરની કૂચ કરી.

ઈ. સ. ૧૮૧૫ની ૨૫મી ડિસેમ્બરે અંજારના કિલ્લાને તોડી પાડવા તોપો ગોઠવી. હુસેનમિયાં પરિસ્થિતિ પામી ગયો અને કિલ્લાના દરવાજા ખોલી નાખી તાબે થયો. અંજાર કંપની સરકારને સોંપી લાગ જોઈ ભુજ નાસી ગયો. એટલે બીજે દિવસે અંજાર તાબાનું તુણાબંદર પણ કઠિયાવાડથી ખાદ્યસામગ્રી અને લશ્કરી સહાય મેળવવા કબજે કરી લીધું. ઈ. સ.૧૮૧૬ની જાન્યુઆરીની ત્રીજી તારીખે અંજારથી કર્નલ ઈસ્ટે લશ્કર લઈ ભુજથી દૂર લાખોંદ પાસે પડાવ નાખ્યો. ત્યાં મહારાવશ્રીએ કચ્છ રાજ્ય તરફથી લક્ષ્મીદાસ કામદારને વિષ્ટિ કરવા મોકલ્યો. આખરે ૧૧મી જાન્યુઆરીના રોજ કંપની સરકાર અને કચ્છ દરબાર વચ્ચે સંધિ માટે કોલકરાર કરી કૅપ્ટન મેકમર્ડોને જરૂરી લશ્કર સાથે અંજારમાં મૂકી વહીવટ સંભાળવાની ગોઠવણ કરી પોતે કચ્છ છોડી ગયો.

કૅપ્ટન મેકમર્ડો થોડાં વર્ષ પહેલાં મહારાવશ્રી રાયધણજીના સમયગાળામાં તત્કાલીન સ્થિતિની જાતતપાસ કરવા સાધુના વેશમાં જાસૂસ બનીને આવ્યો હતો. પ્રથમ વાગડના લૂંટારુઓ અને ધાડપાડુઓ વિશે માહિતી મેળવવા વાગડમાં રહ્યો હતો, ત્યાર બાદ કચ્છની બાતમી મેળવવા અંજારમાં ધૂણી સળગાવી કેટલાક મહિના રહ્યો હતો. તેના દાઢી અને માથાના વાળ ભૂરા હોઈ ભૂરિયાબાવા તરીકે અંજારમાં પ્રખ્યાત થઈ ગયો હતો. કચ્છનો જાણકાર હોઈ પાછળથી કચ્છના રેસિડન્ટ તરીકે મૂકવામાં આવ્યો હતો ત્યારે અંજારના ટીંબીકોઠા પર બંગલો બનાવી રહેતો. (આ બંગલાને ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપથી ઘણું જ નુકસાન થયેલ છે.)

કંપની સરકારની સહાયથી અને નથુ મહેતાના કારભાર તેમ જ લક્ષ્મીદાસનાં સલાહસૂચનથી કચ્છ રાજ્ય વ્યવસ્થિત બન્યું હતું. વિંઝાણના ઠાકોર નોંધણજી અને કોટડીના ઠાકોર પ્રાગજીને લશ્કરી સેનાપતિ તરીકે નીમ્યા હતા. અંજાર ચોવીસી સિવાય સમગ્ર કચ્છમાં મહારાવશ્રી ભારમલજીની સર્વોપરી સત્તા સ્થાપિત થઈ હતી. પરંતુ 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એ કહેવત અનુસાર મહારાવશ્રી ખુશામતિયા માણસોની સોબતે ચડવા લાગ્યા. મહારાવશ્રીને વ્યસન અને વિલાસમાં તલ્લીન બનાવી, પ્રજાજનો પાસેથી ધન એકઠું કરવા મહારાવશ્રીને સમજાવી, તેમના નામે સૌપ્રથમ ખેડૂતો પાસેથી અગાઉથી બાર માસનું મહેસૂલ વસૂલ કર્યું અને કર્મચારીઓને વીસ લાખ કોરીનો દંડ કર્યો. તે સમયે કોઈ શ્રીમંતનાં માલમિલકત સલામત ન હતાં. અધૂરામાં પૂરું ભાયાતો પાસેથી બધી સત્તા લઈ મોટા જમીનદાર બનાવવાની યોજના પાર પાડવા તેમણે સાંધાણ અને આડેસર પર ચડાઈ કરી, તેથી કચ્છના ભાયાતોએ એક થઈ, તે સમયના સાઠ ઠાકોરોની સહીવાળી અરજી કંપની સરકારને કરી રક્ષણ માટે મદદ માગી અને મહારાવશ્રીની સલામે આવવાનું પણ બંધ કર્યું.

આ દરમિયાન અબ્દુલ કરીમ નામના મહારાવશ્રીના એક આરબ અંગરક્ષકે મહારાવશ્રીના

પિતરાઈ ભાઈ લધુભાનું ખૂન કરી નાખ્યું. આ લધુભા મહારાવશ્રીના રાજકીય હરીફ હતા તેથી તેમણે આંખમિચામણાં કર્યાં. પણ તે જ આરબે ભુજના આગેવાન ચત્રભુજ નામના ગૃહસ્થની ગાયને જાહેરમાં કાપી નાખી એટલે ભુજની પ્રજા ઉશ્કેરાઈ. પરિણામે મહારાવશ્રીએ પ્રજાને શાંત પાડવા તે આરબની ધરપકડ કરવા માણસો મોકલ્યા, પણ આરબ સિપાઈઓને સોંપવાની ના કહેતાં કાપાકાપી થઈ અને દરબારના ૫૦ માણસો માર્યા ગયા. ત્યાર પછી માંડ તે અબ્દુલ આરબ પકડાયો.

કંપની સરકારને શંકા ગઈ કે લધુભાના ખૂનમાં મહારાવશ્રીનો હાથ છે, તેથી મેકમર્ડોએ મહારાવશ્રીને લખી જણાવ્યું કે લધુભાના ખૂનથી અમે ઘણા દિલગીર છીએ, પણ હવે લધુભાની વિધવા કે કુંવરના જાનમાલને કોઈ નુકસાન થશે તો સરકાર તમારી સાથેનો મૈત્રીસંબંધ તોડી નાખશે. આ પત્ર વાંચી મહારાવશ્રી ક્રોધે ભરાયા અને અંગ્રેજો સામેનો વિરોધ દર્શાવવા કંપની સરકારના નેટીવ એજન્ટ રાઘોબાને ભુજમાંથી કાઢી મૂક્યો. આ બાબતની મેકમર્ડોને જાણ થતાં તે મહારાવશ્રી સાથે મસલત કરવા ભુજ આવ્યો પરંતુ તેને નિષ્ફળતા મળી. ઊલટાની જાન જોખમમાં આવી પડતાં ભુજ છોડી અંજાર ચાલ્યો ગયો. મહારાવશ્રીનું આવું વિરોધી વલણ જોઈ કૅપ્ટન મેકમર્ડો-એ તેનો સવિસ્તાર અહેવાલ સર્વોપરી સરકારને કલકત્તા લખી જણાવ્યો. તેના જવાબમાં ઈ. સ. ૧૮૧૮ની આખરમાં વડી સરકારની ગવર્નર જનરલ ઈન કાઉન્સિલે કચ્છના મહારાવશ્રીને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ કરી તેનું પાલન કરવાની ગોઠવણ કરવા કચ્છના રેસિડેન્ટ કૅપ્ટન મેકમર્ડોને બધી સત્તા આપી.

સૌપ્રથમ મેકમર્ડોએ કચ્છ રાજ્યના સંરક્ષણના આધારરૂપ ઠાકોરોને અંજાર બોલાવી, કંપની સરકાર તમારા અધિકારોના રક્ષણ માટે કટિબદ્ધ છે તેવી ખાતરી આપી તેમને પોતાના પક્ષે કરી લીધા. ઈ. સ. ૧૮૧૯ની ૨૪મી માર્ચના રોજ અંગ્રેજ લશ્કર લઈ કૅપ્ટન મેકમર્ડોએ ભુજના પાદરે પડાવ નાખ્યો અને મહારાવશ્રીને અગાઉના કોલકરાર રદ ગણી કંપની સરકારને શરણે થવા જણાવ્યું, પણ મહારાવશ્રી શરણે આવ્યા નહીં એટલે ૨૫મી માર્ચે સર વિલિયમની સરદારી હેઠળ અંગ્રેજ લશ્કરે ભુજિયા પર હુમલો કરી તેનો કબજો લીધો. ૨૬ માર્ચના મહારાવશ્રી શરણે થયા, ત્યારે તેમની ધરપકડ કરી, તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.

હવે રાજગાદી કોને સોંપવી તે માટે મસલત કરવા જાડેજા ઠાકોરો અને રાજકીય આગેવાનોની સભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં મહાન મુત્સદ્દી અને કંપની સરકારના વિશ્વાસુ એવા લક્ષ્મીદાસ કામદારે પોતાની મુત્સદ્દીગીરીથી સૌને સમજાવી, મહારાવશ્રી ભારમલજીના ત્રણ વર્ષના યુવરાજ કુમારશ્રી દેશળજીને ગાદીએ બેસાડવાનો ઠરાવ કરાવ્યો. હક્કદારને ગાદી અપાવવાના લક્ષ્મીદાસ કામદારના પ્રયાસ અને જાડેજા ભાયાતોના નિર્ણયથી કંપની સરકારના અમલદારો પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને સૌ આ નિર્ણયને શિરોમાન્ય ગણી આગળની પ્રક્રિયામાં લાગી ગયા.

મહારાવશ્રી દેશળજી બીજા (ઈ. સ. ૧૮૧૯-૧૮૬૦)

ઈ. સ. ૧૮૧૯માં મહારાવશ્રી ભારમલજીને અંગ્રેજોએ પદભ્રષ્ટ કરી નજરકેદ રાખ્યા અને કચ્છના ઠાકોરો તેમ જ રાજકીય આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી મહારાવશ્રીના બાળકુંવર દેશળજીને માત્ર ત્રણ વર્ષની ઉંમરે કચ્છની રાજગાદીનો વારસ જાહેર કર્યા. કુમાર દેશળજી સગીરવયના હોઈ તે વીસ વર્ષના થાય ત્યાં સુધી તેમના વતી રાજકારભાર ચલાવવા માટે છ સભ્યોની એક રિજન્સી કાઉન્સિલની રચના કરવામાં આવી જેમાં નીચેના છ સભ્યો હતા :

૧. સુમરી રોહાના જાડેજા વજેરાજજી
૨. નાગ્રેચાના જાડેજા પૃથ્વીરાજજી
૩. રાજગોર ઓધવજી હરભાઈ
૪. બ્રહ્મક્ષત્રિય રતનજી જેઠા
૫. મહેતા લક્ષ્મીદાસ વલ્લભજી
૬. કચ્છના રેસિડન્ટ, જે હોય તે

ઉપરોક્ત કાઉન્સિલના અધ્યક્ષ કચ્છના રેસિડન્ટ નિમાયા અને મંત્રી તરીકે દીવાન મહેતા લક્ષ્મીદાસ વલ્લભજીને નીમવામાં આવ્યા. આ સમયે કચ્છની રાજકીય સ્થિતિ ડામાડોળ હતી. રાવશ્રી ભારમલજીના વખતમાં વાગડના સ્વાધીન થયેલ કેટલાક ગરાસિયાઓ પર ચડાઈ કરી તેમની જમીન જપ્ત કરેલ અથવા દંડ કરેલ. તેઓ રાજની વિરુદ્ધમાં પારકર જઈ વસેલ અને ત્યાંના ખોસા જાતિના મુસ્લિમ લૂંટારાઓ તેમ જ સોઢા સરદારો સાથે ભળી જઈ કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં લૂંટફાટ કરતા હતા. તેમને હંમેશને માટે લૂંટ કરતા અટકાવવા માટે કંપની સરકારે રિજન્સી કાઉન્સિલ સાથે મસલત કરી તેમની જમીનજાગીરો એ શરતે પાછી સોંપી કે વાગડમાં કોઈ બહારવટિયા કે લૂંટારાને સહાય કે આશ્રય ન આપવો. તેમના વિસ્તારમાં કોઈ લૂંટાય તો તેના માલની કિંમત ચૂકવી આપવી, કચ્છરાજ્યને લડાઈપ્રસંગે લશ્કરી સહાય કરવી અને જાગીરોની જમાબંધી કચ્છરાજ્યને ચૂકવવી, બાંધેલ કિલ્લા તોડી પાડવા અને સરહદની તકરાર પંચ મારફતે પતાવવી, વગેરે લેખિત કરાર કરવામાં આવ્યા.

રિજન્સી કાઉન્સિલના ઉપરોક્ત પ્રયાસથી દેશની સ્થિતિ સુધરવા લાગી, પણ કમનસીબે એક મોટી કુદરતી આફત આવી પડી.

ઈ. સ. ૧૮૧૯ની જૂનની ૧૬મી તારીખે સાંજે સાડાછ વાગ્યે કચ્છમાં ભયંકર વિનાશક ધરતીકંપ થયો. ભૂકંપનો આંચકો બે મિનિટ સુધી ચાલુ રહ્યો હતો. ખટારાના ખખડાટ જેવો અવાજ સાથે ધરતી હચમચી ઊઠી હતી. ધરતી પર ઊભવું મુશ્કેલ થઈ પડ્યું હતું. ઘરઘરાટીભર્યો અવાજ બંધ થયો ત્યારે જોરદાર આંચકો લાગ્યો. ભૂકંપ પછી ત્રણ આંચકાઓ ચાર કલાકમાં લાગ્યા હતા. બીજે દિવસે પણ અવારનવાર ધરતી ધ્રૂજતી રહેલી. છ અઠવાડિયાં સુધી નાનામોટા આંચકા ચાલુ રહ્યા હતા. ધીમેધીમે આંચકાનો ગાળો લંબાતાં નવેમ્બર સુધી આંચકા લાગ્યા હતા.

આ ધરતીકંપથી જાનમાલની મોટી નુકસાની થઈ હતી. ભુજમાં જ સાતસો ઘર પડી ગયાં હતાં. રાજમહેલ પણ તે દિવસે રહેવા લાયક ન હતો. લગભગ ૧૧૫૦ માણસો ભુજમાં જ દટાઈ મર્યા હતા. તે જ રીતે અંજાર, માંડવી અને લખપતમાં જાનમાલની મોટી ખુવારી થઈ હતી. તેરાનો કિલ્લો જમીનદોસ્ત થયો હતો. કચ્છની ઉત્તરે આવેલ રણ પચ્છમ અને બન્નીમાં પાણીની રેલ આવી હતી. ઉત્તર-દક્ષિણે છ માઈલ પાણી ફરી વળ્યાં હતાં. તેની ઊંડાઈ અઢી ફીટની હતી. થોડા સમય પછી અર્ધી થઈ ગઈ હતી. પાણીની સપાટી પર સંખ્યાબંધ ધૂળ-કાદવના ઢગલા દેખાતા હતા. તેના મુખમાંથી હવા અને પાણી ભભૂકી નીકળ્યાં હતાં. નદીના સૂકા પટ પાણીથી ભરાઈ ગયા હતા. ઘણા ખારા કૂવા મીઠા અને મીઠા કૂવા ખારા થઈ ગયા હતા. લખપતવિસ્તારના સિંદરીબંદરની જમીન નીચે બેસી ગઈ હતી, તેથી બંદર પર દરિયાનાં પાણી ફરી વળ્યાં હતાં. ગઢના કાંગરા જ બહાર દેખાતા હતા, જ્યારે રણના પશ્ચિમભાગમાં સિંધના ગુલામશાહ કલોરાએ સિંધુનાં પાણી કચ્છમાં આવતાં અટકાવવા એક બંધ બાંધ્યો હતો ત્યાંની જમીન ૧૮ ફીટ ઊંચી થઈ ગઈ હતી. તેથી સિંધુની કોરી શાખાનાં પાણી હંમેશને માટે કચ્છમાં આવતાં અટકી ગયાં હતાં. આનાથી કચ્છને સૌથી મોટી દૂરગામી અસર થઈ હતી. ઊપસી આવેલ આ જમીનના પટ્ટાની લંબાઈ ૫૦ માઈલ અને પહોળાઈ ૧૦ માઈલની છે તે કુદરતી રીતે ઊપસી આવેલ હોઈ લોકો તેને અલ્લાહ-બંધ કહે છે. તે રાયમાબજારથી દસ માઈલ દૂર છે. આ ભૂકંપ સમયે કૅપ્ટન મેકમર્ડો અંજારના ટીંબીકોઠાના પ્રાંગણમાં ખુરશી પર બેઠો હતો ત્યારે તેણે ખુરશી ધ્રૂજતાં ભૂકંપ અનુભવ્યો હતો. પાછળથી મેકમર્ડોએ એક ઘોડેસવારને વિવિધ ભાગોમાં મોકલી ભૂકંપથી થયેલ જાનમાલની નુકસાની તથા બીજી અસરોનો વિગતવાર અહેવાલ તૈયાર કરાવી કંપની સરકારના ઉચ્ચ અધિકારીને મોકલાવ્યો હતો.

એક બાજુ કચ્છની પ્રજાને ભૂકંપથી થયેલ જાનમાલની નુકસાનીની કળ વળી ન હતી, ત્યાં બીજી બાજુ સિંધના ખોસા જાતિના લૂંટારાઓનો ત્રાસ વધી ગયો હતો. ઈ. સ. ૧૮૧૯ના ડિસેમ્બર માસમાં

ખોસાઓની ટોળી બન્નીમાંથી ચારસો ઢોર હંકારી ગઈ, તે પાછાં વાળી આવવા માટે બન્નીના યુવાનો તેની પાછળ પડ્યા. રણની કાંધીએ તેમની વચ્ચે ધિંગાણું થયું, તેમાં બન્નીના ઘણા યુવાનો ખપી ગયા, પણ ઢોર પાછાં વાળી આવ્યા. સિંધના લૂંટારાઓને કચ્છમાં લૂંટ કરતા રોકવા માટે સિંધના અમીરને એક પછી એક ઘણા પત્રો લખ્યા છતાં લૂંટો અટકી નહીં, તેથી ઈ. સ. ૧૮૨૦ની શરૂઆતમાં કચ્છરાજ્ય તરફથી મોટું લશ્કર ઊભું કરવામાં આવ્યું અને સિંધની સરહદ પર પારકરમાં રહેતા ખોસાઓનાં રહેઠાણો પર હુમલા કર્યા. તે જાણી સિંધનો અમીર ગુસ્સે થયો અને તેણે લશ્કરની ટુકડી મોકલી. પણ કચ્છનું મોટું લશ્કર જોઈ 'અમે પણ લૂંટારુઓને પકડવા આવ્યા છીએ' એવું બહાનું બતાવી ચાલ્યા ગયા.

આ સમય દરમિયાન એક અણધારી ઘટના ઘટી ગઈ. કચ્છના રાજકીય પ્રવાહને એક નવો મોડ આપનાર કચ્છની રિજન્સી કાઉન્સિલનો પ્રમુખ કૅપ્ટન મેકમર્ડો વાગડના વરણુ-ગામ પાસે છાવણી નાખી રોકાણ કરેલ ત્યારે એકાએક કૉલેરાનો ભોગ બની તેત્રીસ વર્ષની યુવાન વયે ઈ. સ. ૧૮૨૦ની ૨૮મી એપ્રિલના દિવસે મૃત્યુ પામ્યો. તેની કબર આજે પણ વરણુ-ગામ નજીક સ્થિત છે, તેના પર નીચે મુજબના અંગ્રેજી લખાણની તકતી લગાડેલ છે :

In Memorium
Captain James Mac Mardo
First British Political Resident in
Cutch
Died of Cholera at Warnu
on 28th April 1820

કૅપ્ટન મેકમર્ડોના મૃત્યુ બાદ તેની જગ્યાએ ઇન્ચાર્જ તરીકે જી. જે. વિલ્સન આવ્યો. તેણે બે માસ સુધી રેસિડન્ટનો ચાર્જ સંભાળ્યો. ત્યાર પછી હેનરી પોટિન્જરે ચાર્જ સંભાળ્યો. આ વખતે ઈ. સ. ૧૮૨૦ની ૮મી નવેમ્બરે સિંધના અમીરોએ પોતાના મુંબઈ ખાતેના એલચી મારફત કંપની સરકાર સાથે કાયમી મિત્રાચારીના કોલકરાર કર્યા. તેમાં ખોસા લોકો અને બીજા લૂંટારાઓને લૂંટ કરતા અટકાવવાની જવાબદારી સ્વીકારી. પણ પ્રયાસ કરવા છતાં પણ આ લૂંટારુઓને અટકાવી શક્યા નહીં ત્યારે કંપની સરકારે પૂનાથી ૪૦૦ ઘોડેસવારની ટુકડી મંગાવી કચ્છની ઉત્તરે લોદ્રાણી ગામની સરહદ પર જાપતો રાખવા ગોઠવી દીધી, જેથી પારકરના લૂંટારુઓ પર ચાંપતી નજર રાખી શકાય.

ઈ. સ. ૧૮૨૧માં લધુભાના કુંવરનું મૃત્યુ થતાં તેમની વિધવાના ભરણપોષણ માટે રિજન્સી કાઉન્સિલે વર્ષાસન બાંધી આપ્યું. આ બનાવ બન્યા પછી એવી વાત બહાર આવી કે પદભ્રષ્ટ મહારાવશ્રી ભારમલજીની બહેન કેશાબાએ ભાભી સાથે મળી જઈ મહારાવશ્રીને કેદમાંથી નસાડી સિંધ લઈ જવાનું કાવતરું રચ્યું હતું. કાવતરાખોરો પકડાઈ ગયાં હતાં. આ કેશાબા મહારાવશ્રીનાં સાચા અર્થમાં રક્ષક અને માર્ગદર્શક હતાં તેથી જે લોકો ભારમલજીને નિઃસહાય બનાવી તેમનો કાંટો કાઢી નાખવા માગતા હતા તેમણે મળીને કેશાબાને કચ્છ રાજ્યમાંથી દૂર કરવા યોજના ઘડી. સોમનાથની યાત્રાના બહાને તેમને જૂનાગઢ લાવવામાં આવ્યાં. આ બાજુ જૂનાગઢના ઇજારદાર સુંદરજી સોદાગરના સંબંધી હંસરાજ અને દેવશીએ નવાબ બહાદુરખાનને કેશાબાનાં રૂપ અને મોભાની લાલચ આપી તૈયાર કર્યો. જૂનાગઢના પાદરમાં નવાબની સવારી સામે આવી અને કેશાબાને નવાબના મહેલમાં વાજતેગાજતે લઈ જવામાં આવ્યાં. ષડ્યંત્ર સફળ થયું અને આ રીતે કેશાબા નવાબનાં બેગમ બની ગયાં અને ફરી ક્યારેય પણ કચ્છ આવવા પામ્યાં નહીં. જૂનાગઢમાં જ તેમનું મૃત્યુ થયું હતું. આ ષડ્યંત્રનાં મુખ્ય પાત્રો લક્ષ્મીદાસ કામદાર અને રિજન્સી કાઉન્સિલના અન્ય સભ્ય બ્રહ્મક્ષત્રિય રતનજી જેઠાભાઈ હતા.

અંજાર ચોવીસી કંપની સરકાર પાસેથી પાછી મેળવવા રિજન્સી કાઉન્સિલે મસલત કરી વાર્ષિક ૮૮૦૦૦ રૂપિયા આપવાની શરતે કંપની સરકારે અંજાર ચોવીસી કચ્છ રાજ્યને સ્વાધીન કરી, એટલું

જ નહીં, જો ભુજની ઉત્તરદિશાએ છાવણી માટે જમીન આપવામાં આવે તો ભુજિયાની છાવણી ઉપાડી ભુજિયો કિલ્લો પણ આપી દેવાની ઇચ્છા દર્શાવી, પરંતુ એ જમીન રાજગોર બ્રાહ્મણોની માલિકીની હોતાં રાજ્યે અશક્તિ દેખાડી એટલે ભુજિયાનો કિલ્લો સરકાર હસ્તક રહ્યો.

રાજ્યની આવક વધારવા સૌપ્રથમ રિજન્સી કાઉન્સિલે મહેસૂલખાતું વ્યવસ્થિત કરવા ખેડૂતોને ઊધડભાગ ઠેરાવી પાંચ વર્ષ માટે જમીન ખેડવા આપી. ભાડૂતી સિપાઈઓ ઓછા કરી દરેક તાલુકે કાબેલ સરદાર નીમી સંરક્ષણખાતામાં કરકસરનાં પગલાં ભર્યાં. આમ બે-ત્રણ વર્ષ સુખશાંતિથી પસાર થયાં. ત્યાં ઈ. સ. ૧૮૨૩ સંવત ૧૮૭૯માં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો. હજારો પશુઓ મૃત્યુ પામ્યાં. લોકો રોજી રોટી માટે અન્યત્ર સ્થળાંતર કરી જવાથી કેટલાંય ગામડાં ઉજ્જડ થઈ ગયાં. ભૂખમરા અને અછતથી પીડાતા માણસો ચોરી અને લૂંટફાટ કરવા લાગ્યા. આ દુષ્કાળને ઓગણતેરા તરીકે આજે પણ યાદ કરાય છે. કચ્છરાજ્ય તરફથી શક્ય તેટલી મદદ કરાતી, પણ તે ફાટેલ આભમાંથી ગાંઠ મારવા જેવું હતું.

દુષ્કાળની યાતના ભોગવ્યા બાદ પછીનાં બે વરસ સારો વરસાદ થવાથી લોકજીવન થાળે પડી રહ્યું હતું, ત્યાં અચાનક ઈ. સ. ૧૮૨૫માં સિંધથી ૩૦૦૦ લૂંટારાઓની ટોળી કચ્છમાં મોટા પાયે લૂંટ ચલાવવા ચડી આવી અને કચ્છની ઉત્તરે આવેલ હબાય-ડુંગરની સલામત જગ્યા પર પડાવ નાખ્યો. આ ટોળીમાં મિયાણા, કોળી, કચ્છના દુષ્કાળપીડિત માણસો અને સિંધીઓ હતા. તેમનો સરદાર કચ્છનો કુખ્યાત લૂંટારો તાર લુણાઈ હતો. તેણે આઠસો માણસો અંજાર લૂંટવા મોકલ્યા. તેમણે અંજારની બજારમાં ધોળે દિવસે લૂંટફાટ કરી અઢળક ધન એકઠું કર્યું. પણ ભુજથી સમયસર લશ્કર આવી જતાં તેમની વચ્ચે બરાબરની લડાઈ થઈ. કેટલાક લૂંટારાઓ સાથે તેમનો સરદાર મરાતાં બાકીના લૂંટારાઓ લૂંટનો માલ લઈ ભાગી છૂટ્યા. હબાય પર લશ્કર જતાં ત્યાંથી પણ તે ભાગી છૂટ્યા.

આ ધિંગાણામાં માર્યા ગયેલ લશ્કરના સૈનિકોને કચ્છ રાજ્ય તરફથી વર્ષાસન બાંધી આપવામાં અને ઘાયલ થયેલ સૈનિકોની સારવાર માટે રાજ્યને બે લાખ રૂપિયાનો ખર્ચ થયો. થોડા સમયની શાંતિ બાદ સિંધ હૈદરાબાદના કંપની સરકારના નેટીવ એજન્ટ દ્વારા જાણવા મળ્યું કે સિંધના અમીરોની સહાયથી લૂંટારાઓ કચ્છમાં લૂંટની તૈયારી કરી રહ્યા છે એટલે કંપની સરકારે કચ્છરાજ સાથે મળી છ હજાર હથિયારબંધ માણસો તૈયાર કર્યા તેથી લૂંટારાઓ ફાવી શક્યા નહીં અને તેમના પર અંકુશ આવી ગયો.

ઈ. સ. ૧૮૩૦માં મુંબઈના ગવર્નર સર જોન માલ્કમ કચ્છની મુલાકાતે આવ્યા હતા. તેમણે ચૌદ વર્ષની વયના બાળ રાજા દેશળજીની પ્રતિભાનાં વખાણ કર્યાં અને તેમના માનમાં રાજ્ય અને કંપની સરકાર સાથે હંમેશાં મૈત્રીભર્યા સંબંધો રહે તેવાં ભાષણો બાદ કચ્છના ઠાકોરો ગવર્નરસાહેબની સલામે ગયા ત્યારે મહારાવશ્રી ભારમલજી પરથી ચોકીપહેરો ઉઠાવી લેવામાં આવે તેવી વિનંતી કરતાં તેમની માગણી સ્વીકારવામાં આવી અને મહારાવશ્રીને મુક્ત કરવામાં આવ્યા.

ઈ. સ. ૧૮૩૨માં લક્ષ્મીદાસ કામદારના પ્રયાસથી કચ્છરાજ્ય પર લેણી નીકળતી રૂ. ૩૩૮૦૦૦ની રકમમાંથી રૂ. ૮૮૦૦૦ લઈ બાકીની માંડવાળ કરી અને કચ્છમાં સંરક્ષણની વ્યવસ્થા જાળવતા લશ્કરના ખર્ચ પેટે વર્ષે રૂપિયા બે લાખ ચાર હપ્તે ચૂકવવા, પણ અંજારના બદલે અપાતી રૂ. ૮૮૦૦૦ની રકમ કંપની સરકારે માફ કરી.

યુવરાજ દેશળજીએ રેવરંડ ગ્રેની દેખરેખ નીચે વયસ્ક થતાં અંગ્રેજી, ગણિત, ભૂગોળ, રાજનીતિ વગેરે વિષયોનું પૂરતું જ્ઞાન મેળવી લીધુ હતું. રાજકાજમાં પણ ભાગ લેવા લાગ્યા હતા. રેસિડન્સીમાં જઈ રેસિડન્ટ સાથે ચર્ચાવિચારણા પણ કરતા. આથી તેમની કુશળતા અને પ્રતિભા જોઈ પૉલિટિકલ એજન્ટ અને અન્ય રાજકારભારીની વિનંતીને ધ્યાનમાં લઈ ગવર્નર જનરલે વીસના બદલે અઢાર વર્ષે જ તેમને રાજગાદી સોંપવા નક્કી કર્યું.

આ પ્રમાણે અઢાર વર્ષ પૂરાં થતાં ઈ. સ. ૧૮૩૪ની ૮મી જુલાઈએ ભવ્ય દરબાર ભરવામાં આવ્યો. રાજ્યના દરબારીઓ, ઠાકોરો, મહાજનોની હાજરીમાં પૉલિટિકલ એજન્ટ કર્નલ પોટિંજરે દેશળજીને ભુજની ગાદીએ બેસાડ્યા. મુંબઈના ગવર્નર લૉર્ડ ક્લેરે મોકલેલ જવાહિરની ભેટ ધરી કંપની સરકારનો મૈત્રીભાવ દાખવતો ખરીતો વાંચી સંભળાવ્યો અને ત્યારથી રિજન્સી કાઉન્સિલનું વિસર્જન કરવામાં આવ્યું. રાજ્યની લગામ સંભાળતાંની સાથે જ મહારાવશ્રી દેશળજીએ રાજ્યમાં પ્રજાહિતાર્થે સુધારા કરવા તરફ પ્રથમ લક્ષ આપ્યું. શાહ કુશળચંદને દીવાન નીમવામાં આવ્યો.

ઈ. સ. ૧૮૪૧માં કંપની સરકારની સલાહથી જાડેજા ભાયાતોમાં દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ બંધ કરવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. દરબારી ગામોમાં નવજાત બાળકીની નોંધ રાખવા રાજ્ય તરફથી મહેતા રાખવામાં આવ્યા. ગરીબ જાડેજાઓની દીકરીના લગ્નપ્રસંગે ૪૦૦ કોરીની સહાય આપવાનો ઠરાવ કરવામાં આવ્યો. સતીપ્રથાના રિવાજને બંધ કરવામાં આવ્યો. તે ઉપરાંત ત્રાગાં તથા જીવતે સમાધિ લેવાના રિવાજો પણ નાબૂદ કરવામાં આવ્યા. ખાસ કરીને આફ્રિકામાં કચ્છી પેઢીઓ દ્વારા સીદીઓને ગુલામ તરીકે દેશ-પરદેશમાં વેચવાનો લોહીનો વેપાર મહારાવશ્રીએ ઢંઢેરો બહાર પાડી બંધ કરાવ્યો. જે પણ કચ્છી પ્રજાજન ગુલામીનો વેપાર કરશે તેની કચ્છની માલમિલકત જપ્ત કરવાનો હુકમ બહાર પાડવામાં આવ્યો હતો.

અંદરોઅંદરના કજિયા પતાવવા બે પંચાયતો નીમવામાં આવી હતી. તેમાં ન્યાયાધીશ તરીકે કારભારી રહેતા અને નિષ્પક્ષ ન્યાય આપવામાં આવતો. ફરિયાદ કે અરજ કરનારને માટે હંમેશાં મહેલના દરવાજા ખુલ્લા રહેતા. રાજ્યની પેદાશ વધારવા અને પ્રજાજનોનાં સુખદુઃખમાં ભાગીદાર બનવા મહારાવશ્રી પ્રસંગોપાત્ત શહેરો અને ગામડાંમાં જતા અને તેમની સ્થિતિ જાણવા વેપારી, ખેડૂત અને કારીગર સાથે તેમના વ્યવસાય સંબંધી પૂછતાછ કરતા અને ઓચિંતા કોઈ પણ સ્થળની જાતતપાસ કરતા. કોઈ પણ મુશ્કેલીમાં હોય તો તેના નિવારણ માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવતાં.

દીવાન કુશળચંદ પછી મહારાવશ્રીએ અંબારામ રાજારામને દીવાનની પાઘડી પહેરાવી અને તેના પછી ભાટિયા ઠક્કર નાનજી જીવરાજને કચ્છના દીવાનની જવાબદારી સોંપવામાં આવી. તેણે દીવાનગીરી હાથમાં લેતાં જ રાજ્યમાં ઘણુંખરું કામકાજ જે મૌખિક થયું હતું તે લેખિતમાં લેવાનું શરૂ કર્યું. તેણે કોઠાર, રોકડ અને મહેસૂલ વગેરે ખાતાં જુદાં પાડી વ્યવસ્થિત બનાવ્યાં. ખાતાનું કામ અને વહીવટ લેખિત પદ્ધતિથી કરવા માંડ્યું અને કેટલીક રસમો બાંધી. ઈ. સ. ૧૮૪૬માં દુઃખદ ઘટના ઘટી. નિવૃત્ત જીવન જીવી રહેલ રાવશ્રી ભારમલનું અવસાન થયું. ઈ. સ. ૧૮૪૬માં જ મહારાવશ્રી દેશળજીએ કચ્છના ચલણી સિક્કાની એક બાજુએ અંગ્રેજ સરકારની સર્વોપરિતાસૂચક 'કૈસરે હિન્દ'ની છાપ પડાવવાની શરૂઆત કરી.

મહારાવશ્રી દેશળજીની વીસ વર્ષની કારકિર્દીમાં એમની ઉચ્ચ અભિલાષાથી કચ્છ સમૃદ્ધિને શિખરે પહોંચ્યું હતું. વેપારવણજ અને ખેતીવાડીમાં પણ ખૂબ જ વિકાસ થયો હતો, જેથી લૂંટફાટ, દુષ્કાળ અને ભૂકંપથી દેશની વસ્તીનો મોટો ભાગ પરદેશ ચાલ્યો ગયો તે અનુકૂળ સમય થતાં પાછો વળી આવ્યો હતો.

ઈ. સ. ૧૮૫૨માં કચ્છમાં સૌપ્રથમ વાર વસ્તી-ગણતરી કરવામાં આવી ત્યારે કચ્છમાં કુલ ૮૫૧ ગામો હતાં. તેમાંથી ૨૯૪ મહારાવશ્રીનાં ખાલસા ગામો-૪૩૪ ભાયાતોનાં ગામો અને ૧૨૩ ધર્માદા જાગીર કે દાનદક્ષિણા તેમ જ બક્ષિસનાં ગામો હતાં. કચ્છની કુલ વસ્તી ૪,૦૯,૫૨૨ની હતી, જેમાં ૩,૦૦,૪૨૦ હિંદુ અને ૧,૦૯,૧૦૨ મુસલમાન હતા.

મહારાવશ્રી દેશળજી બીજાના વખતમાં હુન્નર-ઉદ્યોગની પ્રગતિ સારી થઈ હતી. લોઢું અને જસત કચ્છમાં તૈયાર થતાં અને તેમાંથી અનેક વસ્તુ બનાવવાનું કામકાજ ચાલતું. કચ્છના જળમાર્ગે વેપારમાં આયાત-

નિકાસ મુખ્યત્વે માંડવી, મુંદ્રા, જખૌ, તુણા, લખપત અને કોટેશ્વરથી થતો અને કચ્છના વેપારીઓ અઢળક ધન કમાતા હતા. કચ્છનાં વહાણ આફ્રિકા, અરબસ્તાન, જાવા, સુમાત્રા સુધીની સફર કરતાં. ઈ. સ. ૧૪૯૪માં પૉર્ટુગીઝના વાસ્કો-ડી-ગામાને આફ્રિકાથી હિંદનો માર્ગ બતાવનાર કચ્છનો કાનજી માલમ હતો.

મહારાવશ્રી દેશળજીએ ઈ. સ. ૧૮૫૦માં મુનશી બિહારીલાલને આગ્રાથી બોલાવી કચ્છના દીવાન બનાવ્યા હતા. આ દીવાન ઘણા બુદ્ધિશાળી, કાર્યદક્ષ અને નિષ્પક્ષપાતી હતા. તેમણે પોતાની શક્તિ અને સદ્‌ગુણોથી રાજા અને પ્રજાની પ્રીતિ પ્રાપ્ત કરી હતી.

મહારાવશ્રીએ કચ્છમાં કેળવણીના પ્રચાર અને પ્રસાર માટે ઈ. સ. ૧૮૫૧માં ભુજમાં એક ગુજરાતી શાળાની સ્થાપના કરી હતી. પાછળથી એક અંગ્રેજી નિશાળ પણ શરૂ કરી હતી. ઈ. સ. ૧૮૫૭માં આખા હિન્દુસ્તાનમાં અંગ્રેજો વિરુદ્ધ બળવો ફાટી નીકળ્યો, જેની અસર કચ્છમાં થઈ. કચ્છ ખાતેના કંપની સરકારના લશ્કરી સિપાઈઓએ પણ કચ્છમાં બળવો કર્યો હતો. તેનાથી ડરીને કચ્છનો પૉલિટિકલ એજન્ટ એચ. ડબ્લ્યુ. ટીવેલીયન મહારાવશ્રીના આશ્રયે દરબારગઢમાં રહ્યો હતો અને ભુજિયાની છાવણી તથા સરકારી ટ્રેઝરીની ચોકી કચ્છરાજ્યના માણસોને સોંપી હતી. બળવાખોરોની બીકથી કેટલાક દિવસ ભુજના દરવાજા બંધ રહ્યા હતા. બાદમાં મામલો શાંત થયો હતો.

મહારાવશ્રી દેશળજીના બે કુંવર હતા. મોટાનું નામ બાલુભા અને નાના કુવરનું નામ હમીરજી હતું. મહારાવશ્રીના મોટા કુંવર બાલુભા સાથે થોડો મતભેદ રહેતો, પણ નાના કુંવર હમીરજી પર વધુ વહાલ હતું, તેથી કેટલાક અંગત માણસોની સલાહ લઈ નાના કુંવરને ગાદીવારસ નીમવા ગવર્નર જનરલની મંજૂરી માટે પત્ર લખ્યો. કચ્છી પ્રજાની સંમતિ હોય તો કંપની સરકારને કોઈ વાંધો નથી તેવો જવાબ મળતાં મહારાવશ્રીએ આ બાબતે મહાજનના આગેવાનો અને આગેવાન ઠાકોરો આગળ આ વાત મૂકતાં તે સર્વેએ અસહમતી દર્શાવી, એટલું જ નહીં, મોટા કુંવરને જ હક્ક મળવો જોઈએ તેવો અભિપ્રાય આપ્યો, ત્યારે મહારાવશ્રીએ પણ સમજીને મમત્વ છોડી દીધું.

ઈ. સ. ૧૮૫૯માં મહારાવશ્રી દેશળજીને ગંભીર બીમારી થતાં દીવાન બિહારીલાલ અને પૉલિટિકલ એજન્ટની સલાહથી રાજ્યવહીવટ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી, જેના અધ્યક્ષ પૉલિટિકલ એજન્ટ એમ. ડબ્લ્યુ. ટીવેલીયન બન્યા અને યુવરાજ શ્રી બાલુભાને મંત્રી નીમવામાં આવ્યા.

એકાદ વર્ષ વહીવટ બરાબર ચાલ્યો, પણ પાછળથી મહારાવશ્રીને અનુકૂળ ન પડતાં તેમણે આ સમિતિ વિખેરી નાખી, રાજ્યનો સર્વ અખત્યાર યુવરાજશ્રીના હાથમાં સોંપ્યો અને નાના કુંવર હમીરજીને તેરાની જાગીર આપવામાં આવી. ઈ. સ. ૧૮૬૦ની ૨૬મી જુલાઈના રોજ મહારાવશ્રી દેશળજી બીજા આ ફાની દુનિયા છોડી ગયા.

મહારાવશ્રી પ્રાગમલજી બીજા
(ઈ. સ. ૧૮૬૦ - ૧૮૭૫)

ઈ. સ. ૧૮૬૦માં મહારાવશ્રી દેશળજી બીજાના સ્વર્ગવાસ પછી પાટવી કુંવર રવાજી ઉર્ફે બાલુભા મહારાવશ્રી 'પ્રાગમલજી બીજા' નામ ધારણ કરી ગાદીનશીન થયા. રાજ્યારોહણપ્રસંગે ભરાયેલ ભવ્ય દરબારમાં પૉલિટિકલ એજન્ટ એચ. ડબ્લ્યુ. ટીવેલીયને મુંબઈ ગવર્નર લૉર્ડ જ્યૉર્જ ક્લાર્કનો નીચે પ્રમાણે મુબારકબાદીનો સંદેશો વાંચી સંભળાવ્યો :

"આપ નામદાર કચ્છની ગાદીએ આવ્યા તેને માટે હું આપને સહર્ષ મુબારકબાદી આપું છું. આપ ખાતરીપૂર્વક માનજો કે આ સરકારની મૈત્રી મક્કમ છે. તે આપના દેશની આબાદી થાય એમાં સારી ફતેહ ઇચ્છે છે. આપ નામદારના પિતાએ સુલેહશાંતિથી દીર્ઘકાળ પર્યંત આ સરકાર સન્મુખ સન્માન પ્રાપ્ત કર્યું હતું. હું આશા રાખું છું કે આપ નામદાર પણ તેમનું જ અનુકરણ કરશો. મને આપનો સાચો મિત્ર જાણી ખુશીખબર આપતા રહેશો."

મહારાવશ્રી પ્રાગમલજી કર્તવ્યપરાયણ, પ્રજા-વત્સલ અને ન્યાયપ્રિય રાજવી હતા તેનો પરિચય ઈ. સ. ૧૮૬૧માં પડેલ ભયંકર દુષ્કાળ સમયે થયો. તે વખતે રાજ્ય તરફથી ખાદ્યપદાર્થો અને ઘાસચારા પર લેવાતી જકાત બંધ કરવામાં આવી. સસ્તા અનાજની પડી ખોલવામાં આવી અને દુષ્કાળપીડિતો માટે સંકટ-નિવારણનાં કાર્યો શરૂ કરવામાં આવ્યાં, જેથી પ્રજાને ઘણી રાહત થઈ.

ઈ. સ. ૧૮૬૧માં દીવાન બિહારીલાલે રાજીનામું આપતાં ઠક્કર માધવદાસ રામદાસ કાયમી દીવાન થયા. તેમના સમયમાં યંત્રયુગ અને સાર્વજનિક કાર્યોની શરૂઆત થઈ. ભુજથી માંડવી પાકી સડક બાંધવાની શરૂઆત થઈ તેમ જ એક જીન શરૂ કરવામાં આવી-તે વરસે અતિવૃષ્ટિ થતાં પાક અને ઘરોને ઘણું નુકસાન થયું. અધૂરામાં પૂરું બાકી બચેલ પાકનો તીડનાં ટોળાંએ નાશ કર્યો.

ઈ. સ. ૧૮૬૭(સંવત ૧૯૨૩ શ્રાવણ સુદ ૧૩-ગુરુવાર)માં પાટવી કુંવરનો જન્મ થયો, પાછળથી જે ખેંગારજી ત્રીજા તરીકે ગાદીનશીન થયા. ઈ. સ. ૧૮૬૮માં મહારાવશ્રીએ મુંબઈ સરકારની સલાહથી સુરતના ડેપ્યુટી કલેક્ટર અને મૅજિસ્ટ્રેટ કાઝી શાહબુદ્દીનની કચ્છરાજ્યના દીવાન તરીકે નિમણૂક કરી.

કચ્છમાં આવી નવા દીવાન કાઝીસાહેબે પ્રજાની ફરિયાદો રૂબરૂ સાંભળી ન્યાય આપવાની વ્યવસ્થા કરી. રાજ્યના દરેક ખાતામાં યોગ્ય સુધારાવધારા કર્યા. દરેક પરગણામાં ન્યાય અને મહેસૂલી કામ રાજ્યના ઇજારદાર હસ્તક રહેતાં, તેથી ન્યાયમાં પારદર્શકતા જળવાતી નહીં. એટલે પ્રથમ માંડવીમાં મહેસૂલ-ખાતાથી ન્યાયખાતું અલગ કરી સ્વતંત્ર ન્યાયાધીશ નીમ્યા. તેને બસો કોરી દંડ અને છ માસ સુધીની સજા કરવાનો અધિકાર આપ્યો. આ રીતે ફોજદારી ખાતું પણ અલગ કરી વહીવટ વ્યવસ્થિત કર્યો.

ઈ. સ. ૧૮૬૯માં કચ્છના જમીનદારોએ તેમની જાગીરો સંબંધી તૈયાર કરેલ ખરડો સુધારીને મુંબઈ સરકાર તરફથી મહારાવશ્રીની સંમતિ માટે કચ્છના પૉલિટિકલ એજન્ટ મારફતે દરબારમાં રજૂ થયો. તેમાં વાંધાજનક ફેરફાર થયેલ હોઈ તેના પર મહારાવશ્રીએ સહી કરી નહીં, એટલે પૉલિટિકલ એજન્ટ મેજર શોર્ટે ભાયાતોનો પક્ષ લીધો અને મુંબઈ સરકારમાં લખાણ કરી ભાયાતો પરની મહારાવશ્રીની હકૂમત પોતાને આધીન કરી. એટલે મહારાવશ્રીએ પોતાની ફરિયાદ વડી સરકાર સમક્ષ કરી, પરંતુ કંઈ આશાજનક નહીં જણાતાં દીવાન કાઝી શાહબુદ્દીનને વિલાયત મોકલી, સેક્રેટરી ઑફ ધ સ્ટેટ ઑફ ઇન્ડિયાને અપીલ કરી. ઈ. સ. ૧૮૬૯માં જુલાઈ માસમાં ઇન્ડિયા ઑફિસના સેક્રેટરીને પોતાને ન્યાય આપવા માટે પત્ર લખ્યો. ઇંગ્લૅન્ડમાં ઇન્ડિયા ઑફિસના સેક્રેટરી અને સભ્યોને રૂબરૂ મળી, તેમની સમક્ષ દરબારી હકૂમતના સચોટ પુરાવા રજૂ કરી, આશાજનક જવાબ મેળવી દીવાન શાહબુદ્દીન કાઝી કચ્છ પાછા ફર્યા.

હિંદ સરકારે આફ્રિકામાં ચાલતા ગુલામના વેપારને અટકાવવા સર બાર્ટલ ફ્રીયરના વડપણ હેઠળ એક કમિશન નીમી તેને આફ્રિકા મોકલ્યું હતું. આ ગુલામના વેપારમાં કચ્છ-મુંદ્રાની શેઠ જેરામ શિવજી અને ઈબજી શિવજીની પેઢીઓ સંકળાયેલી હતી, તેથી તેમના પર કચ્છના મહારાવશ્રીની લાગવગ ચલાવવા કચ્છના દીવાન કાઝી શાહબુદ્દીનને તે કમિશનના એક સભ્ય તરીકે આફ્રિકા મોકલ્યા હતા, એટલું જ નહીં, દીવાનના અસાધારણ પ્રયાસથી મહારાવશ્રીના નામે કચ્છી વેપારીઓમાં ગુલામોનો વેપાર બંધ કરાવવામાં પૂરતી સફળતા પણ મળી હતી.

દીવાન શાહબુદ્દીન કાઝીએ વડોદરા રાજ્યમાં મોટો હોદ્દો મળવાથી ઈ. સ. ૧૮૭૨માં દીવાનપદેથી રાજીનામું આપ્યું. મહારાવશ્રીના દરબારમાં આનંદાશ્રમ નામનો એક બ્રહ્મચારી હતો. તેણે થોડો સમય દીવાનના બદલે કામ કર્યું. તેમની પાસેથી મહારાવશ્રીએ ન્યાય, ફોજદારી, મહેસૂલ અને શહેરસફાઈ વગેરે ખાતાં માટે એક બંધારણની રચના કરાવી અને કચ્છની પ્રજાને અનુકૂળ કાયદાકાનૂન ઘડાવી તેને અમલમાં મૂક્યું.

ઈ. સ. ૧૮૭૧માં મહારાવશ્રી પ્રાગમલજીને બ્રિટિશ સરકારે 'નાઈટ ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ સ્ટાફ ઑફ ઇન્ડિયા'નો માનવંતો ખિતાબ આપ્યો, તેથી તેની રૂએ ઈ. સ. ૧૮૭૨માં મહારાવશ્રીએ મુંબઈની સ્ટાફ ઑફ ઇન્ડિયા મેમ્બરમાં હાજરી આપી. ત્યાંથી સ્વદેશ પાછા ફરતાં પોતાની સાથે ચાર દક્ષિણી અધિકારીઓને તેડી લાવ્યા. તેમાંથી રાવબહાદુર કૃષ્ણાજી તુલકરને દીવાનપદ પર નીમ્યા. પાંડુરંગ શિવરામને કચ્છના પોલીસ કમિશનર બનાવ્યા. વિનાયકરાવ ભાગવતને વરિષ્ઠ કોર્ટના ન્યાયાધીશ નીમ્યા અને ખંડેરાવને સર્વે ખાતાના મુખ્ય અધિકારી તરીકે નીમ્યા.

ઈ. સ. ૧૮૭૨માં કચ્છની વસ્તી લગભગ ૪,૮૭,૩૦૫ની હતી. રાજ્યમાં વ્યવસ્થા અને શાંતિ હતી, પણ ભાયાતોમાં સહેજ અસંતોષ રહેતો હોવાથી જાડેજા કોર્ટ બરાબર કામ કરી શકતી નહીં. પરંતુ દેશનાં વેપારઉદ્યોગ અને કળાકૌશલ્ય તથા ખેતીવાડી પ્રત્યે વધારે લક્ષ આપી, મહારાવશ્રીએ દેશની આબાદી વધારી હતી. તેથી રાજ્યની પેદાશમાં વૃદ્ધિ થતાં રાજ્યની આવકમાં પણ ઘણો વધારો થયો હતો. મહારાવશ્રીએ પ્રજા પરના બાવા-ફકીરના લાગા અને ત્રાગાં દૂર કર્યાં તેમ જ ખેડૂત અને મજૂર પરની વેઠ કાઢી નાખી પ્રજાને રાહત આપી.

મહારાવશ્રી પ્રાગમલજી બીજાને ઇમારતો બંધાવવાનો અને જાહેર બાંધકામ કરવાનો ખૂબ જ શોખ હતો. તેમણે છેક ઈટલીથી કારીગર બોલાવી લગભગ ૨૦ લાખ રૂપિયાના ખર્ચે પ્રાગમહેલ બંધાવ્યો. નામદાર ડ્યુક ઑફ એડનબર્ગની હિંદની મુલાકાતની યાદમાં દોઢ લાખ રૂપિયાના ખર્ચે આલ્ફ્રેડ હાઈસ્કૂલનું ભવ્ય મકાન બંધાવ્યું.

પ્રિન્સ ઑફ વેલ્સની હિંદની મુલાકાતની યાદગીરીમાં રૂપિયા બે લાખના ખર્ચે માંડવીબંદર પરનો ફુર-જો એડવર્ડ બ્રેક વૉટર વે તૈયાર કરાવ્યો. માંડવીના ડુંગરમાં પ્રાગસર તળાવ બંધાવ્યું. ભુજમાં હૉસ્પિટલ, નવી જેલ, અશ્વશાળા અને ગજશાળા તેમ જ શરદબાગની સુંદર રચના કરાવી.

મહારાવશ્રીએ ન્યાય અને નિયમ દાખલ કરી રાજ્યતંત્રને બંધારણપૂર્વક વ્યવસ્થિત કર્યું. સ્વર્ગસ્થ મહારાવશ્રી દેશળજીના સમયમાં વિદ્યા અને સાહિત્યના રોપવામાં આવેલ બીજને શાળાઓ, કન્યાશાળાઓ અને પુસ્તકાલયો સ્થાપી પોંખ્યું. કચ્છની પ્રથમ આલ્ફ્રેડ હાઈસ્કૂલના પહેલા હેડમાસ્તર તરીકે રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખરને ઈ. સ. ૧૮૭૧માં બોલાવવામાં આવ્યા. તેમને પાછળથી કચ્છ કેળવણી ખાતાના અધિકારી તરીકે નીમવામાં આવ્યા હતા તેમજ યુવરાજ કુમારશ્રી બાપુભા ઉર્ફે ખેંગારજીના શિક્ષક તરીકેનું પણ કાર્ય સોંપવામાં આવ્યું હતું.

છેલ્લે ઈ. સ. ૧૮૭૫માં શાહજાદા એડવર્ડ (પ્રિન્સ ઑફ વેલ્સ) ભારત આવેલ ત્યારે તેમની મુલાકાતે મુંબઈ ગયા હતા ત્યાંથી પાછા આવ્યા પછી મહારાવશ્રીની માંદગી અસહ્ય બની ગઈ, એટલે તેમણે પૉલિટિકલ એજન્ટ ડબ્લ્યુ. સી. પારની સલાહથી પોતાના છેલ્લા વસિયતનામામાં, પાટવી કુંવરની ઉંમર માત્ર દશ વર્ષની હોઈ મણિભાઈ જસભાઈને વડોદરાથી બોલાવી દીવાન નીમવા અને રાજ્યની આંતરવ્યવસ્થા તેમના હાથમાં સોંપવા તથા પોતાની પાછળ સગીરવયના યુવરાજ ઉંમરલાયક થાય ત્યાં સુધી રાજ્યવ્યવસ્થા ચલાવવા એક રિજન્સી કાઉન્સિલની રચના કરવાની અને આ કાઉન્સિલમાં કોને નીમવા વગેરે જરૂરી સૂચના લખી જણાવી. થોડા જ દિવસો બાદ પ્રજાવત્સલ મહારાવશ્રી પ્રાગમલજી (બીજા) સાડત્રીસ વર્ષની યુવાન વયે ઈ. સ. ૧૮૭૫માં (સંવત ૧૯૩૨ પોષ સુદ ૫ ને શનિવાર) સ્વર્ગે સિધાવ્યા.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા
(ઈ. સ. ૧૮૭૬- ૧૯૪૨)

ઈ. સ. ૧૮૭૬માં (સંવત ૧૯૩૨ના પોષ સુદ-૭ ને સોમવાર) મહારાવશ્રી ખેંગારજી ત્રીજાનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તેઓશ્રીની સગીરવયને કારણે સ્વર્ગવાસી મહારાવશ્રી પ્રાગમલજીની વસિયત પ્રમાણે રાજ્ય ચલાવવા રીજન્સી કાઉન્સિલની સ્થાપના થઈ. તેમાં અધ્યક્ષસ્થાને પૉલિટિકલ એજન્ટ કર્નલ

ડબ્લ્યુ. સી. પાર અને દીવાન વિનાયકરાવ ભાગવત મંત્રી નિમાયા. દરબારશ્રી તરફથી રાણા જાલમસંગજી ભાયાત તરફથી સુથરીના ચાંદાજી તથા પ્રજા તરફથી શેઠ રવજી હીરાચંદ નિમાયા હતા, પરંતુ એક જ વર્ષમાં રીજન્સી કાઉન્સિલમાં ત્રણ સભ્યો બદલી ગયા. અધ્યક્ષસ્થાને નવા પૉલિટિકલ એજન્ટ કર્નલ એલ. સી. બર્ટન આવ્યા. મણિભાઈ જશભાઈએ ફરી દીવાનગીરી સ્વીકારતાં તે મંત્રી બન્યા અને શેઠ રવજી હીરાચંદનો સ્વર્ગવાસ થતાં તેમની જગ્યાએ શેઠ જીવણદાસ અબજીને નીમવામાં આવ્યા.

ઈ. સ. ૧૮૭૭માં રિજન્સી કાઉન્સિલે મહારાવશ્રી પ્રાગમલજીના વખતથી જાડેજા ભાયાતો સાથે ચાલતી આવતી તકરારનો અંત આણ્યો. કચ્છમાં વરસાદ અનિયમિત પડતો હોવાથી ખેતીવાડી વધારવા બે હજાર કૂવા ખોદાવી ખર્ચના બદલામાં પિયાવા પર લાગો નાખ્યો, તેથી રાજ્યની મહેસૂલી આવક એક લાખ રૂપિયા વધી ગઈ. દરિયાકિનારાની જમીન પર તાડી, ખજૂરી અને નાળિયેરનું વાવેતર કરી દેશને આબાદ કરવાનો પ્રયત્ન કર્યો. જંગલોના રક્ષણાર્થ જંગલખાતું ખોલ્યું. જળવટી વેપારની સલામતી માટે દરિયાઈ પોલીસ ખાતું શરૂ કર્યું. તાલુકેતાલુકે પોલીસ- ખાતું, ન્યાયખાતું, વહીવટખાતું અને કસ્ટમખાતું ખોલી સુવ્યવસ્થિત કર્યું. કેળવણીના વિકાસ અર્થે નવી શાળાઓ ખોલી અને દરબારી ખાતાવાર હકીકતો પ્રકાશમાં લાવવા 'કચ્છ ગૅઝેટ' નામનું સાપ્તાહિક પત્ર શરૂ કર્યું. આ જ વર્ષે અતિવૃષ્ટિ થતાં પાકને મોટું નુકસાન થયું હોઈ ગરીબ ખેડૂતોનું મહેસૂલ માફ કર્યું તેમ જ અછત નિવારવા તુણાથી અંજાર પાકી સડક બંધાવી લોકોને રોજીરોટી પૂરી પાડી. આ વર્ષના નવેમ્બર માસમાં મુંબઈના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલ કચ્છની મુલાકાતે આવ્યા, ત્યારે ભુજમાં તેમના માનમાં ભવ્ય દરબાર ભરવામાં આવ્યો. તેમાં મહારાવશ્રીએ અંગ્રેજીમાં ગવર્નરસાહેબનું સન્માન કર્યું તેના જવાબમાં ગવર્નરસાહેબે રિજન્સી કાઉન્સિલનો વહીવટ અને બાળરાજાના અભ્યાસ માટે પૂરતો સંતોષ વ્યક્ત કર્યો.

મહારાવશ્રીની શારીરિક અને માનસિક કેળવણી માટે આસિસ્ટન્ટ પૉલિટિકલ એજન્ટ અને શ્રી દલપતરામ પ્રાણજીવન ખખ્ખરને રોકવામાં આવ્યા હતા. તેમની ખંત અને કાળજીથી મહારાવશ્રીનો બહુ સારો સર્વાંગી વિકાસ થયો હતો. દલપતરામ ખખ્ખરને આર્કિયૉલૉજિકલ સર્વેનું કામ સોંપતાં તેમની જગ્યાએ છોટારામ સેવકરામની મહારાવશ્રીના શિક્ષક તરીકે નિમણૂક થઈ. ઈ. સ. ૧૮૭૮માં જાડેજા કોર્ટનું વ્યવસ્થિત બંધારણ ઘડી કાઢવામાં આવ્યું.

કચ્છના મીઠાના પાક પર બ્રિટિશ રાજ્યના જેટલી જ જકાત લેવી અથવા મીઠાનો વેપાર બ્રિટિશ સરકારને સોંપી દેવો તેવી મુંબઈ સરકારની ગેરવાજબી માગણીના કારણે પોતાના આફ્રિકા સાથેના નફાભરેલ મીઠાના વેપારને નુકસાન થતું જોઈ જ્યારે રિજન્સી કાઉન્સિલમાં આ અંગે ચર્ચા થઈ ત્યારે દીવાન મણિભાઈએ આની સામે વાંધો ઉઠાવ્યો અને બહુમતીએ આ ઠરાવને ઠુકરાવી દીધો, તેથી અંગ્રેજ પૉલિટિકલ એજન્ટ મેજર રીવ્ઝ નારાજ થયો અને તેણે મણિભાઈ દીવાન વિરુદ્ધ રાજકીય ખટપટ શરૂ કરી. પરિણામે પૉલિટિકલ એજન્ટની રાજ્યારી ખટપટનો ભોગ બની કચ્છના વફાદાર દીવાન મણિભાઈ જશભાઈ ફરજિયાત રાજીનામું આપી વડોદરા ચાલ્યા ગયા.

મણિભાઈના ગયા પછી કચ્છ રાજ્યના દીવાનપદ પર સુપ્રસિદ્ધ સાક્ષર રાવબહાદુર નંદશંકર તુળજાશંકર આવ્યા. તેમણે દીવાનપદું હાથમાં લેતાં જ ઘણા સુધારા કર્યા. કન્યાવિક્રયના રિવાજને અટકાવ્યો. તેમના વખતમાં રિજન્સી કાઉન્સિલે ઈ. સ. ૧૮૮૨માં સ્ટૅમ્પ રજિસ્ટ્રેશન અધિનિયમ ઍક્ટ અને બીજા જરૂરી કાયદાકાનૂન દાખલ કર્યા. ઈ. સ. ૧૮૮૨માં મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન કચ્છની મુલાકાતે આવ્યા ત્યારે મહારાવશ્રીની સંભાષણ-કુશળતા, વાણીમાધુર્ય અને રમતગમતની નિપુણતા જોઈ તેમનાં વખાણ કર્યાં. મહારાવશ્રીની ઉંમર સોળ વર્ષની થઈ ગઈ હતી. ગવર્નરસાહેબની ભલામણથી હવે તેઓ રિજન્સી કાઉન્સિલમાં દાખલ થઈ

રાજકાજમાં ભાગ લેવા લાગ્યા. કાઉન્સિલનું નામ કાઉન્સિલ ઑફ એડમિનિસ્ટ્રેશન રાખવામાં આવ્યું. હવે મહારાવશ્રી દીવાન સાથે યોગ્ય પૂછપરછ કરી રાજકીય પ્રસંગોમાં ખૂબ જ રસ લેવા લાગ્યા.

આમ નાની વયથી રાજકારભારના ગુણો પોષાવા લાગ્યા. ઈ. સ. ૧૮૮૩માં મણિભાઈ જશભાઈએ ફરી દીવાનપદે આવી મહારાવશ્રીને રાજકીય કેળવણી આપવાની શરૂઆત કરી અને પોતાનાં અધૂરાં રહેલાં કાર્ય ફરી હાથ ધર્યાં.

ઈ. સ. ૧૮૮૪માં (સંવત ૧૯૪૦ મહા વદ ૧૦) સાયલાના ઠાકોરસાહેબનાં કુંવરી મોટીબા સાહેબ તથા ચરાડવાના ઝાલા જાલમસંગનાં કુંવરી ગંગાબા સાહેબ સાથે એક જ દિવસે મહારાવશ્રી ખેંગારજીનાં લગ્ન મોટી ધામધૂમથી કરવામાં આવ્યાં. તે પ્રસંગે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ અને મુંબઈથી પધારેલ મહેમાનોને કચ્છના હુન્નરઉદ્યોગોનો પ્રત્યક્ષ પરિચય કરાવવા એક મોટું કળાપ્રદર્શન ભરવામાં આવ્યું હતું, આ સ્થાનને પાછળથી જેમ્સ ફર્ગ્યુસન મ્યુઝિયમ અને લાઇબ્રેરીનું નામ આપવામાં આવ્યું હતું અને કલાના નમૂનાઓ તેમાં સંગૃહીત કરવામાં આવ્યા હતા.

ઈ. સ. ૧૮૮૪માં મૌવર સંઘવાણીએ બહારવટું ખેડ્યું અને ભારે લૂંટફાટ ચલાવી. તેને દાબી દેવા આસિસ્ટન્ટ પોલીસ કમિશનર પ્રાણશંકર જયશંકર હાથીને વાગડ મોકલવામાં આવ્યા. તેમણે સારી કામગીરી કરતાં તેમને પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા.

હવે મહારાવશ્રીની ઉંમર અઢાર વર્ષની થઈ ગઈ હતી એટલે તેઓશ્રીના અભ્યાસનિરીક્ષકે સરકારમાં રિપૉર્ટ કર્યો કે મહારાવશ્રીએ ઇતિહાસ, ઇન્ડિયન પીનલ કોડ, પૉલિટિકલ ઇકોનૉમી વગેરે ગ્રંથોનો સઘન અભ્યાસ કર્યો છે તેમજ ગુજરાતી અને અંગ્રેજી પર સારો એવો કાબૂ ધરાવે છે. અરજદારોની અરજીઓ અને ફરિયાદો સાંભળી નિકાલ કરે છે. સલામે આવનારની સલામ ઝીલે છે. આમ મહારાવશ્રીની કાર્યકુશળતા અને બુદ્ધિચાતુર્યનાં વખાણ સાંભળી સરકારે એકવીસ વર્ષને બદલે અઢાર વર્ષે જ સંપૂર્ણ રાજ્ય-અખત્યાર સોંપવાનું જાહેર કર્યું. પાટનગર ભુજમાં રાજ્યારોહણની તૈયારી થવા લાગી. આ પ્રસંગે મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન પધારવાના હતા, પણ ચોમાસાના કારણે આવી શક્યા નહીં, તેથી મુંબઈ સરકાર વતી કચ્છના પૉલિટિકલ એજન્ટ કર્નલ ફિલિપ્સે મહારાવશ્રીને સ્વતંત્ર રાજસત્તા સોંપી કાઉન્સિલ ઑફ એડમિનિસ્ટ્રેશનનું વિસર્જન કર્યું. ઈ. સ. ૧૮૮૫માં (સંવત ૧૯૪૧ના શ્રાવણ વદ ૫) શુભ દિવસે પાટનગર ભુજમાં ભરાયેલ ભવ્ય દરબારમાં રાજ્યાભિષેકની વિધિ સંપન્ન થઈ.

ઈ. સ. ૧૮૮૪માં મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન માંડવીબંદરે ઊતર્યા અને ત્યાંથી બીજે દિવસે ભુજ આવવા નીકળ્યા. ભુજમાં મોટો દરબાર ભરવામાં આવ્યો હતો. જાડેજા ભાયાતો, મહાજનો અને દરબારી અધિકારીઓની હાજરીમાં ગવર્નરસાહેબે કચ્છના મહારાવ તરીકે સંબોધન કરી, મહારાવશ્રીને કીમતી ભેટો આપી, રાજ્યાભિષેક અર્પણ કર્યો અને પોતાના ભાષણમાં મહારાવશ્રીની કુશળતા અને તેમણે મેળવેલ જ્ઞાન અને વર્તન પરથી તેઓશ્રી એક સફળ રાજકર્તા નીવડશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. તેના જવાબમાં મહારાવશ્રીએ પણ પોતાના પ્રત્યુત્તરરૂપ ભાષણમાં ગવર્નર-સાહેબની લાગણી અને અભિપ્રાયને તેમની ભલમનસાઈ ગણાવ્યાં હતાં. પોતે એક રાજવી તરીકે પોતાનું કર્તવ્ય બરાબર બજાવશે તેની ખાતરી આપી હતી. લોકોને ન્યાય મળી રહે, તેમનાં વૃદ્ધિ અને વિકાસ થાય તે બાબતને હંમેશાં પ્રાથમિકતા આપવામાં આવશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે લોકોનાં અભિનંદન અને શુભેચ્છા-સંદેશાનો પ્રત્યુત્તર આપતાં મહારાવશ્રીએ પ્રજાની સુખાકારી માટે હંમેશાં પ્રયત્નશીલ રહેવાની ખાતરી આપી હતી, સાથે પ્રજાના દરેક વર્ગના સાથ અને સહકારની પણ ઇચ્છા વ્યક્ત કરી હતી.

તે ભવ્ય દરબારમાં મહારાવશ્રીની અનુમતિથી દીવાન મણિભાઈએ દેશની વૃદ્ધિ અને સમૃદ્ધિ વધે તેવા

વેપાર અને કેળવણીને લગતા કેટલાક ઠરાવો બહાર પાડ્યા હતા. આનાથી કચ્છની પ્રજાને ઘણો સંતોષ થયો હતો. ઈ. સ. ૧૮૮૫માં અંગ્રેજ સરકારે નામદાર મહારાવશ્રીને 'સવાઈ બહાદુર'નો માનવંતો ખિતાબ અને દીવાન મણિભાઈને 'દીવાન-બહાદુર'નો ઇલ્કાબ આપ્યો હતો. દીવાન મણિભાઈની ઇચ્છાથી માસ્તર છોટાલાલ સેવકરામની હજૂર સેક્રેટરી તરીકે અને રણછોડભાઈ ઉદયરામની હજૂર આસિસટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ઈ. સ. ૧૮૮૬માં (સંવત ૧૯૪૨ના શ્રાવણ વદ ૮) પાટવી કુંવરનો જન્મ થયો જે આગળ જતાં મહારાવશ્રી વિજયરાજજી તરીકે સત્તારૂઢ થયા હતા. ઈ. સ. ૧૮૮૫ના માર્ચ માસમાં કર્નલ ગુડફેલોને સાથે લઈ મહારાવશ્રી ખેંગારજી સવાઈ બહાદુર કચ્છની પરિસ્થિતિ જાતે જોવા મુસાફરીએ નીકળ્યા. શહેરો અને ગામડાંની પરિસ્થિતિ જોઈ આવ્યા પછી મુંબઈ પધાર્યા.

ત્યાં વસતી કચ્છની પ્રજાએ મહારાવશ્રીને અતિ ભક્તિભાવથી માન આપ્યું, એટલું જ નહીં, મુંબઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસને પણ અંતઃકરણપૂર્વક આદર આપ્યો. મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં જવાબદાર હોદ્દા પર પરદેશીઓને વિશેષ સ્થાન મળતું તેવી સામાન્ય છાપ રહેતી તેથી દેશી અને વિદેશી અધિકારીઓ વચ્ચે એક સામાન્ય હરીફાઈ ચાલતી. જોકે આનું કારણ એ હતું કે એ સમયે અંગ્રેજો સાથેનો વ્યવહાર ખૂબ વધી ગયો હોઈ અંગ્રેજી જાણનાર ગ્રેજ્યુએટ અધિકારીની રાજ્યને ખાસ જરૂર રહેતી. આવા શિક્ષિત અને અનુભવી અંગ્રેજીના જાણકાર અધિકારીઓ કચ્છમાં બહુ ઓછા હોઈ બહારથી બોલાવવાની ફરજ પડતી હતી.

ઈ. સ. ૧૮૮૫માં દીવાન મણિભાઈને પાછું વડોદરા જવાનું થતાં રાજ્યના દીવાનપદેથી રાજીનામું આપ્યું. રાજ્યની સારી નોકરી કર્યા બદલ મહારાવશ્રીએ દરબાર ભરી સુંદર પોશાક અને પોણો લાખ રૂપિયા બક્ષિસ આપ્યા. મણિભાઈ જશભાઈના ગયા પછી અમદાવાદની કોર્ટના ન્યાયાધીશ રાવબહાદુર મોતીલાલ લાલભાઈને દીવાન તરીકે નીમવામાં આવ્યા.

ઈ. સ. ૧૮૮૭ના જાન્યુઆરી માસમાં મુંબઈના ગવર્નર લૉર્ડ રે કચ્છની મુલાકાતે આવ્યા ત્યારે તેમના માનમાં ભરવામાં આવેલ ભવ્ય દરબારમાં તેમણે ભાષણ કરતાં જણાવ્યું કે કચ્છી પ્રજા સ્કૉટલૅન્ડની પ્રજાની જેમ પોતાના વતનને પ્રથમ સ્થાન આપે છે તેમ જ દરિયાઈ વેપાર અને હુન્નરઉદ્યોગમાં આગળ પડતી છે. માંડવીમાં રુક્માવતી નદી પરનો પુલ બંધાઈ જતાં ગવર્નરના હાથે તેનું ઉદ્ઘાટન થયું હતું.

ઈ. સ. ૧૮૮૭ના જુલાઈ માસમાં મહારાણી વિક્ટોરિયાના જ્યુબિલી મહોત્સવમાં ભાગ લેવા નાના ભાઈ શ્રી કલુભાસાહેબ સાથે વિલાયત જતાં મહારાવશ્રી મુંબઈ પધાર્યા હતા ત્યારે મુંબઈમાં વસતી વફાદાર કચ્છી પ્રજાએ એક મોટો મેળાવડો ભરી મહારાવશ્રીને માનપત્ર આપ્યું હતું, તેના ઉત્તરમાં મહારાવશ્રીએ જણાવ્યું હતું કે જે દેશ આબાદી અને સુધારામાં આગળ વધ્યો છે તેની મુલાકાતથી થતા ફાયદા વિશે મારે જાણવું છે, જેના જવાબમાં મારે માત્ર એટલું જ કહેવાનું છે કે તે ફાયદા મારી પ્રજા અને મારા રાજ્યનાં સમૃદ્ધિ અને સુખ વૃદ્ધિ કરનારા થશે તો મને સૌથી વધારે સંતોષ થશે. મુંબઈથી મહારાવશ્રી વિલાયત જવા નીકળ્યા.

કચ્છના સાહસિક વેપારીઓએ મુંબઈ, અરબસ્તાન અને પૂર્વ આફ્રિકાના કાંઠા સુધી વેપારમાં નામના મેળવી છે, એટલું જ નહીં, કચ્છના લોકોમાં સમૃદ્ધિ જોવા મળે છે. દુષ્કાળ અને પ્લેગના રોગ જેવી કુદરતી આફતો સામે ટક્કર લેવાની અદ્ભુત શક્તિ ધરાવે છે. કચ્છના યુવાન બુદ્ધિશાળી રાજાએ પોતાની પ્રજાના કલ્યાણ માટે જે કાર્યો કર્યાં છે તેનાથી તેમનું સ્થાન લોકોનાં હૃદયમાં રહેશે તેવી શુભેચ્છા પાઠવી હતી.

દીવાન મોતીલાલ લાલભાઈ પછી રણછોડભાઈ ઉદયરામે કચ્છના કામચલાઉ દીવાન તરીકે ત્રણ વર્ષ સુધી કામ કર્યું. તેમના પછી ઈ. સ. ૧૯૦૪માં ચુનીલાલ સારાભાઈ કચ્છના દીવાન બન્યા. ઈ. સ. ૧૯૦૯ની

બારમી ઑક્ટોબરે યુવરાજશ્રી માધુભાસાહેબના પાટવી કુંવરનો જન્મ થયો, જે આગળ જતાં મહારાવશ્રી મદનસિંહ તરીકે કચ્છની ગાદી પર આવ્યા હતા. ઈ. સ. ૧૯૧૦માં કૅમ્પબેલ કર્બી સાહેબની દેખરેખ નીચે અંજારથી ભુજ સુધીની રેલવેલાઈન તૈયાર કરવામાં આવી. દીવાન ચુનીલાલ સારાભાઈના અવસાન પછી નાયબ દીવાન સદાશિવ સીતારામ દીક્ષિતની કચ્છના દીવાન તરીકે નિમણૂક થઈ. ઈ. સ. ૧૯૧૬માં મુબઈના ગવર્નર વિલિંગ્ડનની કચ્છમાં પધરામણી થઈ.

ઈ. સ. ૧૯૧૨માં સિંધની અંગ્રેજ સરકારે સિંધ નજીકના કચ્છના રણમાં પોતાની હકૂમત જણાવી ખનીજતેલ શોધવા પ્રયત્નો કરેલ, પરંતુ ખેંગારજી બાવાએ અંગ્રેજો સામે લંડનની પ્રીવિ કાઉન્સિલમાં કેસ લડી આખા રણનો કબજો રાજ્યનો છે તેવું સાબિત કરી કેસ જીતીને રણ પર કચ્છનો અધિકાર છે તે સિદ્ધ કરી બતાવ્યું હતું.

ઈ. સ. ૧૯૨૧માં દિલ્હી મુકામે દેશી રાજા અને રજવાડાંનાં હિતોના રક્ષણ માટે નરેન્દ્રમંડળની ઉદ્‌ઘાટનવિધિ રાખવામાં આવેલ. તેમાં ભાગ લેવા માટે મહારાવશ્રી ખેંગારજી ત્રીજા પણ ગયા હતા અને નરેન્દ્ર મંડળના સભ્ય પણ બન્યા હતા. ત્યાર બાદ ઈ. સ.૧૯૨૧માં પ્રિન્સ ઑફ વેલ્સનું આગમન થયું ત્યારે પણ મહારાવશ્રી તેમની મુલાકાતે ગયા હતા. ઈ. સ. ૧૯૨૧માં મહારાવશ્રી ખેંગારજી ત્રીજા નરેન્દ્રમંડળના પ્રતિનિધિ તરીકે ઇમ્પિરીયલ કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે લંડન ગયા હતા ત્યારે લીગ ઑફ નેશન્સના કાર્યક્રમમાં સારો ફાળો આપ્યો હતો. એ અરસામાં એમને G.C.S.I(Grand Commander of The State of India)નો ઇલ્કાબ અર્પણ કરવામાં આવ્યો હતો.

ઈ. સ. ૧૯૨૩-૨૪માં કચ્છના બહારવટિયાઓએ ખાસ કરીને વાગડમાં ઘણો ત્રાસ વર્તાવેલ. તેમને પકડી કેસ ચલાવવામાં આવ્યો હતો. તેમાંના સાત જણાને ફાંસીની સજા થયેલ, જેમાંથી ચાર જણને ભચાઉમાં જાહેરમાં ફાંસી આપેલ અને ત્રણ જણાને રાપરમાં જાહેરમાં ફાંસીએ ચડાવવામાં આવ્યા હતા. બાકીનાને ગુના અનુસાર કેદની સજા કરવામાં આવી હતી.

મહારાવશ્રી ભારમલજી અને દેશળજી બીજાના સમયથી મુંબઈના ગવર્નરના પ્રતિનિધિ પૉલિટિકલ એજન્ટનો કૅમ્પ ભુજમાં રહેતો હતો તે ઈ. સ. ૧૯૨૪ની ૧૦મી ઑક્ટોબરથી ઉપાડી લેવામાં આવ્યો અને કચ્છ, કાઠિયાવાડ અને પાલનપુરનાં દેશી રાજ્યોને મુંબઈ સરકારને બદલે હિંદ સરકારના સીધા વહીવટ હેઠળ મૂકવામાં આવ્યા. ત્યારથી ગવર્નર જનરલના પ્રતિનિધિ એજન્ટ ટુ ધ ગવર્નર જનરલનો કૅમ્પ રાજકોટમાં રહેવા લાગ્યો.

કચ્છના તે સમયમાં કાન્તિપ્રસાદ અંતાણી વગેરે આગેવાનોના આમંત્રણને માન આપી મહાત્મા ગાંધી મુંબઈથી સ્ટીમર દ્વારા તા. ૨૨-૧૦-૧૯૨૫ના રોજ માંડવીબંદરે આવી પહોંચ્યા હતા. તેમની સાથે સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવ દેસાઈ અને મણિલાલ કોઠારી વગેરે તેમના અંતેવાસીઓ હતા. માંડવીથી સીધા જ બળદગાડામાં બેસી ભુજ આવ્યા હતા. ભુજમાં પાટવાડી નાકે નાનીબા સંસ્કૃત પાઠશાળામાં તેમને ઉતારો આપવામાં આવ્યો હતો. ભારતમાં તે સમયે અસહકાર અને સ્વદેશી ચળવળનો ચડતો જુવાળ હતો. ઠેરઠેર બ્રિટિશ સરકાર વિરુદ્ધનાં આંદોલનો જોર પકડતાં જતાં હતાં. દેશી રાજ્યોમાં પણ જવાબદાર રાજ્યતંત્રની ચળવળોની વાતો થવા લાગી હતી. આની અસર કચ્છમાં થવા લાગી હતી. ગાંધીજીએ મહારાવશ્રીને મળવાની ઇચ્છા વ્યક્ત કરતાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ શરદબાગના બંગલાની સામી બાજુના બગીચામાં સવારના નવ વાગ્યે મુલાકાત યોજી હતી. તેમાં દેશની આઝાદી, કચ્છરાજ્યની વર્તમાન સ્થિતિ અને હરિજનોની હાલત વિષે ચર્ચા થઈ હતી. આ મુલાકાતથી ગાંધીજી પ્રભાવિત થયા હતા અને ગાંધીજીના મન પર એક શાણા રાજવીની છાપ પડી હતી.

કચ્છરાજ્યમાં હરિજનોનું કેટલું માન છે એ વાત ગાંધીજીને સમજાવતાં મહારાવશ્રી ખેંગારજીએ કહ્યું હતું

કે કચ્છનો રાજા જ્યારે રાજગાદી પર બેસે છે ત્યારે હક્કદાર હરિજન પોતાની આંગળીના રક્ત વડે રાજાના કપાળ પર ટીલું કરે છે. આ ઉપરાંત નાગપંચમીના દિવસે ભુજિયાની તળેટીમાં આવેલ નાગની દેરી પર નાગપૂજા બાદ હરિજન પોતાના હાથે જ રાજાના કપાળે સિંદૂરનો ચાંદલો કરે છે. ભુજની પ્રજા પણ કોઈ ભેદભાવ વગર હરિજનના હાથે ટીલું કરાવે છે. મહારાવશ્રીની આ વાત સાંભળી ગાંધીજીએ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

ભુજમાં નાગરવંડીમાં ગાંધીજીને માનપત્ર આપવાનું નક્કી થયું હતું, પરંતુ સભામાં હરિજન-ભાઈઓને ખાસ હાજર રહેવાનો ગાંધીજીએ આગ્રહ રાખતાં નાગર નાતના આગેવાનોમાં મતભેદ ઊભો થયો હતો, છતાં પણ નેતા કાન્તિપ્રસાદ અંતાણી વગેરેએ નાગરવંડીમાં કાર્યક્રમ રાખ્યો હતો. આ પ્રસંગે ભુજના માનસંગ કચરાભાઈએ કચ્છની પ્રજા તરફથી ગાંધીજીને કચ્છી કારીગરીવાળો સુંદર અને નક્કર ચાંદીનો રેંટિયો અર્પણ કર્યો હતો. માનપત્રના જવાબમાં ગાંધીજીએ કચ્છની સાહસિક અને દરિયાખેડુ પ્રજાનાં વખાણ કર્યાં હતાં. જુનવાણી વિચારો માટે ઠપકો પણ આપ્યો હતો.

ભુજથી ગાંધીજી કોટડા રોહા જતાં રસ્તા પર દેશલપર પાસે મંજલથી પધારેલ ખાદીધારી સાધ્વીમૈયા અને એમના મંડળની બહેનોની ખાદીપ્રવૃત્તિ જોઈ ગાંધીજી ખૂબ જ રાજી થયા હતા. ત્યાંથી તેઓ કોટડા (રોહા) આવ્યા હતા. ત્યાં તેમના હાથે હરિજનશાળાનો પાયો નાખવામાં આવ્યો હતો. ત્યાંથી કોઠારા થઈ માંડવી આવ્યા હતા. માંડવીમાં બ્રહ્મપુરીમાં ગાંધીજીની સભા રાખવામાં આવી હતી. બ્રહ્મપુરીમાં દાખલ થવા બે દરવાજા રાખવામાં આવ્યા હતા. એક હરિજનો માટે અને બીજો સવર્ણો માટે હતો. ગાંધીજી જેવા હરિજનોના દરવાજેથી આગ્રહપૂર્વક દાખલ થયા, ત્યારે સભામાં ખળભળાટ મચી ગયો. કેટલાક લોકો આના વિરોધમાં હરિજનોને મારીને બ્રહ્મપુરીમાંથી બહાર કાઢવા લાગ્યા અને અંતે સભા વીખરાઈ ગઈ. આનું ગાંધીજીને ખૂબ દુ:ખ થયું હતું.

હિંદના અન્ય ભાગોમાં લોકલડત જોર પકડવા લાગી હતી, પણ કચ્છમાં જોઈએ તેવી જાગૃતિ આવી ન હતી, તેથી કચ્છરાજ્ય સામેની લોકલડતને વધુ ઉગ્ર બનાવવા માટે ઈ. સ. ૧૯૨૬માં મુંબઈ મુકામે કચ્છી પ્રજાકીય પરિષદની સ્થાપના કરવામાં આવી. તેના સ્થાપકો લક્ષ્મીદાસ રવજી તેરશી, ડૉ. પુનશી મહેશ્વરી, મથુરાદાસ મટાણી અને પ્રો. કે. ટી. શાહ વગેરે કચ્છ બહાર વસતા કચ્છી આગેવાનો હતા.

કચ્છી પ્રજાકીય પરિષદનું પ્રથમ સંમેલન ઈ. સ. ૧૯૨૬માં મુંબઈ મુકામે યોજાયું હતું. તેના પ્રમુખ શેઠ સુરજી વલ્લભદાસ હતા. કચ્છના લોકો બધા ભેદભાવ ભૂલી પ્રથમ વાર એક સ્થળે એકઠા થયા હતા. આ સંમેલનમાં કુલ ૨૯ ઠરાવો થયા હતા. તેમાં પ્રજાની તકલીફો, રાજ્ય વિરુદ્ધ ફરિયાદો વગેરેની ચર્ચાઓ થઈ હતી. તેમાં એવું પણ નક્કી થયું હતું કે પરિષદનો હેતુ રાજ્ય અને પ્રજા વચ્ચે એખલાસ વધારવાનો રહેશે. ત્યાર બાદ તેનું પ્રતિનિધિમંડળ મહારાવશ્રીને રૂબરૂ મળવા ગયું, પરંતુ મહારાવશ્રી તેમના પ્રત્યે ઉદાસ રહ્યા તેથી આગેવાનો મક્કમ બની લડત ચાલુ રાખવા કટિબદ્ધ થયા.

એટલું જ નહીં, કચ્છની પ્રજામાં જાગૃતિ લાવવા બીજું સંમેલન કચ્છમાં જ ભરવું તેવું પ્રથમ સભામાં ઠરાવેલ હતું, તેના પરિણામે ઈ. સ. ૧૯૨૭માં લક્ષ્મીદાસ રવજી તેરશીના પ્રમુખપણા હેઠળ બીજું સંમેલન માંડવીમાં રાખવામાં આવ્યું. આ સંમેલનમાં ખાસ કરીને વહીવટમાં પ્રજાકીય ભાગીદારી દાખલ કરવાની માગણી કરતા ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા. તે સાથે 'કચ્છના વર્તમાન' અને 'કચ્છ કેસરી' નામનાં વર્તમાનપત્રો પરના પ્રતિબંધનો પણ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ સ્થાનિક સંમેલનથી કચ્છની પ્રજાને પ્રથમ વાર ભાન થયું કે રાજ્ય કે અમલદારો વિરુદ્ધ બોલી શકાય છે. આને લીધે લોકોમાં જાગૃતિ આવી અને પરિષદ પ્રત્યે અહોભાવ જાગ્યો.

મહારાવશ્રી ખેંગારજીબાવાએ દરિયાકિનારાની ઉપયોગિતા પિછાણી લીધી હતી. નિષ્ણાતોની સલાહ

અનુસાર ઈ. સ. ૧૯૨૬માં કંડલાબંદરની સ્થાપના કરી તેને બારમાસી બંદર બનાવવાનો આરંભ કર્યો હતો. ઈ. સ. ૧૯૨૭માં તે વખતના વાઈસરૉય લૉર્ડ ઈરવિનના હાથે કંડલાબંદરનું ઉદ્ઘાટન થયું હતું. આગળ જતાં આઝાદી બાદ દેશના ભાગલા પડતાં કરાંચીબંદર પાકિસ્તાનમાં જતાં તેની અવેજીમાં કચ્છ- સૌરાષ્ટ્રના કાંઠા પર આવું બંદર ઊભું કરવાની જરૂરિયાત જણાતાં નિષ્ણાતોના અભિપ્રાય મુજબ કંડલાને આધુનિક બંદર તરીકે વિકસાવવાનું નક્કી થયું. કંડલાબંદરની આજની પ્રગતિના પાયામાં મહારાવશ્રી ખેંગારજીની દીર્ઘદષ્ટિનાં દર્શન થાય છે.

ઈ. સ. ૧૯૩૧માં ગાંધી-ઈરવિન કરાર પછી લંડનમાં બીજી ગોળમેજી પરિષદ ભરવામાં આવેલ, જેમાં મહાત્મા ગાંધી, મહમદઅલી ઝીણા, સરોજિની નાયડુ વગેરે ઉપરાંત દેશી રાજ્યના કેટલાક રાજવીઓને રાજ્યના પ્રતિનિધિ તરીકે આમંત્રિત કર્યા હતા. તેમાં મહારાવશ્રી ખેંગારજીએ દેશી રાજ્યના પ્રતિનિધિ તરીકે આ પરિષદમાં હાજરી આપી હતી અને સૂચનો રજૂ કર્યાં હતાં. એમણે એવા સમવાયતંત્રની હિમાયત કરી હતી કે જેમાં દેશી રાજ્યના રાજવીઓ પણ ભાગ લઈ શકે. પરંતુ તેમના વિચારોને બ્રિટિશ તરફથી ટેકો ન મળતાં તેમની આખી યોજના પડી ભાંગી હતી.

ઈ. સ. ૧૯૩૦માં કચ્છી પ્રજાકીય પરિષદનું ત્રીજું સંમેલન યાકુબહુસેનના પ્રમુખપણા હેઠળ અંજારમાં મળ્યું હતું. આ સંમેલન મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે મળ્યું હતું. અત્યાર સુધી લડત ચલાવનારા સામે કચ્છરાજ્ય તરફથી બળનો ઉપયોગ થયો ન હતો, પરંતુ પરિષદની પ્રવૃત્તિથી લોકજાગૃતિ વધતાં રાજ્યતંત્રના મનમાં છૂપો ભય ઊભો થવા લાગ્યો હતો, તેથી રાજ્યતંત્ર કાંઈક ઉગ્ર બનવા લાગ્યું હતું. કલમ ૫૭-અ દ્વારા આગેવાનોને ડરાવવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ કાન્તિપ્રસાદ અંતાણી અને જમનાદાસ ગાંધી જેવા અનુભવી કાર્યકરોએ હિંમતપૂર્વક સંમેલન યોજ્યું. અહીં પ્રથમ વાર પરિષદે પોતે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ સાથે છે તેવી ઘોષણા કરી. આ સંમેલનથી પ્રજાકીય કાર્યકરોમાં જાગૃતિ વધી અને આ સાથે ખેડૂત-સંમેલન, અસ્પૃશ્યતાનિવારણ અને ખાદીપ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર થવા લાગ્યો હતો.

કચ્છી પ્રજાકીય પરિષદની લોકહિતની પ્રવૃત્તિઓથી પ્રજામાં પોતાના હક્ક પ્રત્યેની જાગૃતિ રાજતંત્ર માટે શિરોવેદના બની રહી હતી. પરિણામે પરિષદના કાર્યકરોને ભયભીત કરવા ઈ. સ. ૧૯૩૪માં કાન્તિપ્રસાદ અંતાણી, જમનાદાસ ગાંધી, દલપતરામ જોષી વગેરે પર જબરદસ્તીથી પૈસા કઢાવવાનું તહોમત મૂકી તેમને પકડવામાં આવ્યા હતા. જમનાદાસ ગાંધી પર બેદરકારીથી ટાંગો ચલાવવાનો કેસ થયો હતો, તો અંજારના નગરશેઠ ધરમશી પર અગાઉથી કાવતરું રચી મારામારીનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કાન્તિપ્રસાદ પર હરામી હમેલ રાખવાનું તહોમત મૂકી જાહેરમાં બદનામી કરવા અને માનસિક ત્રાસ આપવા પોલીસે પૂરતા પ્રયત્નો કર્યા હતા.

અંજારના આસારામ મહંતના આપઘાતના કેસમાં કાન્તિપ્રસાદ, જમનાદાસ વગેરેને ફસાવી તેમની ધરપકડ કરી, જેલમાં પૂરી, જેલના રીઢા કેદીઓ દ્વારા મૂઢમાર મારવામાં આવ્યો હતો. લોહીલુહાણ હાલતમાં છત્રીસ કલાક સુધી કોઈ જાતની સારવાર પણ આપવામાં આવી ન હતી. આમ ઈ. સ. ૧૯૩૩થી ૩૫ સુધી જાહેર કાર્યકરોને ડરાવવા, ધમકાવવા, હેરાન-પરેશાન કરવા અનેક ત્રાગડા રચવામાં આવતા હતા. પણ તેથી પ્રજાની જાગૃતિ વધતી ગઈ અને સીધા સામનાનું શસ્ત્ર અજમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. યુવાનો પણ અકળાયા હતા અને ક્રાંતિના હેતુથી નવયુવાન કાર્યકર સંઘની સ્થાપના કરવામાં આવી હતી, તેથી નવી અને જૂની પેઢી વચ્ચે થોડો સંઘર્ષ પણ થયો હતો. યુવાનોએ સૂવર-ચિત્તા સત્યાગ્રહ તથા રખાલ સત્યાગ્રહ જેવી પ્રવૃત્તિથી લોકોમાં અન્યાય સામે લડવાની પ્રેરણા પૂરી પાડી હતી.

ઈ. સ. ૧૯૩૪માં કચ્છી પ્રજાકીય પરિષદનું ચોથું સંમેલન ભુજ મુકામે રાખવામાં આવ્યું હતું તેના પ્રમુખ

મૂળરાજ કરસનદાસ હતા. તેમાં પ્રથમ વાર જવાબદાર રાજ્યતંત્રની માગણી કરાઈ હતી, જેમાં આ પ્રમાણે ઠરાવો થયા હતા : (૧) રાજ્ય પ્રજાનું સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર સ્થાપે. (૨) રાજ્યમાં કાયદાનું શાસન કરવા ફેડરલ કોર્ટ સ્થાપવામાં આવે. (૩) પ્રજાના મૂળભૂત અધિકારોનો સ્વીકાર થાય. (૪) ફેડરલ ધારાસભામાં પ્રજાના પ્રતિનિધિ હોવા જોઈએ. આ સાથે પોતાના અધિકારો પ્રાપ્ત કરવા પ્રજાને સંગઠિત થવા હાકલ કરવામાં આવી હતી. આથી રાજ્યતંત્ર છંછેડાયું અને દમનની શરૂઆત થઈ.

કચ્છરાજ્યમાં સ્વાતંત્ર્યસંગ્રામ વિશે જાગૃતિ લાવવા વિવિધ સંવર્ગનાં સંમેલનો યોજવામાં આવતાં હતાં. ઈ. સ. ૧૯૩૪માં કચ્છ વેપારી મહામંડળનું સંમેલન ભુજમાં યોજવામાં આવ્યું હતું, તો યુવાનોમાં જાગૃતિ લાવવા માટે કચ્છ યુવક સંમેલન યોજાયું હતું. આ યુવાનોએ એ પછીના સંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેવી જ રીતે વકીલ ઈશ્વરલાલ અંતાણીના પ્રમુખસ્થાને કચ્છ વકીલ પરિષદનું પ્રથમ અધિવેશન ભુજમાં જ મળ્યું હતું. આ સમયમાં જ હરિજન અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃત્તિને વેગ આપવા શ્રી અમૃતલાલ ઠક્કરબાપાને કચ્છમાં આમંત્રિત કર્યા હતા અને તેમના આગમન બાદ ઈ. સ. ૧૯૩૫માં શ્રી હરિજન સેવક સંઘની કચ્છ પ્રાંતિક સમિતિની રચના તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

ઈ. સ. ૧૯૩૭માં બિહારીલાલ અંતાણીના પ્રમુખસ્થાને કચ્છી પ્રજાકીય પરિષદનું પાંચમું સંમેલન યોજાયું હતું. તેમાં વડીલો અને યુવાનો વચ્ચે મતભેદો થયા. યુવાનોએ એવી ઘોષણા કરી કે અમને ગાદી પ્રત્યે વફાદારીનો ઠરાવ નથી જોઈતો. તેને પૂરતો ટેકો મળતાં યુવાનોની તાકાતની વિનીતો પર અસર પડી. સીધા સામનાના કાર્યક્રમ રૂપે ચિત્તા-સૂવર સત્યાગ્રહ અને રખાલ સત્યાગ્રહ દ્વારા રાજ્યને સમાધાન કરવાની પરિષદના યુવાવર્ગે ફરજ પાડી હતી.

કચ્છના રાજકીય વાતાવરણમાં ગરમી આવી રહી હતી. દેશના બનાવો પણ પ્રજાને પ્રોત્સાહિત કરતા હતા. આવા સમયે ઈ. સ. ૧૯૩૮માં યુવાનોના પ્રેરણામૂર્તિ યુસુફ મહેરઅલીના પ્રમુખસ્થાને મુન્દ્રામાં કચ્છી પ્રજાકીય પરિષદનું છઠ્ઠું સંમેલન યોજાયું. તેમાં યુસુફ મહેરઅલીએ સ્પષ્ટ વાત કરી કે બધાં અનિષ્ટોનું મૂળ વહીવટી તંત્ર છે. તે દૂર કરવાનો ઉપાય એકમાત્ર જવાબદાર રાજતંત્ર છે. આ ઘોષણા સ્વાતંત્ર્યની ઘોષણા બની ગઈ. સમગ્ર પ્રજાએ તેને ટેકો આપ્યો. સર્વાનુમતે ઠરાવ પસાર થયો. મુન્દ્રા સંમેલન પછી વિવિધ બનાવો દ્વારા કચ્છરાજ્ય સામે વિરોધ કરવાના પ્રયત્નો થયા. પરિણામે મહેરઅલી અને મહારાવશ્રી ખેંગારજી વચ્ચે મુલાકાત યોજાઈ, પણ તેનું કાંઈ પરિણામ ન આવ્યું, તેથી મહેરઅલીએ જવાબદાર રાજ્યતંત્ર માટેની લડતની હાકલ કરી. ૨૬ જાન્યુઆરી ૧૯૩૯ના દિવસે સંપૂર્ણ હડતાળ પાડી તે દિવસ સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવવામાં આવ્યો. પ્રજાએ રોમાંચ અનુભવ્યો.

પરંતુ એ દરમિયાન ગાંધીજીએ દેશી રાજ્યો સામેની લડત મોકૂફ રખાવી, તેથી મહેરઅલી મૂંઝાયા અને ગાંધીજી સાથે ચર્ચાવિચારણા કરી, પણ ગાંધીજીએ ટેકો ન આપ્યો એટલે મહેરઅલીએ લડત અટકાવી દીધી. યુવાનોમાં નિરાશા ફેલાઈ ગઈ. રાજતંત્રે આ નિરાશાજનક સ્થિતિનો લાભ ઉઠાવ્યો. પરિષદના કાર્યકરો પર ધાક બેસાડવા જોરજુલમ કર્યા. સભા-સરઘસો પર લાઠીચાર્જ કરવામાં આવતા હતા.

આ સમયમાં જ કચ્છરાજ્યે હુકમ બહાર પાડ્યો હતો કે જો કોઈ રેવન્યુ વહીવટનાં કામોમાં અંતરાય કરશે અથવા એમ કરવા ઉશ્કેરણી કરશે તેને તાલુકા વહીવટદાર ૨૦૦ કોરીનો દંડ કરી શકશે. આ ઉપરાંત પ્રજાકીય પ્રવૃત્તિ પર અંકુશ મૂકવા પ્રથમ વાર સભાબંધીનો હુકમ બહાર પાડ્યો હતો. આ વખતમાં જ તા. ૧-૪-૧૯૩૯ના દિવસે ભુજમાં ગંગાબાસાહેબ મિડલ સ્કૂલના પ્રાંગણમાં કચ્છરાજ્ય પ્રત્યે સન્માનની લાગણી ધરાવતા અને કચ્છનાં વિવિધ ગામોમાંથી આવેલ રાજપૂત ભાયાતોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કચ્છના રાજપૂતોના ઉત્કર્ષ

માટેના કેટલાક ઠરાવો થયેલા, પણ આ સાથે રાજપૂતોના મનમાં એવી સમજણ ઊભી કરવામાં આવી હતી કે કચ્છ સ્વતંત્ર થશે તો રાજપૂતના હક્કો છીનવાઈ જશે, તેથી જ્યારે આ સભા સરઘસરૂપે ભુજના બજારમાંથી પસાર થઈ ત્યારે રાજપૂતો આવો નારા લગાવતા હતા : 'હક્ક મથે ઠાક પઈ કર્યો કેસરિયાં'. આવા ઉગ્ર વાતાવરણથી પ્રેરાઈને સરઘસના કેટલાક લોકોએ સ્વતંત્રતાની લડત ચલાવનાર પ્રજાકીય પરિષદના કાર્યકરોના ઘર આગળ તેમના પર ધાક બેસાડવા અરાજકતાભરેલું વર્તન કર્યું હતું.

બીજી બાજુ કચ્છમાં એવા પણ જાગૃત રાજપૂતો હતા કે જેઓ તત્કાલીન પરિસ્થિતિને પામી જઈ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેતા હતા. બદલાયેલ સ્થિતિમાં પોતાના હક્કો અને ફરજોની ચર્ચા કરવા લાકડિયા ઠાકોરસાહેબ શ્રી ગજસિંહજીના પ્રમુખસ્થાને સભા યોજવામાં આવી હતી. તેમાં કોટડી, ભદ્રેશ્વર, નલિયા, સુથરી, મૌઆણા, આસંબિયા અને વિંઝાણના ઠાકોરોએ ભાગ લીધો હતો અને તત્કાલીન પરિસ્થિતિને સમજી સમાજ અને કચ્છના હિતમાં કાંઈક કરી છૂટવા પ્રયત્નો કર્યા હતા.

કચ્છરાજ્યનું જકાતનું ધોરણ ખૂબ જ નીચું હોઈ જાપાન, ચીન વગેરે દેશોમાંથી માંડવીબંદરે ઘણો વિદેશી માલ આવતો અને દાણચોરીથી સૌરાષ્ટ્ર તેમ જ ગુજરાતમાં પહોંચી જતો. બ્રિટિશ સરકારને આની પાછળ કચ્છરાજ્યનો હાથ હોવાની શંકા જતાં આ દાણચોરીને ડામવા માટે હિંદી વાઇસરૉયે કર્નલ વેબને કચ્છના દીવાન તરીકેની જવાબદારી સોંપી. કર્નલ વેબનું કામ દાણચોરીનું મૂળ શોધી તેને અટકાવવાનું હતું. આખરે કર્નલ વેબ અને કચ્છ રાજ્યના સહકારથી કેટલાક દાણચોરો ઝડપાઈ ગયા અને આ બદી ઉપર ઘણે અંશે કાબૂ આવી ગયો. બ્રિટિશ સરકારને પણ ખાતરી થઈ ગઈ કે દાણચોરી પાછળ કચ્છરાજ્યનો કોઈ હાથ નથી.

ઈ. સ. ૧૯૩૯-૪૦(સંવત ૧૯૯૬)માં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો. છન્નુની સંવત હોઈ છન્નુવાના દુષ્કાળને આજ પણ લોકો યાદ કરે છે. કચ્છના લોકોને રાહત આપવા મુંબઈમાં કચ્છ રાહત સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિને કચ્છના દાતાઓ તરફથી લાખો રૂપિયાનાં દાન મળ્યાં હતાં. આ દાનની રકમમાંથી કચ્છના દુષ્કાળપીડિત લોકોને સહાય કરવા કચ્છના કાન્તિપ્રસાદ અંતાણી, જમનાદાસ ગાંધી વગેરે પ્રજાકીય પરિષદના કાર્યકરો કામે લાગી ગયા હતા.

તો બીજી બાજુ કચ્છરાજ્ય તરફથી રૂપિયા દશ લાખ તે સમયમાં ફાળવવામાં આવ્યા હતા. દુષ્કાળગ્રસ્ત લોકોને દુષ્કાળમાં રાહતરૂપ થવા તળાવ ખોદાવવાં, બંધપાળા બાંધવા અને કાચા રસ્તા તૈયાર કરાવવા વગેરે કામો દ્વારા લોકોને રોજીરોટી પૂરી પાડવામાં આવી હતી. પશુઓ માટે પણ ઘાસચારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. છતાં આ બધું પાશેરામાં પૂણી સમાન હતું. આ દુષ્કાળમાં કચ્છમાંથી હજારો લોકોનું સ્થળાંતર થયું હતું. ભલે જાનહાનિ નહીંવત્ થઈ હતી, પણ પશુઓનો મરણાંક ઊંચો હતો. આમ છન્નુવાનો દુષ્કાળ કચ્છમાં પડેલા ભયંકર અને વિનાશક દુષ્કાળોમાંનો એક હતો.

આ અરસામાં કેટલીક પત્રિકાઓએ રાજતંત્ર વિરુદ્ધ પ્રજામાં ચળવળનો પ્રયાસ કર્યો. મુક્ત વિચારો રજૂ કરતાં પ્રથમ 'જય કચ્છ' અને પછી નામ બદલેલ 'કચ્છવિજય' તેમ જ 'કચ્છપત્રિકા' જેવાં છાપાંઓ પર પ્રતિબંધ મૂકવા કચ્છના રાજતંત્રે હુકમ બહાર પાડ્યા હતા. કચ્છરાજ્યના કડક વલણથી કચ્છી પ્રજાકીય પરિષદની પ્રવૃત્તિમાં થોડી નિષ્ક્રિયતા આવી ગઈ હતી.

ઈ. સ. ૧૯૩૯માં મહારાવશ્રી ખેંગારજીએ તે વખતના કચ્છના પ્રજાકીય આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરવા માંડવીમાં એક સભા બોલાવી હતી. આ સભામાં શ્રી સુરજી વલ્લભદાસે જવાબદાર રાજ્યતંત્રની માગણી સંબંધી પરિષદનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું હતું. તેના જવાબમા મહારાવશ્રીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કચ્છી પ્રજાકીય પરિષદની જવાબદાર રાજતંત્રની માગણીના કારણે તેમની મૂંઝવણ વધી ગઈ હતી.

અત્યાર સુધી રાજા અને પ્રજા વચ્ચે જળવાયેલ મીઠાશ ધીરેધીરે કડવાશમાં બદલાતી જતી હતી. આવી વિકટ પરિસ્થિતિમાં જ અચાનક તા. ૧૫-૧-૧૯૪૨ના રોજ મહારાવશ્રી ખેંગારજી ત્રીજા ૬૬ વર્ષ સુધી રાજશાસન ભોગવી ૭૭ વર્ષની ઉંમરે આ ફાની દુનિયા છોડી ગયા.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સ્વર્ગવાસથી કચ્છમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેઓશ્રી જૂની રાજનીતિને વરેલા હતા. તેમના સમયનું કચ્છ આખી દુનિયાથી અલગ હોય એવી તેની સ્થિતિ હતી. તેમના સમયમાં કચ્છરાજ્યને આધુનિકતાની અસર થઈ ન હતી, પણ આધુનિક દુનિયાની મર્યાદાઓથી પણ કચ્છ બચી શક્યું હતું.

મહારાવશ્રી પ્રખર વ્યક્તિત્વવાળા રાજવી હતા. તેમની પાસે અનુભવનું ભાથું હતું. તેમ જ આંતરરાષ્ટ્રીય સભાઓમાં શોભે તેવું આકર્ષક અને વિલક્ષણ વ્યક્તિત્વ તે ધરાવતા હતા.

તે સમયે જાપાનનો કચ્છ સાથેનો વેપાર એટલો બધો મોટો હતો કે જાપાને પણ પોતાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવી શોક જાહેર કરેલો.

મહારાવશ્રી વિજયરાજજી (ઈ. સ. ૧૯૪૨-૧૯૪૮)

તા. ૧૮-૧-૧૯૪૨ના યુવરાજ માધુભા મહારાવશ્રી વિજયરાજજી નામ ધારણ કરી ગાદીનશીન થયા. રાજ્યાભિષેકની વિધિ પ્રાગમહેલના પૉર્ટીકો પાસે આવેલ જોગમાયાના પ્રાચીન અને ઐતિહાસિક મંદિરમાં થઈ હતી. ત્યાં જામા પરિધાન કરી ઢોલિયા પર બિરાજેલ યુવરાજને કચ્છી માતંગ મેઘવાળની અંગુલિછેદ કરી રક્તભીની અંગુલિથી રાજતિલક કરવામાં આવ્યું હતું. ત્યારે મહારાવશ્રીની ઉંમર ૫૬ વર્ષની હતી.

યુવરાજ તરીકેના જીવન દરમિયાન તેઓશ્રી તેજસ્વી પિતાની છાયામાં ઢંકાયેલા રહ્યા હતા. તેઓશ્રી આધુનિક અને પ્રગતિવાદી વિચારસરણી ધરાવતા એક નિરભિમાની રાજવી હતા. આઝાદ ભારતના ખ્યાલોથી આકાર પામેલ પરિસ્થિતિમાં કચ્છને યોગ્ય રીતે આગળ ગોઠવવાની ક્ષમતા તેમનામાં હતી, પરંતુ તેમની નાદુરસ્ત તબિયતના લીધે તેઓ આ બાબતમાં વધુ સક્રિય થઈ શક્યા નહીં.

ઈ. સ. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળની કચ્છ પર અસર થઈ હતી. અંજાર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ હાથબનાવટનો બૉમ્બ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. મુંદ્રાની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સક્રિય પ્રવૃત્તિ ઉપાડી હતી. પરિણામે કેટલાક વિદ્યાર્થીઓની ધરપકડ થયેલી અને નવ માસની સજા પણ થયેલ.

મહારાવશ્રી વિજયરાજજીએ કચ્છરાજ્યની શાસનધુરા સંભાળી ત્યારે સમગ્ર હિંદમાં આઝાદીની લડત પુરજોશમાં ચાલી રહી હતી. આવા સંજોગોમાં પણ એક રાજવી તરીકે પ્રજા માટે કાંઈક કરી છૂટવાની ભાવના સાથે ભુજમાં એક મોટો રાજદરબાર ભર્યો હતો. આ પ્રસંગે કચ્છના પ્રતિનિધિઓ અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોને આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા. આ દરબારમાં પ્રજાને રાહત મળે તેવી કેટલીક જાહેરાતો કરવામાં આવી હતી, જેવી કે સંવત ૧૯૯૫ સુધી ખેડૂતોને ધીરેલ તગાવીની રકમ માફ કરવી, હાઈસ્કૂલની કેળવણી મફત આપવી.

હરિજન બાળકોને દરબારી શાળામાં દાખલ કરી અન્ય વિદ્યાર્થી સાથે જ બેસવાની પરવાનગી આપી હતી. હરિજનોને બસમાં બેસવાની છૂટ આપવામાં આવી હતી તેમ જ કોર્ટ-કચેરી અને રાજ્યના કોઈ પણ કાર્યાલયમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવી હતી. અગાઉ હિંસક પ્રાણીઓને મારવાની પણ મનાઈ હતી. તેની જગ્યાએ પ્રજાને રંજાડતા ચિત્તા અને પાકનો નાશ કરતા સૂવરને મારવાની છૂટ આપવામાં આવી હતી. ગ્રામ્ય પ્રજાના ઉત્કર્ષ માટે ગ્રામોદ્ધારખાતું ખોલવામાં આવ્યું હતું. પ્રજાના નાણાકીય વ્યવહારની સગવડ માટે ભુજમાં બૅન્ક ઑફ ઇન્ડિયાની શાખા ખોલવામાં આવી. રાજ્યના નોકરોના પગારમાંથી નજરાણું કાપી લેવાની પ્રથા બંધ કરાવી હતી.

કેળવણીને ઉત્તેજન મળે તે માટે દર વર્ષે આઠ નવી શાળાઓ ચાલુ કરવાના હુકમો કર્યા હતા અને કચ્છના વિદ્યાર્થીઓને આર્થિક સહાય અને પ્રોત્સાહન

મળી રહે તે માટે અમુક વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી સ્કૉલરશિપ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. કચ્છની આઠે સ્કૂલોના વિકાસ માટે અને કચ્છી હુન્નર-ઉદ્યોગોની ખિલવણી માટે મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટના પ્રિન્સિપાલ શ્રી જીરાદને કચ્છ બોલાવ્યા હતા અને પડી ભાંગેલ હુન્નરશાળાને પુનઃ જીવંત બનાવી હતી. કચ્છના હુન્નર-ઉદ્યોગોના વિકાસ માટે કચ્છ પંચ વર્ક્સ, ઑઈલ મિલ તથા મેરાઉ મૅટલ વર્ક્સનાં કારખાનાં ખોલવા માટે દરેક પ્રકારની સગવડો કચ્છ- રાજ્ય તરફથી આપવામાં આવી હતી.

પોતાના નામની યાદ અપાવતો વિજયવિલાસ મહેલ મહારાવશ્રીના પ્રાકૃતિક સૌંદર્ય અને સ્થાપત્ય-કલાના શોખનું સુંદર સ્મારક છે. મહારાવશ્રી વિજયરાજજી જ્યારે યુવરાજપદે હતા ત્યારે માંડવીના સુરમ્ય દરિયાકિનારે એ જમાનામાં રૂપિયા ૬૦ લાખનો ખર્ચ તે મહેલ બંધાવવામાં થયો હતો. ઈ. સ. ૧૯૨૦માં શરૂ થયેલ તેનું બાંધકામ દશ વર્ષ સુધી ચાલ્યું હતું. વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીને રોકી વિજયવિલાસની ચારેબાજુ નાળિયેરી, ખજૂરી, સરુ અને અન્ય વૃક્ષોનું ઉપવન બનાવવામાં આવ્યું હતું. પ્રાંગણમાં સુંદર ફુવારાવાળો બગીચો બનાવ્યો હતો. એમની જ ઉદારતાથી 'કચ્છનું વનસ્પતિશાસ્ત્ર' નામનો દળદાર ગ્રંથ બહાર પડ્યો હતો.

મહારાવશ્રી વિજયરાજજી શાસન પર આવ્યા બાદ દીવાન તરીકે શ્રી એન. મુખરજી નામના એક બંગાળી ગૃહસ્થની નિમણૂક કરી હતી. આ અરસામાં કચ્છમાં કાઉન્સિલનો વહીવટ દાખલ કરવામાં આવ્યો હતો. શ્રી મુખરજી આ કાઉન્સિલના સિનિયર સભ્ય હતા, પરંતુ આ કાઉન્સિલમાં પ્રજાનો કોઈ પ્રતિનિધિ રાખવામાં આવ્યો ન હતો.

કચ્છી પ્રજાકીય પરિષદની પ્રવૃત્તિથી રાજતંત્ર નારાજ હોઈ તેની પ્રવૃત્તિમાં થોડી શિથિલતા આવી ગઈ હતી. પરિષદની પ્રવૃત્તિને સક્રિય કરવા કાર્યકરો પરિષદનું અધિવેશન રાખવાનું વિચારી રહ્યા હતા. આ માટે શ્રી કાન્તિપ્રસાદ અંતાણીએ મહારાવશ્રી વિજયરાજજીની મુલાકાત લઈ વર્તમાન સમયમાં ભારતના રાજકારણના સંદર્ભમાં પરિષદ્‌ની શું આવશ્યકતા છે તે અંગે પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું હતું તેમ જ આ અંગે સરદાર વલ્લભભાઈ પટેલને પત્ર લખી તેમનું માર્ગદર્શન માગ્યું હતું ત્યારે સરદારશ્રીએ આવું અધિવેશન કચ્છના સ્થાનિક રહેવાસીના પ્રમુખપદે ભરવું તેવી સલાહ આપી હતી. તેમાં શ્રી મોરારજી દેસાઈ કચ્છના રાહબર રહેશે. આમ કચ્છના પ્રશ્નોનો હવાલો શ્રી સરદારે શ્રી મોરારજી દેસાઈને સોંપ્યો હતો.

આવા વાતાવરણમાં ઈ. સ. ૧૯૪૫ના ડિસેમ્બર માસમાં કચ્છી પ્રજાકીય પરિષદનું સાતમું સંમેલન શ્રી ગુલાબશંકર ધોળકિયાના પ્રમુખપદે ભુજમાં યોજવામાં આવ્યું હતું. તેમાં શ્રી મોરારજીભાઈ દેસાઈ, મૃદુલા સારાભાઈ, ભવાનજી અરજણ ખીમજી વગેરે આગેવાનોએ હાજરી આપી હતી. આ સંમેલનનો મુખ્ય મુદ્દો નાગરિક સ્વાતંત્ર્ય હતો. આ સંમેલનની સફળતાના શુભેચ્છા પાઠવતા સંદેશાઓ કચ્છ મહારાવશ્રી અને સરદારશ્રી તરફથી મળ્યા હતા. "જે ઠરાવ કરો તેનો અમલ કરજો" તેવી ખાસ ટકોર સરદારશ્રીએ પોતાના સંદેશામાં કરી હતી.

પ્રજાતંત્રની લડતે મહારાવશ્રી વિજયરાજજીના સમયમાં જોર પકડેલ તેમ છતાં અનેક રાજકીય અને વહીવટી મુશ્કેલીઓ વચ્ચે પણ મહારાવે કચ્છનાં વિકાસકામો અને પ્રજાને ઉપયોગી સુધારાઓ તરફ પૂરતું ધ્યાન આપ્યું હતું. ભુજ, અંજાર અને માંડવી જેવાં શહેરોનો વ્યવસ્થિત વિકાસ થાય અને વધતી જતી વસ્તીને રહેણાકની સુવિધા મળી રહે તે માટે આ ત્રણે શહેરોમાં વિજયનગરના નામે આધુનિક વસાહતો ઊભી કરી હતી. કચ્છને રેલવેલાઇન દ્વારા જોધપુર સાથે જોડી દેવા બન્ને રાજ્ય સંમત થતાં હિન્દ સરકારની મંજૂરીથી કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી. સિંધુનદીનાં પાણી કચ્છરાજ્યના ખર્ચે નહેર વાટે કચ્છમાં લઈ આવવા સિંધ ગવર્નમેન્ટ પાસે સૈદ્ધાંતિક સ્વીકાર કરાવ્યો હતો અને કચ્છના ઇજનેરો દ્વારા સર્વે

પણ કરવામાં આવ્યો હતો, પરંતુ ઈ. સ. ૧૯૪૭માં ભાગલા થતાં તેમનો મનોરથ ભારત સરકારની ઉપેક્ષાને લીધે અધૂરો રહી ગયો.

પ્રજાકીય રાજ્ય માટેની લોકચળવળ પછી બદલાયેલ પરિસ્થિતિ જોતાં મહારાવશ્રીને લાગ્યું કે હવે લાંબા સમય સુધી રાજાશાહી ચાલુ રહી શકશે નહીં, એટલે તેમણે કચ્છી પ્રજાકીય પરિષદની જવાબદાર રાજ્યતંત્રની માગણી ઈ. સ. ૧૯૪૭ની જાન્યુઆરીમાં જ સ્વીકારી લીધી હતી. આના અનુસંધાને હજૂર હુકમો કરી નાગરિક સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ૫૭-અની કલમ રદ કરવામાં આવી હતી તેમ જ કચ્છરાજ્ય માટે નાયબ દીવાન શ્રી જે. જે. આશરના નેજા હેઠળ બંધારણસમિતિ નીમવામાં આવી હતી. ભાયાત સેટલમેન્ટ અનુસારની જાડેજા કોર્ટનો પણ કચ્છ-રાજ્યના જાહેરનામાથી અંત આવ્યો હતો.

મહારાવશ્રી વિજયરાજજીના રાજ્યઅમલમાં કચ્છના દીવાન શ્રી નાયમપલ્લીએ વિદાય લેતાં તેમની જગ્યાએ તા. ૨૭-૧-૪૭ના રોજ શ્રી ત્રિભુવનદાસ ટી. રાજાની કચ્છના દીવાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી. નવા દીવાનની સહીથી ગૅરન્ટી-હોલ્ડર ઠાકોરો અને ભાયાતોને અન્યાયકર્તા જાહેરનામું બહાર પડતાં જ ભાયાતોમાં ખળભળાટ મચી ગયો હતો અને તેની સામે કચ્છના રાજપૂતો દ્વારા કચ્છરાજ્ય સામે કચ્છ રાજપૂત સભાના નેજા હેઠળ જોરદાર આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું, જેનું પાછળથી સુખદ સમાધાન થયું હતું.

હિંદની બંધારણસભામાં પ્રતિનિધિ મૂકવા કચ્છ-કાઠિયાવાડના મતદારમંડળ માટે કચ્છમાંથી દશ પ્રતિનિધિઓ ચૂંટીને મોકલવાના હતા. આમાં કુલ પંદર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. તેમાંથી દશ ચૂંટાયેલા જાહેર થયા હતા અને કચ્છ-કાઠિયાવાડના મતદારમંડળના સભ્ય બની તેમણે હિંદની બંધારણસભા માટે બે ઉમેદવાર ચૂંટવાના હતા. તેમાં કચ્છમાંથી (૧) શેઠ ભવાનજી અરજણ ખીમજી ચૂંટાયા હતા. (૨) સૌરાષ્ટ્રમાંથી ગગનવિહારી મહેતા ચૂંટાયા હતા. આમ કચ્છને લોકપ્રતિનિધિત્વ દ્વારા બંધારણસભામાં સ્થાન મળ્યું હતું.

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિને હિંદુસ્તાનને સ્વરાજ આપી અંગ્રેજોએ વિદાય લીધી, પરંતુ જતાં, જતાં ભારત અને પાકિસ્તાન એવા હિંદના બે ભાગલા પાડતા ગયા. પરિણામે લાખો હિંદુ નિરાશ્રિતો ભારતના આશ્રયે આવ્યા. આ લોકોને ઠેકાણે પાડવાનો મોટો પ્રશ્ન ઊભો થયો હતો. આવા સંજોગોમાં સિંધના કેટલાક આગેવાનોએ ભાવિ કંડલાબંદર અને સિંધ સાથે સામ્ય ધરાવતી કચ્છની સભ્યતાને ધ્યાનમાં લઈ પોતાના સિંધી ભાઈઓ માટે કંડલાબંદર પાસે વસાહતો ઊભી કરવાનો નિર્ણય કર્યો. આ માટે સિંધી આગેવાનોએ સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ અને મહાત્મા ગાંધીને મળી તેમનો સહકાર માગ્યો. ત્યારે કચ્છરાજ્ય હજુ હિંદ સંઘમાં વિલીન થયું ન હતું, સ્વતંત્ર હતું, તેથી કચ્છના મહારાવશ્રીને મળી તેમની અનુમતિ લેવાનું સૂચન કરવામાં આવ્યું.

તેના સંદર્ભમાં ડિસેમ્બર ઈ. સ. ૧૯૪૭ના રોજ કચ્છમાં સિંધી વસાહત માટે શ્રી નીચલદાસ વઝીરાણી અને ભાઈ પ્રતાપ દયાળદાસ કચ્છ આવ્યા. તેઓએ મહારાવશ્રી વિજયરાજજી અને પરિષદના કાર્યકરોની મુલાકાત લઈ નિરાશ્રિતોની વસાહત માટે જમીન ફાળવવા જરૂરી ચર્ચાવિચારણા કરી હતી. તેના પરિણામે મહારાવશ્રીએ પ્રેમપૂર્વક આવી વસાહત માટે જમીન આપવાની સંમતિ આપી હતી, જેના ફળસ્વરૂપે ગાંધીધામ જેવા આધુનિક નગરનું આયોજન થઈ શક્યું. તે રાજવીનું ઋણ ચૂકવવા આદિપુર-ગાંધીધામ માર્ગ પર તેમની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું છે.

તા. ૭-૨-૧૯૪૮ના રોજ ગુલાબશંકર ધોળકિયાના પ્રમુખસ્થાને ભુજમાં કચ્છી પ્રજાકીય પરિષદની મહાસમિતિ મળી હતી, જેમાં કચ્છ અને મુંબઈના તમામ સભ્યો હાજર હતા. આ સભામાં તા. ૧૫-૨-૪૮ પહેલાં જવાબદાર રાજ્યતંત્રની જાહેરાત કરવા તથા પોતાને બંધારણીય વડા તરીકે જાહેર કરવાનો મહારાવશ્રીને અનુરોધ કરવામાં આવ્યો હતો.

અન્યથા સત્યાગ્રહ અને કાનૂનભંગ આંદોલન શરૂ કરવાના નિર્ણયો થયા હતા. પરંતુ મહારાવશ્રી વિજયરાજજીની તબિયતે ચિંતાજનક વળાંક લેતાં કોઈ પણ જાતની શરત વગર પરિષદની ઍક્શન કમિટીએ લડત બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. મહારાવશ્રીની અનુમતિથી સરદાર વલ્લભભાઈ પટેલની સલાહનો સ્વીકાર કરતો એક પત્ર દીવાનશ્રીએ લખી આપેલ, જે તાત્કાલિક વિમાનમાર્ગે દિલ્હી રવાના કરવામાં આવ્યો હતો.

તેમની સારવાર માટે તબીબો બોલાવવામાં આવ્યા હતા, પરંતુ બધા જ ઇલાજો આખરે નિષ્ફળ ગયા અને તા. ૨૬-૨-૧૯૪૮ ને ગુરુવારના રોજ મહારાવશ્રી વિજયરાજજી મૃત્યુ પામ્યા. ભુજમાં તેમની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી હતી; પરંતુ તેમના અંતિમસંસ્કારની વિધિ પરંપરાગત હમીરસરના રાજ્ય સ્મશાનઘાટમાં ન કરતાં તેમની અંતિમ ઇચ્છાનુસાર વિજયવિલાસ પૅલેસના પ્રાંગણમાં પોતાની હયાતીમાં જ બંધાવી રાખેલ છતરડીમાં કરવામાં આવી હતી.

મહારાવશ્રી વિજયરાજજીના અવસાન બાદ તા. ૪-૩-૧૯૪૮ના રોજ મહારાવશ્રી મદનસિંહજીનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. મહારાવશ્રી મદનસિંહજીએ માત્ર ૮૯ દિવસ જ રાજ કર્યું. તેમનો શાસનકાળ વિશિષ્ટ અને કટોકટીભરેલો રહ્યો હતો. એક તરફ પિતાશ્રી મહારાવશ્રી વિજયરાજજીના અવસાનનો આઘાત હતો, બીજી બાજુ કચ્છરાજ્યની જવાબદારી તેમને વહન કરવાની હતી, ત્યારે જ સ્વતંત્ર ભારત સરકાર કચ્છનું ભારતસંઘમાં વિલીનીકરણ કરવા દબાણ કરી રહી હતી. આવી નાજુક સ્થિતિમાં પોતાના કુટુંબ, ભાયાતો, રાજ્યના કર્મચારીઓ અને પ્રજાનું હિત જોખમાય નહીં તે જોવાની જવાબદારી તેમણે નિભાવવાની હતી. ત્રીજું, કચ્છમાં જાડેજાવંશના ૮૦૦ વર્ષના શાસનના અંતે પૂર્ણવિરામ મૂકવાનું તેમના ફાળે આવ્યું હતું.

મહારાવશ્રી વિજયરાજજીની તબિયત તેમના શાસનકાળનાં અંતિમ વર્ષોમાં ઘણી નાદુરસ્ત રહેતી હોઈ પ્રસંગોપાત્ત રાજકીય સલાહસૂચન કે રજૂઆત માટે દિલ્હીની મીટિંગમાં હાજરી આપવાની જવાબદારી યુવરાજ મેઘરાજજી(મદનસિંહ)ને સોંપવામાં આવતી. ઈ. સ. ૧૯૪૬માં મહારાવશ્રી વિજયરાજજીની સૂચનાથી યુવરાજ મેઘરાજજીએ (મદનસિંહજીએ) દિલ્હીમાં ભારતના અગ્રગણ્ય નેતા પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલની મુલાકાત લીધી હતી, તેમને કચ્છની રાજકીય પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા અને બ્રિટિશ સરકાર સાથેની કચ્છની અલગ સંધિની વાત સમજાવીને કચ્છ એક આગવું સ્થાન ધરાવે છે અને તે સ્થાન જળવાઈ રહે તે જોવાની વિનંતી કરી હતી.

આ ઉપરાંત જ્યારે સ્ટેટ મિનિસ્ટ્રીએ કચ્છરાજ્યને સૌરાષ્ટ્ર સાથે જોડી દેવાનું સૂચન કર્યું, ત્યારે યુવરાજ મેઘરાજજીએ (મદનસિંહજીએ) લૉર્ડ માઉન્ટબેટનને મળી રજૂઆત કરી હતી કે કચ્છના ઘણા પ્રશ્નો ઉકેલવાના બાકી છે. કચ્છરાજ્યની આવક બહુ જ ઓછી છે, જેથી યોજના પાર પાડી શકે તેમ નથી.

કચ્છને ભારતના બીજા ભાગો સાથે રેલવે-જોડાણ પણ મળ્યું નથી, માટે કેન્દ્રની સાથે તેનું જોડાણ થાય એ જ ઉચિત છે. લૉર્ડ માઉન્ટબેટનને આ વાત યોગ્ય લાગતાં શ્રી વી. પી. મેનનને બોલાવી નોંધ લખાવી કે કચ્છ ભારતનું અગત્યનું સરહદી રાજ્ય છે, તે અણવિકસિત અને પછાત રાજ્ય છે, તેથી તેને કેન્દ્ર હેઠળ રાખવું જોઈએ. ઉપરોક્ત વાતની ચર્ચા સરદાર પટેલ સાથે કરતાં તેઓ પણ આ વાત સાથે સહમત થયા. આના પરિણામે આઝાદી બાદ કચ્છને 'ક' વર્ગનો દરજ્જો આપી ૧૯૫૬ સુધી કેન્દ્ર હેઠળ રાખવામાં આવ્યું હતું.

ઈ. સ. ૧૯૪૮ના જાન્યુઆરીમાં યુવરાજ મેઘરાજજી(મદનસિંહજી)એ દિલ્હીમાં મહાત્મા ગાંધીજીની ખાસ મુલાકાત લીધી ત્યારે ત્યાં મોજૂદ તે સમયના કૉંગ્રેસ-પ્રમુખશ્રી આચાર્ય કૃપાલાણી સાથે સિંધી નિરાશ્રિતોને કચ્છમાં વસાવવાની વાત નીકળતાં યુવરાજશ્રીએ મહાત્મા ગાંધી સમક્ષ કચ્છના

મહારાવશ્રીએ નિરાશ્રિતોના વસવાટ માટે જે મંજૂરી આપી છે તેની ગાંધીજીની પ્રાર્થનાસભામાં જાહેરાત કરવાની ઇચ્છા વ્યક્ત કરી, ત્યારે ગાંધીજીએ આ હકીકતને યોગ્ય સમયે જાહેર કરવા જણાવ્યું. પરંતુ કમનસીબે આ મુલાકાતના બે દિવસ બાદ ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે પ્રાર્થનાસભામાં જ ગાંધીજીની હત્યા થઈ. યુવરાજ મેઘરાજજી હજુ દિલ્હીમાં જ રોકાયા હતા. ગાંધીજીની અંતિમવિધિ બાદ તેમની અસ્થિભસ્મ ભારતનાં ઘણાં સ્થળે લઈ જવાની હતી. યુવરાજ મદનસિંહજીએ પણ આ અસ્થિભસ્મ કચ્છમાં લઈ જવા વિચાર્યું અને આ બાબતે આચાર્ય કૃપાલાણીજી અને ભાઈ પ્રતાપ સાથે વિચારવિમર્શ કરી ચાર્ટર્ડ પ્લેનમાં એ ભસ્મ લઈ આચાર્ય કૃપાલાણી, ભાઈ પ્રતાપ અને બીજા ભાઈઓ સાથે યુવરાજ મેઘરાજજી (મદનસિંહજી) ભુજ આવ્યા. ત્યાંથી બધા ગાંધીધામ આવ્યા અને ભસ્મની પ્રતિષ્ઠા સાથે ત્યાં ગાંધીમંદિરની સ્થાપના કરવામાં આવી. આ ઘટનાના થોડા દિવસો બાદ મહારાવશ્રી વિજયરાજજીનું અવસાન થતાં ગાંધીધામ યોજના અંગેની અધૂરી રહેલી મંત્રણાઓ મહારાવશ્રી મદનસિંહજીએ પૂરી કરી હતી. ગાંધીધામની રચના માટે વધુ જમીન વિનામૂલ્યે ફાળવી પૂરતો સાથ-સહકાર આપ્યો હતો.

કચ્છના છેલ્લા રાજવી તરીકે મહારાવશ્રી મદનસિંહજીને ટૂંક સમયમાં જ કચ્છનું વિલિનીકરણ કરવાનું નિશ્ચિત જ હોઈ ગણતરીના દિવસોમાં જ અનેક ઐતિહાસિક નિર્ણયો લેવા પડ્યા હતા. આવા નિર્ણય લેતી વખતે તેમણે કચ્છ અને કચ્છની પ્રજાના હિતને હંમેશાં નજર સમક્ષ રાખ્યું હતું, સાથેસાથે મહાન ભારતના સર્જનમાં કચ્છરાજ્યનું વિસર્જન કરી પૂરતો સાથ અને સહકાર આપ્યો હતો.

મહારાવશ્રી મદનસિંહજીએ બધી બાજુનો વિચાર કરી કચ્છના હિતમાં કચ્છરાજ્યને ભારતસંઘમાં જોડવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. કચ્છના ભાયાતો પરનાં કચ્છનાં તમામ લેણાં માફ કરી તેમને મોટા કરજમાંથી મુક્ત કર્યા હતા. કચ્છની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓને નાણાકીય સહાય આપવાનાં ફરમાન કર્યાં હતાં.

સામાન્ય રાજાશાહી પરંપરા મુજબ કોઈ પણ રાજા ગાદી પર આવે ત્યારે તેના નામના સિક્કા યાદગીરીરૂપે બહાર પાડવામાં આવતા. તે પ્રણાલિકા મુજબ મહારાવશ્રી મદનસિંહજીના નામના કોરીના સિક્કાની એક બાજુ મહારાવશ્રી મદનસિંહજીનું નામ અને સાલ છાપવામાં આવ્યાં હતાં, જ્યારે પાછળની બાજુ બ્રિટિશ રાજવીના નામને બદલે દેવનાગરીમાં 'જય હિન્દ' છાપાવી ભાવિનો સંકેત આપી દીધો હતો.

કચ્છમાં રાજાશાહીનાં અંતિમ વર્ષોમાં કચ્છી પ્રજાકીય પરિષદની જવાબદાર રાજતંત્રની માગ સાથેની લડત ચરમ સીમા પર હતી. તે સમયમાં જ ૧૯૪૭માં તે સમયના મહારાવશ્રી વિજયરાજજીએ જાહેરનામા દ્વારા કચ્છના જાગીરદારો અને ભાયાતો પર વહીવટી કર અને બંદૂક પરવાના ફીના નવા કાયદા લાગુ કર્યા હતા, જેને જાગીરદારો અને ભાયાતો પોતાના સ્વતંત્ર અધિકારો પરનું અતિક્રમણ સમજતા હતા. તેની સામે લડત આપવા કચ્છ રાજપૂત સભાની સ્થાપના કરવામાં આવી હતી. આ રાજપૂત સભાના આગેવાનાએ કચ્છનાં વિવિધ ગામોમાં ફરી રાજપૂત સમાજમાં જાગૃતિ આણી હતી. આવા સંક્રાંતિકાળમાં મહારાવશ્રી મદનસિંહજીએ રાજ્યધુરા સંભાળતાંની સાથે જ તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સમયોચિત જાહેરાતો કરી હતી. જે મુદ્દે કચ્છરાજ્ય અને કચ્છના રાજપૂતો વચ્ચે સંઘર્ષ ઊભો થયો હતો, તેની સામે મહારાવશ્રી મદનસિંહજીએ ફરમાનો બહાર પાડી કચ્છના ભાયાતોને અન્યાયકારી લાગતા કાયદા રદ કર્યા હતા અને સુખદ સમાધાન થયું હતું તેમ જ દિલ્હીમાં હિંદ સરકારના રિયાસતખાતાના મંત્રી શ્રી વી. પી. મેનન સાથે જરૂરી વિચારવિમર્શ કરી તા. ૧૯-૩-૧૯૪૮ના રોજ મહારાવશ્રી મદનસિંહજી દ્વારા કચ્છમાં આવી અસાધારણ જાહેરનામામાં પોતાની સહીથી એક જાહેરાત પ્રગટ કરવામાં આવી હતી કે નામદાર મહારાવશ્રીની આગેવાની હેઠળ કચ્છ-રાજ્યમાં તરત જ જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના થશે.

કચ્છના દીવાનપદમાં ફેરફાર થયો. દીવાન ત્રિભોવનદાસ. રાજા નિવૃત્ત થતાં મહારાવશ્રીએ શ્રી જે. જે. આશરની કચ્છના દીવાનપદે નિમણૂક કરી હતી. ઘણા સમય પછી એક કચ્છી દીવાનપદે આવ્યા હતા.

કચ્છના નામદાર મદનસિંહજીએ તા. ૪-૫-૧૯૪૮ના રોજ હિંદ સંઘ સાથે કચ્છ મર્જર એગ્રીમેન્ટ કર્યો હતો. તે અનુસાર તા. ૧-૬-૧૯૪૮ના રોજ કચ્છ-રાજ્યનો વહીવટ હિંદ સંઘના પ્રતિનિધિ ચીફ કમિશનરશ્રીને સોંપવા નિર્ણય લેવાયો હતો. આ ગોઠવણ મુજબ કચ્છ માટે નિમાયેલ ચીફ કમિશનર શ્રી સી. કે. દેસાઈએ કચ્છ આવી પોતાનો કાર્યભાર સંભાળી લીધો હતો. તા. ૧-૬-૧૯૪૮ના રોજ સવારમાં ઉમેદભવન ખાતે સત્તાસોંપણીના ખાસ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કચ્છના અનેક આગેવાનો અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. કચ્છરાજ્ય વતી કચ્છના અંતિમ દીવાન શ્રી જે. જે. આશરના હાથે કચ્છનો કબજો કચ્છના નવા નિયુક્ત ચીફ કમિશનરશ્રી સી. કે. દેસાઈને યોગ્ય વિધિપૂર્વક સોંપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભારતના રિયાસતખાતાના પ્રધાન તેમ જ નાયબ વડાપ્રધાન શ્રી વલ્લભભાઈ હાજર રહેવાના હતા, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે તે આવી શક્યા ન હતા, તેથી તેમણે કચ્છના નામદાર મહારાવશ્રી અને કચ્છની પ્રજાજોગ એક સંદેશો મોકલ્યો હતો જે નીચે મુજબ હતો :

"કચ્છના ઇતિહાસના આ યાદગાર પ્રસંગે મારી નાદુરસ્તીને કારણે આપની સમક્ષ હું હાજર રહી શકતો નથી, તેથી હું ઘણો દિલગીર છું. કચ્છનું રાજકીય, ભૌગોલિક અને આર્થિક મહત્ત્વ ઘણું છે. તે હિન્દનું એક અગત્યનું સરહદી થાણું છે. વિકાસમાં તે પછાત છે, છતાં તેની કુદરતી સંપત્તિ વિશાળ શક્યતાઓથી ભરેલી છે. ઘરમાંથી વિખૂટા થઈ ગયેલા નિરાશ્રિતો જેમને મદદ, રાહત અને પુનર્વસવાટની ઘણી જરૂર છે તેમને વસાવવા સારુ કચ્છમાં ઘણો અવકાશ છે. કચ્છની પ્રજાની તાકાત, ધૈર્ય, સંપત્તિ અને સાહસિકતા ઘણી છે. તે તેમના આ ગુણોની પૂરતી સાબિતી છે.

અખિલ હિંદના હિતને હંમેશાં પ્રાધાન્ય આપવાની તત્પરતા બતાવી કચ્છની પ્રજાએ હિન્દના સ્વાતંત્ર્યસંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સમસ્ત હિન્દના હિતની દૃષ્ટિએ બીજા કોઈ એકમ સાથે જોડવા કરતાં મધ્યસ્થ સરકારના એક એકમ તરીકે હિન્દ સંઘ સાથે કચ્છ જોડાય એ આવશ્યક હોવાની હિન્દ સરકારની સલાહ માન્ય રાખવામાં કચ્છના નામદાર મહારાવશ્રી તથા તેમની પ્રજાએ જે નિર્ણય કર્યો છે તે રાષ્ટ્રના હિત ખાતર તેમણે કરેલા સ્વાર્થત્યાગની સાબિતી છે. આ શાણા તથા સ્વદેશાભિમાનથી ભરેલા નિર્ણય સારુ હું નામદાર મહારાવશ્રી અને કચ્છની પ્રજા બંનેને અભિનંદન આપું છું અને એક ઘણા મહત્ત્વના પ્રશ્નનો નિકાલ કરવામાં હિન્દ સંઘને જે મોટી મદદ આપી છે તે સારુ તેઓનો આભાર માનું છું.

કચ્છના રાજવી અને પ્રજાને હું ખાતરી આપું છું કે મધ્યસ્થ સરકાર તરફથી પ્રજાનાં હિત અને કલ્યાણ તરફ હંમેશાં સંપૂર્ણ સહાનુભૂતિપૂર્વક ધ્યાન આપવામાં આવશે. આપ નિશ્ચિંત રહેજો. જોકે આપનું ભલું અને ઉન્નતિ મારી સતત ચિંતાનો વિષય રહેશે. આપ નવા રાજ્યતંત્રને હાર્દિક ટેકો અને સહકાર આપશો તે બાબતે મને શંકા નથી. વાદવિવાદ કે સંકુચિત દૃષ્ટિબિંદુને અવકાશ ન હોય તેવાં ગંભીર કારણો અને સંજોગોને લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હું આશા રાખું છું કે આ નવા રાજ્યતંત્ર સાથેના વ્યવહારમાં કચ્છની પ્રજાએ જે વિશાળ દૃષ્ટિબિંદુ અને પરસ્પર સમજૂતીની ભાવના બતાવ્યાં છે તે સતત કાયમ રાખશે.

કચ્છની પ્રજા સર્વ રીતે ખુશ અને સમૃદ્ધ થાય એમ હું ઇચ્છું છું અને દેશના હિત માટે આત્મત્યાગની જે ભાવના કચ્છના રાજવીએ બતાવી છે તે સારુ નામદારને મારાં હાર્દિક અભિનંદન આપું છું તથા નવા રાજતંત્રને સફળતા ઇચ્છું છું."

આ પ્રસંગે કચ્છના નામદાર મહારાવશ્રી મદનસિંહજીસાહેબનો સંદેશો નીચે મુજબ હતો :

"રાજતંત્રની ફેરબદલીને પ્રસંગે સંદેશો મોકલવા સારુ હું સરદાર પટેલ અને હિંદ સરકારનો આભારી છું.

જીવનમાં કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો તે સહેલું નથી. પણ હિન્દના ભાગલાએ કચ્છ હિંદ સરકારની સીધી દેખરેખ તળે હોય એ અનિવાર્ય બનાવ્યું છે. કચ્છના વ્યવહારની સુધારણા અને તેની કુદરતી સંપત્તિના વિકાસ સારુ કરોડો રૂપિયાની જરૂર છે અને આ ખર્ચ કરવામાં હિન્દ સરકાર અચકાશે નહીં તેની મેં ખાતરી કરી છે. કચ્છના રાજતંત્રનું અને પ્રજાનાં જીવનનું ધોરણ હિન્દના બીજા કોઈ પ્રાંતની સાથે સરખાવી શકાય તે પ્રમાણે રાખવામાં આવશે એમ પ્રધાનમંડળે મને વચન આપ્યું છે. તે સંજોગોમાં કચ્છના અને આપણા મહાન દેશ, જેનું સ્વાતંત્ર્ય આપણને સૌને વહાલું છે, તે બંનેના હિતની દૃષ્ટિએ માનનીય અને પ્રૌઢ રાજપુરુષ સરદાર પટેલની સલાહ સ્વીકારવામાં મને જરા પણ સંકોચ થયો ન હતો. કચ્છની જનતાના કલ્યાણમાં હું હાલની માફક જ ઊંડો રસ લઈશ.

કચ્છની સુધારણાની દરેક યોજનામાં હું મદદ કરવા પ્રયત્ન કરીશ અને શક્ય તેટલી રીતે કચ્છના રાજ્યતંત્રને મદદ કરવા મારી ઇચ્છા છે. હિન્દ સરકારને હાર્દિક સહકાર આપવા અને તેમના તરફ વફાદાર રહેવા તથા આર્થિક સુધારણા તથા બીજી મુશ્કેલીઓનું નિવારણ જે હિન્દનાં વિશાળ સાધનસંપત્તિનો તે પરત્વે ઉપયોગ થતાં અનિવાર્ય બને છે.

કચ્છમાં આપની વચ્ચે શક્ય તેટલો સમય રહેવા મારો ઇરાદો છે. આ પ્રાચીન અને યશસ્વી રાજ્યની જનતાના કલ્યાણ સારુ લાભદાયક યોજના કરવામાં હું મારો સમય વ્યતીત કરવાની આશા રાખું છું.

મહાત્માજીએ પોતાના જીવન દરમિયાન જે મહાન આદર્શો સારુ કાર્ય કર્યું છે, તે પ્રત્યેની મારી અંજલિના પ્રતીક તરીકે મહાત્મા ગાંધી મેમોરિયલ ફંડમાં કોરી ત્રણ લાખ આપવાનો હુકમ કરવામાં આવ્યો છે તે જાહેર કરવાની હું આ તક લઉં છું.

સરદાર પટેલે જે લાગણીભર્યા શબ્દો વાપર્યા છે ને ખાસ કરીને આત્મત્યાગ બાબત જે ઉલ્લેખ કર્યો છે તે સારુ હું ફરી આભાર માનું છું. મને લાગે છે કે મારી પ્રજાના સાચા હિત સારુ મેં ખરે વખતે યોગ્ય પગલું ભર્યું છે."

ઉપરોક્ત સંદેશાઓના વાચન બાદ ચીફ કમિશનર શ્રી સી. કે. દેસાઈ સાહેબનું નીચે મુજબ ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું હતું :

"હિંદ સરકારના નાયબ વડાપ્રધાન અને રાજસ્થાની ખાતાના પ્રધાન સરદારસાહેબનો સંદેશો આપે સાંભળ્યો છે, તેથી વધુ મારે માટે કાંઈ કહેવાનું નથી. કચ્છી પ્રજાના તમામ વર્ગના સુખ-શાંતિ અને વિકાસ સારુ હું મારાથી બનતું બધું જ કરીશ અને મને ખાતરી છે કે કચ્છની પ્રગતિ અને ઉન્નતિ સાધવામાં પ્રજાના સર્વ વર્ગનો સહકાર મળશે.

નામદાર મહારાવશ્રીએ કચ્છની રાજ્યધુરા હિંદ સરકારને સુપરત કરવામાં જે આત્મત્યાગ કર્યો છે તે પ્રશંસનીય છે અને તે સારુ નામદારને અભિનંદન આપું છું. હું આપ સર્વેને ફરી ખાતરી આપું છું કે કોઈ પણ ભેદભાવ રાખ્યા સિવાય સમસ્ત પ્રજાનાં સુખશાંતિ અને આબાદી સારુ હું બધું જ કરીશ."

ત્યાર બાદ ચીફ કમિશનર શ્રી સી. કે. દેસાઈ સાહેબે સર્વે પ્રત્યે પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી અને આમ કચ્છરાજ્યના સત્તાહસ્તાંતરણનો એક અનોખો ઐતિહાસિક પ્રસંગ સંપન્ન થયો હતો. કચ્છની ધરતી પર ઈ. સ. ૧૧૪૭થી શરૂ થયેલ જાડેજા-વંશની શાસનયાત્રા ઈ. સ. ૧૯૪૮માં પૂર્ણ થઈ ત્યારે કચ્છના જાડેજાવંશના અંતિમ રાજવી મહારાવશ્રી મદનસિંહજીને રાજ્ય સમર્પિત કર્યાનો અફસોસ થયો ન હતો, પરંતુ પ્રજાના જાહેર હિતમાં સત્તાનો ત્યાગ કરી પ્રજાતંત્રમાં સહભાગી થવાનો હર્ષ અનુભવ્યો હતો.

આમ કચ્છના વિલીનીકરણ સમયે કચ્છના રાજવી અને તત્કાલીન આગેવાનોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી કચ્છને 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો આપી કેન્દ્રના વહીવટ નીચે મૂકવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૯૪૮થી ૧૯૫૬ સુધી કચ્છરાજ્ય કેન્દ્ર

સરકારના હાથ નીચે રહ્યું. ત્યાર બાદ ઈ. સ. ૧૯૫૬ના નવેમ્બરમાં મુખ્યત્વે વહીવટી તંત્રમાં કરકસર કરવાના હેતુથી દ્વિભાષી મુંબઈ રાજ્યના એક જિલ્લા તરીકે કચ્છનો સમાવેશ કરવામાં આવ્યો. પાછળથી મુંબઈ રાજ્યનું ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યમાં વિભાજન થતાં ઈ. સ. ૧૯૬૦ મે માસમાં ગુજરાત રાજ્યના એક જિલ્લા તરીકે કચ્છનો સમાવેશ કરવામાં આવ્યો હતો.


કચ્છના જાડેડાવંશ શાસન દરમિયાન રાજવીઓ (ઈ.સ. ૧૧૪૭-૧૯૪૭)


- ૧૧૪૭-૧૧૭૫ : જામ લાખો
- ૧૧૭૫-૧૨૧૫ : જામ રાયધણ
- ૧૨૧૫-૧૨૫૫ : જામ ઓઢો
- ૧૨૫૫-૧૨૮૫ : જામ ઘાઓજી
- ૧૨૮૫-૧૩૨૧ : જામ વહેણજી
- ૧૩૨૧-૧૩૪૭ : જામ મૂળવોજી
- ૧૩૪૭-૧૪૧૪ : જામ કાંયાજી
- ૧૪૧૪-૧૪૨૯ : જામ આમરાજી
- ૧૪૨૯-૧૪૭૨ : જામ ભીમજી
- ૧૪૭૨-૧૫૦૬ : જામ હમીરજી
- ૧૫૧૦-૧૫૮૬ : રાવ ખેંગારજી
- ૧૫૮૬-૧૬૩૨ : રાવ ભારમલજી
- ૧૬૩૨-૧૬૪૫ : રાવ ભોજરાજજી
- ૧૬૪૫-૧૬૫૪ : રાવ ખેંગારજી બીજા
- ૧૬૫૫-૧૬૬૬ : રાવ તમાચીજી
- ૧૬૬૬-૧૬૯૮ : રાવ રાયધણજી
- ૧૬૯૮-૧૭૧૫ : રાવ પ્રાગમલજી
- ૧૭૧૫-૧૭૧૯ : રાવ ગોડજી
- ૧૭૧૯-૧૭૫૨ : રાવ દેશળજી
- ૧૭૫૨-૧૭૬૧ : રાવ લખપતજી
- ૧૭૬૧-૧૭૭૯ : રાવ ગોડજી બીજા
- ૧૭૭૯-૧૮૧૪ : રાવ રાયધણજી બીજા
- ૧૮૧૪-૧૮૧૯ : રાવ ભારમલજી બીજા
- ૧૮૧૯-૧૮૬૦ : રાવ દેશળજી બીજા
- ૧૮૬૦-૧૮૭૬ : રાવ પ્રાગમલજી બીજા
- ૧૮૭૬-૧૯૪૨ : રાવ ખેંગારજી ત્રીજા
- ૧૯૪૨-૧૯૪૮ : રાવ વિજયરાજજી
- ૧૯૪૮- (૪-૩-૪૮થી ૩૧-૫-૪૮ રાવ મદનસિંહજી)
- ૧-૬-૧૯૪૮થી કચ્છ રાજ્ય સ્વતંત્ર ભારત સંઘ રાષ્ટ્રનું ભાગ બન્યું.


સંદર્ભ : 'છેલ્લા હજાર વર્ષનું કચ્છ' (૨૦૦૩) લેખક, હરેશ ધોળકિયા.





કચ્છ રાજ્યના સમયના દસ્તાવેજી નમૂના














૧૪. કચ્છની ન્યાયવ્યવસ્થા

હરેશ ધોળકિયા

ધોળાવીરાથી મહારાવ લખપતજી સુધી કચ્છની ન્યાયવ્યવસ્થા વિશે કંઈ જ માહિતી મળતી નથી. એમ લાગે છે કે રાજાઓ જ ન્યાય આપવાનું કામ કરતા હશે. કોઈ અલગ ન્યાયવ્યવસ્થા અમલમાં નહીં હોય. છેક મહારાવ લખપતજીના સમય દરમિયાન તેમણે લીધેલ પગલાંઓની માહિતીની નોંધ મળે છે.

કચ્છના રાજાઓના સમય દરમિયાન વહીવટમાં બેવડી વ્યવસ્થા પ્રવર્તતી હતી. તે કારણે ન્યાયતંત્રમાં પણ બે અલગ વ્યવસ્થા હતી. કચ્છના રાજાઓનો 'ખાલસા' ગામોની સરહદ પર કાબૂ હતો, તો ભાયાતી અથવા તો રાજપૂત મુખિયાઓનો પોતે જે ગામો પર રાજ્ય કરતા હતા તેના પર કાબૂ હતો. આ ભાયાતની સંસ્થાનો ઉદ્‌ભવ કચ્છના રાજપૂતોની એક પરંપરામાંથી ઉદ્‌ભવ્યો હતો કે રાજાના બધા જ કુંવરોને રાજ્યમાંથી ભાગ મળવો જોઈએ. આના પરિણામે બે-તૃતીયાંશ અથવા તો અર્ધો જ કહો, કચ્છનો પ્રદેશ આ ભાયાતોના હાથમાં ચાલ્યો ગયો હતો. પાછળથી બ્રિટિશરોએ તેમને વિશિષ્ટ હકો આપી વધારે સ્વતંત્ર બનાવ્યા હતા.

આની શરૂઆત રાવ પ્રાગમલજી પહેલાએ બારોબાર ગાદી પડાવી લીધી ત્યારે થઈ. આ ગાદી ટકાવવા તેમને ટેકો આપ્યો તે બધાને વિવિધ જાગીરો આપી ખુશ કરવા પડ્યા. આ કારણે સત્તાની વહેંચણીની શરૂઆત થઈ. પાછળથી તેને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરાયો, પણ અવ્યવસ્થાનાં મૂળિયાં પડી ગયાં હતાં અને ભાયાતોને સ્વતંત્રતા સદવા લાગી હતી. પછી રાયધણજી બીજાના સમયમાં પરિસ્થિતિ વધારે બગડી. રાવ રાયધણજીના સમયમાં તેમની બેદરકારીને કારણે તથા સીદીઓના ગેરવહીવટને કારણે કચ્છમાં અંધાધૂંધી વ્યાપી ગઈ હતી. થોડો વખત તો ફતેહમામદે સ્થિતિ સંભાળી, પણ રાયધણજીના વંશજ બાબત માથાકૂટ થઈ, તે કારણે ભાયાતોનો અવાજ સબળ બનવા લાગ્યો. મહેસૂલ ઉઘરાવવા કે ન્યાય આપવાનું ભાયાતો જાતે જ સંભાળવા લાગ્યા. તેમાં રાવની કશી સત્તા ન ચાલતી.

મહારાવ લખપતજીએ આ બાબતમાં સુધારો કરવા પ્રયાસ કર્યો. તેમણે સૌથી બળવાન ભાયાત અને મહારાવ વચ્ચે શું તફાવત છે તે દર્શાવવા અને તેને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવા ભુજમાં કાયદેસર કોર્ટની સ્થાપના કરી. તેનો ચુકાદો અંતિમ મનાય તેવા પ્રયાસો તેમણે કર્યા.

મહારાવ ભારમલજીના સમયમાં સ્થિતિ વધારે બગડી. ભારમલજીએ બ્રિટિશ કંપનીના આદેશોનું પાલન ન કરતાં બ્રિટિશરોએ તેમના પર ચડાઈ કરી. આ વખતે ભાયાતો તેમની સાથે ભળી જતાં ભારમલજીને હાર ખમવી પડી. તેમની સાથે પહેલાં ૧૮૧૬માં કરાર કરવામાં આવ્યો. તેને પણ ન માનતાં તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા અને દેશળજીને ગાદીએ બેસાડવામાં આવ્યા. આમાં બ્રિટિશરોની દૃષ્ટિએ ભાયાતોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, એટલે તેમની દૃષ્ટિમાં તેમનું મહત્ત્વ વધ્યું. આનો લાભ લઈ ભાયાતોએ તેમની પાસેથી પોતાના વિશિષ્ટ અધિકારો માગ્યા.

આના આધારે ૧૮૧૯માં ફરી કરાર થયા અને તેમાં જેમ મહારાવના આંતરિક વહીવટમાં બ્રિટિશ સરકાર દખલ નહીં કરે, તે જ રીતે ભાયાતોના આંતરિક મામલામાં મહારાવ દખલ નહીં કરે. બ્રિટિશરોએ ભાયાતોને ખાતરી આપી કે તેઓ મહારાવની દખલગીરી વિના જ પોતાની મિલકતનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકશે. આમ, ભાયાતો વધારે ને વધારે બળવાન અને સ્વતંત્ર બનતા ગયા. તેને પરિણામે પછીનાં બધા જ મહારાવોને ભાયાતોની સત્તા ઘટાડવા અને પોતાનો પ્રભાવ વધારવા છેલ્લે સુધી બ્રિટિશ

સરકાર સાથે સંઘર્ષ કરવો પડ્યો. પાછળથી બ્રિટિશ સરકાર આ કરારની મર્યાદાને સમજી, પણ તે બાબતે તેણે છેલ્લે સુધી નક્કર પગલાં ભર્યાં નહીં. આનું ખરાબ પરિણામ એ આવ્યું કે ભાયાતો પોતાની મિલકત ભોગવતા હતા, પણ કચ્છના કલ્યાણની જવાબદારી રાજા પર રહેતી હતી. કોઈ યુદ્ધ થાય તો રાજા ભાયાતો પાસેથી લશ્કર લઈ શકે, પણ લશ્કર રહે ત્યાં સુધી તેનું ખર્ચ તેણે ભોગવવું પડતું.

આના સંદર્ભમાં કચ્છમાં ન્યાયતંત્ર કેમ કામ કરતું હતું તે જોવું રહે. સિવિલ અને ક્રિમિનલ કોર્ટો કેમ સ્થપાઈ અને કેમ કામ કરતી હતી તે પણ જોવું રહે.

૧૮૫૪ પહેલાં ભાયાતો પોતાના વિસ્તારો પર હકૂમત કરતા અને તે વિસ્તારમાં જે કાંઈ વિવાદ, ચોરી-ચપાટી કે બીજા નાના ગુના થાય, તેનો ન્યાય આપતા. પણ જો માલિકો વચ્ચે વિવાદો થાય કે ખૂન જેવા ગંભીર ગુના થાય, તો તે કચ્છના દરબારમાં ન્યાય માટે મોકલવામાં આવતા. જોકે, વાગડમાં ગંભીર ગુનાઓ શરૂઆતમાં એજન્સી પોલીસ દ્વારા તપાસવામાં આવતા અને પછી દરબાર પાસે મોકલવામાં આવતા. રાવના હાથ નીચે જે ખાલસા ગામો હતાં, ત્યાં જે નાના ગુનાઓ થતા, તેમને મહેસૂલ અધિકારીઓ પતાવવાનો પ્રયત્ન કરતા, પણ ગંભીર ગુનાઓ રાવને પહોંચાડતા. તેમને રાવ અંગત રીતે તપાસતા અને ન્યાય આપતા. સિવિલ કિસ્સાઓ કાં તો રાવ જાતે સાંભળતા અથવા તો તેમણે રચેલ કોર્ટ દ્વારા સાંભળવામાં આવતા. તેને પંચાયત કહેવાતી. તેમાં ભાયાતના એક સભ્ય રહેતા અને એક અધિકારી રહેતા. મોટા ભાગના ગુનાઓમાં સજા તરીકે દંડ અથવા તો તેને બદલે જેલની સજા આપવામાં આવતી. ન્યાયતંત્રમાં સુધારાની શરૂઆત ત્યારે થઈ જ્યારે ૧૮૬૯માં બ્રિટિશ જિલ્લાઓમાં જે નમૂનારૂપ કાયદાઓ હતા તેને આધારે કચ્છમાં પણ સિવિલ અને ક્રિમિનલ પ્રોસિજર કોડ દાખલ કરવામાં આવ્યા.

૧૮૭૯માં કચ્છમાં ત્રણ પ્રકારની કોર્ટો અસ્તિત્વમાં આવી : માત્ર રાવના હકૂમત નીચેના પ્રદેશો માટેની, ભાયાતોની હકૂમતના પ્રદેશો માટેની અને એ કોર્ટો જેની સત્તા સમગ્ર કચ્છમાં રહેતી. રાવનાં ગામોમાં મહેસૂલ અને ન્યાયિક સત્તાઓ, મોટા ભાગે, અલગ રાખવામાં આવતી હતી. વહીવટી હેતુ માટે તથા યોગ્ય નિરીક્ષણ માટે રાજ્યને આઠ પેટા વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. તે દરેકને એક પેટા જજ, જેમને ન્યાયાધીશ કહેવાતા, તેના ચાર્જ હેઠળ રાખવામાં આવતા. તે સિવિલ અને ક્રિમિનલ બન્ને સત્તાઓ ધરાવતા. આમાં પણ ભચાઉ, મુંદ્રા અને લખપતમાં મહેસૂલના વધારાના અધિકારો અપાયા હતા. આ ન્યાયાધીશોને બે વર્ગોમાં વહેંચવામાં આવ્યા હતા. જેઓ પ્રથમ વર્ગના ન્યાયાધીશ બનાવાયા હતા, તેમને એક વર્ષની કેદની સજા આપવાની અને ક્રિમિનલ કેસોમાં રૂ. ૨૫૦નો દંડ આપવાની અને સિવિલ કેસોમાં રૂ. ૧૨૫૦નો દંડ આપવાની સત્તા આપવામાં આવી હતી. બીજા વર્ગમાં આવતા ન્યાયાધીશો રૂ. ૫૦૦ સુધીના સિવિલ કેસો લઈ શકતા અને ક્રિમિનલ કેસોમાં રૂ. ૬૦નો દંડ કે ત્રણ માસની સજા આપી શકતા. આ આઠ પેટા ન્યાયાધીશોમાં રાપર, અંજાર, ભુજ, માંડવી અને અબડાસામાં પ્રથમ વર્ગના ન્યાયાધીશો હતા અને ભચાઉ, મુંદ્રા અને લખપતમાં બીજા વર્ગના ન્યાયાધીશો હતા. આ પેટા ન્યાયાધીશો ઉપરાંત ખડીર, ખાવડા અને નખત્રાણામાં થાણેદારો પણ બીજા વર્ગની સત્તાઓનો ઉપયોગ કરી શકતા. આ કોર્ટો વરિષ્ઠ અદાલત નામે ઓળખાતી. તે હાઈકોર્ટ નીચે કામ કરતી. તેના અધ્યક્ષ નાયબ દીવાન રહેતા. તેને એક આસિસ્ટંટ ન્યાયાધીશ મદદ કરતા. તે જિલ્લા કોર્ટોની હકૂમત બહાર હોય તેવા કેસો અને તેની અપીલો તથા ૧૮૭૨નાં સેટલમેન્ટ અનુસાર જે ગેરંટી-હોલ્ડરો હોય તેમના કેસો સંભાળતી. આમ, વરિષ્ઠ અદાલતની બે બાજુઓ હતી : એક પક્ષે ખાલસા અને બીજા પક્ષે જાડેજા. તે સમગ્ર રાજ્યમાં સિવિલ અને ક્રિમિનલ બાબતે સર્વોચ્ચ હતી. મોતની સજા, આજીવન દેશનિકાલ અને ચૌદ વર્ષની જેલની સજા એ કાઉન્સિલ ઑફ રિજન્સીની મંજૂરીનો વિષય હતાં. પહેલા ન્યાયાધીશ ખાલસા બાબતના મહત્ત્વના કેસો પર ધ્યાન આપવા સાથે જાડેજા કોર્ટમાં અધ્યક્ષ રહેતા. ખાલસાનું હળવું કામ આસિસ્ટંટ ન્યાયાધીશને સોંપાતું. મદદનીશ વડાઓની હદમાં આવેલ કોર્ટો

જમીનમાલિકોની કોર્ટ હતી. વરિષ્ઠ અદાલતના નિર્ણયો સામે અપીલ કરાય, તો તે દીવાન કોર્ટ સાંભળતી. તેના અધ્યક્ષ દીવાન રહેતા. મહત્ત્વના કેસોનો નિકાલ કરવા રિજન્સી કાઉન્સિલની જવાબદારી રહેતી.

જાડેજા કોર્ટ : કચ્છની આ ખાસ સંસ્થા બ્રિટિશરોએ ૧૮૧૯માં ભાયાતો સાથે જે કરાર થયા હતા તેને આધારે ઊભી કરી હતી. તેનું કામકાજ નાયબ દીવાનના વડપણ હેઠળ રાવ દ્વારા પસંદ કરાયેલ ચાર ભાયાતોની બેન્ચ દ્વારા ચલાવવામાં આવતું. આ ભાયાતો જે વિવિધ સ્તરે સિવિલ અને ક્રિમિનલ સત્તાઓ ભોગવતા, તેને આધારે તેના ચાર વર્ગો હતા.

જાડેજા કોર્ટ ગૅરન્ટી-હોલ્ડરોની માલિકીની જમીન પર જે કેસ ઊભા થતા તેના પર અને જેમાં ગૅરન્ટી-હોલ્ડરને સંબંધ હતો અથવા તો ગૅરન્ટી-હોલ્ડરની જમીન પર જે એક કે બન્ને પાર્ટીઓ રહેતી, તેવા સિવિલ અને ક્રિમિનલ કેસોને સાંભળતી. આ હદમાં ગૅરન્ટી હોલ્ડરોના નિર્ણયોની અપીલ જાડેજા કોર્ટના હાથમાં રહેતી. જો વિવાદની બાબત ગૅરન્ટી-હોલ્ડરની જમીન કે મહેસૂલની હોય, તો જાડેજા કોર્ટમાંથી અપીલ રાવ પાસે જતી અને તેમની પાસેથી પોલિટિકલ એજન્ટ પાસે જતી. ગૅરન્ટી-હોલ્ડર પાર્ટી હોય તેવા સરહદના કિસ્સાઓમાં પણ જાડેજા કોર્ટ નિર્ણય લેતી. તેમાં પણ જો ગૅરન્ટી-હોલ્ડરને સંતોષ ન થાય, તો અપીલ રાવ અને પૉલિટિકલ એજન્ટ સુધી જતી. જે સરહદના કેસોમાં રાવ જ પાર્ટી હોય, તેમાં પણ જાડેજા કોર્ટ જ નિર્ણય લેતી. તેમાં અપીલ પૉલિટિકલ એજન્ટ પાસે જતી.

સ્વાતંત્ર્ય સમયે સ્થિતિ :

કચ્છ સ્વતંત્ર થયું ત્યારે કચ્છ રાજ્યમાં ન્યાયતંત્રની સ્થિતિ આ પ્રમાણે હતી :

ખાલસા અને જાડેજા બન્ને પક્ષે બીજી અપીલ કરવા માટે હાઈકોર્ટ હતી. વરિષ્ઠ ખાલસા અદાલત અને વરિષ્ઠ જાડેજા અદાલત પ્રથમ અપીલની કોર્ટો હતી. તેઓ મૂળ સિવિલ અને ક્રિમિનલ બાબતોને સાંભળતી. વરિષ્ઠ ખાલસા અદાલતના પેટામાં નવ તાલુકા સિવિલ અને ક્રિમિનલ કોર્ટો હતી. તેમાં છને પ્રથમ દરજ્જાની સત્તાઓ હતી અને ત્રણને દ્વિતીય દરજ્જાની સત્તાઓ હતી. પહેલીને જાગીરદાર કોર્ટોની હકૂમત બહારના જાગીરના કેસો લેવાની સત્તા હતી. તેમની સામે વરિષ્ઠ જાડેજા અદાલતમાં અપીલ થઈ શકતી. આ માટે ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રા, ભચાઉ, રાપર અને અબડાસા એમ સાત સ્મૉલ કૉઝ કોર્ટો હતી. ભુજમાં જે સ્મૉલ કૉઝ કોર્ટ હતી, તેમાં વરિષ્ઠ કોર્ટના આસિસ્ટંટ ન્યાયાધીશ હાજર રહેતા અને અન્યત્ર તાલુકા ન્યાયાધીશો હાજર રહેતા.[1]

રાજ્યમાં કારોબારી અને ન્યાયતંત્ર અલગ હતાં. ૧૯૪૪-૪૫માં સ્થપાયેલ હાઈકોર્ટ પછી તો બન્ને તદ્દન અલગ થઈ ગયાં. ત્રણ કોર્ટોમાં, અલબત્ત, તેમનું કદ અને અલગતા ખર્ચાળ અને સલાહભર્યાં ન હોવાથી, મહેસૂલ અધિકારી મુખ્ય રહેતા જે બીજા દરજ્જાની સત્તાઓનો અમલ કરી શકતા.

સ્વાતંત્ર્ય પછી : જૂન ૧૯૪૮માં ભારત સરકારે કચ્છરાજ્યનું વહીવટી તંત્ર હાથમાં લીધા પછી "કચ્છ કોર્ટ ઑર્ડર-૧૯૪૮"નો અમલ કરવામાં આવ્યો અને કચ્છ હાઈકોર્ટની જગ્યાએ જ્યુડિશિયલ કમિશનરની કોર્ટ શરૂ કરવામાં આવી હતી; તેણે ૧૯૪૮ના ડિસેમ્બરથી કામ કરવાનું શરૂ કર્યું. તે અપીલો અને રિવીઝન અરજીઓ બન્ને સાંભળતી. આ ઑર્ડર હેઠળ કચ્છને જિલ્લો મનાતો હોવાથી, જિલ્લા ન્યાયાધીશ તથા એક વધારાના જિલ્લા ન્યાયાધીશ હેઠળ જિલ્લા કોર્ટ શરૂ કરવામાં આવી તે ખાસ સિવિલ કેસો સાંભળવાનું તથા એપેલેટ કોર્ટનું કામ કરતી. સેસન્સ જજ અને વધારાના સેસન્સ જજ તરીકે તેઓ ક્રિમિનલ કેસો પણ ચલાવી શકતા. ન્યાયતંત્રના વહીવટના સંદર્ભમાં કચ્છને નવ તાલુકામાં તથા બે મહાલમાં વહેંચી નાખવામાં આવ્યું. દરેક તાલુકામાં એક તાલુકા સબજજ અને ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ હતાં. બે મહાલમાં, જ્યાં કારોબારી અને ન્યાયતંત્રનું સંપૂર્ણ અલગપણું શક્ય ન હતું ત્યાંના મહાલધારીઓને બીજા વર્ગના ન્યાયાધીશો તરીકે નીમવામાં આવ્યા હતા. આ ન્યાયતંત્રની વ્યવસ્થા મુંબઈ રાજ્યમાં જે વ્યવસ્થા હતી, તેને આધારે ઊભી કરવામાં આવી હતી અને કચ્છની કોર્ટો બૉમ્બે હાઈકોર્ટ જે સિવિલ અને ક્રિમિનલ

મૅન્યુઅલનો ઉપયોગ કરતી હતી તેને અનુસરતી હતી. કચ્છને પોતાના સિવિલ અને ક્રિમિનલ કાનૂન હતા. તેને બદલે કેન્દ્ર સરકાર દ્વારા મર્જ્ડ સ્ટેટ લો ઍક્ટ, ૧૯૪૯ના કેન્દ્ર સરકારના કાયદા અપનાવવામાં આવ્યા. બૉમ્બે એગ્રિકલ્ચર ડેટ રિલીફ ઍક્ટ, ૧૯૩૯નો પણ અમલ કરવામાં આવ્યો.

જ્યારે ૧૯૫૬માં રાજ્યોનું પુનર્ગઠન થયું અને કચ્છને મુંબઈ દ્વિભાષી રાજ્યમાં ભેળવવામાં આવ્યું, તો તે રાજ્યનો એક જિલ્લો બન્યું. જ્યુડિશિયલ કમિશનરની કોર્ટની કામગીરી બંધ થઈ. અને ભુજ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટ મુંબઈ હાઈકોર્ટની હકૂમત નીચે આવી. મુંબઈ રાજ્યમાં જે રીતે ન્યાયતંત્ર કામ કરતું હતું તેનો અમલ શરૂ થયો. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પણ ચાલુ રહ્યું છે.

આ માળખામાં ડિસ્ટ્રિક્ટ જજ એ જિલ્લામાં ન્યાયતંત્રના સર્વોચ્ચ વડા છે. તે ડિસ્ટ્રિક્ટ કોર્ટનું સંચાલન કરે છે. તેની મુખ્ય કચેરી ભુજમાં છે. તે જિલ્લાની પ્રમુખ કોર્ટ છે. ગૌણ કોર્ટો દ્વારા ૧૦,૦૦૦ સુધીની રકમના કે તેથી ઓછાના કેસો બાબતે જે હુકમો બહાર પાડવામાં આવે છે તેની અપીલ કરવા માટેની કોર્ટ પણ છે. ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ બધી જ ગૌણ કોર્ટો અને તેના વહીવટ પર નિયંત્રણ ધરાવે છે, તેની પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરે છે અને મુંબઈ વ્હિકલ્સ ઍક્ટ, લૅન્ડ એક્વિઝીશન ઍક્ટ, પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ, બૉમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટ, બૉમ્બે બરો મ્યુનિસિપલ ઍક્ટ, બૉમ્બે રેન્ટ ઍક્ટ જેવા ખાસ કાનૂનો બાબતે હકૂમત ધરાવે છે. આ ઉપરાંત વિદ્યુત બોર્ડ, ટેલિગ્રાફ, રેલવે પ્રતિનિધિત્વ બાબતના જે કાયદાઓ છે, તેના પર પણ કામ કરી શકે છે. ગાંધીધામ ડેવલપમેન્ટ ઍક્ટ હેઠળ જે બોર્ડ ઑફ અપીલ છે, તેના પણ તે પ્રમુખ છે. તે માટે ગાંધીધામમાં બેઠકો યોજે છે. તેમને આસિસ્ટંટ જજ મદદ કરે છે જેને એડિશનલ જજ કહેવાય છે. તે પંદર હજાર સુધીના કેસો હલ કરી શકે છે. ડિસ્ટ્રિક્ટ જજ સૂચવે તેની અપીલ પણ સાંભળી શકે છે. આ જગ્યા જરૂર હોય ત્યારે ભરવામાં આવે છે.

ડિસ્ટ્રિક્ટ જજની નીચે સિવિલ જજો, સિનિયર ડિવિઝન અને સિવિલ જજો, જુનિયર ડિવિઝનની કોર્ટો હોય છે. પહેલાંની કોઈ પણ રકમના સિવિલ કેસો અને પ્રક્રિયાઓ આવે છે. બીજામાં દસ હજાર સુધીના કેસો લેવાની સત્તા છે. વિવિધ કોમોના લગ્નના કાયદાઓ તથા બીજી અનેક બાબતે ભુજના સિનિયર ડિવિઝનના ન્યાયાધીશને કામ કરવાની સત્તા છે.

ભુજમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ ઉપરાંત આ કોર્ટો પણ છે : (૧) સિનિયર ડિવિઝનના સિવિલ જજ અને પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ, (૨) જુનિયર ડિવિઝનના સિવિલ જજ અને પ્રથમ વર્ગના જ્યુડિશીયલ મૅજિસ્ટ્રેટ સ્મૉલ કૉઝ જજો તરીકે, સિનિયર અને જુનિયર ડિવિઝનના સિવિલ જજો હાઈકોર્ટે તેમને સત્તા આપેલ બાબતોના કેસો સંભાળી શકે છે. ભુજમાં સિનિયર સિવિલ જજ અને પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ કામદારોના વળતરના એક્સ-ઑફિસિયો કમિશનર છે. જુનિયર ડિવિઝનના સિવિલ જજ અને પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ બૉમ્બે ઍક્ટના આધારે બાળકોની કોર્ટમાં પણ કામ કરે છે. જિલ્લામાં અન્યત્ર જુનિયર ડિવિઝનના સિવિલ જજો અને પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટની કોર્ટો આવેલી છે. તે અંજાર, ગાંધીધામ, માંડવી, ભચાઉ, રાપર, મુન્દ્રા, લખપત, ખાવડા અને નખત્રાણા આવેલ છે. તેઓ નીચે મુજબ લિન્ક કોર્ટો તરીકે કામ કરે છે :

૧. મુન્દ્રા : ભુજના જુનિયર ડિવિઝનના સિવિલ જજ એક મહિનામાં દસ દિવસ કોર્ટ ભરે છે.

૨. નલિયા-નખત્રાણા : નખત્રાણા જુનિયર ડિવિઝનના સિવિલ જજ નલિયામાં મહિનામાં દસ દિવસ અને લખપતમાં એક દિવસ કોર્ટ ભરે છે.

૩. ખાવડા : ભુજની સિનિયર ડિવિઝનના સિવિલ જજ બે મહિનાના અંતરાલમાં ત્રણ દિવસ કોર્ટ યોજે છે.

ક્રિમિનલ કોર્ટો : ડિસ્ટ્રિક્ટ જજ જિલ્લામાં સેશન્સ જજ પણ છે. પ્રાથમિક તપાસ અને અપીલ પછી જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ દ્વારા જે ક્રિમિનલ કેસો તેમની પાસે આવે છે તેને ચલાવે છે. સાથે ગૌણ ન્યાયાધીશો દ્વારા જે નિર્ણયો અપાયા હોય છે તેને પણ સાંભળે છે. ૧૯૪૭ના પ્રીવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ હેઠળ તે ખાસ જજ પણ છે.

૧૫. કચ્છી ચલણ

ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'
ઘનશ્યામ વાલજીભાઈ ઠક્કર

કોઈ પણ દેશ કે રાજ્યના લોકો વિશે જાણકારી મેળવવી હોય કે એ રાજ્યના લોકોનાં રહેણીકરણી, વૈભવ અને એના રાજ્યકર્તા કેવા અને કેટલા થયા છે તે અંગેની સઘળી માહિતી જે-તે રાજ્યના સિક્કા એટલે કે ચલણનો અભ્યાસ કરવાથી જાણી શકાય છે. અલબત્ત, એ માટે વ્યવસ્થિત અભ્યાસ કરવો જરૂરી છે. કોઈ પણ રાજવંશ, એનાં સિક્કા-ચલણ કેવાં છે અને જનતામાં એ કેટલાં વિશ્વાસપાત્ર છે તેનો ખ્યાલ તેના પરથી આવે છે. એ જ રીતે જગતના ઇતિહાસને કે સંસ્કૃતિને જાણવા માટે પણ સિક્કાનો અભ્યાસ કરવો જરૂરી છે. તેના અભ્યાસથી તે વિશે જાણી શકાય છે. એ રાજ્યની આર્થિક, સામાજિક સ્થિતિ તેમ જ રાજ્યો અંગે અને એ રાજ્યમાં ચાલતા આંતરપ્રવાહો અંગે ઠીકઠીક માહિતી તેના અભ્યાસથી મળે છે. એ માટે રાજ્યનું ચલણ એ સિક્કાની અગત્યની વસ્તુ પુરવાર થાય છે.

માનવના સમગ્ર અસ્તિત્વ દરમિયાન એક યા બીજા સ્વરૂપે વસ્તુઓનું આદાનપ્રદાન થતું આવ્યું છે. કોઈની ગાય કોઈના ખીલે બંધાય અને એવા નવા ખીલાના માલિક પાસેથી ગાયને બદલે લેવામાં આવે એને વસ્તુઓનું આદાનપ્રદાન કહી શકાય.

જેમજેમ માનવ સુસંસ્કૃત થતો ગયો અને વસ્તુઓના આદાનપ્રદાનમાં તેને જે મુશ્કેલીઓ થવા લાગી તે તેને કઠતી હતી. આથી કોઈ એવી નાની વસ્તુ જે સહેલાઈથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય, સાચવી શકાય અને તેનું નિશ્ચિત મૂલ્ય અંકાતું હોય એવા પ્રયાસો થયા અને તે માટે 'ચલણ' કે 'સિક્કા' અસ્તિત્વમાં આવ્યાં અને એ નામે ઓળખાવા લાગ્યાં. આવા સિક્કા કોઈ પણ જાતની ધાતુના, ચામડાના, સોના-ચાંદીના હોઈ શકે છે.

સિક્કા છાપવાની છૂટ કઈ રીતે મળી ?

કચ્છના રાજવીઓને સિક્કા છાપવાની છૂટ કઈ રીતે મળી એ જાણવું રસપ્રદ છે. મોગલ બાદશાહ સલીમ જહાંગીર નામ ધારણ કરી દિલ્હીની ગાદીએ બેઠો અને ફરતો-ફરતો સને ૧૬૧૭માં ગુજરાતના અમદાવાદમાં મુકામ કર્યો ત્યારે કચ્છના રાવ ભારમલજી(પ્રથમ)એ અમદાવાદ મધ્યે મોગલ બાદશાહની મુલાકાત લીધી. મુલાકાતનો હેતુ કચ્છની ખંડણી આપવાનો હતો. ખંડણી સાથે તેઓ બાદશાહને ધરવા નજરાણું પણ પોતાની સાથે લઈ આવ્યા હતા. નજરાણામાં અપાયેલ વસ્તુઓનાં નામ આજે જાણીએ ત્યારે નવાઈ લાગે એવાં હતાં. પણ એ સમયે એવા નજરાણાની કિંમત અતિ ભવ્ય હશે એ ચોક્કસ. નજરાણામાં ભારમલજીએ રૂ. ૨૦૦૦નો ગોળ, ૧૦૦ કચ્છી ઘોડાઓ અને ૨૦૦ સોનામહોર બાદશાહના ચરણમાં ધર્યાં. એમના આ નજરાણાથી બાદશાહ ઘણો જ રાજી થયો અને બદલામાં બાદશાહે ભારમલજીને ઝવેરાતમઢી કટાર (ખંજર), તલવાર, માણેક-જડેલી વીંટીઓ, હાથી તેમ જ પોતે જેના પર બેસી મુસાફરી કરતા હતા એ ઘોડો પણ ભેટમાં આપ્યાં, એટલું જ નહીં, પણ ચલણ માટે કોરીનું ચલણ છાપવાની રાવશ્રીને છૂટ આપી. ઉપરાંત કચ્છની ખંડણી હંમેશ માટે દૂર કરી અને એક શરત મૂકી કે માંડવીબંદરેથી જે હાજીઓ હજ કરવા મક્કા જાય તેમને વગર પૈસે વહાણમાં બેસાડી મક્કા સહીસલામત રીતે પહોંચાડવા. આ રીતે સીધા કરારો કરી બાદશાહના રૂપિયા સાથે

કચ્છી ચલણ પરણાવ્યું. આથી કચ્છી સિક્કાનું નામ 'કુંવરી' પડ્યું. આગળ જતાં અપભ્રંશ થઈ કુંવરીમાંથી 'કોરી' થયું

આમ, રાવશ્રી ભારમલજી(પ્રથમ)ના સમયથી (સન ૧૫૮૬-૧૬૩૨) મહારાવશ્રી મદનસિંહજી (સને તા. ૧-૬-૧૯૪૮) સુધીના કુલ ૧૭ રાજવીઓના ૩૬૨ વર્ષના સમગ્ર રાજ્યઅમલ દરમિયાન જુદાજુદા સમયે સિક્કાઓ બહાર પાડવામાં આવ્યા હતા. આ અંગે એક રસપ્રદ જાણકારી – 'રૈયતનામા'ના લેખક પ્રવીણચંદ્ર શાહ જણાવે છે એ મુજબ રાવ ભારમલજીએ તાંબાના સિક્કા પડાવવા મંજૂરી મેળવી હતી. એ પછી ગુજરાતના સુલતાનોની સત્તા મુગલોના હાથમાં આવી ગઈ. આ બે સત્તાની હેરફેર - અદલાબદલીની અરાજકતાનો લાભ લઈ ચાંદીના સિક્કા વગર મંજૂરીએ જ ચાલુ થયાનું જાણવા મળે છે.

સાધારણ રીતે જ્યારે નવો રાજા ગાદી પર બેસે ત્યારે રાજ્યતિલક પછી એ કુળદેવીને પગે લાગી સીધો રાજ્યની ટંકશાળમાં જાય અને પોતાના નામના સિક્કા બહાર પાડવાની સૂચના આપે. એ રીતે એમના નામના સિક્કા બહાર પડે. એ જ રીતે જાડેજાવંશના બીજા રાવ શ્રી ભારમલજી પહેલાએ કચ્છરાજ્યનું ચલણ 'કોરી' બહાર પાડવાની શરૂઆત કરેલી હતી.

કચ્છના કોરીના સિક્કા બાદશાહ જહાંગીરના સિક્કાઓ કરતાં સહેજ નાના છે. આ રીતે કચ્છમાં પ્રથમ બહાર પડેલ કોરીના સિક્કામાં એક બાજુ પર્શિયન લિપિમાં બાદશાહ મુઝફ્ફરનું નામ અંકિત હતું તે સાથે હિજરી સંવત ૯૭૮ પણ લખેલી છે. ઉપરાંત ત્રિશૂળનું ચિહ્ન પણ છે. એ ત્રિશૂળ નીચે દેવનાગરી લિપિમાં 'રાઓશ્રી ભારાજી' લખ્યું છે. બીજી બાજુએ કટારનું નિશાન અને ફારસી લખાણ છે.

સિક્કા લગભગ એક જ સમયે કે કાળે શરૂ થયા હતા. આપણે ઉપર જોયું તેમ મોગલ બાદશાહ મુઝફ્ફરશા એટલે કે મોગલ બાદશાહ જહાંગીરના ગુજરાતના પ્રવાસ દરમિયાન કચ્છના રાવશ્રી ભારમલજી પહેલાએ 'કોરી' નામે સિક્કા છાપવાની પરવાનગી મળી હતી તે કોરીના સિક્કા, તે પછીના ૧૬ રાજ્યકર્તાઓ એટલે કે કચ્છના છેલ્લા મહારાવશ્રી મદનસિંહજીના વખત સુધી છપાતા રહેતા હતા.

કચ્છ માટે કોરી એ શુકનવંતું નાણું હતું. કચ્છના સિક્કાઓની એક વિશિષ્ટતા એ હતી કે તેની એક બાજુ કચ્છના જે-તે સમયના રાવ કે મહારાવશ્રીનું નામ અને બીજી બાજુ હિંદુસ્તાનના બાદશાહ કે રાજ્યકર્તાનું નામ અને વર્ષ છપાતાં હતાં. એ મુજબ કચ્છના સિક્કા છાપનાર કચ્છના અન્ય મહારાવશ્રી પ્રાગમલજી બીજા-(સને ૧૮૬૧-૧૮૭૫)ના વખતમાં છપાયેલા સિક્કા ઉપર એક બાજુ દેવનાગરી લિપિમાં 'મહારાજાધિરાજ મિરઝા મહારાવશ્રી પ્રાગમલજી બહાદુર' અને સંવત લખેલ છે અને સિક્કાની બીજી બાજુ ફારસી લિપિમાં 'મુલ્કે મુઅઝમ ક્વીન વિક્ટોરિયા ઝરબે ભુજ' અને ઈસવી સન લખવામાં આવેલ છે.

કચ્છમાં સૌપ્રથમ બહાર પાડવામાં આવેલ કચ્છી 'કુંવરી' (કોરી) શુદ્ધ ચાંદીની કોરી હતી અને એનું વજન ૭૩ ગ્રેનનું હતું. એ કોરી એટલે સ્ટેન્ડર્ડ સિલ્વર કૉઈન ગણવામાં આવતું હતું. એક કોરી એટલે રૂપિયાનો ચોથો ભાગ, બીજા શબ્દોમાં કહીએ તો ૩૭૦ કોરીના રૂપિયા ૧૦૦ બરાબર ગણતરી કરવામાં આવતી હતી. શરૂમાં કોરીનું વજન ચોક્કસ ન હતું પણ પાછળથી ૭૩ ગ્રેન વજન નક્કી થયું. વળી, આગળ જતાં માત્ર ચાંદી જ નહીં પણ અન્ય ધાતુના સિક્કાઓ જેમ કે તાંબા અને સોનાના સિક્કાઓ પણ છાપવામાં આવ્યા. શરૂઆતની કોરી છીણી અને હથોડાથી ટીપીને ઘડવામાં આવતી હતી.

ઉપરોક્ત હકીકતે કચ્છના બીજા રાવશ્રી (સિક્કા બહાર પાડનારા પહેલા રાવશ્રી) ભારમલજીએ કચ્છી કોરીના સિક્કા બહાર પાડ્યા હતા. એટલે એમનાથી માંડી ત્યાર પછીના ૧૬ રાજ્યકર્તાઓએ સિક્કા બહાર પાડ્યા હતા એ અંગે જોઈએ.

રાવશ્રી ભોજરાજજી (સન ૧૬૩૨-૧૬૪૫) :

રાવશ્રી ભારમલજી પછીના રાવશ્રી ભોજરાજજીના સિક્કા પણ એવા જ છે. એમના

સિક્કાઓમાં આશાપુરા માતાજીના ત્રિશૂળની નિશાની છે અને દેવનાગરી લિપિમાં 'રાઓશ્રી ભોજ' લખ્યું છે. રાવશ્રી ખેંગારજી બીજાના (સમય સન) સિક્કાઓ પણ અગાઉની રીતે જ કોઈ ફેરફાર વગર બહાર પાડવામાં આવેલા છે અને તે ઠેઠ દેશળજી પહેલા(સને ૧૭૧૯-૧૭૫૨)ના સમય સુધીમાં તે રીતે ક્રમ જળવાયો છે. એટલે કે રાવશ્રી તમાચીજી, રાવશ્રી રાયધણજી (પ્રથમ), રાવશ્રી પ્રાગમલજી (પ્રથમ), રાવશ્રી ગોડજી (પ્રથમ), રાવશ્રી દેશળજી(પ્રથમ)ના સમય સુધી એ જ રીતે સિલસિલો ચાલુ રહ્યો હતો. પણ રાયધણજી(પ્રથમ)ના જે તાંબાના ઢીંગલા મળી આવેલ છે તેના ઉપર મુખ્ય બાજુએ ચાર લીટીમાં ફારસીમાં લખેલા સુલતાન મહંમદશા બીજાના નામ નીચે નાગરી લિપિમાં 'શ્રી રાયધણજી' લખવામાં આવેલ છે. આ છ અક્ષરો પૈકી ઘણાખરા સિક્કાઓ ઉપર માત્ર બે કે ત્રણ અક્ષરો જ અભ્યાસુઓને જોવા મળ્યા છે. વળી, એમ પણ જોવામાં આવ્યું છે કે દેશળજી(પ્રથમ)ના (ઈ. સ. ૧૭૧૯-૧૭૫૨) સિક્કા પણ આ જ પ્રકારના છે અને નાગરી લિપિમાં 'રાવ દેશલજી' છાપવામાં આવેલ છે. આ સમયના ઢીંગલા વિવિધ કદ તથા વજનના હતા એ પણ નોંધવું જોઈએ.

મહારાવ લખપતજી (સને ૧૭૫૨-૧૭૬૧) :


મહારાવશ્રી લખપતજીને દિલ્હીના બાદશાહ અહમદશાહે 'મહારાવશ્રી'ની પદવીથી વિભૂષિત કરતાં એમણે પોતાના સિક્કાઓમાં થોડો ફેરફાર કર્યો એટલે એમના સમયના સિક્કામાં 'રાવશ્રી'ના બદલે 'મહારાવશ્રી લખપતજી' છાપવામાં આવેલ છે.

મહારાવશ્રી ભારમલજી બીજા (સને ૧૮૧૪ ૧૮૧૯) :

એ જ રીતે મહારાવશ્રી ભારમલજી બીજા(સને ૧૮૧૪-૧૮૧૯)ના સમયમાં જે સિક્કાઓ બહાર પાડવામાં આવેલ હતા તેમાં પણ કંઈ ફેરફાર કરવામાં આવેલ ન હતો.

મહારાવશ્રી દેશળજી બીજા (સને ૧૮૧૯-૧૮૬૧) :

કચ્છમાં એક કહેવત છે કે 'દેશરા પરમેશરા', એટલે કે મહારાવશ્રી દેશળજી બીજા પરમેશ્વરનો અવતાર છે એવો અર્થ થાય છે. તેઓ ખૂબ જ લોકપ્રિય હતા અને એમના વખતમાં કચ્છની આબાદી ઘણી જ હતી. તેમણે તાંબા અને ચાંદીના સિક્કા કોરી ઉપરાંત સોનાની કોરી પણ બહાર પાડી હતી. સોનાની એક કોરી બરાબર ચાંદીની ૨૫ કોરી ગણાતી હતી. એમના સમયમાં બહાર પડાયેલ સિક્કાઓમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો. સિક્કાની એક બાજુ પર્શિયન ભાષામાં 'બહાદુરશા બાદશાહ ગાઝી ઝરબે ભુજ' એ પ્રમાણે છાપવામાં આવેલ છે અને સિક્કાની બીજી બાજુ 'રાઓશ્રી દેશળજી ૧૮૨૯' અને કટાર તેમ જ આશાપુરા માતાજીના ત્રિશૂળનું નિશાન અંકિત કરવામાં આવેલ છે. એમના વખતમાં અડધી કોરીના સિક્કા પણ બહાર પડાયા હોવાનું જાણવા મળે છે. એમના વખતમાં બહાર પડાયેલ કોરી સહેજ જુદા પ્રકારની હતી, જેમાં મુખ્ય બાજુએ મોગલ શહેનશાહના નામની નીચે ટંકશાળનું નામ તથા બીજી બાજુએ નાગરી લિપિમાં 'રાઓશ્રી દેશલજી' તથા જે-તે સંવત લખાયાં છે. વળી, એમના સમયમાં બહાર પડાયેલ સિક્કાઓમાં કોરી જેવું જ લખાણ છે.



એમના સમયમાં તાંબામાં દોકડા પણ છાપવામાં આવ્યા હતા. આવા બીજા પ્રકારના દોકડા ઉપર મુખ્ય બાજુએ મોગલ બાદશાહ મહંમદ અકબરનું નામ, હિજરી સંવત અને બીજી બાજુએ ફારસીમાં ટંકશાળનું નામ તેમ જ નાગરી લિપિમાં 'રાઓશ્રી દેશળજી' છપાયું છે. હિજરી સાલ વગરના તાંબિયા પણ પડાયા હતા. વળી, બહાદુરશા મોગલના નામવાળા ઢીંગલા, દોકડા તથા તાંબિયા પણ જોવામાં આવ્યા છે.

મહારાવશ્રી પ્રાગમલજી બીજા (સને ૧૮૬૧-૧૮૭૫) :

મહારાવશ્રી પ્રાગમલજી બીજાના સમયમાં બહાર પાડવામાં આવેલ સિક્કાઓમાં દિલ્હીના બાદશાહના નામની જગ્યાએ ફારસી લિપિમાં મહારાણી વિક્ટોરિયાનું નામ અને સિક્કાની બીજી બાજુ સંવત તથા 'પ્રાગમલજી બીજા' દેવનાગરી લિપિમાં લખાયું છે, જે અંગ્રેજી ચલણની નકલ હોવાનું કહેવામાં આવેલ છે. આ સિક્કાઓ ઉપર કિનારી મૂકી 'મહારાજાધિરાજ મિરઝા મહારાવશ્રી પ્રાગમલજી બહાદુર' લખાયું છે, જ્યારે સિક્કાની બીજી બાજુ 'મુલ્કે મુઆઝમા ક્વીન વિક્ટોરિયા ઝરબે ભુજનગર કોરી દુવતમ, ૧૮૭૦' એમ છાપવામાં આવેલ છે. મહારાવશ્રી પ્રાગમલજીના સમયમાં બહાર પાડવામાં આવેલ સિક્કાઓમાંની ડિઝાઇનમાં, આકારમાં અને વજનમાં જે કેટલાક ફેરફાર કરવામાં આવેલ તે નજરે ચડે છે. અત્યાર સુધીના ચલણમાં ચાંદીની અર્ધકોરી અને એક કોરી છપાતી હતી તેની જગ્યાએ ચાંદીના સિક્કાઓમાં અઢી કોરી અને પાંચ કોરી એ બે સિક્કાઓ ઉપરાંત સોનાના સિક્કાઓમાં ૧૦૦ કોરીની એક મહોર અને પચાસ કોરીની અર્ધમહોર એમ ચાર સિક્કાઓનો વધારો થયો હતો. એ સમયે આવા ભારે સિક્કાઓ છાપવા પાછળનાં કારણો પણ જાણવા જેવાં છે. એમના રાજ્યઅમલ દરમિયાન શાળાનાં મકાનો, હૉસ્પિટલો તેમ જ પ્રાગમહેલ જેવાં મહાલયો બાંધવા માટે ધનરાશિ જરૂરી હતી. વળી, મોટી રકમના ચુકાવા એટલે કે ચુકવણી સરળતાથી થઈ શકે એ હેતુ પણ હતો. એમના સમયમાં બહાર પડેલી સોનાની આ મહોર જનતામાં 'રાવશાહી મહોર' તરીકે જાણીતી થઈ હતી. આ મહોરનું વજન આશરે ૨.૫ ગદિયાણા જેટલું હતું. અલબત્ત, એમના પછીના મહારાવશ્રીઓએ પણ સોનાના સિક્કા તો છપાવ્યા હતા પણ ચલણમાં મૂકી શક્યા ન હતા.

કચ્છમાં જે તાંબાના સિક્કા બહાર પાડવામાં આવતા હતા તેમાં તાંબિયો એ સૌથી નીચામાં નીચું ચલણ હતો. આમ તાંબિયો એટલે એક પૈસો કહી શકાય.

આ અંગે એક વિશેષતા હતી તે તરફ નજર કરવી જ રહી. પ્રાગમલજી બીજાના સમયમાં બહાર પાડવામાં આવેલ કોરીઓ ઘણી આકર્ષક હતી. આગળની બાજુએ એટલે કે મુખ્ય બાજુએ 'મુલ્કે મુઆઝમ ક્વીન વિક્ટોરિયા ઝરબે ભુજનગર' લખાયું છે. અહીં 'ભુજ'ને બદલે ભુજનગર લખવામાં આવેલ છે, જ્યારે બીજી બાજુ એટલે કે પાછળની બાજુએ ત્રિશૂલ, અર્ધ-ચંદ્ર, કટાર તથા નાગરી લિપિમાં 'મહારાઉશ્રી પ્રાગમલજી' સાથે વિક્રમ સંવત લખવામાં આવી છે. આ સમય દરમિયાન ચાંદીની કોરી, અડધી કોરી, પાંચ કોરી અને અઢી કોરીના સિક્કા પણ બહાર પડાયા હતા. એક વર્તુળમાં મુખ્ય બાજુએ લખાણ આવરી લેવાયેલ છે અને ગોળ સિક્કાને સોળ ફૂલ-પાંખડીની આકર્ષક કિનારીથી ઓપાવેલ છે અને મહારાવના છોગામાં થયેલ વધારો પણ લખાયેલ છે : 'મહારાજાધિરાજ મિરઝા મહારાઉશ્રી પ્રાગમલજી બહાદુર'. આ સમય દરમિયાન શરૂ થયેલા અઢી કોરીના સિક્કાને સામાન્ય રૈયત 'અઢિયું' કહેતી હતી.

(મહારાવશ્રી) પ્રાગમલજી બીજાના સમયમાં બહાર પડેલ પાંચ કોરીના સિક્કાનું વજન ૧-૧/૬ તોલા હતું અને તેનો વ્યાસ સવા ઇંચનો હતો, જ્યારે અઢી કોરીનું વજન ૧-૧/૩૨ તોલા હતું. વળી, એમના સમયમાં તાંબાના સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા તે વિવિધ પ્રકારના હતા. એ સમય દરમિયાન પ્રથમ વાર જ ત્રણ દોકડાનો તાંબાનો સિક્કો પણ બહાર પાડવામાં આવ્યો હતો. તેની મુખ્ય બાજુએ 'દોકડા ૩' અને ખ્રિસ્તી વર્ષનું લખાણ છે, જ્યારે તે સિક્કામાં ફરતા ગોળાકાર વર્તુળના ચાર વિભાગમાં 'ઝર્બ કચ્છ-ભુજ' તેમ જ વિક્રમ સંવતના આંકડા લખવામાં આવેલ છે. આ ઉપરાંત, આ ત્રણ દોકડામાં બીજા પ્રકારના સિક્કા પણ જોવામાં આવ્યા છે, જેની મુખ્ય બાજુએ ગોળાકારમાં ફારસીમાં 'ક્વીન વિક્ટોરિયા મુલ્કે મુઆઝમ' લખાયું છે, જ્યારે તેની બીજી બાજુએ નાગરી

લિપિમાં વિક્રમ સંવત અને 'પ્રાગમલજી મહારાવ' લખાયું છે. આવી જ રીતના દોઢ દોકડાના સિક્કા પણ એમના સમયમાં બહાર પડાયા હતા.

સમય પસાર થતો ગયો તેમ-તેમ મહારાવશ્રી પ્રાગમલજીના સમયમાં ખૂબ જ પ્રગતિ થવા લાગી અને એમના સમયમાં કચ્છમાં સુવર્ણયુગનો જાણે ઉદય થયો હોય એમ દેખાવા લાગ્યું. એમના સમયમાં ૯૭ ટચ ચાંદીનો પાંચિયો (પાંચ કોરી), અડધિયો, કોરી તેમ જ અડધી કોરીના સિક્કા પણ બહાર પડ્યા હતા. જાહોજલાલીની છોળો ઊડતાં, ભુજમાં આંતરરાષ્ટ્રીય ચલણના વ્યવહાર માટે જે વેપારીઓ કામ કરતા હતા તેને 'પાટલા' બજાર કહેવામાં આવતી હતી. આ બજારમાં આંતરરાષ્ટ્રીય ચલણના વિનિમયના દર નક્કી કરવામાં આવતા હતા અને વિનિમયનું કામકાજ કરી આપવામાં આવતું હતું, કેમ કે, કચ્છમાં રાવશ્રી ભારમલજી(પ્રથમ)ના સમય (સન ૧૫૮૬-૧૬૩૨) દરમિયાન કચ્છમાં પોતાનું ચલણ શરૂ કરવામાં આવ્યું તે પહેલાં પણ જુદાંજુદાં રાજ્યોએ બહાર પાડેલા સિક્કાઓ માટે અરસપરસ સમજૂતી હેઠળ બીજા રાજ્યના સિક્કાઓ પણ કચ્છમાં ચાલતા હતા અને તે માટે વિનિમયના દર નક્કી કરવામાં આવ્યા હતા, કેમ કે રાજ્યો એકબીજાની મુશ્કેલી સમજી વ્યવહારમાં સરળતા રહે અને પ્રજાના વ્યવહાર સચવાઈ રહે તે માટે એક રાજ્યના સિક્કા બીજા રાજ્યમાં ચાલવાની પરવાનગી આપી અનુકૂળતા કરી આપતા હતા. જ્યાં આવું શક્ય ન હતું ત્યાં વિનિમયના દર નક્કી કરવામાં આવ્યા હતા અને તે પાટલા બજારમાં બીજા રાજ્યનું ચલણ આપી, નક્કી થયેલ દર મુજબ કચ્છનું ચલણ આપવામાં આવતું હતું. આ રીતે, કચ્છરાજ્યે પોતાનું આગવું ચલણ શરૂ કર્યું તે પહેલાં પણ અરસ પરસ સમજૂતી મુજબ જનતા વ્યવહાર તો કરતી જ હતી. એ માટે કોઈ દસ્તાવેજી આધાર આપી શકાય તેમ નથી એ બીજી વાત છે. ભુજની બજારમાં તો તે સમયે રિયાલ, ડૉલર, ગિની વગેરેના સિક્કાઓ છૂટથી વિનિમય માટે મળતા હતા. આજે આપણે (હમણાં સુધી ચાલતા હતા તે મુજબ) પાંચ પૈસા, દસ પૈસા (દશકા), પાવલી, આઠઆની, રૂપિયો વગેરે સિક્કાઓ ભારત સરકારનું ચલણ ચાલે છે. (જોકે પાંચ પૈસા, દશ પૈસા અને પાવલી હાલ જોવામાં આવતાં નથી.) અને આઠ-આની પણ ચલણમાંથી લગભગ લુપ્ત થવા લાગી છે તેમ કચ્છમાં પાંચિયા (પાંચ કોરી), કોરી, દોકડા, ઢીંગલા, ઢબુ અને તાંબિયા વગેરેનું ચલણ ચાલુ થયું હતું તે ઠેઠ આઝાદી સુધી ચાલ્યું હતું અને આઝાદી બાદ પણ થોડો સમય તે ચલણમાં રહ્યું હતું. કચ્છનું શરૂઆતનું ચલણ ચાંદીની કોરી હતું એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ કોરીનું વજન ચોક્કસ ન હતું પણ તે શુદ્ધ ચાંદીની બનતી હતી. આ કોરીઓ છીણી-હથોડાથી ટીપી-ટીપીને ઘડવામાં આવતી હતી એટલે સમય પણ લાગતો હતો અને વજન પણ ચોક્કસ ન હતું. એટલે ભુજમાં દરબારગઢની બહાર, પાસે જ, કચ્છ-રાજ્ય તરફથી ટંકશાળ શરૂ કરવામાં આવી હતી. પણ આ ટંકશાળનું કામ હાલની પદ્ધતિ પ્રમાણે દરરોજ ચાલતું ન હતું. રાજાના હુકમ પ્રમાણે અને જરૂરત ઊભી થાય તે પ્રમાણે સિક્કાઓ બહાર પાડવા માટે હુકમો આપવામાં આવતા હતા. આ માટેની ડાઈઓ હાથઘડાઉ બનાવવામાં આવતી હતી તે કારણે પણ સમય ઘણો લાગતો હતો. પણ ત્યાર પછી ઑટોમૅટિક ડાઈથી કોરીના સિક્કા પાડવાની શરૂઆત થતાં કોરીનું વજન નિશ્ચિત અને નક્કી થયું, એટલે એકસરખા વજનની કોરી બહાર પાડવામાં આવતી હતી.



મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (સને ૧૮૭૬-૧૯૪૨) : મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ ૬૬ વર્ષની લાંબી મુદત સુધી રાજ્ય કર્યું હતું. તેઓ બાહોશ રાજવી હતા.

એમના સમયમાં તાંબાનો ઢબુ, દોકડો, દોઢ દોકડો, ત્રણ દોકડા અને ચાંદીની અર્ધકોરી, કોરી, અઢી કોરી, પાંચ કોરીના સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા. તે ઉપરાંત, પોતાના ફોટા-બસ્ટવાળા સિક્કા પણ તૈયાર કરાવ્યા હતા. આ સિક્કા અત્યારે અપ્રાપ્ય છે.

એમના સમયમાં 'પાંચિયો' કહેવામાં આવતું તે પાંચ કોરીનો સિક્કો પણ વિશિષ્ટ હતો. તેની આલંકારિક કિનાર તેમ જ મીંડાંયુક્ત હાંસિયામાં ફારસીમાં 'વિક્ટોરિયા કૈસરે હિંદ ઝરબે ભુજ' તેમ જ ખ્રિસ્તી વર્ષ છાપવામાં આવેલ છે, જ્યારે બીજી બાજુના વર્તુળમાં ત્રિશૂળ, કટાર તથા અર્ધચંદ્રની સાથે નાગરી લિપિમાં 'મહારાજાધિરાજ મિરઝા મહારાવશ્રી ખેંગારજી બહાદુર કચ્છ-ભુજ' લખાયું છે. પાંચિયાનું વજન ૧-૧/૮ તોલા તેમ જ તેનો વ્યાસ ૧-૩/૧૦ ઇંચનો હતો. અઢિયાના સિક્કામાં પણ આ જ રીતે લખાણ છે. પરંતુ પાંચિયાના સિક્કામાં મહારાજાના ખિતાબમાં થોડો ફેરફાર જોવામાં આવે છે. તેમાં અગાઉ લખાતું તે તો હતું જ ઉપરાંત 'સવાઈ બહાદુર'નો ઉમેરો કરવામાં આવેલ છે, જ્યારે કોરીના સિક્કામાં તેનો પ્રકાર જાળવી રાખી ઇલ્કાબમાં 'મહારાવશ્રી ખેંગારજી' લખવામાં આવેલ છે. જ્યારે આ સમયના ત્રણ દોકડાના સિક્કામાં મુખ્ય બાજુએ વચ્ચે કટાર તેમ જ ફારસીમાં ખ્રિસ્તી વર્ષ ઉપરાંત ગોળાકારમાં કોરી જેવું જ લખાણ છે, જ્યારે બીજી બાજુએ વચ્ચે ત્રિશૂળ, વિક્રમ સંવત અને નાગરી લિપિમાં 'મહારાવશ્રી ખેંગારજી કચ્છ' લખાયું છે, પણ ગોળાકારના ચાર વિભાગમાં નાગરી લિપિમાં 'મહારાઓશ્રી ખેંગારજી' લખાયું છે, જ્યારે તાંબિયાની મુખ્ય બાજુમાં દોકડા જેવું જ લખાણ છે, પણ બીજી બાજુ 'મીરઝા મહારાવશ્રી ખેંગારજી' એમ લખવામાં આવેલ છે.

મહારાવશ્રી વિજયરાજજી (સને ૧૯૪૨-૧૯૪૮) :

ખેંગારજી ત્રીજા પછી કચ્છની ગાદીએ આવેલા મહારાવશ્રી વિજયરાજજી ઉર્ફે માધુભાએ તાંબાના સિક્કાઓમાં થોડો ફેરફાર કર્યો હતો. એ સિક્કાઓ વચ્ચે કાણું રાખવામાં આવ્યું હતું. એમણે વધારામાં ચાંદીની ૧૦ કોરીનો સિક્કો પણ બહાર પાડ્યો હતો, પરંતુ તે ચલણમાં આવ્યો ન હતો.

આ બાહોશ રાજવીએ કચ્છની પ્રજાના રોજબરોજના વ્યવહારમાં સરળતા રહે એ માટે કાગળની ૨૫ કોરી, ૫૦ કોરી અને ૫૦૦ કોરીની ચલણી નોટો પણ છાપી હતી. આ નોટોનું છાપકામ પરદેશમાં એટલે કે ઇંગ્લૅન્ડમાં કરવામાં આવ્યું હતું, પણ આ નોટો ચલણમાં મૂકી શકાઈ ન હતી.

મહારાવશ્રી વિજયરાજજીના સમયમાં જે સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા તેની કેટલીક નોંધપાત્ર હકીકતો ધ્યાને લેવા જેવી છે. એમના સમયમાં બહાર પાડવામાં આવેલા એડવર્ડ આઠમો અને જ્યોર્જ છઠ્ઠો એટલે કે બ્રિટિશ સલ્તનતના પાંચ રાજ્યકર્તાઓનાં નામ છાપવામાં આવ્યાં હતાં. તેમાં પણ એડવર્ડ આઠમાનું નામ, જે ખરેખર ધ્યાને લેવા જેવી બાબત છે કે એડવર્ડ આઠમો ઇંગ્લૅન્ડની ગાદીએ સને ૧૯૩૬ સાલમાં બેઠો. બ્રિટિશ સરકાર એમના નામના સિક્કા બહાર પાડે તે પહેલાં માંડ એક વર્ષની રાજગાદી ભોગવી એક પ્રેમ-પ્રકરણને કારણે તેમણે ગાદીનો ત્યાગ કર્યો. એટલે બ્રિટિશ સરકારની ટંકશાળમાં એમના નામના સિક્કા બહાર પાડવા જે ડાઈ બનાવી હતી તે એમના ગાદીત્યાગને કારણે નકામી બની ગઈ અને ઇંગ્લૅન્ડમાં એમના નામના સિક્કા બહાર પાડી શકાયા નહીં. પણ આખી દુનિયામાં માત્ર ચાર દેશોએ (બે સજ્યો ભારતનાં અને બે આફ્રિકાનાં) એમના નામના સિક્કા બહાર પાડ્યા હતા. તેમાં કચ્છ અને જોધપુરનો સમાવેશ થાય છે, જ્યારે બ્રિટિશ પૂર્વ આફ્રિકા અને બ્રિટિશ પશ્ચિમ આફ્રિકા એમ બે મળી માત્ર ચાર દેશોએ એડવર્ડ આઠમાના સિક્કા બહાર પાડ્યા હતા. તે ઇંગ્લૅન્ડના રાજા હોવા છતાં એમના નામના સિક્કાઓ બહાર પાડી શક્યું ન હતું એ હકીકત સિક્કાશાસ્ત્રની દુનિયામાં નોંધપાત્ર છે.


મહારાવશ્રી વિજયરાજજીના સમયમાં ચાંદીનો અર્ધકોરીનો સિક્કો છપાયો નહોતો, જ્યારે તાંબામાં બે તાંબિયાનો દોકડો છાપવાનું પણ બંધ થયું અને તાંબિયો



ઢીંગલો, ઢબુ, પાયલો અને આધિયો એવા તાંબાના પાંચ સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા. આમાં માત્ર તાંબિયાના સિક્કા સિવાયના બીજા ચાર સિક્કાઓમાં વચ્ચે વીંધ કાણું રાખવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધના કારણે તાંબું મોંઘું થતાં તેની ખેંચ પડતાં તે સિક્કામાં વીંધ કરી તાંબું બચાવવું અનિવાર્ય હતું.

મહારાવશ્રી મદનસિંહજી
(સને ૧૯૪૮ - તા. ૧-૬-૧૯૪૮ સુધી) :

મહારાવશ્રી મદનસિંહજી ઉર્ફે મેઘરાજજીના બહુ જ ટૂંકા શાસનમાં માત્ર ત્રણ સિક્કાઓ જ બહાર પાડવામાં આવ્યા હતા. તેમાં તાંબાનો ઢબુ એટલે કે કોરીનો આઠમો ભાગ અને ચાંદીના સિક્કાઓમાં એક કોરી અને ચાંદીની પાંચ કોરી એમ ત્રણ સિક્કાઓ જ બહાર પાડવામાં આવ્યા હતા. તેઓશ્રી તા. ૪-૩-૧૯૪૮ ગુરુવાર એટલે કે મહા વદ ૯ સંવત ૨૦૦૪ના ગાદીએ બેઠા.



મહારાવશ્રી મદનસિંહજીના સમયમાં જે સિક્કાઓ બહાર પાડવામાં આવ્યા તેમાં એક ક્રાંતિકારી ફેરફાર કરવામાં આવ્યો અને આઝાદ ભારતના એક દેશદાઝવાળા રાજવીના અભિગમનાં તેમાં દર્શન થાય છે. એમણે જે પાંચ કોરીનો ચાંદીનો સિક્કો બહાર પાડ્યો હતો તેમાં પાછળની બાજુએ 'જય હિંદ' એમ છાપવામાં આવ્યું હતું. આ 'જય હિંદ'ની છાપવાળા સિક્કા અપ્રાપ્ય છે. 'જય હિંદ'ની છાપવાળા ઢબુ, પાયલો, કોરી અને પાંચિયા પણ બહાર પાડ્યા હતા.

આમ જાડેજાવંશના ૧૮ રાજ્યકર્તાઓ પૈકી ખેંગારજી પહેલાને બાદ કરતાં બાકી ૧૭ રાવશ્રી – મહારાવશ્રીઓએ ૩૬૨ વર્ષના લાંબા અરસામાં જે સિક્કાઓ બહાર પાડ્યા હતા તેમાં કેટલીક નિશાનીઓ રાખવામાં આવી હતી. જેમ કે, ચાંદીના અને સોનાના સિક્કાઓમાં ત્રિશૂળ, ચંદ્ર અને કટારની નિશાની છે. ત્રિશૂળ એ જાડેજાવંશનાં કુળદેવી આઈ આશાપુરાનું પ્રતીક બતાવે છે જ્યારે ચંદ્ર એ તે રાજ્યકર્તાઓ ચંદ્રવંશી હોવાનું સૂચિત કરે છે, જ્યારે કટાર રાજપૂતી શૌર્યનું ચિહ્ન હોવાથી તે દર્શાવવામાં આવે છે. અહીં એક ધ્યાન ખેંચે એવી બાબત એ પણ છે કે જૂના તાંબાના સિક્કામાં કોઈ સિક્કા ઉપર ત્રિશૂળનું ચિહ્ન છે તો કોઈ સિક્કા ઉપર કટારનું ચિહ્ન દર્શાવાયું છે જ્યારે સંવત ૧૯૨૫ પછીના તાંબાના સિક્કાઓ ઉપર ત્રિશૂળનું એક જ ચિહ્ન રાખવામાં આવેલ છે. પણ સને ૧૯૪૪ની સાલના અને તે પછીની સાલના તાંબાના સિક્કાઓ ઉપર મહારાવશ્રીના નામની બાજુ ત્રિશૂળ અને બીજી બાજુ કટારનું ચિહ્ન જોવામાં આવે છે. વળી, મહારાવશ્રી વિજયરાજજીના સમયમાં તાંબાના સિક્કાઓમાં ઉપર દર્શાવેલ તાંબિયા સિવાયના ચાર સિક્કાઓ એટલે અર્ધકોરી, પા કોરી, ઢબુ અને ઢીંગલો એ દરેકની એક બાજુ ઉપર ત્રિશૂળ, ચંદ્ર અને કટાર છે, જ્યારે માત્ર તાંબાના તાંબિયામાં એક બાજુ ત્રિશૂળ છે જ્યારે પાછળની બાજુએ કટારનું ચિહ્ન રાખવામાં આવેલ છે.

એક વાતની ખાસ નોંધ લેવી જોઈએ કે રાજ્યની ટંકશાળમાં નજીવો ચાર્જ ભરી કેટલાક લોકો સિક્કા પડાવી જતા હતા અને ટંકશાળના નોકરો તે કામ કરી આપતા હતા. આવા લોકો જે સિક્કા પડાવતા તે દાનપુણ્ય કરવાના કામમાં વાપરતા તે ચલણમાં વપરાતા ન હતા.

સિક્કામાં ફેરફાર :

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાએ (સને ૧૮૭૬-૧૯૪૨) સિક્કાની કૅટેગરીમાં ફેરફાર કર્યો. એમણે તાંબાના ઢબુ, દોકડો, દોઢ દોકડો, ત્રણ દોકડા, કોરી, પાંચિયા, અડધિયા, અર્ધકોરી અને પોતાના બસ્ટ-ફોટાવાળો ચાંદીનો સિક્કો બહાર પાડ્યો.

વિશેષ :

પહેલાં રાજ્યની ટંકશાળ દરબારગઢ બહાર, પણ પાસે જ હતી. પણ સને ૧૯૩૦માં નવી ટંકશાળ (ન્યૂ મિન્ટ) મહાદેવના નાકા પાસે બની અને ત્યાં કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. આમ, ભુજની ન્યૂ મીન્ટ અને ત્યારથી મહાદેવના નાકાથી બ્રહ્મપુરી સુધીના રસ્તાનું નામ પડ્યું 'ન્યૂ મિન્ટ રોડ'. સાથે માંડવીમાં પણ એક ટંકશાળ શરૂ કરવામાં આવી હતી, પણ તે વધારે વખત ચલાવવામાં આવેલ નહીં અને બંધ કરવામાં આવેલ.

કચ્છની બજારમાં ચાંદીના ભાવ વધે કે ઘટે તે મુજબ કોરીની કિંમતમાં પણ વધઘટ થતી હતી અને એક રૂપિયાની કોરીના દોઢથી છ કોરી સુધીના ભાવ પણ નીકળ્યા હતા. પણ સરકારી ભાવ તો બાંધેલા જ હતા. ચાંદીની ૩૭૦ કોરીની કિંમત ૧૦૦ રૂપિયા નક્કી થયેલ હતી. વળી રાજ્યનો સમગ્ર હિસાબ પણ કોરીમાં જ કરવામાં આવતો હતો, એટલું જ નહીં, પણ રાજાશાહીના સરકારી નોકરોનો પગાર પણ કોરીમાં આંકવામાં આવતો હતો. વેપારીઓ પણ કોરીના હિસાબે હિસાબો રાખતા હતા.

મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ સોનાની કોરી પણ બહાર પાડી હતી જે ચાંદીની ૨૫ કોરી બરાબર ગણાતી હતી. સોનાની અર્ધમહોર જે ચાંદીની ૫૦ કોરી બરાબર ગણાતી હતી તે અને સોનાની મહોર જે ચાંદીની ૧૦૦ કોરી બરાબર ગણાતી હતી તે સિક્કા પણ બહાર પાડ્યા હતા અને ચલણમાં મુકાવ્યા હતા. આવી એક મહોરનું વજન આશરે અઢી ગદિયાણા હતું. અલબત્ત, તેના અનુગામીઓએ પણ સોનાના સિક્કા છપાવ્યા હતા અને ચલણમાં મુકાવ્યા હતા. કચ્છના જે સિક્કાઓ, નોટો કે ચાંદીનો ૧૦ કોરીનો સિક્કો જે ચલણમાં મૂકી શકાયા નહોતા તે ભુજ મધ્યેના 'કચ્છ મ્યુઝિયમ'માં આપણે જોઈ શકીએ છીએ.

કચ્છ રાજ્યની મુખ્ય ટંકશાળ ભુજમાં દરબારગઢને અડીને હતી. મહારાવશ્રી વિજયરાજજીના સમયમાં ત્યાંથી સિક્કા બહાર પડતા હતા. વળી, એવું પણ કહેવાયું છે કે આવી અદ્યતન ટંકશાળ ભારતમાં માત્ર બે જ હતી – એક હૈદરાબાદમાં અને બીજી કચ્છમાં. ભુજની ટંકશાળ સાથે માંડવીમાં પણ એક ટંકશાળ ચાલુ કરવામાં આવી હતી. માંડવી તાલુકાના મેરાઉ ગામે કુંવરજીભાઈ શાહની માલિકીની 'મેરાઉ મૅટલ વર્ક્સ' નામની ફાઉન્ડ્રીમાં તાંબાના સિક્કા છાપવામાં આવતા, પણ થોડા સમય પછી તે છપાવવાનું રાજ્ય તરફથી બંધ કરવામાં આવેલ.

ભુજની ટંકશાળમાં છપાતા સિક્કાઓ તા. ૨૬-૪-૧૯૪૯ની સાલ સુધી ચાલુ હતા અને ત્યાર બાદ ભારતીય ચલણ દાખલ કરવામાં આવ્યું. જોકે સને ૧૯૪૯ પછી પણ કેટલાક સમય સુધી ભારતીય ચલણ સાથે કચ્છી ચલણ પણ અમલમાં હતું.

બીજું વિશ્વયુદ્ધ સને ૧૯૩૯થી ૧૯૪૪ સુધી ચાલ્યું. આ કારણે કચ્છમાં પણ કાગળની નોટો છાપવાનું મહારાવશ્રી વિજયરાજજીના (સને ૧૯૪૨-૧૯૪૮) વખતમાં કચ્છના દીવાન ત્રિભોવનદાસ જે. રાજા હતા તે સમયે કરવામાં આવ્યું. આ માટે ઇંગ્લૅન્ડની ખાનગી પેઢી વોટર્લો ઍન્ડ સન્સ લિમિટેડને આ કામ સોંપવામાં આવ્યું હતું. કચ્છમાં તેની ડાઈ તૈયાર થઈ હતી અને સને ૧૯૪૬માં રૂ. ૨૫, રૂ. ૫૦, રૂ. ૧૦૦ અને રૂ. ૫૦૦ની કાગળની નોટોનો એક સેટ તૈયાર કરવામાં આવેલો હતો. તેના પર નંબર પાડવામાં આવેલા ન હતા. પણ તે ચલણ જે ચલણી ન બન્યું એવું થયું હતું. આ નોટોના નમૂના આજે પણ ભુજ મધ્યે મ્યુઝિયમમાં જોવા મળે છે.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (સને ૧૮૭૬-૧૯૪૨) સંવત ૧૯૩૨ના પોષ સુદ-૭ના ગાદીએ બેઠા અને એમના ૬૬ વરસના રાજ્યઅમલ દરમિયાન,

શરૂઆતમાં રાણી વિક્ટોરિયાનું ઇંગ્લૅન્ડમાં શાસન ચાલતું હતું. એટલે તે સમયના સિક્કાઓ ઉપર 'મલ્લિકા મુઆઝમ ક્વીન વિક્ટોરિયા' નામ છાપવામાં આવેલ હતું. સને ૧૮૭૭માં રાણી વિક્ટોરિયાએ 'કૈસરે હિંદ'નું એક છોગું પોતાને લગાવતાં તે પછીના કચ્છના છપાયેલા સિક્કામાં 'કૈસરે હિંદ'ના અક્ષરો છપાયા છે જે છેવટ સુધી ચાલુ રહ્યા હતા. આ રીતે સને ૧૮૭૬થી ૧૯૪૨ના સમયગાળા દરમિયાન ઇંગ્લૅન્ડમાં ક્વીન વિક્ટોરિયા, એડવર્ડ ૭મો, એડવર્ડ ૮મો, જ્યૉર્જ પંચમ, જ્યૉર્જ છઠ્ઠો – એ રીતે ઇંગ્લૅન્ડની ગાદીએ આવ્યા હતા અને અહીં કચ્છના સિક્કાઓમાં એમનાં નામ છાપવામાં આવ્યાં હતાં એ પણ નોંધવા જેવું છે. વળી ખુદ ઇંગ્લૅન્ડમાં ૮મા એડવર્ડના સિક્કા, તેઓ એક જ વર્ષ ગાદીએ રહ્યા હોવાથી, છાપી શકાયા ન હતા, પણ કચ્છના સિક્કાઓમાં, રાજસ્થાનના જોધપુરના સિક્કાઓમાં અને આફ્રિકાની બે કૉલોનીઓમાં એમના નામના સિક્કા બહાર પડ્યા હતા. કચ્છમાં તે સમયે પાંચ કોરી, અઢી કોરી, એક કોરી એમ ચાંદીના ત્રણ સિક્કા અને ત્રણ દોકડાનો તાંબાનો સિક્કો ચલણમાં મૂકવામાં આવેલ. આ સિક્કાઓ સંવત ૧૯૯૩માં એટલે કે સને ૧૯૩૬માં છપાયા હતા. એમાં પણ પાંચ કોરીના સિક્કા ઉપર સંવત ૧૯૯૨ અને સંવત ૧૯૯૩ એમ બન્ને સાલની છાપ છે. પરંતુ બંને ઉપર સને ૧૯૩૬ની છાપ પણ જોવામાં આવે છે એ એની વિશેષતા છે.

બ્રિટિશકાલીન કચ્છી સિક્કા :

ભારતદેશ આઝાદ થયો એ પહેલાં કચ્છ જેવાં બહુ ઓછાં રાજ્યો હતાં કે જેમને પોતાનું ચલણ હતું. બ્રિટિશરોએ ભારત પર પોતાની હકૂમત સ્થાપી તે પહેલાંથી જ કચ્છ રાજ્યમાં ચલણી નાણાંનો અમલ થયો હતો. આથી બ્રિટિશકાલીન કચ્છી સિક્કા વિશે જોઈએ તે પહેલાં કચ્છી ચલણના પૂર્વ-ઇતિહાસનો આછેરો ખ્યાલ વિષયાંતર નહીં કહેવાય.

કચ્છના ચલણી એકમમાં કોરી એ સૌથી મોટો એકમ હતી. કચ્છની પહેલવહેલી બહાર પડેલી કોરી 'જહાંગીરી કોરી' તરીકે ઓળખાતી.

કચ્છના રાવશ્રી ભારમલજી પહેલાએ ઈ. સ. ૧૬૧૭માં કચ્છી ચલણનો પ્રારંભ કર્યો હતો અને પ્રથમ 'જહાંગીરી કોરી' છાપી હતી. અમદાવાદ ખાતેની ટંકશાળમાં છાપવામાં આવેલ આ 'જહાંગીરી કોરી'ની એક બાજુ રાવ શ્રી ભારમલજી પહેલાનું નામ તથા બીજી બાજુ જહાંગીરનું નામ મુકાયું હતું.

આમ ઈ. સ. ૧૬૧૭થી શરૂ થયેલ કચ્છી ચલણ ઉપર ઈ. સ. ૧૮૫૭ સુધી ગુજરાતના સુલતાન મુઝફ્ફરશા હિજરી ૯૭૮ લખવામાં આવતું. એ ઉપરાંત ફારસી ભાષામાં 'બિલ્લાહ અલ મુવી દ બેતાહીત-અલરહમાન અબુઅલી ફતલન શિર ઉદ-ઇનયા બહોતદિન અર્થાત્ ઈશ્વર દ્વારા શક્તિમાન થયેલા રાજા' એ પ્રકારનું લખાણ છાપવામાં આવતું.

૧૮૫૭ના બળવા પછી કંપની સરકાર પાસેથી બ્રિટિશ પાર્લમેન્ટે હિન્દુસ્તાનનો વહીવટ સંભાળી લેતાં અને તે મતલબનો ઢંઢેરો તત્કાલીન રાણી વિક્ટોરિયાએ બહાર પાડતાં કચ્છના સિક્કાઓમાં પણ સાર્વભૌમ સત્તા તરીકે બ્રિટિશ રાજવીઓનાં નામ આવતાં થયાં. કચ્છના સિક્કાઓ પર બ્રિટિશરો આવ્યા બાદ એક તરફ કચ્છના રાવનું નામ, બીજી બાજુ બ્રિટિશ સમ્રાટનું નામ, સાલ અને તે સિક્કો ક્યાં છપાયો તે ટંકશાળનું નામ છાપવામાં આવતું. કચ્છના ચલણી સિક્કા પર બ્રિટિશ શાસનની આ પ્રથમ અને દૂરગામી અસર હતી.

૧૮૫૭થી ૧૯૦૧ સુધી એટલે કે રાણી વિક્ટોરિયાના મૃત્યુ સુધી કચ્છમાં ત્રણ રાજવીઓ બદલી ગયા : રાવશ્રી દેશળજી, રાવશ્રી પ્રાગમલજી તથા રાવ શ્રી ખેંગારજી. રાવશ્રી ખેંગારજીના ૬૬ વર્ષના દીર્ઘ રાજ્યકાળ દરમિયાન વિક્ટોરિયા રાણીના સમયથી ઊલટું, એટલે કે કચ્છના રાવ એક પણ એના સમય દરમિયાન બ્રિટિશના રાજાઓ ત્રણ એવું બનેલું હતું. હિન્દુસ્તાનના કોઈ પણ રાજ્યમાં યા દેશી ચલણ અમલમાં હતું ત્યાં દેશી રાજવીના નામ સાથે ત્રણત્રણ બ્રિટિશ સામ્રાજ્યના સિક્કાઓ છપાયા નથી. આ હકીકત કચ્છના તત્કાલીન સિક્કાઓ માટે અગત્યની હતી.

રાવશ્રી પ્રાગમલજી ગાદીએ આવતાં મોટા ચૂકવણાર્થે તેઓએ કોરી કરતાં વધુ કિંમતના પાંચ કોરી અને અઢી કોરીના સિક્કા દાખલ કર્યા. અત્રે યાદ રહે કે કોરી એ મોટામાં મોટો ચાંદીનો એકમ હતી. આ ઉપરાંત મોટા જાહેર બાંધકામનું ચુકવણું સરળ બનાવવા ચાંદીના મોટા એકમો ઉપરાંત સોનામહોર નામે ઓળખાતા ૧૦૦, ૫૦ અને ૨૫ કોરીના સિક્કા પણ એમણે દાખલ કર્યા.

રાણી વિક્ટોરિયા બાદ બ્રિટનની ગાદીએ આવેલ એડવર્ડ-સાતમાના નામવાળા કચ્છી ચલણ પાંચિયાની ચાંદી વધુ શુદ્ધ હોઈ તે ગાળી અને વેચવાથી પાંચિયા કરતાં વધારે રકમ મળતી હોઈ ઘણા પાંચિયાઓ ગળાઈ ગયા અને અત્યંત દુર્લભ બની ગયા. (પાંચ કોરીનો સિક્કો પાંચિયું કહેવાતો.)

યંત્રોના આવિષ્કાર પહેલાં માનવ-હાથથી સિક્કા તૈયાર થતા અને યંત્રોની શોધ થતાં સિક્કાઓ પણ યંત્રોથી બનવા લાગ્યા અને જમાનાને અનુરૂપ બનવા કચ્છના રાવશ્રી ખેંગારજીએ ઈ. સ. ૧૯૨૯માં બ્રિટિશ સમ્રાટ જ્યૉર્જ પંચમના સમયમાં નવી ટંકશાળ ચાલુ કરી. આ ટંકશાળની તમામ મશીનરી બર્મિંગહામ (ઇંગ્લેન્ડ)થી લાવવામાં આવી હતી જે મોતીભાઈ બુદ્ધભટ્ટી નામના કચ્છી અધિકારી લાવ્યા હતા. યંત્રમાં તૈયાર થતા કચ્છી સિક્કા શ્રેષ્ઠ પ્રકારના હતા. વળી આ સિક્કા ઉપર તેની ધાર પર "કચ્છ સ્ટેટ ભુજ" એવું લખવામાં આવતું. સિક્કાની સફાઈ અને તેના આધુનિકીકરણ પર બ્રિટિશ અમલની અસર હતી.

જ્યૉર્જ પાંચમાનું અવસાન ૨૦મી જાન્યુઆરી ૧૯૩૬ના થયું એટલે ઈ. સ. ૧૯૩૬માં એમણે ફક્ત વીસ જ દિવસ સત્તા સંભાળી. આમ છતાં પણ તે સાલમાં એમના નામના સિક્કા ખેંગારજીએ બહાર પાડ્યા હતા. ત્યાર બાદ બ્રિટનની ગાદીએ આવેલ એડવર્ડ આઠમાએ નવ-દશ મહિના જ શાસન કર્યું. એમના નામના સિક્કા પણ કચ્છ રાજ્યે બહાર પાડ્યા હતા.

એડવર્ડ-આઠમા બાદ હિન્દુસ્તાનના છેલ્લા બ્રિટિશ સમ્રાટ તરીકે જ્યૉર્જ છઠ્ઠા આવ્યા અને તેમનો સમયગાળો ૧૯૩૬ દરમિયાન માત્ર ત્રણ મહિનાનો હોવા છતાં એમના નામના સિક્કા કચ્છ રાજ્યે છાપ્યા હતા. આમ ઈ. સ. ૧૯૩૬ દરમિયાન બ્રિટિશ સમ્રાટ તરીકે જ્યૉર્જ-પંચમ એડવર્ડ-આઠમા તથા જ્યૉર્જ-છઠ્ઠા એમ ત્રણ રાજવીઓ તખ્તનશીન થયા અને આ ત્રણે રાજવીઓના નામના સિક્કા બહાર પાડવાનો અભૂતપૂર્વ બનાવ કચ્છ રાજ્યમાં બન્યો હતો.

રાવશ્રી ખેંગારજી પછી કચ્છની ગાદી રાવ શ્રી વિજયરાજજીએ સંભાળતાં કચ્છી સિક્કાઓમાં ઘણું પરિવર્તન આવ્યું. રાવશ્રીના નાણાકીય સલાહકાર તરીકે મનુ સૂબેદાર હતા. એ સમયે ઈ. સ. ૧૯૩૯-૪૪ દરમિયાન બીજા વિશ્વયુદ્ધને લઈને ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા હતા. આથી શ્રી વિજયરાજજીએ મનુ સૂબેદારની સલાહથી પાંચ કોરીથી વજનમાં દોઢો પણ કિંમતમાં બમણો એવો દશ કોરીનો સિક્કો તથા ૫૦૦-૧૦૦-૫૦ અને ૨૫ કોરીની નોટ પણ છપાવી અમલમાં મૂકવા પ્રયત્ન કર્યો, પણ તે અમલમાં આવી શક્યા નહીં. આ હકીકત પણ કચ્છના બ્રિટિશકાલીન સિક્કાઓમાં એક અવિસ્મરણીય પ્રકરણ હતી. વિજયરાજજીના સમયની એ કોરીની નોટ ઉપર કચ્છની દરિયાવટ પોકારતું વહાણવટું, શૌર્ય દર્શાવતાં હથિયારો, ભુજનો કિલ્લો વગેરે દશ્યમાન હતાં. આ નોટો ઇંગ્લૅન્ડમાં છપાવવામાં આવી હતી.

રાવશ્રી વિજયરાજજી પછી કચ્છના છેલ્લા રાજવી મદનસિંહે ફક્ત નેવ્યાસી દિવસ રાજ કર્યું પરંતુ તેઓએ પોતાના સિક્કા પર કોઈ બ્રિટિશ સમ્રાટનું નામ ન છાપતાં 'જયહિંદ' એવું છાપ્યું અને લાંબા સમયથી ચાલી આવતી પરંપરાને તોડી પોતાનું નામ સિક્કાના ઇતિહાસમાં અમર કર્યું.

આમ કચ્છના બ્રિટિશકાલીન સિક્કાઓનો ઇતિહાસ ટૂંકો છતાં રસપ્રદ છે. કચ્છના એ બ્રિટિશકાલીન સિક્કાઓ, નોટો, ઇંગ્લૅન્ડથી આવેલ ટંકશાળની મશીનરી, વગેરે ભુજના મ્યુઝિયમમાં જોઈ શકાય છે.

૧૬. કચ્છનાં પ્રાચીન શિલ્પ અને સ્થાપત્ય

(આદ્ય ઐતિહાસિકથી ઈ. સ.ની ૧૩મી સદી સુધી)

દિનકર મહેતા

શિલ્પ :

માનવીની જીવન ટકાવી રાખવા માટેની પ્રાથમિક જરૂરિયાત પૂરી થાય ત્યારે તેની માનવસહજ મનોભાવના લલિતકલા દ્વારા પ્રદર્શિત થતી હોય છે અને તેનું માધ્યમ ચિત્ર, શિલ્પ, નૃત્ય-નાટ્ય વગેરે હોય છે. નૃત્ય અને નાટ્ય તત્કાલીન કલા હોઈ પ્રાગૈતિહાસિક માનવની આ પ્રવૃત્તિ વિશે આધારભૂત માહિતી મળવી મુશ્કેલ છે. સમયના દીર્ઘ અંતરાલને કારણે તે સમયની શિલ્પકલાનો કોઈ નમૂનો પણ જાણમાં નથી, પરંતુ પ્રાગૈતિહાસિક માનવે પોતાની પ્રવૃત્તિ ચિત્રકલા દ્વારા પ્રદર્શિત કરેલી છે, જેનાં પ્રમાણો ભારત તથા અન્ય દેશોમાંથી પ્રાપ્ત થયા છે. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ-ખાતાના સાબરકાંઠાના સર્વેક્ષણ કાર્યક્રમ દરમિયાન પ્રાગૈતિહાસિક કાળનાં કેટલાંક ચિત્રોની નોંધ કરવામાં આવી છે. આ કાળનાં ચિત્રો કચ્છમાં પ્રાપ્ત થયાં નથી, પરંતુ કચ્છમાં પણ પ્રાગૈતિહાસિક કાળનાં ચિત્રોની સંભાવના નકારી શકાય એમ નથી.

કાલગણનાના સંદર્ભમાં સિંધુખીણ અને તેને સમકાલીન સંસ્કૃતિ (Culture) કે સભ્યતા-(Civilization)નો સમાવેશ આદ્યઐતિહાસિક યુગમાં કરવામાં આવે છે. સંસ્કૃતિ (Culture) અને સભ્યતા(Civilization)ની સમજણ આપવા માટે અં. બા. પટેલે વ્યાખ્યા આપી છે કે મનુષ્ય ગ્રામીણ અવસ્થામાંથી નાગરિક અવસ્થા પ્રાપ્ત કરે એટલે તે સુસંસ્કૃત થયો કહેવાય. ગુજરાતમાં વિકસિત તથા ગ્રામીણ આદ્યઐતિહાસિક સંસ્કૃતિનાં ૧૯૯૨-૯૩ સુધીમાં ૬૦૭ જેટલાં સ્થળોની નોંધ કરવામાં આવી છે.[1] તે પછી પણ સર્વેક્ષણ થતાં તેની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. કચ્છમાં પણ આ સંસ્કૃતિ-સભ્યતાનાં ઘણાં સ્થળોની નોંધ થઈ છે અને અગત્યનાં એવાં સ્થળો પર ઉત્ખનન પણ કરવામાં આવ્યાં છે, પરંતુ આ તમામ સ્થળોના શિરમોર સમું ધોળાવીરા છે.

સામાન્યતઃ શિલ્પના બે પ્રકાર ગણવામાં આવે છે : ૧. અર્ધતક્ષણ (Relief) અને ૨. પૂર્ણશિલ્પ (Round). અર્ધતક્ષણમાં આકૃતિ ઉપસાવવામાં આવી હોય અથવા કોતરવામાં આવી હોય, જ્યારે પૂર્ણશિલ્પ એક સ્વતંત્ર કૃતિ એટલે કે જે પૂતળા જેવી હોય. કચ્છમાં આદ્યઐતિહાસિક શિલ્પનો વિચાર કરીએ તો ધોળાવીરા, દેશલપર વગેરે ઉત્ખનિત સ્થળોમાંથી મળેલા પુરાવશેષોને ગણતરીમાં લઈ શકાય. મુદ્રા કે મુદ્રાંક પરની આકૃતિઓને જો શિલ્પની વ્યાખ્યામાં મૂકવામાં આવે તો અર્ધતક્ષણ શિલ્પ કહી શકાય, જ્યારે વૃષભ કે અન્ય રમકડાં જેવા પુરાવશેષોને પૂર્ણશિલ્પની કક્ષામાં મૂકી શકાય.

આદ્યઐતિહાસિક યુગમાંથી ઐતિહાસિક યુગમાં પ્રવેશતાં જ મનુષ્યના મગજમાં ધર્મ અંગેના વિચારો પણ સ્પષ્ટ થતા ગયા છે. આ સ્થિતિમાં શિલ્પ (Sculpture) અને મૂર્તિ(Icon)નો ભેદ સમજવો જરૂરી છે. મૂર્તિ સામાન્યતઃ ઈશ્વરનું સ્વરૂપ હોય છે, જ્યારે શિલ્પ માટે તે જરૂરી નથી. દરેક મૂર્તિ શિલ્પ હોઈ શકે, પણ દરેક શિલ્પ મૂર્તિ હોવું જરૂરી નથી.

ભારતમાં પ્રાચીનતમ શિલ્પ અને શિલ્પીનો આભિલેખિક ઉલ્લેખ ઈ. સ. પૂ. બીજી સદીનો સી. શિવરામમૂર્તિએ નોંધેલો છે. ભારતનાં અને ગુજરાતનાં પ્રાચીન શિલ્પોની વિશદ ચર્ચા વિદ્વાનોએ કરી છે, પરંતુ અત્રે કચ્છનાં પ્રાચીન શિલ્પોની વિચારણા કરવાની હોઈ અન્ય શિલ્પોની ચર્ચા અપ્રસ્તુત છે.

આદ્યઐતિહાસિક સમયનાં મળેલાં રમકડાં કે માનવ-આકૃતિઓને શિલ્પની વ્યાખ્યામાં મૂકી શકાય કે કેમ એ ચર્ચાનો વિષય છે. આદ્યઐતિહાસિક માનવ ફુરસદના સમયમાં ફક્ત મનોરંજન માટે આકૃતિનું નિર્માણ કરે ત્યારે તેને શિલ્પની કક્ષામાં મૂકી શકાય કે કેમ – તે પણ વિચારણા માગી લેતો પ્રશ્ન છે. જોકે આજની આપણી શિલ્પની સમજમાં આદ્યઐતિહાસિક સમયના એટલે કે ધોળાવીરા, દેશલપુર વગેરેથી પ્રાપ્ત થયેલા પુરાવશેષો બંધ બેસતા નથી, તેથી તેની વિશદ ચર્ચા અત્રે અભિપ્રેત નથી.

શિલ્પનો આધાર માત્ર ધર્મ નથી. શિલ્પ વિવિધ વિષયને લઈને બનતાં હોય છે, જ્યારે મૂર્તિ ધર્મના આધારે બનતી હોય છે. જેની ચર્ચા થઈ શકે તેવાં શિલ્પ કચ્છમાં નોંધાયાં નથી, પરંતુ મૂર્તિ શિલ્પનું પગેરું છેક ક્ષત્રપસમય સુધી જાય છે. કચ્છમાંથી સૂર્યનું પ્રાચીનતમ મસ્તક લખપત તાલુકાના દોલતપર ગામમાંથી પ્રાપ્ત થયું છે.

સૂર્યોપાસના અતિ પ્રાચીન છે. તેનાં અનેક વિવરણ આપણા પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. સૂર્યની પૂજા ફક્ત ભારતમાં જ નહીં, ભારત બહાર પણ થતી તેવા પુરાવા મળી આવ્યા છે. પાંચમા સૈકામાં ઇજિપ્તમાં પણ સૂર્યપૂજા પ્રચલિત હતી. સંશોધન બાદ ઇજિપ્તમાં સૂર્યમંદિરો મળી આવ્યાં હોવાના પુરાવા પ્રાપ્ત થયા છે.

કચ્છના સંદર્ભમાં શિલ્પનો વિચાર કરીએ તો જણાય છે કે આ વિષયનું જોઈએ તેટલું સર્વેક્ષણ થયું નથી, તેથી અત્રે પ્રાપ્ત માહિતીના આધારે જ વિગતો આપવામાં આવી છે. આદ્યઐતિહાસિક સમય પછી છેક ક્ષત્રપસમયનાં બે લઘુશિલ્પો કચ્છમાંથી પ્રાપ્ત થયાં છે. આ બંને શિલ્પ હાલમાં કચ્છ મ્યુઝિયમમાં સંગૃહીત છે. એક શિલ્પનું ફક્ત મસ્તક છે જ્યારે બીજું શિલ્પ સૂર્યની ઊભી પ્રતિમાનું છે. આ શિલ્પ તક્ષણ (Relief) પ્રકારનું છે.

પ્રથમ પ્રકારનું મસ્તક-શિલ્પ સૂર્યનું છે કે વિષ્ણુનું છે તે વિશે મતમતાંતર છે. જોકે રસેશ જમીનદાર મસ્તકનું આ શિલ્પ સૂર્યનું હોવાનું જણાવે છે. મસ્તકની ઊંચાઈ ૫.૫ સેમી અને પહોળાઈ ૬ સેમી છે. મુખનો ઘાટ ભરાવદાર, ચહેરો ખુલ્લો, ખુલ્લી વેધક દૃષ્ટિ, સુશોભિત અલંકરણયુક્ત મુકુટ, મુકુટની બંને બાજુ જ્વાળા, વગેરે આ મુખ સૂર્યનું હોવાની વિશેષ સંભાવના વ્યક્ત કરે છે. સમયાંકનના સંદર્ભે જોઈએ તો આ મસ્તક ઈ. સ.ની ત્રીજી-ચોથીનું હોવાનું ઉમાકાન્ત શાહ માને છે. ગુજરાતમાં આવેલાં સંગ્રહાલયોમાં કચ્છ મ્યુઝિયમ ભુજ સૌથી જૂનું સંગ્રહાલય છે, તો ચર્ચિત સૂર્યમુખ ગુજરાતના હિન્દુ પ્રતિમા શિલ્પનું પ્રાચીનતમ ઉદાહરણ છે.

સૂર્યના સ્વરૂપ માટે 'વિશ્વકર્માશિલ્પ'માં વર્ણન આપેલ છે જેના આધારે શ્રી નાગેન્દ્રનાથ બસુએ જે વિગત આપી છે તે સૂર્યની પ્રતિમા ઓળખવા માટે ઉપયોગી છે.

કચ્છ સંગ્રહાલયમાં રહેલું બીજું શિલ્પ અર્ધતક્ષણ (Low Relief) પ્રકારનું છે. તકતી કહી શકાય તેવા આ શિલ્પમાં સૂર્યને ઊભા દર્શાવ્યા છે. માંડવી-રાયણમાંથી આ પ્રતિમા પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં મળતી સૂર્યની પ્રતિમાની જેમ આ પ્રતિમાને પણ ઊંચા બૂટ પહેરાવેલા છે. બંને હાથમાં પૂર્ણ ખીલેલાં કમળ છે. વસ્ત્રપરિધાન ઉદીચ્ય છે. કટિમેખલા તથા ગળામાં હાર છે. તકતીનું માપ ૧૪x૮.૫ સેમી છે. આ શિલ્પ પણ ક્ષત્રપસમયનું હોવાનું જણાય છે.

કચ્છમાં ઈસુની ત્રીજી-ચોથી સદી દરમિયાન બૌદ્ધધર્મનો પ્રભાવ હશે તેમ પ્રાચીન સાહિત્ય તથા પુરાતત્ત્વીય પુરાવા ઉપરથી જાણી શકાય છે. પાંચમી સદીમાં થયેલા પાણિનિએ તેમના 'અષ્ટાધ્યાયી' ગ્રંથમાં કચ્છનો ઉલ્લેખ કરેલ છે. પ્રાચીન સમયમાં બૌદ્ધધર્મથી આકર્ષાઈ કેટલાક વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવેલા, જેમાં હ્યુ-એન-સંગની પ્રવાસનોંધ અગત્યની છે. તે ઈ. સ. ૬૩૦-૬૪૪ દરમિયાન ભારતમાં આવેલો. કચ્છના પ્રવાસ દરમિયાન કચ્છના કોટેશ્વર પાસે ૮૦ જેટલા બૌદ્ધ વિહારો હતા અને ૫૦૦૦ જેટલા ભિક્ષુઓ લઘુયાન (Little Vehicle) સંપ્રદાયના હતા તેવી નોંધ તેણે કરી છે. હ્યુ-એન-સંગે જોયેલા કોઈ વિહાર હાલ અસ્તિત્વમાં નથી, પરંતુ અપવાદરૂપે લખપત તાલુકાના સિયોત પાસે

આવેલ શૈલગૃહ તે સમયનું હોવાનો સંભવ છે. આ શૈલગૃહનો ઉપયોગ બૌદ્ધ સાધુઓએ કર્યો હશે તે નિર્વિવાદ છે. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના કચ્છવર્તુળના અધિકારી-કર્મચારીઓને આ શૈલગૃહની સાફસફાઈ દરમિયાન ભગવાન બુદ્ધની ભૂસ્પર્શમુદ્રાવાળી કાચી માટીની કેટલીક મુદ્રા મળી આવેલી. આ તમામ તકતીઓ કાચી માટીની છે. ભગવાન બુદ્ધ કમલાસન પર છે. તેમનો જમણો હાથ ભૂમિને સ્પર્શ કરે છે. બંને બાજુ સ્તૂપની પ્રતિકૃતિ છે. આસનની નીચે બ્રાહ્મી લિપિમાં સંદેશ આપેલો છે. ચીની યાત્રી જ્યારે કચ્છ આવ્યો તે પહેલાંથી આ શૈલગૃહ બૌદ્ધ સાધુઓના ઉપયોગમાં હશે તેમ તે સ્થળ પરથી મળેલા લાલ માટીનાં ઉત્તમ રીતે પકવેલાં ઠીકરાં(Red Polished Ware)થી જાણી શકાયું છે. આ પ્રકારનાં ઠીકરાંને રોમ સાથે સંબંધ હતો અને તેમનો સમય ઈ. સ.ની ચોથી સદી આસપાસ હોવાનું પુરાતત્ત્વવિદોનું માનવું છે. આ શૈલગૃહમાંથી મળેલી આ મુદ્રાઓ (Sealings) ઈ. સ.ની ચોથી સદીથી સાતમી સદી દરમિયાન બની હોવાનો સંભવ છે.

ઉપર ચર્ચિત સૂર્યમુખ અને સૂર્યપ્રતિમા ઉપરાંત કચ્છ સંગ્રહાલયમાં ૨૨ સે.મી. ઊંચી બુદ્ધની સુંદર પ્રતિમા સંગૃહીત છે. પ્રતિમા કાંસામાં બનાવવામાં આવેલી છે. સમભંગમાં ઊભી આ પ્રતિમાની પાછળ લંબગોળ પ્રભામંડળ છે. પ્રસન્નમુખ બુદ્ધની મૂર્તિ જાણે કે અભયનો સંદેશ આપે છે. મૂર્તિનો ડાબો હાથ ખંડિત છે, પરંતુ બુદ્ધનાં અર્ધનિમિલિત ચક્ષુ અને મોહક સ્મિત કલાનો ઉત્તમ નમૂનો પ્રદર્શિત કરે છે. પ્રતિમાના આસન પર પ્રતિમા બનાવવાનો હેતુ સ્પષ્ટ કરતો બ્રાહ્મી લિપિમાં લેખ ઉત્કીર્ણ કરેલો છે. બૌદ્ધ ભિક્ષુ નાગસિદ્ધે તેની માતા સમાન ગુરુ કીર્તિદેવીની સ્મૃતિમાં આ પ્રતિમા બનાવડાવી છે. લિપિશાસ્ત્ર અને પ્રતિમા-વિધાનના અભ્યાસથી આ પ્રતિમાનો સમય ઈ. સ.ની સાતમી સદી હોવાનું વિદ્વાનો માને છે.

ભચાઉ તાલુકાના કંથકોટના કિલ્લામાં બે પ્રાચીન દેવાલય આવેલાં હતાં. આ મંદિરોમાં એક જૈનમંદિર અને બીજું સૂર્યમંદિર હતું. આ સૂર્યમંદિર સને ૨૦૦૧ના ભૂકંપમાં ધ્વસ્ત થયું તે પહેલાં મંદિરમાં જે પ્રતિમા હતી તે પ્રતિમાના બે હાથ હતા જે પણ ખંડિત હતા. પાર્શ્વભૂમાં બે કમળનાં અંકન હતાં. બાજુમાં બે અનુચરો અને બે પત્નીઓનાં શિલ્પ હતાં. મોજાં સહિત હોલબૂટ પહેરેલા હતા. સને ૨૦૦૧ના ભૂકંપમાં મંદિર પડી જતાં આ મૂર્તિ પણ ચારપાંચ ટુકડામાં ખંડિત થઈ ગઈ છે.

અન્ય એક સૂર્યપ્રતિમા રાપર તાલુકાના માખેલ ગામથી નોંધાયેલ છે. આ પ્રતિમાની ટૂંકી નોંધ કંચનપ્રસાદ છાયાએ કરેલી. આ પ્રતિમા ગામના પાદરમાં આવેલ એક મકાનમાં રાખવામાં આવેલી. સ્થાનિક લોકો આ મૂર્તિને જુદાજુદા નામથી ઓળખતા. હકીકતે તે સૂર્યપ્રતિમા છે. પ્રતિમાનું મૂળ સ્થાન અન્યત્ર હશે પણ સંભવતઃ તે મંદિર તૂટી જતાં આ મકાનમાં રાખવામાં આવી હશે. પ્રતિમા ખંડિત હતી તે સમયના નિરીક્ષણ મુજબ અલગ પડી ગયેલું મસ્તક પુનઃ ધડ પર ગોઠવવામાં આવેલું. હાથ પણ ખંડિત હતા પરંતુ થોડા સુધારા સાથે ફરી જોડવામાં આવેલા. પ્રતિમા આરસમાં બનાવવામાં આવી છે. શિલ્પાંકન સ્પષ્ટપણે વિદેશી અસર સૂચવે છે.

કચ્છમાં ઈ. સ.ની સાતમી સદી પછી તેરમી સદી સુધી સ્વતંત્ર શિલ્પોની નોંધ કે ચર્ચા પ્રકાશિત થયેલી જણાતી નથી. પરંતુ રાપર તાલુકાના ઉપર જણાવેલા માખેલ ગામની એક સૂર્યપ્રતિમાનો સચિત્ર લેખ પ્રકાશિત થયેલો છે. આ પ્રતિમા ભગ્ન હોઈ ચતુર્ભુજ હશે કે દ્વિભુજ તે સ્પષ્ટપણે કહી શકાતું નથી. પરંતુ ખભા પાસે બે કમળ સિવાય અન્ય કોઈ આયુધ કે ઉપકરણ જણાતાં નથી તેથી પ્રતિમા દ્વિભુજ હશે તેમ અનુમાન થઈ શકે. સૂર્યના પાર્શ્વમાં ઊર્ધ્વપર્ણ અંકિત લંબગોળ પ્રભામંડળ છે. સૂર્યને માથે અલંકરણહીન કરંડમુકુટ છે. સામાન્ય રીતે આવો મુકુટ જોવામાં આવતો નથી. વિસ્ફારિત નેત્રો, ભયનો સંપૂર્ણ અભાવ, કૃતનિશ્ચયી મનોભાવ વગેરેથી ચહેરો ભર્યોભર્યો લાગે છે. કર્ણમાં કુંડળ, ગ્રીવામાં હાર તથા હિક્કાસૂત્ર છે અને બંને ભુજામાં કેયૂર છે. કટિ નીચે ઊરુદામ તથા

મુક્તાદામનું સુંદર અંકન થયેલું છે. પગમાં હોલબૂટ છે, જેમાં પણ અતિસુંદર રૂપાંકન જોવા મળે છે. હાથની કોણી પાસેથી શરૂ થતી વનમાળા હોલબૂટના મધ્યભાગ સુધી આવે છે. વનમાલામાં પણ વચ્ચે સુંદર પુષ્પગુચ્છ મૂકેલો છે. બંને હાથમાં પૂર્ણવિકસિત કમળ પરથી સૂર્યનું આ મિત્ર સ્વરૂપ પણ હોઈ શકે. સૂર્યના ખભા પાસે અશ્વમુખ અશ્વિનીકુમારો છે. સૂર્યના પગ પાસે એમની પત્નીઓ નિક્ષુભા અને રાજ્ઞી છે તથા જમણી બાજુ પિંગળ અને ડાબી બાજુ દંડ છે. પ્રતિમાના સમગ્ર નિરીક્ષણ પરથી આ પ્રતિમા સોલંકીસમયના અંતભાગની કે તે પછીના તરતના સમયની એટલે કે ઈ. સ. ૧૩મી સદીના અંતની અથવા ૧૪મી સદીના શરૂઆતની હોવાનો સંભવ છે.

સ્થાપત્ય

શૈલોત્કીર્ણ ગુફા :

હ્યુ-એન-સંગ સાતમી સદીમાં ભારત આવ્યો ત્યારે કચ્છમાં પણ આવેલ, તેથી એ સુનિશ્ચિત હતું કે કચ્છમાં તે સમયે બૌદ્ધધર્મ પ્રચારમાં હતો. પરંતુ તે પહેલાં પણ ઓછામાં ઓછા ચાર સદી પૂર્વે કચ્છમાં બૌદ્ધધર્મ સારા એવા પ્રમાણમાં પ્રચારમાં હતો તેનાં પુરાતત્ત્વીય પ્રમાણો બૌદ્ધ ગુફાઓ મળવાથી નિશ્ચિત થઈ શક્યાં છે. સિયોત પાસે આવેલી આ ગુફાની સર્વ-પ્રથમ નોંધ ઈ. સ. ૧૮૭૯માં બર્જેસે કરેલી. ડૉ. કાંતિલાલ સોમપુરાના મત પ્રમાણે આ ગુફાને ખાપરા-કોડિયા નામના ધાડપાડુઓએ ચોરીનો માલ સંતાડી વિશ્રામ લેવાના ઉપયોગમાં લીધી હશે. કે. કા. શાસ્ત્રીએ પણ આ ગુફાની મુલાકાત લીધી અને તેનું સવિસ્તર વર્ણન પણ કર્યું, પણ તે કયા સંપ્રદાયની હશે અને કયા સમયની હશે તેની સ્પષ્ટતા કરવાનું ટાળ્યું. ૧૯૭૨-૭૩માં ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ સર્વેક્ષણ દરમિયાન તેના મહત્ત્વ અંગે નોંધ લઈ તેને તથા નખત્રાણા તાલુકાની ધડુડ નદીને કાંઠે આવેલ અન્ય બે ગુફાઓને રાજ્યરક્ષિત સ્મારક ઘોષિત કરી. છો. મ. અત્રિએ આ ગુફા શૈવ હોવાની સાથેસાથે તેની પ્રાચીનતા મૌર્ય સમયથી પણ વધારે હોવાનો મત રજૂ કર્યો. ત્યાર બાદ આ શૈલોત્કીર્ણ ગુફાની સ્થાપત્યકીય રચનાનો અભ્યાસ કરી તેનો ઉપયોગ બંને સંપ્રદાયો શૈવ અને બૌદ્ધના અનુયાયીઓએ કર્યો હશે, એવું મંતવ્ય દિનકર મહેતાએ રજૂ કર્યું. આ શૈલોત્કીર્ણ ગુફા ગમે તે સંપ્રદાયની હોય, પરંતુ ઈ. સ.ની ત્રીજી-ચોથી સદીની હોવાથી કચ્છનાં પ્રાચીનતમ સ્થાપત્યોમાં આ ગુફા પ્રથમ સ્થાને છે.

સિયોતની શૈલોત્કીર્ણ ગુફા પછી અંદાજે પાંચસો વર્ષના અંતરાલ બાદ કચ્છમાં સ્થાપત્યકીય સ્મારકોનાં દર્શન થાય છે. ઈ. સ.ની ચોથી સદીથી આઠમી સદીના અંત સુધી કોઈ નોંધપાત્ર સ્થાપત્ય નજરે પડતું નથી. સંભવતઃ રાજકીય અસ્થિરતા અને સામાજિક અસલામતીને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ હોય.

રાણી રાજૈનું મંદિર (પુંઅરેશ્વર મંદિર)

નખત્રાણા તાલુકાના મંજલ ગામથી એકાદ કિ.મી. દૂર રાણી રાજૈનું મંદિર આવેલ છે. સ્થાનિકે આ મંદિર પુંઅરેશ્વરના મંદિર તરીકે જાણીતું છે. આ મંદિર વિશે એવી કથા છે કે કેરાના લાખા ફુલાણીથી મનદુઃખ થતાં પુંઅરાએ આ સ્થળે કિલ્લો ચણાવી વસવાટ કર્યો. તેને નગરપારકરના રાણા ચાંદ સાથે દુશ્મનાવટ થઈ હતી, પરંતુ તેની પુત્રી રાજૈ સાથે તેને પ્રેમ હતો. પુંઅરા અને ચાંદ વચ્ચે યુદ્ધ થતાં ચાંદની હાર થઈ. રાજકુંવરી રાજે સાથે પુંઅરાએ લગ્ન કર્યાં અને તેને પોતાના રાજ્યમાં લાવવા તૈયારી કરી ત્યારે રાજૈએ પોતાના ઇષ્ટદેવ શિવનું પ્રાતઃકાળે પૂજન કર્યા પછી જ દૈનિક કાર્ય કરવાના વ્રતની વાત પુંઅરાને કહી. જે શિવાલયમાં રાજૈ પૂજા કરતી તે શિવાલય નગરપારકરમાં હતું. પુંઅરાએ નગરપારકરની પ્રતિકૃતિ જેવું જ શિવાલય પોતાના ગઢ પાસે બનાવ્યું, જેથી રાજૈ તેની ભક્તિથી પ્રસન્ન થઈ મૂળ શિવાલય અહીં આવ્યું છે તેમ માની આનંદિત થઈ ગઈ.

હવે સ્થાપત્યકીય દૃષ્ટિએ પુંઅરેશ્વર મંદિરને તપાસીએ. શિવાલયની જગતી ઊંચાઈ મત્તવારણ સહિત ૨.૮ મીટરની છે. જગતી લંબચોરસ છે. લંબચોરસ જગતની લંબાઈ ૧૬.૫ મીટર અને પહોળાઈ

૬.૬ મીટર છે. જગતીની નિશ્ચિત અંતરે ટેકા માટે વિશેષ નિકાળા કરેલ છે. જગતીના પાંચ અંગ છે, જેમાં ભીટ કર્ણક, અંતરપટ, કપોતિકા અને સૌથી ઉપર પટ્ટીકા છે. કપોતિકામાં અર્ધચંદ્રનું અલંકરણ કરેલ છે. ગૂઢમંડપમાં બંને બાજુ ચંદ્રાવલોકન કરેલ છે. પ્રદક્ષિણા-પથમાં એક બારી મૂકવામાં આવી છે. ગર્ભગૃહ સમચોરસ અને સાદું છે. ગૂઢમંડપના સ્તંભ રુચકા પ્રકારના છે. સ્તંભશીર્ષમાં ભારપુત્રક તથા કીચકનાં ભારે શિલ્પો કંડારેલાં છે. રુચકા પ્રકારના સ્તંભ સૌરાષ્ટ્રના મૈત્રક સમયનાં મંદિર-સ્થાપત્યોની યાદ આપે છે. તેમાં પ્રથમ શાખામાં લતાવેલનું અંકન છે, જ્યારે અન્ય બે શાખા અલંકરણહીન છે. દ્વારશાખની નીચેની બંને બાજુએ શિલ્પો છે જેમાં એક મુખ્ય અને બે શાખા લઘુશિલ્પો છે. સતત ઘસારો અને સિંદૂરને કરણે એ શિલ્પો ઓળખી શકાય તેમ નથી, પરંતુ શિલ્પશાસ્ત્ર મુજબ દક્ષિણ શાખ ઉપર ગંગા અને ડાબી બાજુ પર યમુનાની સ્થાપના થતી હોય છે. તે ઉપરાંત ગંગા પાસે શંખનિધિ અને યમુના પાસે પદ્મનિધિનાં શિલ્પ કરવામાં આવતાં હોય છે. અહીં ગંગા-યમુનાની બાજુમાં એકને બદલે બબ્બે વ્યક્તિ હોઈ આ વિશિષ્ટ શિલ્પ જણાય છે. લલાટબિંબમાં ગણેશ બિરાજે છે. તેની ઉપરની શાખામાં પાંચ દેવો માટે જગ્યા બનાવેલી છે. પરંતુ મંદિરનું કામ અપૂર્ણ રહેવાને કારણે આ જગ્યા પણ એમ જ છોડી દેવામાં આવી છે. એક સમયે ગૂઢ-મંડપની આગળ પ્રવેશચોકી તથા તેની આગળ નંદીમંડપ હશે જેના માત્ર પાયાના અવશેષો જોઈ શકાય છે.

પુંઅરાના નામથી પ્રસિદ્ધ થયેલ આ શિવાલય ખરેખર પુંઅરાએ બંધાવ્યું છે કે કેમ તે સંશોધનનો વિષય છે, કારણ કે શિવાલયનાં સ્થાપત્યકીય અંગોનો અભ્યાસ પુંઅરાના સમય સાથે બંધબેસતો નથી. એમ. એ. ઢાંકીએ સર્વપ્રથમ આ મંદિરને નવમી સદીના અંતનું કહ્યું છે. ત્યાર બાદ આ શિવાલયને મહાગુર્જરશૈલીનું મંદિર ગણાવી તેની વઢવાણના રાણકદેવી તથા દેદાદરાના મંદિર સાથે તુલના કરી તેનો સમય ઈ. સ. ૯૦૦નો હોવાનું કહ્યું છે. હર્ષદરાય પંડિયાએ પુંઅરેશ્વરના આ શિવાલયની સૌરાષ્ટ્રનાં મૈત્રક સમયનાં મંદિરો સાથે તુલના કરી એવો મત વ્યક્ત કર્યો છે કે સૌરાષ્ટ્રનાં મંદિરોની શૈલીના અસ્ત સમયે જ મહાગુર્જરશૈલીનો ઉદય થયો છે. તેમ જ સૌરાષ્ટ્રનાં મંદિરોનાં કેટલાંક લક્ષણોનો સ્વીકાર મહાગુર્જરશૈલીએ પણ કરેલો છે. પુંઅરેશ્વર મંદિરનાં અંગોનો અભ્યાસ કરતાં આ શિવાલય આઠમી સદીના અંતસમયનો તેમનો મત છે. સંક્ષેપમાં આ શિવાલય પુંઅરાએ બંધાવ્યું હોવાનો જરા પણ સંભવ નથી, કારણ કે પુંઅરો રા' લાખાનો સમકાલીન હતો અને રા' લાખો મૂળરાજ સોલંકી(ઈ. સ. ૯૪૨-૯૯૭)નો સમકાલીન હતો. આમ પુંઅરા અને આ શિવાલયના નિર્માણ વચ્ચે લગભગ એકથી દોઢ સદીનો અંતરાલ છે. ઈ. સ. આઠમી સદીના અંતના સમયના આ મહામૂલા સ્થાપત્યને ગુજરાત સરકારે રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલું છે.

આ ભવ્ય શિવાલયના શિખરને ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપે નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. શિખરના ચારે કર્ણકૂટ તૂટી પડ્યા છે. મંડોવરમાં પણ તિરાડો પડી ગઈ છે અને પ્રદક્ષિણાપથની બહારની ઉત્તર તરફની દીવાલના ગવાક્ષનું વાતાયન અર્ધું તૂટી ગયું છે. મજબૂત રુચકાસ્તંભ તથા અર્ધસ્તંભને કારણે સભામંડપને વિશેષ નુકસાન નથી થયું. સમતલ વિતાન પણ યથાવત્ છે. રુચકાસ્તંભના ઉત્તમ તક્ષણકાર્ય પ્રદર્શિત કરતા સ્તંભશીર્ષ પણ સદ્‌નસીબે સુરક્ષિત છે. વિશિષ્ટ સ્થાપત્યની રચના ધરાવતું હોઈ આ મંદિરનું પુરારક્ષણકાર્ય ન થઈ શકે તો ઓછામાં ઓછું જેમ છે તેમ જળવાઈ રહે તે જોવાની આપણી સૌની ફરજ છે.

કોટાય :

ભુજથી આશરે પાંત્રીસેક કિલોમીટર દૂર કોટાય નામનું પ્રાચીન ગામડું આવેલ છે. તેની પાસે માત્ર અવશેષ બચ્યા છે તેવા અણગોરગઢમાં પ્રાચીન દેવાલય આવેલ છે. આ પ્રાચીન દેવાલયની 'આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા'ના જેમ્સ બર્જેસે ૨૬ ઑક્ટોબર, ૧૮૭૪થી એપ્રિલ, ૧૮૭૫ દરમિયાન કચ્છના પ્રવાસ વખતે મુલાકાત લીધી હતી. શ્રી બર્જેસે


જ્યારે કોટાયની મુલાકાત લીધી ત્યારે દશમી સદીના કેટલાક અન્ય અવશેષોની પણ તેઓએ નોંધ લીધી હતી. શ્રી બર્જેસે એ પણ નોંધ્યું છે કે રા' લાખાએ કેટલોક સમય પોતાની રાજધાની અહીં રાખેલી. તેણે અહીં સૂર્યમંદિર પણ બંધાવેલું જે પશ્ચિમાભિમુખ હતું. બર્જેસની આ ભૂલ જણાય છે, કારણ કે સૂર્યમંદિર પશ્ચિમાભિમુખ ન હોઈ શકે. કા. ફૂ. સોમપુરાએ પણ આ મંદિરની ચર્ચા કરી છે ને બર્જેસનો આધાર લીધો છે, પણ આ મંદિર પશ્ચિમાભિમુખને બદલે પૂર્વાભિમુખ છે તેવું વિધાન કરેલ છે. જોકે બર્જેસે તો આ મંદિર પશ્ચિમાભિમુખ કહ્યું છે. અહીં સૂર્યમંદિર અને શિવમંદિર અંગે વિદ્વાનોમાં કંઈ ગેરસમજ હોય તેમ લાગે છે. સૂર્યમંદિર તો બહુ વહેલું લુપ્ત થઈ ગયેલું. તે અહીં હશે તેમ કહેવા માટે ફક્ત તેના અવશેષો જ અવશિષ્ટ છે. રામસિંહજી રાઠોડે જ્યારે આ સ્થળની મુલાકાત લીધી ત્યારે પણ આ મંદિર નામશેષ ભંગારની સ્થિતિમાં હતું. તેમના નિરીક્ષણ મુજબ કોટાયની બાજુમાં અણગોરગઢમાં શિવમંદિર આવેલું, જેની વિગતવાર ચર્ચા તેઓએ કરી છે, પણ તેના નિર્માણના સમય કે બંધાવનાર વિશે કોઈ માહિતી આપી નથી. કંચનપ્રસાદ છાયા આ મંદિરનાં શિલ્પોના અભ્યાસને આધારે આ મંદિર મોઢેરાના સૂર્યમંદિરથી થોડું વધારે પ્રાચીન હશે તેવો તર્ક કરે છે. મોઢેરાનું સૂર્યમંદિર ભીમદેવ સોલંકીના (ઈ. સ. ૧૦૨૨-૬૬) સમય દરમિયાન બંધાયું હોવાનું એમ. એ. ઢાંકી કહે છે. તે પછી મહાગુર્જરશૈલીનાં મંદિરોનું વિવરણ કરતાં તેઓ આ શિવાલયનો સમય ઈ. સ. ૯૫૦નો હોવાનું જણાવે છે. સ્ત્રીપાત્રોનાં શિલ્પોનું બાહુલ્ય હોઈ આ મંદિર શિવમંદિર નહીં પણ દેવીમંદિર હોવાની સંભાવના કંચનપ્રસાદ છાયા વ્યક્ત કરે છે. આ મંદિરના પ્રાંગણમાં એક ગોળ કાણાવાળો પથ્થર પડેલો છે તેને તેઓ શિખર પરથી ગબડી પડેલો આમલક જેવો પથ્થર હોવાનું કહે છે. ખરેખર એ પથ્થર આમલક નહીં પણ ઉલૂખલ છે. આ પ્રકારના ઉલૂખલ સૌરાષ્ટ્રમાં પ્રાક્ સોલંકીયુગના મૈત્રક-સૈંધવ-સમયનાં મંદિરો પાસે જોવા મળે છે. પ્રાક્-સોલંકી મૈત્રક-સૈંધવ મંદિરોનો સમય ઈ. સ.ની પાંચમી સદીથી આઠમી સદીના અંત સુધીનો માનવામાં આવે છે. આ મંદિરનાં શિલ્પોની શૈલી તેમ જ મંદિરનાં તલમાન અને ઊર્ધ્વમાનની રચના અને મંદિર પાસે ઉલૂખલની હાજરી આ મંદિર દશમી સદીથી વિશેષ પ્રાચીન હોવાનો નિર્દેશ કરે છે. મંદિરના ગર્ભગૃહમાં મૂળનાયકની પ્રતિમા ન હોઈ આ મંદિર કયા દેવનું હશે તે કહેવું મુશ્કેલ છે. પણ મંદિરના મંડોવરના અને અન્ય શિલ્પોના અભ્યાસ પરથી તે શિવમંદિર હોવાનું માની શકાય.

આ દેવાલય તલમાને મુખમંડપ, ગૂઢમંડપ, અંતરાલ અને ગર્ભગૃહયુક્ત છે. ઊર્ધ્વમાને ભીટ, અંતરી, પટ્ટિકા, કુંભ અંતરી, કળશ, પુનઃ ગવાક્ષઅંકનયુક્ત આંતરપટ્ટ અને કપોતાલી છે. તે પછી મંડોવર શરૂ થાય છે. મંડોવરમાં દેવાંગના, અપ્સરા તથા દિક્પાલનાં સુંદર શિલ્પો છે. પદ્મપીઠ પર ઊભેલી અપ્સરાનું લાવણ્ય અગિયારસો વર્ષ પછી આજે પણ એટલું જ આકર્ષક લાગે છે. આ શિલ્પો જોતાં મંદિરની પ્રદક્ષિણા કરીએ ત્યારે જાણે કે કોઈ સંગીતની સૂરાવલી સાંભળતા હોઈએ તેવો ભાસ થાય છે. તે સમયના કલાકારને શરીરસૌષ્ઠવનું (Anatomy) કેટલું ચોક્કસ જ્ઞાન હશે તે જોઈ અચંબો થાય છે. મથાળે કીર્તિમુખના અંકન સાથેનો પટ્ટ છે. ગૂઢમંડપના મંડોવરની મધ્યમાં છાદ્યયુક્ત ચંદ્રાવલોકન કરેલ છે. મંડોવરના અંત પછી ચૈત્ય-ગવાક્ષના રૂપકામયુક્ત કેવાળના બે થર કરવામાં આવેલ છે. અહીંથી મુખમંડપ, ગૂઢમંડપ અને શિખરની ઉપરની રચના જુદી પડે છે. મંડોવરના ચંદ્રાવલોકન પછી કેવાળના બે થર ઉપર અતિસુંદર એવો ઉદ્‌ગમ મૂકેલો છે. પંચાંડક શિખર કર્ણકૂટ, ઊરુશૃંગ અને મૂલશૃંગથી બનેલ છે. શિખરની જાલકભાત મંદિરની સુંદરતામાં વધારો કરે છે. ગૂઢમંડપ પર ફાંસનાકાર થરોમાં ચૈત્યગવાક્ષનું ધારદાર શિલ્પાંકન કરેલ છે, જે સૌરાષ્ટ્રનાં મૈત્રક-સૈંધવ મંદિરોની યાદ આપે છે. આ જ લક્ષણ તેની પ્રાચીનતાનું દ્યોતક છે. મંદિર એટલું સુંદર છે કે નજર ત્યાંથી ખસી

શકતી નથી. રામસિંહજી રાઠોડે ખરું જ કહ્યું છે કે 'કચ્છના પ્રાચીન અવશેષોમાં આ મંદિર ચૂંટી મોતી જેવું છે. મંદિરની ગણના રાષ્ટ્રકક્ષાએ થઈ શકે તેટલું ઉત્કૃષ્ટ મંદિર-સ્થાપત્ય હોઈ એને કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ-ખાતાએ સ્મારક જાહેર કરેલ છે.'

શિવમંદિર : કેરા

ભુજની દક્ષિણે ૧૮ કિલોમીટર દૂર આવેલ આજનું કેરા તે રા' લાખાની પ્રાચીન રાજધાની હોવાનું અનુમાન છે. સોલંકી રાજા મૂલરાજે કપિલકોટ પર અગિયાર વાર ચડાઈ કરી હોવાનો મેરુતુંગ રચિત 'પ્રબંધચિંતામણિ (ઈ. સ. ૧૩૦૫)માં નિર્દેશ છે. અંતે રા' લાખો દ્વંદ્વયુદ્ધમાં મૂળરાજ સાથે લડતાં કપિલકોટમાં જ મરાયો. સિદ્ધરાજના સમયમાં (ઈ. સ. ૧૦૯૪-૧૧૪૪) આચાર્ય હેમચંદ્રરચિત 'દ્વયાશ્રય' તેનાથી જુદી જ કથા કહે છે. તે રાજાઓએ યશનો દાવો કરેલ છે. પરંતુ ગુજરાતના ઇતિહાસકારોના કથન પ્રમાણે તો મૂળરાજના છોડેલા ભાલાથી જ તેનું મૃત્યુ થયું હતું. મારવાડના ભાટ-ચારણો તો એમ જ કહે છે કે ઈડરના રાજકુટુંબના મોવડી મારવાડના સિયાજી રાજાએ જ લાખાને યુદ્ધમાં માર્યો છે. આ ભાટ ગાયકોએ એક દુહામાં ગાયું છે કે "કાળનો કાળ આવશે પણ સિયાજી રાયાની આ કીર્તિ અમર રહેશે." લાખાના આયુષ્ય માટે જુદી-જુદી માન્યતા પ્રવર્તે છે. શંભુદાન ગઢવીના મત મુજબ લાખાએ ૧૨૪ વર્ષનું આયુષ્ય ભોગવેલું. માવજી કાનજી મહેતાના પુસ્તકમાં જણાવ્યા મુજબ લાખા ફુલાણીનો જન્મ વિ. સં. ૯૭૬માં થયેલો અને તેનું અવસાન લડાઈમાં વિ. સં. ૧૦૩૫માં થયું હતું. તે મુજબ ગણતરી કરતાં લાખાનું આયુષ્ય ૫૯ વર્ષનું ગણાય. આત્મારામ કેશવજી દ્વિવેદી પણ લાખાનું



શિવમંદિર કેરા : ઉત્તર તરફની મંડપની દીવાલનું તૂટેલું વાતાયન, ૨૦૦૧ના ભૂકંપ પછી

મુજબ મૂળરાજ ગ્રહરિપુ ઉપર ચડી ગયો ત્યારે રા' લાખો અને સિંધુરાજ ગ્રહરિપુની મદદે દોડી ગયા. આમાં લાખો મૂળરાજને હાથે જંબુમાલી નદીને કાંઠે થયેલ યુદ્ધમાં મરાયો અને ગ્રહરિપુ તથા સિંધુરાજ કેદ પકડાયા. કચ્છના ઇતિહાસમાં લાખો ફુલાણી તેનાં ઉચ્ચ ચારિત્ર અને દાનવીરતા માટે પ્રસિદ્ધ છે. તે શૂરવીર અને કુશળ યોદ્ધો હતો. એ યુગના આ મશહૂર યોદ્ધાને મારવા માટે ઘણા

મૃત્યુ ઈ. સ. ૯૭૯માં થયું હોવાનું માને છે. કે. કા. શાસ્ત્રી પણ લાખાનું મૃત્યુ ઈ. સ. ૯૭૯માં થયું હોવાની સંભાવના વ્યક્ત કરે છે. મૂળરાજે ૫૫ વર્ષ (વિ. સં. ૯૯૮થી ૧૦૫૩ – ઈ. સ. ૯૪૨-૯૯૭) રાજ્ય કર્યું હોવાનું 'પ્રબંધચિંતામણિ' જણાવે છે. મૂળરાજના આ લાંબા રાજ્યકાલ દરમિયાન તેણે અનેક યુદ્ધો કરેલાં, તેથી આ સમય દરમિયાન તેનું રા' ગ્રહરિપુ અને રા' લાખા સાથે

યુદ્ધ થયું હોય તે સંભાવના સત્યની બિલકુલ નજીક છે. રા' લાખાના જન્મ વિશે આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ પરંપરાગત ચાલી આવતી લોકકથા મુજબ અણગોરગઢમાં રાજધાની રાખી રાજ કરતા રાજા ફૂલના સાત પુત્રોમાંથી સહુથી પ્રતાપી પુત્ર લાખો હતો. તેના જન્મનો સમય જાણી શકાયો નથી પરંતુ તેના મૃત્યુનો સમય (ઈ. સ. ૯૭૯), તે મૂળરાજનો સમકાલીન હોઈ અને તેની સાથે થયેલ યુદ્ધથી જાણી શકાયો છે. રા' લાખા માટે અનેક દંતકથાઓ પ્રચલિત છે. તે ખૂબ જ પ્રતાપી તથા દાનવીર હતો. 'ઇન્ડિયન ઍન્ટિક્વે'માં તેના વિશે કથા છે.

લાખા પુત્ર સમુદ્રકા, ફૂલ ઘરે અવતાર ।
પારેવાં મોતી ચરે, લાખા રે દરબાર ॥
પલાણી હીરે જડી, સુરત પચાણી ।
પશ્ચમ હિંદો પાદશાં, લાખો ફુલાણી ॥

પ્રાચીન કપિલકોટ અથવા કેરા ગામની ઉત્તર દિશામાં એક ભવ્ય શિવાલય આવેલું છે, જેનું નિર્માણ રા' લાખાએ કરાવ્યું હોવાનું કહેવાય છે. રા' લાખો શિવભક્ત હતો તેથી આ શિવાલય તેણે બંધાવ્યું હોવાનું અનુમાન છે. પણ ખરેખર આ શિવાલય રા' લાખાએ બંધાવ્યું છે તેવા પુરાતત્ત્વીય પુરાવા મળતા નથી. આ સંજોગોમાં તેને આનુષંગિક અન્ય પ્રમાણો તપાસવાં જરૂરી બને છે. આ શિવાલયના કર્તા માટે વિચારણા કરતાં પહેલાં શિવાલયનો સ્થાપત્યકીય રચના સંબંધી અભ્યાસ કરીએ, જે શિવાલયના નિર્માણ તેમ જ તેના કર્તા વિશે સત્યની નજીક અનુમાન બાંધવામાં ઉપયોગી થશે.

ઊંચી જગતી પર બાંધેલું શિવાલય પૂર્વાભિમુખ છે. મંદિરના પીઠના થરો સાદા છે. ચૈત્યગવાક્ષયુક્ત ખુર્રક, આંતરપટ્ટિકા, કુંભ, કળશ, આંતરપટ્ટ અને કપોતના થરથી પીઠના થરો પૂરા થાય છે. કપોતના થરમાં અંતરેઅંતરે સુંદર ચૈત્યગવાક્ષ મૂકેલા છે. મંદિર સાંધાર છે. મંદિરનું ગર્ભગૃહ ૮'-૬'ના માપનું સમચોરસ છે. દીવાલોની જાડાઈ ૨'-૬' છે. મંડપની પહોળાઈ ૧૮'-૯' છે. ભૂકંપ વખતે નીચે પડી ગયેલ આમલસારનો વ્યાસ ૬'નો છે. તલમાને મંદિર ત્રિરથ છે. પ્રતિભદ્ર કે નંદિકા ન હોવાને કારણે મંડોવર પર મોટાં શિલ્પો કરવાનો શિલ્પીને પૂરતો અવકાશ મળ્યો છે. મંડોવર દિક્પાલ અને સુડોળ દેહયષ્ટિ ધરાવતાં અપ્સરાનાં શિલ્પોને કારણે મંદિર અતિ મનોહર અને દર્શનીય લાગે છે. કોટાયનાં શિલ્પો સાથે આ શિલ્પો ઘણું સામ્ય ધરાવે છે. પણ આ શિલ્પો મોટા કદનાં હોઈ શિલ્પકારને ઝીણીઝીણી વિગતો આલેખવા પૂરતી જગ્યા મળી રહી હોવાને કારણે વિશેષ આકર્ષક લાગે છે. મંડોવરનું એકએક શિલ્પ શિલ્પકારનું સુંદર કાવ્ય હોય તેમ લાગે છે. દરેક શિલ્પની નીચે પદ્મપીઠ છે. દિક્પાલ અને અપ્સરાનાં વસ્ત્રો અને આભૂષણોની સંરચના અદ્ભુત છે. અપ્સરાઓની આવી ભાવભંગી, કેશવિન્યાસ અને દેહસૌષ્ઠવ કચ્છનાં અન્ય મંદિરોમાં જોવા નથી મળતાં. મંડોવરનાં શિલ્પોના ઉપરના ભાગે ફરતી ગ્રાસપટ્ટી કરવામાં આવી છે. આ ગ્રાસપટ્ટી ઉપર જે જગ્યા બચી છે તેમાં કેટલાંક મિથુનશિલ્પો નજરે પડે છે. ભદ્રમાં વેદિકા કરી તેના ઉપર ચંદ્રાવલોકનની રચના કરી છે જેથી પ્રદક્ષિણાપથમાં પૂરતો પ્રકાશ મળી રહે. મંડોવર પૂરો થાય પછી શિખરનાં અંગો શરૂ થાય છે. અહીં છાદ્ય નથી પણ મંડોવરથી જુદા પાડવા કેવાળના બે થરોનો ઉપયોગ છાદ્ય તરીકે કર્યો હોય તેમ જણાય છે. કેવાળની ઉપરના ભાગે રત્નપટ્ટી કરવામાં આવી છે. શિખરમાં કર્ણ પર કર્ણકૂટ કરવામાં આવેલ છે. ભદ્ર પર ગવાક્ષ અને તેના પર ચૈત્યગવાક્ષના અલંકરણથી સુશોભિત ઉદ્ગમના આઠ થર કરવામાં આવ્યા છે. આ શોભાંકન એટલું ઉત્કૃષ્ટ છે કે પથ્થરમાં આટલી ચોકસાઈ અને પ્રવાહિતા જોઈને આશ્ચર્ય જ થાય. કર્ણકૂટ પર બીજું એક ઊરુશૃંગ કર્યા બાદ રેખામાં મૂળ શિખર શરૂ થાય છે. શિખર જાલક-ભાતના અંકનથી ખીચોખીચ ભરેલું છે. કણરિખા પર ભૂમિઆમલક શિખરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

વિ. સં. ૧૮૭૫(ઈ. સ.૧૮૧૯)માં થયેલ ભયંકર ભૂકંપમાં આ મંદિર વચ્ચેથી તૂટી પડ્યું. મંદિરનો મંડપ સંપૂર્ણ તૂટી ગયો છે. ગર્ભગૃહની દ્વારશાખ પણ તૂટી ગઈ છે, જેના અવશેષ નીચે પડેલા છે.

ભારતીય પરંપરા અનુસાર દાતા પોતે આપેલા દાનનું યશોગાન પોતે કરતો નથી તે મુજબ આ ઉત્તમ કલામંદિરના કર્તાએ પોતાનું નામ ક્યાંય જાહેર થવા દીધું નથી. આ સ્થિતિમાં મંદિરના નિર્માણ માટે અન્ય સાધનોનો આધાર લેવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. તેથી જેનો નિર્માણસમય નક્કી થઈ શક્યો હોય તેવા મંદિર સાથે તુલના કરી, તેના જેવાં લક્ષણ ધરાવતા અન્ય મંદિરનો સમય તથા તે સમયના અન્ય સાંયોગિક બાબતોનો આધાર લઈ સમય નક્કી કરવો પડે છે.

દેવાલય-સ્થાપત્યના આંતરરાષ્ટ્રીય-ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન એમ. એ. ઢાંકીએ ભારતનાં મોટા ભાગનાં મંદિરોનો પ્રાચીન સ્થાપત્યશાસ્ત્રોનો અભ્યાસ કરી તેની શૈલીના આધારે દેવાલયનિર્માણનો સમય નિશ્ચિત કરેલ છે. તે મુજબ કચ્છનાં મંદિરોનો પણ અભ્યાસ કરી એમ. એ. ઢાંકીએ તેનો પ્રકાર અને શૈલી નક્કી કરી આપેલ છે. આ દેવાલય મહાગુર્જર-શૈલીનું છે. આ શૈલીનો પ્રચાર ઈસુની દશમી સદીમાં વિશેષ જોવા મળે છે. શ્રી ઢાંકી આ મંદિરનો નિર્માણસમય ઈ. સ. ૯૫૦નો હોવાનું માને છે. જોકે આ નિર્માણસમય માટે કંચનપ્રસાદ છાયાનો મત જુદો છે. તેઓ માને છે કે આ મંદિર લગભગ નવમી સદીમાં બંધાયું જણાય છે. જેમ્સ બર્જેસ આ મંદિર દશમી સદીના અંતભાગમાં બંધાયું હોવાનો મત ધરાવે છે.

રા' લાખાનો સમય દશમી સદીનો છે. તે શિવભક્ત હતો તે સર્વવિદિત છે. આટલું ભવ્ય શિવાલય રાજ્યાશ્રય વિના બંધાવું શક્ય નથી. વિદ્વાનો પણ નિમ્ન ફેરફાર સિવાય મંદિરનો નિર્માણસમય દશમી સદીનો હોવાનું મંતવ્ય ધરાવે છે. તેથી પુરાતત્ત્વીય કે આભિલેખિક પુરાવા પ્રાપ્ત ન થાય તોપણ અન્ય આનુષંગિક હકીકતોનો વિચાર કરતાં આ મંદિર રા' લાખાએ જ બંધાવ્યું હોવાનું આ લખનાર માને છે. સંસ્કૃતિ તથા સ્થાપત્યકલા માટે અગત્યનું હોઈ ગુજરાત સરકારે આ શિવમંદિરને રક્ષિત સ્મારક જાહેર કરેલ છે.

સૂર્યમંદિર અને જૈનમંદિર : કંથકોટ

ભચાઉ તાલુકામાં ડુંગર પર એક ઐતિહાસિક કિલ્લો આવેલ છે. આ કિલ્લો ક્યારે બંધાયો અને તે કોણે બાંધ્યો તે અંગે કોઈ આધારભૂત માહિતી મળતી નથી, પરંતુ પરંપરાગત ચાલી આવતી ભાટ-ચારણો દ્વારા મળતી માહિતી 'કચ્છ દેશનો ઇતિહાસ'માંથી પ્રાપ્ત થાય છે.

મોડ અને મનાઈની કેટલીક કથા 'કચ્છ દેશનો ઇતિહાસ'માંથી મળે છે. તે મુજબ મૂળ સિંધમાં રહેતા આ બંને ભાઈઓ કચ્છમાં વાઘમ ચાવડા પાસે પાટગઢમાં આવ્યા. આ વખતે ગેડીમાં ધરણ વાઘેલો રાજ્ય કરતો હતો. મોડે તેની સાથે મિત્રતા કેળવી, ધરણ વાઘેલાની પુત્રી પોતાના પુત્ર સાડ સાથે પરણાવી અને તેના મુલકમાં ડુંગર ઉપર કિલ્લો બાંધવાની ઇચ્છા દર્શાવી. એ વખતે ડુંગર ઉપર ધૂણો ધખાવી કંથડનાથ નામનો જોગી તપ કરતો હતો. મોડે જોગીને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું, પરંતુ કંથડનાથે મોડની વાત સ્વીકારી નહીં. અંતે મોડે કિલ્લો ચણાવવાની ઇચ્છા પડતી મૂકી. મોડનું અવસાન ઈ. સ. ૮૯૮માં થયું. બાદમાં મોડના પુત્ર સાડે કિલ્લો બંધાવવાની શરૂઆત કરી. કિલ્લા પર જોગી કંથડનાથની અડચણ દૂર થયા બાદ સાડ કિલ્લો બંધાવામાં સફળ રહ્યો. જોગી કંથડનાથના નામથી કિલ્લાનું નામ કંથકોટ અથવા કંથાદુર્ગ રાખવામાં આવ્યું. આ ઐતિહાસિક કિલ્લાએ સંકટના સમયે અનેક રાજવીઓને આશ્રય આપ્યો છે. ઈ. સ. ૯૮૨ આસપાસ કલ્યાણના તૈલપે જ્યારે મૂળરાજ પર ચડાઈ કરી ત્યારે મૂળરાજે આ કિલ્લામાં આશ્રય લીધો હતો. મેરુતુંગના જણાવ્યા પ્રમાણે લાટના બારપે અને સપાદલક્ષના રાજાએ મૂળરાજના રાજ્ય પર એકીસાથે આક્રમણ કર્યું. તે સમયે મૂળરાજે વિચાર કરી કંથાદુર્ગમાં આશ્રય લેવાનું યોગ્ય માન્યું. મહમ્મુદ ગજનીએ ઈ. સ. ૧૦૨૬માં આક્રમણ કર્યું ત્યારે ભીમદેવે પણ કંથકોટમાં આશ્રય લીધો હતો. ઈ. સ. ૧૨૯૯માં અલાઉદ્દીન ખીલજીએ સૌરાષ્ટ્ર પર આક્રમણ કર્યું ત્યારે તેના સેનાપતિ ઉલુઘખાને કંથકોટને જીત્યાનો ઉલ્લેખ 'કાન્હડદેપ્રબંધ'માં છે. ઈ. સ. ૧૪૧૦માં મુઝફ્ફરશાહે કંથકોટને જીતેલો. ઈ. સ. ૧૪૭૨માં આ કિલ્લા પર મહમ્મદ બેગડાનું આધિપત્ય હતું. અબુલફઝલે 'આઈને

અકબરી'(ઈ. સ. ૧૫૮૩-૧૫૯૦)માં આ કિલ્લાનો કચ્છના મુખ્ય કિલ્લા તરીકે નિર્દેશ કરેલ છે. આ ઐતિહાસિક કિલ્લાની અંદર બે પ્રાચીન મંદિર આવેલાં છે.

સૂર્યમંદિર

પૂર્વાભિમુખ આ મંદિર ખરેખર સૂર્યમંદિર છે કે જૈન મંદિર તે વિશેષ સંશોધનનો વિષય છે. કંચનપ્રસાદ છાયાના મતે આ મંદિર મહાવીરસ્વામીના મંદિર જેવું જૈન મંદિર છે. મંદિરનાં શિલ્પો અને ગર્ભગૃહની પૅનલમાં કોતરેલાં શિલ્પો સાત જિનપ્રતિમા જ છે. ઉપરાંત તેના એક સ્તંભમાં 'જયતુ મહાપ્રભુ દેવશ્રી ત્રિલોકે' કોતરેલો લેખ છે. આ કારણે તેમણે આ મંતવ્ય રજૂ કર્યું છે. આ મંદિરના ગર્ભગૃહમાં ૪'-૯'ની પ્રતિમા બેસાડવામાં આવેલી. કાઠી લોકો સૂર્યપૂજક છે. આ મંદિરમાં પણ લગભગ છેલ્લાં સોએક વર્ષથી સૂર્યદેવની પૂજા થતી હશે તેમ જણાય છે. આ મંદિરની રચના મિશ્ર પ્રકારની છે. તલમાને મંદિર ત્રિરથ-પ્રકારનું છે. તે પ્રવેશચોકી, મંડપ અને ગર્ભગૃહયુક્ત છે. તેનો શાસ્ત્રીય અભ્યાસ કરી એમ. એ. ઢાંકી તેને મહાગુર્જર-શૈલીનું ગણી, દશમી સદીના પ્રથમ ચરણ(ઈ. સ. ૯૨૫)માં મૂકે છે.

ઉપર જણાવેલી કિલ્લાની ઐતિહાસિક પાર્શ્વભૂથી જાણી શકાય છે કે આ કિલ્લા પર મુસ્લિમ આક્રમણકારોએ અનેક વાર ચડાઈ કરેલી અને કિલ્લાની અંદર આવેલ મકાનો, મંદિરો વગેરેને ખૂબ જ નુકસાન પહોંચાડેલું. આ સૂર્યમંદિર પણ તેનો ભોગ બનેલું અને જે કંઈ શેષ બચ્યું હતું તે ઈ. સ. ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપે પૂરું કરી આપ્યું. હાલની સ્થિતિમાં તે એક પથ્થરના ઢગલા-સ્વરૂપે જોવા મળે છે. તેને પુનઃ યોગ્ય સ્થિતિમાં લાવવા ગુજરાત રાજ્યનું પુરાતત્ત્વ ખાતું પ્રયત્નશીલ છે. સ્થાપત્યની દૃષ્ટિએ અગત્યનું હોઈ ગુજરાત રાજ્યે આ મંદિરને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલું છે.

જૈન મંદિર

સૂર્યમંદિરથી થોડે દૂર અગ્નિકોણમાં એક પ્રાચીન જૈન મંદિરના અવશેષો જોવા મળે છે. કેટલાંક વર્ષો પહેલાં મંદિરના બીજા મંડપના કેટલાક સ્તંભ તથા મંડોવરના ભાગ જોવા મળતા હતા. ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપ પછી તે ધરાશાયી થઈ ગયા છે. આ મંદિરને બે મંડપ હતા. સો કે બસ્સો વર્ષ પહેલાં તેના પથ્થરોનો ઉપયોગ સતીના પાળિયા કરવા માટે થયો હતો તેવી નોંધ જેમ્સ બર્જેસે તેના અહેવાલમાં કરી છે. આ મંદિરના એક સ્તંભ પર સંવત ૧૩૩ પછીનો ચોથો આંકડો અસ્પષ્ટ છે, પરંતુ તે ૬ અથવા ૭ હોવાની સંભાવના પ્રમાણે મંદિરનું નિર્માણ ઈ. સ. ૧૨૮૦માં થયું હોઈ શકે તેવું અનુમાન બર્જેસે કરેલું છે. તલમાને આ મંદિર વિશિષ્ટ પ્રકારનું હોવા ઉપરાંત આભિલેખિક પુરાવા સાથેનું હોઈ દેવાલય સ્થાપત્યના અભ્યાસમાં મહત્ત્વનું છે. ગુજરાત સરકારે પણ તેની અગત્ય જોઈ રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલું છે.

ભડેશ્વર

અંજારમાં ભડેશ્વરથી ઓળખાતું એક પ્રાચીન શિવમંદિર આવેલું છે. મંદિર કેરા કે પૂંઅરેશ્વર જેવડું ભવ્ય નથી, પણ સુંદર અને પ્રમાણસર શિલ્પોથી શોભતું આ મંદિર પણ કચ્છના આભૂષણ જેવું છે. ત્રિઅંગ-પ્રકારનું આ મંદિર મુખચોકી, મંડપ અને ગર્ભગૃહથી બનેલું છે. પીઠમાં ઊર્ધ્વપદ્મ તથા કુંભમાં અર્ધરત્નનું અલંકરણ છે. મંડોવરના સલિલાંતરમાં વ્યાઘ્ર અને વ્યાલનાં શિલ્પો નોંધપાત્ર છે. આ મંદિરનો સર્વોત્તમ ભાગ ઉત્તમ શિલ્પોથી શોભતો મંડોવર છે. મંડોવરના દક્ષિણ ગવાક્ષમાં સપત્ની ગણેશ, પશ્ચિમ ગવાક્ષમાં બ્રહ્મા, સાવિત્રી અને ઉત્તરના ગવાક્ષમાં શિવ-પાર્વતીનાં શિલ્પો છે. અન્ય નોંધપાત્ર શિલ્પોમાં અંધકાસુરવધ, શિવતાંડવ અને ચામુંડાનાં શિલ્પ છે. શિખર તથા કર્ણકૂટ અને ઊરુશૃંગ જાલકભાતના અંકનથી વિશેષ સુંદર લાગે છે. મંદિરમાં પૂજા થતી હોઈ મંદિરને ચૂનાથી ધોળવામાં આવે છે, તેથી શિલ્પોની સુંદરતા ક્રમેક્રમે ઓછી થતી જાય છે. કંચનપ્રસાદ છાયા આ મંદિર ઈસુની દશમી કે અગિયારમી સદીમાં બંધાયું હોવાનું અનુમાન કરે છે. એમ. એ. ઢાંકી આ મંદિરને મહાગુર્જરશૈલીનું ગણી

મંદિરનો નિર્માણસમય ઈ. સ. ૧૦૦૦નો હોવાનું જણાવે છે. મંદિરને ગુજરાત સરકારે રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલ છે.

ભુવડેશ્વર

અંજાર તાલુકામાં ભુવડગામમાં એક પ્રાચીન મંદિર છે જે ભુવડેશ્વર મહાદેવના મંદિર તરીકે ઓળખાય છે. લોકકથા અનુસાર કનકસેન ચાવડાનો અક્કડ નામે પુત્ર હતો, જેના નામ પરથી ગામનું નામ ભુવડ અથવા ભુઅડ પાડવામાં આવ્યું. આ મંદિરને પણ તેથી ભુવડેશ્વર મહાદેવ નામ આપવામાં આવ્યું હશે. આ સંબંધી કોઈ આધારભૂત માહિતી કે પુરાતત્ત્વીય પુરાવો મળતાં નથી. મંદિર ભવ્ય છે પણ તદ્દન જીર્ણ સ્થિતિમાં છે. મંદિરમાં શિલ્પો કે અલંકરણો નથી. મંદિરનું શિખર નાશ પામેલ છે. મંડપ વિશાળ છે. મંડપના સ્તંભ સાદા અને રુચકા-પ્રકારના છે. એક સ્તંભમાં નાગરી લિપિમાં લેખ છે. લેખ પ્રમાણે 'સં. ૧૩૪૬ વર્ષે અષાડ સુદ ૭ રવૌ ચાવડા' એટલું વાંચી શકાય છે. સંભવતઃ મંદિરનિર્માણનું કાર્ય પૂર્ણ થઈ શક્યું નથી. સ્મારકને રાજ્ય સરકારે રક્ષિત જાહેર કર્યું છે.

વડી મેડી

નખત્રાણા તાલુકાના મંજલ ગામથી ત્રણેક કિ.મી. દૂર મુખ્ય માર્ગ પર પૂંઅરેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિરની દક્ષિણદિશામાં અણઘડ પથ્થરનો બનેલો પ્રાચીન ગઢ આવેલ છે. હાલમાં ગઢના છૂટાછવાયા અવશેષો જ દષ્ટિગોચર થાય છે. આ ગઢની અંદર પ્રાચીન સ્થાપત્યના કેટલાક અવશેષો નજરે પડે છે, જેમાં 'વડી મેડી' નામથી ઓળખાતું સ્થાપત્ય તેની ભવ્યતાને કારણે ધ્યાનાકર્ષક બન્યું છે. આ સ્મારકને 'વડી મેડી' નામ કેમ મળ્યું છે તેનો સંતોષકારક જવાબ મળતો નથી. પણ જૂનાગઢમાં ઉપરકોટ નામ માટે તર્ક કરવામાં આવ્યો છે કે ક્યાંક નીચે ગઢ હશે તેથી ઉપરની જગ્યાના ગઢને ઉપરકોટ કહેવામાં આવે છે. તેમ અહીં પણ આ ગઢમાં આવેલા કોઈ સ્થાપત્યને કચ્છી ભાષામાં 'નંઢી મેડી' એટલે કે 'નાની મેડી' કહેતા હશે, જેને કારણે આ સ્થાપત્યને 'વડી મેડી' એટલે કે 'મોટી મેડી' કહેવામાં આવે છે. વડી મેડીની આગળ થોડા અંતરે કોઈ સ્થાપત્યના પીઠના અવશેષ નજરે પડે છે, પણ તે કોઈ મેડી કે રહેણાકની પીઠ હોય તેમ જણાતું નથી. પીઠના થરને જે રીતે ઘાટ આપવામાં આવેલ છે તે રીતે તો તે કોઈ દેવાલયની પીઠ હોય તેમ પ્રતીત થાય છે. કંચનપ્રસાદ છાયાએ ઈ. સ. ૧૯૩૭-૩૮માં અહીં શિવમંદિર ઊભેલું જોયું હતું. ત્યાર બાદ ઈ. સ. ૧૯૭૬-૭૭માં તેઓ નોંધે છે કે 'હવે તો તે પડી જતા પથ્થરનો ઢેર બની ગયેલ છે.' કદાચ આ નંઢી મેડી હોઈ શકે ? અલબત્ત, વડી મેડીથી થોડે અંતરે ઉત્તરમાં મકાનોના કેટલાક પાયાના પથ્થરો જોવા મળે છે. અહીં પણ નંઢી મેડી હોઈ શકે. સઘન સર્વેક્ષણ બાદ નિર્ણય લઈ શકાય.

વડી મેડીના સ્મારકના સ્થાપત્યકીય સ્વરૂપ વિશે વિચારીએ તો એટલું તો સ્પષ્ટ થાય છે કે આ સ્મારક રહેણાક માટે કે મંદિર માટે જે હોવાં જોઈએ તેવાં કોઈ લક્ષણો ધરાવતું નથી. તલમાને એ ૨૧.૨૦ મીટર ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ૧૮.૮૫ મીટરનું માપ ધરાવે છે. ઉત્તરમાં થોડો ભાગ આગળ વધારીને સોપાન કરવામાં આવેલ છે. અન્ય કોઈ દિશામાં સોપાન નથી તેથી માની શકાય કે સ્થાપત્યનો આ મુખ્ય પ્રવેશમાર્ગ હોઈ શકે. જો એમ જ હોય તો સ્મારક ઉત્તરાભિમુખ છે એમ કહી શકાય. કચ્છમાં આ સમયનું કોઈ દેવાલય ઉત્તરાભિમુખ હોવાનું નોંધાયું નથી, તેથી આ દેવાલય તો નથી જ, તેમ છતાં પ્રાચીન મંદિરોમાં હોય છે તેમ આ સ્થાપત્યને જગતી છે અને મંદિરની જગતીની જેમ વેદીબંધ પણ છે. વેદીબંધ ચોતરફથી તૂટી ગયો છે, પણ દક્ષિણ-પૂર્વનો ખૂણો તૂટફૂટમાંથી બચી ગયો છે જેના પરથી વેદીબંધના પૂર્ણ સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. વેદીબંધમાં ભીટ, જાડ્યકુંભ, કર્ણક, આંતરપટ, ગ્રાસપટ્ટી, કુંભ, કળશ વગેરે અંગો જોવા મળે છે. કુંભ અને કળશ ચૈત્યગવાક્ષ અને કીર્તિમુખથી અલંકૃત કરેલ છે. અવશિષ્ટ જગતીની ઊંચાઈ ૧.૫૦ મીટરની છે.

સ્મારકમાં દાખલ થવા માટે સોપાનશ્રેણી પસાર કર્યા પછી પૂર્વ અને પશ્ચિમમાં થોડી ખુલ્લી જગ્યા છે

અને નષ્ટ થયેલ દીવાલોમાં બંને બાજુ ઉદુંબરશિલા એક વખત ત્યાં દ્વાર હતાં તેમ ઇંગિત કરે છે. મુખ્ય પ્રવેશમાર્ગની સન્મુખ એક નાનો ચોક આવે છે જે ઉપરથી ખુલ્લો છે. સ્મારકના સામાન્ય તળથી આ ચોકનું તળ ૧૫ મીટર નીચું છે. પાણી ભરાય તો એનો નિકાલ થઈ શકે તે હેતુથી ઉત્તરમાં ભૂગર્ભ જલમાર્ગ છે, જે પ્રથમ ઉત્તર તરફ અને પછી પૂર્વમાં ફંટાઈ જાય છે. આ ભૂગર્ભ જલમાર્ગનો એક છેડો ચોકમાં ઉત્તર તરફ અને બીજો છેડો પૂર્વની દીવાલમાં સ્પષ્ટ જોઈ શકાય છે. મધ્યના ચોકની ત્રણે દિશા પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં થોડે અંતરે ત્રિશાખા પ્રકારની દ્વારશાખા હતી જે તાજેતરના ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. શિલ્પોમાં નૃત્ય કરતા તાપસ, સપત્ની ગણેશ અને બુદ્ધ કે જૈન (?) નોંધપાત્ર છે. સ્મારક બે માળનું છે અને તે પણ સોપાન વિનાનું ! સોપાન હોવાના ક્યાંય સગડ નથી. ઉપરના માળે જવા માટે તે સમયે કાષ્ઠની સીડીની વ્યવસ્થા કરી હોવાનું અનુમાન થઈ શકે. સ્મારકના સ્તંભ રુચકા પ્રકારના છે. સને ૧૯૮૫ના નિરીક્ષણ સમયે કુલ ૩૦ સ્તંભ હતા જેમાંથી ૧૮ સ્વતંત્ર અને ૧૨ આધારસ્તંભ હતા. ભૂકંપ પછી સ્થિતિ બદલાઈ ગઈ છે. નીચેના સ્તંભશીર્ષમાં આભૂષણ ધારણ કરેલ ભારપુત્રકો છે, જ્યારે ઉપરના માળના સ્તંભશીર્ષમાં પ્રાણીમુખ તથા કીચક જોવા મળે છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં લોકોપયોગી બાંધકામો થયાના ઉલ્લેખો મળે છે. વાવ, કૂવા, જળાશય, વિહાર વગેરે રાજ્યાશ્રયથી બંધાતાં. ગિરિનગરના શૈલલેખો તેની સાક્ષી પૂરે છે. પણ એ કોઈ પણ પ્રકારમાં આ સ્થાપત્ય બંધબેસતું થતું નથી. રાજ્યાશ્રય વિના આટલું વિશાળ સ્થાપત્ય બની શકે નહીં. તો હવે આ ઇમારતનો અભ્યાસ તત્સમયની ઐતિહાસિક પરંપરા, રાજકીય, ધાર્મિક તથા સામાજિક પરિસ્થિતિને લક્ષમાં લેતાં આ ઇમારત શૈવ મઠ હોવાનાં મજબૂત કારણો મળે છે. આ સ્થાપત્યને કચ્છના ઇતિહાસ સાથે સંબંધ છે. કચ્છના ઇતિહાસને ગુજરાતના ઇતિહાસ સાથે સીધો સંબંધ છે. અણહિલપાટણમાં ચાવડાવંશની સત્તાનો અંત આવ્યો અને ઈ. સ. ૯૪૨માં સોલંકીવંશના સ્થાપક અને પરાક્રમી રાજા મૂળરાજે પાટણની ગાદી સંભાળી ત્યારથી માંડી વાઘેલા સોલંકી વંશના અંત સુધી કચ્છ પર વત્તેઓછે અંશે સોલંકીઓએ આધિપત્ય ભોગવ્યું હશે તેમ જણાય છે. ભદ્રેશ્વર પાસે આવેલા ચોખંડા મહાદેવ મંદિરમાં આવેલ સિદ્ધરાજ જયસિંહનો સંવત ૧૧૯૫(ઈ. સ. ૧૧૩૯)નો લેખ, રાપર તાલુકાના રવેચી ગામે રવેચી માતાના મંદિરમાં ખસેડેલો સંવત ૧૩૨૮(ઈ. સ. ૧૨૭૨)નો અર્જુનદેવનો અને ભદ્રેશ્વર પાસેના ખોખરા ગામમાંથી પ્રાપ્ત થયેલ સારંગદેવનો સંવત ૧૩૩૨(ઈ. સ. ૧૨૭૫)નો લેખ આ હકીકતને સમર્થન આપે છે. કચ્છના શાસક રા' લાખા તથા પૂંઅરો શિવભક્ત હતા તેમ તે સમયમાં બંધાયેલાં ભવ્ય શિવાલયો પરથી જાણી શકાય છે. સોલંકી રાજાઓ પણ શિવોપાસક હતા. મહાપરાક્રમી મૂળરાજ પણ પરમ શિવભક્ત હતો. તેણે શિવોપાસક આચાર્યોને દાન પણ આપેલાં. આમ ગુજરાત તથા કચ્છમાં શિવોપાસનાનું પ્રાબલ્ય હતું. કચ્છમાં તો શૈવ ધર્મનું પગેરું છેક ઈ. સ.ની સાતમી સદી સુધી જાય છે. ચીનના પ્રખ્યાત બૌદ્ધ પ્રવાસી હ્યુ-એન-સંગે ઈ. સ. ૬૪૦ આસપાસ ગુજરાતની મુલાકાત લીધી ત્યારે તેણે કચ્છમાં પણ ભ્રમણ કરેલું. આ પ્રદેશ અને લોકોનું વર્ણન કરતાં એ જણાવે છે કે આ પ્રદેશમાં એક મોટું શિવમંદિર પણ છે. કનિંગહામ આ શિવમંદિર તે હાલનું કોટેશ્વર હોય તેમ માને છે. ડૉ. હ. ગં શાસ્ત્રી કનિંગહામના અનુમાનને સમર્થન આપે છે. સ્થાનિક નિરીક્ષણ પરથી હાલનું કોટેશ્વર સાતમી સદી જેટલું પ્રાચીન જણાતું નથી. તેની આસપાસ પણ સાતમી સદીના કોઈ અવશેષ જોવા મળતા નથી. પરંતુ કોટેશ્વરથી થોડે અંતરે અટડા ગામની બાજુમાં પ્રાચીન શૈલગુફા આવેલી છે તે પ્રાચીન શૈવગુફા હોવાનો મત સી. એમ. અત્રિએ રજૂ કરેલ છે.

સમગ્ર ગુજરાતમાં અદ્વિતીય એવો આ એકમાત્ર શૈવમઠ છે. પ્રાચીન દસ્તાવેજરૂપ આ સ્મારક કચ્છની સંસ્કૃતિ અને અસ્મિતા માટે કચ્છ ગૌરવ અનુભવે છે. આ અમૂલ્ય ધરોહરને જાળવી રાખવાની જવાબદારી આપણી સૌની અને વિશેષતઃ ભાવિ પેઢીની છે. સ્મારકને ગુજરાત સરકારે રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલું છે.

૧૭. કચ્છના પાળિયા અને મૃત્યુસ્મારકો

દિલીપ કે. વૈદ્ય

કચ્છના ગામેગામ પાળિયા જોવા મળે છે. જોકે પથ્થર પરના કોઈ પણ લખાણને પાળિયા કહેવાય તે સાચું નથી. પાળિયા એ 'પાળ' પરથી આવેલ શબ્દ છે. ગામમાં દુશ્મનો આવે ત્યારે તેની રક્ષા માટે વચ્ચે પાળ થઈને ઊભે ને શહીદ થાય તેની સ્મૃતિમાં જે સ્મારક કે ખાંભી રચાય તેને જ પાળિયા કહેવાય. વળી જે સ્ત્રીઓ દુશ્મનોની જીત થતાં, તેમના હાથમાં પડ્યા કરતાં જૌહર કરે એટલે કે સળગી મરે તેના સ્મારકને સતીનો પાળિયો કહેવાય છે, કેમ કે આ રીતે દુશ્મનો સામે સ્ત્રીઓએ શહીદી વહોરી કહેવાય. વળી સામાજિક કારણે સતી થનારનાં પણ સ્મારકો છે, જેમને પણ પાળિયા કહેવાય, કેમ કે 'ધર્મની રક્ષા' માટે તેઓ સતી થાય છે તેવું મનાય છે. પરંતુ મૃત્યુસ્મારકો ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે, એટલે તેમનું સંશોધન પણ અગત્યનું છે.

કચ્છમાં ઈ. પૂ. ૨૦૦૦ની ધોળાવીરા વસાહતમાંથી બેઠેલી હાલતમાં હાડપિંજર મળેલું છે, જે પ્રથમ મૃત્યુસ્મારક છે. ત્યાર બાદ અંધૌ ગામેથી ઈ. સ. ૧લી સદીથી ૪થી સદીનાં મૃત્યુસ્મારકો જોવા મળે છે, જેમાં સૌપ્રથમ શક સંવત ૧૧ એટલે કે ઈ. સ. ૮૯(સંવત ૧૪૫)ના ક્ષત્રપ રાજા ચષ્ટનનો લેખ મળેલ છે. આમાં નિર્દેશાયેલ શક સંવત ૧૧ એ શક સંવતની શરૂઆતથી તદ્દન નજીકનું વર્ષ હોવાથી લેખમાં ઉલ્લેખિત રાજા ચષ્ટન શક સંવતનો પ્રવર્તક છે તેવું સાબિત થયું છે. આ લેખની શોધ પહેલાં શક સંવતના પ્રવર્તક વિષે જાણકારી ન હતી એટલે આ લેખ અખિલ ભારતીય મહત્તા ધરાવે છે.

અંધૌમાંથી ચાર લેખો શક સંવત ૧૫૨ના મળેલા છે. બ્રાહ્મી લિપિમાં ઉત્કીર્ણ આ મૃત્યુલેખો પૈકી ત્રણ ઋષભદેવે તેમનાં ભાઈ-બહેન અને પુત્રની યાદમાં ઊભા કરેલા છે જ્યારે ચોથો દત્ત નામની વ્યક્તિએ ઊભો કરેલ છે. એક જ દિવસ એટલે કે ફાગણ વદ બીજના આ લેખો તે વિસ્તારમાં વ્યાપક રોગચાળો દર્શાવી જાય છે. આ સમયે રાજા રુદ્રદામાનું રાજ્ય હતું તે પણ ઉલ્લેખિત છે. અંધૌમાંથી ક્ષત્રપોના અગિયાર લેખો મળ્યા છે, તેટલા ગુજરાતના કોઈ ગામેથી પ્રાપ્ત થયા નથી.

સતીના પાળિયાઓ પૈકી બેલાગામનો ૧૮મી સદીનો પાળિયો મહત્ત્વનો છે, જેમાં સતી થનારે બંને હાથમાં એકએક પુરુષને ધારણ કરેલ છે. પિતા-પુત્ર બંનેની પાછળ તે સતી થયાં છે. આવો પાળિયો અન્યત્ર નથી.

ધાણેટી ગામે ચાર પાળિયાઓ ચારસો વર્ષ પહેલાંના છે, જેમાં વર્ણન પ્રમાણે તેઓ ચારેય કુંભારો છે અને ગાયને વહારે જતાં મરાયા છે. લૂંટારુઓ ગોધન લઈ જતા હતા ત્યારે આ ચારેય પાળ બન્યા હતા અને પાળિયા થયા. આ કુંભારોને મિસ્ત્રીકોમ પોતાના પૂર્વજો ગણે છે. વળી ઉજળિયાત કોમો નીચલા વર્ગની કોમોનો લડવા માટે ઉપયોગ કરતી તે પણ જણાઈ આવે છે. શુદ્ધ ગુજરાતી ભાષામાંના આ પાળિયા કચ્છ ભાષાકીય દૃષ્ટિએ ગુજરાતનો જ એક ભાગ હતું તે જણાઈ આવે છે.

ભુજની રવિ ટૉકીઝ સામે જૂના જમાનામાં પાળિયાઓ હતા તે પૈકી એક પાળિયાના ઘોડાનું ડોકું એવી રીતે વાળેલ છે કે જેથી તેની બંને આંખો જોઈ શકાય તે રીતે મોઢું સામે દર્શાવે છે. ઘોડેસવારે વીરત્વ પ્રાપ્ત કર્યું છે તેથી તે દેવ થયો અને તેને એકાક્ષ દર્શાવી શકાય નહીં, નહીં તો તેનું દેવત્વ ખંડિત ગણાય, તે જ રીતે અહીં ઘોડાને પણ દેવત્વ અપાયું છે.

2012-08 -Kutchno Sarvangi Itihas -Bhag 1 (706)

દુધઈ પાસે એક કૂતરાનું મૃત્યુસ્મારક પણ આશ્ચર્યજનક છે. મૃતક કૂતરો તત્કાલીન પૉલિટિકલ એજન્ટ રેનાં ધર્મપત્નીને અત્યંત વહાલો હતો. પ્રવાસમાં એકાએક આ કૂતરો મૃત્યુ પામતાં તેના મૃત્યુસ્થળે સ્મારક - ઓટલો બંધાયો. આજ પણ આ સ્મારક પર દાળિયા ચડાવવાથી બાળકોને મોટી ઉધરસ મટે તેવી માન્યતા છે.

ધાણેટી ગામના એક પાળિયા પર મૃતક પતિ અને પત્ની વચ્ચે બાળક અને પ્રેમના પ્રતીકરૂપ મોર દર્શાવાયાં છે.

માંડવી તાલુકાના ફરાદી ગામેથી સંવનન દર્શાવતી શિલા ગામ પર કોઈ ચડી આવે તો તેણે ગધેડા સાથે સંવનન કર્યાની બરાબર છે તેવું સૂચિત કરે છે, મતલબ કે કોઈ ગામ પર ચડી આવે નહીં તેવી ચેતવણી છે. માતાના મઢના અંદરના પ્રવેશદ્વારની ડાબી બાજુ આવી જ શિલા જોવામાં આવી છે, જે આ મંદિર પર કોઈ નજર નાંખે તેને ગાળ લાગે તે સૂચિત કરે છે. જેમ બાળકો પર નજર ન લાગે માટે કાજળનું ટપકું કરે તેવું જ આ છે.

મુન્દ્રા તાલુકાના છસરાગામનો સ્ત્રી ઘોડેસવારનો પાળિયો અનન્ય છે. ગાલઈબાઈ રતનબાઈના માથે મુકુટ અને હાથમાં ભાલો પણ દર્શાવાયા છે.

ભુજના સંત એન્ડ્રુઝ ચર્ચમાં પૉલિટિકલ એજન્ટનાં પત્ની શ્રીમતી રેની તથા રાજકુટુંબના શિક્ષક સ્મિથની કબરો છે. શ્રી સ્મિથ ભુજમાં જ રહ્યા હતા. ગરીબોની મદદ માટે તેઓએ ફંડ સ્થાપ્યું હતું. પાછળથી તેઓ કેળવણી નિરીક્ષક પણ બન્યા હતા. ઘરેથી ચા પીધા પછી તેઓ ક્યાંય ચા ન પીતા, કહેતા કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારે વ્યક્તિદીઠ ખાંડનું પ્રમાણ નક્કી કર્યું હતું, જે ઘેર ચા પીવા સાથે પૂરું થઈ ગયું.

કચ્છમાં ઝારાનું યુદ્ધ પ્રખ્યાત છે. આ યુદ્ધમાં કચ્છનાં ઘણાં ગામોના સૈનિકો માર્યા ગયા હતા અને યુદ્ધસ્થળ કરતાં ગામોગામ મૃતક સૈનિકોના પાળિયાઓ છે. ભુજમાં સંતોષીમાના મંદિર પાસેના પાળિયા પરના લેખની વાચના અહીં આપી છે. "શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિશ્રી નૃપ વિક્રમાર્કે સમયમાં સંવત ૧૮૨૬ વર્ષે શાકે ૧૬૮૪ રવૌ ઉત્તરાયણે ગતે શ્રી સૂર્યમહામાંગલ્યે માસોત્તમ માર્ગશીને શ્રુદિ ૧૦ ભૃગવાસરે ખવાસ ગોવરધન ઝારાના યુદ્ધ માટે સ્વર્ગ પ્રાપ્તિ થીઆ તેની દેરી સં. ૧૮૨૬ના મહાશ્રુદિ ૬ રવૌની સંખણાર્થે છે." આ પરથી જૂના સમયમાં પાળિયા પર કઈ જાતનું લખાણ હોય તેનો ખ્યાલ આવે છે.



ઝારાના યુદ્ધના શહીદનો પાળિયો

માંડવીના પારસી આરામગૃહમાં સુપ્રસિદ્ધ સ્વાતંત્ર્યસેનાની દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લમેન્ટના સભ્યના એક યુવા બેટા ડૉ. અરદેશરની કબર છે. ડૉ.અરદેશર તા. ૭-૧૦-૧૮૯૩ના તેત્રીસ વર્ષની વયે અવસાન પામ્યાની નોંધ છે. કચ્છના રાજવી સાથે દાદાભાઈને સંબંધો હોવાથી દાદાભાઈએ પોતાના કુટુંબને કચ્છમાં રાખ્યું હતું. ડૉ. અરદેશર માંડવી હૉસ્પિટલમાં તબીબ નિમાયા હતા. ડૉ. અરદેશરને આઠ બાળકો થયાં હતાં, જે તમામ નિઃસંતાન હોવાથી ભારતના ઐતિહાસિક પારસી કુટુંબનો કચ્છમાં અંત આવ્યો હતો. ડૉ. અરદેશરનાં પુત્રી મહેરબાનુ ભુજમાં

ડૉક્ટર હતાં ને તેમના ભાઈ સરોશ પોલીસખાતામાં હતા. આ બંનેની કબરો ભુજના પોલીસ કબ્રસ્તાનમાં છે.

માંડવીના કાશી વિશ્વનાથ મંદિર પાસે દરિયાકિનારે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં વીસ વર્ષની વયે રુક્માવતીના પૂરમાં તણાઈ મૃત્યુ પામનાર બ્રિટિશ સૈનિકની અને ભુજમાં છતરડીવાળા તળાવમાં કચ્છના રાજવીઓની છત્રીઓ છે, જે પૈકી લખપતની છતરડી તેના શિલ્પકામ માટે પ્રસિદ્ધ છે. મૃત્યુ પામનારા રાજાને સ્વર્ગ તો જ મળે જો તેની સાથે તેની રાણી હોય તેવી માન્યતા હતી, પરંતુ લખપતજી નાની ઉંમરે મૃત્યુ પામેલ તેથી તેમની કોઈ રાણી તેમની પાછળ સતી ન થતાં ૧૫ નૃત્યાંગના સતી થઈ. રાજા સ્વર્ગમાં ગયા તેથી આ છત્રીમાં સ્વર્ગની કાલ્પનિક કંડાર જોવા મળે છે. છતરડીમાંની મૂર્તિઓની અંગભંગી, આભૂષણો, વેશભૂષા દર્શનીય છે. છત્રીની બહારની તથા દીવાલ (મંડોવર) પર સગીર પુરુષને સવસ્ત્ર સંવનન કરતા દર્શાવાયા છે, જે સ્ત્રી-પુરુષના જાતીય સંબંધોની ગોપનીયતા વિષેના ૧૮મી સદીની માન્યતા રજૂ કરે છે. આ છત્રી ભૂકંપમાં નષ્ટ થતાં તેનો પુનરુદ્ધાર થઈ રહ્યો છે.

આ જ મેદાનમાં રાવ પ્રાગમલની છત્રી બહુ બારીક કોતરણી ધરાવે છે. રાધા-કૃષ્ણ–યુગલ, હાથીઓ તથા કમળફૂલની કંડાર જોવાલાયક છે. રાવ ખેંગારની છત્રી ૧૯૪૨માં બંધાઈ હતી. ચતુષ્કોણમાં દરેક ખૂણે નાનીનાની છત્રીઓ મૂકેલ હતી અને સંસ્કૃતમાં લેખ પણ હતો. આ છત્રી હવે નાશ પામી છે.

'વૃજવાણી'માં એક ઢોલી પાછળ, ઘરને ભૂલી ૧૪૦ આહીરાણીઓ સતી થયાની દંતકથા છે. હકીકતમાં આ સ્થળે આ બનાવની પુષ્ટિ કરે તેવો કોઈ પુરાવો નથી. અહીં ૧૪૦ સતીના પાળિયાઓને બદલે થોડા અક્ષરો ધરાવતી પથ્થરની મોટી શિલાઓ છે.

વરણુમાં કચ્છના પ્રથમ બ્રિટિશ રેસિડન્ટ કૅપ્ટન મેકમર્ડોનું મૃત્યુસ્મારક છે, જેમાં કૅપ્ટન ૧૮૨૦માં કૉલેરાથી મૃત્યુ પામ્યો તેમ જણાવ્યું છે. જોકે લોકમાન્યતા મુજબ કૅપ્ટન વરણુપીરની કબર કરતાં ઊંચા ખાટલા પર સૂતો તેથી મૃત્યુ પામ્યો હતો.

ગુજરાતમાં અનન્ય એવાં યહૂદી મૃત્યુસ્મારકો ભુજમાં હતાં, જ્યાં અત્યારે ઇન્દિરાનગરી નામે ઝૂંપડપટ્ટી છે. ૧૪ કબરો હતી, જે પર યહૂદીઓની માતૃભાષા હિબ્રૂ, વહીવટી ભાષા અંગ્રેજી અને માતૃભાષા મરાઠીમાં લેખો છે. ગુજરાતમાં હોવા છતાં કોઈ લેખ ગુજરાતીમાં નથી તે નોંધપાત્ર છે. અહીં સને ૧૮૨૪ની સૌથી જૂની કબર છે.

ભુજમાં અલાવરા મુકામે કબ્રસ્તાનમાં સં. ૧૭૭૫ની ઉર્દૂ અને ગુજરાતી એમ દ્વિભાષી કબર મળી આવી છે. ગુદાઅલીની યાદમાં આ કબર એક હિન્દુએ બાંધેલ છે.

ભૂકંપમાં મૃત્યુ પામનારાનાં સ્મારકો દુધઈ અને અંજારમાં છે અને ભુજિયામાં આવું સ્મારક આકાર લઈ રહ્યું છે. ભારત-પાક યુદ્ધના શહીદોનાં સ્મારકો પણ ભચાઉ-ખાવડા જેવાં સ્થળોએ છે.

ભુજમાં ફતેહમહમ્મદ હજીરામાં કચ્છના આ સેનાપતિની ઈ. સ. ૧૮૧૩ની કબર છે. તેમાં બે લેખો છે, એક ઉર્દૂમાં ને બીજો સંસ્કૃત મિશ્રિત ગુજરાતીમાં, જેની શરૂઆત 'શ્રી સરસ્વત્યૈ નમઃ'ના મંત્રથી થાય છે. એક મુસ્લિમ કબર પર હિન્દુ દેવનું નામ તે જમાનાની કોમી એકતા દર્શાવે છે.

કેરાના કબ્રસ્તાનમાં કવિ ચમનની રચનાઓના લેખ ધરાવતી કબરો છે. કવિ ચમનની ફક્ત ૨૦ વર્ષની વયે ૧૯૩૪માં ગુજરનાર તેની પત્નીની કબર પરના લેખ પર તેના પતિની સુંદર ભાવાંજલિ છે. કવિ ચમન ગઝલકાર હતા. તેમણે બે ગઝલસંગ્રહો બહાર પાડેલા છે, જેની પ્રસ્તાવનામાં કૃષ્ણલાલ ઝવેરીએ 'જો આ સંગ્રહો ઉર્દૂમાં હોત તો ભારતભરમાં વિખ્યાત હોત' તેવું લખ્યું છે. કવિએ મુસ્લિમોને કાબા અને હિન્દુઓને કાશીની યાત્રાને બદલે ગરીબોની સેવા કરવાની સલાહ આપતાં જ હિન્દુ-મુસ્લિમો ઉશ્કેરાયા હતા અને બહિષ્કૃત કવિને ભારત બહાર ચાલ્યા જવું પડ્યું હતું. આવા બહિષ્કૃત કવિની રચનાઓને તેના વતનમાં કબ્રસ્તાનમાં અમર સ્થાન અપાયું છે તે નોંધપાત્ર છે. અહીં અન્ય એક કબર

પર ખોજા ઇસ્માઈલભાઈ ભગત (૧૮૦૧) 'શિવધામ' સિધાવ્યા તેવો લેખ છે. મૃતક મુસ્લિમ હોવા છતાં શિવમાં આસ્થા ધરાવતા. તેમનાં પગલાંની ડેરી પણ કેરામાં બસસ્ટેશન પાસે છે. ભુજ તાલુકાના લોરિયા ગામ પાસે સર્પદંશથી મૃત્યુ પામનાર રબારીનાં ૪૧ વર્ષ જૂનાં પાળિયો અને ખાંભી છે, જેમાં સર્પ દર્શાવાયો છે. કચ્છમાં સ્થળેસ્થળે સતીના હાથના છાપા પણ જોવા મળે છે. સતી થતાં પહેલાં તે સ્ત્રીઓ ત્યાં પેની પાડવા (છાયા) હોય તે ભીંત પર હોય છે. વૈજનાથ શેરી, ભુજમાં સતીમાનો ઓટલો પણ છે.

ભુજમાં છતરડી પાસે એક મૃત્યુસ્મારક વિશે 'ધ રૅન્ડમ સ્કેચીસ ઑફ કચ્છ'માં અંગ્રેજ પ્રવાસી શ્રીમતી પોસ્ટન્સે બહુ રસપ્રદ માહિતી આપી છે, જે અનુસાર મધુ નામની ઉચ્ચ વર્ગની વિધવા સતી થવા તૈયાર થઈ હતી. એ અરસામાં જો કોઈ સ્ત્રી પતિ પાછળ સતી થાય તો તે પ્રદેશનો રાજા, સતી થનારનાં માતા-પિતા, સાસુ-સસરા – બધાંને સ્વર્ગપ્રાપ્તિ થાય એવી માન્યતા હતી. આથી લોકો વિધવાને સતી ન થવાનું સમજાવવાના બદલે તેને સતી થવા પ્રેરે તેવા વાતાવરણ વચ્ચે અંગ્રેજ પૉલિટિકલ એજન્ટે ખુદ વિધવાને સતી ન થવા કહ્યું. ત્યારે વિધવાએ જવાબ આપ્યો કે તેના પૂર્વજન્મના સાત પતિઓ તેને પાછા મળે તો જ તે સતી ન થાય. સતી થવા માટેના સ્થળે પૉલિટિકલ એજન્ટે ખાસ બાકોરું રખાવ્યું હતું, જેથી આગની જ્વાળાઓને લીધે અસહ્ય પીડા સહન ન થાય તો વિધવા છટકી શકે.

વિધવાએ શરીર પર કોઈ ઔષધનો લેપ કર્યો અને ચિતા પર બેઠી. વિધવાના ખોળામાં તેના મૃત પતિની લાશ મૂકી. વિધવાએ પગના જમણે અંગૂઠે આગ લગાડતાં પહેલાં ઉપસ્થિત મેદની પર પાણીનો છંટકાવ કર્યો. સેંકડોની મેદનીએ પાણીનું ટીપું પોતાના શરીર પર પડે તે માટે ધસારો કર્યો. ઢોલ-ત્રાંસા અને થાળીઓ વગાડવામાં આવ્યાં. સતી થનારના ચિત્કાર કોઈ સાંભળે નહીં તેવી આ યુક્તિ હતી.



આપઘાતનો પાળિયો

બે કલાક બાદ પૉલિટિકલ એજન્ટ તેના સિપાઈઓ સાથે પરત આવ્યો ત્યારે યુવાન સ્ત્રીના સુંદર દેહને બદલે ત્યાં ધગધગતી રાખ હતી. બ્રિટિશ હકૂમતને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાની કંપની સરકારની મનાઈ હતી અને સતીપ્રથા નાબૂદીની બ્રિટિશ હિલચાલ ધર્મ વિરુદ્ધની છે તેવું કારણ ૧૮૫૭ના ''બળવા'' વખતે પણ આપવામાં આવ્યું હતું.

આમ આ સ્મારક પરથી તત્કાલીન સામાજિક, ધાર્મિક અને રાજકીય પ્રવાહોની માહિતી મળે છે. આ બનાવ પહેલાં એક દાસી રાજા મૃત્યુ પામતાં તેને પાણી પાવા સતી થઈ હતી, કેમ કે તે દાસીનું કામ રાજાને પાણી પાવાનું હતું. છતરડી પાસેના પાળિયાઓ પૈકી એક 'અવગતિ'ના પાળિયામાં ઘોડેસવાર પોતાની ગરદન પર છરી મારતો નજરે પડે છે. દાનની કે પોતાની અન્ય માગણી ન સંતોષાવાથી માણસ આત્મઘાત કરે ને તેથી અવગતે જાય તેવી માન્યતા આવા પાળિયા દર્શાવે છે.

૧૮. કચ્છનાં ઐતિહાસિક યુદ્ધો

નિરૂપમ છાયા

'યુદ્ધસ્ય કથા રમ્યા' – યુદ્ધની કથા વાંચવી કે સાંભળવી ઘણી રસિક લાગે છે. એ કથાની ઘટના, પાત્રો, તેમાંથી પ્રગટ થતું શૌર્ય વગેરેનો રસ આપણને જકડી રાખે છે. યુદ્ધમાં જોડાયેલાં પાત્રો આપણાં માનસ પર એક છાપ અંકિત કરી જાય છે. કથામાં જય-પરાજયનાં કે પલટાતાં પાસાં આપણા મનને રોમાંચિત કરે છે. એક તરફ આટલી રસપ્રચુરતા છે તો બીજી તરફ યુદ્ધ એક વિષાદ પણ ઉત્પન્ન કરે છે. પ્રાચીન સમયથી આજપર્યંત યુદ્ધોએ વિશ્વના કોઈ પણ પ્રદેશમાં માનવજાતને ઠરીઠામ થવા દીધી નથી.

કચ્છપ્રદેશ પણ યુદ્ધોમાંથી બાકાત રહ્યો નથી. કચ્છ ઉપર વિવિધ સમયે નાનામોટા હુમલા થતા રહ્યા છે અને કચ્છે પણ અન્ય રાજ્યો પર ચઢાઈ કરી છે. અહીં આપણે કચ્છ પર થયેલાં મહત્ત્વનાં પરદેશી આક્રમણો વિશે જોઈશું.

અબડો અડભંગ

વિક્રમની ૧૪મી સદીમાં સિંધ ઉમરકોટમાં ભૂંગળ સુમરાના સ્વર્ગવાસ બાદ, તેના મોટા કુંવર ચનેસરના રાજ્યાભિષેક માટે તૈયારી થઈ. ચનેસર, ભૂંગળ સુમરાની લુહારણ રાણીના પેટે જન્મ્યો હોઈ વિરોધ તો હતો જ. તેમાં વળી, માતાને પૂછ્યા વિના, જામની પાઘડી ન પહેરાય એમ કહી તે માતાની રજા લેવા ગયો. 'આવા માવડિયા કુંવરને ગાદી સોંપાય ?' એવો પ્રશ્ન પેલા વિરોધ સાથે ભળ્યો અને ફળસ્વરૂપ જામની પાઘડી નાના કુંવર ઘોઘાને પહેરાવાઈ. આ તરફ, માતા પાસે ગયેલા ચનેસરને માતા અને પત્નીનાં મહેણાં સાંભળવાં પડ્યાં અને જામની પાઘડી પણ ગુમાવી. ચનેસરે પ્રતિજ્ઞા લીધી કે 'હું દિલ્હીના બાદશાહને બોલાવી, સિંધના સુમરાઓને નષ્ટ કરીશ.' ચનેસરે પોતાના પુત્ર નગરની પણ કોઈ વાત કાને ન ધરી. તે દિલ્હીના બાદશાહને મળ્યો ને પોતાને થયેલા અન્યાયની વાત કરી અને સિંધની સુમરીઓની સૌંદર્યના લાલચું પાદશાહે આ તક ઝડપી લીધી. અલાઉદ્દીનખાં વિશાળ સૈન્ય લઈ ઉમરકોટ પર ચઢાઈ લઈ ગયો. આ સમાચાર સાંભળી, ઘોઘા સુમરાએ સઘળી તૈયારી કરી, પણ તેને ચિંતા સુમરીઓની હતી. છેવટે તેને વીર રાજપૂત અબડો અડભંગ યાદ આવ્યો અને ૧૪૦ સુમરીઓને તેણે ઉદારદિલ, વીર અબડા પાસે મોકલી આપી.

યુદ્ધનો અંત સ્વાભાવિક જ હતો. સુમરા યોદ્ધાઓ ખપી ગયા. ચનેસર પણ, પોતાના ભાઈના મૃતદેહને લાત મારતા, સરદારની હત્યા કરવા જતાં થયેલી ઝપાઝપીમાં મૃત્યુ પામ્યો. ઉમરકોટમાં પ્રવેશેલા પાદશાહે સુમરીઓની તપાસ કરી, પણ આ બધી કચ્છ તરફ ગયાના સમાચાર મળતાં તેણે કચ્છ તરફ કૂચ કરી.

કૂચના માર્ગે પાદશાહનો સામનો જામ આરી, અબડો જુણેજો, મોડ, નોતિયાર તેમ જ જુભેર કુંભારે કર્યો અને સુમરીઓને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં સહાય કરી. પણ પાદશાહની વિશાળ ફોજ સામે લડતાં સૌ વીરગતિ પામ્યા. પાદશાહી ફોજ દડમજલ કરતી વડસર તરફ આગળ વધી.

વડસરના પાદરમાં પડેલી ફોજનો સામનો પ્રથમ જામ અબડાના મોટાભાઈ સપડે કેસરિયાં કરીને કર્યો. છેવટે જામ અબડો યુદ્ધ માટે તૈયાર થયો. પાદશાહની સુમરીઓને સોંપી વિનાશ ન નોતરવાની સલાહ પણ ઠુકરાવી, એટલું જ નહીં, પોતાનાં ઝરઝવેરાત આપી, મદદરૂપ થવા ઇચ્છતી સુમરીઓની મદદનો પણ અસ્વીકાર કર્યો. આમ, ટેકીલા, શરણાગતધર્મનું દઢપણે

પાલન કરવા વીર અબડાએ પાદશાહ સાથે યુદ્ધ કર્યું. વિશાળ સાગર સમા પાદશાહના સૈન્ય સામે નાનકડા મગરમચ્છ સમા અબડાના સૈન્યની શી વિસાત ! જામ અબડો યુદ્ધમાં શૌર્ય દાખવી, વીરગતિ પામ્યો.

જામ અબડાનું સ્થાનક આજે પણ વડસર પાસે નદીકિનારે આવેલું છે. મૂલ્યોની રક્ષા અને પ્રતિષ્ઠા માટે પ્રાણની આહુતિ આપનાર અબડો આજે પણ શૌર્ય અને મૂલ્યો માટે ઉદાહરણરૂપ છે.

ઝારાનું પ્રથમ યુદ્ધ

કચ્છમાં ઈ. સ. ૧૫૪૯થી રાઓ ખેંગારજીના સમયથી કચ્છનો એક સળંગ ઇતિહાસ શરૂ થાય છે. કચ્છમાં જ્યારે ખેંગારજીની બોલબાલા હતી ત્યારે સિંધમાં મિર્ઝા ઈશાખાનની હકૂમત હતી. ઈશાને સાલે અને બાકી નામના પુત્રો હતા. બાકીએ પોતાને અન્યાય થતાં કચ્છમાં રા' ખેંગારજી પાસે મદદ માગી. રાઓશ્રીએ બાકીને આશ્વાસન આપ્યું, એટલું જ નહીં, પોતાના ભાઈ સાહેબજીની સિંધલ રખાયત પુત્રી સાથે મિર્ઝા બાકીનું લગ્ન પણ કરાવ્યું. આ સમાચાર મળતાં, ઈશાએ, કચ્છ રાજ્ય ચઢાઈ કરે, તે પહેલાં જ કચ્છ પર આક્રમણ કરવાનું નક્કી કર્યું. મોટું કટક તૈયાર કરી તે આગળ વધ્યો. આ સૈન્યનો મુકાબલો કરવા રાઓશ્રીએ સાહેબજીને મોટી ફોજ સાથે રણકાંઠા પરના ઝારાડુંગર પર પડાવ નાખવા મોકલ્યા. સાહેબજીએ એ અનુસાર ઝારાડુંગર પર સ્થાન જમાવ્યું. એક રાત્રે દૂરથી સળગતી મશાલો જોઈ સાહેબજીને ખાતરી થઈ કે સિંધનું લશ્કર કૂચ કરતું આવે છે. સાહેબજીએ એ જ સમયે યુક્તિપૂર્વક સરદારો પર હુમલો કરવા વ્યૂહ વિચાર્યો. મેકળશી, પબાજી તથા રવાજી નામના સાથીઓએ પણ તેને અનુમોદન આપ્યું. ચાલાકીથી તેઓ સૈન્યમાં ઘૂસી ગયા. અગાઉથી કરેલી સંતલસ અનુસાર, મિરઝા ઈશા પર હુમલો કર્યો. હાથી પર બેઠેલા મિરઝા પર સાહેબજીએ કપાળ પર ઘા કર્યો પણ તે ચુકાવી દીધો. મેકળશીએ પીઠમાં અને રવાજીએ પાછળથી હુમલો કર્યો. ઘાયલ થઈને ઈશા અને એનો પુત્ર ઢળી પડ્યા અને થાકેલા સિંધી લશ્કરમાં રઘવાટ પ્રસરી ગયો. થાક અને અંધારાનો લાભ લઈ, ત્રણે જણા પાછા પોતાના પડાવ પર આવી પહોંચ્યા.

સવારે ઘાયલ થયેલા ઈશા અને તેના પુત્રે ચર્ચાને અંતે વિષ્ટિ કરવાનો નિર્ણય કર્યો. બાકીને તેનો પૂરેપૂરો અર્ધો હક અપાવી, તેનો રાજ્યાભિષેક કરાવી સાહેબજી કચ્છ પાછા આવ્યા. કચ્છ રાજ્યના આ ઉપકારના બદલામાં બાકીએ રાયમાબજારથી કચ્છની હદ સુધીનો પ્રદેશ રાઓશ્રીને આપ્યો.

ઝારાનું બીજું યુદ્ધ

રાઓશ્રી ખેંગારજીના સમયમાં જ, કાબુલનો મિર્ઝા હુસેન સિંધ થઈ કચ્છ આવ્યો તેનો સામનો ખુદ ખેંગારજીએ પોતે સૈન્યની આગેવાની લઈ કરેલો. એડા પાસે બંને લશ્કરો ટકરાયેલાં અને કચ્છી સૈન્યે પરાક્રમ દાખવી, મિરઝા હુસેનને ધકેલી મૂક્યો. અહીંથી પાછા ફરતાં ઝારાડુંગર પાસે આવ્યા ત્યારે પાદશાહી ફોજ આવે છે એવા સમાચાર મળતાં, રાઓશ્રીએ ત્યાં જ છાવણી નાંખી. મુઘલ સૈન્ય સાથે તુમુલ યુદ્ધ થયું અને ખેંગારજીએ સૈન્યના બાર ખાનને મારી નાખ્યા. શાહી સૈન્યમાં હાહાકાર મચી ગયો. મોગલ ફોજને હરાવી, રાઓશ્રી ભુજ આવ્યા ત્યારે હર્ષઘેલી પ્રજાએ અપૂર્વ માન આપ્યું. (એવી પણ કથા છે કે પાવાગઢની સીમાએથી પાછા વળતા ખેંગારજીના મિયાણા સૈનિકોએ શાહજાદા સલીમનાં ગામોમાં લૂંટ ચલાવી છે તે જાણી તત્કાલીન મોગલ બાદશાહ અકબરે કચ્છને ધમરોળવા સૈન્ય મોકલ્યું, પણ કચ્છી સૈન્યે શૂરવીરતા દાખવી, મોગલ સૈન્યને હાર આપી.)

આમ, ખેંગારજીની સ્વયં વીરત્વભરી યુદ્ધકલાએ કચ્છનો વિજયધ્વજ ફરકતો રાખ્યો. રાઓશ્રી માટે એટલે જ કહેવાયું કે એક 'બાદશાહ દિલ્હીમાં અને બીજો કચ્છમાં.'

ભુજિયા પર ચઢાઈ

સંવત ૧૭૭૫ના માગસર વદ ૮ના રોજ મહારાઓશ્રી દેશળજીનું રાજતિલક થયું ત્યારે કચ્છમાં ખૂબ જ સુખચેન પ્રવર્તતાં હતાં. દેશળજી એ સમયે ભુજ આસપાસ કિલ્લાનું મહત્ત્વાકાંક્ષી નિર્માણકાર્ય કરાવી

રહ્યા હતા. એ સમયે કેસરખાન નવાબે હુમલો કર્યો પણ એ સામાન્ય બની રહ્યો અને કંઈ વળ્યું નહીં એટલે અબડાસા ગયો, તો ત્યાં પણ ન ફાવ્યો અને વીલે મોઢે કચ્છનો ત્યાગ કરી ગયો. પણ કચ્છ પર અનિષ્ટનાં વાદળ જાણે આવી રહ્યાં હતાં. મોરબીના કાંયાજી પોતાના મનમાં વેરને ઘૂંટી રહ્યા હતા. તેઓ ગુજરાતમાં સૂબાગીરી કરતા ઈરાની શાહજાદા શેરબુલંદખાનને મળ્યા. તેને કચ્છ અપાવવાની લાલચ આપી. ૫૦ હજારના વિશાળ સૈન્ય સાથે શેરબુલંદખાને કચ્છ તરફ કૂચ આરંભી. આ સમાચાર મળતાં જ, રાઓ દેશળજીએ કચ્છને ખૂણેખૂણે ભાયાતવર્ગને સમાચાર મોકલ્યા. માતૃભૂમિ પરના આ આઘાતને ખાળવા જાડેજાઓ, મિયાણા – અરે ખુદ કાંયાજીના કુંવર અલિયોજી પણ આવી પહોંચ્યા. પુરજોશમાં યુદ્ધની તૈયારી થવા માંડી. જ્યારે ધનની આવશ્યકતા ઊભી થઈ ત્યારે મહારાણી માનકુંવરબાએ પોતાનો ખજાનો સોંપી દીધો. દીવાનની પાઘડી મુત્સદ્દી દેવકરણ શેઠને પહેરાવવામાં આવી.

શેરબુલંદખાનનું સૈન્ય માધાપર પાસે પહોંચ્યું. થોડા સમયમાં જ તે ભુજિયા પર ધસી ગયું. ઘોર સંગ્રામ મંડાયો. દિવસના અંતે સૂબાના લશ્કરે એક-બે કોઠા જીત્યા પણ ખરા. આ કટોકટીના સમયે જ, સૈન્યનો ઉત્સાહ વધારનારી અણધારી મદદ મળી. જયપુરી નાગાઓની જમાત હિંગળાજ તરફ જતી હતી. આ આખી જમાતને કચ્છરાજ્યે ખૂબ જ સગવડો આપી હતી.

કચ્છરાજ્ય પર સંકટ ઘેરાયેલું જોઈ, ઋણ ચૂકવવાની આ ઉત્તમ વેળા જાણી, નાગાઓની આખી જમાતે રણસંગ્રામમાં ઝંપલાવ્યું. પ્રચંડ કાયા અને હાથી જેવું બળ ધરાવતા આ નાગાબાવા રણમેદાનમાં હાહાકાર મચાવવા લાગ્યા. તેમના આ અપ્રતિમ શૌર્યથી જાડેજા અને મિયાણાઓનો વીરરસ પ્રદીપ્ત થયો અને સૂબાના લશ્કરમાં કાળો કેર મચી ગયો. આ જ સમયે બીજી બે ઘટના બની. કાંયાજીના કાકા ગુંદાળાના ઠાકોર વૃદ્ધ અવસ્થા છતાં કાંયાજી પાસે આવ્યા અને તેના કૃત્ય માટે મીઠો ઠપકો આપ્યો. કાંયાજીને ભૂલ સમજાઈ; દેશપ્રેમ-કુટુંબભક્તિ જાગી ઊઠ્યાં અને તે મેદાન છોડી ગયો. એ સાથે જ રોહાના જાગીરદાર જિયાજી સાહેબાણીનું કચ્છ સાથે મનદુઃખ હતું, પણ રાઓશ્રીનો 'આવા ટાણે મેલ રાખીને બેઠા હજો' એવો સંદેશો મળતાં તે પણ લશ્કર લઈને સીધા ભુજિયે પહોંચ્યા અને અપ્રતિમ શૌર્ય દાખવ્યું. તેમણે સૂબાની તલવાર ઝૂંટવી લીધી. આમ ચારે તરફથી થતા હુમલાએ શેરબુલંદખાનનું સૈન્ય પાછું હટતું ગયું. આમ, આ હુમલો પણ કચ્છ રાજ્યના વીરત્વભર્યા, માતૃભૂમિ પ્રત્યેના પ્રેમથી છલકતા રણબંકાઓએ મારી હટાવ્યો.

નાગાબાવાઓએ કચ્છ રાજ્યને કટોકટીવેળા કરેલી મદદ માટે, ભુજમાં જગ્યા આપવામાં આવી, એટલું જ નહીં, નાગપંચમની સવારીમાં પણ તેમનું મહત્ત્વનું સ્થાન સ્વીકારાયું.

'ઝારાનું મચદાને જંગ'

ધમ ધમ ધરણીનો પટ ધ્રૂજે,
કળિકાળ ધ્રૂજે વિકરાળ.
શેષનાગ પર સૃષ્ટિ ધ્રૂજે,
દિશા તણા ધ્રૂજે દિક્પાળ.
પચ્છમ ધરાનો પલટાયો રંગ,
પચ્છમ મચદાને જંગ !

કવિશ્રી દુલેરાય કારાણીએ શૌર્યપૂર્ણ બાનીમાં જે યુદ્ધનું વર્ણન કર્યું છે એ કચ્છના ઇતિહાસપ્રસિદ્ધ ઝારાના યુદ્ધની વાત સાંભળતાં આજે પણ કચ્છી માડુ રોમાંચ અનુભવે છે.

રાઓશ્રી લખપતજીના સ્વર્ગવાસ પછી, દેવકરણ શેઠના ભાણેજ તત્કાલીન દીવાન જીવણ શેઠે કુનેહથી સરદારોને સાથે લઈ, ગોડજીને મહારાઓપદે તિલક કર્યું. એ વખતે પૂંજો શેઠ જૂનાગઢ હતો. પોતાને દીવાનપદું મળશે એમ ધારી, તે ભુજ આવવા નીકળ્યો. પણ, જીવણ શેઠે પોતાનું સ્થાન સુરક્ષિત રાખવા, મહારાઓ અને પૂંજાનો ભેટો જ ન થવા દીધો. પૂંજો શેઠ ભુજનગરમાં જ ન પ્રવેશી શક્યો. આ અપમાનથી ધૂંધવાતો પૂંજો કંથકોટ અને જાટાવાડા ગયો, પણ ત્યાં પણ તેને રાજાની ધાકે

કોઈ આશ્રય ન મળ્યો, છેવટે તે વીરાવાવ પહોંચ્યો. દીવાન દેવકરણે વીરાવાવમાં બેસાડેલું થાણું ઉપાડી, પૂંજાએ સોઢાઓને પુનઃ વસાવેલા, એથી ઉપકારવશ સોઢાઓએ તેને આશરો આપ્યો.

વીરાવાવમાંથી તેણે સિંધના દીવાન ગિધુમલ મારફતે ગુલામશાહ કલોરા સાથે મસલત ચલાવી. કચ્છ મળવાની લાલચે કલોરાએ પૂંજાને સાથ આપ્યો અને કચ્છના વિનાશ માટે ખુદ કચ્છનો જ વતની સહાયક થયો. કલોરાએ ૭૦,૦૦૦નું સૈન્ય તૈયાર કર્યું અને કચ્છ તરફ આગળ વધ્યો. આ સમાચાર કચ્છ- રાજ્યમાં પહોંચતાં જ યુદ્ધની તૈયારી શરૂ થઈ ગઈ. સર્વ ભાયાતોને રાઓશ્રીએ યુદ્ધમાં સામેલ થઈ, કચ્છ-રાજ્યની રક્ષા માટે એકત્ર થવા હાકલ કરી. વિંઝાણના લાખાજીને સૈન્યની સરદારી સોંપાઈ. કચ્છના સર્વ કોમ અને જાતિના લડવૈયા આ યુદ્ધમાં જોડાયા. સર્વપ્રથમ સિંધ તરફથી કચ્છનો મારગ વેરાન કર્યો અને કચ્છના રણકિનારે આવેલા નરા અને ઝુમારાની નજીક ઝારાના ડુંગર પર મોરચો બાંધી, સિંધના સૈન્યનો સામનો કરવાની વ્યૂહરચના ઘડાઈ. ઝારા પર ચઢવાનો મુખ્ય રસ્તો વાયવ્ય બાજુ આવેલો છે. આ જ રસ્તા પાસે આવેલી ટેકરી પર તોપ ગોઠવાઈ, જેથી ડુંગર પર ચડી આવતા લશ્કરને આ તોપના મારાથી નુકસાન પહોંચાડી શકાય. સાંજના સમયે સિંધી લશ્કર આવી પહોંચ્યું. વેરાન થયેલા રસ્તે આવેલું લશ્કર થાક અને તરસથી ત્રસ્ત હતું. સ્થિતિ દયનીય હતી. આ જ સમયે હુમલો કરવા લાખાજીએ વિચાર્યું, પણ જીવણ શેઠની વ્યાપારી બુદ્ધિ પાછી પડી અને કલોરાને તક મળી ગઈ. વિષ્ટિના બહાને પણ તેણે સમય કાઢ્યો અને જીવણ શેઠ આ ચાલાકી પારખી શક્યા નહીં.

એક વહેલા પ્રભાતે ઝાકળભર્યા વાતાવરણમાં સિંધી સૈન્ય ઝારાડુંગર પર ચઢવા લાગ્યું. અફીણ નહીં લીધેલા રાજપૂતો દૈવત નહીં દાખવી શકે એ પણ પૂંજાનો તર્ક હતો. અંધારામાં થયેલા હુમલાએ કોણ પારકા કોણ પોતાના એ ભેદ ન રહ્યો અને અધૂરામાં પૂરું તોપ પણ ઝાકળના ભેજથી ફાટી અને મોટું નુકસાન કર્યું. કચ્છી સૈન્યને મોટી ખુવારી વેઠવી પડી. ભઈમાજી-વીસાજીનું અપ્રતિમ શૌર્ય, કચ્છના અન્ય વીરોની બહાદુરીભરી લડત પણ સૈન્યને વિજય ન અપાવી શકી અનેક નરબંકા-યુવાનોએ સોડ તાણી અને સિંધી સૈન્યનો અરધો ભાગ લઈ કલોરાએ ભુજ ભણી કૂચ આદરી.

ઝારાના યુદ્ધના દારુણ અંજામ વિશે અને કલોરાની ભુજ તરફની કૂચ અંગે જાણી, રાઓશ્રીએ કલોરાને પાછો વાળવા પૂંજાને સંદેશો મૂક્યો. દીવાન બનાવવાની શરત મૂકી, રાજમાતાએ પણ દાબડીમાં સફેદ વાળ મૂક્યો. આથી પૂંજાના હૃદયે પલટો ખાધો અને રાજકન્યા પરણાવવાનું કલોરાને વચન આપી, ઓળમાં પોતાનો દીકરો આપ્યો અને ગમેતેમ સમજાવી કલોરાને પાછો વાળ્યો.

પૂંજાને દીવાનપદું મળ્યું – કચ્છ પર વિનાશની આંધી આવી ને ગઈ. પણ પૂંજાની હરકતો, જોહુકમીપણું વધતાં ગયાં અને છેવટે રાઓશ્રીએ તેને કેદ કરી, ઝેર પાઈ, મૃત્યુને શરણ કર્યો. આ સમાચારથી ફરી કલોરો કચ્છ પર આવ્યો, પણ આ સમયે કચ્છરાજ્યની તૈયારી જોઈ તેને પાછા વળવું પડ્યું.

ગુલામશાહ કલોરા પછી તેનો દીકરો શરફરાજ કચ્છ પર ચડી આવ્યો, પણ તેની બહુ હિંમત ન ચાલી; આધોઈ અને આસપાસમાં લૂંટ કરી ચાલ્યો ગયો. સંવત ૧૮૩૫માં સિંધથી મીરબીજર કચ્છ પર આવ્યો, પણ કચ્છી સૈન્યના સરદાર મિરઝા કુરપાબેગે હરાવી નસાડ્યો.

અંગ્રેજો સાથે પણ યુદ્ધની નોબત ગગડી

'કચ્છના ક્રોમવેલ' તરીકે પંકાયેલા ફતેહમામદ જમાદારે કચ્છ પર એટલી કુનેહ અને શક્તિથી રાજ્ય કર્યું કે સમગ્ર ભારતમાં પ્રભાવી બનતી અંગ્રેજોની સત્તાના હાથ અહીં પહોંચી શકતા નહોતા. કર્નલ વૉકર સાથે આમ છતાં જમાદારે ૧૮૦૯માં (૨૬મી ઑક્ટોબરના રોજ) કરાર કરવા પડ્યા હતા. આ જમાદારના અવસાન બાદ, અવ્યવસ્થાનો લાભ લઈ, રાયધણજીના પુત્ર માનસિંહે, ભારમલજી નામ ધારણ કરી, સત્તા હસ્તગત કરી. આ સમયે કચ્છની હાલત

છિન્નભિન્ન હતી. આ સમયે કેપ્ટન મેકમર્ડોએ પૃથ્વીરાજભાઈજી બાવાના કુંવર લધુભાનો ગાદી પરનો હક્ક, ચાંચિયાનો ત્રાસ, દૂધ-પીતીનો રિવાજ વગેરે સમસ્યાઓ આગળ ધરી, પરંતુ આ સમયે લક્ષ્મીદાસ કામદાર નામના વિચક્ષણ પુરુષે તેનો સામનો કર્યો અને મેકમર્ડો તેનાથી પ્રભાવિત થયો. પણ ભારમલજી સત્તાના મદમાં હતા. તેમણે કંપનીના એજન્ટને કાઢ્યો ને લૂંટારા ટોળકીના મેકમર્ડો પરના હુમલાના સંદર્ભમાં અંગ્રેજ લોકોએ રાઓને ચેતવણી આપી. પણ તે પણ ન ગણકારતાં અંગ્રેજ સૈન્ય ભચાઉ સુધી પહોંચ્યું. હુસેન મિયાંએ ભીમાસર આસપાસ કૂવામાં ઝેર નાંખ્યું. આથી અંગ્રેજોનો ગુસ્સો વધ્યો અને હુસેન મિયાંને અંજાર છોડવું પડ્યું. અંજાર કબજે કરી, અંગ્રેજી સૈન્ય ભુજ તરફ આગળ વધ્યું. યુદ્ધની નોબત ગગડવા માંડી. પણ, આ ક્ષણે ભારમલજી સાવચેત થયા અને ૧૮૧૬માં કંપની સરકાર સાથે તેમણે કરાર કર્યો, જેમાં નુકસાન ભરપાઈ કરવું, વધારે સૈન્ય રાખવું વગેરે જેવી તેર કલમો હતી. અંગ્રેજોએ કચ્છી કોરી ૮૦ લાખનો દંડ કરેલો, જે ભરપાઈ કરવા ભારમલજી શક્તિમાન ન હતા. આ જ સમયે લક્ષ્મીદાસ કામદારની વિચક્ષણતા મદદે આવી. તકનો લાભ લઈ લક્ષ્મીદાસ દીવાન થયા અને લક્ષ્મીદાસે કોરી એકત્ર કરી, અંગ્રેજો સાથે સલૂકાઈથી વાત કરી, મોટા ભયને ટાળ્યો.

પણ આ પછી પણ રાઓશ્રી ભારમલ સુધર્યા નહીં અને મોજશોખ અને દારૂની મહેફિલમાં રચ્યાપચ્યા રહ્યા. ગાદીના દાવેદાર લધુભાનું પણ ખૂન કરાવ્યું અને ફરી બ્રિટિશ સરકાર સાથે સંબંધ બગાડ્યો. ૨૪ માર્ચ ૧૮૧૯ના રોજ ફરી અંગ્રેજ સૈન્યે ભુજ પાસે પડાવ નાંખ્યો. આ વખતે નામનો જ સામનો થયો અને અંગ્રેજોએ ભુજ કબજે કર્યું. રાઓશ્રી શરણે આવ્યા અને અંગ્રેજોએ તેમને પદભ્રષ્ટ કર્યા. ફરી લક્ષ્મીદાસ કામદારની કુશાગ્રતા અને ધીર-બુદ્ધિ કામે આવી. અંગ્રેજો સાથે વાટાઘાટો કરી રાઓ દેશળજીનો ૯મી એપ્રિલ, ૧૮૧૯ના રોજ રાજ્યાભિષેક કરાવ્યો.

તારલૂણાઈ

તારલૂણાઈ એક લૂંટારો હતો, પણ રોહાના ઠાકોર વિજયરાજની ઇચ્છા કચ્છ પર કબજો સ્થાપિત કરવાની હોવાથી, સિંધના અમીરો તથા આ લૂંટારાની સહાય મેળવવા યોજના ઘડી હતી. તારલૂણાઈ મારફતે હૈદરાબાદના અમીરોને પણ કચ્છ પર ચડી આવવા ઉશ્કેર્યા. પણ બ્રિટિશ સરકાર ચેતી ગઈ હતી. સંરક્ષણવ્યવસ્થા મજબૂત બનાવી. છેવટે ૧૮૨૫ના મે માસમાં તારલૂણાઈ ૩૦૦૦ મિયાણા સાથે ઉત્તરેથી દાખલ થયો અને હબાયડુંગરમાં પડાવ નાખ્યો. અહીં ભાયાતોનાં લશ્કર મળે અને સંયુક્તપણે હુમલો થાય તેવી યોજના હતી.

પણ અંજારની જાહોજલાલી લૂંટવાની ઉતાવળે તારલૂણાઈ સપડાયો. અંગ્રેજી સૈન્ય તાબડતોબ અંજાર આવી ગયું. તારલૂણાઈ અણધાર્યા આક્રમણે હેબતાઈ ગયો અને નાસભાગ શરૂ થઈ. અંગ્રેજી સૈન્યે પૂંઠ પકડી, હબાયડુંગર પરના પડાવે હુમલો કર્યો, જેમાં છેવટે અંગ્રેજી લશ્કર જીત્યું.

કચ્છ અને સિંધના એ યુદ્ધે સિંધનો નકશો બદલ્યો

અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે. આ જ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને કાયમ માટે સ્થાયી થઈ ગઈ છે. આ જાતિઓ અને સમૂહોનાં કચ્છમાં આવાગમન દરમિયાન અને તે પછી રાજાશાહી દરમિયાન કચ્છમાં યુદ્ધો પણ ખેલાયાં છે. બહુ ઓછું જાણીતાં થયેલ કચ્છ અને સિંધના બાદશાહ મિરઝા ઈશાકખાં અને કચ્છના રાઓ ખેંગારજી વચ્ચે ખેલાયેલા યુદ્ધની અહીં વાત કરવી છે.

સમાવંશના જામ લાખાજીએ ચાવડાવંશની સત્તાનાં મૂળિયાં ઉખાડી નાખ્યા પછી લાખાજીની દશમી પેઢીએ જામ હમીરજી કચ્છની ગાદીએ આવ્યા. એ સમયે કચ્છનું પાટનગર લાખિયારવીરા હતું. જામ હમીરજીએ ઈ. સ. ૧૪૭૨થી ઈ. સ. ૧૫૦૬ સુધી ૩૪ વર્ષ સુધી કચ્છમાં રાજ કર્યું હતું. આ જામ હમીરજીએ

અમરકોટના સોઢા રાજવીની કુંવરી સાથે લગ્ન કર્યાં હતાં. આ કુંવરીનું નામ કપૂરદેબા હતું અને તેમની કૂખે ખેંગારજીનો જન્મ થયો હતો. જામ હમીરજીની બીજી પત્ની પણ સોઢાકુળની જ હતી. ખેંગારજી પાછળથી કચ્છની ગાદીએ આવ્યા હતા. તેમણે ઈ. સ. ૧૫૧૦થી ૧૫૮૬ સુધી કચ્છની ગાદી ભોગવી હતી. તેમણે કચ્છની રાજધાની ઈ. સ. ૧૫૪૯ – વિ. સં. ૧૬૦૫માં ભુજની સ્થાપના કરી લાખિયારવીરાથી ભુજ ખસેડી હતી. આમ, સિંધ એ ખેંગારજીનું મોસાળ હતું.

વિક્રમ સંવત ૧૬૧૦ – ઈ. સ. ૧૫૫૪ના વર્ષમાં સિંધનો શાહજાદો મીરઝા ગાઝીખાં કચ્છના રાવ ખેંગારજીને શરણે આવીને બે કર જોડી પોતાને કચ્છમાં રાજ્યાશ્રય આપવા વિનંતી કરવા લાગ્યો. ઘટના એવી ઘટી હતી કે મીરઝા ગાઝીખાંના પિતા સિંધના બાદશાહ ઈશાકખાંને એને પોતાની મિલકતમાંથી દૂર કર્યો હતો. એટલું જ નહીં, પણ સિંધમાંથી કાઢી મૂક્યો હતો. શાહજાદાને કોઈ જ આશરો ન રહેતાં અન્યત્ર ભટકવા કરતાં કચ્છના રાવ ખેંગારજી તેને શરણે લેશે અને પોતાને રાજનો ભાગ અપાવી શકશે એવી આશાએ તે કચ્છ આવ્યો અને રાજ્યાશ્રય માગ્યો અને પોતાને રાજ્યમાંથી ભાગ અપાવવા મદદ કરવા વિનંતી કરવા લાગ્યો.

કચ્છના રાજવી ખેંગારજીએ ગાઝીખાનને સિંધનું અડધું રાજ તેના પિતા પાસેથી અપાવવા તેના નાના ભાઈ કુંવરસાહેબની સરદારી નીચે વિશાળ લશ્કર સિંધ મોકલ્યું. આ વાતની જાણ ખેંગારજીના મામા અને સિંધના અમરકોટના રાજવીને થતાં તેણે પણ મદદમાં પોતાનું લશ્કર મોકલ્યું. ખેંગારજીએ પ્રથમ પોતાના દૂતને મોકલી બાદશાહ ઈશાકખાનને સંદેશો મોકલ્યો કે 'તમારો પુત્ર મારા આશ્રયે છે, આશ્રયે આવનારને શરણ આપવું અને મદદ કરવી એ અમારો પ્રથમ રાજધર્મ છે, તેથી આપને હું વિનંતી કરું છું કે તમારા પુત્ર ગાઝીખાનને તમારું અડધું રાજ્ય આપી તેને ન્યાય આપો અથવા અમારી સાથે લડવા તૈયાર થઈ જાઓ.' કચ્છના રાજાનો આ સંદેશ સાંભળી બાદશાહ ખૂબ જ ગુસ્સે ભરાયો અને કચ્છરાજ્ય સામે યુદ્ધ કરવાનો નિર્ણય કરી પોતાના બીજા પુત્ર મીરઝા બાકીખાનને પોતાના લાવલશ્કર અને સરંજામ લઈને લડવા મોકલ્યો. સિંધના બાદશાહે લડાઈનો નિર્ણય લીધો છે એ જાણી કચ્છરાજ્યની છાવણીમાં ગુપ્ત બેઠક મળી. આ બેઠકમાં ખેંગારજીના પુત્ર સાહેબજી, ખેંગારજીના મામા રવાજી તથા પબાજી સોઢા તથા મીરઝા ગાઝીખાં સૌએ સાથે મળી યુદ્ધની વ્યૂહરચનાની વિચારણા કરી.

તેઓએ ઘડેલી વ્યૂહરચના મુજબ રવાજી તથા પબાજી સોઢા સિંધી ભાષા તથા ત્યાંના વાતાવરણથી પરિચિત હોઈ તેઓ વેશ બદલીને બાદશાહના લશ્કરમાં ભળી ગયા ને મીરઝા બાકીખાનના લશ્કરને માર્ગ બતાવતા કચ્છરાજ્યની છાવણી સુધી દોરી આવ્યા. આ એવી જગા હતી કે એક તરફ કચ્છ-રાજ્યનું લશ્કર અને બીજી તરફ સોઢા રાજપૂતોનું લશ્કર ઊભું હતું. આથી બાદશાહનું લશ્કર ઘેરાઈ ગયું અને ભીષણ યુદ્ધ ખેલાયું. રવાજી તથા પબાજી સોઢાએ બાદશાહના લશ્કરમાંથી વચ્ચેથી બાદશાહના સૈનિકો સામે લડવાનું શરૂ કરતાં બાદશાહ ખાનના લશ્કરને પોતાની સાથે દગો થયો હોવાનું ભાન થયું, પરંતુ ત્યારે બહુ જ મોડું થઈ ગયું હતું. કચ્છરાજ્ય તથા સોઢાઓના લશ્કરે બાકીખાનને તથા તેના લશ્કરને ચારે તરફથી ઘેરી લીધું. પરિણામે બાદશાહ ખાનનું લશ્કર ભયનું માર્યું વેરવિખેર થઈ ગયું અને સાહેબજીએ બાકીખાનને મારી નાખ્યો. આ લડાઈ માત્ર પાંચથી છ કલાક ચાલી હોવાનું નોંધાયું છે. બાકીખાનના લશ્કરના ઘોડા, હાથી, શસ્ત્રસરંજામ વગેરે કચ્છરાજ્યના સાહેબજીએ કબજે કરી ગાઝીખાનને સોંપી દીધા. સોઢાભાઈઓના કારણે આ યુદ્ધમાં કચ્છરાજ્યનો વિજય થયો.

આ લડાઈ પછી સિંધના બાદશાહ ઈશાકખાને કચ્છના રાવ ખેંગારજી સાથે સંધિ કરી અને ખેંગારજીના કહેવા પ્રમાણે સિંધના બે ભાગ કર્યા. નગરઠઠ્ઠા અને સિંધનો અડધો ભાગ બાકીખાનના વારસોને સોંપવામાં આવ્યો, જ્યારે નશરપુર સહિતનું અડધું સિંધ

ગાઝીખાનને સોંપવામાં આવ્યું. સિંધની મુખ્ય ગાદી ગાઝીખાનને સોંપવામાં આવી. આ પછી ગાઝીખાને ભરેલા દરબારમાં કચ્છરાજ્યનો આભાર માન્યો અને આ દરબારમાં સાહેબજીને ગાઝીખાનની સમાંતર આસન આપવામાં આવ્યું હતું. આ અવસરે કચ્છ- રાજ્યને અનેક ભેટ-સોગાદો ઉપરાંત સિંધની કલા-કારીગરીના નમૂનાઓ નજરાણા તરીકે આપવામાં આવ્યા. બદલામાં કચ્છરાજ્યે સિંધમાં વસેલા મેઘવાળોને ભુજમાં વસવા આમંત્રણ આપ્યું અને ભુજમાં રહેવા મકાનો બાંધી આપવાનું પણ આશ્વાસન આપ્યું.

આ અવસરની મીઠાશ કાયમ જળવાઈ રહે તે માટે ગાઝીખાને પોતાની પુત્રી હમીબાનાં લગ્ન સાહેબજી સાથે કર્યાં. આ પછી વિજયના નાદ સાથે કચ્છનું લશ્કર ભુજ પરત ફર્યું હતું.

પરંતુ આ ખુશીનો માહોલ લાંબો સમય સુધી ન ટક્યો, કારણ કે, આ ઘટના પછી મીરઝા ઈશાકખાનને પોતાની હારથી ચેન પડતું નહોતું. પોતાના પુત્ર ગાઝીખાનનું વેર વાળવા તે રાત-દિવસ યોજનાઓ બનાવતો રહ્યો હતો. પરંતુ ગાઝીખાનને કચ્છરાજ્ય અને સિંધના સોઢાઓનું રક્ષણ મળેલું હોઈ પોતે તેને મારી કે યુદ્ધમાં હરાવી શકશે નહીં કે બળથી કોઈ બાજી સફળ થશે નહીં એવું તે જાણતો હતો, તેથી તેણે કપટથી ગાઝીખાનને મારી નાખવા નવી યોજના અમલમાં મૂકવા વિચારણા કરી અને તેણે આ માટે એક હજામને વિશ્વાસમાં લઈ તેને આ કામ સોંપ્યું. હજામ ગાઝીખાનના દરબારમાં જઈ રાજના હજામ તરીકે નોકરીમાં રહ્યો અને ધીમેધીમે ગાઝીખાનનો વિશ્વાસુ બની ગયો અને એક દિવસ મોકો મળતાં ગાઝીખાનની દાઢી બનાવતી વખતે અસ્ત્રાથી તેનું ગળું કાપી તેને મારી નાખ્યો. જોકે ગાઝીખાનના માણસોએ તાત્કાલિક આ હજામને પકડીને તેને મારી નાખ્યો. આ દિવસે સાહેબજીનાં પત્ની હમીબા સિંધમાં હતાં. તેઓ પોતાના પિતા ગાઝીખાનનું માથું લઈ કચ્છમાં જવા રવાના થયાં. આ અરસામાં કચ્છરાજ્ય અને હળવદના રાજા વચ્ચે ખેલાયેલા યુદ્ધમાં સાહેબજીનું મૃત્યુ થયું. આ ઘટનાઓ પછી રાવ ખેંગારજીએ ગાઝીખાનના વારસોને કચ્છ બોલાવી છારી ફુલાય ગામ ભેટ આપી, તેમાં વસાવ્યા. આ બાજુ ઈશાકખાન કચ્છરાજ્યને મદદ કરવા બદલ સિંધમાં સોઢાઓ, ભરવાડો, મેઘવાળો અને મારવાડીઓને ત્રાસ આપવા લાગ્યો. ઈશાકખાનના ત્રાસથી આ તમામ કોમોએ કચ્છના રાવ ખેંગારજીને વિનંતી કરતાં ખેંગારજીએ આ તમામ કોમોને ભુજમાં વસવા પરવાનગી આપી અને ભુજના વિવિધ વિસ્તારોમાં મકાનો આપ્યાં. કચ્છના રાવની આ મદદના બદલામાં આ તમામ કોમોએ સાહેબજીના મોતનો બદલો લેવા હળવદના રાજવી સામે યુદ્ધ કરી તેમને હરાવ્યા. આમ, કચ્છના ઇતિહાસમાં બહુ ઓછી આ જાણીતી ઘટનાએ સિંધના ઇતિહાસમાં મોટો ભાગ ભજવ્યો અને આ ઘટના થકી જ સોઢાઓ, ભરવાડો મેઘવાળો અને મારવાડીઓનો કચ્છમાં પ્રવેશ થયો.

આઝાદી બાદના સંગ્રામો

આઝાદી વખતે એક રાષ્ટ્રના બે ભાગ થતાં હિન્દુસ્તાને અને પાકિસ્તાન એવા બે દેશ રચાયા. કચ્છ ભારતીય સંઘમાં વિલીન થયું અને રણની સામે પાર પાકિસ્તાન પરદેશ હોતાં સરહદી વિસ્તાર પણ થયો. આમ આંતરરાષ્ટ્રીય સરહદને કારણે યુદ્ધનો અનુભવ આઝાદી બાદ પણ કચ્છને થતો રહ્યો છે. ૫૧૨ કિ. મી. લાંબી સરહદ ધરાવતા કચ્છ પર પાકિસ્તાને ૧૯૬૫ અને ૧૯૭૧ દરમિયાન હુમલા કરી યુદ્ધ છેડ્યાં હતાં.

૧૯૬૫ના જાન્યુઆરી માસમાં જ પાકિસ્તાને કંજરકોટ વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ શરૂ કરી દીધો હતો. ગુજરાત વિધાનસભા અને તે સાથે લોકસભામાં પણ અવારનવાર એની ચર્ચા થતી રહી. એ પહેલાં સંરક્ષણવિભાગના વિવિધ વડાઓએ છાડબેટની મુલાકાત પણ લીધી હતી. રાજદ્વારી ક્ષેત્રે પણ પ્રયત્નો થતા રહ્યા અને શાસ્ત્રીજીએ ફ્રી ટ્રેડ ઝોન-કંડલાના ઉદ્ઘાટન-સમયે એનો ઉલ્લેખ કરી હૈયાધારણા પણ આપી. પરંતુ પાકિસ્તાની હરકતો ચાલુ જ રહી. સક્કરવિસ્તારમાં એક હજાર એકર ભારતીય પ્રદેશમાં પગદંડો જમાવ્યો. સરકારે કચ્છમાં અસરકારક

પગલાં માટે ખાતરી આપી. પણ તે પહેલાં જ નવમી એપ્રિલ ૧૯૬૫ના સરદાર ચોકી પર ત્રણ હજાર પાકિસ્તાની સૈનિકોની ૫૧મી બ્રિગેડ નાનાં શસ્ત્રો ધરાવતા ૨૦૦-૨૫૦ જવાનો પર ટેન્ક વગેરે જેવાં શસ્ત્રો સાથે તૂટી પડી, પણ જવાનોએ એ ચોકી પડવા દીધી નહીં. તે પછી પાકિસ્તાન સુરંગો બિછાવી તૈયારી કરતું રહ્યું. ૧૦થી ૧૯ એપ્રિલ વચ્ચે છમકલાં થતાં રહ્યાં, પણ ૨૦ એપ્રિલે છાડબેટ-વિસ્તારમાં એક ચોકી પર ભારે શસ્ત્રો અને તૈયારી સાથે હુમલો કર્યો. આપણા નવ જવાન શહીદ થયા અને ચોકીને નુકસાન થયું. ત્યાર બાદ ફરી ૨૦મી અને ૨૧મીએ આક્રમણ થયાં ને એમ ૩૦મી સુધી ચાલ્યું. સરદાર-ચોકી, વિદ્યાકોટ અને છાડબેટના ૬ માઈલ વિસ્તારમાં પાકિસ્તાની સૈનિકો પ્રવેશ્યા હતા. પછીથી ભારતે સરદાર-ચોકી, વિદ્યાકોટ અને બિયાસબેટની દક્ષિણ ધરી જીતી હતી.

છેવટે ૧૧મી મે ૧૯૬૫ના યુદ્ધવિરામ માટે બ્રિટનની મધ્યસ્થી માટે ઇચ્છા વ્યક્ત કરાઈ અને ૩૦મી જૂને યુદ્ધવિરામ પર સહી થઈ અને કરારની કલમ મુજબ સીમા નક્કી કરવા ટ્રીબ્યુનલની રચનાનું નક્કી થયું.

૧૯૬૫ના વર્ષમાં જ સપ્ટેમ્બર માસમાં પાકિસ્તાને કાશ્મીરના મુદ્દે સંગ્રામ છેડ્યો જેની અસર કચ્છમાં પણ થઈ. ૩થી ૨૨ સપ્ટેમ્બર સુધી થયેલા આ યુદ્ધમાં ભારતના મહત્ત્વના કંડલાબંદરને નિશાન બનાવવા પાકિસ્તાની વિમાનો અંજારના આકાશમાં ધસી આવ્યાં, પણ જામનગરથી ધસી આવેલાં ફાઈટર પ્લેનોએ તેમને આંતર્યાં. ડોન ફાઈટ જેવું દશ્ય સર્જાયું, પણ છેવટે પાકિસ્તાની વિમાનો નાસી ગયાં. ૧૯૬૫ના આ યુદ્ધે ભારતની મર્યાદિત તૈયારી છતાં જવાનોના ખમીરનો પરિચય થયો અને ભારતને સંરક્ષણ તૈયારીઓ માટે ઢંઢોળી જાગૃત કર્યું.

આ યુદ્ધ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી બળવંતરાય મહેતા ઓખા જઈ રહ્યા હતા ત્યારે નલિયા પર હવાઈ નિરીક્ષણ કરવાની ઇચ્છા સાથે ત્યાં આવ્યા ત્યારે પાકિસ્તાનના ફાઈટર જેટ વિમાનોએ હુમલો કર્યો અને વિમાનને સુથરી પાસે તોડી પાડતાં મુખ્યમંત્રીશ્રીએ શહીદી વહોરી.

યુદ્ધવિરામ પછી થયેલા કરારમાં ટ્રીબ્યુનલે કચ્છના રણનો ૯૦ ટકા ભાગ કચ્છનો હોવાનું જણાવ્યું. ભારતીય હકૂમત હેઠળના ૩૦૦ ચો. વા. વિસ્તારને પાકિસ્તાનનો ઠરાવ્યો. તેમાં કંજરકોટ, છાડબેટ, ઘાસી બન્નીનો સમાવેશ થતો હતો. ભારતના વિરોધપક્ષે તેનો ઉગ્ર વિરોધ કર્યો અને ૧૯૬૮ની ૨૧મી એપ્રિલે સત્યાગ્રહનો પ્રારંભ થયો, જે ૧૭ દિવસ ચાલ્યો. આ સત્યાગ્રહમાં તે સમયના દેશના વિરોધપક્ષના સર્વે જાણીતા નેતાઓએ જાહેરસભાઓ ગજવી હતી. ૨૦૦ જેટલા સત્યાગ્રહીઓએ ધડપકડ વહોરી હતી.

૧૯૭૧નું યુદ્ધ :

પાકિસ્તાન દ્વારા તેના પૂર્વવિસ્તારના બંગાળ-પ્રદેશનું સતત શોષણ થતું રહ્યું તેની સામે બંગાળના લોકોએ અવાજ ઉઠાવ્યો અને ૧૯૭૧માં તેના નેતા મુજીબુર રહેમાનને પૂર્વ પાકિસ્તાના વડાપ્રધાન તરીકે ચૂંટ્યા. પણ પાકિસ્તાનના લશ્કરી શાસકો સાથે મળી ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ ફૂટનીતિ આદરી બંગાળ પર અત્યાચારો શરૂ કર્યા, જેનો સામનો બંગાળના યુવાનોએ મુક્તિવાહિની દ્વારા કર્યો. બંગાળની મુક્તિ માટે અને 'બાંગલાદેશ'ની રચના માટે ભારતે પૂરતો સહયોગ આપ્યો અને છેવટે ૩ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ રાત્રે તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ યુદ્ધની જાહેરાત કરી. દુશ્મનોના દાંત ખાટા કરી નાખવાના નિર્ધાર સાથે રાષ્ટ્રવ્યાપી કટોકટી પણ જાહેર કરી.

૧૯૬૫ના યુદ્ધના અંત સાથે સંરક્ષણવ્યવસ્થા માટે વિચારણા શરૂ થઈ હતી કચ્છમાં તૈનાત આ દળે ૧૯૭૧માં યુદ્ધ શરૂ થતાં જ ૬ ડિસેમ્બર સવારે છાડબેટ પર ત્રિરંગો ફરકાવ્યો. પછી તો જાણે ૧૯૬૫ના યુદ્ધનું સાટું વાળતા હોય તેમ આપણા સૈનિકોએ છેક નગરપારકર સુધી વિજયકૂચ જારી રાખી, ત્યાં રાષ્ટ્રધ્વજ પણ ફરકાવી દીધો. પછી તો વિરાવા અને ઇસ્લામીકોટ માર્ગ પર પીછેહઠ કરી રહેલા

પાકિસ્તાની સૈનિકોનો આપણા સૈનિકોએ પીછો પકડ્યો. એ જ રીતે વિગી, પાનેલી અને જત તરાઈ તથા સોરો અને વિંગુર ચોકીઓ પર ભારતીય સેનાની વિવિધ ટુકડીઓએ કબજો જમાવ્યો.

૧૯૬૫ના યુદ્ધમાં સંરક્ષણાત્મક ભૂમિકામાં રહેલાં આપણાં દળોની શક્તિ ૧૯૭૧માં અનેકગણી વધી ગઈ હતી અને પરિણામે આક્રમક મિજાજનાં દર્શન થયાં અને વિજયશ્રી પણ પ્રાપ્ત કરી.

૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ૭ ડિસેમ્બરની રાત્રે શ્રેણીબદ્ધ બૉમ્બ-હુમલા એ યાદગાર ઘટના બની રહ્યા. ભુજમાંથી હિજરત પણ થવા માંડી, પણ ભારતીય વિમાનોના વળતા હુમલાએ ડર નાબૂદ કર્યો. પાકિસ્તાની વિમાનોએ ફેંકેલા ૯૨ બૉમ્બમાંથી ૮૦ બૉમ્બ ફાટ્યા. ભુજના ૧૦ માઈલના વિસ્તારમાં ૬૬ બૉમ્બ પડ્યા હતા.

એ જ રીતે ૮ ડિસેમ્બરના હવાઈ હુમલામાં ભુજ વિમાનમથકની હવાઈ પટ્ટીને નુકસાન થતાં તેના સમારકામ માટે હવાઈ હુમલા વચ્ચે પણ માધાપરની મહિલાઓ આગળ આવી અને ત્રણ દિવસમાં રનવે તૈયાર થયો એ સુવર્ણાક્ષરે અંકિત કરી શકાય એવી ઘટના બની રહી, જેને શ્રીમતી ઇન્દિરા ગાંધીએ સન્માનતાં કહ્યું, "હમને લડકર શાંતિ કો બચાયા હૈ."

એક શોકજનક બનાવ પણ બન્યો. ૧૭ ડિસેમ્બરે યુદ્ધવિરામ થતાં સાંજે સુરઈ વિસ્તારમાં નીકળેલી અધિકારીઓ-જવાનોની એક ટુકડી પર છુપાયેલા પાકિસ્તાની સૈનિકોએ અણધાર્યો હુમલો કર્યો અને ત્રણ અધિકારી સહિત નવ જવાંમર્દો શહીદ થયા, જેમને ભુજવાસીઓએ લોહાણા સ્મશાનગૃહમાં ૧૯મીએ અશ્રુભીની વિદાય આપી.

તારણ

કચ્છ પર થયેલાં પરદેશી આક્રમણોનો ઇતિહાસ તપાસતાં એટલું તો સિદ્ધ થાય જ છે કે કચ્છીઓએ સંઘબળ, શૌર્ય અને યુદ્ધકૌશલ્યથી કચ્છનું નામ હંમેશાં રોશન કર્યું છે. કચ્છ પર આવેલી કોઈ પણ ચડાઈનો તેમણે વીરતાથી સામનો કરી, કચ્છને અખંડ રાખ્યું છે, જેમ અગ્નિમાંથી સુવર્ણ અધિક ઉજ્જવળ બની, બહાર આવે છે તેમ, યુદ્ધોની અગ્નિપરીક્ષામાંથી કચ્છનું વીરત્વ ઓર પ્રકાશમાન થયું છે. હા, યુદ્ધોની અસરો રહી ગઈ જરૂર છે, પણ એકમાત્ર ઝારાના કલોરો સાથે થયેલા યુદ્ધને બાદ કરતાં એ મોટે ભાગે વિધેયાત્મક રહી છે.

આ ઝારાના યુદ્ધે કચ્છમાં વહેતાં સિંધુજળ રોક્યાં અને કચ્છની આઠ લાખની ઊપજ બંધ થઈ. રાઓશ્રી ગોડજીના પ્રયત્નો છતાં, તે પછી, કચ્છમાં યુદ્ધના વિષાદના ઓળા ન રોકી શકાયા. ઈ. સ. ૧૮૧૯માં થયેલા ધરતીકંપના કુદરતી પ્રકોપે પણ કચ્છની પરીક્ષા કરી. ઝારાના યુદ્ધથી થયેલ અવ્યવસ્થાને કારણે જામનગરના મેરુ ખવાસે બાળંભાનો કિલ્લો આંચકી લીધો. આમ, ઝારાના યુદ્ધે કચ્છ પર કમનસીબ નોતર્યું – અને થોડા સમયને બાદ કરતાં, ફતેહમામદ જમાદારના આગમન સુધી, કચ્છ અશાંતિમાં રહ્યું. પણ દૂરંદેશ જમાદારે ફતેહગઢ, લખપત વગેરેના કિલ્લા બંધાવી, સુરક્ષા ઊભી કરી તેમ જ અન્ય કાર્યો થકી કચ્છને નવી દિશા બતાવી. પણ ત્યાર બાદ, ભારતમાં પ્રભાવી બનેલી અંગ્રેજી સત્તા સામે કચ્છે ઝૂકવું પડ્યું. અલબત્ત, ફરી એવો સમય આવ્યો ખરો કે કચ્છે અંગ્રેજો સાથે સમાધાન કરી, નવા કાનૂનો લાગુ પાડી, પોતાની અસ્મિતા જાળવી રાખી.

અંતે...

અનેક રીતે વિશિષ્ટતા ધરાવતી કચ્છધરાએ અનેક નાનાંમોટાં યુદ્ધોનો સામનો કર્યો. યાદવો, મૌર્યો અને શકો વગેરે પણ અહીં આવી ગયા છે. કચ્છનો ઇતિહાસ રાજ્યસત્તાની અથડામણ અને પરકીય રાજવંશોએ જગાડેલી લડાઈથી ભરેલો છે, પણ અહીં, કચ્છના લોકોને સામાન્યપણે સ્પર્શી ગયેલા, જનજીવન પર લાંબી અસર પાડનારાં યુદ્ધો વિશે વાત કરવાનો પ્રયત્ન કર્યો છે.

'મુંજી માતૃભૂમિ કે નમન' કરવાનો આ નમ્ર પ્રયાસ-માત્ર છે.

૧૯. કચ્છમાં પ્રશાસનિક વહીવટી તંત્રનો વિકાસ

હંસરાજ કંસારા
શશિકાન્ત ઠક્કર

પ્રાક્કથન :

કચ્છનું એની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિને લીધે આગવું અસ્તિત્વ રહ્યું છે. ઈ. સ. પૂ. ૩૧૬થી આ પ્રદેશ પર ક્રમશઃ મૌર્ય, શુંગ, શક, ગુપ્ત, ક્ષત્રપ અને મૈત્રક આદિ સામ્રાજ્યોનું દૂરવર્તી આધિપત્ય હતું. 'બૉમ્બે ગૅઝેટિયર' નોંધે છે કે આ સામ્રાજ્યોના કચ્છ પર આધિપત્ય દરમિયાન પ્રવર્તમાન વહીવટી વ્યવસ્થા અંગે કોઈ વિશેષ માહિતી નથી.

મૈત્રક પ્રશાસન :

આ મર્યાદા છતાં, મૈત્રકોના શાસન દરમિયાનની કેટલીક ઇતિહાસ-સુલભ વિગતો તત્સમયના વહીવટી માળખા સંદર્ભે થોડો પ્રકાશ ફેંકે છે. મૈત્રક વહીવટી અધિકારીઓમાં ગ્રામ્ય સ્તરે જમીનનો હિસાબ રાખી મહેસૂલ વસૂલ કરનાર 'ધ્રુવ', ગ્રામ્ય લોકોમાં સુલેહ-સંપ જાળવનાર મુખી 'મહાત્ર' તેમ જ ગ્રામ્ય પ્રજાના જાનમાલની જાળવણી કરનાર 'અશ્વારોહી' આદિ પદનામો આજે પણ થોડા અપભ્રંશ સાથે પ્રચલનમાં છે. જેમ કે 'ધ્રુ' (હવે તલાટી), મહેતા, અસવાર આદિ.

સોલંકી સર્વોપરિતા હેઠળ પ્રશાસન :

ઈ. સ.ની આઠમીથી બારમી સદી દરમિયાન કચ્છમાં પૂર્વે ચાવડા, પશ્ચિમે વાઘેલા અને મધ્ય વિસ્તારમાં સોલંકી રાજપૂતોનું શાસન હતું. ગુજરાતમાં સોલંકી સર્વોપરી હતા ત્યારે પ્રવર્તમાન મહેસૂલ અને કસ્ટમ વસૂલી પદ્ધતિ કચ્છમાં પણ રહી હોવાનો ઉલ્લેખ ગુજરાત સ્ટેટના ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયરમાં છે. કચ્છ સોલંકી (ચાલુક્ય) મહામંડલેશ્વરની સીધી હકૂમત હેઠળનું એક મંડલ હતું. પ્રત્યેક મંડલના ચાર વિભાગ હતા. તાલુકા કક્ષાએ વહીવટકર્તા (કર્ણપુરુષ) કહેવાતા. ગ્રામ્ય સ્તરે સુલેહશાંતિ જાળવનાર પટેલ 'પટ્ટાકીયા' કહેવાતા અને જમીનનો હિસાબ રાખનાર 'ઠાકુર' કહેવાતા. લશ્કરી વડાને 'દંડનાયક' અને ન્યાયાધીશને 'અધિષ્ઠાનક' કહેતા. ચાલુક્ય શાસક અર્જુનદેવના માંડલિક રવિ સિંહાએ ૧૮૦૦ દ્રમ(ચલણ)ના ખર્ચે રાપર તાલુકાના 'રવ' ગામે કૂવો ખોદાવ્યા વિશેનો અભિલેખ તેમ જ ભદ્રેશ્વર મંદિર માટે ગ્રાન્ટ મંજૂર થયા બાબતનો ઉલ્લેખ પણ ગૅઝેટિયરમાં છે.

સમાવંશ શાસન :

ઈ. સ.ના નવમા સૈકા દરમિયાન સિંધના સમા રાજપૂતો કચ્છના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં લગભગ ૨૦૦ વર્ષ સત્તા પર રહ્યા હતા. સત્તા હાંસલ કરવા અને પછી તેને જાળવવા માટે સતત સંઘર્ષરત રહેલા સમાવંશના આ શાસકોની 'વહીવટી પ્રાથમિકતા' 'આક્રમણ' અને 'રક્ષણ' તેમ જ એ હેતુ માટે આવશ્યક ધનની વ્યવસ્થા કરવાની જ રહી હશે. ઈ. સ. ૧૮૨૧ની કચ્છ વિશેની એક નોંધ બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર (V) મુજબ, 'ગ્રામ્ય સ્તરે કાયદો અને ન્યાયવ્યવસ્થા ગામનો પટેલ અથવા પંચાયત સંભાળે છે.' જે સૂચવે છે કે સમાવંશ શાસન દરમિયાન ગ્રામ્ય વહીવટ પ્રણાલિકાગત જ રહ્યો હશે. દરેક ગામનું શાસન સ્થાનિક પ્રજા પર આધારિત હતું. દરેક ગરાસદાર પોતાની હકૂમત સંભાળતો. અન્ય ગરાસદારો સાથે પરસ્પરનાં સંબંધ અને સમજણથી વહીવટ ચાલતો હતો.

જાડેજાવંશ વહીવટ :

સમાવંશની એક શાખાએ બારમી સદીની મધ્યાવધિએ કચ્છમાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ફરી સત્તા હાંસલ કરી. એમના શાસનના પ્રથમ દસ રાજવીઓનો કાર્યકાળ ખટરાગો અને ખૂનખરાબાથી ખરડાયેલો રહ્યો. અગિયારમા વંશજ ખેંગારજી-

(પ્રથમ)એ સોળમી સદીમાં (૧૫૧૦-૧૫૮૫) કચ્છના સમગ્ર વિસ્તારમાં એકહથ્થુ શાસન પ્રસ્થાપિત કર્યું. જોકે એમનો મહત્તમ સમય સત્તા હસ્તગત કરવા માટેના સંઘર્ષમાં જ વ્યતીત થયો. તેમ છતાં એમણે અમદાવાદની સુલતાનીના જાતઅનુભવે કેટલાંક નક્કર વહીવટી પગલાં ભર્યાં તેનો સંક્ષેપ પ્રસ્તુત છે :

* વહીવટી સુવિધા હેતુ અને સંરક્ષણની દૃષ્ટિએ પ્રદેશના મધ્ય-વિસ્તારમાં, ભુજિયાડુંગરની તળેટીમાં રાજધાની તરીકે ૧૫૪૯માં ભુજનગરનું તોરણ બાંધ્યું. અહીં કાયમી ધોરણે તાલીમબદ્ધ લશ્કરી ટુકડી તૈયાર રાખી.
* દેશ-વિદેશ સાથે બંદરી તેમ જ જમીની વ્યાપારવણજ વધારવા સુવિધાજનક સ્થળોએ, તુણાબંદર નજીક, ૧૫૪૬માં અંજાર અને શ્રેષ્ઠી ટોપણ શેઠના સહયોગથી ઈ. સ. ૧૫૮૦માં રયાણપુર વસાવ્યું જે હાલ માંડવીબંદર તરીકે ઓળખાય છે. 'આઈને અકબરી'માં એ સમયની નોંધ છે તે મુજબ, કચ્છ રાજ્યનાં ૧૪૦૯ ગામો હતાં. 'કચ્છ ગૅઝેટિયર' (પૃષ્ઠ ૪૧૦)ની નોંધ મુજબ કચ્છમાં ૯૦૧ ગામો હતાં, જેમાં રાવશ્રીનાં ૧૫૩ ખાલસા ગામો, ૧૨૮ ખાલસા મજમુ ભાગીદારીનાં અને બાકીનાં ૬૨૦ ગામો ભાયાતી હતાં. ભાયાતી ગામોના ગરાસદારો પોતાને સ્વાયત્ત માનતા. ગામની ઊપજમાંથી દરબારને કંઈ મળતું નહીં. મહારાવે પોતાનાં ખાલસા ગામોમાં ખેડૂતોનો જમીનની માલિકીનો હક્ક સ્વીકાર્યો હતો.
* સમસ્ત પ્રદેશનાં કુલ ૧૬ પરગણાં હતાં. તે પ્રત્યેક પરગણામાં મહેસૂલ અને સુરક્ષાવ્યવસ્થા માટે મહાલકારી નીમ્યા.
* ધાડપાડુઓ-ચાંચિયાઓનો ત્રાસ ઓછો કરવા ઉત્તર સરહદે સિંધના પ્રદેશ 'રહીમ કી બજાર'માં કિલ્લેબંધ થાણું સ્થાપ્યું.
* રાવ ખેંગારજીની આ મૂળભૂત સુરક્ષા અને વહીવટી વ્યવસ્થાનો ખરો લાભ એમના વંશજોને મળ્યો.

રાવ ખેંગારના ઉત્તરાધિકારી રાવ ભારમલે (ઈ. સ. ૧૫૮૫-૧૬૩૧) પિતાની વહીવટી નીતિનું અનુસરણ કર્યું. એમના કાર્યકાળ દરમિયાનની એક મહત્ત્વની ઘટના ઇતિહાસમૂલક છે. કચ્છના માંડવી-બંદરે હજયાત્રા માટેના પ્રવાસીઓને એમણે જકાત-રાહત તેમ જ મફત પ્રવાસની સુવિધા બક્ષી. પ્રતિભાવરૂપે મોગલ બાદશાહ જહાંગીરે (ઈ. સ. ૧૬૧૭માં) કચ્છને આપવી પડતી ખંડણીની, પાકો કરાર કરી, માફી બક્ષી, તેમ જ કચ્છરાજ્યની આંતરિક સ્વાયત્તતાની સ્વીકૃતિરૂપે કચ્છને એનું નોખું ચલણ (કોરી) ઢાળવાની પરવાનગી આપી.

રાવ ભારમલ પછી એમના પુત્ર ભોજરાજજીએ શ્રેષ્ઠી વર્ધમાન શાહની મદદથી મુન્દ્રા બંદર વસાવ્યું. મિયાણાઓનો ઉપદ્રવ નિયંત્રિત કર્યો. ધર્માદા જાગીરોનું બંધારણ ઘડ્યું.

રાવ ભારમલજી પછીનાં લગભગ સો વર્ષ-(૧૬૩૧-૧૭૧૮)ના સમય દરમિયાન વહીવટની દૃષ્ટિએ કોઈ વિશેષ બનાવની નોંધ નથી, તેવી 'કચ્છ ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર'માં નોંધ છે.

દેશરા પરમેસરા :

જાડેજાવંશના ઓગણીસમા શાસક રાવ દેશળજી(પ્રથમ)નો સમય (ઈ. સ. ૧૭૧૮-૪૧)રાજ-વહીવટની દૃષ્ટિએ મહત્ત્વનો સમય હતો. તેમના અમલ દરમિયાન રાજ્યતંત્ર જેવી કંઈક વહીવટી વ્યવસ્થાનો આરંભ થયો. રાજ્યના સર્વપ્રથમ દીવાન તરીકે મેતા ચત્રભુજ હતા.

* કચ્છ મોગલ બાદશાહને ખંડણી ભરતું નહોતું. આ વાત અમદાવાદના સૂબાઓને ખટકતી હતી. એટલે ખંડણી-વસૂલાત બહાને નવાબ કેશરખાન કચ્છનો અબડાસા વિસ્તાર ધમરોળી ગયો. રાવ ચેતી ગયા. એમણે ભુજમાં આલમપનાહ ગઢ અને ભુજિયા કિલ્લા પર લશ્કરી બંદોબસ્ત સુદૃઢ કર્યો. ઈ. સ. ૧૭૩૦માં શેરબુલંદખાન ચડી આવ્યો. રાવની અગમચેતી, એમની એક રાણીનું સ્ત્રીધન, મહાજનની સહાયતા, ભાયાતોની સૈન્ય-મદદ અને

એ બધું આયોજન કરનાર દેવકરણ શેઠની સૂઝબૂઝ થકી આક્રમકોને મારી હટાવ્યા.

* ૧૭૩૩ના અરસામાં માંડવી, મુંદ્રા, રાપર અને આધોઈમાં સુરક્ષાના હેતુથી ગઢ સ્થાપ્યા.
* કેશરખાન સાથેના આ યુદ્ધના અનુભવે રાવને 'આપાત્કાલીન ભંડોળ' ઊભું કરવાનો પણ વિચાર આવ્યો. દીવાનપદે દેવકરણ શેઠ હતા. એમણે એ અનુસાર વહીવટી પગલાં ભર્યાં.
* વણખેડાયેલી જમીન વાવેતર હેઠળ લાવવા ખેડૂતોને બિયારણ અને કરજ આપ્યાં.
* કર વસૂલાત વધારવા એજન્ટો નીમ્યા. હિસાબ-પદ્ધતિ દાખલ કરી.
* શ્રી હરેશ ધોળકિયા સંપાદિત પુસ્તક 'કચ્છ અને કચ્છીઓની અસલિયત'માં ઉલ્લેખ છે કે આ સમય દરમિયાન ખેતીસુધાર અને પિયત માટે ૧૬૪૯ નવા કૂવા બનાવાયા અને ૨૪૨ જૂના કૂવા મરામત કરાવાયા હતા.
* દરિયાઈ વેપાર સુરક્ષિત કરવા ચાંચિયાઓ પર નિયંત્રણ-હેતુ ઈ. સ. ૧૭૩૬માં ઓખામંડળમાં, બાલંભા તેમ જ રાયમાબજાર(સિંધ)માં કચ્છી ગઢ સ્થાપી સુરક્ષાવ્યવસ્થા સુદૃઢ કરી. સ્થળ વેપાર સુરક્ષા હેતુ સિંધ સરહદે પારકરમાં થાણું સ્થાપ્યું.
* દરબારી ખર્ચમાં કરકસર કરી. રાવ દેશળજીના પાટવી કુંવર લાખાના અંગત ખર્ચમાં પણ કાપ મુકાયો.

આમ, રાવ દેશળજી(પ્રથમ)ના કાર્યકાળ દરમિયાન સુરક્ષાર્થે દસ જેટલાં બાંધકામ થયાં, પ્રજાલક્ષી આર્થિક નીતિ અમલમાં આવી, રાજ્યની આવક વધીને બે કરોડ જેટલી થઈ, એવો 'બૉમ્બે પ્રેસિડેન્સી ગૅઝેટિયર'માં ઉલ્લેખ છે.

ઈ. સ. ૧૭૩૮માં દીવાન દેવકરણ શેઠનું ખૂન થયું. રાવ દેશળજી રાજસત્તાથી વિમુખ થયા. પાટવીકુંવર લાખા(લખપતજીએ) એના પિતા વતી શાસન સંભાળ્યું. રાજ-તિજોરીમાં ત્યારે રૂ. એક કરોડ જેટલી બચત હતી. લખપતજી(લાખા)એ પિતાના અવસાન બાદ ઈ. સ. ૧૭૫૨માં વિધિસર રાજ્યારોહણ કર્યું, ત્યારે ભુજમાં પોલીસ ચાવડીની દીવાલ પર તાંબાના પતરે પ્રજાજોગ જાહેરનામું જડાવ્યું જેની અક્ષરશઃ પ્રસ્તુતિ શ્રી શંભુદાન ગઢવીના પુસ્તક 'કચ્છ-દર્શન'ના પૃષ્ઠ ૧૧૧ પર છે. આ જાહેરનામું તત્સમયે રાજવહીવટ અંગે સંભવિત પ્રજામાનસનો પણ આભાસ કરાવે છે.

કચ્છની પ્રજાજોગ રાવ લખપતજીની બાંહેધરી :

"મહારાવ મિરજા, રાજા મહારાવશ્રી લખપતજી વચનાત, શ્રી ભુજ નગર તથા અંજાર તથા મુંદરા તથા લખપત બંદર તથા બસ્તા બંદર અને જખૌ બંદર તથા બીજા પરગણા સમસ્ત વેપારી તથા શાહુકાર સોદાગર તથા રૈયત જે કોઈ સમસ્ત જોગ. જત પ્રથમ તમને દેશદાણ ઘણો હતો, તે રાવશ્રી અમને દેશ ભળાવ્યો ત્યારે, અમે તમ ઉપરે મહેરબાન થઈ જે વાતમાં તમારી કચવાણ હતી તે સર્વે ટાળીને, તાંબાના પતરે માંડી દીધું છે. હવે તમે વેપાર વણજ તથા પોયરો પાક મોકળે મને કરજો. કોઈ વાતનો મુલાયજો કરશો મા. હવે વગર ગુને તમારું નામ કોઈ લેશે નહીં અને લેણાં-લેખાંની વાત હશે તે લેખે-ચોખે સમજાશે, તેમાંય કોઈ હરકત હેલો કરશે નહીં અને જો કોઈ માથે ગુનો-ખૂન આવ્યું તોપણ તેનું દરબારના અમીન બે માણસ તથા અમીન બે વેપારી એ ચાર માણસ ત્રેવડી દરબારને કહેશે તેમ દરબાર કરશે અને દરબારનું મોટું કામ પડે ત્યારે છોરુ જાણી વેપારી પાસે ઉધાર માગે તો તે પણ ચાર અમીન માણસ તેઓ કહે તેમ લેવું. પછી દાણ દપાણના ઠામમાંથી પેલું વાળી દેવું. આજ પછી રૈયતને ચબ ચોબે દંડ કર્યો, ઈને નામે દોકડો એક કોઈ પાસેથી લેવો નહીં તે માટે સંધી વાતે ખાતર જમે રાખી રોજગાર ખૂલે દીલે કરજો. આ લખ્યા પ્રમાણે અમારા વંશનો હોય તે પાળે, તેનો અમારો કોલ છે...

અષાઢ સુદ-૧, ગુરૂ સં. ૧૮૦૮ વર્ષે
પરવાનગી શ્રીમુખ હજૂર.....શ્રી....શ્રી...શ્રી..
મહારાવશ્રી શ્રી મિરઝા રાવશ્રી લખપતજી"

હુન્નર ઉદ્યોગને પ્રોત્સાહન :

રાવ લખપતજીના શાસન દરમિયાન રામસિંહ માલમના નિષ્ણાત નિર્દેશનમાં કળા-કારીગરી અને હુન્નર ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું. ટાઇલ્સ, કાચ, શસ્ત્રો (તોપ) આદિનાં કારખાનાં શરૂ થયાં. સોના-ચાંદીના કારીગરોને કળામય વસ્તુઓની તાલીમ મળી, કામ મળ્યું. રામસિંહ માલમ ભવન નિર્માણ કળાનો પણ માહિર હતો. લખપતજીનો આયનામહેલ એની સાક્ષી પૂરે છે.

દીવાનોની દુર્દશા :

સુદૃઢ પ્રશાસનના પાયામાં વહીવટ હોય છે. એના વહીવટકર્તાનું આગવું વજૂદ હોય છે. રાવ લખપતજી અને એમના ઉત્તરાધિકારી ગોડજી(બીજા)ના શાસન દરમિયાન આ પદનું ભારે અવમૂલ્યન થયું. એમના સમયમાં દીવાનની નિમણૂક અને બરતરફી માત્ર રાજ-તિજોરી છલકાવવાની દીવાનની ક્ષમતા પર નિર્ભર હતી. પરિણામે અનેક દીવાનો બદલાયા. એમની મિલકતો જપ્ત થઈ. કેટલાકનાં ખૂન પણ થયાં. એનાં વિપરીત પરિણામ સમસ્ત કચ્છની પ્રજાએ ભોગવ્યાં. જેમ કે રાવ લખપતજીએ પૂંજા શેઠને બે વખત દીવાનપદ આપ્યું અને છીનવી લીધું. વીફરેલા પૂંજા શેઠે રાવ ગોડજીના કાર્યકાળ દરમિયાન સિંધના ગુલામશા કલોરાને કચ્છ પર આક્રમણ માટે ઉશ્કેર્યો. પરિણામે ઝારાનું વિનાશક યુદ્ધ થયું. અંદાજે ૨૦૦૦૦ કચ્છી યુવાનો કુરબાન થયા. વધુમાં કલોરાએ સિંધુનદીની કોરી શાખાના કચ્છ તરફ વહેણ આડો 'અલીબંધ' ઊભો કર્યો. ચોખાની મબલક ઊપજ આપતી લખપતની ધરતી પાણીના અભાવે સુકાઈ ગઈ. કચ્છને પ્રતિવર્ષ સરેરાશ આઠ લાખ કોરીની ઊપજ ઓછી થઈ. રશબ્રુક વિલિયમ્સના પુસ્તક 'બ્લૅક હિલ્સ, કચ્છ ઇન હિસ્ટ્રી ઍન્ડ લિજેન્ડ'માં રાવ ગોડજી (બીજા)ના શાસન દરમિયાન વીસ દીવાનોની હત્યા થયાનો ઉલ્લેખ છે.

કચ્છમાં આંતરવિગ્રહ :

રાવ રાયધણજી(બીજા)ના શાસન(ઈ. સ. ૧૭૭૯-૧૮૧૪)ના પ્રારંભે એમના મુસ્લિમ અંગરક્ષકોએ તત્સમયે કચ્છના બાહોશ અને પ્રામાણિક દીવાન દેવચંદ શેઠ અને એના ત્રણ ભાઈઓ જેઓ રાપર, અંજાર અને મુન્દ્રાનો વહીવટ સંભાળતા હતા તેમનાં ખૂન કરાવ્યાં, મિલકતો જપ્ત કરાવી. રાવ કેટલાક ધર્માંધ મુસ્લિમોની કઠપૂતળી બની ગયા. મહાજન-પ્રભાવિત અંજાર અને માંડવીને બાદ કરતાં કચ્છમાં સર્વત્ર વહીવટી કટોકટી સર્જાઈ. પ્રાંતીય સૂબાઓ સ્વચ્છંદી થયા. ભાયાતો વીફર્યા. લોકોના જાનમાલની કોઈ જાળવણી ન રહી... તેથી હિજરત શરૂ થઈ. અંજારના મેઘજી શેઠે કેટલાક અગ્રણીઓની ઇચ્છાથી રાવના નાના ભાઈ પૃથ્વીરાજસિંહના નામે બારભાયા વહીવટી તંત્ર ગોઠવ્યું. ત્યાર બાદ જમાદાર ફતેહમામદે બંડખોર તત્ત્વો અને ચાંચિયા લૂંટારાઓ વિરુદ્ધ કડક હાથે કામ લીધું. જમાદારની કાર્યરીતિથી ભાયાતો અને ગરાસદારોને એમની 'સ્વાયત્તતા' હણાવાનો ભય લાગ્યો.

સમસ્ત હિન્દ પર બ્રિટિશ સલ્તનતનું સ્વામિત્વ સ્થાપવા અગ્રસર કંપની સરકારને સિંધ તેમ જ ઉત્તર-પશ્ચિમ સરહદો સર કરવાનું હજી બાકી હતું, બલકે એમના આધિપત્ય હેઠળના ગુજરાત-સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ત્યાંની સત્તાઓ કચ્છ વાટે ઉત્પાત કરાવે તેવો એમને ભય હતો. કચ્છનું માંડવીબંદર પણ એમની નજરમાં હતું. એટલે બ્રિટિશ કંપની સરકારે કચ્છની અંધાધૂંધ સ્થિતિનો લાભ ઉઠાવવા ઓગણીસમી સદીના આરંભે જ પગપેસારો કર્યો. પ્રથમ ૧૮૦૨માં કચ્છના મતિભ્રમ રાવ રાયધણ અને ફતેહમામદ જમાદાર તેમજ ભાયાતો સાથે વાટાઘાટો શરૂ કરી. બહાનું હતું, સિંધ અને કચ્છના ચાંચિયાઓ, લૂંટારાઓનો કંપની સરકારના તાબાના ગુજરાત-સૌરાષ્ટ્ર-વિસ્તારમાં ઉપદ્રવ. કચ્છરાજ્યને એમણે ચીમકી આપી કે લૂંટારાઓને આશ્રય આપવાને બદલે ઝબ્બે કરે, અન્યથા કંપની સરકાર કચ્છ વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી કરવા બાધ્ય થશે. કંપની સરકારે કચ્છના ભાયાતોને એમની 'સ્વાયત્તતા'ની દુહાઈ દઈ એમનો સાથ લીધો. ઈ. સ. ૧૮૧૪માં રાવ રાયધણ અને

જમાદાર ફતેહમામદનું અવસાન થયું. રાવ ભારમલ બીજાએ વહીવટ વ્યવસ્થિત કરવા પ્રયાસ કર્યા, પરંતુ કંપની સરકારે ગરાસદારોને પડખે રાખી લશ્કરી ઉપાયો અજમાવ્યા. રાવની સ્થિતિ કફોડી થઈ. કચ્છના કેટલાક રાજપુરુષોને સમસ્ત કચ્છમાં બ્રિટિશ સત્તાનું આગમન અનિવાર્ય હોવાનો આભાસ થઈ ગયો.

૧૮૧૯માં કંપની સરકારે કેટલાક ભાયાતોને સાથે રાખી ભુજ મધ્યે લશ્કરી કાર્યવાહી કરી. રાવ ભારમલને અટકમાં લીધા. રાજ્યવહીવટ ચલાવવા બ્રિટિશ રેસિડન્ટના અધ્યક્ષપદે ભાયાતો સહિત પાંચ સભ્યોની રિજન્સી કાઉન્સિલની રચના કરી. ભાયાતોની સલાહથી ગાદીવારસ તરીકે રાવ ભારમલ(બીજા)ના સગીર પુત્ર દેશળજીને ૯-૪-૧૮૧૯ના રોજ જાહેર કર્યો. કંપની સરકારની કચ્છમાં સત્તા હસ્તગત કરવાની પ્રક્રિયા અંગે સર જોન માલ્કમની ઈ. સ. ૧૮૩૦ની મિનિટ્સમાં કચ્છ 'રેસિડેન્સી' માટે એમણે લખ્યું છે, 'Warder of the border' જે બ્રિટિશ કંપનીના કચ્છ પર કબજો જમાવવાના એક મહત્ત્વના કારણનું સૂચક છે.

કચ્છરાજ્ય સાથે કંપની સરકારના કરાર :

ઈ. સ. ૧૮૧૯ પછી ૧૮૩૨ અને ૧૮૩૪માં કચ્છરાજ્ય સાથે કંપની સરકારના કોલકરાર થયા. ૧૮૧૯ના મૂળ કરાર વહીવટી દૃષ્ટિએ મહત્ત્વના છે, જેનો વિસ્તૃત ઉલ્લેખ સ્વ. દેવચંદ ધરમશી શેઠિયાના પુસ્તક 'કચ્છમાં અંગ્રેજોનું આગમન'માં છે. (પૃષ્ઠ ૨૭, પરિશિષ્ટ-૧.) તેમાંની કેટલીક વહીવટી દૃષ્ટિએ કાયમી મહત્ત્વ ધરાવતી કલમોનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે. (કૌંસમાં મૂળ કલમનો ક્રમ આપ્યો છે.)

૧. જાડેજા ભાયાતો રાવ શ્રી ભારમલજીને પદભ્રષ્ટ કરી બ્રિટિશ ચોકી નીચે અટકમાં રાખવા સર્વાનુમતે સંમતિ આપે છે.

(મૂ. ક. ૨નો સંક્ષેપ)

૨. ભારમલજીના સગીર કુંવરને કચ્છના કાયદેસરના રાજ્યકર્તા તરીકે કંપની સરકાર સ્વીકૃતિ આપે છે.

(મૂ. ક. ૩)

૩. સગીર રાજ્યકર્તા શાસન સંભાળવા ઉંમરલાયક ન થાય ત્યાં સુધી વહીવટ સંભાળવા બ્રિટિશ સરકારની બાંહેધરી સાથે નિમ્નલિખિત સભ્યોના અધિકૃત કારોબારી મંડળની ઉભયપક્ષે સંમતિ છે; (૧) જાડેજા વિજયરાજજી સુમરી રોહા, (૨) જાડેજા પૃથ્વીરાજજી નાગ્રેચા, (૩) રાજગોર ઓધવજી હરભાઈ, (૪) મહેતા લક્ષ્મીદાસ વલ્લભજી, (૫) ખત્રી રતનશી જેઠાણી, (૬) તે વખતના બ્રિટિશ રેસિડન્ટ.

(મૂ. ક. ૪)

૪. કચ્છરાજ્યની સલામતી હેતુ કચ્છરાજ્યને ખર્ચે બ્રિટિશ લશ્કર રાખવું. તેને આવશ્યકતા મુજબ ઘટાડવાની અથવા કચ્છની રક્ષણક્ષમતા વિકસે ત્યારે હટાવી દેવાની સત્તા કચ્છરાજ્ય હસ્તક રહેશે.

(મૂ. ક. ૬નો સંક્ષેપ)

૫. કચ્છ સરકાર સિંધી, આરબ અથવા કોઈ પણ પરદેશી વેપારીને પોતાના મુલકમાં રહેવાની રજા આપશે નહીં તેમ જ કંપની સરકારની મંજૂરી વગર કચ્છના વતની ન હોય તેવા કોઈ સૈનિકને કચ્છ દરબાર બોલાવશે નહીં.

(મૂ. ક. ૮)

૬. યુરોપ, અમેરિકા, એશિયાના અથવા કોઈ પણ પરદેશીના વહાણને કચ્છના મુલકમાં લશ્કરી સાધનો ઉતારવાની પરવાનગી કચ્છ દરબાર નહીં આપે. કંપની સરકાર કચ્છરાજ્યને આવાં સાધનો વાજબી ભાવે પૂરાં પાડવા બંધાય છે.

(મૂ. ક. ૯)

૭. રાવશ્રી અને તેમના વંશવારસ કચ્છના કુલમુખત્યાર છે અને તે દેશમાં બ્રિટિશ સરકારના દીવાની અને ફોજદારી ન્યાયાધિકાર દાખલ કરવામાં નહીં આવે. રાવશ્રી તેમ જ જાડેજા ભાયાતોની કૌટુંબિક બાબતોમાં કંપની સરકાર પોતાની સત્તા નહીં ચલાવે.

૮. બ્રિટિશ સરકારની મંજૂરી વગર રાવશ્રી, તેમના વારસ અથવા વંશજ કોઈ પણ સૂબા અથવા રાજા સાથે વાટાઘાટમાં ઊતરશે નહીં.

૯. રાવશ્રી તેમના વારસ અને વંશજ કોઈ પણ સૂબા અથવા રાજા ઉપર ચઢાઈ કરશે નહીં અને તેઓને અચાનક કોઈ પણ સૂબા અથવા રાજા સાથે ઝઘડો થશે તો તેનો નિકાલ કરવા માટે તે બાબત કંપની સરકારના લવાદ સમક્ષ રજૂ કરવામાં આવશે.

(ભૂ. ક. ૧૨-૧૩નો સંક્ષેપ)

૧૦. કચ્છનાં બધાં બંદરો પર બધાં બ્રિટિશ વહાણો આવી શકશે. તે જ પ્રમાણે કચ્છનાં બધાં વહાણો માટે બ્રિટિશનાં બધાં બંદરો ખુલ્લાં રહેશે.

(ભૂ. ક. ૧૫)

૧૧. કચ્છરાજ્યની સંમતિથી જાડેજા ભાયાતો તથા કચ્છ અને વાગડના બધા સૂબા તેઓની જાગીરનો ભોગવટો કરી શકશે એવી જુદાજુદા લેખથી બ્રિટિશ સરકાર બાંહેધરી આપે છે.

(ભૂ. ક. ૧૬)

૧૨. કંપની સરકારની ખાસ સૂચનાથી રાવશ્રી અને તેમના વંશવારસ તેઓના કુટુંબમાંથી બાળ-હિંસાનો રિવાજ નાબૂદ કરવાનું વચન આપે છે અને કચ્છમાં ભાયાતોનાં કુટુંબોમાંથી પણ આ રિવાજ દૂર કરવામાં તેઓ કંપની સરકાર સાથે જોડાવાનું વચન આપે છે.

(ભૂ. ક. ૧૭)

૧૩. કલમ-૧૬ના મુદ્દા પ્રમાણેના જાડેજા ભાયાતોની તરફેણના બાંહેધરીના કરારનો અમલ કરતાં પહેલાં તેઓ લેખિત કબૂલાત આપશે કે તેઓ બાળહિંસાના રિવાજ પ્રમાણે નહીં વર્તે અને જો કોઈ માણસ એ રિવાજ મુજબ બાળહિંસા કરશે તો તે અપરાધી ગણાશે અને કચ્છ દરબાર અને કંપની સરકાર જે જાતની સજા ઠરાવે તે ભોગવવી પડશે.

(ભૂ. ક. ૧૮)

૧૪. બ્રિટિશ રેસિડેન્સી અથવા તેનો મદદનીશ ભુજમાં રહેશે. કચ્છ સરકાર તેના પ્રત્યે યોગ્ય માનથી વર્તશે.

(ભૂ. ક. ૧૯)

૧૫. કંપની સરકારના લશ્કરના ઉપયોગ માટેનો બધો માલ રાહદારી જકાત આપ્યા વગર રાવશ્રીના મુલકમાંથી પસાર થઈ શકશે.

(ભૂ. ક. ૨૦)

૧૮૧૯માં ઑક્ટોબરની ૧૩મી તારીખે ભુજ મુકામે આ કરાર કરવામાં આવ્યા હતા, જેને ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલે ૪ ડિસેમ્બર, ૧૮૧૯ના રોજ મંજૂર રાખ્યા હતા.

૧૮૧૯માં રાવ ભારમલ પદભ્રષ્ટ થયા ત્યારથી લઈને ૧૯૪૮માં કચ્છ સ્વતંત્ર ભારતનું અંગ બન્યું ત્યાં સુધીમાં કચ્છનું શાસન જાડેજાવંશના ક્રમશઃ પાંચ રાજવીઓએ સંભાળ્યું. તેઓશ્રી પ્રજાવત્સલ હતા. એમને ઉચ્ચતમ રાજકીય શિક્ષણ મળ્યું હતું. એમના શાસનના દોઢ સૈકાના કાર્યકાળ દરમિયાન કેટલાક વહીવટકર્તાઓ પણ કુશળ હતા, પરંતુ અંગ્રેજી હકૂમતની છદ્મ શોષણનીતિ, ઉપરાંત પ્રાકૃતિક આપત્તિઓ, દુષ્કાળ (૧૫૦ વર્ષમાં ૩૦ દુષ્કાળ), અછત, અતિવૃષ્ટિ, તીડ, ઉંદર, લાર્ક, વંદા આદિ દ્વારા કૃષિ ઊપજનો નાશ, પ્લેગ, કૉલેરા, મેલેરિયા, શીતળા જેવી મહામારીઓના ઉપદ્રવો વગેરે મહત્તમ ઉત્પાતનાં કારણો રહ્યાં. રાજ્યની આવકના સ્રોતો સીમિત હતા. કચ્છથી બહાર વસતા કચ્છી શ્રેષ્ઠીઓની ઉદાર સખાવતોથી થોડી રાહત હતી, પરંતુ સદીઓથી રાષ્ટ્રની મૂળ ધારાઓથી વિખૂટા પડેલા આ પ્રદેશના લોકજીવનની ગુણવત્તા પર પ્રભાવી હકારાત્મક અસર કરે તેવી ગતિશીલ વિકાસપ્રક્રિયા માટે ઉપયુક્ત સમય કદાચ પાક્યો નહોતો અને સંસાધનો પણ સીમિત હતાં. તેમ છતાં આ સમય દરમિયાન રાજવહીવટ મહદંશે પ્રજાલક્ષી રહ્યો.

સર જોન બર્ન્સ એની કચ્છની ૧૮૨૪-૨૮ની મિનિટ્સમાં નોંધે છે કે 'લોકોની સ્થિતિ સામાન્ય થઈ

રહી હતી. સામાન્ય સંજોગોમાં પ્રદેશમાં પાંચ લાખ જેટલી વસ્તીનો અંદાજ હતો. અબડાસા સમૃદ્ધ હતું. વાગડની સ્થિતિ ખરાબ હતી. ખડીરના માલધારીઓની સ્થિતિ સુધરી રહી હતી. તેઓ વર્ષે સરેરાશ ૮૦૦-૮૫૦ મણ ઘીની નિકાસ કરતા હતા. બન્નીથી દરરોજ ૧૨૦-૧૬૦ રતલ માખણ બહાર જતું હતું.'

ઓગણીસમી સદીની મધ્યાવધિએ કચ્છની કૃષિલાયક જમીન આશરે ૧૪.૫૦ લાખ એકર હતી, જેમાંની છ લાખ ખાલસા (એટલે કે દરબારી રાવળા) અને ૮.૫૦ લાખ ભાયાતી ગરાસદારોની હતી. ૧૮૫૨માં કચ્છની જનસંખ્યા અંદાજ મુજબ ૪,૦૯,૫૨૧ હતી. કચ્છમાં કુલ આબાદીવાળાં ગામો ૮૫૧ હતાં, જેમાંનાં ૨૯૩ ખાલસા, ૪૩૪ ભાયાતી અને ૧૨૩ ધર્માદા દાનોડી હતાં.

ઈ. સ. ૧૮૫૨માં કચ્છની વાર્ષિક મહેસૂલી આવક સાડાબાર લાખ રૂપિયા હતી, જેમાંથી સાડા-સાત લાખ દરબારની અને સાડાચાર લાખ ભાયાતોની હતી. અન્ય ગરાસોની આવક ૪૬ હજાર હતી. દરબારની આવકના મુખ્ય સ્રોત જમીનમહેસૂલ, કસ્ટમ, ટ્રાન્ઝીટ ડ્યૂટી, કસબાવેરા, પશુધનવેચાણ, દંડ અને ઇનામો હતાં.

રાવ દેશળજી(બીજા)ના શાસન દરમિયાન વહીવટ :

રાવ ખેંગારજી(પ્રથમ)એ કચ્છના સમસ્ત પ્રદેશ, આધોઈ પરગણું, ઓખામંડળનો કચ્છી ગઢ, સિંધના વિરાવલ, પારકર, 'રહીમકી બજાર' તેમ જ બાલંભા સહિત વિસ્તાર પર એકહથ્થુ અને એકસૂત્રી શાસન સ્થાપિત કર્યું હતું. ત્યારથી બે સૈકા દરમિયાન પ્રદેશનો વહીવટ મહદંશે વ્યવસ્થિત રહ્યો. તે પછીનાં સિત્તેર વર્ષ દરમિયાન રાજવહીવટ અરાજકતાની હદ સુધી વણસતો ગયો.

રિજન્સીએ શાસન સંભાળ્યું ત્યારે એમની પ્રાથમિકતા વહીવટી માળખું સુદૃઢ કરવાની હતી. એટલે સમસ્ત પ્રદેશનું તાલુકાઓમાં વિભાજન કર્યું. પ્રશાસન-વ્યવહાર, જે અત્યાર સુધી મૌખિક હતો તેને 'લેખિત' કર્યો. મહેસૂલ, દીવાની ન્યાય અને પોલીસતંત્ર, નાણાં-ખાતું અને ભંડાર વિભાગો અલગ કર્યાં. ગામવાર પત્રકો રખાયાં. જનસંખ્યા આદિના પ્રથમવાર અંદાજો કરાયા.

રિજન્સીનું બીજું અગત્યનું કામ લૂંટારાઓનો ત્રાસ ઓછો કરવાનું હતું. વાગડના કેટલાક નાના ગરાસિયાઓના ગરાસ / જમીનો વિભિન્ન કારણે રાજ દ્વારા અગાઉ જપ્ત થયેલાં. આ ગરાસિયાઓ લૂંટફાટ કરતા હતા. રિજન્સીએ એમને એમના ગામગરાસ પાછા અપાવી શાંત કર્યા. લૂંટફાટ ઘટી એટલે કેટલેક અંશે આમ જનજીવન અને વ્યાપાર-વ્યવહાર સુરક્ષિત થયાં.

કૃષિ માટે તત્કાલ પગલાંરૂપે ખેડૂતોને 'ઊધડ ભોગ' ઠેરવી પાંચ વર્ષ માટે જમીનો અપાઈ. ૧૮૮૦થી જમીનમાપણીનું કામ શરૂ થયું. ખેડૂતોને કૃષિસુધાર-કામ માટે તગાવી લોનની પણ વ્યવસ્થા થઈ. અગાઉ જમીનમહેસૂલ ભાગબટાઈથી વસૂલ થતી. એને બદલે એની રસમ ઠેરવવામાં આવી, જે પ્રમાણે મહેસૂલના દર જમીનનો કસ, વરસાદ, જળપ્રબંધ અને ખેડૂતની વ્યક્તિગત શાખ આધારે નક્કી થયા. જોકે ભાયાતો તો એમના ખેડૂતો પાસેથી મુન્સફી મુજબ જ લગાન વસૂલ કરતા. ખેડૂતોને લગાન ઉપરાંત અનેક પ્રકારના 'લાગા' પણ આપવાના રહેતા. જેમ કે ઘોડાવેરો, ઊપજવેરો, કાંગરી, ચોકીદાર, રોકડ ચોકી, વરાડ, શેઢાવેરો અને ધર્માદાવેરો આદિ. ધારક હક્કો ન ધરાવતા ખેડૂતો પાસેથી દંડ લેવામાં આવતો. અગાઉ મહેસૂલની વસૂલાત ફાર્મિંગ સિસ્ટમ મુજબ થતી. અગાઉની મહેસૂલવસૂલાતની પદ્ધતિ મુજબ ખેડૂત પાક તૈયાર થયે 'ધ્રુ'ને અને 'ધ્રુ' વહીવટદારને જાણ કરે, જે વિઝિટની તારીખ આપે. હવાલદારની દેખરેખ નીચે લણણી થાય. પસાયતો લણેલા ઢગલા પર નજર રાખે. પછી નિયત દિવસે અમલદારોની હાજરીમાં ખેડૂત પાકના બધા ભાગ અલગ કરે. વહીવટદાર રાજભાગ પસંદ કરે. તત્સમયે વેચાય તો ઠીક નહીં તો રાજભાગ ગ્રેનરીમાં જમા થાય.

૧૮૭૭માં રિજન્સી કાઉન્સિલે ખાતાકીય પગારદાર કર્મચારીઓની સિસ્ટમ દાખલ કરી. રાજ્ય-સ્તરે રેવન્યૂ કમિશનર, એના તાબામાં વિભાગીય આસિસ્ટન્ટ અને તાલુકાસ્તરે વહીવટદાર નિયુક્ત થયા. ગ્રામ્ય સ્તરે ધ્રુ (તલાટી), પસાયતા અને હવાલદાર હતા, જેમને અગાઉ ઊપજના ભાગના ધોરણે દરમાયો મળતો. એમનો પણ પગાર મુકરર થયો.

સાંતીની પાંતી :

જાડેજાવંશની પરંપરા અનુસાર, એક રાજાના અવસાન પછી એના કાયદેસરના વારસને ગાદી મળે ત્યારે એણે સદ્‌ગત રાજાના બધા વારસદારોને ગામ-ગરાસ પાંતીએ આપવાના રહેતા. ત્યાર બાદ ભાયાતોએ પણ એ જ રીતે વંશાનુગત જમીન-જાગીરની પાંતી કરવાની રહેતી. ક્યારેક તો એવા એક ગરાસની સાઠથી વધુ પાંતીઓ થાય. પરિણામે કચ્છની કુલ કૃષિલાયક જમીન પેઢી દર પેઢી નાના ટુકડાઓમાં વહેંચાતી ગઈ, આર્થિક રીતે અક્ષમ થઈ ગઈ. સીમાંત ખેડૂતો કરજદાર થયા. પરિણામે કચ્છની ખેતી અણવિકસિત રહી. સાંતીની પાંતીની આ પ્રથા વિશે રશબ્રુક વિલિયમ્સ એમના પુસ્તક 'બ્લૅક હિલ્સ'માં લખે છે કે "…. partition of landed property among numerous heirs – a process, which has already reached a stage at which, each son's share could be carried on the point of his spear..."

રાવ દેશળજીના સમયના વિશેષ ઠરાવો :

ગુલામીનાબૂદી અંગે કચ્છની રિજન્સી દ્વારા ૧૮૧૯માં વિદેશ વસતા કચ્છી ધનિકોને પણ અપીલો કરવામાં આવી હતી, ૧૮૩૪માં ગુલામી નાબૂદી અંગે ઠરાવો પણ થયા. પરંતુ ગુલામીપ્રથા પર ખરી રોક - રાવશ્રી પ્રાગમલજીએ ૧૮૬૯માં ઠરાવ પસાર કર્યો કે વિદેશમાં વસતા કચ્છી ધનિકો જો ગુલામીપ્રથા બંધ નહીં કરે તો એમની કચ્છની મિલકતો જપ્ત થશે. કચ્છ અને કચ્છીઓમાં તેમજ વૈશ્વિક સ્તરે એની હકારાત્મક અસર થઈ. ગુલામીપ્રથા નાબૂદ થઈ. જાડેજાઓમાં પ્રચલિત બેટીહત્યાપ્રથાને ગેરકાયદેસર ઠરાવતો આદેશ રાવશ્રીએ ૧૮૪૧માં આપ્યો. જાડેજા કોમમાં જન્મનોંધ ફરજિયાત કરી. એની દેખરેખ માટે મહેતા નિમાયા. બેટીહત્યાના ગુના માટે દંડની સજા મુકરર થઈ. આ દંડની રકમનું ભંડોળ બનાવાયું, જેમાંથી ગરીબ ગરાસદારોને એમની પુત્રીઓનાં લગ્નના ખર્ચ પેટે અનુદાન આપવાનું ઠરાવાયું. રાવ દેશળજીએ 'સતીપ્રથા' પર નાબૂદી માટે પણ પ્રયાસો કર્યા હતા અને ૧૮૭૫ સુધીમાં એ પ્રથા પણ કચ્છમાંથી લગભગ નાબૂદ થઈ ગઈ હતી.

બ્રિટિશ ગૅરંટીનું ગ્રહણ :

રાવ દેશળજીની અને એમના પછીના રાજવીઓના વહીવટમાં સૌથી મોટી અડચણકર્તા, બ્રિટિશ રાજે ભાયાતોને બક્ષેલી એમની 'સમૂળી સ્વાયત્તતા'ની ગૅરંટી હતી. એને લીધે રાવ માટે 'આધોઈ એન્કલેવ'નો પ્રશ્ન લાંબા ગાળા સુધી ગૂંચવાયેલો રહ્યો. આ અંગે લુમ્સડનના અધ્યક્ષપદે નિમાયેલા કમિશને કચ્છ વિરુદ્ધ નિર્ણય આપ્યો. લુમ્સડને તો રાવનાં ભાયાતી ગામો પરના દરબારના મહેસૂલી અને કાયદાકીય હક્કો અંગે પણ પ્રશ્નો ઊભા કરી દીધા હતા, પરંતુ લુમ્સડન જ્યારે પૉલિટિકલ એજન્ટ બન્યા ત્યારે એમને વાસ્તવિકતા સમજાઈ. ત્યારે એમણે લખ્યું, "...partition of jurisdiction between the Maharao and Bhayyat would speedily lead to anarchy, unless modified circumstances." મહારાવે ૧૮૪૯માં ૧૮૩૪ના કરારની એને લગતી કલમને પડકારેલી. દરબારના ભાયાતોની મિલકતો પર જપ્તીનો અધિકાર પણ વિવાદ પછી જ કબૂલ રહ્યો.

મહારાવશ્રી પ્રાગમલજીના કાર્યકાળ દરમિયાન વહીવટ :

રાવ પ્રાગમલજીએ એમના પિતાએ અપનાવેલી નીતિ ચુસ્તપણે અમલમાં મૂકી ભાયાતી ઇલાકામાં

દરબારની ઉચિત કારણોસર દખલ વધારી. બ્રિટિશ હકૂમતને ગૅરંટી-હોલ્ડરોના હક્કો એમના દરજ્જા અનુસાર વિભાજિત કરવાની ફરજ પાડી. આ અંગે મહારાવશ્રીએ એમનો કેસ રજૂ કરવા દીવાન શહાબુદ્દીનને લંડન મોકલ્યા હતા. પરિણામે "Bhayyat Settlement of ૧૮૭૫" દ્વારા વિવાદની સમજૂતી થઈ. યોગ્યતાના આધારે અધિકારની સંકીર્ણ વ્યવસ્થા થઈ જે કચ્છમાં જાડેજા શાસનના અંત સુધી રહી.

* એમના કાર્યકાળ દરમિયાન અન્ય મહત્ત્વનાં વહીવટી પગલાંમાં ન્યાય, પોલીસ, રેવન્યૂ અને મ્યુનિસિપલ વહીવટ અંગે ૧૮૬૯માં સ્વામી આનંદ મારફતે બંધારણ ઘડાયાં તેમ જ અધિકારીઓના માર્ગદર્શન હેતુ નિયમો ઘડાયા. તે મુજબ સિવિલ અને ક્રિમિનલ કોર્ટોની શરૂઆત થઈ. તેના શિરસ્તા નામે આધારો નક્કી કરી તેની સત્તાવાર ચોપડીઓ રાજ્ય તરફથી તૈયાર થઈ. વકીલાત માટે સનદો આપવાનું શરૂ કરાયું. તે સમયથી કચ્છરાજ્યની હકૂમતના કેસો અંગે કચ્છ રાજ્યની કોર્ટ ઉપરાંત ભાયાતો અને હકૂમત અંગેનાં કામો અને કેસો માટે જાડેજા કોર્ટ જુદી થઈ. આ પ્રથા સને ૧૯૪૮ સુધી ચાલુ રહી.
* ગૅઝેટિયરમાં એવો ઉલ્લેખ છે કે સને ૧૮૫૪ પહેલાં કચ્છમાં કોઈ પોલીસ-વ્યવસ્થા નહોતી. ૧૮૫૪થી વાગડના ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પૉલિટિકલ એજન્ટ હેઠળ પોલીસ બંદોબસ્તની શરૂઆત થઈ. એની ભલામણથી ૧૮૭૨માં આ વ્યવસ્થા માટે સ્પેશિયલ ઑફિસરની નિમણૂક કરવામાં આવી, જેના અનુસંધાને ગામેગામ પોલીસપટેલો અને પસાયતા નિમાયા.

૧૮૮૪ના વહીવટી અહેવાલ મુજબ કચ્છનું પોલીસતંત્ર નીચે મુજબ હતું :

તંત્રના વડા પોલીસ કમિશનર, તેના તાબામાં ૨૮૧ આરબ સહિત કુલ ૮૮૫નું પોલીસદળ હતું. તેમાં ઘોડેસવાર પોલીસ ૨૦૩નું અને પાયદળ પોલીસ ૪૦૧નું હતું. તેનો વાર્ષિક ખર્ચ રૂ. ૯૩૧૮૫-૧૨ આના થતો. તદુપરાંત થોડીઘણી ફોજદારી હકૂમત ધરાવતા ગરાસિયા (જમીનદારો) પોતાની હકૂમતનાં ગામો પૂરતી પોલીસ-વ્યવસ્થા રાખતા હતા.

* એમના સમય દરમિયાન માંડવીના બંદરે એડવર્ડ 'બ્રેકવૉટર વે' બન્યો.
* શિક્ષણ અને સ્વાસ્થ્યની પ્રવૃત્તિઓનો વિકાસ થયો. કસ્ટમ અને રેવન્યૂ આવક વધી. દરબારી આવક જે ૧૮૫૨-૫૩માં રૂ. ૭.૧૫ લાખ હતી તે વધીને ૧૪.૮૦ લાખ થઈ, જેમાં મોટો હિસ્સો કસ્ટમનો હતો.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (૧૮૭૬-૧૯૪૨) :

મહારાવશ્રી જ્યારે ગાદીનશીન થયા ત્યારે તેમની વય દસ વર્ષની હતી. એટલે રિજન્સી (એડમિનિસ્ટ્રેટીવ કાઉન્સિલ) નીમવામાં આવી, જેમાં ભાયાત સભ્યો ઉપરાંત પ્રતિષ્ઠિત વ્યાપારી સભ્ય અને દીવાન મણિભાઈ જશભાઈ મંત્રી હતા.

કાઉન્સિલે સર્વપ્રથમ સમગ્ર વિસ્તારનાં સાત સબડિવિઝન કર્યાં. પ્રત્યેક ડિવિઝન પર જ્યુડિશિયલ અને રેવન્યૂ ઑફિસર નીમ્યા. કચ્છની ભૂસંપદા અંગે સર્વેક્ષણ શરૂ કરાયું.

મહારાવશ્રીએ ૧૮ વર્ષની વયે દીવાન મણિભાઈ જશભાઈની મદદથી કાર્યભાર ગ્રહણ કર્યો.

૧૮૭૨ની વસતીગણતરી અનુસાર કચ્છની વસતી ૧૦૧૯ ગામોમાં સરેરાશ ૩૮૮ની જનસંખ્યા હતી. એમના કાર્યકાળ દરમિયાન :

* ગૅરંટી-હોલ્ડર્સની દીવાની અને ફોજદારી સત્તાની મર્યાદા નક્કી થઈ.
* જાહેર બાંધકામો શરૂ થયાં, જેમાં ખેંગારસાગર ડેમ મુખ્ય છે.
* તુણા-અંજાર અને પછી અંજાર-ભુજ, ભચાઉ, તુણા સુધી રેલવેલાઇનનો વિસ્તાર થયો.
* ટેલિકૉમ્યુનિકેશનનો પ્રારંભ થયો.
* કંડલા પૉર્ટના વિકાસ માટે સર્વે થયો. ૧૯૩૦માં કંડલા કસ્ટમ ઑફિસ શરૂ થઈ તેમ જ કંડલા માટે

પાણીની વ્યવસ્થા વીડી અને શિણાયથી કરવાનું આયોજન થયું.

* ફોરેસ્ટ ઑફિસ શરૂ થઈ. સુરક્ષિત જંગલ વિસ્તારો રખાલો બની.
* શાળાઓ અને દવાખાનાઓની સંખ્યામાં સારી એવી વૃદ્ધિ થઈ.
* આર્ટ સ્કૂલની સ્થાપના થઈ.
* ૫૯,૦૦૦ એકર જમીન નવસાધ્ય થઈ.
* દુષ્કાળ દરમિયાન દોઢ કરોડનાં રાહતકામો થયાં, જેમાં ૨૦૦૦ નવા કૂવાઓ ખાણેત્રા આદિ તેમ જ રસ્તા અને પુલ પાપડીનાં કામો થયાં.
* વ્યાપારવિકાસ માટે કસ્ટમ ટેરિફ ઘટાડી.
* દરબારી રેવન્યૂ ૨૦ લાખ થઈ અને જમીન-મહેસૂલમાં ૨૦% વૃદ્ધિ થઈ.
* વાર્ષિક વહીવટી રિપૉર્ટ પ્રકાશિત કરવાનું શરૂ થયું.
* દેશી શિરસ્તા સંગ્રહનું પ્રકાશન થયું.
* ઓપિયમ અને સ્ટૅમ્પ રજિસ્ટ્રેશન ઍક્ટ લાગુ કર્યા.

બ્રિટિશ હકૂમતે ૧૮૮૫માં દેશના કોઈ પણ ભાગમાં મીઠાની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો, જેને લીધે કચ્છને ઘણું નુકસાન ભોગવવું પડ્યું હતું. એ ઓછું હોય તેમ અંગ્રેજી હકૂમતે મીઠા પર કરવેરો લાદ્યો. એના વિરોધમાં મણિભાઈએ દીવાનપદેથી રાજીનામું આપ્યું.

મહારાવશ્રીએ આધોઈ એન્ક્લેવ અંગેના મોરબી સાથેના વિવાદનો ઉચિત નિકાલ લાવવા બ્રિટિશ હકૂમત સમક્ષ ખૂબ જ રજૂઆતો કરેલી, પરંતુ બ્રિટિશ હકૂમતે નીમેલા મિ. આર. એફ. કેનેડી નામના નિષ્ણાતે અંતિમ નિર્ણય મોરબીના હક્કમાં કર્યો.

મહારાવશ્રીએ ઇન્ડિયન કસ્ટમ્સ યુનિયનમાં જોડાવાનો છેવટ સુધી ઇન્કાર કર્યો. આ માટે મહારાવે નીમેલી કમિટીમાં મનુ સુબેદાર (અર્થશાસ્ત્રી), ડૉ. જાદવજી હંસરાજ અને દીવાન સૂર્યશંકર હતા. તેમણે કસ્ટમ યુનિયનમાં જોડાવાની ભલામણ કરી તેના પર ચર્ચા માટે અંજારના કરાંચી રહેતા ડુંગરશી ધરમશી સંપટ, માંડવીના કલ્યાણજી ધનજી, ભુજના ટોકરશી પીતાંબરવાળા તેમ જ અંજારના કાંતિપ્રસાદ અંતાણીને બોલાવ્યા. ચર્ચા દરમિયાન મહારાવશ્રીએ એમનો મત વ્યક્ત કર્યો કે કસ્ટમ જોડાણથી રાજ્યને કસ્ટમનો અને કાબેલ વેપારીઓને વ્યાપારવૃદ્ધિનો લાભ થશે, પરંતુ સામાન્ય પ્રજાને વધુ કર ભરવો પડશે. રાજ્યની ઊપજ ખાતર જૂની રસમ કરતાં પ્રજા પાસેથી વધારે રકમ લેવાનું એમને યોગ્ય લાગતું નથી – આમ કહી તેમણે કસ્ટમ જોડાણની ભલામણ નકારી દીધી.

મહારાવશ્રી વિજયરાજજી (૧૯૪૨-૧૯૪૮) :

આ મહારાવશ્રીએ બહુ મોટી વયે સત્તા સંભાળી. એમણે ૧૯૪૩-૪૪માં ભાયાતોના ભૂમિહક્કો અંગે તપાસ કરાવી. પરિણામે બ્રિટિશ હકૂમતના ૧૪ જાગીરોના વહીવટી હક્કો રદ થયા. મહારાવશ્રીએ ઉપયોગી વહીવટી સુધારા કર્યા. ઉપરાંત ઇરિગેશન સ્કીમનું વિસ્તરણ કર્યું. ૧૯૪૫માં કચ્છનાં સાતે શહેરોના આંતરિક વહીવટમાં લોકપ્રતિનિધિત્વ ધરાવતી નગરસભાઓની રચના કરી. ૧૯૪૭ના ભાગલા પછી કચ્છ આવેલા નિર્વાસિતો માટે ગાંધીધામ વસાવવા જમીન આપી તેમ જ આવશ્યક વહીવટી સહયોગ આપ્યો.

મહારાવશ્રી મદનસિંહજી (૧૯૪૮) :

રાવ ખેંગાર(પ્રથમ)ના સત્તરમા વંશજ મહારાવશ્રી મદનસિંહજીને ફાળે કચ્છને સ્વાતંત્ર્ય બક્ષવાનું પુણ્ય હતું, જે ફરજ એમણે ખૂબ જ ઉદારતાપૂર્વક અને ખેલદિલીથી અદા કરી. મદનસિંહજીએ એમના શાસનકાળ દરમિયાન ભાયાતો તેમ જ ચકરાતી ગામગરાસો પરનાં લેણાં માફ કર્યાં.

ભારત સરકારે પણ એમની વિશિષ્ટ હોદ્દા (dignity)ને અનુરૂપ કચ્છના જોડાણખતમાં મહારાવશ્રીને એમના મેરીટાઇમ હક્કો જાળવવાની અને અભ્યાસ માટે વિદેશી ચલણ ફાળવવાની બાંહેધરી આપી હતી.

જાડેજા શાસનના અંતિમ સૈકા દરમિયાન વિકસિત કચ્છરાજ્યનું વહીવટી માળખું :

ખાનગી ખાતું :

શ્રી હજૂરની સીધી હકૂમત હેઠળ :

* સર્વોચ્ચ અધિકારી, પ્રાઇવેટ સેક્રેટરી
  – રેલવે ખાતું - મૅનેજર હસ્તક.
  – મોટર અને સ્ટીમર ખાતું - સુપરિન્ટેન્ડેન્ટ દીવાનની દેખરેખ હેઠળ (શ્રીહજૂર નિર્ધારિત સત્તા)
* પૉલિટિકલ એફેયર્સ
* ન્યાયખાતું
* મહેસૂલી ખાતું
* અંગ્રેજી ખાતું

આંતરિક વ્યવહાર દીવાનની સહીથી થતો. પરરાજ્ય સાથેના પત્રવ્યવહારમાં ડાબે પડખે દીવાનની અને જમણે પડખે હજૂરશ્રીની સહી થતી.

૧. પૉલિટિકલ ખાતું :

ગરાસિયા જાગીરદારો અને ગૅરંટી-ધારકો પૈકી કોઈ સગીર હોય અથવા અન્ય કારણોસર દરબારી મૅનેજમેન્ટ હેઠળ હોય તો તેની સીધી દેખરેખ :

* ભાયાતો અને જાગીરદારો સાથેનો પત્રવ્યવહાર.
* ઇન્ફન્ટીસાઈડ-પ્રતિબંધ : ભાયાતો પર દેખરેખ.
* પ્લેગ આદિ રોગ-નિયંત્રણ-વ્યવસ્થા.

૨. ન્યાયખાતું

ભાયાતી વિભાગ :

ગૅરંટીદાર ભાયાતો, જાગીરદારો અને અન્ય ગૅરન્ટી-હોલ્ડરોના કેસોનો આ વિભાગ હેઠળ નિકાલ થતો. એના માટે નાયબ દીવાનના અધ્યક્ષપદે ત્રણ જાડેજા ભાયાતોની સમિતિ ધરાવતી 'જાડેજા કોર્ટ' હતી.

ખાલસા ખાતું : વરિષ્ઠ કોર્ટ સર્વોપરી

* તાલુકા કોર્ટો : ભુજ, માંડવી, અંજાર, મુન્દ્રા, બિટ્ટા, ભચાઉ અને રાપર.
* થાણદારી : ખડીર, ખાવડા, નખત્રાણા અને લખપત.
* જેલ ખાતું : અધિકારી, જેલ સુપરિન્ટેન્ડેન્ટ.
* નાઝીર ખાતું : નાઝીર.

પોલીસતંત્ર :

અધિકારી : પોલીસ કમિશનર અને એટેચી ટુ પોલીસ કમિશનર, વૉટર પોલીસ, અફીણ ખાતાના ઇન્સ્પેક્ટર અને ભુજ રસાલદાર, હેડ ક્વાર્ટર ફોજદાર અને તેમનાથી ઊતરતી કક્ષાના અમલદારો, જમાદાર, હવાલદાર અને નાયક રહેતા. એમની નીચે વર્ગ ૧, ૨, ૩ના સિપાઈઓ રહેતા.

તાલુકા પોલીસ વહીવટ :

અધિકારી : પોલીસ કમિશનર

વિભાગ : ૧. વાગડ, ૨. અબડાસા, ૩. કંઠી

* વાગડ વિભાગ ઇન્સ્પેક્ટરની દેખરેખ હેઠળ ચાર ફોજદારો.
  (૧. સરહદ, ૨. રાપર, ૩. ભચાઉ, ૪. ખડીર)
* અબડાસા વિભાગ ઇન્સ્પેક્ટરની દેખરેખ હેઠળ ફોજદારો.
  (૧. નલિયા, ૨. નખત્રાણા, ૩. અબડાસા, ૪. નખત્રાણા)
* કંઠી વિભાગ ઇન્સ્પેક્ટરની દેખરેખ હેઠળ ફોજદારો.
  (૧. ભુજ સિટી ડિસ્ટ્રિક્ટ, ૨. માંડવી, ૩. મુન્દ્રા, ૪. અંજાર)

પ્રત્યેક તાલુકામાં નિશ્ચિત અંતરે થાણા પર જરૂર પ્રમાણે સવારો અને પાઇલટ પોલીસ રહેતી.

૩. મહેસૂલ ખાતું

– સર્વોચ્ચ અધિકારી : રેવન્યૂ કમિશનર

– એમના હાથ નીચે : આસિસ્ટન્ટ રેવન્યૂ કમિશનર, નાયબ રેવન્યૂ કમિશનર, તેમના તાબામાં નીચેના ખાતાઓનો વહીવટ રહેતો :

૧. રજિસ્ટ્રેશન : વહાણો વગેરેની કોલ-નોંધણી.
૨. ચિઠ્ઠી ખાતું : સરભરા ખાતાનો વહીવટ.
૩. બક્ષી ખાતું : રાજની શિરબંધી વ્યવસ્થા, આરબ સિપાહીઓની દેખરેખ, કચેરી ગોઠવણી આદિ. (મહેસૂલ વિભાગ હેઠળ હોવા છતાં આ ખાતાનો સીધો વ્યવહાર દીવાન તથા શ્રીહજૂર સમક્ષ રહેતો.)

૪. કોઠાર : રાજ્યને જોઈતા માલ-પુરવઠાની દેખરેખ.

૫. ઘોડાર : રાજ્યના ઘોડા, હાથી આદિની દેખરેખ.

૬. માપણી : જમીનની મોજણીનું કામ.

૭. ખેતીવાડી : ખેતીની ઉન્નતિ માટેના ઉપાયો.

૮. દફ્તર : રાજ્યના સમસ્ત દફ્તરની જાળવણીનું કામ.

તદુપરાંત રેવન્યૂ કમિશનરની સીધી દેખરેખ હેઠળ નીચે મુજબ તાલુકા વહીવટ હતો. તાલુકાઓના વહીવટ માટે ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, ભચાઉ, અબડાસા અને જખૌમાં વહીવટદારો હતા તેમ જ નખત્રાણા, ખડીર અને ખાવડા માટે થાણેદારો હતા.

વહીવટદારોની કચેરી તાલુકા મુખ્ય મથકે હતી. તેમના પેટામાં હિસાબી અને મહેસૂલી એમ બે વિભાગો હતા અને તેમના મદદનીશ તરીકે તજવીજદારો રહેતા. (તજવીજદાર સર્કલ ઇન્સ્પેક્ટર) હસ્તે તાલુકાનાં જુદાં-જુદાં ગામોનો વહીવટ ગામના ધ્રુવ મારફતે થતો. ધ્રુવના તાબા નીચે એક કે તેથી વધુ ગામો રહેતાં. વહીવટદારો તાલુકાના મુખ્ય શહેરની નગરપાલિકાના પ્રમુખ કહેવાતા. માંડવીમાં આસિસ્ટન્ટ વહીવટદારનું સદર સ્ટેશન ગઢસીસા હતું.

ધર્માદા જાગીરના કોઈ અધિકારીઓના અવસાન સબબ ખાલી પડતી જગ્યાઓમાં તથા કોઈ અન્ય કારણે બેદરિયાફ ધર્માદા જાગીર અને મિલકતોના ગાર્ડિયન તરીકેનું મૅનેજમેન્ટ પણ આ ખાતા દ્વારા થતું.

આ ઉપરાંત કસ્ટમ ખાતું પણ રેવન્યૂ કમિશનરના તાબામાં રહેતું અને તેનું કામ કસ્ટમ દારોગા મારફત લેવાતું. માંડવી, અંજાર, મુન્દ્રા, ભુજ અને જખૌમાં કસ્ટમ દરોગા હતા, જ્યારે લખપત, ભચાઉ, રાપર, નખત્રાણા, ખાવડા, ખડીર, અન્ય તાલુકાનાં મુખ્ય શહેરો કે જ્યાં પગવટ આયાત-નિકાસની જકાતના ઇજારા ન અપાયા હોય ત્યાં ખાસ પેટા-ધ્રુવો રાખી કામ લેવાતું. પહેલાં પાંચ શહેરોમાં જળવટ અને પગવટ આયાત-નિકાસ પર જકાત લેવાનું કામ કસ્ટમ દારોગા કરતા. દરબારનાં સદાવ્રતોની વ્યવસ્થા પણ એમના હાથમાં હતી. દરબારના લાગાઓ પણ દારોગાઓ જ ઉઘરાવતા. માંડવીમાં આસિસ્ટંટ કસ્ટમ દારોગા રહેતા. અંજારના કસ્ટમ દારોગાના તાબામાં તુણા અને ખારીરોહરમાં કસ્ટમની વસૂલી ધ્રુવ મારફત થતી. કોટવાલી ખાતું માત્ર ભુજમાં જ હતું.

૪. અંગ્રેજી ખાતું

આ ખાતાનો વહીવટ દીવાનની સીધી સત્તા નીચે, ખાસ નીમવામાં આવતા મહેતાજી મારફત થતો.

કચ્છ રાજ્યના અમલ દરમિયાનના સ્ટેમ્પ પેપર અને હૂંડી

કચ્છ રાજ્યનો સ્ટેમ્પ એક્ટ ઈ.સ. ૧૮૮૨માં અમલમાં આવ્યો. સ્ટેમ્પ પેપર ૧/૪ કોરીથી લઈને ૫૦૦ કોરી સુધીના છપાતા.

કચ્છી દેશી શિરસ્તા સંગ્રહના ૯મા ભાગમાં 'હૂંડી'ની વ્યાખ્યા અપાયેલી છે, જે વ્યાપારીઓ અરસપરસના નાણા વ્યવહારમાં ઉપયોગ કરતા.

સ્ટેમ્પ પેપર











પરિશિષ્ટ – III

KUTCH DARBARI GAZETTE

BHOOJ

COURAGE AND CONFIDENCE

કચ્છ રાજ્ય પત્ર.

PUBLISHED BY AUTHORITY.

VOL. 36] JUNE 30th TUESDAY 1908. [No. 1

પુસ્તક ૩૬.] અશાડ શુદિ ૨ સોમવાર સંવત્ ૧૯૬૪—તા૦ ૩૦મી જુન સન ૧૯૦૮. [અંક ૧

સુચના.

આ ગેઝેટનો અગાઉ આપવાની કીંમત વરસ ૧ નો એ આષાઢ સુદિ ૩ થી તે ભાદ્રવા સુદિ ૨ સુધી ભરે તો બાહેરના ગ્રાહકોપાસેથી ટપાલ ખર્ચ સાથે આ વર્ષની (રૂ. ૩॥) કોરી ૧૫ અને ભુજના ગ્રાહકો પાસેથી આ વર્ષની કોરી ૧૨ મુદ્દત વીત્યા પછી ભરે તો તેની પાસેથી બમણું લવાજમ વસુલ લેવામાં આવશે.

દરેક પ્રતની .... કોરી ૧

જાહેર ખબરનો ભાવ કોરી ૧ની લીટી ૪ તથા બીજીવાર તેનું તેજ છપાવે તો તેથી અર્ધું અયોગ્ય લખાણ છાપવામાં નહિ આવે.

આ રાજ્ય પત્રમાં જે જે વિષયો, જાહેર ખબર વગેરે છાપવા માટે આવે તે સાફ અને શુદ્ધ અક્ષરથી લખેલું નહિ હોય, તો તે પાછું મોકલવામાં આવશે.

જાહેર ખબર.

નંબર ૧૨૨૬.

નામદાર સરકારનાં દરિયાઇ ખાતાં સંબંધની જાહેર ખબરો મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ બહાદુર ગારફુને આવી તે સૌની માહિતી માટે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવેછે.

જેઠ વદિ ૫ ગુરૂવાર સંવત ૧૯૬૪.

ચુનીલાલ સારાભાઇ,

દીવાન કચ્છ.

૨૦. સ્વાતંત્ર્યોત્તર કચ્છનો રાજકીય ઇતિહાસ

હરેશ ધોળકિયા
નરેશ અંતાણી

પૂર્વભૂમિકા :

૧૯૪૮ના માર્ચમાં કચ્છની રાજ્યગાદી પર મહારાવ મદનસિંહજી બેઠા. તેમનો સમય કચ્છ અને ભારતમાં ઊથલપાથલનો હતો. અંગ્રેજોએ ભારતને સ્વાતંત્ર્ય આપી દીધું હતું. દેશના ભાગલા પડી ચૂક્યા હતા. કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાની વાટાઘાટો ચાલતી હતી. ત્યારે મદનસિંહજીએ લૉર્ડ માઉન્ટબેટનને કચ્છ બાબતે રજૂઆત કરી કે તે સરહદી વિસ્તાર છે અને તેના આગવા પ્રશ્નો છે, એટલે તેને સૌરાષ્ટ્ર સાથે જોડવાને બદલે કેન્દ્ર સાથે સંલગ્ન રાખવું જોઈએ. તેમણે તત્કાલીન ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલને પણ આ હકીકતથી વાકેફ કર્યા. બન્ને મહારાવની માગણીઓ સાથે સંમત થયા.

'ક' વર્ગનું રાજ્ય :

કચ્છની રાજકીય વ્યવસ્થાના મુખ્યત્વે ચાર તબક્કા ગણાવી શકાય. તેમાં દેશી રાજ્ય અંગે આ ગ્રંથનાં અન્ય પ્રકરણોમાં વિગતે વાત કરાઈ છે. આ પછીના ત્રણ તબક્કાઓમાં 'ક' વર્ગનું રાજ્ય, દ્વિભાષી મુંબઈ રાજ્ય તથા ગુજરાત રાજ્યના એક ભાગનો સમાવેશ થાય છે.

કચ્છનું ભારત સંઘના એક ભાગ તરીકે વિલીનીકરણ તા. ૦૧-૦૬-૧૯૪૮ના કરાયું અને ધારાસભા વિનાના 'ક' વર્ગના એક રાજ્યનો દરજ્જો અપાયો. આ દિવસે ચીફ કમિશનર સી. કે. દેસાઈએ ભુજના ઉમેદભુવનમાં ત્રિરંગો લહેરાવ્યો. શ્રી દેસાઈ ૧૦-૦૮-૧૯૫૧ સુધી રહ્યા. આ પછી શ્રી એસ. એ. ઘાટગે આ પદ પર આવ્યા અને છેક ૩૧-૧૦-૧૯૫૬ સુધી રહ્યા. ચીફ કમિશનરને વહીવટમાં સલાહસૂચનો આપવા કેન્દ્ર સરકારે એક ખાસ સલાહકાર સમિતિની રચના કરી હતી, જેમાં ગુલાબશંકર ધોળકિયા, રણછોડભાઈ નાથાભાઈ, કૃષ્ણદાસ પંજવાણી, પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર, ભવાનજી અરજણ ખીમજી, કાંતિપ્રસાદ અંતાણી તથા ખીમજી માંડણ ભુજપુરિયાનો સમાવેશ કરાયો હતો.

બૃહદ્ મુંબઈ રાજ્ય :

આ પછી તા. ૦૧-૧૧-૧૯૫૬ના બૃહદ્ મુંબઈ રાજ્યની રચના કરાતાં કચ્છનો 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મિટાવી તેનો બૃહદ્ મુંબઈ રાજ્યમાં સમાવેશ કરાયો અને કચ્છને મુંબઈ વિધાનસભામાં ૮ તથા વિધાનપરિષદ માટે એક બેઠક ફાળવવામાં આવી. આ કારણે રાજ્યનું મુખ્ય મથક મુંબઈ હોવાથી અને કચ્છ ભૌગોલિક રીતે અટૂલું હોવાથી કચ્છના પ્રશ્નો ઉકેલવામાં ખૂબ જ મુશ્કેલીઓ અને ગૂંચવણો અનુભવાતી હતી. સ્થાનિક પ્રાદેશિક વહીવટ રાજકોટ-કક્ષાએ હોવાથી પ્રાંતની રીતે પણ અનેક સવાલો ઉપસ્થિત થવા લાગ્યા. કચ્છની પ્રાદેશિક પરિસ્થિતિ અને સમસ્યાઓથી તદ્દન અજાણ અમલદારોને કારણે સફળતા પ્રવર્તકની કામગીરી બજાવી શકાઈ નહીં, પરિણામે આ સમયગાળામાં કચ્છની પ્રજામાં ઉષ્મા અને આનંદમાં કમી જોવામાં આવી. આ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં મહાગુજરાતની ચળવળનો આરંભ થયો. પરિણામે દ્વિભાષી રાજ્યમાં ભાવાત્મક એકતાનો અભાવ જણાતાં મુંબઈ રાજ્યનું વિભાજન કરાયું. ગુજરાત રાજ્યની સ્વતંત્ર રચના કરાતાં તા. ૦૧-૦૫-૧૯૬૦થી કચ્છ પણ ગુજરાત રાજ્યમાં સામેલ થયું અને ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યું. આ સમયે કચ્છને ગુજરાત વિધાનસભામાં પાંચ ધારાસભ્યો અપાયા.

ગુજરાત રાજ્યનો જિલ્લો કચ્છ :

તા. ૦૧-૦૫-૧૯૬૦થી કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બની રહ્યું છે. એ સમયે કચ્છને નવ તાલુકાઓમાં વિભાજિત કરાયું. આ પછીના આ અડધા સૈકામાં કચ્છે અનેક ચડતીપડતી જોઈ છે. ૧૯૯૭માં ગુજરાત રાજ્યના ૧૯માંથી ૨૫ જિલ્લાઓની રચના કરાતાં તાલુકાઓમાં પણ ફેરફાર કરાયા અને કચ્છમાં ગાંધીધામને એક નવા તાલુકાનો દરજ્જો આપવામાં આવતાં કચ્છના દશ તાલુકાઓ બન્યા.

જિલ્લા પંચાયતની રચના :

ઈ. સ. ૧૯૬૧માં ગુજરાતમાં નવો પંચાયત ધારો પસાર કરાતાં સમગ્ર રાજ્યમાં તા. ૦૧-૦૪-૧૯૬૩થી અને કચ્છમાં તા. ૧૫-૦૪-૧૯૬૩થી ત્રિસ્તરીય પંચાયતી રાજનો અમલ કરાયો. જિલ્લા લૉકલ બોર્ડનું વિસર્જન કરાયું અને સ્વતંત્ર કચ્છ જિલ્લા પંચાયત અમલમાં આવી.

કેન્દ્રસ્તરે કચ્છનું પ્રતિનિધિત્વ :

કેન્દ્રસ્તરે સંસદમાં લોકસભા તથા રાજ્યસભામાં સીધી તથા આડકતરી ચૂંટણીઓ થતી રહી છે. લોકસભામાં કુલ પંદર ચૂંટણીઓ થઈ છે. તેમાં દરેક ચૂંટણીમાં કચ્છનું પ્રતિનિધિત્વ આ રીતે રહ્યું છે.

(અ) લોકસભા :

પ્રથમ ચૂંટણી – ૧૯૫૨ :

બે બેઠકો હતી : પૂર્વ કચ્છ, પશ્ચિમ કચ્છ.

* પૂર્વ કચ્છ : ગુલાબશંકર ધોળકિયા (કૉંગ્રેસ)
* પશ્ચિમ કચ્છ : ભવાનજી અરજણ ખીમજી (કૉંગ્રેસ).

બીજી ચૂંટણી – ૧૯૫૭ :

આ ચૂંટણીથી કચ્છની એક બેઠક થઈ ગઈ. ભવાનજી અરજણ ખીમજી (કૉંગ્રેસ).

ત્રીજી ચૂંટણી – ૧૯૬૨ :

હિંમતસિંહજી જાડેજા (સ્વતંત્ર પક્ષ)

ચોથી ચૂંટણી – ૧૯૬૭ :

તુલસીદાસ શેઠ (કૉંગ્રેસ)

પાંચમી ચૂંટણી – ૧૯૭૧ :

ડૉ. મહીપત મહેતા (ઇન્દિરા કૉંગ્રેસ)

છઠ્ઠી ચૂંટણી – ૧૯૭૭ :

અનંત દવે (જનતા પક્ષ)

સાતમી ચૂંટણી – ૧૯૮૦ :

ડૉ. મહીપત મહેતા (કૉંગ્રેસ)

આઠમી ચૂંટણી – ૧૯૮૪ :

ઉષાબહેન ઠક્કર (કૉંગ્રેસ)

નવમી ચૂંટણી – ૧૯૮૯ :

બાબુલાલ શાહ (ભા. જ. પ.)

દસમી ચૂંટણી – ૧૯૯૧ :

હરિલાલ પટેલ (કૉંગ્રેસ)

અગિયારમી ચૂંટણી – ૧૯૯૬ :

પુષ્પદાન ગઢવી (ભા. જ. પ.)

બારમી ચૂંટણી – ૧૯૯૮ :

પુષ્પદાન ગઢવી (ભા. જ. પ.)

તેરમી ચૂંટણી – ૧૯૯૯ :

પુષ્પદાન ગઢવી (ભા. જ. પ.)

ચૌદમી ચૂંટણી – ૨૦૦૪ :

પુષ્પદાન ગઢવી (ભા. જ. પ.)

પંદરમી ચૂંટણી – ૨૦૧૦ :

પૂનમબહેન જાટ (ભા. જ. પ.)

રાજ્યસભામાં પ્રતિનિધિત્વ :

સ્વાતંત્ર્ય પછી રાજ્યસભાના સભ્ય તરીકે કચ્છના આ પ્રતિનિધિઓ ગયા છે :

પ્રેમજી ભવાનજી ઠક્કર (૧૯૫૨)
લવજી લખમશી ઠક્કર (૧૯૫૨-૬૦)
ડૉ. મહીપત મહેતા (૧૯૬૦-૬૬)
ડૉ. બિહારીલાલ અંતાણી (૧૯૬૬-૭૧)
કિશોર મહેતા (૧૯૮૧-૮૭)
અનંત દવે (૧૯૯૦-૨૦૦૨)
દિનેશ ત્રિવેદી (૨૦૦૯)

આ રીતે સ્વતંત્રતા પછી કુચ્છના કુલ ૨૩ પ્રતિનિધિઓ સંસદમાં ગયા છે.

રાજ્ય-સ્તરે કચ્છનું પ્રતિનિધિત્વ :

મુંબઈ રાજ્યમાં :

૧૯૫૬માં કચ્છને મુંબઈ રાજ્યનો એક જિલ્લો બનાવવામાં આવ્યું. ૧૯૫૬-૫૭ દરમિયાન ચૂંટણી પહેલાં કચ્છને આઠ બેઠકો વિધાનસભામાં અને એક બેઠક વિધાનપરિષદમાં આપવામાં આવેલ. તે પ્રમાણે આ ધારાસભ્યો ચૂંટાયા હતા. (તે બધા જ કોંગ્રેસના હતા.)

વિધાનસભા :

૧. પ્રેમજી ભવાનજી ઠક્કર (ભુજ)
૨. જમિયતરાય વૈદ્ય (ભુજ)
૩. પુરુષોત્તમ વરુ (અંજાર)
૪. જુગતરામ રાવળ (નખત્રાણા)
૫. મોતીલાલ શાહ (લાકડિયા-ભચાઉ)
૬. શિવજી શાહ (કોટાય-માંડવી)
૭. વાઘજી સોલંકી (મુન્દ્રા)
૮. જાદવજી ઠક્કર (રાપર)

વિધાનપરિષદ :

૧. કૃષ્ણદાસ પંજુઆણી (અબડાસા)

પ્રેમજીભાઈ ઠક્કર જાહેર બાંધકામ, રસ્તા અને મકાન વિભાગના નાયબ પ્રધાન બન્યા હતા.

ચૂંટણી – ૧૯૫૭ :

વિધાનસભામાં જીત્યા :

૧. કુંદનલાલ ધોળકિયા (ભુજ)
૨. ઝૂમખલાલ મહેતા (માંડવી)
૩. પ્રેમજી ભવાનજી ઠક્કર (અંજાર)
૪. જમિયતરાય વૈદ્ય (અબડાસા)
૫. ત્રિલોચના ધોળકિયા (વાગડ)

(બધા જ ઉમેદવારો કોંગ્રેસના.) પ્રેમજીભાઈ ઠક્કર જાહેર બાંધકામ, રસ્તા અને મકાન વિભાગના નાયબ પ્રધાન ચાલુ રહ્યા હતા.

ગુજરાત રાજ્યમાં :

પ્રથમ ચૂંટણી – ૧૯૬૨ :

વિજેતા ઉમેદવારો :

૧. ગુલાબશંકર ધોળકિયા (ભુજ)
૨. હિંમતસિંહજી (માંડવી)
૩. મૂળજી ઠક્કર (અંજાર)
૪. જાદવજી મોરબિયા (રાપર)
૫. માધવસિંહ જાડેજા (અબડાસા)

(બધા જ વિજેતા ઉમેદવારો સ્વતંત્ર પક્ષના.)

હિંમતસિંહજી લોકસભામાં પણ જીત્યા તેથી તેમણે પોતાની બેઠક ખાલી કરી. ફરી ચૂંટણી થઈ. તેમાં સ્વતંત્ર પક્ષના હરિરામ કોઠારી જીત્યા.

બીજી ચૂંટણી – ૧૯૬૭ :

વિજેતા ઉમેદવારો :

૧. ડૉ. મહીપત મહેતા (ભુજ – કોંગ્રેસ)
૨. ઝૂમખલાલ મહેતા (માંડવી – કોંગ્રેસ)
૩. નિર્મળા ગજવાણી (અંજાર – કોંગ્રેસ)
૪. પ્રેમજી ભવાનજી ઠક્કર (અબડાસા – કોંગ્રેસ)
૫. વીરજી દાફડા (મુન્દ્રા – સ્વતંત્ર)
૬. ભૂપેન્દ્રસિંહ જાડેજા (રાપર – સ્વતંત્ર)

આ વખતે પ્રેમજીભાઈ ઠક્કરને મહેસૂલખાતાના પ્રધાન બનાવવામાં આવ્યા.

ત્રીજી ચૂંટણી – ૧૯૭૨ :

વિજેતા ઉમેદવારો :

૧. રામજી રાઘવજી ઠક્કર (ભુજ – શાસક કોંગ્રેસ)
૨. ખીમજી જેશંગ (અંજાર – શાસક કોંગ્રેસ)
૩. મેઘજી મોથારિયા (મુન્દ્રા – શાસક કોંગ્રેસ)
૪. ડૉ.નૌશિર દસ્તૂર (માંડવી – શાસક કોંગ્રેસ)
૫. ખીમજી ના. પટેલ (અબડાસા – શાસક કોંગ્રેસ)
૬. પ્રેમચંદ મોરબિયા (રાપર – શાસક કોંગ્રેસ)

રામજી રાઘવજી ઠક્કર મહેસૂલ અને ઉદ્યોગ ખાતાના પ્રધાન બન્યા. ૧૯૭૨માં ડૉ. નૌશિર દસ્તૂરનું અવસાન થતાં પેટાચૂંટણીમાં શામજી કેનિયા (શાસક કોંગ્રેસ) ચૂંટાયા હતા.

ચોથી ચૂંટણી – ૧૯૭૫ :

વિજેતા ઉમેદવારો :

૧. કુંદનલાલ ધોળકિયા (ભુજ – જનતા મોરચો)

૨. પ્રેમજીભાઈ ઠક્કર (અંજાર – શાસક કોંગ્રેસ)

૩. સુરેશ મહેતા (માંડવી – જનતા મોરચો)

૪. મેઘજી મોથારિયા (મુન્દ્રા – શાસક કોંગ્રેસ)

૫. હરિલાલ પટેલ (રાપર – શાસક કોંગ્રેસ)

૬. મહેશ ઠક્કર (અબડાસા – શાસક કોંગ્રેસ)

૧૯૭૫માં અપવાદ : કુંદનલાલ સ્પીકર બન્યા.

ગુજરાતની સર્વપ્રથમ બિનકોંગ્રેસી સરકારની રચનાની સાથે જ કુંદનલાલ ધોળકિયા વિધાનસભાના સર્વપ્રથમ કચ્છી સ્પીકર બન્યા હતા.

પાછળથી સરકાર બદલાતાં માધવસિંહ સોલંકીની સરકારમાં હરિલાલ પટેલ ગૃહ અને નાગરિક પુરવઠાના પ્રધાન બનેલા.

૧૯૭૬માં પ્રેમજીભાઈ ઠક્કરનું અવસાન થતાં અંજાર બેઠક માટે પેટાચૂંટણી થઈ હતી. તેમાં જનતા પક્ષના ચંપકલાલ શાહ ચૂંટાયા હતા.

પાંચમી ચૂંટણી – ૧૯૮૦ :

વિજેતા ઉમેદવારો :

૧. મોહન શાહ (ભુજ – ઇન્દિરા કોંગ્રેસ)

૨. ખીમજી જેશંગ આહેર (અંજાર – ઇન્દિરા કોંગ્રેસ)

૩. જયકુમાર સંઘવી (માંડવી – ઇન્દિરા કોંગ્રેસ)

૪. વીરજી દાફડા (મુન્દ્રા – ઇન્દિરા કોંગ્રેસ)

૫. ખરાશંકર જોશી (અબડાસા – ઇન્દિરા કોંગ્રેસ)

૬. બાબુલાલ શાહ (રાપર – ભા. જ. પ.)

આ વખતે ખીમજી જેશંગ ખેતી અને વન ખાતાના નાયબ પ્રધાન બન્યા હતા.

છઠ્ઠી ચૂંટણી – ૧૯૮૫ :

વિજેતા ઉમેદવારો :

૧. કુમુદિની પંચોલી (ભુજ – કોંગ્રેસ)

૨. નવીન શાસ્ત્રી (અંજાર – કોંગ્રેસ)

૩. સુરેશ મહેતા (માંડવી – ભા. જ. પ.)

૪. વાલજી દનિચા (મુન્દ્રા – કોંગ્રેસ)

૫. કનુભા જાડેજા (અબડાસા – કોંગ્રેસ)

૬. હરિલાલ પટેલ (રાપર – કોંગ્રેસ)

આ વખતે નવીન શાસ્ત્રી શ્રમ અને રોજગાર ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન બન્યા.

સાતમી ચૂંટણી – ૧૯૯૦ :

વિજેતા ઉમેદવારો :

૧. પુષ્પદાન ગઢવી (ભુજ – ભા. જ. પ.)

૨. સુરેશ મહેતા (માંડવી – ભા. જ. પ.)

૩. નવીન શાસ્ત્રી (અંજાર – કોંગ્રેસ)

૪. પરબત સોધમ (મુન્દ્રા – ભા. જ. પ.)

૫. તારાચંદ છેડા (અબડાસા – ભા. જ. પ.)

૬. હરિલાલ પટેલ (રાપર – કોંગ્રેસ)

સુરેશ મહેતા ઉદ્યોગ મંત્રી બન્યા.

આ સમયે હરિલાલ પટેલ લોકસભામાં ચૂંટાતાં તેમની જગ્યા ખાલી પડી અને તેના પર ભા. જ. પ.ના બાબુલાલ શાહ ચૂંટાયા હતા.

આઠમી ચૂંટણી – ૧૯૯૫ :

વિજેતા ઉમેદવારો :

૧. મૂકેશ ઝવેરી (ભુજ – ભા. જ. પ.)

૨. સુરેશ મહેતા (માંડવી – ભા. જ. પ.)

૩. વાસણ આહીર (અંજાર – ભા. જ. પ.)

૪. પરબત સોધમ (મુન્દ્રા – ભા. જ. પ.)

૫. ડૉ. નીમાબહેન આચાર્ય (અબડાસા – કોંગ્રેસ)

૬. બાબુલાલ શાહ (રાપર – ભા. જ. પ.)

વિરલ અને ઐતિહાસિક તવારીખ :

સુરેશ મહેતા ઉદ્યોગમંત્રી બન્યા. પાછળથી કેશુભાઈ પટેલે રાજીનામું આપી દેતાં સુરેશ મહેતા મુખ્યપ્રધાન થયા હતા. તેમાં બાબુભાઈ શાહ નાયબ પ્રધાન બન્યા. કચ્છની તવારીખની આ વિરલ અને ઐતિહાસિક ઘટના હતી.

એક વર્ષ પછી શંકરસિંહ વાઘેલા મુખ્યમંત્રી થતાં સુરેશ મહેતાએ રાજીનામું આપ્યું. વાઘેલાના મંત્રી-મંડળમાં બાબુલાલ શાહ નાણાંમંત્રી બન્યા. આ વખતે કચ્છમાં નવા ગાંધીધામ તાલુકાની રચના થઈ.

નવમી ચૂંટણી – ૧૯૯૮ :

વિજેતા ઉમેદવારો :

૧. મૂકેશ ઝવેરી (ભુજ – ભા. જ. પ.)
૨. સુરેશ મહેતા (માંડવી – ભા. જ. પ.)
૩. વાસણ આહીર (અંજાર – ભા. જ. પ.)
૪. પરબત સોધમ (મુન્દ્રા – ભા. જ. પ.)
૫. ઇબ્રાહીમ મંધરા (અબડાસા – કૉંગ્રેસ)
૬. ધીરુભાઈ શાહ (રાપર – ભા. જ. પ.)

સુરેશ મહેતા ઉદ્યોગમંત્રી થયા અને ધીરુભાઈ શાહ વિધાનસભાના સ્પીકર બન્યા.

દસમી ચૂંટણી – ૨૦૦૨ :

વિજેતા ઉમેદવારો :

૧. શિવજી આહીર (ભુજ – કૉંગ્રેસ)
૨. છબીલદાસ પટેલ (માંડવી – કૉંગ્રેસ)
૩. ડૉ. નીમાબહેન આચાર્ય (અંજાર – કૉંગ્રેસ)
૪. ગોપાલ ધૂવા (મુન્દ્રા – ભા. જ. પ.)
૫. નરેન્દ્રસિંહ જાડેજા (અબડાસા – ભા. જ. પ.)
૬. બાબુભાઈ શાહ (રાપર – કૉંગ્રેસ)

અગિયારમી ચૂંટણી – ૨૦૦૭ :

વિજેતા ઉમેદવારો :

૧. વાસણ આહીર (ભુજ – ભા. જ. પ.)
૨. ધનજી સેંઘાણી (માંડવી – ભા. જ. પ.)
૩. નીમાબહેન આચાર્ય (અંજાર – ભા. જ. પ.)
૪. જયંતીભાઈ ભાનુશાલી (અબડાસા – ભા. જ. પ.)
૫. બાબુભાઈ શાહ (રાપર – કૉંગ્રેસ)
૬. રમેશ મહેશ્વરી (મુન્દ્રા – ભા. જ. પ.)

સ્થાનિક સ્તરે :

જિલ્લા લૉકલ બોર્ડ :

કચ્છ સ્વતંત્ર થયું પછી શરૂઆતના તબક્કામાં ૧૯૫૨માં જિલ્લા લૉકલ બોર્ડની રચના કરવામાં આવી હતી. તેના પ્રમુખ હીરજી કોટક હતા. બોર્ડ ૩૦ સભ્યોનું બનેલ હતું. ચાર સીટ અનામત ધોરણે હતી. તેમાં ૨૦ સીટ કૉંગ્રેસે જીતી હતી.

પંચાયત-વ્યવસ્થા :

૧૯૬૧માં ગુજરાત પંચાયત ધારો પસાર થયો ત્યારથી જિલ્લા લૉકલ બોર્ડ વિસર્જિત થયું. ૧૯૬૩થી કચ્છમાં પંચાયત-વ્યવસ્થા શરૂ થઈ. ત્યારથી દર પાંચ વર્ષે ચૂંટણીઓ થતી રહી. તેમાં આ પ્રમાણે પ્રમુખો ચૂંટાતા રહ્યા છે :

૧. કાન્તિપ્રસાદ અંતાણી	(કૉંગ્રેસ)	(૧૯૬૩-૬૮)
૨. મૂળશંકર ગોર	(કૉંગ્રેસ)	(૧૯૬૮-૭૪)
૩. જેઠમલ મઢૈયાર	(કૉંગ્રેસ)	(૧૯૭૬-૮૧)
૪. શિવદાસ પટેલ	(કૉંગ્રેસ)	(૧૯૮૧-૮૭)
૫. વેલજી બીજલ હુંબલ	(કૉંગ્રેસ)	(૧૯૮૭-૯૩)
૬. ગોપાલ ધૂવા	(ભા.જ.પ.)	(૧૯૯૫-૨૦૦૦)
૭. જાગૃતિબહેન શાહ		(૨૦૦૦-૦૫)
૮. જીવાભાઈ આહીર	(ભા.જ.પ.)	(૨૦૦૫-૧૦)
૯. ત્રિકમભાઈ આહીર	(ભા.જ.પ.)	(૨૦૧૦થી...)

કચ્છ વિકાસ બોર્ડ :

ગુજરાત રાજ્યની સ્થાપના અને તેના એક જિલ્લા તરીકે કચ્છને સ્થાન મળ્યા પછી પણ કચ્છની જનતા અને રાજકીય નેતાગીરીમાં એક પ્રકારનો અસંતોષ ધૂંધવાતો રહ્યો. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કચ્છનું સતત અવમૂલ્યન થતું હોવાની લાગણી પ્રવર્તતી હતી. એક પ્રદેશ જેટલા વિશાળ વિસ્તારની માવજત ગુજરાતના સાવ નાના જિલ્લાની સમાંતરે જ કરવામાં આવતી. કચ્છની રાજકીય નેતાગીરીને પણ પોતાનું અવમૂલ્યન કરાતું હોવાથી લાગણી થતી. આ અવમૂલ્યન સામે એક પ્રબળ અને વણથાક્યો અવાજ ડૉ. સ્વ. મહીપતરાય મહેતાએ સાંસદ તરીકે ઉઠાવ્યો અને આજીવન એકલવીર બનીને ભારતના બંધારણની કલમ ૩૭૧(૨)ની જોગવાઈ મુજબ કચ્છને સ્વાયત્ત વિકાસ બોર્ડ આપવા માટે કેન્દ્ર અને પોતાના જ કૉંગ્રેસ-પક્ષની રાજ્ય સરકારો સામે સંઘર્ષ કર્યો. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કચ્છને વિકાસ બોર્ડ આપવાની જાહેરાત કરી હતી પણ પાછળથી બાબુભાઈ જશભાઈ પટેલની રાજ્ય

સરકારની ભલામણથી મોરારજી દેસાઈના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે આ જાહેરાતને પાછી ખેંચી લીધી.

ખાવડા સત્યાગ્રહ :

ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા પછી કચ્છથી કાશ્મીર સુધીની સરહદ હંમેશાં અશાંત રહી છે. ૧૯૬૫ની ૯મી એપ્રિલે અચાનક પાકિસ્તાની દળોએ કચ્છના કંજરકોટ વિસ્તાર પર આક્રમણ કર્યું અને ભારત-પાકિસ્તાનનું યુદ્ધ છેડાયું જે દોઢ માસ સુધી ચાલ્યું. બ્રિટિશ દરમિયાનગીરી થકી યુદ્ધવિરામ થયો. આ પછી બન્ને દેશો વચ્ચે કરાર થયો જે 'કચ્છ કરાર' તરીકે જાણીતો બન્યો અને કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદ નક્કી કરવા ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી, જેણે રણના વિવાદાસ્પદ વિસ્તારમાંનો ૯૦ ટકા વિસ્તાર કચ્છનો અર્થાત્ ભારતનો હોવાનું ઠરાવ્યું, પરંતુ રણમાં ૩૦૦ કિલોમીટર જેટલો વિસ્તાર કે જે ભારતની હકૂમત નીચે હતો તેને પાકિસ્તાનનો હોવાનો ચુકાદો આપ્યો. તેમાં કંજરકોટ, છાડબેટ અને ધારબન્નીનો સમાવેશ થતો હતો. આ ચુકાદાનો ભારતમાં વિરોધ થયો અને આ પ્રદેશોને બચાવવા વિરોધપક્ષે સંસદ પણ ગજાવી – પણ કોઈ સફળતા ન મળતાં ૨૧મી એપ્રિલ, ૧૯૬૮માં કચ્છમાં રણની સરહદે સત્યાગ્રહ-લડતનાં મંડાણ થયાં જે ઇતિહાસમાં 'કચ્છ સત્યાગ્રહ' કે 'ખાવડા સત્યાગ્રહ' તરીકે ઓળખાય છે.

૨૧મી એપ્રિલે ભારતીય જનસંઘના પ્રમુખ હરિસિંહ ગોહિલની આગેવાની નીચે ખાવડાથી સત્યાગ્રહીઓની પ્રથમ ટુકડીએ પ્રસ્થાન કર્યું. આ સત્યાગ્રહ ૧૭ દિવસ ચાલ્યો જેમાં જનસંઘ, સંયુક્ત સમાજવાદી પક્ષ, પ્રજા સમાજવાદી પક્ષ તથા સ્વતંત્ર પક્ષના દિગ્ગજ નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ભાગ લીધો હતો. આ દિગ્ગજ નેતાઓમાં અટલબિહારી બાજપાઈ, મધુ લિમયે, જ્યોર્જ ફર્નાન્ડિઝ, રાજનારાયણ, નાથપાઈ, હેમ બરૂઆ, આરિફ બેગ, મદનલાલ ખુરાના, વી. જી. ગડકર, કેશુભાઈ પટેલ, સનત મહેતા, તુલસી બોડા ઉપરાંત સ્થાનિક આગેવાનો હિંમતસિંહજી, બિહારીલાલ અંતાણી, ગુલાબશંકર ધોળકિયા, પ્રાણલાલ શાહ, ફૂલશંકર પટ્ટણી, અમૃતપ્રસાદ અંતાણી અને જ્યોત્સ્નાબહેન પટ્ટણી વગેરેએ ભાગ લઈ ધરપકડ વહોરી હતી. આ સમયે કચ્છમાં પણ અભૂતપૂર્વ લોકજુવાળ જોવા મળ્યો હતો. અંદાજે બે હજાર સત્યાગ્રહીઓએ ધરપકડ વહોરી હતી, જેમાં આ અગ્રણીઓ ઉપરાંત કચ્છની શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ, મહિલાઓનો પણ સમાવેશ થતો હતો. ભુજની જેલ નાની પડતાં અમદાવાદ, ભાવનગર, રાજકોટ, જામનગરની જેલમાં સત્યાગ્રહીઓને મૂકવા પડ્યા હતા. જોકે આ સત્યાગ્રહ નિષ્ફળ નીવડ્યો, પરંતુ કચ્છની જનતામાં જાગૃતિ લાવવામાં તે સફળ રહ્યો તેવું જરૂર કહી શકાય.

સમાપન :

એકવીસમી સદીની શરૂઆતથી શરૂ થતા સમયનું રાજકીય સ્થિતિનું મૂલ્યાંકન કરીએ તો... ૨૦૦૧ના વર્ષની શરૂઆત કચ્છમાં ભયાનક ધરતીકંપથી થઈ. અર્ધા કચ્છને વ્યાપક નુકસાન થયું. આ ઘટનાએ કચ્છના રાજકીય નેતૃત્વને કસોટીએ ચડાવ્યું. સદ્‌ભાગ્યે, ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ રાહતકામ ઉપાડી લીધું. વૈશ્વિક સંસ્થાઓએ પણ તેમાં સાથ પુરાવ્યો.

ત્યારે સ્થાનિક રાજકીય નેતૃત્વની રાહતકામ સંદર્ભે કામગીરી સારી કરી, પણ કટોકટી સમયે જે નેતૃત્વ લેવું જોઈએ, તે લેવામાં સક્ષમ ન નીવડ્યું –

ભૂકંપે એક આડકતરો ફાયદો કર્યો. કેન્દ્ર સરકારે કચ્છને આર્થિક રીતે પગભર કરવા "ટૅક્સ હોલીડે" તથા ગુજરાત સરકારે સેલ્સટૅક્સમાં માફી જાહેર કરી. તેણે ઉદ્યોગોને કચ્છમાં આવવા આકર્ષ્યા. પરિણામે આર્થિક ગતિશીલતા આવી, રોજગારી ઊભી થઈ, લોકોમાં નવી ચેતના આવી, તેને પરિણામે આંતરમાળખામાં વિકાસ શરૂ થયો. દસકામાં કચ્છ ઊભું થઈ ગયું. કચ્છની પછાત સ્થિતિ અચાનક પલટાઈ ગઈ. ખેતી અને પશુપાલન સાથે હવે ઉદ્યોગો, પ્રવાસન, મનોરંજન વગેરે નવાં ક્ષેત્રો વિકસ્યાં છે. કચ્છનો નવો જ ચહેરો ઊભો થવા લાગ્યો છે.

પરિશિષ્ટ – I

કચ્છનું છેલ્લા એક હજાર વર્ષનું ઘટનાચક્ર

વર્ષ	ઘટના
• બારમી સદી	• જાડેજા વંશની સ્થાપના.
• ૧૧૪૭	• જામ લાખો ગાદી પર.
• ૧૪૧૦	• મુઝફ્ફર શાહનો વાગડ પર કબજો.
• ૧૫૯૦	• મોરબી જાગીર ખોઈ.
• ૧૬૦૫	• ભુજની સ્થાપના.
• ૧૬૧૭	• ભારમલજી જહાંગીરને મળ્યા.
• ૧૬૧૭	• કચ્છમાં 'કોરી'ની શરૂઆત.
• ૧૬૫૫	• મોગલ કુંવર દારા કચ્છમાં
• ૧૬૬૬	• શાહ મુરાદ કચ્છમાં.
• ૧૭૨૦	• દેવકરણ શેઠ દીવાન બન્યા.
• ૧૭૩૦	• શેર બુલંદખાનની કચ્છ પર ચડાઈ હાર્યો.
• ૧૭૩૮	• દેવકરણ શેઠનું ખૂન.
• ૧૭૪૧	• લખપતજીએ ગાદી ઝૂંટવી લીધી.
• ૧૭૬૨	• ઝારાનું યુદ્ધ.
• ૧૭૬૫	• પૂંજા શેઠને ઝેર અપાયું.
• ૧૭૭૫	• સરફરાઝખાને કચ્છ પર ચડાઈ કરી.
• ૧૭૮૬	• ફતેહમામદે સત્તા હાથમાં લીધી.
• ૧૭૮૮	• કચ્છમાં 'બારભાયા'ની સ્થાપના.
• ૧૮૦૯	• કર્નલ વૉકર ફતેહમામદનાં કરાર.
• ૧૮૧૩	• ફતેહમામદનું મૃત્યુ.
• ૧૮૧૬	• અંગ્રેજો તથા ભારમલજીના કરાર.
• ૧૮૧૯	• ભારમલજી અંગ્રેજો સામે હાર્યા.
• ૧૮૧૯	• કચ્છમાં ભયંકર ધરતીકંપ.
• ૧૮૨૦	• મેકમર્ડોનું અવસાન.
• ૧૮૩૪	• દેશળજી – અંગ્રેજો વચ્ચે કરાર.
• ૧૮૪૦	• બાળહત્યા પ્રથા અટકી.
• ૧૮૪૨	• આધોઈ મોરબીમાં ગણાયું.
• ૧૮૫૦	• પ્રથમ ગુજરાતી શાળા શરૂ થઈ.
• ૧૮૫૨	• પ્રથમ પોસ્ટ અને ટેલિગ્રાફ કચેરી શરૂ થઈ.
• ૧૮૫૭	• કચ્છમાં ભયંકર દુકાળ.
• ૧૮૬૬	• પ્રથમ એંગ્લો વર્નાક્યુલર શાળા શરૂ.
• ૧૮૬૬	• પ્રથમ કન્યાશાળા શરૂ થઈ.
• ૧૮૭૦	• ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ શરૂ થઈ.
• ૧૮૭૭	• આર્ટસ સ્કૂલ શરૂ થઈ.
• ૧૮૯૦	• લૉર્ડ કર્ઝન કચ્છમાં.
• ૧૮૯૨	• વિવેકાનંદ કચ્છમાં આવ્યા.
• ૧૮૯૩	• મુંબઈથી 'કચ્છ સમાચાર' શરૂ થયું.
• ૧૮૯૬	• ચત્રભુજ ભટ્ટને જેલ.
• ૧૮૯૭	• કચ્છમાં 'ગઠિયા' પ્લેગનો કેર.
• ૧૯૦૨	• કચ્છ રાજ્ય સાથે મુંબઈમાં કચ્છીઓની મિટિંગ.
• ૧૯૦૫	• અંજાર-તુણા રેલવે શરૂ.
• ૧૯૧૯	• માંડવીમાં 'કચ્છ સ્ટુડન્ટ્સ એસોસિએશન' સ્થપાયો.
• ૧૯૨૧	• બસ સેવા ચાલુ થઈ.
• ૧૯૨૩	• કૉંગ્રેસ-ખાદી પ્રવૃત્તિનો આરંભ.
• ૧૯૨૫	• મહાત્મા ગાંધી કચ્છમાં.
• ૧૯૨૬	• 'કચ્છી પ્રજાકીય પરિષદ'ની સ્થાપના.
• ૧૯૩૭	• કચ્છમાં ભુજ-અમદાવાદ તથા મુંબઈ-કરાંચી ટપાલ સર્વિસ શરૂ થઈ.
• ૧૯૩૮	• યુસુફ મહેરઅલી કચ્છમાં.
• ૧૯૪૨	• અંજારમાં બૉમ્બ બનાવવાનો પ્રયાસ.

● ૧૯૪૨	● ટાટા એર સર્વિસ શરૂ.
● ૧૯૪૮	● મહારાવ મદનસિંહનો ભારત સાથે કરાર. (ચોથી. મે).
● ૧૯૪૮	● કચ્છ ભારતમાં ભળ્યું. (પ્રથમ જૂન).
● ૧૯૪૯	● ઇન્દ્રાબાઈ ગર્લ્સ સ્કૂલની સ્થાપના.
● ૧૯૫૨	● પ્રથમ ઉદ્યોગ કૉન્ફરન્સ.
● ૧૯૫૨	● કંડલાનો પાયો નખાયો.
● ૧૯૫૨	● મીટરગેજ રેલવે શરૂ થઈ.
● ૧૯૫૨	● પ્રથમ ચૂંટણી.
● ૧૯૫૬	● અંજારમાં ભયંકર ધરતીકંપ
● ૧૯૫૬	● કચ્છ મુંબઈ રાજ્યમાં જોડાયું.
● ૧૯૫૯	● ઇનામી નાબૂદી ધારો અમલમાં
● ૧૯૫૯	● ભુજમાં ભારે વરસાદ, પૂર.
● ૧૯૬૦	● કચ્છ ગુજરાતનો જિલ્લો બન્યું.
● ૧૯૬૫	● પાકિસ્તાન સાથે યુદ્ધ.
● ૧૯૬૮	● કચ્છ ઍવૉર્ડ, છાડબેટ ગુમાવ્યું.
● ૧૯૬૮	● કચ્છ સત્યાગ્રહ.
● ૧૯૬૯	● બ્રોડગેજ રેલવેની શરૂઆત.
● ૧૯૭૧	● પાકિસ્તાન સાથે યુદ્ધ.
● ૧૯૯૮	● વાવાઝોડું.
● ૧૯૯૯	● વાવાઝોડું ફરી આવ્યું.
● ૨૦૦૧	● વિનાશક ધરતીકંપ.

સંદર્ભ : છેલ્લા એક હજાર વર્ષનું કચ્છ (૨૦૦૩) લેખક, હરેશ ધોળકિયા

પુરવણી

[૨૦૦૧થી ૨૦૧૦ કચ્છના સાર્વત્રિક વિકાસનો દાયકો]

૨૬ જાન્યુઆરીએ થયેલા ભૂકંપગ્રસ્ત કચ્છના હતપ્રત લોકજીવનને બેઠું કરવા થયેલી ત્વરીત રાહત અને પુનર્વસન સરવાણી સાથે, કચ્છના સર્વાંગી અને સાર્વત્રિક વિકાસ પ્રક્રિયા ઝડપી થઈ.

વિકાસ શૃંખલાના પ્રમુખ મણકા :

(૧) ૧૯-૧૦-૨૦૦૧ : રણ મહોત્સવ; શરદોત્સવ; કચ્છ કાર્નિવલ જેવા પ્રવાસન ઉદ્યોગ વિકાસલક્ષી કાર્યક્રમોનો આરંભ થયો. કચ્છના પ્રવાસધામોને વૈશ્વિક ઓળખ મળી.

(૨) ૧૪-૧-૨૦૦૪ : કચ્છની જિલ્લા રેફરલ હૉસ્પિટલ (જનરલ હૉસ્પિટલ) ભુજની ભૂકંપ ધ્વસ્ત ઇમારતનું પુનઃનિર્માણ થયું. અદ્યતન સુવિધાઓથી સજ્જ વિશાળ હૉસ્પિટલ સાથે, મેડીકલ કૉલેજનો પણ આરંભ થયો.

(૩) ૧૮-૫-૨૦૦૩ : કચ્છના લોકોને પીવા માટેનું પાણીની પૂર્તિ માટે નર્મદા યોજના અંતર્ગત સામખિયાળી હેડ ક્વાટર્સ ખાતેથી પાઈપલાઈન વાટે પાણી મળતું થયું.

(૪) ૨૦-૯-૨૦૦૭ : શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થઈ. એની સાથે કચ્છમાં ઇજનેરી શિક્ષણની ડિગ્રી કૉલેજ તેમજ પૉલીટેકનિક સંકુલના પણ લોકાર્પણ થયા. પરિણામે કચ્છના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ઘરઆંગણે સુવિધા મળતી થઈ.

(૫) મુન્દ્રા પોર્ટનું ઝડપી આધુનીકરણ થયું. સામાન હેરફેર માટે રેલવે નંખાઈ.

(૬) ઔદ્યોગિક ક્ષેત્રે ઝડપી વિકાસ થયો. (જેની વિગતો અલગ પ્રકરણમાં આપી છે.)

(૭) ૮-૪-૨૦૧૧ : રાપર ખાતે નર્મદા શાખા – નહેર તથા ત્રણ સ્ટેશનો કાર્યરત થયા.

(૮) ૧૯-૪-૨૦૧૧ : ધડૂલી – સાંતલપુર માર્ગ માટે, કેન્દ્ર સરકારે, રાજ્ય સરકારની રૂ. ૫૯૯ કરોડની દરખાસ્ત મંજૂર કરી.

(૯) ૧૨-૧-૧૨ : ગાંધીનગર ખાતે પાંચમી 'વાઇબ્રન્ટ ગુજરાત સમીટ' દરમિયાન કચ્છમાં બંદર, સિમેન્ટ, ઊર્જા ક્ષેત્રે સંદર્ભીત ઔદ્યોગિક એકમો સાથે જંગી રોકાણ માટેના M.O.U. થયા.

લેખક-પરિચય

૧. અજાણી ઉમિયાશંકર શિવજી :



૨૦ નવેમ્બર ૧૯૩૪ને રોજ ભુજ (કચ્છ) મધ્યે એમનો જન્મ થયો. મેટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કરી ૧૯૫૩માં સરકારી મહેસૂલ ખાતામાં નોકરી સ્વીકારી ૧૯૬૬માં તેઓશ્રીએ મહેસૂલી લાયકાત પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું. ગુજરાત સરકાર તરફથી વિશિષ્ઠ મહેસૂલી કામગીરી બદલ પ્રથમ ઇનામ મળ્યું. મામલતદાર થયા. ૧૯૮૮માં નિવૃત્ત થયા.

કચ્છના ઇતિહાસ તેમ જ સંસ્કૃતિ ક્ષેત્રે સંશોધન લેખન ક્ષેત્રે તેઓશ્રીનું વિશિષ્ઠ યોગદાન છે. પાંચ નવલકથા, ત્રણ લોક-સાહિત્ય અને સાત સંશોધન લેખ સંગ્રહો તેમ જ એક વાર્તાસંગ્રહ પ્રકાશિત થયા છે. તદ્ ઉપરાંત એમણે અનુવાદ તેમ જ સંપાદન ક્ષેત્રે પણ નોંધપાત્ર કાર્ય કર્યું છે. એમનાં કુલ ૨૩ પુસ્તકો પ્રગટ થયાં છે.

કચ્છના ઇતિહાસ સંશોધન અને લેખન તેમ જ સાહિત્યસર્જન બદલ વિવિધ સંસ્થાઓ દ્વારા તેમનું સુવર્ણચંદ્રકો આદિથી સન્માન થયું છે.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી અજાણીના લેખ :

ક્રમ	શીર્ષક	ભાગ-૧ પૃષ્ઠ નં.
૧.	ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ	૩૩
૨.	સિકંદરની ભારત પર ચડાઈ	૭૪
૩.	બૅક્ટ્રિયન ગ્રીક અને ક્ષત્રપો	૮૬
૪.	ગુપ્ત સામ્રાજ્ય, હૂણો...	૯૬
૫.	વલભીના વિનાશ પછી...	૧૦૯
૬.	જામ પુંઅરાના નિધન પછી...	૧૨૩

		ભાગ-૨
૧.	કચ્છની વ્રજભાષા પાઠશાળા	૨૦૧

સરનામું : ૧૪, "હંસા", રેવેન્યુ કૉલોની, ભુજ-કચ્છ - ૩૭૦૦૦૧. ફોન : ૦૨૮૩૨ / ૨૫૧૭૭૫.

❦

૨. અંતાણી નરેશ પ્રદ્યુમન રાય :



૫ સપ્ટેમ્બર ૧૯૬૧ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રી ઇતિહાસ વિષય સાથે સ્નાતક થયા છે. ૧૯૮૬થી ૨૦૦૮ સુધી કચ્છ મ્યુઝિયમ ભુજમાં કાર્યરત રહ્યા. ૨૦૦૮થી (કચ્છ) ભુજના દૈનિક અખબાર 'કચ્છમિત્ર'ના તંત્રી વિભાગમાં જોડાયા છે. આ દૈનિકની સાપ્તાહિક પૂર્તિમાં એમની 'જ્ઞાતિ ગંગા કચ્છની' કૉલમ દ્વારા કચ્છની ૭૦થી વધુ જ્ઞાતિઓનો પરિચય કરાવ્યો છે. એમના દોઢસોથી વધુ લેખો, વિશેષતઃ ઇતિહાસ સંદર્ભે, વિવિધ ગુજરાતી સામયિકોમાં પ્રકાશિત થયા છે. એમનો 'ભુજમાં રાવ લખપતજીની છતરડી' વિશેના અભ્યાસલેખનો ગુજરાતી વિશ્વકોશના ૧૮મા ખંડમાં પ્રકરણરૂપે સમાવેશ થયો છે. કચ્છના ઇતિહાસ સંશોધન સંદર્ભે એમનાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં છે.

તેઓશ્રી ગુજરાત ઇતિહાસ પરિષદના માનદ્ મંત્રી છે. તેમ જ કચ્છના ઇતિહાસ અને પુરાતત્ત્વના સામયિક 'વલો કચ્છડો'ના માનદ્ સંપાદક છે.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી અંતાણીના લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	આદ્ય ઐતિહાસિક કચ્છ	૪૯
૨.	અસ્તિત્વનાં પદચિહ્નો...	૬૩
૩.	સ્વાતંત્ર્યોતર કચ્છનો રાજકીય...	૨૩૨

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છની હસ્તકલાઓનો વિકાસ	૧૫૨
૨.	જ્યાં આપણા સાંસ્કૃતિક વારસાનું ...	૨૫૫

સરનામું : ૨૨-બી, શિવમ પાર્ક, નાના યક્ષ પાસે, રિંગ રોડ, ભુજ, ફોન : ૨૮૩૨-૨૪૩૨૪૨

❦

૩. અંતાણી રાજેશ રમેશચંદ્ર :



૧૫ એપ્રિલ ૧૯૪૯ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રીએ ગુજરાતી વિષય સાથે એમ. એ. કર્યું. ત્યાર બાદ PGVCL (GEB) ભુજમાં નોકરીના હેતુથી જોડાયા. સમયાંતરે HR Deptt.ના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ નિમાયા. ૩૦-૪-૨૦૦૯ને રોજ નિવૃત્ત થયા.

સાહિત્યસર્જન ક્ષેત્રે એમના યોગદાનમાં સાત નવલકથા અને બે વાર્તાસંગ્રહો મુખ્ય છે. દૂરદર્શન અને આકાશવાણી માટે નાટકો / એકાંકીઓનું આલેખન એમનું વિશિષ્ઠ પ્રદાન છે.

તેઓશ્રીને ૧૯૯૯માં 'કચ્છ શક્તિ' ઍવૉર્ડ અને ૨૦૦૫માં 'જયંત ખત્રી બકુલેશ' ઍવૉર્ડ, તેમ જ નવચેતન વાર્તા ચંદ્રક એનાયત થયા છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છના સાહિત્યસર્જકો...	૧૬૪

સરનામું : ૨૦૩, ગંગોત્રી એપાર્ટમેન્ટ, ન્યુ મિન્ટ રોડ, ભુજ (કચ્છ)-૩૭૦૦૦૧.

❦

૪. અબોટી હસમુખ દયારામ :



૧૯ એપ્રિલ ૧૯૬૪ને રોજ કોઠારા (તા. અબડાસા) મધ્યે એમનો જન્મ થયો.

તેઓશ્રીએ એમ.એ., બી.એડ. કર્યું છે. તેમ જ PTCની તાલીમ મેળવી, શિક્ષકનો વ્યવસાય અપનાવ્યો છે. તેઓશ્રી હાલે માંડવી (કચ્છ)માં હરિરામ નથુભાઈ કોઠારી શાળામાં શિક્ષક છે.

'કચ્છમિત્ર' દૈનિકના પૂર્તિ વિભાગમાં એમની સાપ્તાહિક કૉલમ (વર્ષ ૧૯૯૬-૯૮ દરમિયાન) 'સૂર અને સાધક' દ્વારા એમણે કચ્છના કલાકારોનો પરિચય કરાવ્યો. વર્ષ ૨૦૦૭થી આ દૈનિકની પરાગ પૂર્તિમાં એમની કૉલમ 'દરિયાની વાટે વાટે' પ્રકાશિત થાય છે. એમના કચ્છી કાવ્યસંગ્રહ 'ધરિયાના ભીડા'ને કચ્છી સાહિત્ય અકાદમી તરફથી બીજું ઇનામ મળ્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૫.	કચ્છનો સાગરકાંઠો...	૧૧૨

સરનામું : હરિનગર-૧, શિતલા રોડ, માંડવી ૩૭૦૪૬૫, ફોન : ૦૨૮૩૪-૨૨૪૮૧૭

❦

૫. ભાનુશાળી ધનજી ખીમજીભાઈ :



૭ સપ્ટેમ્બર ૧૯૪૨ના રોજ લોરીયા (તા. ભુજ) એમનો જન્મ થયો. તેઓશ્રીએ બી.એ., એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. ૩૪ વર્ષ સુધી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં કામ


કર્યું. નિવૃત્તિ બાદ કચ્છની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એડવોકેટ તરીકે કાર્યરત છે. તેઓશ્રીએ કચ્છી ભાષામાં ત્રણ વાર્તાસંગ્રહો આપ્યા છે. જેમાંનાં બે પુસ્તકો કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયા છે. તેઓશ્રી કચ્છી સાહિત્ય સભાના સ્થાપક સભ્ય છે. એમનાં કુલ ૯ પુસ્તકો પ્રકાશિત થયાં છે, જેમાં 'જ્ઞાતિની ઉત્પત્તિ અને ઇતિહાસ' નોંધપાત્ર છે. તેઓશ્રીને મનુભાઈ પાંધી સ્મૃતિ ઍવૉર્ડ મળ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
		ભાગ-૧
૧.	કચ્છી ચલણ	૧૮૩
		ભાગ-૨
૧.	કચ્છમાં વાહનવ્યવહાર	૧૨૨

સરનામું : 'જલારામ કૃપા', ૧૦, એસ. ટી. સોસાયટી, ભુજ (કચ્છ)-૩૭૦૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૫૩૨૦

૬. છાયા નિરૂપમ જોગેશચંદ્ર :



૨૦મી જાન્યુઆરી ૧૯૫૫ના રોજ અંજાર મધ્યે એમનો જન્મ થયો.

વિજ્ઞાન શાખામાં સ્નાતક સુધીનો અભ્યાસ કરી, બૅન્ક ઑફ બરોડામાં કેશ વિભાગમાં કાર્યરત છે. ઇતર પ્રવૃત્તિઓમાં સાહિત્યસર્જન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય છે. તેઓશ્રી રામકૃષ્ણ યુવક મંડળ ભુજની કારોબારી સમિતિના સદસ્ય છે. તેઓશ્રીએ અખિલ ભારતીય, શિક્ષણ સંસ્થાન 'વિદ્યા ભારતી – ગુજરાત પ્રદેશના દ્વિમાસિક મુખપત્ર 'સંસ્કારદીપિકા'નું સંપાદન લગભગ સાતેક વર્ષ સંભાળ્યું હતું. તેઓશ્રીના વિવિધ વિષયો પરના લેખો ગુજરાતી દૈનિકો તેમ જ સામયિકોમાં અવારનવાર પ્રકાશિત થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
		ભાગ-૧
૧.	કચ્છનાં ઐતિહાસિક...	૨૧૧

સરનામું : ૮૧-એ, મારુતિ પ્લોટ્સ, સંસ્કારનગર, ભુજ (કચ્છ)-૩૮૦ ૦૦૧. ફોન : - ૦૨૮૩૨-૨૫૩૯૦૬.

૭. ધોળકિયા (ડૉ.) દર્શનાબહેન ચમનલાલ :



૧૧ જાન્યુઆરી ૧૯૬૨ના રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો.

દર્શનાબહેન ગુજરાતી વિષય સાથે એમ.એ. થયાં છે, તેમ જ ડૉક્ટરેટની પદવી મેળવી છે.

તેઓશ્રી ભુજ (કચ્છ)ની આર.આર. લાલન કૉલેજમાં ૧૯૮૫-૨૦૦૮ સુધી વ્યાખ્યાતા હતા. ૨૦૦૮થી તેઓશ્રી કચ્છ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષપદે કાર્યરત છે.

સાહિત્યસર્જન ક્ષેત્રે એમનું વિપુલ યોગદાન છે. એમનાં કુલ ૧૪ પુસ્તકો પ્રકાશિત થયાં છે. એમને આઠ ઍવૉર્ડ મળ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને કેન્દ્રિય સાહિત્ય એકેડેમીમાં પણ તેઓશ્રીએ સેવાઓ પ્રદાન કરેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
		ભાગ-૨
૧.	કચ્છના સાહિત્યસર્જકો	૧૬૪

સરનામું : ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ (કચ્છ) - ૩૭૦૦૦૧ ફોન : ૦૨૮૩૨-૨૨૪૫૫૬

૮. ધોળકિયા હરેશ ચમનલાલ :



૩૦ જૂન, ૧૯૪૬ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો.

બી.એ., બી.ઍડ. સુધીનો અભ્યાસ પૂરો કરી, તેઓશ્રી કેળવણી ક્ષેત્રે કાર્યરત રહ્યા. ૧૯૬૬થી ૧૯૯૫ સુધી પ્રથમ ભુજની સ્વામિનારાયણ વિદ્યાલય અને પછી વી.ડી. હાઈસ્કૂલમાં અધ્યાપન કાર્ય કર્યું. ત્યાર બાદ નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.

તેઓશ્રી 'શિવામ્બુ' તેમ જ 'જીવનસુધા' ગુજરાતી સામયિકોના તંત્રીપદે છે. વિવિધ વિષયો પર ૯૮ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના પુસ્તકનો 'અગન પંખ' નામે ગુજરાતી અનુવાદ સામેલ છે. એમની નવલકથા 'અંગદનો પગ' વિશેષ નોંધપાત્ર છે. કચ્છના ઇતિહાસ તેમ જ વિવિધ ક્ષેત્રે વિકાસ સંદર્ભે, કચ્છના દૈનિક અખબાર 'કચ્છમિત્ર'માં છેક ૧૯૭૦થી એમની સાપ્તાહિક કૉલમ 'ઘડીક સંગ' અંતર્ગત તેઓશ્રી વિવિધ વિષયો પર નિયમિત લેખો આપે છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	ભાગ-૧ પૃષ્ઠ નં.
૧.	કચ્છની ન્યાયવ્યવસ્થા	૧૭૮
૨.	સ્વાતંત્ર્યોતર કચ્છ	૨૩૨
		ભાગ-૨
૧.	કચ્છમાં ખેતી	૧૩૬
૨.	કચ્છની અસ્મિતાના આરાધકો	૨૬૭

સરનામું : ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦૦૦૧
ફોન : ૦૨૮૩૨-૨૨૭૯૪૬.

૯. ફડકે પ્રભાશંકર શંભુરામ :



૫ એપ્રિલ ૧૯૩૬ને રોજ કરાંચીમાં એમનો જન્મ થયો.

ભારતના ભાગલા પછી, સપ્ટેમ્બર ૧૯૪૭માં તેઓશ્રી કચ્છ આવ્યા, માંડવી અને મુંબઈમાં અભ્યાસ કર્યો. ગુજરાત વિદ્યુત બોર્ડની વહીવટી શાખામાં નોકરીએ જોડાયા. [illegible] વહીવટી અધિક્ષક પદે રહી નિવૃત્ત થયા.

ફડકેનું કચ્છી ભાષાસાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન રહ્યું છે. કચ્છી ભાષા વિકાસ સમર્પિત સામયિક કચ્છ કલામમાં 'રવિ માલમ' ઉપનામે તેમજ 'કુંજલજી ફુણકાર' સામયિકમાં, કચ્છી કાવ્યોની નિર્ભીક સમીક્ષા કરતા રહ્યા. તેઓશ્રીને ૧૯૯૭માં એમના સંશોધન પેપર 'અર્વાચીન કચ્છી સાહિત્યમાં પદ્ય' માટે, 'દુલેરાય કારાણી ચંદ્રક', ૨૦૦૩માં કચ્છી સાહિત્યમાં આજીવન પ્રદાન માટે 'તારામતી ગાલા પુરસ્કાર,' ૨૦૦૭માં સીતારામ ટ્રસ્ટ તરફથી 'ગુરુ પ્રસાદ ઍવૉર્ડ' અને ૨૦૦૮માં મહાલક્ષ્મી ધામ, ભુજ તરફથી 'ગુરુ ગરિમા ઍવૉર્ડ' એનાયત થયા.

૨૦૦૬માં એમનું પુસ્તક 'શબ્દને સથવારે' અને ૨૦૦૯-૧૦ દરમિયાન કચ્છ શ્રુતિ સામયિકમાં પ્રકાશિત એમની કચ્છી કાવ્યાસ્વાદ શ્રેણી લેખોનું સંકલન 'કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં' તેમ જ કવિ તેજની સમગ્ર કવિતાનું 'તેજવાણી' અને 'પખિયનજી પિરોલીયું' સંપાદનો પ્રકાશિત થયાં. કચ્છ-મિત્રની બુધવાર પૂર્તિમાં એમની કૉલમ 'મુખોમુખ' ફેબ્રુઆરી ૨૦૧૧થી ચાલુ છે. કચ્છી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'ચીંગાર'માં 'નીરખીર' નામક કૉલમ ત્રણેક વર્ષથી ચાલુ છે. તેઓશ્રીના મરાઠી ભાષામાં સંકલિત 'જ્ઞાનેશ્વરી ગીતા'ના કચ્છી અનુવાદનું પુસ્તકરૂપે પ્રકાશન, કચ્છી સાહિત્ય અકાદમીના સૌજન્યથી થઈ રહ્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

		ભાગ-૨
ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છી ભાષા અને સાહિત્ય	૧૭૩

સરનામું : ૩૪/૨, વૃંદાવન સોસાયટી, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦, ફોન : ૦૨૮૩૬-૨૪૨૦૩૮.

૧૦. ગોર (ડૉ.) કાન્તિભાઈ વિસનજી (કારણ) :



૧૩ જૂન ૧૯૫૩ને રોજ મસ્કા (તા. માંડવી) મધ્યે એમનો જન્મ થયો. ગુજરાતી અને સંસ્કૃત બન્ને વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. તેમ જ શિક્ષણ સંદર્ભે ડૉક્ટરેટ કર્યું.

કારકિર્દીનો આરંભ પ્રાથમિક શિક્ષક તરીકે કર્યો. ત્યાર બાદ ગવર્નમેન્ટ બી.એડ. કૉલેજ મુન્દ્રાના પ્રધાનાચાર્ય થયા. સમયાંતરે શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના ડીન તેમ જ પ્રથમ કુલપતિ થયા. ગુજરાત રાજ્ય પ્રાથમિક પાઠ્યપુસ્તક સમિતિ અને ભાવનગર યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યા શાખાની અભ્યાસ સમિતિ તેમ જ કચ્છી સાહિત્ય અકાદમીના સદસ્ય તરીકે સેવાઓ આપી.

એમના બે 'એકોક્તિ સંગ્રહો'; સંસ્કૃત ભાષામાં આલેખિત રેડિયો રૂપકોનો સંગ્રહ 'સાગર' અને સંસ્કૃત ભાષા સાહિત્ય આસ્વાદ પુસ્તક 'ગગન ગિર્વાણ ગીરાનું' તેમ જ કચ્છી ભાષામાં બે પુસ્તકો 'મન જો મંચ' અને 'ટીપે મેં મેરામણ' પ્રકાશિત થયા છે. તેઓશ્રી કચ્છી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'ચીંગાર'ના માનદ્ મુખ્ય તંત્રી છે.

વર્ષ ૧૯૭૫માં યુવક મહોત્સવમાં એમનું નાટક રાજ્ય કક્ષાએ વિજેતા થયેલું. તેમ જ પ્રસાર ભારતી દ્વારા વર્ષ ૨૦૦૦માં આયોજિત નાટ્ય સ્પર્ધામાં એમના રેડિયો નાટક 'સંબંધ'ને રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું હતું.

કચ્છમિત્ર દૈનિકની પરાગ પૂર્તિમાં એમની કૉલમ 'અક્ષરની ઉપાસના' અંતર્ગત તેઓશ્રી ભારતીય સંસ્કૃતિ સંદર્ભે ચિંતનકણિકાઓ નિયમિત પ્રસ્તુત કરે છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

		ભાગ-૨
ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં શિક્ષણનો વિકાસ	૧૫૭
૧૩.	કચ્છના સાહિત્યસર્જકો...	૧૮૮

સરનામું : સુદર્શન, ૯૨, શ્રીજીનગર એન.આર. આઈ. સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧, મો. : ૯૮૭૯૫૬૫૭૨૭

૧૧. હાથી (ડૉ.) તુષાર રાજેન્દ્રરાય :



૨૨ જુલાઈ ૧૯૫૨ને રોજ અમદાવાદ મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રીએ અર્થશાસ્ત્ર સાથે એમ. એ. કર્યું છે. તેમ જ **'શ્વેત ક્રાંતિની ગુજરાતના ગ્રામીણ અર્થકારણ પરની અસરો'** વિષય પર પીએચ. ડી. થયા. હાલે કચ્છ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક છે તેમ જ ડૉક્ટરેટ્ના અભ્યાસ માટે માર્ગદર્શન આપે છે. તેઓશ્રીએ ચાર સંશોધન પ્રોજક્ટસ પૂર્ણ કર્યા છે. ગ્રામીણ વિકાસ અને પર્યાવરણ જાળવણી સાંપ્રત પ્રવાહો અંગે સંશોધનાત્મક લેખન કર્યું છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

		ભાગ-૨
ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છનું સમાજજીવન...	૧
૧.	કચ્છનું અર્થકારણ	૮૬

સરનામું : ૩૬ ૫-બી, ઓધવ રો-હાઉસ, આઇયા નગર, ભુજ-૩૭૦૦૦૧, ફોન : ૦૨૮૩૨-૨૩૦૬૯૯

૧૨. જાડેજા (ડૉ.) ફતુભા મનુભા :



૧. જૂન ૧૯૭૨ને રોજ મોટા બંધરા (તા. ભુજ - કચ્છ) ગામે એમનો જન્મ થયો.

ગુજરાતી લિટરેચર સાથે એમ.એ. પીએચ. ડી. કર્યું છે. માતૃછાયા કન્યા વિદ્યાલય ભુજમાં અધ્યાપક છે. સમાજસેવા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આ સંદર્ભે એમના વિવેચનાત્મક લેખો પ્રકાશિત થયા છે. 'ગ્રામજીવનની નવલકથાઓમાં નારી ચેતના', 'કચ્છનાં સંત કવયિત્રી જેઠીબા' અને 'ભૂકંપ પછીનું કચ્છનું સાહિત્ય' એમનાં નોંધપાત્ર પ્રકાશનો છે.

તેઓશ્રી કચ્છ ઇતિહાસ પરિષદના મંત્રી છે. તદ્ ઉપરાંત ગુજરાત ગરાસિયા મંડળના સંગઠન મંત્રી છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છની ધર્મપરંપરા	૫૫

સરનામું : રાજપૂત છાત્રાલય, ઘનશ્યામનગર, ભુજ-૩૭૦૦૦૧. મો. : ૯૯૭૯૫૦૩૩૨૭

૧૩. જાડેજા (ડૉ.) યોગેશ :



અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકાના ભોજવા ગામે ૧૨ ફેબ્રુઆરી, ૧૯૬૯ના રોજ એમનો જન્મ થયો. જીઑલૉજી વિષયમાં ડૉક્ટરેટ તેમજ ઇકોલોજી અને એન્વાયરમેન્ટ વિષયમાં તેમણે અનુસ્નાતક ડિપ્લોમા મેળવ્યો છે.

૧૯૯૩થી ૨૦૦૪ સુધી તેઓશ્રી કચ્છના ઇકો-રીસ્ટોરેશન અને વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થા 'સંજીવન'ના પ્રોગ્રામ કૉઓર્ડિનેટર રહ્યા. ૨૦૦૪થી તેઓશ્રી 'એરીડ કમ્યુનીટીઝ અને ટેક્નોલૉજીસ' સંસ્થાના સ્થાપક સભ્ય તેમ જ સેક્રેટરી છે. હાલે તેઓશ્રીએ (DRDA) ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સીના સહયોગથી કચ્છના બે તાલુકામાં પાંચ વૉટરશેડ પ્રોજેક્ટસ; ચાર તાલુકામાં ૧૪ ગામોમાં પેયજળ વિતરણ વિકેન્દ્રીકરણ અને પાંચ ગામોમાં સિંચાઈ યોજના કાર્યાન્વિત કરી છે. કચ્છમાં ભૂજળ સંશોધન અને વિતરણ વ્યવસ્થાપનના ૧૭ પ્રોજેક્ટસનું આયોજન અને મૂલ્યાંકન કર્યું છે. આ સંદર્ભે ગ્રામ્ય સ્તરે કાર્યકર્તાઓની તાલીમ સામગ્રી તેમ જ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જિલ્લા રાજ્ય તેમ જ રાષ્ટ્રીયસ્તરે આયોજિત કૉન્ફરન્સ/સેમિનાર આદિમાં દસથી વધુ સંશોધનપત્રો પ્રસ્તુત કર્યા છે.

તેઓશ્રી ૧૯૯૬-૯૭ દરમિયાન DRDAના વૉટર શેડ પ્રોજેક્ટસની ટૅક્નિકલ સ્ક્રૂટીની કમિટીના મેમ્બર તેમ જ કેન્દ્રિય ગ્રામવિકાસ મંત્રાલયના, કચ્છ નવ-નિર્માણ અભિયાન સંસ્થા દ્વારા સમન્વિત, અછત-ગ્રસ્ત વિસ્તાર માટેના પેય-જળ પ્રોજેક્ટસના ટૅક્નિકલ સૅંક્શન ઑથોરિટી રહ્યા. તેઓશ્રી જીઓલૉજીકલ સોસાયટી ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇડ્રોલોજી સંસ્થાઓના આજીવન સભ્ય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છની પ્રાકૃતિક (ભૌગોલિક) પરિસ્થિતિ	૧
૨.	કચ્છની જળ-અસ્મિતા...	૧૦

સરનામું : બ-૨૫, અરિહંતનગર, કેશવનગર ભુજ-કચ્છ ૩૭૦૦૦૧, ફોન : ૨૮૩૨-૨૩૧૯૪૨

૧૪. જાડેજા બાપાલાલ મનુભા :



૩જી એપ્રિલ ૧૯૫૨ના રોજ ખેડોઈ (અંજાર તાલુકા) મુકામે એમનો જન્મ થયો.

તેઓશ્રી બી.એ., એલએલ.બી અને બી.એડ. થયા છે. હાલ સ્વામિનારાણ વિદ્યાલય ભુજમાં અધ્યાપક છે, તેમ જ મહારાઓશ્રી મદનસિંહજી રાજપૂત છાત્રાલયના માનદ્ ગૃહપતિ છે અને કચ્છ યુનિવર્સિટીના સેનેટર છે. કચ્છ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે અને કચ્છ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સેવાઓ આપી છે.

કચ્છનાં ઇતિહાસ સંદર્ભે એમના અભ્યાસલેખો વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયા છે. આકાશવાણી ભુજ પરથી એમના વાર્તાલાપો પ્રસારિત થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	ભાગ-૧ પૃષ્ઠ નં.
૧.	કચ્છનો રાજકીય ઇતિહાસ	૧૨૮

સરનામું : ૧૪, નવપ્રભાત સોસાયટી, ભુજ-૭૦૦૦૦૧. મો : ૯૪૨૮૮૧૮૮૩૮.

❦

૧૫. જોશી (ડૉ.) દિનેશ મોરારજી :



તા. ૬-૪-૫૬ના રોજ માંડવી મુકામે એમનો જન્મ થયો. તેઓશ્રી એમ.એ., પીએચ.ડી. થયા છે. અધ્યયન ક્ષેત્રે, શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ, માંડવી (કચ્છ)ના પ્રિન્સિપાલ પદે રહ્યા. હાલે નિવૃત્ત છે. કચ્છ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની નિરીક્ષક પેનલના સભ્ય તેમ જ કચ્છી સાહિત્ય એકેડેમીની લોકસાહિત્ય સમિતિના સભ્યપદે રહી ચૂક્યા છે. લોકસંસ્કૃતિ સંદર્ભે એમનું સંગીત રૂપક આકાશવાણી કેન્દ્રો પરથી પ્રસારિત થયું હતું. તેઓશ્રીએ લોકસંસ્કૃતિ સંદર્ભે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સંશોધનપત્રો પ્રસ્તુત કર્યા છે. આંતર રાષ્ટ્રીય સંસ્થા 'કથા'નાં 'રિસોર્સ ફેલો' તરીકે યોગદાન આપ્યું છે. એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના ઇતિહાસ વિભાગ દ્વારા આયોજિત સેમિનારમાં તેઓશ્રીએ 'Kutch in History and Legend' વિષય પર સંશોધન પેપર રજૂ કર્યું હતું.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	ભાગ-૨ પૃષ્ઠ નં.
૧.	કચ્છની લોકસંસ્કૃતિ	૧૨

સરનામું : ૨૨, નિકુંજ, મારુતિ નગર, માંડવી (કચ્છ). મો. : ૯૮૭૯૩૨૧૬૫૬.

❦

૧૬. જોશી નવીન શાંતિલાલ :



તેઓશ્રીનો જન્મ ૯ ઑક્ટોબર, ૧૯૬૫ના રોજ ભુજ મુકામે થયો. તેઓશ્રીએ B.Com., LL.B. સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને ૬ વર્ષ એરફોર્સમાં સેવાઓ આપી. ત્યાર બાદ ૧૯૯૦માં પૂર્ણકાલીન પત્રકારત્વનો વ્યવસાય અપનાવ્યો. હાલે તેઓશ્રી 'કચ્છમિત્ર' દૈનિકના ચીફ રિપોર્ટર તરીકે કાર્યરત છે. તદ્ ઉપરાંત કચ્છની પ્રકૃતિ તેમ જ પર્યાવરણ જાળવણી આદિ વિષયો પર અભ્યાસપૂર્ણ લેખો લખે છે.

કચ્છમાં ભૂકંપ હોનારત પછી વધી ગયેલા ભ્રષ્ટાચાર અંગેના લેખો બદલ તેઓશ્રીને ગુજરાત અખબાર સંઘ દ્વારા વર્ષ ૨૦૦૨માં સ્વ. હસમુખ સાંઘાણી ઍવૉર્ડ એનાયત થયો હતો. તદ્ઉપરાંત વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન એમના પર્યાવરણ જાળવણી અંગેના લેખો બદલ ફૂલશંકર પટ્ટણી ઍવૉર્ડ મળ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	ભાગ-૨ પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં જનસંપર્ક માધ્યમોનો વિકાસ	૨૪૩

સરનામું : ૬૭, શશી પ્રયાગ, શ્રીજીનગર, એન.આર.આઈ. કૉલોની, ભુજ ફોન : ૦૨૮૩૨-૨૪૨૪૪૪.

૧૭. કંસારા હંસરાજ ઠાકરસી :



૧૭ ફેબ્રુઆરી, ૧૯૩૫ને રોજ અંજાર (કચ્છ) મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રીએ સમાજશાસ્ત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે અને હેલ્થ એજ્યુકેશન, માસ કમ્યુનિકેશન અને સોશિયલ સર્વિસ મૅનેજમેન્ટ તાલીમ લીધી છે.

તેઓશ્રીએ કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયમાં ૨૬ વર્ષ અને ડેનીશ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સીમાં નવ વર્ષ સ્વાસ્થ્ય શિક્ષણ ક્ષેત્રે સેવાઓ આપી છે. તેમજ લંડનથી પ્રકાશિત ICEH જર્નલના 'ઇન્ડિયન સપ્લીમેન્ટ'નું સંપાદન કર્યું. ૨૦૦૪માં તેઓશ્રી સ્વાસ્થ્ય મંત્રાલયની 'બ્લાઈન્ડનેસ કંટ્રોલ પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી'ના તેમ જ ૨૦૦૬માં 'એક્સપર્ટ કમિટી'ના સદસ્ય રહ્યા.

શ્રી કંસારા ૨૦૦૫-૦૯ દરમિયાન શ્રી કચ્છી સમાજ, અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના મુખ્ય તંત્રી રહ્યા. હાલે માનદ્ સલાહકાર છે. તેમજ 'જ્ઞાતિ-સેતુ'ના સ્થાપક મુખ્ય તંત્રી છે.

શ્રી શ્રી માતા અમૃતાનંદમયીની અમૃતવાણીના અંગ્રેજી પુસ્તક 'The Eternal Wisdom'ના ગુજરાતી અનુવાદ – 'અનંત સુબોધ' પુસ્તક પ્રકાશિત થયું છે. ગાંધી સંગ્રહાલય દિલ્હીના ઉપક્રમે, 'મહાદેવભાઈ દેસાઈની ડાયરી' વૉલ્યુમ(૨૩)નો તેઓશ્રીએ અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો છે. 'કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં' પુસ્તકનું સંપાદન કર્યું છે. સામયિક 'કચ્છ કલામ'ના સમગ્ર અંકોનું ડિજિટલ સંકલન કર્યું છે.

શ્રી કંસારાને વિશ્વસ્વાસ્થ્ય સંગઠનની સાઉથ ઈસ્ટ એશિયા રિજીયનના દેશોમાં બ્લાઈન્ડનેસ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત લોકોશિક્ષણ હેતુ ઇલેક્ટ્રોનિક માધ્યમોના ઉપયોગ અંગે ત્રણ માસની વિઝિટીંગ ફેલોશિપ મળી હતી. તેમજ ૨૦૦૭માં 'કચ્છશક્તિ' ઍવૉર્ડ મળ્યો છે. શ્રી કંસારા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદના સદસ્ય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
		ભાગ-૧
૧.	કચ્છમાં પ્રશાસનિક વહીવટી તંત્ર...	૨૨૦
		ભાગ-૨
૧.	કચ્છમાં જન-સ્વાસ્થ્ય સેવાઓ...	૨૦૭

સરનામું : એ-૧/૧/૪ સમૃદ્ધિ રામેશ્વર એપાર્ટમેન્ટ, રામદેવનગર, અમદાવાદ-૧૫ ફોન : ૨૬૮૭૨૩૫૦

૧૮. લાલવાણી (ડૉ.) જેઠો માધવદાસ :



૮ માર્ચ ૧૯૪૫ના રોજ કન્ડ્યારો નવાબશા (સિંધ)માં એમનો જન્મ થયો.

હિન્દી વિષય સાથે એમ.એ. તેમ જ ડૉક્ટરેટ કર્યું. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં અધ્યાપન અધ્યયન પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા.

તેઓશ્રીનાં સિંધી, ગુજરાતી અને હિન્દીમાં નાટક, વાર્તા, નિબંધ, બાળસાહિત્ય તેમ જ લોકસાહિત્ય મળીને ૪૫ પુસ્તકો પ્રકાશિત થયાં છે.

તેઓશ્રીને ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા નાટ્યકલા ક્ષેત્રે અને ગુજરાત સિંધી સાહિત્ય અકાદમી તરફથી ગૌરવ પુરસ્કાર એનાયત થયા છે. લોકસંસ્કૃતિ પરંપરા વિશે રિસર્ચ હેતુ તેમને ભારત સરકાર તરફથી ફેલોશિપ મળેલ હતી. તેઓએ કચ્છના બન્ની

વિસ્તારમાં ગવાતાં સિંધી લોકગીતો પર સંશોધન કર્યું છે. તેઓશ્રી સ્ટેજ (ત્રિમાસિક) કલી (માસિક) ઝલક (સાપ્તાહિક) અને 'અદબી ચમન'(વાર્ષિક) સામયિકોના તંત્રી છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં સિંધી ભાષા	૧૯૩

સરનામું : ૩૭, આદિત્ય બંગલોઝ, આવાસ પાર્ક, કુબેરનગર, અમદાવાદ-૩૮. ફોન : ૦૭૯-૨૨૮૧ ૩૩૧૨

૧૯. મહેતા દિનકર પ્રતાપરાય :



૪ જાન્યુઆરી, ૧૯૪૨માં રાજકોટ જિલ્લાનાં સનાળી ગામમાં એમનો જન્મ થયો.

તેઓશ્રીએ ઇતિહાસ વિષય સાથે એમ.એ. કર્યું. ૧૯૬૪માં ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતામાં જોડાયા અને નિયામક પદેથી ૧૯૯૯માં નિવૃત્ત થયા.

અમેરિકાની પેન્સીલ્વેનિયા યુનિવર્સિટી, ડેક્કન કૉલેજ પૂણે અને સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના ઉપક્રમે, મહત્ત્વના ટીંબાઓના ઉત્ખનન સંશોધન કાર્યોનું આયોજન કર્યું. તેઓશ્રીએ કચ્છમાં હરપ્પીય ટીંબાની શોધ અને તેના ઉત્ખનન થકી મહત્ત્વની માહિતી પ્રાપ્ત કરી.

ગુજરાત વિશ્વકોશ માટે પુરાતત્ત્વો સંબંધી અધિકરણો અને ગુજરાતનું મૂર્તિ વિધાન, 'આધાર ગ્રંથનું પુનઃ મુદ્રણ' તેમ જ અન્ય રક્ષિત સ્મારકોની સૂચિનું અદ્યતન પ્રકાશન આદિ કાર્યોમાં એમનું મહત્ત્વનું યોગદાન રહ્યું. ગુજરાતના પાળિયા પરનાં એમના સંશોધન નિબંધ માટે, ગુજરાત ઇતિહાસ પરિષદનો શ્રેષ્ઠતા ચંદ્રક એનાયત થયો.

તેઓશ્રી હાલે કચ્છ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના નિયામક તરીકે માનદ્ સેવાઓ આપે છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છના પ્રાચીન શિલ્પ અને સ્થાપત્ય	૧૯૪

સરનામું : શ્રી હરિ પાર્ક, ૧૯/૨૩-ડી, મુન્દ્રા રિલોકેશન સાઈટ, ભુજ-૩૭૦૦૦૧. ફોન : ૦૨૮૩૬-૨૯૧૩૩૪.

૨૦. મહેતા અશોકકુમાર સાકરચંદ :



એમનો જન્મ ૩૦ જૂન, ૧૯૪૦ને રોજ રંગુન (બર્મા)માં થયો. પ્રારંભિક અભ્યાસ વતન (ભુજપર, કચ્છ)માં કર્યો. તેઓશ્રી મુંબઈમાં સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરો કરી, ૧૯૬૪માં અમદાવાદમાં સ્થાયી થયા. ૧૯૭૦માં 'સ્ટીલ-બીલ્ડ' કંપની સ્થાપી. સમાજ સેવા ક્ષેત્રે હાલે તેઓશ્રી કચ્છી જૈન સેવા સમાજના મૅનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ છે અને સમાજ દ્વારા પ્રકાશિત સામયિક 'મંગલ મંદિર'ના મુખ્ય તંત્રી છે, તેમ જ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ છે. તદુપરાંત તેઓશ્રીએ અમદાવાદના કચ્છી સમાજના માનદ મંત્રી તેમ જ પ્રમુખ પદે સેવાઓ આપી છે.

શ્રી મહેતાની સમાજસેવાઓના વિસ્તૃત અને બહુઆયામી વ્યાપમાં કચ્છની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સદૈવ કેન્દ્રસ્થાને રહી છે. કચ્છની જળસમસ્યાના સંભાવિત હલ માટે 'નર્મદા પરિયોજના'ના ટૅકનિકલ તેમ જ વહીવટી પાસાંઓનો એમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. આ પ્રશ્ને જનમત કેળવવા, સ્થાનિક નેતૃત્વને યોજના અંગે સમયાંતરે અવગત કરવા અને વહીવટી તંત્રને સાબદું રાખવા એમના સામયિક મંગલમંદિરમાં તંત્રી-લેખો અને કચ્છના દૈનિકો તેમ જ અન્ય સામયિકોમાં અભ્યાસપૂર્ણ લેખો લખ્યા છે. ઉપરાંત કાઉન્સિલના માધ્યમ થકી વહીવટી તંત્ર સાથે સતત સંપર્ક જાળવી, યોજનાની કાર્યાન્વિત પ્રક્રિયાને વેગ આપવા સતત પ્રયત્નશીલ રહ્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	નર્મદા યોજના	૧૪

સરનામું : સરિતા એન્કલેવ, ઑફ જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ ફોન : (M) ૯૪૨૮૦૪૦૨૬૧

૨૧. માંકડ દીપક ચંદ્રકાન્તભાઈ :



૧૬ ઑગસ્ટ ૧૯૬૫ના રોજ બલાંગીર (ઓરિસ્સા) મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રીએ બી.કૉમ., એલએલ.બી. સુધીનો અભ્યાસ કરી, પૂર્ણ સમયના પત્રકાર તરીકેની કારકિર્દી અપનાવી છે. ૧૯૮૮માં કચ્છ-મિત્ર દૈનિકના તંત્રી વિભાગમાં જોડાયા. હાલે તેઓશ્રી તેના મદદનીશ તંત્રી છે.

દીપકભાઈએ સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ તેમ જ ગ્રામીણ પુનઃ વસન બાબતોનું વિશેષ રિપોર્ટિંગ કર્યું છે. તદ્ઉપરાંત તેઓશ્રી સ્પોર્ટ્સ અને કરન્ટ અફેયર્સના નિયમિત કૉલમનિસ્ટ છે.

પત્રકાર કલ્યાણનીધિ, સુરત દ્વારા એમને રાજ્ય સ્તરે શ્રેષ્ઠ રિપોર્ટિંગ ઍવૉર્ડ એનાયત થયો છે. તદ્ઉપરાંત ભાસ્કર પંડ્યા સ્મૃતિ સૌજન્ય ઍવૉર્ડ ૨૦૧૦ અને પત્રકારત્વ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન બદલ ફૂલશંકર પટ્ટણી ઍવૉર્ડ ૨૦૧૧, મળ્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં સ્વયંસેવી સંસ્થાઓનો વિકાસ	૨૩૦

સરનામું : "દિવ્યા", ગાયત્રી મંદિર રોડ, ભુજ-૩૭૦૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૪૭૭૪

૨૨. પંડ્યા નિખિલ નરોત્તમભાઈ :



૧૮મી ઑક્ટોબર ૧૯૬૬ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રીએ એસ.વાય. બી.એ. સુધી અભ્યાસ કરી, પૂર્ણકાલીન પત્રકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી. હાલે તેઓશ્રી કચ્છના દૈનિક 'કચ્છમિત્ર' ના ભુજ ખાતે ન્યુઝ એડિટર તરીકે કાર્યરત છે.

તેઓશ્રીને ગુજરાત સરકારનો વર્ષ ૧૯૯૭-૯૮ના શ્રેષ્ઠ રિપોર્ટર તરીકેનો ઍવૉર્ડ મળેલ છે.

કચ્છની આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારની સ્થિતિ અને સંવેદનશીલતા વિશે સારી જાણકારી ધરાવે છે. વિવિધ ન્યુઝ ચેનલો સાથે સક્રિય રીતે સંકડાયેલા છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં ઉદ્યોગો	૧૪૧

સરનામું : "ઈશાની", ૩-એ, મહાલક્ષ્મી સોસાયટી, સંસ્કારનગર, ભુજ-૩૭૦૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૦૯૦.

૨૩. પેથાણી રવિશંકર રામજી (તિમિર) :



૧૫ માર્ચ, ૧૯૫૨ના રોજ ફરાદી (તા. માંડવી)માં એમનો જન્મ થયો.

તેઓશ્રીએ એમ.એ., બી.એડ. સુધીનો અભ્યાસ કરી, અધ્યાપન ક્ષેત્રે કારકિર્દી અપનાવી. વર્ષ ૧૯૭૫થી ૧૯૯૩ દરમિયાન સુથરી (તા. અબડાસા) અને માનકૂવા (તા. ભુજ)ની ઉચ્ચતર માધ્યમિક શાળામાં આચાર્યપદે સેવાઓ આપી, નિવૃત્ત થયા.

realpatidar.com

તેઓશ્રીનું કચ્છી તેમ જ ગુજરાતી બન્ને ભાષામાં નોંધપાત્ર સાહિત્યસર્જન છે. એમના ત્રણ કચ્છી કાવ્યસંગ્રહો (અપાકે, વતર અને નીણાઈ) પ્રકાશિત થયા છે. એમણે સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી રચિત શિક્ષાપત્રીનું કચ્છીમાં ભાષાંતર કર્યું છે. ગત વર્ષે તેમનું ગુજરાતી પુસ્તક 'સાત ઢગલી ધૂળમાં' પ્રકાશિત થયું.

૧૯૯૯માં તેઓશ્રીને ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મળ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છી ભાષા અને સાહિત્યનો વિકાસ	૧૭૩

સરનામું : સી-૪૦૩, શુકન લોટ્સ, ન્યુ એસ.જી. રોડ, તુલસી બંગલોઝ પાસે, ચાંદલોડિયા, અમદાવાદ-૩૮૨૪૮૧. મો. : ૯૭૨૬૮૧૦૨૮૭

❦

૨૪. પટેલ હસમુખભાઈ ગોરધનભાઈ :



એમનો જન્મ ભાવનગર જિલ્લાના મનાર ગામે, ૨૩ મે, ૧૯૫૭ને રોજ થયો.

તેઓશ્રી કૃષિ ક્ષેત્રે બાગાયત વિષયના સ્નાતક છે. તેમ જ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદમાંથી MEP (Agri)નો અનુસ્નાતક અભ્યાસ કર્યો છે.

૧૯૭૮થી ૨૦૦૨ સુધી તેઓશ્રી 'એક્સેલ-ઇન્ડસ્ટ્રિઝ લિ.'માં કેમિસ્ટ તેમ જ સિનિયર મૅનેજર પદે રહી, હાલે એગ્રોસેલ ઇન્ડસ્ટ્રિઝ લિ., કોડાય, કચ્છના વાઈસ પ્રેસિડેન્ટ; ટ્રાન્સકેમ એગ્રીટેક લિ. વડોદરા અને 'કચ્છ ક્રોપ સર્વિસીઝ લિ.' ગજોડ (કચ્છ)ના ડાયરેક્ટર છે. તદુપરાંત તેઓશ્રી લોકભારતી સણોસરા, શ્રુજન ટ્રસ્ટ ભૂજોડી (કચ્છ) V.G.S. માંડવી, 'સી.સી. શ્રોફ સેલ્ફ હેલ્પ સેન્ટર', મુંબઈ ઓરગેનીક એક્સચેન્જ, U.S.A. અને ખાદી ગ્રામોદ્યોગ સંઘ ભીમાણી અને પશ્ચિમ સંસ્થાઓના ટ્રસ્ટી છે.

તેઓશ્રી કૃષિ ક્ષેત્ર સજીવ ખેતી વિસ્તરણ અને ગ્રામ વિકાસ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. કચ્છના દૈનિક અખબાર, કચ્છમિત્રમાં એમની લેખમાળા, 'સૂકી ખેતી લીલો મુલક' પ્રકાશિત થયેલ છે. તેમ જ એમની 'ઝાડનાં પારખાં ફળ પરથી' લેખમાળા-લોકભારતી સણોસરા દ્વારા ટૂંક સમયમાં પ્રકાશિત થનાર પુસ્તક 'લોકભારતીથી ટ્રેડ ફેર સુધી'માં સ્થાન પામેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૨

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં ખેતી	૧૩૬

સરનામું : શ્રી વિવેકાનંદ વાડી, જૈન આશ્રમની બાજુમાં, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫ ફોન : ૦૨૮૩૪ ૨૩૧૧૬૯

❦

૨૫. ઠક્કર ઘનશ્યામ વાલજીભાઈ :



૨૬મી એપ્રિલ, ૧૯૪૬ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો.

એમણે બી.એ., એલ-એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે. કંડલા પોર્ટ ટ્રસ્ટમાં ૨૭ વર્ષ નોકરી કરી ૨૦૦૯માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. હાલે ગાંધીધામમાં એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે.

તેઓશ્રીને સિક્કા અને ટિકિટોનો સંગ્રહ તેમ જ અભ્યાસ કરવાનો શોખ એમના પિતા શ્રી વાલજીભાઈ તરફથી વારસામાં મળ્યો છે. ઇતિહાસ સંદર્ભે માહિતી છે કે તેઓ પાસે પુરાણા સિક્કા તેમ જ ટિકિટોનો અણમોલ સંગ્રહ છે. તેમ જ કચ્છના ફિલાટેલીક એસોસિએશનના સક્રિય સભ્ય છે. આ સંદર્ભે એમના અભ્યાસપૂર્ણ લેખો કચ્છ તેમ જ ગુજરાતના વર્તમાન-પત્રો, દૈનિકોમાં અવાર-નવાર પ્રકાશિત થતા રહે છે. ભુજ મધ્યે રામકૃષ્ણ મિશન યુવક મંડળના સ્થાપક સભ્ય છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છી ચલણ	૧૮૩

સરનામું : ૧૩, ખુશી ગાર્ડન, પ્લોટ નં. ૧૨, વોર્ડ ૭-સી, ગાંધીધામ, કચ્છ – ૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૬-૨૫૭૦૧૦.

૨૬. ઠક્કર શશિકાન્ત મોહનલાલ :



૩૧મી ડિસેમ્બર ૧૯૩૫ને રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો.

૧૯૫૧માં ભુજ (કચ્છ)ના મહેસૂલ વિભાગમાં નોકરીનો આરંભ કર્યો. સાથે સાથે ૧૯૫૭માં બી. એ. કર્યું. તદ્દઉપરાંત મહેસૂલ ખાતાની લાયકાત પરીક્ષાઓ તેમ જ ગુજરાત રાજ્ય સેવા કમિશન દ્વારા લેવાતી વિકાસ પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. ૧૯૮૦માં એલએલ.બી. પૂર્ણ કર્યું. ઉત્તરોઉત્તર પદોન્નતિ મળતાં અધિક જિલ્લા વિકાસ અધિકારી થયા. ૧૯૮૭માં ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧માંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ એડવોકેટ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી.

તેઓશ્રી વિવિધ સામાજિક સેવા સંસ્થાઓમાં માનદ્ સેવા આપે છે. કચ્છના દૈનિક કચ્છમિત્રની 'સુરખાબ' અને હાલે 'મંગલપૂર્તિ'માં પ્રજાતંત્રના પ્રશ્નો કૉલમ માટે નિયમિત લખે છે. તેમના આ લેખોનો સંગ્રહ ૨૦૦૩-૦૪માં 'શશી કિરણે કચ્છ' નામે ત્રણ ભાગોમાં પ્રકાશિત થયો છે. તદ્દઉપરાંત તેઓશ્રીએ ભૂકંપ પુનઃવસન તેમ જ નર્મદા અંગે કચ્છ એ વિષયો પર લેખમાળા આપી છે. અંગ્રેજી ભાષામાં "Sindhu Waters in Kutch"પર પુસ્તક તેમ જ "Salinity regress in Kutch" વિશે અહેવાલ પ્રસ્તુત કર્યો. તેઓશ્રી માધાપર (કચ્છ) લોહાણા સમાજનાં પ્રથમ પ્રમુખ અને મૅનેજિંગ ટ્રસ્ટી છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ-અમદાવાદના ઉપાધ્યક્ષ છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છમાં પ્રશાસનિક વહીવટી...	૨૨૦

સરનામું : દિનમાન, જૂના વાસ, માધાપર-કચ્છ-૩૭૦૦૨૦. ફોન : ૦૨૮૩૨ ૨૪૦૧૩૮.

૨૭. ઠક્કર મહેશભાઈ ઘનશ્યામભાઈ :



૧૮ ઑક્ટોબર, ૧૯૬૮ને રોજ અમદાવાદ મધ્યે, એમનો જન્મ થયો.

તેઓશ્રીએ ભૂસ્તર વિજ્ઞાનમાં માસ્ટર્સ ડિગ્રી તેમ જ ડૉક્ટરેટ કર્યું છે. તદ્દઉપરાંત ઇન્ટરનેશનલ બાયોગ્રાફિકલ સેન્ટર, કેમ્બ્રીજ (યુ.કે.)થી ટેક્ટોનિક્સ અને પેલીઓ સિસ્મીક સ્ટડીઝનો ડિપ્લોમા મેળવ્યો છે.

તેઓશ્રીએ ૧૯૯૧માં એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે કારકિર્દી શરૂ કરી. એ જ વર્ષે ભુજની આર.આર. લાલન કૉલેજમાં પ્રાધ્યાપક નિમાયા. વર્ષ ૨૦૦૮થી કચ્છ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના ડીન તેમ જ જીઓલૉજી વિભાગના અધ્યક્ષ છે. તેઓશ્રી ભૂસ્તર વિજ્ઞાન સંબંધી ૧૧ પ્રોજેક્ટસ સાથે પ્રિન્સિપલ અથવા કૉ-ઇન્વેસ્ટીગેટર તરીકે સંકડાયેલા છે. આમાંના ૪ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. એમણે રાજ્ય તેમ જ રાષ્ટ્રીય સ્તરના સેમિનાર આયોજિત કર્યા છે.

Eye T.V. Network through U.K.માં પ્રસારિત થનારી ડોક્યુમેન્ટરી ફિલ્મ "Kutch – A Land of Variation"ની સ્ક્રિપ્ટ એમણે લખી છે. તેઓશ્રીએ ૨૯ જેટલા રિસર્ચ પેપર્સ ઉપરાંત ૨૦ એબ્સ્ટ્રેક્ટ્સ અને ૫ રિપોર્ટ્સ તૈયાર કર્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છની ભૂસંપદા	૧૭

સરનામું : શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ, ભુજ (કચ્છ) ફોન : ૦૨૮૩૨-૨૩૫૦૨૧

૨૮. વસા (ડૉ.) પુલીન નાનાલાલ :



૧ જુલાઈ ૧૯૫૨ને રોજ મુંબઈ મધ્યે એમનો જન્મ થયો.

એમ.બી.બી.એસ., અને એમ.સી.પી.એસ.ની ડિગ્રીઓ મેળવી ૧૯૭૭થી તેઓશ્રી માંડવી (કચ્છ)માં મેડિકલ પ્રેક્ટિસ કરે છે. હૃદયરોગની સરળ સારવાર વિશેનો એમનો શોધનિબંધ આંતરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં સ્વીકારાયો હતો.

તબીબી વ્યવસાય ઉપરાંત પુરાતત્ત્વ ક્ષેત્રે તેમનું મહત્ત્વનું યોગદાન છે. રાયણ (માંડવી-કચ્છ) ખાતે સંશોધન કરી તેમણે કચ્છમાં, સિંધુકાલીન સભ્યતાથી ઈસુ પછીના ૬૦૦ વર્ષ સુધીનાં સુસંસ્કૃત માનવ વસવાટના પુરાવાઓ એકત્ર કરી કચ્છની પ્રાચીન સંસ્કૃતિ ઉજાગર કરી છે.

કચ્છમાં વિવિધ સ્થળોએથી અશ્મીઓ એકત્ર કરી તેના અભ્યાસ માટે સી.ટી. સ્કેનનો ઉપયોગ કરી અશ્મી અભ્યાસની નવી રીતનો નિર્દેશ કર્યો છે.

ડૉ. વસા ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતાની સલાહકાર સમિતિના સદસ્ય રહી ચૂક્યા છે. એમના, 'કચ્છમાં સિંધુ સંસ્કૃતિ' 'કચ્છ : સમયની સરવાણી' અને 'Nani Rayan Mystery Unveiled' પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'અનુભૂતિ' અને 'Gleans of the Heart' નામે કાવ્યસંગ્રહો, 'મેઘા' વાર્તાસંગ્રહ અને 'રોગોને સમજીએ – સ્વસ્થ રહીએ', ડૉ. વસાનાં અન્ય પ્રકાશનો છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	અસ્તિત્વનાં પદચિહ્નો	૫૮

સરનામું : ૧૮, નંદનવન સોસાયટી, દાદાની દેરી સામે, માંડવી (કચ્છ) ફોન : ૦૨૮૩૨-૨૨૩૨૨૭

૨૯. વૈદ્ય દિલીપરાય કૃષ્ણરાય :



૧૫ ફેબ્રુઆરી ૧૯૩૭ને રોજ માંડવી મધ્યે એમનો જન્મ થયો. તેઓશ્રી ઇતિહાસ વિષય સાથે એમ.એ. થયા છે.

ગુજરાત સરકાર સંચાલિત મ્યુઝિયમના ક્યુરેટર તરીકે તેઓશ્રીએ ભુજ, જૂનાગઢ, રાજકોટ અને પ્રભાસ પાટણમાં સેવાઓ આપી. ત્યાર બાદ વડોદરા સ્ટેટ મ્યુઝિયમનાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર થયા. ૧૯૯૫માં નિવૃત્ત થયા.

તેઓશ્રીએ કચ્છ તેમ જ અન્ય સ્થળોએ પુરાવશેષ સંશોધન તેમ જ જાળવણી આદિ કાર્યોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. કચ્છ (ભુજ) મ્યુઝિયમ માટે અણમોલ પુરાવશેષો એકત્ર કરી તેનો અભ્યાસ કર્યો છે. જેમાં દોલતપરથી મળેલું વિષ્ણુ મસ્તક, ધોળાવિરા સિંધુ સંસ્કૃતિનું સીલ, દોલતપરના શિલાલેખો આદિ મુખ્ય છે.

નિવૃત્તિ બાદ પણ તેઓશ્રી ઇતિહાસ તેમ જ પુરાતત્ત્વ સંશોધન કાર્યો સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. આ સંદર્ભે એમના અભ્યાસપૂર્ણ લેખો કચ્છ, ગુજરાત તેમ જ રાષ્ટ્રીય સ્તરના ગુજરાતી / અંગ્રેજી અખબારો / સામયિકોમાં પ્રકાશિત થતા રહે છે.

પ્રસ્તુત પુસ્તકમાં એમનો લેખ :

ભાગ-૧

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ નં.
૧.	કચ્છના પાળિયા અને મૃત્યુસ્મારકો	૨૦૭

સરનામું : પોસ્ટ બોક્ષ નં.-૮૧, ભુજ ફોન : ૦૨૮૩૨-૨૫૦૭૩૬

સંદર્ભ-સાહિત્ય સૂચિ :

૧. અજાણી, ઉમિયાશંકર 'કચ્છ અતીતના આરેથી' (૧૯૯૯)

૨. અજાણી ઉમિયાશંકર 'શ્રી ચાવડા ચરિત્ર' (૨૦૦૯)

૩. અત્રી છોટાલાલ મ. 'ગુજરાતનો સ્થાનિક ઇતિહાસ-ગ્રંથ-૧. પૃષ્ઠ ૩૪-૩૮ પરનો લેખ, 'કચ્છનો પ્રાગૈતિહાસિક અને આદ્ય ઇતિહાસ.'

૪. અભાણી (ડૉ) ભૂપેન્દ્ર સિંહ 'વ્રજલાલ બારોટ અને બારોટી સાહિત્ય' (૨૦૦૪)

૫. આચાર્ય ગિરજાશંકર વલ્લભજી 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ-૨, 'ભીમદેવનું દાનપત્ર' (૧૯૩૫)

૬. ઓઝા ઈશ્વરલાલ ગિરધરલાલ 'મહારાવ મીરઝા રાયધણજી (બીજા)ના સમયનું કચ્છ' (૧૯૭૬)

૭. કનિંગહામ 'એન્સીયન્ટ જ્યોગ્રાફી ઑફ ઇન્ડિયા' (૧૯૨૪)

૮. કંસારા ઠાકરસી પુરુષોત્તમ 'કચ્છ ઇતિહાસ અને સંસ્કૃતિ' (૧૯૯૦)

૯. કારાણી દુલેરાય લાખાભાઈ 'કચ્છ કલાધર ખંડ-૨' (૧૯૫૦)

૧૦. કારાણી દુલેરાય લાખાભાઈ 'વતનનો વાર્તાલાપ' (૧૯૭૫)

૧૧. ગઢવી શંભુદાન ઈશ્વરદાન 'કચ્છદર્શન' (૧૯૭૮)

૧૨. ગુપ્તા (ડૉ.) એચ. આર. 'ભારત કા ઇતિહાસ' (વર્ષનું પૃષ્ઠ ફાટી ગયેલું હોતાં જણાયું નથી)

૧૩. ચક્રવર્તી દિલીપ કે. 'લોન્ગ સિલિન્ડ્રીકલ બીડ્સ' (હરપ્પન સિવિલાઇઝેશન' પુસ્તકનું પ્રકરણ-૨૪)

૧૪. ચાવડા વિજયસિંહ 'ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (૧૯૬૫)

૧૫. ચિતલવાલા વાય. એસ. 'ગુજરાતમાં સિંધુ ઘાટીની સંસ્કૃતિ' (૧૯૯૮)

૧૬. જમીનદાર રસેશ 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો' (૧૯૯૦)

૧૭. જમીનદાર રસેશ 'ક્ષત્રપકાળનું ગુજરાત' (૧૯૭૫)

૧૮. જોશી નરેન્દ્રકુમાર 'ભાતીગળ ભોમકા, કચ્છ' (૧૯૭૭)

૧૯. દેસાઈ રતિલાલ દીપચંદ 'શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ' (૧૯૭૭)

૨૦. દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' (૧૮૯૮)

૨૧. દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' (૧૯૬૮)

૨૨. દેસાઈ હર્ષદરાય ઝવેરીલાલ 'અણહીલવાડનું રાજ્ય' (૧૯૮૦)

૨૩. દેરાસરી ડાહ્યાભાઈ પીતામ્બરદાસ 'ભૌગોલિક કોશ' પ્રાચીન-મધ્યકાલીન (૧૯૩૮)

૨૪. દ્વિવેદી આત્મારામ કેશવજી 'કચ્છ દેશનો ઇતિહાસ' (૧૮૭૬)

૨૫. દ્વિવેદી આત્મારામ કેશવજી 'કચ્છ દેશનો ઇતિહાસ' (૧૮૯૩)

૨૬. દ્વિવેદી આત્મારામ કેશવજી 'કચ્છ દેશનો ઇતિહાસ' (૨૦૦૯)

૨૭. ધોળકિયા હરેશ ચમનલાલ 'મેઘધનુષી કચ્છ' (૧૯૯૭)

૨૮. ધોળકિયા હરેશ ચમનલાલ 'કચ્છના સ્વાતંત્ર્યની તવારીખ' (૧૯૭૬-૭૭)

૨૯. નયગાંધી જયરામદાસ 'કચ્છનો બૃહદ ઇતિહાસ (૧૯૨૬)

૩૦. નાણાવટી જે. એમ. અને અન્ય. 'ઉત્ખનન અહેવાલ ૧૯૫૬' (૧૯૭૧)

૩૧. પરમાર જયમલ્લ 'આપણી લોકસંસ્કૃતિ' (૧૯૭૬)

૩૨. પટેલ અંબાલાલ વ. 'ભારતીય પ્રાચીન સંસ્કૃતિ' (૧૯૬૨)

૩૩. પટેલ જી. ડી. 'કચ્છ જિલ્લાનું ગૅઝેટિયર' (૧૯૭૧)

૩૪. પોસ્હેલ (ડૉ.) જી. એલ. અને દિનકર મહેતા 'સાઉથ એશિયન આર્કિયોલૉજી વો.II (૧૯૯૪)

૩૫. પટ્ટણી વસંતરાય નરભેશંકર 'કાળા ડુંગર કચ્છ જા' રસબુક વિલિયમ્સના પુસ્તક 'Black-Hills'નો ગુજરાતી અનુવાદ, સંપાદક દુલેરાય કારાણી (૧૯૬૪)

૩૬. પરીખ રસિકલાલ છોટાલાલ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ-ગ્રંથ-૪' સોલંકીકાલ (સંપાદન) (૧૯૭૪)

૩૭. પલાણ નરોત્તમ અને નાથાલાલ, ગૈયારેલા' 'ઘુમલી – રાજકીય અને સાંસ્કૃતિક' –સંપાદન (૧૯૮૨)

૩૮. પોટા મનસુખલાલ મોહનલાલ 'હિન્દનો સંપૂર્ણ ઇતિહાસ' (૧૯૩૮)

૩૯. પંત (ડૉ.) રજનીકાન્ત પ્રાચીન સભ્યતાઓ મેં વિજ્ઞાન એવં તકનીક' (૨૦૦૩)

૪૦. પંડિત રઘુનંદન શર્મા 'વૈદિક સંસ્કૃતિ' (અલભ્ય પુસ્તક હોતાં જૂની ફાટેલી પ્રતમાં પ્રાથમિક વિગતો નથી.)

૪૧. પંડિત શ્રીપાદ દામોદર સાતવલેકર 'મહાભારત સભાપર્વ' બીજી આવૃત્તિ (૧૯૮૨)

૪૨. પંડિત રામસ્વરૂપ ભોલાનાથ 'અમરકોશ-શબ્દ વ્યાખ્યા' (૧૯૭૦)

૪૩. બર્જેશ જેમ્સ 'એન્ટીક્વીટીઝ ઑફ કાઠિયાવાડ એન્ડ કચ્છ (૧૯૭૧)'

૪૪. બક્ષી રામપ્રસાદ અને અન્ય 'જ્ઞાન ગંગોત્રી-ગ્રંથ શ્રેણી-૧' (૧૯૭૬)

૪૫. બાવીસી મુગટલાલ પોપટલાલ 'ઇતિહાસ-સંદર્ભ-સૂચિ' ખંડ-૭

૪૬. બાવીસી મુગટલાલ પોપટલાલ 'ગુજરાતના ઇતિહાસને લગતી વંશાવળીઓ' (૧૯૮૦)

૪૭. બાંભડાઈ ગોકુલદાસ ખીમજી 'કચ્છની બૃહદ ભૂગોળ' (૧૯૫૯)

૪૮. બારોટ અભેસંગ પોપટભાઈ 'જાડેજા વંશ અને વસુંધરા' (૧૯૯૩)

૪૯. બેગસી (ડૉ.) વિમલા 'સીરામીક ઇવીડન્સ ઑફ પ્રિ-પેરીપ્લસ ટ્રેડ ઓન ઇન્ડિયન કોસ્ટ.'

૫૦. બી. સુબ્બારાવ 'પ્રાચીન અવશેષોની શોધખોળ' (ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના ૬૬મા અધિવેશનના સ્મૃતિગ્રંથમાં લેખ (૧૯૬૧)

૫૧. બિસ્ત (ડૉ.) આર. એસ. 'હરપ્પન કોલોનાઇઝેશન ઑફ કચ્છ, હિસ્ટરી એન્ડ આર્ટ' (૧૯૮૯)

૫૨. બિસ્ત (ડૉ.) આર. એસ. 'ફેસેટ્સ ઑફ ઇન્ડિયન સિવિલાઇઝેશન' (૧૯૯૭)

૫૩. બિસ્ત (ડૉ.) આર. એસ. 'ન્યુ હોરાઇઝોન્સ ઑફ ઇન્ડિયન સિવિલાઇઝેશન (૧૯૮૯)

૫૪. બ્રહ્મભટ્ટ (ડૉ.) સુભાષ 'પ્રાચીન ગુજરાતની ખૂટતી કડીઓ' (૨૦૦૬)

૫૫. ભટ્ટી નાગજીભાઈ કે. 'કચ્છ સંસ્કૃતિનો ઉષ:કાળ-ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં' (૧૯૯૨)

૫૬. ભગવતસિંહજી 'ભગવદ્ ગોમંડળ ભાગ-૬' (૧૯૮૬)

૫૭. મહેતા માવજી કાનજી 'કચ્છનો ઇતિહાસ' (૧૯૩૬)

૫૮. મહેતા આર. કે. અને અન્ય, 'એસ્કેવેશન રિપોર્ટ-(હરપ્પન સિવિલાઇઝેશન ગ્રંથ પ્રકરણ-૨૧)

૫૯. મહેતા દિનકર પ્રતાપરાય 'ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઇતિહાસ' (૨૦૦૪)

૬૦. મિશ્રા વિ. એન. 'સાઉથ એશિયન આર્કિયોલૉજી' (૧૯૪૪)

૬૧. મુનશી ધનપ્રસાદ ચંદ્રાલાલ 'વલભીના મૈત્રક રાજાઓ' (ફાર્બસ ગુજરાતીસભા મહોત્સવગ્રંથ)

૬૨. મુનશી કનૈયાલાલ માણેકલાલ 'ચક્રવર્તી ગુર્જરો'

૬૩. મીઠીયા નેણશી આર. 'ઇતિહાસની આરસીમાં કચ્છ' સંપાદન (૨૦૦૪)

૬૪. મૌલાના સૈયદ અબુઝફર નકવી 'ગુજરાતનો ઇતિહાસ' (૧૯૪૯)

૬૫. રાયજાદા (ડૉ.) વિક્રમસિંહ વ્રજલાલ 'બારોટ અને બારોટી સાહિત્ય' (૨૦૦૪)

૬૬. રાઠોડ પ્રામગલ 'બૌદ્ધકાલીન ભારત' (૧૯૫૯)

૬૭. રાઠોડ રામસિંહજી 'કચ્છનું સંસ્કૃતિદર્શન' (૧૯૫૯)

૬૮. શૈલીન્સન એચ. જી. 'એ કન્સાઇસ હિસ્ટરી ઑફ ધી ઇન્ડિયન પીપલ' (૭મી આવૃત્તિ) (૧૯૬૮)

૬૯. લાગુ (ડૉ.) અનંત હરિ 'સિંધનો નવો ઇતિહાસ' (૧૯૩૫)

૭૦. વસા (ડૉ.) પૂલિન 'કચ્છમાં સિંધુ સંસ્કૃતિ' (૧૯૯૪)

૭૧. વાકણકર (ડૉ.) વી. એસ. 'પ્રિ-હિસ્ટરીક કેઇવ પેઇન્ટિંગ્સ' (૧૯૭૫)

૭૨. વોરા મણિભાઈ 'ગુજરાતનો સ્થાનિક ઇતિહાસ' (૧૯૮૫)

૭૩. સ્ટ્રેબો 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' (ઈ. સ. પૂ. ૫૦થી ઈ. સ. ૨૦)

૭૪. સંપટ ડુંગરશી ધરમશી 'કચ્છનું વેપારતંત્ર' (૧૯૩૫)

૭૫. સોમપુરા (ડૉ.) કાન્તિલાલ 'સૂર્યમંદિર વિશેષાંક' (૧૯૬૪)

૭૬. સોનાવણે (ડૉ.) પી. એમ. 'મોનોગ્રામ ઓન લજ્જાગૌરી'
૭૭. સીંઘ મદન મોહન 'ડીશ ઓન સ્ટેન્ડ'
૭૮. સિન્હા બી. પી. 'હરપ્પન સિવિલાઇઝેશન' પુસ્તક-પ્રકરણ-૫૨
૭૯. સાંકળિયા (ડૉ.) હસમુખ ધી. 'પુરાતત્ત્વમાં ગુજરાત' (૧૯૮૩)
૮૦. સાંડેસરા ભોગીલાલ જયચંદભાઈ અને અન્ય' 'રામલાલ ચૂનીલાલ લેખસંગ્રહ' (સંપાદન) ભાગ-૨ (૧૯૬૫)
૮૧. સૌંદરરાજન (ડૉ.) કે. વી. 'ઇન્ડિયન આર્કિયોલૉજી' (૧૯૬૩-૬૪)
૮૨. શાહ (ડૉ.) પ્રિયબાળા 'હિન્દુ મૂર્તિ વિધાન' (૧૯૭૪)
૮૩. શાહ (ડૉ.) પ્રિયબાળા 'એશિયન-ઇન્ડિયન કલ્ચર એન્ડ આર્કિટેક્ચર'
૮૪. શાહ ત્રિભોવનદાસ દેવચંદ 'પ્રાચીન ભારતવર્ષ' (અલભ્ય)
૮૫. શાહ (ડૉ.) ઉષાકાન્ત 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૨' (૧૯૭૨)
૮૬. શાહ મહેન્દ્રકુમાર તથા જસાણી કાન્તિભાઈ 'ભૌતિક ભૂગોળ' (૧૯૮૦)
૮૭. શર્મા (ડૉ.) ગોપીનાથ 'રાજસ્થાન કા ઇતિહાસ ભાગ-૧' (૧૯૭૧)
૮૮. શર્મા (ડૉ.) ગોવર્ધન અને ભાવના મહેતા 'કચ્છના જ્યોતિર્ધરો' (૧૯૮૯)
૮૯. શાસ્ત્રી કેશવરામ કાશીરામ 'અસાંજો કચ્છ' (૧૯૭૩)
૯૦. શાસ્ત્રી કેશવરામ કાશીરામ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (૧૯૭૬)
૯૧. શાસ્ત્રી કેશવરામ કાશીરામ 'આપણા કવિઓ'
૯૨. શાસ્ત્રી દુર્ગાશંકર કેવળરામ 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ' (૧૯૩૭)
૯૩. શાસ્ત્રી જીવરામ કાળિદાસ (રાજવૈદ) 'ગોંડળનો ઇતિહાસ' (૧૯૨૫)
૯૪. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર 'પ્રાચીન ભારત' (૧૯૭૦)
૯૫. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' (૧૯૬૪)
૯૬. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૩ (મૈત્રક અને અનુમૈત્રક કાળ)
૯૭. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર 'શિલાલેખો અને તામ્રપત્રો વિગતો અને વિવેચન' (૧૯૯૧)
૯૮. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૪' (૧૯૭૬)
૯૯. શિવરામ મૂર્તિ સી. 'ઇન્ડિયન કલ્ચર' (૧૯૬૧)
૧૦૦. શેઠિયા દેવચંદ ધરમશી 'કચ્છમાં અંગ્રેજોનું આગમન' (૧૯૭૮)
૧૦૧. હેગડે કે. ટી. અને અન્ય 'કમ્પોઝીશન એન્ડ ટેક્નિક ઑફ હરપ્પન માઈક્રોબીડ્સ' (હરપ્પન સિવિલાઇઝેશન પ્રકરણ-૨૧)

સામયિકો

પથિક :

૧. જુલાઈ, ૧૯૬૭, કે. કે. શાસ્ત્રી, તંત્રી નોંધ.
૨. સપ્ટેમ્બર ૧૯૬૮, એમ. આર. શાહ, 'આર્યોજ સિંધુ સભ્યતાના નિર્માતા'.
૩. ઑક્ટોબર ૧૯૬૮, હસમુખ સાંકળિયા, 'કચ્છમાં આદિ-અશ્મયુગ'
૪. જૂન, ૧૯૭૨, કે. કે. શાસ્ત્રી, 'આર્યપ્રજા, મૂળ સ્થાન અને પ્રસાર'
૫. જુલાઈ, ૧૯૭૨, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ગણપતિશંકરના લેખનો અનુવાદ 'સમસ્ત વિશ્વનો પિતા-ભારત.'
૬. ફેબ્રુઆરી ૧૯૭૩, તંત્રીનોંધ
૭. ડિસેમ્બર ૧૯૭૩, ડૉ. નાગજીભાઈ ભટ્ટી
૮. જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૪, ડૉ. ડી. કે. ટંડન, 'કચ્છનું ભૂસ્તર'
૯. જુલાઈ ૧૯૭૪, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, 'કચ્છના કેટલાક પ્રાચીન ઉલ્લેખો'
૧૦. જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૪, ડૉ. કા. ફૂ. સોમપુરા,
૧૧. જૂન-૧૯૭૬, ડૉ. છોટુભાઈ અત્રી, 'કચ્છની શૈવ ગુફા.'
૧૨. મે-૧૯૮૦ માનસંગજી બારડ, 'ડૉ. શશાંક શેખર'ના લેખનો અનુવાદ
૧૩. ઑગસ્ટ ૧૯૮૦, પ્રો. મુગટલાલ બાવીસી, 'વિશ્વની હિન્દુ વસાહતો'
૧૪. સપ્ટેમ્બર-ઑક્ટોબર, ડૉ. પ્રવીણ પરીખ, 'ચંદીઆ, કચ્છના બે ક્ષત્રપ સિક્કા.'
૧૫. નવેમ્બર, ૧૯૮૦, પ્રા. કે. કા. શાસ્ત્રી, 'ભારતીય ઇતિહાસ અને ઇતિહાસકારો'

૧૬. મુકુન્દ રાવળ 'કચ્છી ચલણ'

૧૭. માર્ચ-૧૯૮૨, ડૉ. નાગજીભાઈ ભટ્ટી, 'અભિલેખોમાંથી ફલિત થતો કચ્છનો ઇતિહાસ'

૧૮. જાન્યુઆરી ૧૯૮૩, માનસંગજી બારડ, ડૉ. વી. સી. વાકણકરનો લેખ. 'સર્પીલા લેખનનો ડંખ દેશ ક્યાં સુધી સહેશે ?'નો અનુવાદ.

૧૯. જૂન-૧૯૮૫, કંચનપ્રસાદ છાયા 'જ્યારે ભુજની ઉત્તરે કાઠી વસાહત હતી.'

૨૦. માર્ચ-૧૯૮૮, માનસંગજી બારડ, રાજેન્દ્રસિંહના લેખ 'ભારતીય ઇતિહાસ-સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના સમય વિશે એક મહાન ભૂલ'નો અનુવાદ.

૨૧. ફેબ્રુઆરી-૧૯૯૭, દીનકર મહેતા, 'શિયોત ગુફા, શૈવ કે, બૌદ્ધ ?'

૨૨. દીપોત્સવી અંક ૧૯૯૭ ડૉ. કાન્તિલાલ છગનલાલ પરમાર, કચ્છમાં બૌદ્ધ સંસ્કૃતિના અવશેષો.

કચ્છ વર્તમાન

૧. દીપોત્સવી અંક ૧૯૨૬, રા. રા. મણિલાલ ઇચ્છારામ દેસાઈનો લેખ, 'કચ્છની પ્રાચીન તથા અર્વાચીન ઇતિહાસની સામગ્રી.'

સ્વદેશ

૧. દીપોત્સવી અંક ૧૯૨૬, શ્યામજી હરિરામ વકીલનો લેખ 'સમાવંશનો સૂર્ય, જામ લાખો ફુલાણી.'

સામીપ્ય

૧. ૨૦૦૭-૦૮ અને ૨૦૦૯માં દીનકર મહેતાનાં સ્થાપત્યો વિશેનાં લેખો

ઊર્મિ-નવરચના

૧. દીપોત્સવી અંક ૧૯૭૫, બારોટ શંભુદાન શામજીભાઈ-નો લેખ, 'બારોટના ચોપડામાં પાળિયાની નોંધ.'

વેદ પ્રકાશન

૧. જૂન-૨૦૦૫, ડૉ. સત્યવૃત વિદ્યાલંકારનો લેખ, 'સાયણ, મહીધર, મેક્સમૂલર તથા ઋષિ દયાનંદની વેદાન્ત શૈલી.'

કચ્છ રચના

૧. જાન્યુઆરી, ૧૯૭૬, નિર્મલ વાસવાણીનો લેખ, ચલણ જે ચલણી ન બન્યું.

અખંડ આનંદ

૧. જુલાઈ-૧૯૮૨, ધનજી ભાનુશાલીનો લેખ

ગુજરાત

૧. દીપોત્સવી અંક ૧૯૯૦, ખોડીદાસ પરમારનો, 'ભાવનગર જિલ્લાની શક શહરત, ખરક જ્ઞાતિ' લેખ.

વલો કચ્છડો

૧. જાન્યુઆરી, ૧૯૬૧, ડૉ. રાજરત્ન ગોસ્વામીનો લેખ, 'કચ્છી માડુની ઉત્ક્રાંતિ'

૨. જાન્યુઆરી, ૧૯૯૩, ડૉ. રાજરત્ન ગોસ્વામી, 'પ્રાગૈતિહાસિક જમાનામાં કચ્છી માડુની ઉત્ક્રાંતિ'

નવનીત સમર્પણ

૧. જાન્યુઆરી-૧૯૯૦, દિલીપ રાજગોર, 'સિક્કા આપણો ઐતિહાસિક વારસો'

સ્વાધ્યાય

૧. એપ્રિલ ૧૯૮૫, દીનકર મહેતાનો લેખ

કચ્છ સાંસ્કૃતિક પત્રિકા (કચ્છ ઇતિહાસ પરિષદ પ્રકાશન) ફેબ્રુઆરી-૧૯૯૭ ડૉ. દીનકર મહેતા, મણિભાઈ વોરા અને સુરેશ મહેતાના લેખો.

પોપ્યુલર પ્રોફેસર્સ ૧૯૯૪-૯૫ 'ગુજરાતનો સંપૂર્ણ ઇતિહાસ પ્રશ્નોત્તર રૂપે.'

વડોદરા મ્યુઝિયમ બુલેટીન ૧૯૭૬-૭૭ કંચનપ્રસાદ છાયાનો લેખ, 'મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી.'

Ancient India July 1947 V. Golden child's article on Megaliths.

Sunday Times of India - review, 20 April 1997 Dr. R. S. Blsht Artical on Indian Civilisation.

Journal of Art History and Aesthatics of Harsad Pandya (Dr. R. S. Blsht article on indian civilisation.

વર્તમાનપત્રો

કચ્છમિત્ર

૧. રજત જયંતિ વિશેષાંક : ૧૯૭૨, કેશવલાલ ઝવેરીનો લેખ 'કચ્છી કુંવરી – કોરી.'

૨. રજત જયંતિ વિશેષાંક : ૧૯૭૨, વાલજી કરશનજી ઠકરનો લેખ 'કચ્છી ચલણ'

૩. દીપોત્સવી અંક ૧૯૮૬, ઠાકરસી પુરુષોત્તમ કંસારા-નો લેખ 'જામ પૂંઅરો અને પધ્ધરગઢ.'

૪. ૧-૧૨-૧૯૯૩ 'જગદીશ ચંદ્ર છાયાનો લેખ, 'કચ્છમાં બૌદ્ધ ધર્મ.'

૫. ૧૦-૧-૧૯૯૫ ડૉ. પૂલિન વસાનો લેખ 'પ્રાચીન કબરો અને કબ્રસ્તાન'
૬. ૮-૧૧-૧૯૯૫ દિલીપ વૈદ્ય, 'નાડાપાની ઐતિહાસિક ગુફા – ગુમનામ રાજવીનો આવાસ.'
૭. ૨૦-૮-૧૯૯૭ ગોસ્વામી. આર. આર.નો લેખ, 'કચ્છમાં પાષાણ યુગી સંશોધન થયું જ નથી'
૮. ૨૪-૧૨-૨૦૦૦ સનત પાટણિયા અને ચંદ્રકાન્ત શુક્લનો લેખ

ગુજરાત સમાચાર

૧. ૧૪-૧૦-૨૦૦૯ આર. આર. મહેતાના પુસ્તક 'રિ-થીન્કિન્ગ ઇન્ડિયા' પુસ્તકની ધવલ મહેતા દ્વારા સમીક્ષા
૨. ૧૪-૧૦-૨૦૦૯ શ્રી ગુણવંત શાહનો લેખ.

ફૂલછાબ

૧. જયમલ્લ પરમાર 'ધરતીની સોડમ' લેખમાળા અંતર્ગત લેખ

રાજ્યપત્રો/ઠરાવો/પરિપત્રો

૧. કચ્છ રાજ્યપત્ર (કચ્છ દરબારી ગૅઝેટ/૧૮૭૯-૧૯૪૮). સદર ગૅઝેટના સમગ્ર અંકોના ડિજિટલ સંસ્કરણની સીડી પ્રત્યેક લેખકને આપવામાં આવેલી. જેમાંથી લીધેલી સંદર્ભિત વિગતો તેમજ તે ગૅઝેટ અંગેની વિગતો જે-તે લેખમાં સમાવિષ્ટ છે.
૨. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ વિભાગના સંદર્ભિત વાર્ષિક અહેવાલો – ૧૯૭૮-૭૯, ૧૯૮૧-૮૨, ૧૯૮૨-૮૩, ૧૯૮૩-૮૪.
૩. મધ્યપ્રદેશ ઇતિહાસ પરિષદ જર્નલ (૧૯૬૧) ઢાંકી એમ. એ.નો લેખ.
૩. ગુજરાત સરકાર શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક જી. એચ. એસ. એમ. ૪૬૯૫, એ. એચ. આર. ૧૦૭૦ – ૩૨૦૩૮-૭૨-૫ તા. ૨૭-૭-૧૯૭૨ અન્વયે કચ્છનાં રક્ષિત જાહેર થયેલાં પુરાતત્ત્વીય સ્થાપત્યો.

અંગ્રેજી સંદર્ભ સૂચિ :

1. Biswas, S. K. (1965). A New Classification of the Territory Rocks of Kutch, W. India. Bull. Geol. Min. Met Soc. India, v. 45(4), pp. 225-235.
2. Biswas, S. K. (1970). Note on the Geology of Kutch. Pt. I; Stratigraphy. Proc. 58th Ind. Sci. Congr., Ags. Pt. III, 326.
3. Biswas, S. K. (1971). Note on the Geology of Kutch. Quart. Jour. Geol. Min. Metal. Soc. India, v. 43, pp. 223-235
4. Biswas, S. K. (1980). Structure of Kutch-Kathiawar Region, W. India, Proc 3rd Indian Geol. Congr. Pune, pp. 255-272.
5. Biswas, S. K. (1982). Rift Basins in the Western Margin of India and Their Hydrocarbon Prospects. Bull. Am. Assoc. Pet., v. 66(10), pp. 1497-1513.
6. Biswas, S. K. (1987). Regional tectonic Framework, Structures and Evolution of the Western Marginal Basins of India. Tectonophysics, v. 135, pp. 307-327.
7. Biswas, S. K. (1993). Geology of Kachchh, K. D. Malaviya Institute of Petroleum Exploration, Dehradun, 450p.
8. Biswas, S. K. and Deshpande, S. V. (1968). Basement of the Mesozoic Sediments of Kutch, Western India, Bull. Geol, Min. Met. Soc. India, v. 40, pp. 1-7.
9. Biswas, S. K. and Deshpande, S. V. (1970). Geological and Tectonic Maps of Kutch. Bull. O.N.G.C., v.7(2) pp. 115-116.
10. Biswas, S. K. and Khattri, K. N. (2002). A Geological Study of Earthquakes in Kutch, Gujarat, India. Jour. Geological Soc. India, v. 60(8), pp. 131-142.

11. Biswas, S. K. and Raju, D.S.N. (1971). Rock-stratigraphy of Kutch (MS). District Census Handbook, Kachchh, Census of India (1991). Director of Census Operation, Gujarat.
12. Gaur, V. K. (2001). The Rann of Kachchh Earthquake of 26 January 2001. Curr. Sci., v. 80, No. 3, pp. 338-340.
13. GEC, (1995). Current Ecological Status of Kachchh.
14. GEC, (1999). Integrated Environmental and Economic Accounting : The Case of Gujarat.
15. Ghose, B. and Singh, S. (1975). Geomorphology of Prior and Present Drainage Networks and Their Control on Groundwater in Sandstone Formation, Jodhpur District, Annual Report, CAZRI, Jodhpur.
16. Ghose R. N. (1981). Quarternary Events and Environments in Little Rann of Kutch. 4th Regional Conf. of Geology. Min. & Energy Resources of SE Asia, Manilla.
17. Government of Gujarat (1999). Report of the Committee on Estimation Groundwater Resource and Irrigation Potential in Gujarat State. (GWRE) Narmada and Water Resource Department, Gandhinagar. Gujarat.
18. GSI (2001). A Preliminary Geoseismological Report on Bhuj Earthquake of 26 January, 2001. Geol. Surv. India, Unpubl. Report.
19. Jadeja Y. (2005). Studies on Water Resource Development and Planning of Pachchham : Area Kachchh District - Gujarat, Ph. D. Thesis.
20. Jadeja Y. (2008). Kachchhni Bhustariya Lakshnikata (કચ્છની ભૂસ્તરીય લાક્ષણિકતા), Published by Arid Communities and Technologies.
21. Karanth, R. V. (2000). Neotechnotic and Palaeosesmic Studies in Kachchh and Its Adjoining Areas. Unpublished Project Report Submitted to the Dept. of Sci. & Tech., pp. 159.
22. Merh, S. S. (1995). Geology of Gujarat. Soc. India. pp. 222.
23. Roy, B and Merh S. S. (1977). The Great Rann of Kutch : An Intriguing Quartenary Terrain, First National Seminar Quaternary Environments : Papers, M. S. University of Baroda, Vadodara, India.
24. Singh, S. and Kar, A. (1996). Integrated Natural and Human Resource Appraisal for Sustainable Development of Kachchh District, Central Arid Zone Research Institute, Jodhpur.
25. Sohoni, P. S. (2001). Structural Studies on Central Kachchh Mainland with Special Reference to Quaternary Tectonism, Unpublished Ph. D. Thesis, M. S. Univ. Baroda, pp. 259.
26. Sohoni (2002). Tentono-structural Attribute of Central Kachchh Mainland with Special Emphasis on Active Techtonics and Papaeoseismicity. Development of Geology, M. S. Univ. of Baroda, Vadodara.
27. Waagen, W. (1975). Jurassic Fauna of Cutch, Pal. Ins (GSI) Ser 9, v. 1.

ગણમાન્ય વરિષ્ઠ ઇતિહાસવિદ
ડૉ. મુગટલાલ બાવીસીના
તા. ૩૦-૩-૨૦૧૨ના પત્રના કેટલાક અંશ...

...આપે મોકલાવેલ 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભાગ ૧ અને ૨ કમ્પોઝ કરેલું મેટર જોઈ ગયો છું.

આ ગ્રંથમાં કચ્છના ઇતિહાસનાં ઘણાં પાસાંઓને આવરી લીધાં છે. ગ્રંથ સારો અને ઉપયોગી બનશે...

...મેં માત્ર નમ્રભાવે સૂચનો કર્યાં છે. એમાંથી જેનો અમલ કરવા જેવો લાગે તેનો અમલ કરશો. ગ્રંથના બંને ભાગ હું વિસ્તૃત રીતે જોઈ ગયો છું. લેખકોએ ઘણી મહેનત કરી છે. કચ્છનો સર્વાંગી ઇતિહાસ પ્રથમ વખત પ્રગટ થયો છે, એ ગૌરવપ્રદ સિદ્ધિ છે.

*

ગણમાન્ય વરિષ્ઠ ઇતિહાસકાર
ડૉ. મકરન્દ મહેતાના અવલોકનના અંશ

(૧) આ ગ્રંથનું શીર્ષક 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભૂલભરેલું છે, કારણ કે તેમાં ૨૧મા સૈકાની, છેક ૨૦૧૦ સુધીના પ્રવાહોની વાત છે. મારું નીચે મુજબ સૂચન છે. તે નવા શીર્ષક વિષે વિચારી જોશો.

..."કચ્છ જ્ઞાનકોશ" (Encyclopedia) અથવા "કચ્છ જ્ઞાનસંહિતા".

(ઇતિહાસ ભાષા, સાહિત્ય, અર્થતંત્ર, ધર્મ, સમાજકારણ, રાજકારણ લોકસાહિત્ય, રજવાડી વારસો, લોકજીવન અને નગરો તથા બંદરો વિષયક છણાવટ કરતો બૃહદ ગ્રંથ)...

કુદરતને કમાલની કલાકૃતિ કંડારવાનું મન થયું અને એણે કચ્છનું નિર્માણ કર્યું. રણ, સાગર અને ડુંગરનું ત્રિવેણીતીર્થ એટલે કચ્છ. ઈર્ષ્યા ઊપજે એવો અને એટલો વૈભવ કુદરતે કચ્છને બક્ષ્યો છે.

પણ આપણે માત્ર ઈર્ષ્યા કરીને કેમ અટકી જઈએ ? કારણ કે ગૌરવ લઈ શકાય એવા અહીંના લોકો છે અને આદર ઊપજે એવી એની સંસ્કૃતિ છે. આગવો દમામ અને દબદબો ધરાવતી કચ્છી ભાષા છે. કચ્છ એવો ખમીરવંતો પ્રદેશ છે કે ઉપાધિને સમાધિમાં સમાઈ જવું પડે છે. કચ્છી માડુ કદી કોઈને કાલાવાલા કરતો નથી. ભૂકંપ અને વાવાઝોડાં સામે ઝૂકી જવાનું કચ્છને કદી પરવડ્યું નથી. કલા-કારીગરીની વાત હોય કે કારોબારની વાત હોય – કચ્છી લોકોને કોઈ ન પહોંચી શકે. પુરુષાર્થ અને પરાક્રમ કચ્છની પ્રજાના લોહીમાં ઓતપ્રોત છે.

એવા કામણગારા કચ્છનો ધબકાર એટલે કચ્છનો સર્વાંગી ઇતિહાસ ઈ.સ. પૂર્વે ૫૦૦૦થી આજ સુધીની તેજસ્વી તવારીખનો અણમોલ દસ્તાવેજ આ બૃહદ ગ્રંથમાં સમાયો છે. ત્રીસથી વધુ લેખકોની કલમથી આલેખાયેલો કચ્છનો આ ઇતિહાસ, સંદર્ભોનો માઈલસ્ટોન બની રહેશે એની ખાતરી છે.

અત્યાર સુધી કચ્છ અલગ પડેલો પ્રદેશ ગણાતો હતો, પરંતુ હવે એ ગુજરાતના યશ-મુગટમાં મોરપિંછ જેવું સ્થાન પામ્યો છે. ગુજરાતના પ્રવાસે આવનાર પ્રવાસીને કચ્છની મુલાકાત વગર એ પ્રવાસ અધૂરો લાગે છે, એ જ રીતે ગુજરાતનો ઇતિહાસ જાણવાના ઉત્સુક જિજ્ઞાસુને 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથના અધ્યયન વગર પોતાનો અભ્યાસ અધૂરો લાગવાનો છે એવી શ્રદ્ધા છે.

9 788184 807974
₹ 350